**A PROJECT SUBMITTED FOR THE DEGREE OF**

**MASTER OF LIBRARY AND INFORMATION SCIENCE**

**AT SARDAR PATEL UNIVERSITY**

**2011-2012**

# DIGITIZATION OF GYAN GANGOTRY GRANTH SHRENI - 21

# MANAV VIDYASHAKHA : BHARAT DARSHAN - 2

# [ MADHYA KALIN ITIHAS ]


**SUBMITTED BY:**

**BHARAT V. NAIKELE**

**GUIDE :**

**Prof. U.A. THAKER**

**Dr. NIMESH D. OZA (Asst. Prof)**

**DEPARTMENT OF LIBRARY AND INFORMATION SCIENCE**

**SARDAR PATEL UNIVERSITY**

**VALLABH VIDYANAGAR - 388 120**


**March-2012**

| *Original Word* | *Transliteration* | *Page No.* |
| --- | --- | --- |
| ALǀbf | **Akbar** | 30, 48-9, 51, 54, 78-9, 81-2, 120, 108, 131,132,133,134, 139,140, 146, 186, 188,189, 191,192,193,194,195,196, 198, 200, 205, 209, 218, 219 |
| ANõÐe | **Agastya** | 25 |
| ASǀ_vǀh | **Arjundev** | 51, 130, 161, 186, 217, 218 |
| Aà`f | **Appar** | 125 |
| Abvǀf Lǀpqvǀf bvǀpe_u | **Abdur Kadir Badayuni** | 192 |
| Abvǀg flud Mp_-C-Mp_ | **Abdul Rahīmkān-Ī-Khān** | 130, 188, 193, 196, 202 |
| AbǀbLǀf | **Abubkar** | 207 |
| Abǀg aTg | **Abul Phajhal** | 51, 194, 196, 201 |
| Abǀg aTu | **Abul Phaijhī** | 51, 194, 198 |
| Aåvǀg ATuT | **Abdul Ajhījh** | 204, 207 |
| Aåvǀg kdvǀ | | 200 |
| Aåvǀg le_u | **Abdul Hayanī** | 207 |
| Adfvǀpk | **Amardās** | 161, 217, 218 |
| Aduf Ak dǀrd_u_ | **Amīr As Muminin** | 78 |
| Aduf Mǀkfp | **Amīr Khusaro** | 46, 47, 138, 139, 188, 196, 201, 219, 220 |
| Aduf asǀëgpl r i fpTu | **Amīr Phatullāh** | 51 |
| AqfõVǀpa_uT | **Aeristophanījh** | 20 |
| Ag rbfǀ_u | **Al Birunī** | 21, 30, 31, 37, 87, 147, 219 |
| AgpDØu_ Aldvǀ kprbf | **Alāuddīn Ahamad Sābir** | 139 |
| AgpDØu_ MgÆ | **Alāuddīn Khalijī** | 46, 47, 60, 61, 62, 87, 92, 94, 102, 159, 178, 184, 187, 192, 221 |
| AgpDØu_ lǀkǀ_ | **Alāuddīn Husen** | 42 |
| Agu | **Alī** | 32 |
| Agu Npd^_u | **Alī Gāmdhanī** | 196 |
| Agu lSǀfs | **Alī Hajarat** | 33 |
| A i pLǀ | **Aśhok** | 21 |
| AðOpj | **Aśvaghoṣ** | 22, 26 |
| Aldvǀ i pl | **Ahmad śhāh** | 49 |
| Aldvǀ i pl | **Ahmad śhāh -1** | 68 |
| Aldvǀ i pl Aåvǀpgu | **Ahmadśhāh  Abdālī** | 89, 112,113, 114, 115, 116 |

| *Original Word* | *Transliteration* | *Page No.* |
|---|---|---|
| A lëepbpC | **Ahalyābāī** | 121,122,123 |
| A,Nv | **Aṅgad** | 217, 218 |
| ApTd | **Ājham** | 196 |
| Ap_v`pg A_ b û `pg | **Āṅdpāl** | 38 |
| Ap_vfpe | **Āṅdrāy** | 195 |
| ApecË | **Āryabhat** | 5, 193 |
| Apðpgpe_ | **Āśvālāyan** | 165 |
| ApXpg | **Āṅḍāl** | 125, 127, 141 |
| C[ÐkN | **Itsīṅg** | 23, 30 |
| CÞÖrS›s rÓ `pWu | **Indrajit Tripāṭhi** | 195 |
| Cå_ Ag Afbu | **Ibna Al Arbī** | 136 |
| Cå_ Ag s_Mu | **Inba Al Tanūkhī** | 193 |
| Cå_ Mpëv_ | **Inba Khāldun** | 84, 86 |
| Cå_ bssp | **Ibna Batūtā** | 46, 47, 65, 148 |
| Cbp lud Npv} | **Ibrāhīm Gārdī** | 114, 116, 117 |
| Cbp lud gpvu | **Ibrāhīm Lodī** | 48, 50 |
| CfTdk | **Irejhamas** | 182 |
| Cëssrd i | **Iltutmiśh** | 45-6, 138 |
| C i | **Iśhu** | 39, 151, 152 |
| Cðf LóZ | **Iśvar Kṛṣṇ** | 13 |
| D \ dp_ | **Uthamān** | 196 |
| DÛpsLf | **Udhot kar** | 13 |
| D `prg | **Upāli** | 165 |
| Ddf | **Umar** | 32 |
| Ddep | **Umaiyā** | 34 |
| Dõdp_ | **Usmān** | 32 |
| AL_p \ | **Eknāth** | 90, 92, 94, 146, 161, 166-68, 172, 175, 178 |
| AL l pV | **Ekhārt** | 152 |
| AXd [õd \ | **Ādam** | 123 |
| AqfõõVpVg | **Āristoṭal** | 67 |
| ApfNTb | **Auṙng jheb** | 49, 54-56, 67, 81, 82, 96, 97,98, 100, 101, 102, 103, 104, 105, 106, 107, 109, 110, 111, 112, 113, 140, 143, 147, 174, 182, 183, 184, 185, 186, 189, 190, 191, 195, 196, 201, 202, 208, 216 |
| LZpv | **Kaṇād** | 13 |
| L_Lvpk | **Kanakdās** | 134 |

| *Original Word* | *Transliteration* | *Page No.* |
|---|---|---|
| L|_l` _peL| | **Kanhap** | 63 |
| L|r`g | **Kapil** | 13 |
| L|buf | **Kabīr** | 127, 128, 129, 130, 131, 133, 134, 142, 143, 144, 148, 149, 157, 158, 166, 167, 173, 175, 178, 187 |
| L|Zl-L|dgL|f cË| | **Karṇa-Kamalkar Bhaṭṭ** | 194 |
| L|Zvh | **Karṇadev** | 62, 213 |
| L|ël Z | **Kalhaṇ** | 37 |
| L|rhfpe | **Kavirāy** | 196 |
| L|huÞÖpQpe| | **Kavīndrāchārya** | 194 |
| L|`_ | **Kṅapan** | 72, 89 |
| L|r`guvh | **Kṅapilīdev** | 63, 71 |
| L|p_pÆ ApN| | **Kānojī Āṅgre** | 208 |
| L|pÞlp`pÓp | **Kānhopātrā** | 92, 93, 142, 153, 173, 175 |
| L|p`e _peL| | **Kāpay Nāyak** | 63, 64, 66 |
| L|prgvpk | **Kālidās** | 16 |
| L|prkd ipl | **Kāsim śhāh** | 196 |
| qL| i_ Å|ju | **Kiśhan Joṣī** | 194 |
| L|Zpg | **Kuṇāl** | 22 |
| L|sb_ | **Kutban** | 196 |
| L|sbØu_ A|bL| | **Kutbuddīn Aibak** | 42, 43, 44, 140, 159, 193, 213 |
| L|s|b ipl | **Kutubśhāh** | 132 |
| L|b|f_pNp | **Kubernāgā** | 27 |
| L|dpfNàs | **Kumārgupt** | 15, 17, 164 |
| L|dpfÆh | **Kumārjīv** | 22, 23 |
| L|dpfvhu | **Kumārdevī** | 26 |
| L|dpf`pm | **Kumārpāḷ** | 11 |
| L|dpqfg cË| | **Kumāril Bhaṭṭ** | 10, 13, 16 |
| L|gQv| | **Kulchṅad** | 38,39 |
| L|g i|Mf | **Kulśhekhar** | 127 |
| L|ëbL| cË| | **Kulbuk Bhaṭṭ** | 187 |

| *Original Word* | *Transliteration* | *Page No.* |
|---|---|---|
| Lyc_vpk | **Kuṅbhandās** | 146, 151 |
| LyóZvyhfpe | **Krṣṇadevrāy** | 49, 74, 89, 134 |
| Ly i hgpg | **Keśhavlāl** | 200 |
| LprZXÞe | **Kauṇḍinya** | 24 |
| ¼gpCh | **Klāiv** | 117 |
| MXp bëgpm | **Khaṅḍo Ballāḷ** | 104 |
| Myb dpIçdvy rQísu | **Khūb Mohammad Chiśhtī** | 196 |
| ¿hpÅ Aby Agu CíLy kdu | **Khvājā Abu Alī Iśhka Samī Chiśhtī** | 138 |
| ¿hpÅ Abvyg kdvy | **Khvājā Abdul Samad** | 51, 200 |
| ¿hpÅ Dõdp_ Iê_u | **Khvājā Usmān Harūnī** | 138 |
| ¿hpÅ LysbØu_ | **Khvājā Kutbuddīn** | 138 |
| ¿hpÅ _rkfØu_ dyIçdvy | **Khvājā Nasiruddīn Muhammad** | 139 |
| ¿hpÅ afuvyØu_ dkyvy NS i Lyf | **Khvājā Pharīduddīn Masūd Gaṅjśhaṅkar** | 139 |
| ¿hpÅ bMÐepf Lpau dC_pØu_ | **Khvājā Bhaktyār Kāphī Maīuddīn** | 138 |
| ¿hpÅ yb IpDØu_ | **Khvājā Bahāuddīn** | 139 |
| ¿hpÅ dC_pØu_ | **Khvājā Maīnuddīn Chiśhtī** | 138, 139 |
| ¿hpÅ dÞkyf | **Khvājā Mansūr** | 82 |
| ¿hpÅ dpIçdvy bLu rbëgpI | **Khvājā Mohammad Bakī Billāh** | 139 |
| Nfubvpk | **Garībdās** | 142 |
| NI_u_p\\ | **Gahnīnath** | 177 |
| NyNpvyhu | **Gaṅgādevī** | 89 |
| NyNp^f | **Gaṅgādhar** | 194 |
| NyNpksu | **Gaṅgasatī** | 141, 169 |
| NpeLyhpXy vpdpÆ | **Gāyakvād Dāmājī** | 116, 120 |
| Np^uÆ | **Gāṅdhījī** | 141, 142, 154, 160, 172, 173, 196 |
| NyZdrs | **Guṇamati** | 13 |

| *Original Word* | *Transliteration* | *Page No.* |
|---|---|---|
| Nf¡ Nphrhÿvtk l | **Guru Govindsiṅha** | 161, 173, 217, 218 |
| Ng¡pd kpl¡b | **Gulām Sāheb** | 143 |
| Np¡`pgvpk | **Gopāldās** | 129 |
| NpfM_p\ | **Gorakhanāth** | 160, 166, 177 |
| Npfp L¡cpf | **Goro Kuṅbhār** | 142, 182 |
| Npthv¡`s bv¡gp | **Govindpaṅ Buṅelā** | 114,115 |
| Np¥sd | **Gautam** | 13 |
| Áep¥kØu_ s¡Og¡L¡ | **Gyāsuddīn Tughaluk** | 47, 62, 67, 140 |
| Opf`X¡ k¡spÆ | **Ghorpade Saṅtājī** | 98, 104, 105,106 |
| Q¾\^f | **Chakradhar** | 90 |
| Qs¡c¡S¡ | **Chaturbhuj** | 194 |
| QfZvpk | **Charaṇdās** | 156 |
| Q¡NuTOp_ | **Chaṅgījhaghān** | 44 |
| QX¡uðf | **Chaṅdīśvar** | 183 |
| QÖ Nàs | **Chaṅdragupt** | 26, 27, 164 |
| QÖ Nàs 2-Å¡ | **Chaṅdragupt 2** | 8, 14, 17 |
| tQspdZu | **Chiṅtāmaṇī** | 149 |
| Q¥sÞe | **Chaitanya** | 126, 131, 142 |
| QpMpd¡gp | **Chokhāmelā** | 92, 141, 158, 175 |
| R>Ókpg | **Chhatrasāl** | 161, 172 |
| S>NÆh_vpk kpl¡b | **Jagajīvandās Sāheb** | 143, 153, 161, 172 |
| S>NÞ_p\ | **Jagannāth** | 200 |
| S>NÞ_p\ rd î p | **Jagannāth Miśrā** | 194 |
| Sv¡_p\ kfLpf | **Jadunāth Sarkār** | 101 |
| S>_pbpC | **Jānabāī** | 92, 141, 153, 168, 175 |
| S>esu\¯ | **Jaytīrtha** | 134 |
| S>evh | **Jaydev** | 187 |
| S>e`pg | **Jaypāl** | 36, 37, 38 |
| S>ehdp 2-Å¡ | **Jayvarmā-2** | 24 |
| S>ehdp 7-dp | **Jayvarmā-7** | 24 |
| S>etk l | **Jaysiṅha (Siṅgdhno Chochvaṅśī Rājā´)** | 34 |
| S>etk l | **Jaysiṅha (Aṅbar- Jaypurno Rājā´)** | 97 |
| S>gpgØu_ MgÆ | **Jalāluddīn Khaljī** | 60, 138, 193 |
| S>ël Z | **Jalhaṇ** | 15 |
| S>lpNuf | **Jahāṅgīr** | 51, 80, 102, 135, 186, 189, 190, 194, 196, 200 |

| *Original Word* | *Transliteration* | *Page No.* |
|---|---|---|
| S›lp_ Apfp | **Jahān Ārā** | 108, 140 |
| Åvh ^_pÆ | **Jādav Dhanājī** | 104, 105, 106, 110 |
| Åeku | **Jāyasī** | 188, 196 |
| rS›epDØu_ bvpe\|_u | **Jīyauddin Basāyūnī** | 55 |
| S›_\|v | **Junaid** | 34, 35 |
| S›rdr_ | **Jaimini** | |
| Å\|Nuvpk | **Jogidās** | 172 |
| Äeprsfph ag\| | **Jyotirāv Phūle** | 172 |
| op_`pv | **Jñānpād** | 17 |
| op_rdÓ | **Jñānmitra** | 17 |
| op_\|ðf | **Jñāneśvar** | 90, 92, 93, 95, 132, 142, 149, 161, 166, 168, 170,171, 172, 177, 178, 187 |
| Tpdpfu_ | **Jhāmarīn** | 3 |
| Tuep Ag vu_ _kub | **Jhīya Ak Dīn Nasīb** | 193 |
| T\|_-Dg-Abuqv_ | **Jain-Ul-Dīn-Nasīb** | 50, 191, 193 |
| Vu`\| k\|gsp_ | **Ṭīpu Sultān** | 216 |
| VpXfdg | **Ṭodarmal** | 51, 134, 187, 190 |
| Vpdk dpf | **Ṭômas Mor** | 184 |
| Vpdk fp | **Ṭômas Ro** | 51, 200 |
| VpeÞbu | | 89, 143 |
| s l dõ` | **Tahamaspa** | 79, 216 |
| sp_k\|_ | **Tānsen** | |
| sp_pÆ | **Tānājī** | 98, 175 |
| spfpbpC | **Tārābāī** | 107, 110, 111 |
| rsfà`_ | **Tiruppan** | 125, 127 |
| rsf\|S›_d | **Tirujanam** | 125 |
| rsf\|_h½fk\| | **Tirunrukkarasu** | 125, 126 |
| rsf\|dgpC | **Tirumalāī** | 199 |
| rsf\|dNC | **Tirumaṅgāī** | 126 |
| rsf\|d\|gf | **Tirumūlar** | 9, 125 |
| rsf\|hpvh\|ff | **Tiruvādvurar** | 125 |
| rsgpà`p | **Tiloppā** | 166 |
| s\|Lpfpd | **Tukārām** | 91, 92, 93, 94, 95, 132, 142, 146, 155, 161, 166, 168, 169, 170, 172, 174, 175, 187 |
| s\|gkuvpk | **Tulsīdās** | 128, 130, 131, 134, 143, 144, 146, 147, 150, 151, 153, 161, 166, 167, 169, 172, 178, 179, 196 |

| *Original Word* | *Transliteration* | *Page No.* |
|---|---|---|
| s¡Nb lpv¢f | **Tegbahādur** | 161, 173, 217 |
| s¡f|dgu L¢kpC | **Terumalī Kasāī** | 125 |
| s|d|f g¡N | **Taimūr Laṅg** | 48, 68, 147, 196, 212 |
| sp¡ÞX¢pf v¢u `pv¢pC | **TondārDīpodāī** | 125 |
| sp¡fdpZ | **Tormān** | 28 |
| \p¡dk k¡ÞV¢ | **Thômas Senṭ** | 3 |
| v¢cpX¢ | **Dabhāḍe** | 104, 105, 106, 118 |
| v¢ep_v¢ õhpdu | **Dayanaṅd Svāmī** | 160 |
| v¢epbpC | **Dayabāī** | 153 |
| v¢epfpd | **Dayarām** | 154 |
| v¢qfepv¢pk | **Dariyādās** | 143, 153 |
| v¢v¢ | **Dard** | 197 |
| v¢ i h¡s | **Daśhavaṅt** | 200 |
| v¢X¢u | **Daṅḍī** | 16 |
| v¢pv¢ | **Dādu** | 133, 134, 135, 142, 143, 150, 155, 157, 158, 166, 169 |
| v¢pfp | **Dārā** | 81, 139, 140, 143, 188, 192, 194, 195, 200 |
| v¢pku ÆhZ | **Dāsī Jīvan** | 142, 169, 172, 218 |
| qv¢L¢_pN | **Diṅnāg** | 13, 16 |
| qv¢ep¡Øu_ | **Diyodīn** | 139 |
| qv¢g¡fMp_ | **Dīlerkhān** | 95, 144 |
| v¢u_ v¢fh¡ i | **Dīn Darveśh** | 153 |
| v¢u `¸L¢f î uop_ | **Dīpaṅkar śrījñān** | 17 |
| v¢ë l_v¢pk | **Dulhandās** | 153 |
| v¢hfpe | **Devrāy** | 67, 72, 73 |
| v¢hfpe 2-Å¡ | **Devrāy - 2** | 73, 74 |
| v¢hfpe 3-Å¡ | **Devrāy - 3** | 73 |
| v¢hg | **Deval** | 187 |
| v¢hu rd î p | **Devī Miśrā** | 187 |
| v¢ i d¡M bpÆ | **Deśmukha Bājī** | 105 |
| v¢p¡gsfph | **Dolatrāi** | 118, 121 |
| ^_p¡ | **Dhano** | 161 |
| ^fZ | **Dharaṇ** | 128 |
| ^fk¡_ | **Dharsen** | 29 |
| ^d|L¢urs| | **Dharmakīrti** | 13, 16 |
| ^d| `pg | **Dharmapal** | 17, 36 |
| ^d|rdÓ | **Dharmamitra** | 23 |

| *Original Word* | *Transliteration* | *Page No.* |
|---|---|---|
| ^dle i | **Dharmayaśha** | 23 |
| ^|hv|hu | **Dhruvdevī** | 27 |
| ^|hk|_ | **Dhruvsen** | 29 |
| _L|ubMp_ | **Nakibkhān** | 194 |
| _L|ufpf _prbepL|f | **Nakīrār Nāṅbiyākar** | 125 |
| _Tuf A l,dv| dp|ghu | **Najīr Ahaṅmad Maulvī** | 206 |
| _ds|ëgp l | **Namtullāh** | 139 |
| _ftk l d l|sp | **Narsiṅha Mahetā** | 141, 142, 153, 168, 170, 187 |
| _f lqf | **Narhari** | 128 |
| _v|_pf | **Naṅdnār** | 127 |
| _pNpS|_ | **Nāgārjun** | 12 |
| _pN cË| 1-gp | **Nāgabhaṭṭ -1** | 35, 36 |
| _pqv|f i p l | **Nadirśhāh** | 82, 112, 192, 196, 202, 203 |
| _p_L| | **Nānak** | 130, 142, 143, 144, 145, 149, 155, 161, 166, 175, 217 |
| _p_p aX|_huk | **Nānā Phadanvis** | 120, 121, 123 |
| _pdv|h | **Nāmdev** | 92, 94, 132, 142, 143, 160, 166, 186, 173, 175, 177, 187 |
| _pçdghpf | **Nāmmalvār** | 125, 126 |
| _p cpv|pk | **Nābhādās** | 128 |
| _pfpeZ fph | **Nārāyaṇrāv** | 89, 120, 183 |
| r_qL|rs_ | **Nikitin** | 69 |
| r_Tpd | **Nijhām** | 113, 117, 118 |
| r_Tpd i p l | **Nijhāmśhāh** | 69 |
| r_Tpd|Øu_ bnu | **Nijhāmuddīn Bakṣī** | 51 |
| r_çbpL| | **Nimbārk** | 128, 187 |
| t_bpgL|f bÅÆ | **Niṅbālkar** | 98, 100, 106 |
| _ugL|W| cË| | **Nīlkaṅṭh Bhaṭṭ** | 194 |
| _|fS› l p | **Nūrjahāṅ** | 51, 53, 80 |
| _|fdp l çdv| | **Nūrmohammad** | 196 |
| _|spÆ `pgL|f | **Netajī Pālkar** | 98, 99, 106 |
| _|ds|ëgp | **Nemtullā** | 139 |
| þe|V|_ | **Nyūṭan** | 141 |
| ` sS›rg | **Pataṅjali** | 13, 25, 31 |
| `àe_ | **Payyan** | 125 |
| ` fdp \| | **Parmārth** | 13 |
| `QfpS› | **Paṅcharāj** | 194 |
| `prZr_ | **Pāṇini** | 18 |

| *Original Word* | *Transliteration* | *Page No.* |
|---|---|---|
| `pe\pNpfk | **Pāythāgoras** | 20 |
| `u`p | **Pīpā** | 128 |
| `|fv|fvpk | **Puraṅdardās** | 143 |
| `|gL|iu 2-Å| | **Pulkeśhī-2** | 28, 29, 35, 57, 126 |
| `|fZ^fZvpk | **Pūraṇdhardās** | 134 |
| `Õhufp S› Qpl pZ | **Pruthvīrāj Chauhān** | 42, 190 |
| `pfeëhpf | **Periyalvār** | 125 |
| `|e | **Pey** | 125 |
| âsp`fpe N|S›f | **Pratāprāy Gujar** | 98 |
| âsp`fÖ 2-Å| | **Pratāprudra 2** | 62, 64, 71 |
| âcpL|fh^|_ | **Prabhākarvardhan** | 9 |
| âge _peL| | **Pralay Nāyak** | 63, 71 |
| âpZvpk | **Prāṇdās** | 135 |
| âpZ_p\ | **Prāṇnath** | 142, 153, 161, 172, 173 |
| àg|Vp | **Pleṭo** | 180 |
| as_ rdî | **Phatan Miśrā** | 194 |
| aqfõsp | **Pharistā** | 66, 67, 69, 147 |
| aprlep_ | **Phāhiyān** | 22, 23, 30 |
| qaf,NpÆ _fkpgp | **Phiraṅgoji Naarsālā** | 95 |
| qafpTMp_ | **Phirojhakhān** | 67, 68 |
| qafpT ipl | **Phirojhaśhāh** | 67, 147 |
| qarg` 2-Å| | **Philip 2** | 80 |
| aufpT s|OgL| | **Phīroj Tughaluk** | 47, 48, 55 |
| aT|ëgp A,S› | **Phaijhullā Aṅju** | 67 |
| ap¼k Å,S› | **Phôks Jôrj** | 152 |
| b¿sphftkl | **Bakhtāvarsiṅha** | 199 |
| bgb_ | **Balban** | 44, 45, 46, 192 |
| bgpëg 3-Å| | **Ballāl 3** | 62, 64, 65, 89 |
| bkh | **Basav** | 133, 143, 166 |
| bkph_ | **Basāvan** | 20 |
| bld_ipl | **Bahamanśhah** | 66, 69, 70, 72 |
| blgpg gpvu | **Bahlol lodī** | 48, 191 |
| blp Ag vu_ bpS›s | **Bahā Al Din Bājat** | 196 |
| blpv|fMp_ | **Bahādur Khān** | 95 |
| blpv|f ipl | **Bahādūr Śhāh** | 49, 215, 218 |
| blpv|f ipl S›af | **Bahādūr Japhar** | 207 |
| brlZpbpC | **Bahiṇābāī** | 141, 175 |

| *Original Word* | *Transliteration* | *Page No.* |
|---|---|---|
| b,v|þ huf | **Baṅdo Vīr** | 161 |
| bþÆfþh | **Bajīrāv** | 111, 12, 113, 115, 117, 118, 120,121, 174 |
| bþÆfþh 2-Å¡ | **Bajīrāv 2** | 122 |
| bþÆ âc|v|i `þX| | **Bajī Prabhu Deśpaṅḍe** | 175 |
| bþZ cË| | **Baṇbhaṭṭ** | 16, 29 |
| bþv|fþeZ | **Bādrāyaṇ** | 13 |
| bþà`þ fþhm | **Bāppā Rāvaḷ** | 159 |
| bþ`| NþMg¡ | **Bapu Gokhale** | 123 |
| bþbf | **Bābar** | 48, 50, 79, 82, 97, 144, 145, 196, 200 |
| bþeTuv| rbõsþdu | **Bāyjhīd Bistāmī** | 138 |
| bþgþÆ | **Bālājī** | 112, 118 |
| bþgþÆfþh | **Bālājīrāv** | 117,118 |
| bþgþÆ AþhÆ | **Bālājī Āvajī** | 98 |
| bþgþÆ bþÆfþh | **Bālājī Bajīrāv** | 112,113 |
| bþgþÆ rhð_þ\ | **Bālājī Viśvanāth** | 110, 111, 112, 117, 120 |
| bþhfþ bþDgþ | **Bāvarā Bāulo** | 153 |
| bþv| | **Bāṅde** | 105 |
| rbgþkMþ_ | **Bilāskhān** | 201 |
| buSguMþ_ | **Bījalīkhān** | |
| b½þfþe | **Bukkārāy** | 49, 64, 66, 67, 71, 72, 188 |
| bÙ | **Buddha** | 11, 17, 24, 21, 165, 167, 177 |
| bÙÆh | **Buddhajīv** | 23 |
| bëgþ 3-Å¡ | **Bullā - 3** | 71, 72 |
| bëgþ kþI¡b | **Bullā Sāheb** | 143, 153, 157, 161 |
| b'û Nàs | **Brahmagpt** | 193 |
| cNh,svþk | **Bhagvaṅtdās** | 195 |
| cNþvþk | **Bagodās** | 129 |
| cËþU| | **Bhaṭṭārk** | 29 |
| cÑþf | **Bhattār** | 125 |
| ch_ | **Bhavan** | 194 |
| cþZ | **Bhāṇ** | 142, 158, 169 |
| cþfrh | **Bhārvi** | 16 |
| cþfr i h | **Bhārśhiv** | 7 |
| cuMþ | **Bhīkho** | 161 |
| cudv|h 1-gþ | **Bhīmdev - 1** | 40, 213 |
| cudv|h 2-Å¡ | **Bhīmdev - 2** | 42, 213 |

| *Original Word* | *Transliteration* | *Page No.* |
|---|---|---|
| cpS ` fdpf | **Bhoj Parmār** | 39 |
| cpkg ` fkpÆ | **Bhoṅsale** | 105, 106 |
| dMvd dpl çdv Nugp_u | **Makhadūm Mohammad Gīlanī** | 139 |
| dS l f | **Majahar** | 197 |
| dÐkÞÖ | **Matsyendra** | 177 |
| dÝhpQpel | **Madhvāchārya** | 72, 164 |
| d^f | **Madhur** | 125 |
| d^kM_ rd î p | **Madhu Sūdan Miśrā** | 194 |
| d^kM_ kfõhsu | **Madhusūdan Sarsvatī** | 172 |
| drgL A,bf | **Malik Aṅbar** | 89 |
| drgL Lpaf | **Malik Kaphur** | 62, 91, 150 |
| dgLvpk | **Malūkdās** | 134, 149 |
| d l dv C i pL | **Mahamad Īśhāk** | 207 |
| d l çdv gsua | **Mahammad Latīpha** | 144 |
| d l dM i p l | **Mahamūd Śhāh** | 71, 74 |
| d l dM NT_hu | **Mahamūd Gajhanavī** | 31, 36, 37, 38, 39, 40, 41,42, 69, 147, 160, 191, 193, 213 |
| d l dM Opfu | **Mahamūd Ghorī** | 69, 159, 190 |
| d l dM _rkfØu_ | **Mahamūd Nasiruddīn** | 44 A_ (AgN àgM `p_,**xii**) |
| d l dM bNXp | **Mahamūd Begaḍo** | 49, 215 |
| d l pvÆ tkr^ep | **Mahādjī Sindhiya** | 111, 117, 121, 123 |
| d l pf | **Mahār** | 132, 141 |
| d l ÞÖ hdp | **Mahendra Varmā** | 29, 126 |
| d l i d l p_v | **Maheśha Mahānṅad** | 194 |
| d l i l frbÞk | **Maheśha Harbins** | 200 |
| dp^h | **Mādhav** | 132,133, 134 |
| dp^hvh | **Mādhavdev** | 142 |
| dp^hfph 1-gp | **Mādhavrāv - 1** | 89, 91, 111, 112, 117,118, 119 |
| dp^p | **Mādho** | 200 |
| dp_tkN | **Mānsiṅg** | 51, 190, 198 |
| dpLk | **Mārks** | 99, 182 |
| dpLp ` pgp | **Mārko Polo** | 30 |
| rdr l fLg | **Mihirkl** | 9, 28 |
| rdfp_ duf | **Mirān Mīr** | 139 |
| duf | **Mīr** | 197 |
| dufp,bpC | **Mīrāṅbāī** | 141, 142, 153, 164, 187 |
| duf kev Agu | **Mīr Saiyad Alī** | 51, 200 |

| *Original Word* | *Transliteration* | *Page No.* |
|---|---|---|
| d|Aprhep | **Muāviyā** | 34, 85 |
| d|¼spbpC | **Muktābāī** | 141, 175 |
| d|L|M | **Mukuṅd** | 200 |
| d|Årlv|ipl | **Mujāhidśhāh** | 67, 70 |
| d|Taaf 2-Å| | **Mujhaphphar - 2** | 215 |
| d|Taaf 3-Å| | **Mujhaphphar - 3** | 216 |
| d|_iu QÖcpZ | **Munśhī Chaṅdrabhaṇ** | 195 |
| d|fpv| 4-\p| | **Murād - 4** | 80, 81 |
| d|ëgpipl | **Mullāśhāh** | 194 |
| d|ëgpipl bv|nu | **Mullāśhāh Badaksī** | 139 |
| d|lçdv| k|gp_p_ | **Muhammad Sulnān** | 194 |
| d|rleØu_ Ab|e|k|a epüp | **Muhiyuddīn Abu Yusuph Yāhyā** | 140 |
| d|mv|pk | **Mūḷdās** | 169 |
| d|fgþX| | **Mūrlậnḍ** | 212 |
| d|Nõ\|_uk | **Megesthenīs** | 30 |
| d|Oprsr\ | **Medhātithi** | 187 |
| dpÁNëgp_ | **Maggllān** | 166 |
| dpf| | **More** | 98, 100, 105 |
| dp|lçdv|ipl | **Mohammadśhāh** | 66, 67, 71, 191 |
| dp|lçdv|ipl | **Mohammadśhāh (Mogal Bādśhāh)** | 82 |
| dp|lçdv| (Cå_) rb_ L|prkd | **Mohammad Bin Kāsim** | 34, 35, 159, 184, 211 |
| dp|lçdv| \`eN|bf | **Mohammad Paygaṅbar** | 32, 67, 83, 84, 133, 143, 186, 212 |
| dp|lçdv|rb_ s|Og|L| | **Mohammad Bin Tughaluk** | 47, 60, 63, 66, 72, 87, 190, 193, 221 |
| dp|rlg| | **Mohīle** | 105 |
| ed|_pQpe| | **Yamunāchārya** | 126 |
| epohëL|e | **Yajnavalkya** | 6, 169 |
| e|i|bpC | **Yeśhubāī** | 89, 103, 104, 110, 112 |
| fO|_p\ \`|s l_|ds| | **Raghunāth Paṅt Hanumaṅte** | 98 |
| fS|b | **Rajabāī Panṅḍdit** | 135, 153, 158, 161, 169, 173 |
| frTepb|Nd | **Rajhiya Begam** | 44 |
| fdpC \`pX|s | **Ramāī Paṅḍit** | 159 |
| frhL|rs| | **Ravīkīrtī** | 29 |

| *Original Word* | *Transliteration* | *Page No.* |
|---|---|---|
| frhvþk | **Ravidās** | 171 |
| fk¡gþ bVþX¡ | **Raselā Bartrānḍ** | 84 |
| fþOhþ_v¡ | **Raghāvānaṅd** | 128 |
| fþOþbþ `¡i hþ | **Rāghobā Peśhavā** | 89, 113, 114, 118, 119, 120 |
| fþÅ fþd | **Rajā Rām** | 100, 101, 102, 103, 104, 105, 106, 107, 110, 111 |
| fþÅ fþddþl _ fþe | **Rājā Rāmmohan Rāy** | 160, 172 |
| fþS¡þÖ 1-gþ | **Rājendra-1** | 17 |
| fþZþ k¡N | **Rāṇā Saṅg** | 190 |
| fþZþ âsþ` | **Rāṇā Pratāp** | 86(i) \u 86(viii) |
| fþZþ lçduf | **Rāṇā Hammīr** | 86(i) \u 86(viii) |
| fþZþ Dv¡etk l | **Rāṇā Udaysiṅh** | 86(i) \u 86(viii) |
| fþ_X¡ | **Rāṇaḍe** | 89, 90, 174, 182 |
| fþdL¡óZ `fdl¡k | **Rām ḳrṣṇ Paramhaṅs** | 153 |
| fþdQÖ `¡s | **Rāmchaṅdra Paṅt** | 98, 100, 104, 160-7, 110 |
| fþdvþk | **Rāmdās ³Samarth Swāmī´** | 90, 91, 94, 95, 101, 122, 142, 144, 146, 161, 166, 172, 175, 176, 179, 180, 181 |
| fþdvþk | **Rāmdās** | 217 |
| fþdv¡h | **Rāmdev** | 60, 62 |
| fþdfþe | **Rāmrāy** | 88 |
| fþd i þ÷u | **Rāmśhāstrī** | 91, 113, 119, 120, 121, 147, 148 |
| fþdtk l | **Rāmsiṅh** | 166 |
| fþdþ_v¡ | **Rāmānaṅd** | 127, 128, 129, 130, 143, 164, 166, 187 |
| fþdþ_S¡ | **Rāmānuj** | 126, 128, 131, 140, 143, 164, 166, 167, 187 |
| fþd¡ðf i þ÷u | **Rameśvar Śhāstrī** | 93 |
| qfLþXþ | **Rikārḍo** | 123 |
| qfTdu | **Rijhamī** | 193 |
| fÖvþdþ | **Rudradāmā** | 16 |
| fÖhdþ | **Rudravarmā** | 24 |
| fVþkþ | **Raidāsā** | 128, 153, 156 |
| fþluvþk | **Rohīdās** | 161, 173 |
| gëgþv¡ | **Lallād** | 141, 142 |
| gþgþ Adþ_sfþe | **Lālā Anānatrāy** | 195 |
| gþgþ lL¡dQv¡ | **Lālā Hukamchaṅd** | 195 |
| gr__ | **Lenin** | 90 |
| hfþlrdrlf | **Varāhmihir** | 13, 30 |

| *Original Word* | *Transliteration* | *Page No.* |
|---|---|---|
| hgu | **Valī** | 197 |
| hguD‰p v$l¡ghu i p l | **Valīullā Dahelvī Śhāh** | 202, 203, 204 |
| hëg c | **Vallabh** | 15 |
| hëg cpQpe| | **Vallabhāchārya** | 128, 134, 146, 187 |
| hrk › $ | **Vasiṣṭha** | 164, 165 |
| hk|b,^| | **Vasubaṅdhu** | 13 |
| hpQõ ` rs rd î | **Vāchaspati Mīśra** | 14 |
| hpÐõepe_ | **Vātsyāyan** | 13 |
| hpëduqL$ | **Vālmīki** | 130, 176 |
| hpõL$p¡-X$p-Npd | **Vāsko-Ḍā-Gāmā** | 49, 209 |
| rhÛp ` rs | **Vidhāpati** | 146 |
| rhÛpf Î e | **Vidhāraṇya** | 72, 88, 89 |
| rh_p¡bpÆ | **Vinobājī** | 170, 171, 172, 173 |
| rhê ` pn | **Vīrūpākṣa** | 72 |
| rhðprdÓ | **Vīśvāmitrā** | 164 |
| rhðpkfph | **Vīśvāsrāv** | 113, 116 |
| rhó Ï h^|_ | **Viṣṇuvardhan** | 126 |
| h¡v$ ìepk | **Ved Vyās** | 6 |
| h¡ Ï bpC | **Veṇubāī** | 175 |
| hp¡ëV$f | **Vôlṭer** | 120, 123 |
| ìe¡L$p¡Æ | **Vyaṅkojī** | 95, 96, 97 |
| i hp¡ | **Śhavo** | 169 |
| i i p¡L$ | **Śhaśhaṅk** | 9, 29 |
| i ¡L$fv¡$h | **Śhaṅkardev** | 142, 168 |
| i ¡L$fpQpe\| | **Śhaṅkarāchārya** | 10, 13, 16, 94, 126, 140, 187, 194 |
| i ¡c|hdp\| | **Śhaṅbhuvarmā** | 24 |
| i p l Apgd | **Śhāhālam** | 110, 205 |
| i p l Apgd 2-Å¡ | **Śhāhālam 2** | 87 |
| i p l CõdpCg | **Śhāh Ismāīl** | 79 |
| i p l bfL¡$ëgp l | **Śhāh Barkullāh** | 138 |
| i p l S› l p¡ | **Śhāhjahahāṅ** | 49, 52, 54, 80, 81, 88, 102, 139, 189, 190, 192, 194 |
| i p l Æ | **Śhāhjī** | 88, 89, 96 |
| i p l b¡Øu_ Ddf | **Śhāhbudīn Umar** | 139 |
| i p l b¡Øu_ (dp¡lçdv$) Op¡fu | **Śhāhbudīn Ghorī** | 41, 42, 43, 44, 123 |
| i p l hgu | **Śhāh Valī** | 215 |

| *Original Word* | *Transliteration* | *Page No.* |
|---|---|---|
| i þrlõsMþ_ | **Śhahīstakhān** | 95, 97 |
| i þlı | **Śhahu** | 103, 104, 107, 110, 111, 118 |
| r i hþÆ | **Śhivājī** | 55, 87, 89, 90, 91, 92, 95, 96, 97, 98, 99, 101, 102, 103, 104, 105, 106, 107, 108, 111, 117, 119, 122,123, 132, 142, 155, 161, 172, 173, 174, 175, 180, 181, 182, 190, 208 |
| r i¸v¦ | **Śhīṅde** | 105 |
| i¦M Abv¦g Lþqv¦f Ægþ_u | **Śhekha Abdul Kadir Jīlānī** | 139 |
| i¦M Ag Cõgþd | **Śhekha Al Islām** | 79 |
| i¦M A l dv¦ k¦f t l v¦u | **Śhekha Ahmad Sar Hīṅdī** | 139 |
| i¦M qv¦AþØu_ | **Śhekha Dioddīn** | 139 |
| i¦M _bu | **Śhekha Nabī** | 186 |
| i¦M q_TþdØu_ Aþrgeþ fau | **Śhekha Nijāmuddīn Olīyā Raphī** | 138, 139 |
| i¦M b lþDØu_ TL¦qfeþ | **Śhekha Bahāuddīn Jhakariyā** | 139 |
| i¦M hS¦lØu_ | **Śhekha Vajuhuddī** | 139 |
| i¦M kgud rQísu | **Śhekha Salīm Chīśhtī** | 139 |
| i¦M k¦ev¦ lık¡_ | **Śhekha Saiyad Husen** | 139 |
| i¦M lrdDØu_ _þNþfu | **Śhekha Hamiuddīn Nāgorī** | 139 |
| i¦M r l kþdØu_ | **Śhekha Hisāmuddīn** | 139 |
| i¡fMþ_ | **Śherkhān** | 51, 79, 191 |
| î uNþ ` þg | **Śrīgopāl** | 195 |
| î u^fv¦þk | **Śrīdhardās** | 15 |
| kv¦þr i hfþh | **Sadāshivrāv** | 113-117 |
| k b f õhþdu | **Sabar Svāmī** | 13 |
| kdÞs cÖ | **Samantabhadra** | 12 |
| kd¦ÖN¦às | **Samundragupt** | 14, 27 |
| k f l ` þ | **Sarpahā** | 166 |
| kgud 3-Å¡ | **Salīm 3** | 216 |
| k l Å¡bþC | **Sahajobāī** | 141, 153 |
| k¸0v¦h | **Saṅghadev** | 23 |
| k¸0 c¦rs | **Saṅghabhūti** | 23 |
| k¸b¸v¦f | **Saṅbaṅdar** | 125, 126 |

| *Original Word* | *Transliteration* | *Page No.* |
|---|---|---|
| k,cpÆ | **Saṅbhājī** | 89, 95, 101, 103, 108, 174, 179 |
| kpd,s | **Sāmaṅt** | 195 |
| kpe ZpQpel | **Sāyaṇāchārya** | 72 |
| kpqf`|Ñ | **Sāriputta** | 166 |
| kpg|h _ftkl | **Sāluv Narsiṅh** | 73-4 |
| rkL|vf | **Sikaṅdar** | 20 |
| rkL|vf gpvu | **Sikaṅdar Lodī** | 48, 144, 148, 193, 195 |
| rkÙfpS› S›etkl | **Sidhdharāj** | 213, 214 |
| rkÙk|_ qv|hpL|f | **Sidhdhasen Divākar** | 12 |
| kuvu Agu fCk | **Sīdī Alī Raīs** | 79 |
| k|Mp | **Sukhā** | 128 |
| k|fvpk | **Surdās** | 134, 164, 169 |
| k|fpk|f-k|fp_v| | **Surāsur-Surānaṅd** | 128 |
| k|g|dp_ | **Sulemān** | 79 |
| kv|fvpk | **Suṅdardās** | 135, 143, 153, 154, 194 |
| kv|fd|rs| | **Suṅdarmūrti** | 128-127 |
| kv|ff | **Suṅdarra** | 126 |
| k|_p | **Senā** | 128 |
| k|ev| dpl çdv| | **Saiyad** | 139 |
| kp¾Vuk | **Sâkreṭīs** | 20 |
| kpd | **Som** | 72 |
| kpdv|h | **Somdev** | 63 |
| kpefpbpC | **Sourābāī** | 92, 101, 103, 141 |
| kpv| | **Saud** | 197 |
| õLv|Nàs | **Skaṅdgupt** | 27, 28, 29 |
| õL|qv|g | **Skaṅdīl** | 12 |
| [õ\ fdrs | **Sthīrmati** | 13 |
| lÄÅS› | **Hajjāj** | 32, 33, 34, 35 |
| lWutkN | **Hakīsiṅg** | 199 |
| l_|d,s | **Hanumaṅt** | 98, 105 |
| lfL|óZ fpe | **Harkṛṣṇarāy** | 217 |
| lfNpthv| | **Hargovīṅd** | 161, 217, 218 |
| lffpe | **Harrāy** | 117, 118 |
| lqffpd | **Harirām** | 194 |
| lqfhdp| | **Harivarmā** | 24 |
| lqfQö | **Hariścaṅdra** | 9, 29 |
| lj| | **Harṣa** | 9, 28, 29, 30, 55, 57, 96, 126, |


| *Original Word* | *Transliteration* | *Page No.* |
|---|---|---|
| | | 180 |
| lqflf | **Harihar** | 49, 64, 65, 66, 71, 72, 88 |
| lqflf 2-Å¡ | **Harihar 2** | 68, 72 |
| lk_r_Tpd | **Hasan Nijām** | 212 |
| lpÆ Cbþlud | **Hājī Ibrahīm** | 192, 194 |
| lpqaT | **Hāphijha** | 67 |
| lpê_ Ag fiuv | **Harūn Al Raśhīd** | 36 |
| ldpe¡ | **Humāyuṅ (Bahamanī Rājā)** | 51, 79, 82,188, 193, 200, 215, 218 |
| ldpe¡ | **Humāyuṅ (Mogal Bādśhāh)** | 69 |
| lgpNMp_ | **Hulāgukhān** | 44, 214 |
| l¡Ng | **Hegal** | 123 |
| l¡dQÖQpep | **Hemchaṅdrā Chārya** | 11, 14 |
| l¡rgep vpfk | **Heliyo Daras** | 143, 163 |
| lVfAgu | **Haidaralī** | 117 |
| lp[àLÞk rhrged | **Hôpkins Vilīm** | 51 |
| lpgLf, dëlpffph | **Holkar, Malhārāv** | 114, 116, 118, 120, 122-3 |
| ü¡ A_ íhpN | **Hyu An Śhvāṅg** | 8, 22, 23, 29, 30 |

જ્ઞાન-ગંગોત્રી ગ્રંથ-શ્રેણી ૨૧

૧૩
માનવ વિદ્યાશાખા

# ભારત દર્શન-૨

[મધ્યકાલીન ઇતિહાસ]





SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR

સંયોજક : ડૉ. આર. એમ. પટેલ

મુખ્ય સંપાદક : ભોગીભાઈ ગાંધી

## તંત્રીમંડળ

શ્રી આર. એમ. પટેલ · શ્રી આર. ડી. પટેલ · શ્રી રમેશ સુમંત મહેતા · શ્રી ઈશ્વરભાઈ પટેલ · શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ શ્રી ઉમાશંકર જોશી · શ્રી એચ. એમ. પટેલ · શ્રી બી. સી. પટેલ શ્રી વી. એચ. ભણોત · શ્રી યશવંત શુકલ · શ્રી નીરુભાઈ દેસાઈ શ્રી વિજયગુપ્ત મૌર્ય · શ્રી પી. સી. વૈદ્ય · શ્રી ભોગીલાલ સાંડેસરા શ્રી અંબુભાઈ પટેલ · શ્રી જે. જી. ચૌહાણ · શ્રી દિલાવરસિંહ જાડેજા

## પરામર્શકો

શ્રી રસિકલાલ છો. પરીખ · શ્રી કાકાસાહેબ કાલેલકર · શ્રી રામપ્રસાદ બક્ષી · શ્રી અનંતરાય રાવળ · શ્રી ચંદ્રવદન મહેતા · શ્રી હંસાબહેન મહેતા · શ્રી બાપાલાલ વૈદ્ય · શ્રી ઉમાશંકર જોશી · શ્રી હરિનારાયણ આચાર્ય · ડૉ. શાંતિલાલ મહેતા · પ્રો. ડી. ટી. લાકડાવાળા શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી · પ્રો. એમ. એલ. દાંતવાળા

૨૧

જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી

# ભારત દર્શન : ૨

[ મધ્યકાલીન ઇતિહાસ ]

રસેશ જમીનદાર • મનુભાઈ પચોળી (દર્શક) • ભોગીભાઈ ગાંધી

સરદાર પટેલ યુનિવર્સિટી—વલ્લભવિદ્યાનગર

રસેશ જમીનદાર : ઇતિહાસ અને સંસ્કૃતિવિભાગના વિદ્વાન : ગૂજરાત વિદ્યાપીઠ
મનુભાઈ પંચોળી–'દર્શક' : ગાંધીવિચાર, શિક્ષણ અને ઇતિહાસ-વિવેચન ક્ષેત્રે મૌલિક ચિંતક, નવલકથાકાર-નાટ્યકાર
ભોગીભાઈ ગાંધી : જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણીના મુખ્ય સંપાદક

**યોજના દાન : હરિઃ ૐ આશ્રમ, નડિયાદ**
**શ્રી હર્ષદભાઈ શ્યામદાસ શાહના શ્રેયાર્થે**

**અનુદાન :** શિક્ષા મંત્રાલય દિલ્હી; ગુજરાત સરકાર, ગાંધીનગર

**પ્રકાશન :** ડિસેમ્બર, ૧૯૮૦
**કિંમત :** રૂ. ૩૦–૦૦ (Rs. 30-00)

**પ્રકાશક :** રતિલાલ સી. ઠક્કર, કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર (INDIA)
**મુદ્રક :** જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ ૩૮૦ ૦૧૪

# નિવેદન

સ્વરાજ આવ્યા પછી આપણા દેશમાં શિક્ષણનો વિસ્તાર વધ્યો છે. સાથે સાથે ઉચ્ચ શિક્ષણને કારણે જ્ઞાનવિસ્તારની નવી તકો ઊભી થઈ છે. ટેક્નૉલોજીના ક્ષેત્રે પણ આપણે મોટી ફાળ ભરી રહ્યા છીએ. આમ છતાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરતા સામાન્ય વિદ્યાર્થીનું જ્ઞાનસંસ્કારનું ભાથું અનેક કારણોસર પર્યાપ્ત નથી અને યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીનો જ્ઞાનવ્યાપ વામણો ભાસે છે.

વળી, સ્વાધીન લોકશાહી સમાજના સર્વાંગી વિકાસ દરમિયાન સર્વસાધારણ શિક્ષિત પ્રજાજનને પડકારતી અપરંપાર જટિલ સમસ્યાઓ ઉપસ્થિત થતી રહે એ સ્વાભાવિક છે. આવા પ્રસંગે બૌદ્ધિક તાલીમનું ભાથું અપર્યાપ્ત રહી જતાં સુસજ્જ નાગરિક તરીકેની તેની અધૂરપ વૈયક્તિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ અસરકારક પૂર્તિ માગી લે છે

સરદાર પટેલ યુનિવર્સિટીએ પોતાની મર્યાદામાં રહીને યથાશક્તિ આ પૂર્તિ કરવાના ઉદ્દેશથી એક અદનો સન્નિષ્ઠ પ્રયાસ આદર્યો છે અને 'જ્ઞાનગંગોત્રી' દ્વારા માનવવિદ્યા શાખાના ૨૦ અને વિજ્ઞાનવિદ્યા શાખાના ૧૦ એમ કુલ ૩૦ ગ્રંથોની શ્રેણીની યોજનાથી પ્રારંભ કર્યો છે.

આ ગ્રંથશ્રેણી કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓ અને શિક્ષિત નાગરિકોને લક્ષમાં રાખી તૈયાર કરવાનું નિરધાર્યું છે. આ શ્રેણી પાછળની નેમ એ છે કે (૧) અભ્યાસવાંછુઓ આ ગ્રંથો થોડાક પરિશ્રમે છતાં રસપૂર્વક વાંચે, એમની જ્ઞાનપિપાસા પ્રદીપ્ત બને; (૨) આ વાચનને અંતે બહુવિધ વિકાસના મુખ્ય તબક્કા વાચકના ચિત્તપટ સમક્ષ ઊપસી આવે; (૩) વાચકો માહિતી અને વિગતોની અનેકવિધતા દ્વારા જ્ઞાનપ્રાપ્તિની ચાવી હસ્તગત કરે; અને (૪) અભ્યાસીઓના ચિત્તમાં મૂળભૂત સત્ય અને મૂલ્યોની શ્રદ્ધાનાં બીજ રોપાય.

આ દૃષ્ટિએ ઇતિહાસ, ચિંતન, સાહિત્ય, લલિત કલા અને વિજ્ઞાન જેવાં વિવિધ ક્ષેત્રોનાં વિભિન્ન પ્રકારનાં આલેખન પાછળ કેટલીક આધારશિલાઓ સ્વીકારીને અમે ચાલ્યા છીએ — જેવી કે,

૧. માનવ-વિકાસ પાછળ અનેક પરિબળો કામ કરતાં હોય છે; પરંતુ અંતે તો, પરિસ્થિતિના પરિવર્તનમાં માનવીય ચેતના પ્રમુખ ભાગ ભજવે છે; અને વૈયક્તિક માનવના વ્યક્તિત્વના શકય-પૂર્ણ વિકાસના પાયા ઉપર જ સામાજિક-સામુદાયિક વિકાસની ઇમારત રચાવી જોઈએ.

૨. વિજ્ઞાનનું રહસ્ય સતત પરિવર્તનશીલતામાં રહેલું છે અને તેની ચાવી અખંડ સંશોધનવૃત્તિમાં છે. વિજ્ઞાનની વિલક્ષણતા હકીકતોના ભંડાર સંચિત કરવામાં નથી પરંતુ બાહ્ય વિશૃંખલતાઓની અંતર્નિહિત સંવાદિતા શોધી કાઢવામાં છે.

૩. સંશોધનની આ પ્રક્રિયામાં માનવીની ચેતના અને કલ્પનાશક્તિનું યોગદાન અસાધારણ છે; અને આ વૈજ્ઞાનિક સત્ય મુક્ત માનવનિર્ણયનું જ પરિણામ છે.

૪. અંતિમ વિશ્લેષણમાં વિજ્ઞાન પણ બીજાં માનવીય ક્ષેત્રોની જેમ મૂલ્યોના નિર્ણય વિના કેવળ યાંત્રિક પ્રવૃત્તિરૂપે ટકી શકે નહીં. આ સંદર્ભમાં વિજ્ઞાનો અને માનવવિદ્યાઓ વચ્ચેના જ્ઞાનસીમાડા એકરૂપ બનતા વરતાય છે.

૫. જીવનની સમગ્રતા સાથે આદિયુગથી સમરસ બનેલી સર્જન પ્રવૃત્તિઓ પ્રત્યે સવિશેષ અભિમુખતા અને આત્મીયતા કેળવવી ઘટે. આપણો વિદ્યાર્થી અને નાગરિક સૌંદર્ય નીરખતો થાય, ઓળખતો થાય અને

આસ્વાદતો થાય, એટલે કે પરમાનંદી ઘૂંટ પીતો થાય, એ પ્રકારે ચૈતસિક સર્જનશકિતનું રહસ્ય છતું કરવું જોઈએ.

૬. અંતે તો, જ્ઞાન એ કેવળ માહિતી નથી; વિજ્ઞાન એ કેવળ ભૌતિક-પ્રાકૃતિક હકીકતોનું સંકલન કે પૃથક્કરણ નથી; અનુભૂતિ કેવળ ઘટનાઓનો બાહ્યસ્પર્શ નથી. જ્ઞાનાનુભૂતિ આ ઉપરાંત ઘણું વિશેષ છે. આ રહસ્ય અવગત કરવાનું આ ગ્રંથશ્રેણીનું લક્ષ્ય છે.

આ સિદ્ધ કરવાનું કાર્ય અત્યંત દુષ્કર છે એવી સભાનતા અમે હંમેશ અનુભવીએ છીએ. એક બાજુ યુવકો ને નાગરિકોની કક્ષા — તેમની અભિરુચિ, વાચનશક્તિ અને સમજશક્તિ —ની મર્યાદાઓ છે; તો બીજી બાજુ, ઈતિહાસવિકાસ અને ઘટનાવિકાસ, વિચારવિકાસ અને મૂલ્યવિકાસની ઝાંખી કરાવવાનું કાર્ય કઠિન છે. ગંભીર અને કઠણ ગણાતા વિષયો, ગંભીરપણે છતાં આસ્વાદ્ય બનાવીને રજૂ કરવાનું કાર્ય લેખકો માટે કસોટીરૂપ છે. સંપાદકોની મર્યાદાઓય હોવાની. આ પ્રયાસ મહત્ત્વાકાંક્ષી અને દુરારાધ્ય લેખાય તેવો હોવા છતાં અતિમહત્ત્વાકાંક્ષી કે અસાધ્ય નથી; અને ગંગાવતરણ કરવાનો નહીં તોયે ગંગોત્રીનું આચમન કરાવવા જેટલો તો યશ મળશે, એવી શ્રદ્ધાએ અમે આ યાત્રા આરંભી છે. વળી, પરભાષાના ગ્રંથોનાં ભાષાંતરો વા રૂપાંતરો રજૂ કરવાને બદલે શક્ય એટલો મૌલિક અભ્યાસ અને ચિંતન રજૂ કરવાનો હેતુ છે.

અમારા પ્રયાસમાં સદ્‌ગત પૂજ્ય શ્રી મોટા તેમજ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય, ગુજરાત રાજ્ય તથા અન્ય સદ્‌ગૃહસ્થો અને સંસ્થાઓ તરફથી જે આર્થિક સહાય પ્રાપ્ત થઈ છે તે માટે અમે સૌના અંતઃકરણપૂર્વક આભારી છીએ. વાસ્તવમાં એની બીજભૂમિકાનું યથાયોગ્ય શ્રેય પૂ. મોટાને ઘટે છે. હરિઃ ૐ આશ્રમ, નડિયાદ અને રાંદેરના પોતાના ભક્તો ને પ્રશંસકો દ્વારા રૂપિયા એક લાખનું દાન પૂ. મોટાએ સરદાર પટેલ યુનિવર્સિટીને આપી 'જ્ઞાનગંગોત્રી'ના આ કાર્યનું પદારોપણ કર્યું હતું અને બીજા એક લાખ રૂપિયાના વિશેષ દાન વડે તેને સુદૃઢ બનાવ્યું હતું. અમારા પ્રયત્નની વાસ્તવિકતાને આથી ભારે શ્રેય અને બળ પ્રાપ્ત થયાં છે. બળ એ અર્થમાં કે યોજનાદાન બેવડાવાથી અમારો ઉત્સાહ દ્વિગુણ થયો છે અને શ્રેય એ અર્થમાં કે ગુજરાતની જનતાએ 'જ્ઞાનગંગોત્રી'ના ભગીરથ કાર્યને નાનીમોટી સખાવતો તેમ જ સભ્યલવાજમો દ્વારા બિરદાવ્યું છે.

'જ્ઞાનગંગોત્રી'ની યોજનામાં પરામર્શકો તરીકે યા તંત્રવાહકોના રૂપમાં ગુજરાતના શ્રેષ્ઠ ચિંતકો અને વિદ્વાનોનો તથા લેખનકાર્યની જવાબદારી સ્વીકારી અમારી યોજનાને મૂર્તસ્વરૂપ આપનાર અભ્યાસી લેખકોનો અમને જે સહકાર સાંપડયો છે તે માટે અમે ગૌરવ અનુભવીએ છીએ અને સાંપડેલી સેવા માટે સૌનો ઋણસ્વીકાર કરીએ છીએ.

અમને નોંધ લેતાં દુ:ખ થાય છે કે તંત્રીમંડળના સભ્યોમાંના સર્વ શ્રી રવિશંકર રાવળ, હરિહર પ્રા. ભટ્ટ, જશભાઈ કા. પટેલ તથા પરામર્શકોમાંના સર્વશ્રી પંડિત સુખલાલજી, પ્રો. ફીરોઝ દાવર, પ્રો. સી. એન. વકીલ અને બચુભાઈ રાવતનું અવસાન થતાં તેમના તરફથી મળતાં સલાહ-સૂચનો અને હૂંફ અમે ગુમાવ્યાં છે.

છેલ્લે, યુનિવર્સિટી સિન્ડિકેટના સભ્યો, યુનિવર્સિટીના શિક્ષકો અને વહીવટી સેવકોએ દાખવેલા ઉત્સાહપૂર્વકના ટેકા માટે તેમનો તથા યોજનાના પ્રવાહને વહેતો રાખવાની નૈતિક કામગીરી અંગે મુખ્ય સંપાદક શ્રી ભોગીભાઈ ગાંધીનો આભાર માનું છું.

વલ્લભવિદ્યાનગર

**ડૉ. આર. એમ. પટેલ**
કુલપતિ
સરદાર પટેલ યુનિવર્સિટી

# સંપાદકીય

જ્ઞાનગંગોત્રી શ્રેણીનો આ ૨૧મો ગ્રંથ છે, માનવવિદ્યા શાખાનો ૧૩મો. આ ગ્રંથમાં ભારતના મધ્ય-યુગી ઈતિહાસનું દર્શન કરાવવાનો પ્રયાસ છે. એકંદરે, ઈ. સ.ની ૭મી સદીથી ૧૯મી સદીના આરંભ સુધીનો સમયખંડ સમાવિષ્ટ છે. આ સમગ્ર કાલખંડને આવરી લેતી કોઈ એક કેન્દ્રવર્તી ઘટના હોય તો તે વિદેશી ઈસ્લામધર્મી પ્રજા અને શાસકોના સંપર્ક અને શાસનની છે.

આ બાર સદીઓ ભારતના ભાગ્યને અનેક રીતે નિર્ણાયક ઘાટ આપનારી બની છે. એક છેડે, આ પૂર્વેની લગભગ ત્રણ સહસ્રાબ્દીઓમાં પુષ્ટ બનેલા ભારતના પિંડ અને આત્માને સારી પેઠે પીંખે છે; તો બીજે છેડે, મધ્યયુગમાંથી અર્વાચીન યુગમાં સંક્રાન્ત થવા માટેની, રાષ્ટ્રીયતા પ્રતિની પ્રક્રિયાને પણ સારી પેઠે રૂંધે છે.

આવી અત્યંત માર્મિક ઘટનાની ઝાંખી કરાવવાનો પ્રયાસ આ ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ હોઈને, આ ગ્રંથનો આરંભ જ ભારતની સુદૃઢ સાંસ્કારિક-સાંસ્કૃતિક પાર્શ્વભૂમિકાથી કર્યો છે (પ્ર. ૧ થી ૩). તેમાં ભારતીય-સંસ્કારોનાં વિલક્ષણ સ્વરૂપો સમજાવ્યાં છે; વિવિધ પ્રજાઓના વિનિમય અને સમન્વયમાંથી પ્રગટેલી ભાવાત્મક એકતાનું કલેવર કેવી રીતે બંધાયું તે સૂચવ્યું છે; તેમાં ચિંતન, સાહિત્ય અને શિક્ષણની અતૂટ પરંપરાએ કેવો નક્કર ફાળો આપ્યો એ નોંધ્યું છે. એટલું જ નહીં, 'બૃહદ્ ભારતીય' સ્વરૂપે તેનું જે વિસ્તરણ થયું છે એના સંદર્ભો પણ આપ્યા છે.

ખંડ ૨જો ભારતમાં મુસ્લિમ આરબ આક્રમણથી શરૂ થાય છે અને ગઝનવી-ઘોરીના ઈ. સ. ૬૩૭થી ૧૨૦૬ સુધીના આતંકોનું આલેખન થોડીક વીગતે આપ્યું છે. તેમાં કેટલીક પ્રચલિત માન્યતાઓ અંગેની સફાઈનો પ્રયાસ રહ્યો છે. દા .ત., (૧) ભારતમાં ઈ. સ. ૭૧૨માં મોહમ્મદ બિન કાસિમે સિંધનો કબજો કર્યો. ત્યારથી મુસ્લિમ શાસકોનો ભારત-પ્રવેશ શરૂ થયાની માન્યતા; (૨) ભારત ઉપરનાં મુસ્લિમ આક્રમણો બહુ લાંબા અંતરે અને અલ્પ સ્વરૂપનાં હતાં એવી માન્યતા; (૩) આ આક્રમણો ઈસ્લામી કેન્દ્રથી અલિપ્ત, ધર્મ-પ્રસારની વૃત્તિથી અલિપ્ત અને સર્વથા આયોજનરહિત હોવાની માન્યતા; (૪) આ આક્રમણો સામે હિંદુસ્તાનના શાસકો અને પ્રજાના અગ્રણીઓએ નહીંવત્ પ્રતિકાર કર્યાની અથવા લગભગ સર્વત્ર શરણાગતિ સ્વીકારી લીધાની માન્યતા. આવી માન્યતાઓની બિનઐતિહાસિકતા તરફ ખાસ ધ્યાન ખેંચ્યું છે. (પ્ર. ૪)

આ પછીના પ્રકરણ(પ્ર. ૫)માં મુસ્લિમ દિલ્હી શાસનનો પ્રારંભ અને વિસ્તારની સવા ત્રણ સદી (૧૨૦૬–૧૫૨૬) તથા મોગલ સામ્રાજ્યના આરંભથી ઔરંગઝેબ સુધીની પોણા બે સદી(૧૫૨૬–૧૭૦૭)ની ટૂંકી રૂપરેખામાં આપીને, તેનાં મુખ્ય લક્ષણો તારવવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ, ભારતના ઈતિહાસનું જે એક મહત્ત્વનું પાસું ઠીક ઠીક ઉપેક્ષિત રહ્યું છે તે છે દક્ષિણ ભારત. વાસ્તવમાં ઉત્તર અને પશ્ચિમ ભારત ઉપરની મુસ્લિમ શાસકોની પકડ વ્યાપક બની ચૂકી હતી ત્યારે દક્ષિણ ભારત ઘણે અંશે એનાથી અલિપ્ત રહ્યું હતું. વળી, ૧૪મી સદી પછી તે પૂરી ભીંસમાં આવ્યું. ત્યાર પછીનો એનો ઈતિહાસ અન્ય પ્રદેશો કરતાં વિશિષ્ટ છે—'બહ્મની' અને 'વિજયનગર' રૂપે. આથી છેક ૭મી સદીના ઉત્તરાર્ધથી ૧૬મી સદીની પહેલી પચ્ચીસી સુધીની લગભગ સાડી આઠ સદીની ઝાંખી કરાવવાનો ખાસ પ્રયાસ કર્યો છે (પ્ર. ૬–૭).

આ ઈસ્લામી શાસનકાળને ઊંડાણથી સમજવાના પ્રયાસરૂપે તત્કાલીન હિંદુ-સામાજિક-રાજકીય પાયો અને મુસ્લિમ-સામાજિક-રાજકીય પાયો - બંનેનાં સામ્ય લક્ષણો [illegible]

પણ નોંધ્યા છે; ઉપરાંત, મુસ્લિમ શાસનની રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય નીતિના ધર્મપ્રણીત સિદ્ધાંત અને દુન્યવી વ્યવહાર-નીતિનાં મહત્ત્વનાં પાસાંની તુલના કરી છે. (પ્ર. ૮).

આ પછીના ૩જા ખંડમાં દક્ષિણમાં શિવાજી મહારાજનો પોતાનો રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય માટેનો ભવ્ય પુરુષાર્થ ભારતના ઈતિહાસનો સર્વ પ્રથમ 'ક્રાન્તિકારી' અભિક્રમ કેવી રીતે બની રહ્યો, ભારતના ઈતિહાસનું એક ઉન્નત સીમાચિહ્ન કેવી રીતે બની રહ્યો, તેના ઈતિહાસનું જ નહીં — શિવાજી અને ગુરુ રામદાસનાં વિભૂતિમત્વનું સબળ ચિત્ર ઊપસ્યું છે. બાદ, શિવાજીના વારસદારોએ — શાહુ અને પ્રારંભના પેશ્વાઓએ — જે સાચી દિશામાં નવું પ્રયાણ આદરીને 'નવો અધ્યાય' રચ્યો તેનું સચોટ આલેખન, અને એ પછી 'અંતિમ અધ્યાય'નું માર્મિક પૃથક્કરણ આપણા દેશના ઈતિહાસ વિવેચનમાં મહત્ત્વનાં બની રહે એવાં પ્રકરણો છે. (પ્ર. ૯ અને ૧૦).

વાસ્તવમાં, ઈતિહાસની આ વાટ પોતે જ આપણને એક અવનવા ઉઘાડ તરફ દોરી જાય છે, જેમાં ભક્તિઆંદોલન અને સૂફીમતની રૂપરેખા દ્વારા (૧૧મી સદીથી ૧૭મી સદીની પહેલી પચીસી સુધીની) છસો વરસની સાંસ્કૃતિક ઝાંખી પ્રાપ્ત થાય છે (પ્ર. ૧૧); તો મુસ્લિમ શાસનના પડકારની પૃષ્ઠભૂમિ પર સાંસ્કૃતિક પ્રતિકારમાંથી પ્રગટેલું ભારતીય મધ્યકાલીન સંતોનું સામાજિક-સાંસ્કૃતિક અર્પણ અધ્યાત્મની ભૂમિકાએ પહોંચે છે, આ સત્ત્વશીલ આલેખન (પ્ર. ૧૨) આ ગ્રંથનું 'શિરમોર' બની રહે એવું છે.

વળી પાછા આપણે ઈતિહાસની નક્કર ભૂમિકા પર આવીએ છીએ. સર્વથા વિભિન્ન બેઉ ધર્મપ્રણાલીના સંપર્ક અને સંઘર્ષમાંથી અનિવાર્ય સહયોગની ભૂમિકા તરફ નજર નાખીએ છીએ ત્યારે ઘણું બધું તમસ્ વેરાઈ જાય છે અને ભારતીય સંસ્કારિતાનો વૈવિધ્યસભર વિકાસ દૃષ્ટિગોચર થાય છે.

વિદેશી વિધર્મી શાસકોમાં અનેક ઉમદા અને હીન પ્રકારના હોવા છતાં, સમસ્ત પ્રજાના સહિયારા સંસ્કારઘડતરનું સર્જન તો પ્રજાના ચિત્તમાં થતું જ રહ્યું છે એની પ્રતીતિ થાય છે (ખંડ ૪ : પ્ર. ૧૩–૧૪).

આનું બીજું પાસું પણ છે. આદિયુગથી મધ્યયુગના આરંભ સુધીની સદીઓ દરમ્યાન અદ્‌ભુત સમન્વયની શક્તિ સિદ્ધ કરનાર ભારતમાં, મધ્યયુગના અંતે, આવું શક્ય ન બન્યું. એનું ઠીક ઠીક વિવરણ તો આગળનાં પ્રકરણોમાં પ્રસ્તુત થયું છે; પરંતુ, ભારતના દુર્ભાગ્યે ઔરંગઝેબ પછી, ૧૮મી સદીની અધવચ્ચે મુસ્લિમ નેતાઓનું માનસ એટલી હદે વિકૃત બનવા લાગ્યું કે ભારતની રાષ્ટ્રીય સમસ્યાઓ પ્રત્યેના તંદુરસ્ત વલણની રચાતી ભૂમિકા જ ભૂંસાઈ ગઈ (પ્ર. ૧૫).

બીજી બાજુ, ૧૮–૧૯મી સદી દરમિયાન વિદેશી યુરોપીય પ્રતિસ્પર્ધીઓમાં અંગ્રેજ કંપનીએ ભારે કુનેહભર્યાં પગલાં — કાવતરાં અને કાવાદાવા — દ્વારા ભારત પર જે ઝડપે કબજો જમાવવા માંડ્યો હતો તેની સામે મરાઠા અને મોગલાઈ ટકી ન શક્યાં; ૧૯મી સદીના આરંભે (ઈ. સ. ૧૮૦૩) તો અંગ્રેજોની દિલ્હી પર હકૂમત સ્થપાઈ ગઈ અને ઈ. સ. ૧૮૨૦માં પૂરા દેશ ઉપર તેની સુદૃઢ સત્તા સ્થપાઈ ચૂકી : ઈતિહાસના આ મહત્ત્વના અંકોડા આપણે 'મરાઠાયુગ : અંતિમ અધ્યાય'(પ્ર. ૧૦)માં જોઈ ગયા છીએ. પરંતુ, આ ગ્રંથના અંતે (પ્ર. ૧૬), ૧૭મી સદીના અંત સુધીમાં અંગ્રેજ કંપની ભારતીય સમુદ્રની સૌથી બલિષ્ઠ સત્તા તરીકે કેવી રીતે આગળ આવી તે વિશિષ્ટ ઘટનાનું વિહંગ-અવલોકન રજૂ કર્યું છે. આ ઘટના દેશના અર્થતંત્ર ઉપર પકડ જમાવવામાં તથા રાજકીય સત્તાવ્યૂહમાં વિજયી નીવડવામાં નિર્ણાયક બની હોઈને તે પાસું ખાસ ઉપસાવ્યું છે.

એકંદરે, સર્વસાધારણ 'ઈતિહાસ-ઘટના-વિવરણ'ને બદલે, ભારતના કલેવરને પડકારનારાં પરિબળો અને તેને અંગેના પ્રતિભાવોને કેન્દ્રમાં રાખીને, આ ગ્રંથનું કલેવર ઘડવાનો આશય રહ્યો છે. એને કારણે અને પૃષ્ઠ-મર્યાદાને કારણે, ઘણાં બધાં પાસાંને પૂરતો ન્યાય નથી અપાયો. અમારો આ અસંતોષ ગ્રંથના અંતે 'પુરવણીઓ' તથા ખંડે ખંડે નકશાઓ અને પ્લેટ્સ (લખાણ-ચિત્રો વગેરે) દ્વારા યત્કિંચિત્ દૂર કરવા મથ્યા છીએ. . . . .

★

આ ગ્રંથના હેતુને અનુલક્ષીને વિદ્વાન લેખકોએ શાસક નૃપતિઓની નોંધપાત્ર કામગીરીનું આલેખન કરવા ઉપરાંત તેમના આશ્રયે અને તેમના અમલ દરમ્યાન સ્વતંત્ર રીતે સાંસ્કૃતિક ક્ષેત્રે જે અખંડ વિકાસ થતો રહ્યો છે તેને ઉપસાવવાનો સભાન પ્રયાસ કર્યો છે. પરિણામે, હિંદુ-મુસ્લિમ સૂફી-સંતો, સંસ્કૃત-અરબી-પર્શિયન-ઉર્દૂ અને હિંદી પંડિતો, કવિઓ, સાહિત્યકારો, સંસારસુધારકો, હિંદુ-મુસ્લિમ ચિત્રકારો અને શિલ્પી-કલાકારો ઉપરાંત ઇતિહાસવિદો અને શિક્ષણવેત્તાઓની વિશિષ્ટ સિદ્ધિઓનું સુપેરે આલેખન થયું છે.

ખાસ તો, સાંસ્કૃતિક ક્ષેત્રના બહુખ્યાત અગ્રણીઓના નામોલ્લેખો ઉપરાંત જે-તે સમયે જે-તે ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરનારા, અલ્પખ્યાત એવા, અનેક સમર્થ ચિંતક-સર્જકોની જાણકારી અહીં પ્રાપ્ત થાય છે. અમારી દૃષ્ટિએ આ ગ્રંથનું આ પણ એક વિશિષ્ટ આકર્ષણ બનશે. આ ગ્રંથને અંતે આપેલી 'સૂચિ'માંય આ વિલક્ષણતા જાળવી રાખવાનો પ્રયાસ જોવા મળશે.

આ ગ્રંથની સિદ્ધિઓનો પ્રથમ યશ આ ગ્રંથની માંડણી કરી આપનાર વિદ્વાન પ્રાધ્યાપક મિત્ર રસેશ જમીનદારને છે. ભારતીય સાંસ્કારિક પરંપરાનો આદિ પિંડ મધ્યયુગી અગ્નિપરીક્ષામાંય અનેક કમજોરીઓ છતાં ટકી રહીને યુગબળે પાંગરતો રહ્યો : આ અતિ જટિલ પ્રક્રિયાનું આલેખન શ્રી જમીનદાર સંક્ષેપમાં ખૂબ જ મુદ્દાસર કરી શક્યા છે, તે ખરે જ તેમની સમગ્ર વિષય પરની પકડ તથા વિચાર અને ભાવ પ્રગટ કરવાની શૈલીને આભારી છે. . . આગળ કહી ગયા છીએ તેમ, વિદ્વત્તા અને મૌલિકતાનાં પરિપાક સમા શ્રી મનુભાઈ-(દર્શક)નાં પ્રકરણો માટે તેમને આપીએ તેટલો ધન્યવાદ ઓછો છે.

અમારા આગ્રહને વશ થઈને ડૉ. શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી જેવા ઇતિહાસજ્ઞ અને સંસ્કૃતિચિંતકે, છપાયેલ ફર્મા તેમને પહોંચાડ્યા પછી બહુ જ ટૂંકા સમયમાં ઉષ્માભર્યું આમુખ – 'કિંચિત્' લખી આપીને આ ગ્રંથને જે આવકાર આપ્યો છે એ માટે અમે એમના સહૃદય આભારી છીએ. સાથેસાથે આ ગ્રંથના સમયખંડ – 'મધ્યકાલ' અને તેનાં મુખ્ય લક્ષણો તરફ આંગળી ચીંધીને, અને 'ગુલામવંશ' તથા 'મોગલવંશ' જેવા પરંપરાગત નામાભિધાનને સ્થાને 'મમલૂક' અને 'તુર્ક' નામાભિધાનો સૂચવીને ઇતિહાસના અભ્યાસની સૂઝ દાખવી છે તે સ્તુત્ય છે.

આ ગ્રંથના પ્રકાશનમાં ખાસો સમય વીત્યો છે પરંતુ છેવટે અગાઉની પરિપાટી જાળવી રાખીને ગ્રથ સુપેરે છાપી આપ્યો છે તે માટે નવજીવન મુદ્રણાલયના અમે સવિશેષ આભારી છીએ.

વડોદરા, ૨૭–૯–૮૦

**ભોગીભાઈ ગાંધી**
મુખ્ય સંપાદક


**આભાર**

આ ગ્રંથમાં છપાયેલાં આ ચિત્રો અને નકશા, અમે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળનાં વિવિધ પાઠ્યપુસ્તકોમાંથી લીધાં હોવાથી મંડળના આભારી છીએ.

**નકશા :** – ઈ. સ. ૧૫૨૬નું ભારત (જુઓ ખંડ ૨ પ્રકરણ ૭ની પ્લેટ, પૃ. ૬૬)
– રજપૂતયુગીન ભારત (જુઓ ખંડ ૩ પ્લેટ પૃ. ૮૬(i))

**ચિત્રો :** – નાલંદા વિદ્યાલય (ખંડ ૧ની પ્લેટ પૃ. ૧)
– નરસિંહ મહેતા અને મીરાંબાઈ (પૃ. ૧૬૦ સામે પ્લેટ)
– જ્ઞાનદેવ, કબીર, તુલસીદાસ, તુકારામ (પૃ ૧૮૪ પહેલાં, ખંડ ૫ પ્લેટ)
– બાજીરાવ પહેલો, બાજીરાવ બીજો, મહાન માધવરાવ (પૃ. ૨૦૨ પહેલાં)
– ગુરુ નાનક, ગુરુ ગોવિંદસિંહ અને અમીર ખુસરો (પૃ. ૨૧૭ અને ૨૧૯)

# કિંચિત્ | ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી

જિજ્ઞાસુ ગુજરાતી વાચકોને વિવિધ વિષયોના જ્ઞાનના પાવકોદકથી અભિષેક કરનાર 'જ્ઞાનગંગોત્રી'ના નામથી હવે કોણ અજાણ હશે? આ ગ્રંથમાળાના ૨૦ ગ્રંથ પ્રકાશિત થઈ ચૂક્યા છે. એમાંના છેલ્લા ગ્રંથમાં યુરોપ, અરબસ્તાન અને ચીનના મધ્યકાલીન ઇતિહાસનું દર્શન કરાવ્યું છે. હવે આ ૨૧મા ગ્રંથમાં ભારતના મધ્યકાલીન ઇતિહાસનું દર્શન કરાવવામાં આવે છે.

ભારતના ઇતિહાસમાં પ્રાચીન કાલ એની સુવિકસિત સંસ્કૃતિને લઈને આકર્ષક રહ્યો છે, તો અર્વાચીન કાલ વર્તમાનની અંતિકતમ ભૂમિકારૂપે રસપ્રદ રહ્યો છે. મધ્યકાલ એ બે કાલ વચ્ચે સંધાન કરાવતી કડી તરીકે મહત્ત્વ ધરાવે છે. આ મધ્યકાલની પૂર્વમર્યાદા તથા ઉત્તરમર્યાદા વિશે બે ભિન્ન વિભાવના વિકસી છે. જૂની વિભાવના પ્રમાણે ભારતના ઇતિહાસમાં મધ્યકાલનો આરંભ સાતમી સદીના મધ્યથી થતો ને એ કાલ સલ્ત-નતના અસ્ત (ઈ. સ. ૧૫૨૬) સુધી જ વિસ્તરતો, જ્યારે અદ્યતન વિભાવના અનુસાર હવે એનો આરંભ દિલ્હી સલ્તનતની સ્થાપના(ઈ. સ. ૧૨૦૬)થી થાય છે ને એ છેક પેશવાઈની પડતી (ઈ. સ. ૧૮૧૮) સુધી વિસ્તરે છે. પ્રાચીન કાલમાં ભારતમાં અનેક વિદેશી પ્રજાઓ આવી ઉત્તર-પશ્ચિમમાં સત્તારૂઢ થઈ વહેલી-મોડી અહીંની પ્રજામાં ભળી ગઈ, જ્યારે મુસ્લિમ સત્તાની તથા બ્રિટિશ સત્તાની દૃઢ સ્થાપનાએ ભારતનાં ઇતિહાસ તથા સંસ્કૃતિને એવા વળાંક આપ્યા કે એ ઘટનાઓ ભારતના ઇતિહાસમાં કાલ-પરિવર્તનનાં સીમા-ચિહ્ન બની ગઈ. આથી ભારતના ઇતિહાસમાં મધ્યકાલ અને અર્વાચીન કાલને અનુક્રમે એ બે શકવર્તી ઘટનાઓના સમયથી અલગ તારવવામાં આવે એ સમુચિત છે.

આ ગ્રંથમાં પણ ભારતનો મધ્યકાલીન ઇતિહાસ મુખ્યત્વે દિલ્હી સલ્તનતની સ્થાપનાથી શરૂ કરી એમાં મોગલ કાલ તથા મરાઠા કાલને આવરી લેવામાં આવ્યા છે. પરંતુ દિલ્હીમાં મુસ્લિમ સલ્તનત સ્થપાઈ તે પહેલાં ભારત પર મુસ્લિમોનાં આક્રમણ છેક સાતમી સદીના પૂર્વાર્ધથી થયાં કરતાં હતાં, જેમાં મોહમ્મદ બિન કાસિમ, મહમૂદ ગઝનવી અને શાહબુદ્દીન ઘોરીનાં આક્રમણ જાણીતાં છે. આથી આ ગ્રંથમાં ભૂમિકારૂપે એ પૂર્વકાલીન ઘટનાઓનીય રૂપરેખા આલેખવામાં આવી છે. એ રીતે આ ગ્રંથ એકંદરે બાર સદીઓનો લાંબો સમયપટ આવરી લે છે.

આમ તો શાળાઓ અને કૉલેજોમાં શીખવાતા ભારતના ઇતિહાસનાં પુસ્તકોમાં મોહમ્મદ બિન કાસિમે કરેલી સિંધની ફતેહથી માંડીને પેશવા બાજીરાવ બીજાએ બ્રિટિશ શાસકોની સ્વીકારેલી શરણાગતિ સુધીની રાજકીય ઘટનાઓની ઘણી માહિતી આપી હોય છે. પરંતુ હવે ઇતિહાસની વિભાવના પલટાતાં એમાં પ્રજાના સાંસ્કૃતિક જીવનનાં વિવિધ પાસાંનેય આવરી લેવામાં આવે છે, એટલું જ નહીં રાજકીય ઘટનાઓના નિરૂપણ-માંય એની અંદર વહેતા આંતરપ્રવાહો અને એની પાછળનાં પરિબળો દર્શાવવામાં આવે છે.

આ ગ્રંથના ત્રણેય લેખક — શ્રી મનુભાઈ પંચોળી (દર્શક), શ્રી ભોગીભાઈ ગાંધી અને ડૉ. રસેશ જમીનદાર ઇતિહાસના આરૂઢ અભ્યાસી તેમ જ એમાં અભિનવ અભિગમ ધરાવતા વિવેચક પણ છે. તેઓની અભિનવ દૃષ્ટિ આ ગ્રંથમાં પહેલેથી છેલ્લે સુધી અનોખી તરી આવે છે.

આથી આ ગ્રંથનો પાયો સંસ્કૃતિ અને સંસ્કારનાં ત્રણ પ્રકરણોથી મંડાયો છે, જેમાં અંતે દર્શાવવામાં આવ્યું છે કે "બાહ્ય સંપર્કોથી ભારતીય સંસ્કારોનું સત્ત્વ હણાયું નથી બલકે વિશેષ સમૃદ્ધ થયું છે. જગતમાં

શ્રેય અને પ્રેય એવું બધું સ્વીકારવું અને પોતાનું ઉત્તમ અન્યને પ્રદાન કરવું એવી દ્વિમાર્ગી ઉદાર મનોવૃત્તિ ભારતીય સંસ્કૃતિમાં દૃષ્ટિગોચર થાય છે."

વિદેશી મુસ્લિમોનાં જે આક્રમણ અહીં સફળ થયાં તેના નિરૂપણમાં તેઓની લડાયક વૃત્તિ તથા શક્તિની તારીફ કરવામાં આવે છે ને રજપૂત રાજ્યના પરાજય માટે તેઓની વિવિધ ખામીઓને જવાબદાર ગણવામાં આવે છે. છતાં આપણે એ યાદ રાખવું જોઈએ કે ઈરાન, સીરિયા અને મિસર જેવા દેશોની સરખામણીએ ભારતે મુસ્લિમ આક્રમણોને લાંબા સમય લગી નિષ્ફળ કે અલ્પફળ રાખ્યાં હતાં, આરબોએ સિંધમાં પોતાની હકૂમત સ્થાપી તે પછી બેત્રણ સદીઓ સુધી તેઓ એનો વિસ્તાર કરી શક્યા નહોતા, ગુજરાત જેવાં રાજ્યોએ તો દિલ્હીમાં સલ્તનત સ્થપાયા પછીયે લગભગ એક સદી સુધી મુસ્લિમ સત્તાના પ્રસારને ખાળી રાખ્યો હતો, ભારતના કેટલાય પ્રાંતોમાં અનેક હિંદુ રાજ્યોએ પોતાની હસ્તી ટકાવી રાખી હતી, અનેક સ્વતંત્ર મુસ્લિમ રાજ્ય સ્થપાયાં હતાં ને દક્ષિણ ભારતમાં તો સલ્તનત કાલ દરમ્યાન વિજયનગર રાજ્યનો અને મોગલ કાલ દરમ્યાન મરાઠા રાજ્યનો ઉદય તથા અભ્યુદય થયો હતો. વળી, મધ્યકાલીન સંતોએ હિંદુ ધર્મ તથા સંસ્કૃતિનાં દૂષણ દૂર કરી, સામાજિક તથા ધાર્મિક સંકુચિતતા તજી, ધર્મ તથા દર્શનના ઉત્તમ અંશોને વિકસાવી એમાં ભક્તિના પ્રાણ પૂરી, હિંદુ પ્રજાને સંગઠિત થઈ પોતાની સંસ્કૃતિનું સંરક્ષણ કરવાની દૃષ્ટિ તથા શક્તિ આપી. અહીં પ્રકરણ ૧૧–૧૨માં આ સાંસ્કૃતિક પ્રવાહનું સુરેખ આલેખન કરવામાં આવ્યું છે. હિંદુ અને મુસ્લિમ સંસ્કૃતિઓ વચ્ચે રહેલા મૂળભૂત વિરોધને લીધે શરૂઆતમાં સંઘર્ષનું હળાહળ નીકળ્યું, પરંતુ એક બાજુ મુસ્લિમ સત્તા અને વટાળ પ્રવૃત્તિનું પ્રાબલ્ય અને બીજી બાજુ અમુક હિંદુ રાજ્યોના પુરુષાર્થો તથા સંતોનાં જીવન અને ઉપદેશો દ્વારા હિંદુ પ્રજાની સંરક્ષણની પ્રક્રિયા વિકસતાં અંતે સહિષ્ણુતા, સહકાર અને સમન્વયાત્મક અમૃત પણ પ્રાપ્ત થયું. અહીં પ્રકરણ ૧૩–૧૪માં આ બંને પ્રક્રિયાઓનું વિશદ ચિત્ર આલેખાયું છે.

છેલ્લા દાયકામાં ઈતિહાસની વિભાવના બદલાઈ ને ભારતીય ઈતિહાસમાં કાલ-વિભાજનની અવધિઓ બદલાઈ. તો ભારતના મધ્યકાલીન ઈતિહાસના નિરૂપણમાં 'ગુલામ વંશ' અને 'મોગલ વંશ'ના રૂઢ નામાભિધાન પણ બદલવાનો સમય પાકી ગયો છે. કહેવાતા ગુલામ વંશના અગિયાર સુલતાન ખરી રીતે એક કુલના નહીં, પણ ત્રણ ભિન્ન કુલોના હતા. વળી એ ત્રણ રાજકુલોના સ્થાપક (અયબેક, ઈલ્તુતમિશ અને બલબન) જિંદગીભરના ગુલામ નહીં પણ 'મમલૂક' અર્થાત્ 'કામચલાઉ ગુલામ' હતા ને એથી સુલતાન થઈ શક્યા હતા. આથી મિસરની જેમ ભારતના મધ્યકાલીન ઈતિહાસમાંય હવે 'મમલૂક વંશો' એવું નામાભિધાન પ્રયોજવું ઘટે. એવી રીતે કહેવાતો મોગલ બાદશાહ બાબર ખરી રીતે પિતૃપક્ષે તુર્ક હતો ને પોતે તો મોગલો તરફ નફરત ધરાવતો હતો. આથી બાબરના વંશને હવે 'મોગલ વંશ' તરીકે ઓળખ્યા કરવાની રૂઢિને પણ તિલાંજલિ દેવી ઘટે.

આ ગ્રંથના ત્રણેય વિદ્વાન લેખકો વિશદ અભિવ્યક્તિની પણ સારી ફાવટ ધરાવતા હોઈ આ ગ્રંથ અભિનવ અભિગમ ઉપરાંત રસપ્રદ વાચન પૂરું પાડે છે. આથી આ પ્રકાશન વાચકવર્ગમાં આવકારપાત્ર નીવડશે એવી આશા રાખું છું.

અમદાવાદ

તા. ૧૬–૯–૧૯૮૦

# અનુક્રમણિકા


ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી : કિંચિત્ viii

## ખંડ : ૧

**રસેશ જમીનદાર**

—સંસ્કૃતિ અને સંસ્કાર : વિભાવના અને સંગોપન ૧ : ૧
—સંસ્કાર ચિંતન : સાહિત્ય અને શિક્ષણ ૨ : ૧૨
—સંસ્કાર-વિસ્તરણ : રાષ્ટ્રીયતાનો અભ્યુદય ૩ : ૨૦

## ખંડ : ૨

**ભોગીભાઈ ગાંધી**

મુસ્લિમ આક્રમણ અને આતંક ૪ : ૩૨

**રસેશ જમીનદાર**

મુસ્લિમ શાસનનો પ્રારંભ અને પ્રભાવ ૫ : ૪૪

**ભોગીભાઈ ગાંધી**

મુસ્લિમ શાસન : દક્ષિણમાં વિસ્તાર ૬ : ૫૭
મુસ્લિમ શાસન : દક્ષિણમાં પ્રભાવ અને પડકાર ૭ : ૬૬
ઈસ્લામી શાસન : સિદ્ધાંત અને વ્યવહાર ૮ : ૭૫

## ખંડ : ૩

**મનુભાઈ પંચોળી (દર્શક)**

મરાઠાસત્તા : શિવાજી ક્રાન્તિનું અનુસંધાન ૯ : ૮૭
મરાઠા યુગ : નવો અધ્યાય ૧૦ : ૧૧૦

## ખંડ : ૪

**રસેશ જમીનદાર**

ભક્તિ આંદોલન અને સૂફીમત (રૂપરેખા) ૧૧ : ૧૨૪

**મનુભાઈ પંચોળી (દર્શક)**

મધ્યકાલીન સંતો : ઐતિહાસિક અર્પણ ૧૨ : ૧૪૧

## ખંડ : ૫

**રસેશ જમીનદાર**

વિદેશી સત્તા : સંઘર્ષ : સંરક્ષણ અને સહકાર ૧૩ : ૧૮૪
વિદેશી સત્તા : સમન્વયની દિશા ૧૪ : ૧૯૨

## ખંડ : ૬

**ભોગીભાઈ ગાંધી**

ઔરંગઝેબ પછી : મુસ્લિમ માનસ અને સમસ્યા ૧૫ : ૨૦૨

**રસેશ જમીનદાર**

આધુનિક યુગનો આરંભ : રાજકીય દૃષ્ટિ ૧૬ : ૨૦૮

**પુરવણી ૧**

—રજપૂત-મરાઠા પ્રતિકારની ગૌરવગાથા પૃ. ૮૬ (i)–૮૬ (viii)
—ખુદાને નામે, મજહબને નામે (પૃ. ૨૧૧)
—ગુજરાતમાં ઈસ્લામ-પ્રવેશ પૃ. (૨૧૩)
—દખ્ખણ અને ગુજરાત (પૃ. ૨૧૫)

**પુરવણી ૨**

—શીખધર્મ (રસેશ જમીનદાર) (પૃ. ૨૧૭)

**પુરવણી ૩**

—અમીર ખુસરો (રસેશ જમીનદાર) (પૃ. ૨૧૯)
—મુસ્લિમ જીવન પર હિંદુઓની અસર (પૃ. ૨૨૧)

**પુરવણી ૪**

—મહત્ત્વના બનાવોની તવારીખ (પૃ. ૨૨૨)
—શિવાજી યુગની તવારીખ (પૃ. ૨૨૫)
—ગુજરાતમાં મુસ્લિમ શાસન (પૃ. ૨૨૭)
—પૂર્વ ભારતમાં મુસ્લિમ શાસન (પૃ. ૨૨૮)


**પૃષ્ઠ-સંખ્યા : xii + ૨૩૬ + ૩૪ ( પ્લેટો ) = ૨૮૨**

---

**સુધારો :** પૃ. ૧૩ ઉપર નીચેથી ૧૩મી લીટીમાં 'અક્ષપાદ'ને બદલે બાદરાયણ વાંચવું : ગોતમ એ જ અક્ષપાદ હોઈ ગોતમ સાથે કૌંસમાં વાંચવું.

# દીને ઇલાહી

**રામસીતા** (અકબરના સમયના સોનાના સિક્કા) **રામસીતા**

## [ અકબરપ્રણીત સમન્વયનો ધર્મ ]

અકબરમાં મુસ્લિમ સંસ્કારોનું મિશ્રણ હતું. સ્વાભાવિક જ એની ધર્મનીતિ પણ સર્વધર્મ સમભાવી હતી. અલબત્ત, એણે ઈસ્લામનો ત્યાગ કર્યો ન હતો. બલકે, તેનો ઈસ્લામી અભિગમ સૂફી ઉદારતાથી મઢાયેલો હતો. આથી તે દર વર્ષે સૂફી-સંત ખ્વાજા મુઈનુદ્દીનની અજમેર-સ્થિત સમાધિની પગપાળા યાત્રાએ જતો હતો. આમ જન્મ્યો અને જીવ્યો મુસ્લિમ તરીકે પણ એનો સમગ્ર અભિગમ અને રાજનીતિ ભારતીય રહ્યાં.

જો અમીર ખુસરો ભારતીય અસ્મિતાનો ઉદ્‌ગાતા અને સમન્વયનો બ્રહ્મા હતો તો અકબર એ અસ્મિતાનો સંરક્ષક અને સમન્વયનો વિષ્ણુ હતો. આથી આ બંને મહાનુભાવોને 'સુલહકુલ' વૈશ્વિક સહિષ્ણુતાના 'સિદ્ધાર્થ' કહી શકીએ.

અન્ય ધર્મોનાં લક્ષણોને સમજવાનો તે પ્રયત્ન કરતો હતો. અગ્નિ અને સૂર્યની પૂજાને એણે સ્વીકારી હતી. જૈન સાધુ હીરવિજયસૂરિને એણે સન્માન્યા હતા. હિંદુ મંદિરોને અનુદાન આપ્યાં હતાં. ખ્રિસ્તી ધર્મગુરુ મોનસેરેટ સાથે કાબુલની યાત્રા પણ એણે કરી હતી. અન્ય સંપ્રદાયો અને ધર્મોના વડાઓ સાથે વારંવાર ધર્મ અંગે ચર્ચાવિચારણા કરતો હતો. આ પ્રક્રિયાને વ્યવસ્થિત કરવા માટે એણે ફતેહપુર સિક્રીમાં પ્રાર્થનાગૃહ (ઈબાદતખાનું) બંધાવ્યું જ્યાં દર શુક્રવારે સર્વધર્મોની ચર્ચાઓ થતી. અકબર પોતે એ સમયે ઉપસ્થિત રહેતો.

અકબરની આ ઉદાર ધર્મનીતિના પ્રત્યાઘાત પણ પડયા; ખાસ કરીને ભારતીય મુસ્લિમોમાં. નકશબંદી સૂફીમતનો ઉદ્‌ભવ અને પ્રચાર આ પ્રત્યાઘાતનું સીધું પરિણામ ગણાય. ખ્વાજા બકી બિલ્લાહના શિષ્ય શેખ અહમદ જેવા વિદ્વાને પણ ભારતમાંના ઈસ્લામના નબળા દેખાવ અંગે અમીરોને પત્રો લખી ચેતવ્યા હતા.

મુસ્લિમ ભારતમાં ગ્રહણશીલ ઉદારતાનો નિર્ભય પ્રયોગ કરવાનો યશ અકબરને ફાળે જાય છે. ધાર્મિક બાબતોમાં અકબર આચાર કરતાં વિચારને, વિધિ કરતાં વિધાનને અને શ્રદ્ધા કરતાં કારણને (તર્કને) વિશેષ મહત્ત્વ આપતો હતો. એના ઈબાદતખાનાનો આશય પણ એ જ હતો. લાગણી, અભિમાન, છેતરપિંડી, ગોલ-માલ, કામવાસના વગેરે ઉપર ધર્મક્ષેત્રે એણે પ્રતિબંધ મૂકયા હતા. ઉપરાંત, જૈનોની અહિંસાની અને ખ્રિસ્તીઓની બ્રહ્મચર્યની ભાવનાને એણે સ્વીકારી હતી. જોકે, પુરોહિતપ્રથાનો એણે અસ્વીકાર કર્યો હતો.

૧૫૮૧માં એણે 'દીને ઈલાહી'(ઈશ્વરધર્મ = તૌહીદે ઈલાહી)ની સ્થાપના કરી હતી. તેના ૧૦ આધાર-સ્તંભો( = સદ્‌ગુણો )માંથી નવ કુરાનના છે અને એક સૂફીમતનો છે: સ્વતંત્રતા, સહિષ્ણુતા, ઉપવાસ, અહિંસા, ઈશ્વરનિષ્ઠા, ભક્તિ, દુન્યવી ડહાપણ, વિવેક, માયાળુતા અને ઈશ્વર સાથે સંનિધિ તથા ઈશ્વરની ઝંખના દ્વારા આત્મશુદ્ધિ.

આ સંપ્રદાયના પ્રમુખ સિદ્ધાંતો આ પ્રમાણે હતા : (૧) ઈશ્વર એક છે અને અકબર એનો સર્વોચ્ચ ઉપાસક છે. (૨) અનુયાયીઓએ માંસાહાર ન કરવો. (૩) પ્રત્યેકનું ભલું ઇચ્છવું. (૪) અનુયાયીઓએ અકબરને સાષ્ટાંગ પ્રણામ કરવા. (૫) સૂર્ય અને અગ્નિની ઉપાસના કરવી. (૬) 'અલ્લા હો અકબર' તથા 'જલ્લા જલ્લાલહુ' કહીને પરસ્પરનું અભિવાદન કરવું. (૭) જીવતચર્યા અને જન્મદિન પ્રસંગે પ્રીતિભોજન આપવું. (૮) અનુયાયી થનારે દીક્ષા લેવી. (દર રવિવારે દીક્ષા સમારંભ થતો. દીક્ષાંતે અકબરને ચરણે પાઘડી ધરવી પડતી, જે અકબર દીક્ષાર્થીને પુન: પહેરાવતો.)


અકબરના સર્વધર્મ સમન્વયરૂપ આ સંપ્રદાયના અનુયાયીઓની સંખ્યા માત્ર અઢાર હતી, જેમાં મુખ્ય હતા : અબુલ ફઝલ, ફૈઝી, મિર્ઝાબાની અને બિરબલ. જોકે, રાજા ભગવાનદાસ અને ટોડરમલ જેવા હિંદુઓ એના અનુંયાયી બન્યા ન હતા. પરિણામે એના દેહાંત સાથે એણે પ્રસ્થાપેલો સંપ્રદાય પણ અસ્ત પામ્યો. ગમે તેમ, પણ પ્રસ્તુત પંથ દ્વારા અકબરે હિંદુમુસ્લિમ એકતા અને સર્વધર્મસમન્વયની પ્રક્રિયાનો પુરુષાર્થ કર્યો એમ કહેવું જોઈએ.

## સુલતાન મહમૂદ નસિરુદ્દીન




દિલ્હીના સુલતાન નસિરુદ્દીન મહમૂદ (ઈ. સ. ૧૨૪૬થી ૧૨૬૬) જાણીતા સુલતાન ઇલ્તુતમિશના પૌત્ર હતા. સંત-સ્વભાવના આ પરોપકારી સુલતાને પોતાની પ્રજાના ભલા માટે પ્રજા-ઉત્કર્ષની ઘણી કલ્યાણકારી પ્રવૃત્તિઓમાં પોતાનું જીવન સમર્પિત કર્યું હતું.

સુલતાન નસિરુદ્દીને સાદાઈ, સમાનતા અને દાનશીલતા જેવા ઉદાત્ત ગુણો ધરાવતું પાક જીવન ગુજાર્યું હતું. તેઓ માનતા હતા કે રાજા અને ઉમરાવોથી માંડીને છેક અદના ગરીબ કક્ષાના તમામ લોકો, ઇસ્લામ ધર્મોપદેશ મુજબ, સમાન છે. ધર્મની આ માન્યતાનો કેવળ ઉપદેશ આપીને પોતાને અહોભાગી માનવાને બદલે તેમણે જાતે 'પવિત્ર કુરાન'ની નકલો કરી, તેનું વેચાણ કરીને એક સામાન્ય માનવીને છાજે એવું સાદું જીવન ગાળ્યું હતું. રાજ્યની તિજોરીમાંથી પોતાની જાત માટે તેમણે કશું જ ન લેતાં, રાજ્યની આવકનો મોટો હિસ્સો પોતાની પ્રજાના ઉત્કર્ષ પાછળ ખર્ચ્યો હતો; ઉપરાંત, આ સુલતાનને લેખકો અને કવિઓના આશ્રયદાતા તરીકે તેમને કીમતી અનુદાનો કર્યાં હતાં અને શ્રેષ્ઠ સાહિત્યનિર્માણ કરવાની તેમને સુગમતા પણ કરી આપી હતી.



નાલંદા વિશ્વવિદ્યાલય (ખંડેરનો એક ભાગ)

# ખંડ-૧




The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line.



ગોપનું (દક્ષિણ-પશ્ચિમ) [illegible] ([illegible])

# ૧ : સંસ્કૃતિ અને સંસ્કાર : વિભાવના અને સંગોપન

કોઈ પણ દેશના સંસ્કાર(કલ્ચર)ની વિભાવનાનું પારદર્શક ચિત્ર પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે દેશની સંસ્કૃતિ(સિવિલિઝેશન)ની આકૃતિ સુરેખ ઘડાતી નથી.

સંસ્કાર શબ્દ બહુ લાક્ષણિક છે, વ્યાપક છે. માનવપ્રવૃત્તિના સમગ્ર કાર્યક્ષેત્રને તે આવરી લે છે. સંસ્કારની બેઠક છે માનવીનું મન. ઐહિક જીવનમાં સંસ્કારી માનવી જેનું જેનું મૂલ્ય આંકે છે તે બધું સંસ્કાર શબ્દમાં સમાવિષ્ટ છે. બીજા શબ્દોમાં કહીએ તો, સામાન્ય રીતે, સમાજમાં જે અસ્તિત્વ ધરાવે છે તે વિચારો, વિભાવનાઓ, નિર્મિત સંબંધો અને સૌજન્યશીલતા તથા વિકસિત સદ્ગુણોનું સંકુલ તે સંસ્કાર. માનવીનો સૌંદર્ય સાથેનો સંબંધ, કુદરતના અલૌકિકપણા સાથેનો સંબંધ, જીવનની રોમાંચકતા સાથેનો સંબંધ, કલાની સર્જકતા સાથેનો સંબંધ અને જ્ઞાનની પિપાસા સાથેનો સંબંધ – આ બધાંનું ગ્રથિત નિરૂપણ તે સંસ્કાર.

સંસ્કૃતિ સાધનાત્મક છે, સ્થૂલ છે. કોઈ પણ જાતિના કલ્યાણ સારુ નિશ્ચિત શરતો કે સાધનો વડે જે સમાજ રચાય છે તેનું રૂપ તે સંસ્કૃતિ. આથી ઊલટું સંસ્કાર મૂલ્યાત્મક છે, ભાવનાત્મક છે, સૂક્ષ્મ છે. આદર્શો, વર્તન, સંબંધો, સૌંદર્યદૃષ્ટિ તથા સમાજને પોષક-પ્રિય અન્ય મૂલ્યો વિશે જે અગત્ય દર્શાવાય છે તે સંસ્કાર. આમ, સંસ્કૃતિના પાયામાં સંસ્કાર છે.

બંનેનું કાર્ય તો ભૂતકાળના અનુભવાતીત વારસાનું વર્તમાનમાં વિતરણ કરવાનું અને સુદૃઢ ભાવિને ઘડવાનું છે. આ પ્રક્રિયા આમ સતત ચાલ્યા કરે છે, પણ જ્યારે તે અટકી જાય છે ત્યારે સંસ્કારનું અવમૂલ્યન થાય છે. સંસ્કૃતિ નાશ પામે છે. છતાં જો વારસો સ્થાનિક મૂલ્યથી કંઈક વિશેષ દાયિત્વશીલ હોય છે તો તે જરૂર અન્યત્ર સ્થાન પામે છે. ટૂંકમાં, પ્રત્યેક સંસ્કૃતિને બે સાંસ્કારિક લક્ષણો હોય છે : એક પોતીકું (અર્થાત્ સ્થાનિક મહત્ત્વ ધરાવતું) અને બીજું સાર્વત્રિક (જે માનવમાત્રનો સહિયારો વારસો બને છે).

આ સંસ્કારની ભૂમિકા કઈ? ટી. એસ. એલિયટ એમના 'ઑબ્ઝર્વેશન ઑન કલ્ચર' નિબંધમાં જણાવે છે કે સંસ્કારની ભૂમિકા ધાર્મિક માન્યતામાં રહેલી છે. દા. ત. યુરોપીય સંસ્કારોની પીઠિકા ખ્રિસ્તવાદમાં છે. ભારતીય સંસ્કારોનું મૂળ પણ હિંદુ ધર્મની શ્રેષ્ઠતામાં છે. જોકે ભારતીય સંસ્કાર અન્ય કરતાં વિશેષ આધ્યાત્મિક છે.

## ભારતીય ઇતિહાસની વિલક્ષણતા

ભારતના ઇતિહાસને સમજવા માટે તેની સંસ્કૃતિ અને સંસ્કારને સમજીએ.

ભારતીય સંસ્કૃતિનાં મુખ્ય લક્ષણોમાંનું મહત્ત્વનું તત્ત્વ છે સાતત્ય. લાંબા ઇતિહાસના ઘણા તડકા-છાંયડામાંથી ભારતીય પ્રજાનું ઘડતર થયું છે. પ્રત્યેક વિનાશક આક્રમણ પછી ભારતના લોકો પુનઃ સ્વસ્થ થતા રહ્યા, પ્રત્યેક સંસ્કાર-પ્રવાહનો અભિનવ રંગ એમાં ભળતો રહ્યો, વિલીન થતો રહ્યો અને અંતે એકરૂપ —સમરસ થયો. આ બધી પ્રક્રિયા દરમિયાન પણ એમનું આંતરિક સૌંદર્ય આશ્ચર્યકારક રીતે અકબંધ રહ્યું. ઇતિહાસના આરંભિક સમયથી આજ સુધી પ્રજાઓનું સતત આગમન ભારતની વિશેષતા છે. શ્રેય અને પ્રેય એવું બધું આપણે અપનાવતા ગયા, આત્મસાત્ કરતા ગયા. પરિણામે પરિવર્તનના પ્રવાહમાં ભળીને ઘણી બધી પ્રજાઓનું ભારતીયકરણ થઈ ગયું. સમન્વયના અદ્ભુત રસાયણમાં આ રહસ્ય છુપાયેલું છે, જેણે

'વિવિધતામાં એકતા' અને 'એકતામાં વિવિધતા' એવાં ધ્રુવપદથી ભારતીય સંસ્કૃતિને ઓળખાવી. ભારતીય સંસ્કૃતિના જીવંતપણાનું રહસ્ય અહીં છે.

એક તરફ દશ કરોડ જેટલા આદિમ જાતિના લોકો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, બિહાર, ઓરિસા, આસામ, બંગાળ, આંદામાન અને નિકોબારમાં વસે છે. એમની રહેણીકરણી આગવી છે, રંગદર્શી છે, કુદરત સાથે તાલ મિલાવતી છે. એમની બોલીઓ ભિન્ન છે. બીજી તરફ નગર અને ગ્રામ સંસ્કૃતિના વહેણમાં ભળેલા કહેવાતા સંસ્કારી જનો છે. ૧/૪ લોકો દ્રવિડમાંથી જન્મેલી તમિળ, તેલુગુ, મલયાલમ અને કન્નડ ભાષા બોલે છે; ૩/૪ લોકો આર્ય મૂળ ધરાવતી ગુજરાતી, મરાઠી, બંગાળી, હિંદી, પંજાબી, ઊડિયા, આસામી વગેરે ભાષાઓ બોલે છે. પ્રદેશવાર પહેરવેશ, રીતરિવાજમાં પણ ભિન્નતા છે, વાણીવર્તનમાં ભિન્નતા છે, રહન-સહનમાં વિવિધતા છે.

આર્યો-દ્રવિડોથી આરંભી અંગ્રેજો સુધી અનેક પ્રજાઓ આવી. કેટલીક પ્રજાઓ સત્તાને કારણે, કેટલીક આર્થિક સમૃદ્ધિથી આકર્ષાઈને તો કેટલીક પ્રજાઓ ધાર્મિક નિરાશ્રિતો તરીકે પણ આવી. બધી પ્રજાઓને ભારતની ભૂમિએ આવકારી, પ્રેમ આપ્યો, આશ્રય આપ્યો અને વિલીન થવાની તક પણ આપી. આર્યો મૂળ વતનના ભૌગોલિક પરિવર્તનને કારણે સ્થળાંતર કરી રખડતા-ભટકતા અહીં આવ્યા. ગ્રીક, પહ્‌લવ, શક, કુશાન જેવી પ્રજાઓ સત્તાને કારણે આવી પહોંચી. મધ્ય એશિયાના સંજોગોને કારણે ધકેલાતી હૂણ, ગુર્જર પ્રજાઓ આર્થિક આકર્ષણ અને સત્તાની સાઠમારીઓ કરીને ભારતમાં આવી. મુસ્લિમ પ્રજાઓ ધર્મ-પ્રસાર અને ધનદોલતના બેવડા આકર્ષણે આવી. યુરોપીય પ્રજાઓ વેપાર નિમિત્તે આવી અને સંજોગો ભાળી તેમણે સત્તા હાંસલ કરી. સીરિયન ખ્રિસ્તીઓનું નાનું જૂથ રોમીય શાસકોના જુલમથી કંટાળીને ભારત ભાગી આવ્યું અને ઈશુની પહેલી સદીમાં કેરળમાં આશ્રય પામ્યું. અહીં પણ એમણે સ્વધર્મનું પાલન કર્યું. યહૂદી નિરાશ્રિતો પણ ભારત આવેલા અને ભારતીય જ બની ગયા. આરબોના ત્રાસથી ત્રાસીને ધર્મના જતન માટે પારસીઓ ભારત આવ્યા અને દૂધમાં સાકરની જેમ ભળી ગયા. આજે તો જરથોસ્તી ધર્મનું અસ્તિત્વ ભારતમાં છે, મૂળ વતન ઈરાનમાં નહીં.

આ બધી પ્રજાઓના આગમનને કારણે ભારતીય સંસ્કારોનાં સત્ત્વ અને તત્ત્વ નિઃશંક વધતાં ગયાં. એ પ્રજાઓનું શ્રેષ્ઠ એવું ઘણું બધું આપણે સ્વીકાર્યું. આર્યોના આગમનથી ભારતની ભાષા (સંસ્કૃત) અને સાહિત્ય (વૈદિક) વિકસ્યાં. ઘોડાનો પરિચય થયો. ઈરાની વહીવટની અસર મૌર્ય વહીવટ ઉપર થઈ, ખાસ કરીને પ્રાન્તીય વહીવટી રચના ઉપર. ગ્રીકોએ ભારતીય સિક્કાઓના વિકાસમાં સીમાચિહ્‌ન ગણાય એવો ઉમેરો કર્યો. બૅક્ટ્રિયાના કુશાનોના સંપર્કથી સર્વધર્મસમભાવની પ્રગતિમાં જોમ આવ્યું. તેમણે ગાંધાર કલાશૈલીમાં પણ પ્રદાન કર્યું. શકોથી ગુર્જરો સુધીની પ્રજાઓના આગમનથી રાજપૂત જૂથોની સંપ્રાપ્તિ થઈ. વિવિધ મુસ્લિમ કોમોના આગમનથી ભાષા, લિપિ અને સાહિત્યનો વિકાસ થયો. સંઘર્ષ, પછી સહવાસ અને સમાધાનના પ્રયાસો વડે વિવિધ ક્ષેત્રોમાં ઇસ્લામી છાપ અંકિત થઈ. આજે લગભગ પાંચ કરોડ જેટલા મુસ્લિમો ભારતમાં વસે છે. યુરોપીય પ્રજા-ઓના આગમનથી વિજ્ઞાન-ટેક્નૉલૉજી અને શિક્ષણના ક્ષેત્રે અભિનવ માર્ગો વડે પ્રગતિનાં સોપાનો ચડવાની તક પ્રાપ્ત થઈ, જોકે આર્થિક-સામાજિક ક્ષેત્રે તેને ગુમાવવું પણ પડયું છે.

આમ, ભિન્ન સંસ્કારોના વિવિધ પ્રવાહોનું અજબગજબ સામંજસ્ય ભારતે સાધ્યું, પોતીકું સત્ત્વ ઠીક ઠીક જાળવી રાખ્યું. અસંખ્ય આક્રમણો-આગમનો, ઘણી બધી ક્રાન્તિઓ અને ઢગલાબંધ સત્તાપલટાઓની તડકીછાંયડી આવી અને ગઈ છતાં ભારતીય પ્રજાએ ગૌરવપૂર્ણ રીતે આ બધું સહન કરી ભૂતકાળનો તંતુ વર્તમાનમાં જીવંત રાખ્યો છે. બીજી બાજુ, ભારતે વિશ્વને ધર્મચિંતન, સંસ્કાર-સાહિત્ય, શિક્ષણ, ખગોળ, ગણિત, રસાયણ, વૈદક વગેરે અનેક ક્ષેત્રે ઘણું બધું આપ્યું પણ છે. સૌથી વિશેષ તો ભારતે આક્રમણ અને યુદ્ધોનો જવાબ ચિંતન અને સહયોગ દ્વારા આપ્યો છે.

## સંસ્કારોનું વિલક્ષણ સ્વરૂપ

ભારતીય સંસ્કારોની આ વિલક્ષણતાનું સ્વરૂપ જોઈએ : (૧) સહિષ્ણુતાની પરંપરા, (૨) સમન્વયની શ્રાદ્ધેયતા, (૩) વ્યાપક દૃષ્ટિ, (૪) દાર્શનિક અભિગમ, (૫) વ્યક્તિ પ્રત્યે સદ્ભાવના.

(૧) સહિષ્ણુતા એ તો ભારતીય પરંપરાનું વિશિષ્ટ લક્ષણ છે. ધર્મની બાબતમાં સહિષ્ણુતા આચરવી ખૂબ મુશ્કેલ છે. છતાં ભારતીય સંસ્કૃતિએ એ ક્ષેત્રે આચરણ કર્યું છે. એના સહિષ્ણુ અભિગમને પરિણામે ભારતીય સંસ્કાર વિશેષ સમૃદ્ધ બન્યા છે. હિંદુ ધર્મ આનું દ્યોતક ઉદાહરણ છે. એનાં બાહ્ય દેખાવ અને આચાર સદીઓ સુધી અણનમ રહ્યા છતાં બીજા ધર્મો પ્રત્યેનું એનું વર્તન સહૃદય સહિષ્ણુતાપૂર્ણ રહ્યું છે. એણે અન્ય ધર્મોને અપનાવ્યા છે – આત્મસાત્ કર્યા છે. જીવનનું પ્રત્યેક કાર્ય માનવકલ્યાણ સારુ દાયિત્વશીલ બની શકે છે એવા સરળ અભિગમ દ્વારા ભારતે અન્ય કોમો અને પ્રજાજૂથોને આવકારી સહિષ્ણુતાના સિદ્ધાંતને મહત્ત્વ બક્ષ્યું છે. હિંદુ ધર્મના ઉપદેશનું એ રહસ્ય છે કે બિનહિંદુઓ પણ પોતપોતાની રીતે જેન્તે માર્ગે સાચા છે. બીજા ધર્મો તથા બીજી માન્યતાઓ પ્રતિ માન દર્શાવવું અને જીવનના પ્રશ્નોને ઉકેલવાની સમજનો અન્ય પ્રજાનો અભિગમ ઉદાર ભાવે નભાવી લેવો તેમાં જ ભારતીય સંસ્કારોની રંગદર્શિતા જોઈ શકાય છે. પોતાની શ્રાદ્ધામાં અચળ હોવા છતાં અન્યના વિચાર પ્રત્યે ખુલ્લા દિલનો અભિગમ રાખવો એ તો છે ભારતીય સંસ્કારોનું અંતસ્તત્ત્વ.

કેટલાંક ઉદાહરણોથી આ ભાવના સ્પષ્ટ કરીએ : ઈઝરાયલમાંના પોતાના પવિત્ર મંદિરના પતન પછી સ્થળાંતર કરી આવેલા યહૂદીઓને ભારતે આશ્રય આપ્યો હતો અને તેઓ આજેય એક કોમ તરીકે ગૌરવથી ઉન્નત મસ્તકે અહીં જીવે છે. એર્નાકુલમ(કોચીન)માં યહૂદીઓના પ્રારંભિક જૂથે બાંધેલું સિનેગૉગ હજી ઊભું છે. ખ્રિસ્તી કોમ પણ અહીં પહેલી સદીમાં આવી અને વસી. તેમના વંશજો આજેય ભારતમાં નિશ્ચિંતતાથી રહે છે. પહેલી સદીમાં સેન્ટ થૉમસે પોતે કેરળમાં દેવળ બંધાવ્યું હતું. ઈસ્લામના એકાએક વધતા જતા દબાણથી ધર્મની રક્ષા કાજે વતન (ઈરાન) છોડી ભારતમાં આવેલા જરથોસ્તીઓએ અહીં ગૌરવપૂર્ણ આશ્રય પ્રાપ્ત કર્યો. આજે પણ તેઓ ભારતીય સમાજના સન્માનિત અંગ તરીકે જીવે છે. મલબારના રાજા ઝામોરીને અરબ વેપારીઓનો સહૃદય સત્કાર કરેલો. રાજા પોતે મુસ્લિમ ધર્મ અંગીકાર કરી લે છે અને સૌપ્રથમ મસ્જિદ ભારતમાં મલબાર કિનારે ક્રૅંગનોરમાં બંધાઈ. આ વણથંભ્યા પ્રવાહને કારણે એમની રાજ્યસત્તાનો ઉદય થયો અને અંતે અલગ મુસ્લિમ રાષ્ટ્ર સરજાયું; તોય ભારતે તેનું બિનસાંપ્રદાયિક વલણ-વર્તન જારી રાખ્યું છે, જેને પરિણામે તો આજેય પાંચ કરોડ મુસ્લિમો ભારતમાં બિનરોકટોક રહે છે.

(૨) સહિષ્ણુતાના આદર્શમાંથી ઊભું થતું બીજું મહાન તત્ત્વ છે વિચારોના, વ્યવહારોના, પ્રજાઓના સતત સમન્વયનો આદર્શ. અર્થાત્ સમન્વયનું રસાયણ એ ભારતીય સંસ્કારોનું એક અભિનવ અંગ છે. ભારતની વિશાળ ભૂમિમાં વસતી અનેક જાતિઓ વચ્ચે સદીઓથી ચાલતી સમન્વયની પ્રક્રિયાનો અભ્યાસ સ્વયં રસપ્રદ છે. એટલું જ નહીં પણ પ્રજાઓ વચ્ચેનું સમન્વયનું રસાયણ એવું તો પ્રબળ રહ્યું છે કે કયો ભારતીય કઈ ચોક્કસ જાતિનો છે તે કહેવું માનવવંશશાસ્ત્રીઓ માટે પણ મુશ્કેલ છે. કેવળ પારસીઓએ પોતાના લોહીને અણિશુદ્ધ જાળવી રાખ્યું છે. ઉપરાંત સમન્વયની પ્રક્રિયા જેમને સ્પર્શી નથી એવી કેટલીક આદિમ જાતિઓ પણ નિર્ભેળપણાની વાત કરી શકે. આર્યોથી આરંભી અંગ્રેજો સુધીની શેષ બધી પ્રજાઓ ઓછાવત્તા પ્રમાણમાં અહીંના સંસ્કારપ્રવાહમાં ભળી ગઈ, બલકે એમનું અલગ અસ્તિત્વ શોધવું અઘરું કાર્ય ગણાય. કેવળ મુસ્લિમો અને અંગ્રેજો વ્યવસ્થિત અને વિશિષ્ટ એવી ધર્મસંસ્થા, પુરોહિત સંસ્થા અને ધાર્મિક વિચાર લઈને આવેલા. આથી ભારતીય સંસ્કારપ્રવાહમાં ભળી જવામાં એમની ગતિ ઠીક ઠીક સ્થગિત રહી. છતાં તેઓ પણ લાંબો સમય સાવ અલિપ્ત રહી શક્યા નહીં. લાંબા સહવાસે એમનામાં સમન્વયની

પ્રક્રિયા પ્રવેશી અને આંતરલગ્નો થવા લાગ્યાં; મોપલા, રાવુત્તાર, બાબી જેવી મિશ્ર કોમો એમાંથી ઉદ્‌ભવી.

સમન્વયનું આ રસાયણ કેવળ ધર્મ પૂરતું મર્યાદિત ન રહ્યું, સમાજનાં અન્ય ક્ષેત્રોમાં પણ એનો સંસ્પર્શ થયો. આમ તો, આરંભથી ભારતીય તત્ત્વચિંતકોનો પ્રયત્ન રહેલો કે ભિન્ન તત્ત્વોનું સંયોજન કરવું. દ્રવિડો અને આર્યોના સમન્વયથી હિંદુ સંસ્કૃતિનો પાયો નંખાયો એ અગાઉ નોંધ્યું છે. ગ્રામ અને કુટુંબ જેવી પ્રારંભિક સંસ્થાઓમાં એકતાનું વાતાવરણ આવા સમન્વયનું સુસ્પષ્ટ પરિણામ છે. રહેણીકરણી, પહેરવેશ, ખોરાક વગેરેમાં પણ આને પરિણામે કેટલાંક પરિવર્તન આવ્યાં.

(૩) સહિષ્ણુતાની શક્તિમાંથી ઉદ્‌ભવેલું ભારતીય સંસ્કારોનું ત્રીજું મહત્ત્વનું અંતસ્તત્ત્વ છે જાગતિક દર્શન. હિંદુ સમાજના નીતિનિયમોની જે કોઈ મર્યાદા હોય, ભારતીય સંસ્થાઓની જે કોઈ સંકુચિતતા હોય, ભારતીય વિચારધારાઓ સનાતન મૂલ્યોને અસર કરે એવી કોઈ ભૌગોલિક, કોમી કે અન્ય ગણતરીઓને સ્વીકારી નથી; બલકે ચિરંજીવ પ્રણાલિકા તરફ દોરી જતા સત્યને હંમેશાં અપનાવ્યું છે. હિંદુ સંસ્કારોના વિશિષ્ટ લક્ષણ માટે અભિગમનો આ જાગતિક માર્ગ જવાબદાર છે. 'વિદેશી' છે એવું કહી એણે ક્યારેય કોઈ વિચારનો વિરોધ નથી કર્યો કે તેને જાકારો નથી આપ્યો. અર્થાત્ હિંદુ વિચારધારાએ હંમેશાં સમન્વયના સાતત્યને ઉત્તેજિત કર્યું છે; ઈસ્લામ કે ખ્રિસ્તી આ બંને ધર્મો સાથે સંઘર્ષની પ્રક્રિયા અસ્તિત્વમાં હતી ત્યારે પણ હિંદુ ધર્મ અને ઈસ્લામનો ઉપદેશ સંમિલિત કરનાર સંત-સૂફી પ્રચારકોને ધાર્મિક નેતાઓ તરીકે પ્રજાએ અપનાવ્યા છે.

(૪) ભારતીયોએ જીવનને દાર્શનિક અભિગમથી અવલોક્યું છે. આત્મા અને પરમાત્માના સંબંધોની સતત ગવેષણા કરી છે. શિવ અને શક્તિ તથા પુરુષ અને પ્રકૃતિની વિભાવના વડે 'ઈશ્વરના પિતૃત્વ અને મનુષ્યના માતૃત્વ'ની ભાવનાને જીવનફલક ઉપર વ્યાપક રીતે અંકિત કરી છે. ભારતની વિશાળ પ્રજાનું ધાર્મિક અને સામાજિક જીવન હિંદુ-ખ્રિસ્તી-મુસ્લિમ સંતોના ઉપદેશથી આકારાયું છે; કારણ 'તત્ ત્વમ્ અસિ'નું તત્ત્વજ્ઞાન એની સમગ્ર ધાર્મિક વિચારણાના પાયારૂપ છે. સંખ્યાબંધ પેટાધર્મો અસ્તિત્વમાં હોવા છતાં અને અનેક વિદેશી ધર્મોનું આગમન થયું હોવા છતાંય, અગાઉ વર્ણવ્યું તેમ, બધી અસરોના સમન્વયને સાધે એવી સહિષ્ણુતા, શક્તિ અને ઈચ્છાનું પ્રાકટ્ય ભારતીય પ્રજાની દાર્શનિક લઢણની પીઠિકા ઉપર આધારિત હોવાનું કહી શકાય.

(૫) હિંદુ ધર્મની એ બુનિયાદ છે કે પ્રત્યેક માનવીમાં દૈવી અંશ છે. એની એવી શ્રદ્ધા પણ ખરી કે સ્વભાવે માનવી સત્કર્મ અને યોગ્ય જ્ઞાન વડે પ્રબુદ્ધ બનવાની ખેવના કરે છે અને ઈશ્વરનું સાન્નિધ્ય ઈચ્છે છે. બૌદ્ધ ધર્મની પણ આ જ પાયાની શ્રદ્ધા હતી. માનવીના દેવત્વનો સિદ્ધાંત ભલે કોઈને પરિકલ્પના લાગે, પણ એની શ્રદ્ધેયતા વિશે શંકા કરવાની જરૂર નથી. દૈવી અંશને પ્રત્યેક ભારતીયે શ્રદ્ધાના મહત્ તત્ત્વ તરીકે અપનાવ્યો છે. એનું સામાજિક મૂલ્ય પ્રસ્થાપિત થયું છે, જેણે વ્યક્તિ પ્રત્યે સદ્‌ભાવનાના અભિગમને દૃઢશ્રદ્ધ કર્યો છે. ભારતની ઉપર્યુક્ત બુનિયાદી વિચારસરણીઓનો તાગ ન પામનાર વિદ્વાનોએ આપણા સંસ્કારો વહેમગ્રસ્ત હોવાની પરિકલ્પના વ્યાપક રીતે બહેલાવી છે. હકીકતે ભારતીય વિચારધારાની પ્રત્યેક બુનિયાદ પાછળ એક નિશ્ચિત ચિંતનનો પિંડ રહેલો છે. અવતારવાદનો વિચાર ઉત્ક્રાન્તિ અને જીવનના એકત્વનો સંકેત આપે છે. ભારતીય અનેકેશ્વરવાદમાં એવો એકેય દેવ કે દેવી નથી જેની સાથે કોઈ પ્રાણી સંકળાયેલું ન હોય. વિષ્ણુ સાથે ગરુડ, બ્રહ્મા સાથે હંસ, ઈન્દ્ર સાથે હાથી, શિવ સાથે વૃષભ, ગણપતિ સાથે ઉંદર વગેરે. આ ભાવના પ્રાણીહિંસાના ત્યાગની ભાવનાને મહત્ત્વની બનાવે છે. એની સૂક્ષ્મતા એટલી છે કે ઝેરી સાપ કે પાકને નુકસાન કરતાં વાંદરાં જેવાં પ્રાણીઓનેય મારવાની એમાં મનાઈ છે. પ્રાણીજીવન સાથે સંકળાયેલી આ પવિત્રતામાં અહિંસાનું મૂળ શોધી શકાય છે. ઉપવાસ, વ્રત, પ્રાર્થના આદિની ક્રિયાઓ જરૂર

ધાર્મિક છે પણ મૂળમાં એ ઋતુઓના પરિવર્તન સાથે સંકળાયેલી છે. ઉત્સવોનું આયોજન ધર્મપીઠિકા ઉપર થયેલું જણાય પણ કુદરત સાથેના સંબંધોમાંથી એનો ઉદ્‌ભવ થયો છે એ ભૂલવું જોઈએ નહીં. ટૂંકમાં પ્રાણી-માત્ર અને પ્રાકૃતિક તત્ત્વો વચ્ચેની એકતા સ્વયંસ્પષ્ટ રીતે સમજાવે છે કે ભારતીય સંસ્કારો વિજ્ઞાનવિરોધી નથી. (સૂર્યની આસપાસ પૃથ્વી ફરે છે એવી કોપરનિકસ(ઈ. સ. ૧૪૭૩–૧૫૪૩)ની શોધની એક હજાર વર્ષ પૂર્વે આર્યભટ્ટે આ વિચાર પ્રગટ કરેલો છે.) ભારતમાં વિજ્ઞાનની શોધ અને ધર્મનો વિકાસ પરસ્પરને સહાય-રૂપ રહ્યાં છે. ઉભયનું અદ્વૈતપણું ન સમજનાર પશ્ચિમી વિદ્વાનોએ ધર્મને હમેશાં જીવનથી અલગ રીતે મૂલવ્યો છે. પ્રકૃતિની એકતા એ તો ભારતીય સંસ્કારોનું મહત્ તત્ત્વ છે. કુદરત પ્રત્યેનો પ્રસ્તુત આદરભાવ દર્શાવે છે કે ભારતમાં વિજ્ઞાન, ધર્મ અને જીવન અલગ અલગ રીતે મૂલવાયાં નથી પરંતુ કુદરતનાં ત્રિવિધ અંગ તરીકે એનો સ્વીકાર થયો છે.

આપણા સંસ્કારોનું આ બુનિયાદી ચિંતન છે. પણ સંસ્કાર એ કેવળ વિચારભાથું નથી, તે તો સમાજની વર્તણૂક અને ચારિત્ર્યની અભિવ્યક્તિને પણ સ્પર્શે છે. ભારતીય સંસ્કારોમાં આથી ચારિત્ર્યની અભિભાવનાને પણ સ્થાન છે. સમાજમાં વ્યક્તિના વર્તન અને ચારિત્ર્ય દ્વારા, સભ્ય જીવનની પરંપરાઓ અને સૌજન્ય દ્વારા, મનના ખેડાણના એક ભાગરૂપે કલાનાં સર્જનો અને ગુણદર્શન વડે, વ્યક્તિની સંવાદિતા અને સમતુલા-ને વિકસાવતી શિસ્ત દ્વારા સંસ્કાર ચારિત્ર્યની અભિવ્યક્તિ પામે છે. ભારતીય સંસ્કારની વિભાવનાની આ ખાસિયત છે.

છેલ્લી એની ખાસિયત તે સંસ્કારોનું સાતત્ય. આ સાતત્ય આપણને સંસ્કૃત ભાષા અને વિદ્યાકેન્દ્રો દ્વારા પ્રાપ્ત થાય છે. સંસ્કૃત ભાષાને પોતાને જ સાતત્યનું લક્ષણ મળેલું છે, જે સંભવત: અજોડ ગણી શકાય. વિશ્વની અન્ય કોઈ ભાષાને આવું સાતત્ય પ્રાપ્ત થયું નથી. આર્યોથી આરંભી આજે આકાશવાણી ઉપરથી સંસ્કૃતમાં સમાચાર પ્રસારિત થાય છે ત્યાં સુધી એની સળંગસૂત્રતાની કડી હાથ લાગે છે. સદીઓથી વિચારો, સ્પંદનો, આશાઓ અને સૌંદર્યદૃષ્ટિને સંસ્કૃતે અભિવ્યક્ત કર્યાં છે. ભારતની વર્તમાન ભાષાઓના વિકાસમાં એનો બહુમૂલ્ય ફાળો છે. સાહિત્યના વિવિધ પ્રકારોના ખેડાણમાં પણ સંસ્કૃતનું પ્રદાન ચિરંજીવ છે. લગભગ બે ડઝન જેટલી ભાષાઓ આજે ભારતમાં પ્રચલિત છે. એમાંની મોટા ભાગની ભાષાઓનો પ્રેરણાસ્રોત અને શબ્દભંડોળનો સ્રોત સંસ્કૃત ભાષા છે.

## સંસ્કારોનું સંગોપન

ઈસવી સનની ત્રીજી-ચોથી સદીથી બારમી સદી પર્યંત એક તરફ વિદેશી પ્રજાઓનું આગમન અને એમનું ભારતીયકરણ, તો બીજી બાજુ ધાર્મિક ક્ષેત્રે સાંપ્રદાયિક વાદવિવાદ અને સમન્વયની પ્રક્રિયાનાં પરિબળો અને પ્રવાહો ભારતીય સંસ્કૃતિને વિશિષ્ટ લાક્ષણિકતા બક્ષે છે. વિચારો, આચારો, ધર્મો, રીતરિવાજો, લલિત-કળાઓ, સાહિત્યના પ્રકારો વગેરે ક્ષેત્રે આવેલાં પરિવર્તનો, તેઓએ અનુભવેલી પરસ્પરની અસરો અને અંતે એમાંથી ઉદ્‌ભવેલું સંસ્કારોના વિનિમય દ્વારા સમન્વયનું રસાયણ આ સમયની સંસ્કૃતિની મહત્તા છે.

સંસ્કારોના સમન્વયની પ્રક્રિયા આરંભાઈ હતી આર્યોની વિવિધ ટોળીઓના આગમનના સમયથી. આ વિવિધ જૂથોએ ભારતને સાહસિકતા અને વ્યાવહારિક બુદ્ધિથી વિભૂષિત કર્યું, સત્તાશોખ અને વ્યવસ્થાશક્તિથી નવાજ્યું, શૌર્ય અને ઉત્સાહથી મજબૂત કર્યું. આ બધી શક્તિઓનું એકીકરણ કરી પ્રબલ વ્યક્તિત્વ પ્રગટાવ્યું આર્યોના બુદ્ધિપ્રભાવે અને સાંસ્કારિક અસ્મિતાએ. આમ ભારતભૂમિ ઉપર પરસંસ્કારને તાવવાની અને સ્વ-સંસ્કારને શુદ્ધ કરવાની મહાયજ્ઞવેદી રચાઈ. આ છે આર્ય સંસ્કાર, ભારતીય સંસ્કૃતિનું શ્રેષ્ઠ રસાયણ, જેણે હજારો વર્ષોથી અન્ય જાતિઓમાં આર્યત્વની અસ્મિતા આરોપી છે, પરાયાને પોતાનું માની પોતાનું બીજાને આપવાની ભાવના કેળવી છે.

અહીં આપણે આ સંસ્કારોના સંગોપનમાં ગુપ્ત સામ્રાજ્યના ફાળાનો વિશેષ ઉલ્લેખ કરીને આગળ વધીશું. ગુપ્તો(ઈ. સ. ૩૨૦થી ૫૧૦)એ સંસ્કૃતને રાષ્ટ્રભાષા બનાવી. આર્યત્વની ભાવનાને સંકોરી સતેજ કરી. આર્ય ધર્મ અને સંસ્કારને દૃઢબળ કર્યા. રાજકીય એકતા અને રાષ્ટ્રીય અસ્મિતા ફેલાવી. અન્ય ધર્મોના તેજને ઝાંખું કર્યા વિના બ્રાહ્મણ ધર્મની સ્થાપના કરી. સાંસ્કારિક અસ્મિતાને સમૃદ્ધિ બક્ષી. આથી શકો, કુશાનો, હૂણો અને ગુર્જરોનું ભારતીયકરણ શકય બન્યું. ઉજ્જયિની, વારાણસી, વલભી, નાલંદા, વિક્રમશિલા વગેરે સ્થળોના બૌદ્ધ ભિક્ષુઓ, જૈન મુનિઓ અને બ્રાહ્મણ સંન્યાસીઓએ સંસ્કારના અંગારને સાચવી રાખ્યો. પરિણામે સંસ્કાર અને સત્તાથી નાલંદા, પાટલિપુત્ર, કાન્યકુબ્જ, વલભીપુર, વિક્રમશિલા, કાંજીવરમ, કાશ્મીર, તામ્રલિપ્તિ વગેરે શોભી રહ્યાં.

## બ્રાહ્મણ વર્ગનું વિશિષ્ટ પ્રદાન

વિદેશી સંસ્કારોને ગાળવાનું અને શુદ્ધ કરવાનું મહત્ત્વનું કાર્ય કર્યું બ્રાહ્મણ વર્ગે. યુગો દરમ્યાન બ્રાહ્મણોએ આર્ય સંસ્કારોની અસ્મિતાને જાળવી રાખી છે. આ માટે જરૂર પડયે રાજનીતિના માર્ગદર્શકો બન્યા, જરૂર પડયે સ્વસંસ્કારને સાચવ્યા, 'ભૂદેવ'પણાનો દાવો કર્યો, ઘરસંસાર સેવી સમાજની પ્રગતિ સાથે નાતો બાંધ્યો, જરૂર પડયે યુદ્ધમાં નેતૃત્વ બક્ષ્યું. એમની કાર્યદક્ષતામાં ચાણકયનું પ્રતિબિંબ દેખાય છે, એમના ક્રોધમાં અગસ્ત્યનું ઝનૂન જણાય છે. એમનો સંસ્કારપ્રેમ વસિષ્ઠનો છે. મનુના કાર્યમાં સંસારને કાયદાથી સંરક્ષવાનું પ્રતિબિંબ પડે છે. એમના સાહિત્યસર્જનમાં વેદવ્યાસનો ઉત્સાહ નજરે પડે છે. તો સંસારની વ્યવસ્થાની રચના યાજ્ઞવલ્કયમાં પ્રતિબિંબિત થાય છે. સામ્રાજ્યો ઉદય પામ્યાં અને અસ્ત પામ્યાં. યુગોનાં વહાણાં વાયાં; પ્રજાજૂથોની જીત થઈ અને પરાજય પણ થયો; સંસ્કૃતિનાં સર્જન-વિસર્જનની પ્રક્રિયાઓ ઊગી અને આથમી. છતાં આ બ્રાહ્મણ વર્ગે ચપટી ચોખાથી વિદ્યા, ધર્મ અને સંસ્કારને ફેલાવ્યાં. જરૂરિયાત પ્રમાણે બ્રાહ્મણોએ મંત્રીપદ સ્વીકાર્યું, યોદ્ધા થયા, ગુરુ તરીકે પ્રતિભા દર્શાવી, ભીખ માગી, નમ્રતા કેળવી, કવિ થયા, સાહિત્ય સર્જ્યું, ઈતિહાસ સર્જ્યો અને આલેખ્યો, રાજકારણના આટાપાટા પણ ખેલી બતાવ્યા.

આમ, બ્રાહ્મણ વર્ગે એક તરફ સંસ્કારોના સમન્વયની જ્યોત પ્રગટાવી તો બીજી બાજુ સંસ્કૃતિનું સંરક્ષણ કર્યું. બ્રાહ્મણ વર્ગ જ્યાં ગયો ત્યાં સંસ્કારનું કેન્દ્ર ઊભું થયું. બ્રાહ્મણ જ્યાં ગયો ત્યાં કાશી ઉદ્ભવ્યું. સંસ્કૃત ભાષા અને સાહિત્યની ભક્તિ બ્રાહ્મણ જ્યાં જ્યાં પહોંચ્યો ત્યાં ત્યાં લઈ ગયો. દેવો બદલાયા, સંપ્રદાયો બદલાયા, ભક્તિના પ્રકારો બદલાયા, પણ સંસ્કૃત ભાષા અને સાહિત્યે એકતાનો તાર સદાય ઝણઝણતો રાખ્યો. સંસ્કૃત વિના સિદ્ધિ નહીં, શુદ્ધિ પણ નહીં. સંસ્કૃત એટલે ઈતિહાસ, સંસ્કૃત એટલે જીવન, સંસ્કૃત એટલે ધર્મ એવી વ્યાપક ભાવના ચોપાસ રેલાઈ રહી. ટૂંકમાં, સંસ્કૃતે આર્યાવર્તને ઐકય અને અસ્મિતાનો પાયો નાખી આપ્યો. આનો પ્રભાવ એટલો તો દૃઢીભૂત થયો કે પ્રાકૃત અને પાલિને સેવનારા જૈન મુનિઓ અને બૌદ્ધ ભિક્ષુઓને પણ વિદ્યા અને ધર્મનો દાવો ટકાવી રાખવા આખરે સંસ્કૃતની સત્તા સ્વીકારવી પડી અને એનો વિનિયોગ કરવો પડયો.

સંસ્કૃતિના સંરક્ષણ અને સંસ્કૃતના સંવનન ઉપરાંત બ્રાહ્મણોનું ત્રીજું પ્રદાન છે પૌરાણિક કથાઓના સર્જનનું. પૌરાણિક કથાઓ એ પાંચમો વેદ ગણાય છે, જે એની મહત્તાનું સૂચન કરે છે. થોડેક અંશે ઐતિહાસિક, થોડેક અંશે ભાવનાત્મક, ઘણે અંશે રસિક અને ઘણે અંશે ઉપદેશાત્મક એવી આ કથાઓએ જીવન, ધર્મ, સંસ્કાર અને ઈતિહાસ ચારેયને સજીવ રાખ્યાં, પરસંસ્કાર દ્વારા થયેલા પરાજ્યને વીસરવાનું સાધન પૂરું પાડયું; ગમે તેવા વિદેશી રાજાનેય સૂર્ય-ચંદ્રના વંશજ કહેવડાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું, ગમે તેવા બ્રાહ્મણને પ્રાચીન ઋષિનું ગોત્ર પ્રાપ્ત થયું. વિશેષમાં ઐતિહાસિક સાતત્ય પણ જળવાયું.

આમ, બ્રાહ્મણોએ સ્વ-વર્ણની સર્વોપરીતા પ્રસ્થાપી, શક્તિ અને સેવાની વેદી ઉપર રચાયેલી શ્રદ્ધાની શ્રેષ્ઠતા સાબિત કરી. આથી ભારતીય સંસ્કારોની અસ્મિતાને પ્રતિષ્ઠા મળી, તેની એકતા દૃઢશ્રદ્ધ બની.

અહિંસાના પ્રચારમાં, તપની સિદ્ધિમાં કે શબ્દબ્રહ્મની અડગ ભક્તિમાં આદર્શોને મૂર્તિમંત કરવામાં બ્રાહ્મણોએ પાછી પાની કરી નહીં.

* જૈનો અને બૌદ્ધોએ પણ ભારતીય અસ્મિતાની જ્યોત જલતી રાખવામાં પાછા વળીને જોયું નહીં. ઉભયનું મુખ્ય અંગ સાધુઓ. તેઓ નિઃસ્પૃહી, નિરભિમાની, નિઃસ્વાર્થી, નિર્લોભી, નિર્દંશી હતા. વૈરાગ્યની ભાવના સતત અખંડ રાખી તેમણે ભૌતિક વિકાસના દુર્ગુણોથી પ્રજાને બચાવી. વિદ્યાનો વિનિમય કર્યો. સંસ્કારોના વણજારા બન્યા. અહિંસા ઉભય મતનો મૌલિક સિદ્ધાંત બની ગયો. પ્રબંધો અને જાતકો જેવું કથાસાહિત્ય પીરસ્યું. લોકોની ભાષામાં ધર્મબોધ આપી એકતાનો મર્મ સાચવી જાણ્યો. પરિણામ એ આવ્યું કે વિદ્યા અને સાહિત્યની અભિવૃદ્ધિ થઈ, લલિતકલાઓ સમૃદ્ધ બની, પ્રજાનું ખમીર પ્રગટ્યું, વર્ગશાસન સ્થાપી શકાયું નહીં, રાજસત્તા નિયંત્રિત રહી તથા સાંસ્કારિક અસ્મિતા ઓછી જોખમાઈ. આથી ગુપ્ત સમયના ભારતની શોભા વધી.

આ સમય દરમ્યાન બૌદ્ધ અને જૈન પ્રભાવની સામે બ્રાહ્મણ ધર્મે ક્રમશઃ પણ શાંતિથી મહત્ત્વ પ્રાપ્ત કરવા માંડયું. યાત્રા, ઉત્સવો અને દેવાલયોમાં પૂજન દ્વારા પોતપોતાની લોકપ્રિયતા પ્રાપ્ત કરવાની જાણે સ્પર્ધામાં આ ધર્મો મંડી પડયા હોય એવું વાતાવરણ સરજાયું. લોકોની કલ્પનાશક્તિને પકડવામાં અને પડકારવામાં બ્રાહ્મણ ધર્મ અગ્રણી રહ્યો. બૌદ્ધ-મહાયાન સંપ્રદાય પોતાની ઉદારતા છતાં લોકપકડ જાળવી શકયો નહીં. વિવિધ રાજસત્તાઓએ એક યા બીજા ધર્મને રાજ્યાશ્રય આપ્યો. વિવિધ વંશોય ભિન્ન ધર્મોના અનુયાયી બન્યા. લોકપ્રિયતાની પ્રસ્તુત હોડમાં ત્રણેય ધર્મોનાં મંદિરોની સંખ્યા વધવા લાગી, મૂર્તિઓની પ્રતિષ્ઠા થવા માંડી. છતાં ભિન્ન મતો વચ્ચેની આ તંદુરસ્ત હરીફાઈએ એકંદરે સહિષ્ણુતાની — સમન્વયની ભાવના પ્રકટાવી.

## વિવિધ ધર્મ-સંવાદિતા

હિંદુ રાજાઓએ જૈન કે બૌદ્ધ કે ઉભય ધર્મોને આશ્રય આપ્યાનાં ઉદાહરણો ઈતિહાસનાં પૃષ્ઠો ઉપર નોંધાયેલાં છે. તો બૌદ્ધધર્મી કે જૈનધર્મી રાજાઓએ કે રાજવંશોએ બ્રાહ્મણ ધર્મને અનુદાન આપ્યાં હતાં. ઈક્ષ્વાકુ કુળની કેટલીક બૌદ્ધ સ્ત્રીઓએ બ્રાહ્મણોને દાન આપેલાં. હર્ષ પ્રારંભમાં શૈવમાર્ગી હતો, પછીથી બૌદ્ધ અનુયાયી બન્યો. ગુપ્ત સમ્રાટો ભાગવત સંપ્રદાયના અનુયાયી હોવા છતાં શિવના પુત્ર કુમાર – સ્કંદને પોતાના ઈષ્ટદેવ ગણતા હતા.

એક તરફ વિવિધ ધર્મો વચ્ચે સંવાદિતા સ્થપાઈ, તો બીજી બાજુ એક જ ધર્મના પૂર્વકાલીન સ્વરૂપ અને સમકાલીન સ્વરૂપ વચ્ચે પણ સંવાદિતા સ્થપાયેલી જોવી પ્રાપ્ત થાય છે. બ્રાહ્મણ ધર્મના વિકાસની મુખ્ય ખાસિયત આ હતી. બલિદાનયુક્ત યજ્ઞપ્રધાન વૈદિક ધર્મ અને ઈશ્વરવાદી ભક્તિના અભિનવ પ્રાદુર્ભાવ વચ્ચે સફળ સંવાદ સધાયો જેને કારણે એક જ રાજવંશના સભ્યો ભિન્ન ભિન્ન ધર્મોના અનુયાયી હોવાનું શકય બન્યું. વલભીના પ્રથમ ત્રણ નરેશ માહેશ્વર હતા, ચોથા રાજા ભાગવત સંપ્રદાયના અનુયાયી હતા, તો પાંચમા રાજા આદિત્ય-ભક્ત હતા. આ સમયના અભિલેખો આવાં ઘણાં ઉદાહરણો આપે છે. પૌરાણિક બ્રાહ્મણ ધર્મ લોકપ્રિય બનતો જતો હતો તેની પ્રતીતિ પદ્માવતીના ભારશિવ નાગ રાજાઓએ દશ અશ્વમેધ યજ્ઞ કરીને કરાવી. આ રાજાઓ શરીર ઉપર શિવલિંગનો ભાર વહન કરતા હતા.

આ સમયે કાશ્મીર, અફઘાનિસ્તાન, પંજાબ, સારનાથ, અજન્ટા, નાગાર્જુનકોંડા, કાંચી, નાલંદા વગેરે બૌદ્ધ ધર્મનાં મજબૂત કેન્દ્રો હતાં. જૈન ધર્મ પ્રમાણમાં ઓછો પ્રભાવશાળી હતો. આમ છઠ્ઠી સદીના અંત સુધીમાં ઉત્તર અને દક્ષિણ ભારતમાં આ ત્રણેય ધર્મો અને એમના સંપ્રદાયો સુલેહસંપથી રહેતા હતા. વારંવાર, કાં તો રાજ્યાશ્રયને કારણે કે તે ધર્મના કોઈ પ્રતિભાશાળી આચાર્યને કારણે, ત્રણેયમાંથી એકાદ ધર્મની વિશેષ બોલબાલા પ્રસ્થાપિત થતી. ભરતી-ઓટની પ્રક્રિયામાંથી આ ત્રણેય ધર્મને પસાર થવું પડતું. ઈ. સ. ૬૪૨માં

હ્યુઆન શ્વાંગે (ઈ. સ. ૬૦૦–૬૪૪) દક્ષિણ ભારતની મુલાકાત લીધી ત્યારે બૌદ્ધ ધર્મનું સ્થાન દિગંબર જૈન ધર્મે લેવું આરંભ્યું હતું. ભક્તિ આંદોલન જોકે ત્યારે પ્રારંભિક તબક્કામાં હોઈ ચીની યાત્રીનું ધ્યાન એ તરફ ગયું જણાતું નથી. તમિળ પ્રદેશોમાં સાતમી સદીથી બૌદ્ધ ધર્મની સામેનો વિરોધ વંટોળ શરૂ થયો હતો. આંધ્રમાં બૌદ્ધ મંદિરોનું હિંદુ મંદિરોમાં રૂપાંતર થઈ રહ્યું હતું. દલીલ એવી હતી કે બુદ્ધ વિષ્ણુના અવતાર છે. કર્ણાટકમાં જૈનોનું જોર વિશેષ હતું. ગંગ રાજાઓ જૈનધર્મી હતા.

## કલાક્ષેત્રે સમન્વયની પ્રતિષ્ઠા

ધર્મનાં ઉપર્યુક્ત પરિવર્તનોની અસર લલિતકળા ઉપર થઈ, એમાંય સમન્વયનું લક્ષણ પ્રતિષ્ઠિત બન્યું. અગાઉ પૂજાના પદાર્થ તરીકે સ્તૂપનું મહત્ત્વ હતું, પણ બ્રાહ્મણ ધર્મની લોકપ્રિયતા સામે ટકી રહેલા ચૈત્ય-ગૃહોમાં સ્તૂપને સ્થાને બૌદ્ધ પ્રતિમાઓ અગ્રિમ સ્થાન ભોગવવા લાગી. પરિણામે સમાધિ તરીકેની સ્તૂપની મૂળ ભાવના લુપ્ત થઈ અને તેને સ્થાને બુદ્ધની મૂર્તિને મહત્ત્વ પ્રાપ્ત થયું. ચૈત્યગૃહો હવે પ્રતિમાલયો બન્યાં. બ્રાહ્મણ ધર્મનાં મંદિરો તો બંધાતાં રહ્યાં પણ સાંપ્રદાયિક સ્પર્ધાને કારણે એણે પણ શિલાગૃહો કંડારવાં શરૂ કર્યાં. પરિણામે અજન્ટા, ભિલસા વગેરે શિલાગૃહો બ્રાહ્મણ ધર્મનાં પણ કેન્દ્રો બન્યાં.

મથુરા અને અમરાવતી મહત્ત્વનાં શિલ્પકેન્દ્રો હતાં. અહીં તૈયાર થતી શિલ્પકૃતિઓમાં માનવશિલ્પનું પ્રાધાન્ય ખીલેલું જણાય છે. આ વિદેશી અસરનું પરિણામ હતું. દેહસૌષ્ઠવ અને પારદર્શક વેશ પરિધાન દ્વારા કલાકાર સ્વાભાવિકતાનું દર્શન કરાવે છે. ચિંતનશીલતા વડે માનવની અંતર્મુખતા અભિવ્યક્ત કરે છે. નેત્ર અને ઓષ્ઠની ચંચલતાને સ્થાને આપેલી નિશ્ચલતા માનવની માનસિક શમતાનો ભાવ વ્યક્ત કરે છે. ગુપ્ત સમ્રાટોના સમયની રાજકીય શાંતિનું આ પરિણામ હતું. રાજકીય સ્થિરતા અને શાંતિ મનના વિકાસને શક્ય બનાવે છે. વસ્ત્રાભૂષણોનો ઠઠારો, ઉત્તેજિત ક્રિયા કે ઊર્મિના આવેગનું આલેખન જોવું પ્રાપ્ત થાય છે. બૌદ્ધ ધર્મની ફિલસૂફીની અસરનું આ પરિણામ હતું. બુદ્ધ અને બોધિસત્ત્વની પ્રતિમાઓમાં શારીરિક સ્થિરતા ઉપરાંત માનસિક શમતા અભિવ્યક્ત થયેલી જણાય છે. સારનાથ, મથુરા, શ્રાવસ્તી, પ્રયાગ આનાં મુખ્ય કેન્દ્રો હતાં.

મનના ભાવોને અને હૃદયની ઊછળતી ઊર્મિઓને વ્યક્ત કરવાનું ત્રીજું માધ્યમ છે ચિત્રકલા. આ સમયનાં કેટલાંક ભિત્તિચિત્રો કણ્હેરી, બાઘ, ઔરંગાબાદ, અજન્ટા અને પિત્તળખેડાની ગુફાઓમાં સુરક્ષિત છે. દેવો, ગંધર્વો, અપ્સરાઓ, બુદ્ધો, બોધિસત્ત્વો, ગૃહસ્થોનાં મૃદુ-ભવ્ય-ઉદાત્ત સંસ્કૃત આલેખનો આ ચિત્રોમાં વ્યક્ત થયાં છે. આલેખનશૈલીમાં સમતુલા, સ્વાભાવિકતા, લયમાધુર્ય, સંયમ અને શીલતાના ભાવો તરી આવે છે. કલાકારની અદ્‌ભુત કલાદૃષ્ટિનું આ ચિત્રો રસદર્શન કરાવે છે. મનની શાંતિ અને સ્વસ્થતા વિના આ શક્ય ન બને.

## ચાતુર્વર્ણ્યનું સહઅસ્તિત્વ

ગુપ્તકાલ દરમિયાન ચાતુર્વર્ણ્ય દૃઢબળ બને છે. બ્રાહ્મણોની સર્વોપરીતા અને શૂદ્રોની અધમતા પ્રસ્થાપિત થાય છે. આમ, વર્ણોની ભેદરેખા વધારે સ્પષ્ટ બને છે, છતાં પણ આંતરવર્ણ-વિવાહનાં ઉદાહરણો જોઈએ તેટલાં પ્રાપ્ત થાય છે. અનુલોમ વિવાહનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે. સતી, વિધવાવિવાહ અને વૈધવ્ય એમ ત્રણેય પ્રથાઓનું અસ્તિત્વ હતું. ક્ષત્રિય, બ્રાહ્મણ તથા વૈશ્ય વચ્ચે આંતરલગ્નો થતાં હતાં. વાકાટક રાજા પ્રવરસેનના પુત્ર સાથે ભારશિવ નરેશ ભવનાગની પુત્રીનું લગ્ન બ્રાહ્મણ-ક્ષત્રિય વિવાહનું ઉદાહરણ છે. પૃથ્વીસેનના પુત્ર રુદ્રસેન સાથે ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યની પુત્રી પ્રભાવતી ગુપ્તાનું લગ્ન કે ચંદ્રગુપ્તનું લિચ્છવી કન્યા કુમારદેવી સાથેનું લગ્ન સંસ્કાર-વિનિમયનાં દ્યોતક ઉદાહરણો છે. સ્વાભાવિક છે કે આથી વર્ણ-ધર્મની શિથિલતાનો અનુભવ થાય, પણ તેથી સામાજિક અને રાજકીય ક્ષેત્રે આવેલાં પરિવર્તનોની

પ્રમાણભૂતતા પ્રાપ્ત થાય છે. છઠ્ઠી સદીના મધ્યમાં હરિશ્ચંદ્ર નામના એક ગુર્જરની બે પત્નીઓમાં એક બ્રાહ્મણ હતી અને એક ક્ષત્રિય હતી. એ પોતે બ્રાહ્મણ હતો. એના પુત્રોમાંથી કેટલાક ક્ષત્રિય ગણાયા, કેટલાક બ્રાહ્મણ. ગુપ્તકાલમાં વર્ણવૃત્તિ નિશ્ચિત હોવા છતાં અન્ય વર્ગનું કાર્ય કરતા હોવાના દાખલા પ્રાપ્ત થાય છે. દક્ષિણનું કદમ્બકુળ કે મધ્યભારતનું વાકાટકકુળ બ્રાહ્મણ હોવા છતાં શાસનપ્રબંધનું કાર્ય કરતું હતું. હર્ષનું થાણેશ્વરનું રાજકુળ વૈશ્ય હતું. મણિપુરનો રાજા શૂદ્ર હતો. ગંગાકાંઠાના એક નગરમાં રહેતા ક્ષત્રિયો સોદાગરો હતા તેવી માહિતી પાંચમી સદીનો એક અભિલેખ પૂરી પાડે છે. ચાતુર્વર્ણ્યની વ્યવસ્થાને તોડવાનું થોડુંક શ્રેય બૌદ્ધ ધર્મને ફાળે જાય છે.

## જૈન ધર્મ-પ્રભાવ

ગુપ્તોના અસ્ત (છઠ્ઠી સદી) પછી ઉત્તર ભારતમાં વૈષ્ણવ સંપ્રદાયનો મહિમા ઘટવા લાગ્યો. વિષ્ણુના અવતારોને લગતી માન્યતામાં થોડાંઘણાં પરિવર્તનો આવ્યાં. વરાહ, વામન-ત્રિવિક્રમ અને નૃસિંહના અવતારો શિલ્પોમાં મંડિત થયેલા પ્રાપ્ત થાય છે. પરશુરામ, બલરામ અને રામચંદ્રનો મહિમા ઘટ્યો છે; કૃષ્ણાવતારની મહત્તા વધે છે. સૌર સંપ્રદાયનો મહિમા અખંડ રહ્યો. હર્ષના પિતા પ્રભાકરવર્ધન અને એમના પૂર્વજો આદિત્યભક્ત હતા. ઉત્તરકાલીન ગુપ્ત રાજાઓના અભિલેખોમાં સૂર્ય ઉપાસનાનો નિર્દેશ છે. હૂણ રાજા મિહિરકુલના સમયનો એક લેખ સૂર્યમંદિરનો ઉલ્લેખ કરે છે. ગુપ્ત સામ્રાજ્યના અસ્ત પછી જૈન ધર્મનો અભ્યુદય થવા લાગ્યો. ઉત્તર તથા પૂર્વ ભારતમાં શ્વેતાંબર-દિગંબર જૈનોની સંખ્યા સારી હતી. ચૌલુક્ય રાજાઓ જૈન ધર્મને પ્રોત્સાહન આપતા હતા. બદામી અને ઐહોલમાં જૈનગુફાઓ કંડારાઈ હતી. ગંગ અને કદંબ રાજાઓ જૈન ધર્મને અપૂર્વ પ્રોત્સાહન આપતા હતા, જૈન મંદિરો બંધાવતા, સાધુઓને દાન આપતા. મિહિરકુલ પશુપતિનો ઉપાસક હતો. ગૌડ શશાંક ચુસ્ત શૈવ હતો. વલભીના મૈત્રકો પરમ માહેશ્વર હતા છતાં એમની નિશ્રામાં ચાલતી વલભી વિદ્યાપીઠમાં ત્રણેય ધર્મનાં દર્શનના અભ્યાસની સગવડ હતી.

આ સમયે દક્ષિણ ભારતમાં બૌદ્ધ ધર્મનો હ્રાસ થતો જતો હતો, અને જૈન ધર્મનો પ્રભાવ વધી રહ્યો હતો, જેનાં પરિબળોની કેટલીક ચર્ચા અગાઉ કરી છે. જૈનોની વધતી પ્રતિભાનો સામનો શૈવ સંપ્રદાય કરી રહ્યો હતો. દક્ષિણ ભારતમાં શૈવ નાયણારોના આચાર્ય તિરુમુલરે 'તિરુમુદિરમ્' કૃતિમાં શૈવ આગમ(શાસ્ત્ર)ની મહત્તાનું પ્રતિપાદન કરીને શૈવ સિદ્ધાંતનું તાત્પર્ય સમજાવ્યું છે. વેદાંત સામાન્ય તત્ત્વનું નિરૂપણ કરે છે, જ્યારે શૈવ સિદ્ધાંત વિશિષ્ટ તત્ત્વને સ્ફુટ કરે છે એમ કહીને તિરુમુલરે વેદ અને આગમ વચ્ચે સંવાદિતા દર્શાવી છે. વેદાંતના વિનિયોગ વિનાનો શૈવ સંપ્રદાય અશુદ્ધ છે; કેમ કે વેદાંતના જ્ઞાન દ્વારા જ શૈવ સિદ્ધાંતનું હાર્દ સમજી શકાય છે.

પ્રસ્તુત વિવરણથી સ્પષ્ટ થાય છે કે ગુપ્તકાલ પછીના સમય દરમિયાન પણ ત્રણેય ધર્મો વચ્ચેની તંદુરસ્ત હરીફાઈ ચાલુ હતી, જે દશમી સદી સુધી પ્રવર્તી રહી. આ સ્પર્ધાને પરિણામે ચિંતન-મનનનાં મંથનો થતાં રહ્યાં, ધર્મ અને તત્ત્વજ્ઞાનના તાત્ત્વિક વિચારોનો વિકાસ થયો. આમ, ધાર્મિક સ્પર્ધાઓ સાહિત્ય, કલા વગેરેનાં સર્જનોમાં ભરતી રેલાવી. દશમી સદી પછી હરીફાઈ ન રહેતાં હિંદુ ધર્મ સત્ત્વહીન થતો ગયો. જોકે બીજી બાજુ વૈદક, રસાયણશાસ્ત્ર, ધાતુશોધનશાસ્ત્ર, શિલ્પ, નાટ્યશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, કથા-સાહિત્ય, વિવેચનો વગેરેનાં ઉત્તમ રત્નો ગ્રંથરૂપે પ્રાપ્ત થયાં. બૌદ્ધ અને જૈન ધર્મને કારણે વિશેષ કરીને તમામ જીવોને અભયદાન અને રોગશુશ્રૂષા પ્રાપ્ત થયાં.

છતાં નોંધપાત્ર હકીકત એ છે કે ભિન્ન ભિન્ન સંપ્રદાયો વચ્ચેના મતભેદો બૌદ્ધિક સંઘર્ષમાં વ્યક્ત થતા હતા પણ શરીર-વિગ્રહમાં તે જવલ્લે જ પરિણમતા. બૌદ્ધિક સંઘર્ષ પણ દાર્શનિક સિદ્ધાંતોના વ્યવસ્થિત વાદવિવાદ દ્વારા વ્યક્ત થતો. પરિણામે દર્શનશાસ્ત્ર, ધર્મવિજ્ઞાન વગેરે વિશે સારાં પુસ્તકો લખાયાં. પરમતનું

ખંડન અને સ્વમતનું મંડન એ પ્રક્રિયા તંદુરસ્ત પ્રણાલી મુજબ થતી. બૌદ્ધ અને જૈન નૈયાયિકોએ ખંડન-મંડનની પ્રવૃત્તિમાં વિશેષ ફાળો આપ્યો છે. આ કાલ દરમ્યાન મીમાંસા દર્શનનો મહિમા વધતો ગયો. કર્મ-મીમાંસા કર્મને સર્વોપરી ગણતી, તો બ્રહ્મમીમાંસા બ્રહ્મજ્ઞાનનો મહિમા વધારતી. જોકે કુમારિલ ભટ્ટના વાદ-વિજયે વેદ ધર્મનો મહિમા ઘણો વધાર્યો. સર્વત્ર યજ્ઞકર્મ-પરાયણ ધર્મનું માહાત્મ્ય વધ્યું. શંકરાચાર્યના પ્રયત્નોએ તો બ્રાહ્મણ ધર્મને પુનર્જાગ્રત કર્યો. ચાર દિશામાં ચાર મઠોનું પ્રસ્થાપન કરી શંકરાચાર્યે ભારતની સાંસ્કૃતિક એકતાને સંરક્ષવાનું ઉત્તમ કાર્ય કર્યું.

આમ, પુરાણોક્ત ધર્મસંપ્રદાયોમાં એક બાજુ સાંપ્રદાયિક ભેદ વધતો ગયો તો બીજી તરફ વિવિધ સંપ્રદાયોના અનુયાયીઓ સાથે સાથે વસવા લાગ્યા તથા પોતપોતાના ઈષ્ટદેવનાં દેવાલયો પણ પાસે પાસે બાંધવા લાગ્યા. સાંપ્રદાયિક ભેદને કારણે પ્રત્યેક પોતાના ઈષ્ટદેવને સર્વશ્રેષ્ઠ અને સર્વોત્કૃષ્ટ ગણવા લાગ્યા. તે સાથે ઈષ્ટદેવોનાં સંયુક્ત સ્વરૂપ પણ પ્રચારમાં આવ્યાં. દા. ત., શિવ-શક્તિ, હરિ-હર, હરિ-હર-પિતામહ, હરિ-હરાદિત્ય વગેરે. કેટલાંક દેવાલયોમાં મુખ્ય દેવની આસપાસ બીજાં દેવદેવીઓની ગૌણ સ્વરૂપે પૂજા થવા લાગી. આ સમય દરમિયાન શિવ, વિષ્ણુ, શક્તિ, સૂર્ય અને ગણેશ એ પંચાયતનની પૂજા વિશેષ પ્રચલિત બની. આમ, સાંપ્રદાયિક ભેદભાવ સાથે સમન્વય પણ સધાયો. ધર્મસમન્વયની અસર અન્ય ક્ષેત્રોને સ્પર્શી ગઈ.

## વર્ણભેદની દૂષિતતા

વર્ણભેદની ભાવના ઉત્તરોત્તર વધતી ચાલી, કારણ આ કાલ દરમિયાન વિધર્મી પ્રજાઓનાં આક્રમણ શરૂ થઈ ચૂક્યાં હતાં. બ્રાહ્મણોને દેહાંતદંડ થતો ન હતો, પણ અર્થદંડ પણ ન કરવો એવી માન્યતા પ્રચારમાં આવી. શૂદ્રોનું સ્થાન નિમ્નતમ બનતું ગયું. આહાર અને સ્પર્શ ઉપરાંત એમનું દર્શન પણ દોષકારક ગણાવા લાગ્યું. વર્ણાંતરવિવાહથી ઉત્પન્ન થયેલ મિશ્રવર્ણનું બાળક જો તેના પિતા દ્વિજ હોય તો દ્વિજ ગણાતું અને પિતા શૂદ્ર હોય તો શૂદ્ર ગણાતું. મુસ્લિમોના આગમનથી ધર્માંતરપ્રવૃત્તિ શરૂ થઈ ચૂકી હતી. આથી વટલાયેલા લોકોને નાનીમોટી વિધિઓ દ્વારા અપનાવી લેવાની મનોવૃત્તિ પ્રબળ બનતી જતી હતી.

લગ્નપ્રથામાં સવર્ણ વિવાહનો પ્રચાર વધતો ગયો છતાં વર્ણાંતર લગ્નો સાવ નિર્મૂળ ન થયાં. પ્રતિલોમ અને અનુલોમ પદ્ધતિનાં લગ્ન થતાં હતાં. પ્રતિલોમ વિવાહનાં સંતાન તેના પિતાના વર્ણનાં ગણાતાં, જ્યારે અનુલોમ વિવાહનાં બાળકો માતાના વર્ણનાં કહેવાતાં. આમ, કેટલાંક બંધનો તૂટતાં જતાં હતાં જ્યારે કેટલીક મર્યાદાઓ વધતી જતી હતી. દા. ત., સમુદ્રયાત્રાનો નિષેધ હતો. માંસાહાર અને મદ્યપાન ત્રણેય ધર્મો માટે વર્જ્ય હતાં. ટૂંકમાં એકંદરે શાંતિ અને સહિષ્ણુતાનું વાતાવરણ હજી નષ્ટ થયું ન હતું.

* સમન્વયની પ્રક્રિયાનું સરસ ઉદાહરણ આપણને પ્રાપ્ત થાય છે તાંત્રિક સંપ્રદાયના પ્રચારમાં. આ કાલ દરમિયાન આ સંપ્રદાય પ્રચારમાં આવી ચૂક્યો હતો. 'યંત્ર' એટલે ગૂઢ આકૃતિ અને 'મંત્ર' એટલે ગૂઢ શબ્દાવલી. ઉભય દ્વારા ગૂઢ તત્ત્વોનું જ્ઞાન ફેલાવનાર સાહિત્યને તંત્ર કહેવાય છે. આથી આ પ્રકારના સાહિત્યની આસપાસ કેન્દ્રિત વિચારસરણીને તાંત્રિક સંપ્રદાય તરીકે ઓળખાવી શકાય. પ્રસ્તુત સંપ્રદાયમાં જાતિજ્ઞાતિના ભેદભાવ વિના સર્વ સ્ત્રીપુરુષને ભાગ લેવાનો અધિકાર છે. વેદની જેમ એમાં અધિકારની મર્યાદા નડતી નથી. ગૂઢ તત્ત્વોનું નિરૂપણ શિવશક્તિની પ્રશ્નોત્તરીરૂપે થયું છે. તંત્રગ્રંથોની રચના, આમ તો, છઠ્ઠી સદીથી આરંભાઈ હતી પણ પ્રસ્તુત કાલ દરમિયાન એનો વિકાસ નોંધપાત્ર રહ્યો હતો. તંત્રગ્રંથોનું સ્વરૂપ પુરાણો જેવું છે. એની સંખ્યા ૬૪ની છે. સર્જન-વિસર્જન, મંત્રો-યંત્રો, દેવો, તીર્થો, વર્ણાશ્રમ ધર્મો, પુરાણકથાઓ, પર્વો વગેરે અનેકવિધ વિષયોનું નિરૂપણ આ તંત્રગ્રંથોમાં થયું છે.

## બૌદ્ધ-જૈન મર્યાદા

બૌદ્ધ અને જૈન ધર્મો વિશે બે વાત અહીં ઉમેરી લઈએ.

પહેલાં બૌદ્ધ ધર્મના વિલોપનનાં કેટલાંક કારણો જોઈએ : (૧) બૌદ્ધ ધર્મે પ્રત્યેક વ્યક્તિને દૈનિક કે સામયિક ક્રિયાકાંડો કે ઉત્સવોની નવાજેશ કરી ન હતી, આથી તે પ્રજાપ્રત્યક્ષ થઈ શક્યો નહીં. (૨) જન્મ, લગ્ન અને મૃત્યુ જેવા મહત્ત્વના પ્રસંગો સારુ બૌદ્ધ ધર્મે કોઈ વિધિવિધાનો કે ઉત્સવો સૂચવ્યા ન હતા. આથી અન્ય ધર્મના જે રિવાજો ચલણમાં હતા તે ચાલુ રહ્યા. (૩) આથી વિપરીત બ્રાહ્મણ ધર્મે આ પ્રસંગોને અનુરૂપ હિંસા વિનાનાં વ્રતો, ઉત્સવો, વિધિઓ વ્યવસ્થિત રીતે ગોઠવી આપ્યાં હતાં. (૪) બૌદ્ધ ધર્મના ઉપાસકના ગૃહસ્થજીવનમાં બ્રાહ્મણ વર્ગનો પ્રવેશ ચાલુ રહ્યો હતો. (૫) બૌદ્ધ ધર્મે આક્રમણકારોને સંસ્કારી કરવાનો જે માર્ગ અપનાવ્યો હતો તે બ્રાહ્મણ ધર્મેય સ્વીકાર્યો હતો.

આમ છતાં બંગાળ, બિહાર અને કાશ્મીરમાં વત્તાઓછા પ્રમાણમાં બૌદ્ધ ધર્મ પ્રચારમાં રહ્યો હતો. સારનાથ, કોસંબી, કપિલવસ્તુ, વૈશાલી વગેરે સ્થળોએ બૌદ્ધ ધર્મ પ્રવૃત્ત હતો. દક્ષિણ ભારતમાં જૈન ધર્મ તેમ જ શૈવ તથા વૈષ્ણવ સંપ્રદાયોના વધતા જતા પ્રભાવથી બૌદ્ધ ધર્મનો હ્રાસ થયો હતો; બલકે એમ કહી શકાય કે સમન્વયનું રસાયણ એને સ્પર્શી ગયું. હવે બુદ્ધની પૂજા વિષ્ણુના અવતાર તરીકે થવા લાગી. તાંત્રિક આચારવિચાર દ્વારા બૌદ્ધ ધર્મ અને હિંદુ ધર્મ વચ્ચેની ભેદરેખા સૂક્ષ્મ બની. મુસ્લિમ આક્રમણોથી વિહારો, સ્તૂપો વગેરેનો નાશ થયો. આથી એનો પ્રભાવ બહુ ઝડપથી ઓસરતો ગયો અને અંતે તે બ્રાહ્મણ ધર્મના વિશાળ બાહુઓમાં સમાઈ ગયો.

આથી વિપરીત સ્થિતિ જૈન ધર્મની હતી. પશ્ચિમ ભારત અને કર્ણાટકમાં એની વ્યાપક અસર હતી. ગુજરાતમાં સોલંકી વંશે એને રાજ્યાશ્રય આપ્યો તથા કેટલાક પ્રભાવકોને કારણે તેનો ગુજરાતમાં વિપુલ પ્રસાર થયો. કુમારપાળ જૈન ધર્મનો પરમ પ્રોત્સાહક હતો. આથી હેમચંદ્રાચાર્ય અને કુમારપાળના સમયમાં જૈન ધર્મનો અભ્યુદય થયો. દખ્ખણમાં કલ્યાણીના ચૌલુક્યો અને કર્ણાટકના હોયસળોએ જૈન સૂરિઓ અને વિદ્વાનોને આશ્રય આપ્યો. પરંતુ ચોલ અને પાંડ્ય રાજાઓના આધિપત્ય દરમિયાન દક્ષિણ ભારતમાં શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયોનું વર્ચસ પ્રવર્ત્યું. આથી જૈન ધર્મનો હ્રાસ થયો. જૈન ધર્મમાં તાંત્રિક મતની અસર પ્રબળ રીતે પ્રસરી નહીં. બ્રાહ્મણ ધર્મની કેટલીક અસર ઝીલવા છતાં — દા. ત., લગ્નવિધિમાં બ્રાહ્મણોનું આધિપત્ય સ્વીકારી સમાધાન કર્યું છતાં — પોતાના આચારવિચારને જૈનો પ્રબળ રીતે વળગી રહ્યા. બિહાર-બંગાળમાં મુસ્લિમ આક્રમણખોરોએ બૌદ્ધ વિહારોને જે નુકસાન પહોંચાડયું તેના પ્રમાણમાં જૈન ઉપાશ્રયો, જ્ઞાનભંડારો વધારે સુરક્ષિત રહ્યા. શ્રીમંત શ્રાવકો જૈન મંદિરોનો વારંવાર જીર્ણોદ્ધાર કરીને તેમ જ સૂરિઓ ધર્મભાવના જાગ્રત રાખીને ધર્મના રક્ષણ માટે પ્રવૃત્તિશીલ રહ્યા. આથી બૌદ્ધ ધર્મની જેમ જૈન ધર્મનો લોપ ન થયો.

આ કાલ દરમિયાન બૌદ્ધ ધર્મનું વિલીનીકરણ થયું અને જૈન ધર્મનો વ્યાપ વિશેષ મર્યાદિત બન્યો. શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયો દેશ સમસ્તમાં વધારે વ્યાપક અસર ઉપજાવી શક્યા. આ સમય દરમિયાન મુસ્લિમોએ આ દેશને હિંદ તરીકે અને લોકોને હિંદુ તરીકે ઓળખાવ્યા. તેથી 'બ્રાહ્મણ ધર્મ' હવે 'હિંદુ ધર્મ' તરીકે ઓળખાયો. મુસ્લિમ આક્રમણકારોએ શૈવ, વૈષ્ણવ વગેરે સંપ્રદાયોનાં મંદિરો અને મૂર્તિઓનો નાશ કરવો શરૂ કર્યો ત્યારે તેમના અનુયાયીઓમાં હિંદુ ધર્મની વ્યાપક દૃષ્ટિનાં પગરણ થઈ ચૂક્યાં હતાં. ભક્તિના તત્ત્વે આમવર્ગનો ટેકો હિંદુ ધર્મના સંરક્ષણ માટે મેળવ્યો હતો.

# ૨ : સંસ્કાર-ચિંતન : સાહિત્ય અને શિક્ષણ

કોઈ પણ સમાજ કે સંસ્કૃતિની પ્રગતિનો માપદંડ એ સમાજ કે સંસ્કૃતિમાં થયેલી ચિંતન-સંવેદનાની ગુણાત્મક પ્રવૃત્તિઓ છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ સામાન્યત: સર્જનાત્મક અને ચિંતનસભર હોય છે; તેમાં મુખ્યત્વે સાહિત્ય, કલા, ધર્મદર્શન અને શિક્ષણનો સમાવેશ કરી શકાય. આથી આ પ્રકરણમાં ચોથી સદીથી બારમી સદી પર્યંતની આવી પ્રવૃત્તિઓની ઝાંખી કરાવવાનો આશય છે.

આરંભ દર્શનશાસ્ત્રથી કરીએ. કારણ કે એ બધી ચિંતનશીલ પ્રવૃત્તિઓનું ધ્રુવબિંદુ છે, પ્રેરણાસ્રોત છે. આપણા દેશમાં 'ધર્મ' અને 'દર્શન' (તત્ત્વચિંતન) પરસ્પર સંકળાયેલાં છે. ઉભયના નિર્દેશ વિના કોઈ એકની વાત કરવી મુશ્કેલ બને છે. ગયા પ્રકરણમાં જોયું કે આ કાલ દરમિયાન ભારતમાં ધાર્મિક સંઘર્ષ કટોકટીની દશાએ પહોંચ્યો હતો. બધા ધર્મો વચ્ચેના વાદવિવાદમાં મુખ્ય લક્ષણ હતું સ્વમતનું મંડન અને પરમતનું ખંડન. પરિણામે તે તે ધર્મના આચાર્યોને પોતાની શ્રેષ્ઠતા દર્શાવવા બૌદ્ધિક કસરત કરવી પડી. મૌલિક વિચારો અને ચિંતનનું ભાથું એમને પીરસવું પડયું. આને લીધે તેમની બુદ્ધિશક્તિની ઉત્તમતાનો લાભ પ્રજાસમસ્તને મળ્યો. આમ, ધર્મની શ્રેષ્ઠતાની સ્પર્ધામાં 'દર્શન'નાં ગુણાત્મક અને બહુસંખ્ય પુસ્તકો રચાયાં.

આ કાલના પૂર્વાર્ધમાં મૌલિક ગ્રંથો ઘણા લખાયા, જ્યારે ઉત્તરાર્ધમાં મુખ્યત્વે ભાષ્યો અને વૃત્તિઓ લખાઈ. હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મના અનુયાયીઓના વિવાદોથી પ્રસ્તુત સમય વ્યાવૃત્ત હતો. વેદાંત, સાંખ્ય, યોગ, ન્યાય અને મીમાંસાના અનુયાયીઓ પરસ્પરથી શ્રેષ્ઠ થવાનો પ્રયત્ન કરતા હતા. બૌદ્ધ અને જૈન ધર્મના પેટા સંપ્રદાયો પણ એકબીજાથી ચડિયાતા થવા પ્રયત્ન કરતા. આ સ્પર્ધાને પરિણામે તત્ત્વમીમાંસાને વેગ પ્રાપ્ત થયો.

પ્રાકૃતમાં રચાયેલા જૈનોના આગમ સાહિત્યને લુપ્ત થતું બચાવવાની અને એની સમીક્ષિત વાચના તૈયાર કરવાની આવકારલાયક એવી એક પ્રવૃત્તિ ઈ. સ. ૩૦૦ની આસપાસ થઈ. આચાર્ય સ્કંદિલના પ્રમુખ-પદે મથુરામાં અને આચાર્ય નાગાર્જુનની અધ્યક્ષતામાં વલભીમાં શ્રામણસંઘ એકત્રિત થયા અને જેમને જેમને આગમ, સૂત્ર કે ખંડ સ્મૃતિબદ્ધ હતા તેઓ લખાવવા લાગ્યા. આમ આગમો સંકલિત થયાં, જે 'માથુરી વાચના' કે 'સ્કંદિલી વાચના' અને 'વાલભી વાચના' કે 'નાગાર્જુનીય વાચના' તરીકે ખ્યાત છે. સમકાલીન એવી આ બંને પ્રવૃત્તિઓના આચાર્યો પરસ્પરને નહીં મળી શકવાને કારણે તેમણે તૈયાર કરેલી વાચનાઓમાં પાઠભેદ રહેવા પામ્યા. આથી 'વીર-નિર્વાણ વર્ષ' સ. ૯૮૦ (કે ૯૯૩) અર્થાત્ ઈ. સ. ૪૫૪ (કે ૪૬૭)માં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આ બંને વાચનાઓ સંકલિત કરી ત્યારે તેમણે માથુરી વાચનાને મુખ્ય વાચના તરીકે સ્વીકારી, વાલભી વાચનાના પાઠભેદને પાદનોંધમાં નિર્દેશ્યા. આ રીતે આગમ સાહિત્યની પરંપરાને જાળવવાના પ્રશસ્ય પ્રયત્નો થયા.

જૈનાચાર્ય સિદ્ધસેન દિવાકરે સંસ્કૃતમાં 'ન્યાયાવતાર' અને પ્રાકૃતમાં 'સન્મતિ પ્રકરણ' નામના ગ્રંથો દ્વારા જૈન ત્યાગના પ્રમાણશાસ્ત્રનો પાયો નાખ્યો. આચાર્ય સમન્તભદ્રે 'આપ્તમીમાંસા' દ્વારા સ્યાદ્‌વાદનું સમર્થન કર્યું અને તર્કપદ્ધતિનું બીજ રોપ્યું. વલભીના મલ્લવાદી સૂરિએ 'દ્વાદશારનયચક્ર' નામના ગ્રંથમાં પરવાદનું ખંડન અને નયવાદ તથા સ્યાદ્‌વાદનું પ્રતિપાદન કર્યું. આમ જૈન સાહિત્યમાં ન્યાયના

ક્ષેત્રમાં મહત્ત્વનું પ્રદાન થયું. ઉપરાંત ઉદ્યોતકરનું 'ન્યાયવાર્તિક' અને ધર્મકીર્તિનું 'ન્યાયબિંદુ' ગ્રંથો પણ નોંધપાત્ર ગણાય.

બૌદ્ધ ધર્મે પણ ન્યાયવાદનું ખેડાણ કર્યું. વસુબંધુએ વિભાષાઓનું અધ્યયન કરી 'અભિધર્મકોશ' અને એના વિશે ભાષ્ય લખ્યું. બૌદ્ધોમાં આ ગ્રંથને મહત્ત્વનું સ્થાન છે. ચીન અને જપાનમાં 'અભિધર્મકોશ'નો સૂક્ષ્મ અભ્યાસ થતો હતો. 'પરમાર્થ સપ્તતિ' દ્વારા વસુબંધુએ સાંખ્યમતનું ખંડન કર્યું. ઉપરાંત 'વિજ્ઞપ્તિમાત્રતા-સિદ્ધિ' ગ્રંથના કર્તા પણ વસુબંધુ; જેમાં તેમણે વિજ્ઞાનવાદ વિશે મહત્ત્વની મીમાંસા કરી છે. આમ બૌદ્ધાચાર્ય વસુબંધુનો ન્યાયવિદ્યામાં મહત્ત્વનો ફાળો નોંધી શકાય. નાલંદા વિદ્યાપીઠના તેઓ આચાર્યપદે હતા.

એમના શિષ્ય ગુણમતિએ 'અભિધર્મકોશ' ઉપર વૃત્તિ લખી દ્વૈતમતનું તથા માધ્યમિક મતનું ખંડન કર્યું. ગુણમતિના શિષ્ય પરમાર્થે 'લક્ષણાનુસારશાસ્ત્ર'નો ચીની ભાષામાં અનુવાદ કર્યો. સ્થિરમતિએ વસુબંધુના 'અભિધર્મ-કોશ' 'અભિધર્મસમુચ્ચય' વગેરે ગ્રંથો ઉપર વૃત્તિ લખી. વસુબંધુના પ્રખ્યાત શિષ્ય દિઙ્નાગ કાંચીના બ્રાહ્મણ હતા છતાં બૌદ્ધ વિજ્ઞાનવાદી હતા. એમણે ન્યાયવિદ્યાને વાદવિદ્યાથી છૂટી પાડી શુદ્ધ સ્વરૂપ આપ્યું. અનેક ગ્રંથો એમણે ન્યાય વિશે લખ્યા છે, જેમાં 'પ્રમાણસમુચ્ચય' ઉત્તમ ગ્રંથ છે. સંસ્કૃતમાં લખેલા 'ન્યાયપ્રવેશ' અને 'પ્રજ્ઞાપારમિતાપિંડાર્થ' ગ્રંથો ઉપલબ્ધ છે. એમના અન્ય ગ્રંથો કેવળ ચીની અનુવાદરૂપે પ્રાપ્ત છે.

બ્રાહ્મણ ધર્મે પણ ન્યાયવિદ્યાના ક્ષેત્રે મહત્ત્વનો ફાળો નોંધાવ્યો છે. ઈશ્વરકૃષ્ણનું 'સાંખ્યકારિકા', વાત્સ્યાયનનું 'ન્યાયસૂત્ર' ઉપરનું ભાષ્ય, 'મીમાંસાસૂત્ર' ઉપરનું સબરસ્વામીનું ભાષ્ય, 'યોગસૂત્ર' ઉપર પતંજલિનું 'વ્યાસભાષ્ય', પ્રશસ્તપાદનું 'વૈશિષિકસૂત્ર' ઉપરનું ભાષ્ય વગેરે આ વિષયના અગ્રણી ગ્રંથો છે. સબરસ્વામીએ મીમાંસા કેવળ ધાર્મિક વિધિનો ગ્રંથ હતો તેમાંથી તેને તત્ત્વજ્ઞાનના સંપૂર્ણ પદ્ધતિના ગ્રંથ તરીકે સ્થાન આપ્યું. વરાહમિહિરનો 'પંચસિદ્ધાંતિકા' ગ્રંથ જ્યોતિષને લગતો છે. આ ગ્રંથમાં જ્યોતિષવિષયક પાંચ સિદ્ધાંતોનો સમાવેશ થયો છે. 'બૃહત્સંહિતા' એમનો પ્રસિદ્ધ ગ્રંથ છે. કુમારિલ ભટ્ટનું 'શ્લોકવાર્તિક' અને 'તન્ત્રવાર્તિક' આ વિષયના પ્રમાણભૂત ગ્રંથ ગણી શકાય. વાદવિજય કુમારિલ ભટ્ટની બરોબરી કરવી કોઈ પણ દાર્શનિક આચાર્ય માટે મુશ્કેલ કાર્ય હતું. એમની પ્રવૃત્તિઓથી વેદધર્મનો મહિમા પુન: પ્રસ્થાપિત થયો. પરિણામે સર્વત્ર યજ્ઞકર્મપરાયણ ધર્મનો મહિમા વધ્યો.

ભારતીય દર્શનનો વિકાસ છ સ્વતંત્ર વિચારસરણીઓમાંથી થયો. આ છ દર્શનોના પ્રતિપાદક આચાર્યો હતા: કણાદ, ગૌતમ, કપિલ, પતંજલિ, જમિનિ અને અક્ષપાદ. આ વિચારધારાઓનાં નામ છે : વૈશેષિક, ન્યાય, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા. વિચારસામ્યને કારણે કે અન્ય સમાનતાઓને કારણે કાળબળે આ છ દર્શનો ત્રણ યુગ્મોમાં વિભાજિત થયાં : ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ અને પૂર્વ-ઉત્તર-મીમાંસા.

ન્યાય અને વૈશેષિક દર્શન આત્મા, ઈશ્વર અને બાહ્ય સંસારના અસ્તિત્વમાં વિશ્વાસ ધરાવે છે. એમના મતે માટી, પાણી, અગ્નિ અને વાયુનો સમૂહ તે સંસાર. ગુપ્તકાલમાં પ્રશસ્તપાદે 'પદાર્થધર્મસંગ્રહ' નામનો વૈશેષિકસૂત્ર ઉપરનો ભાષ્યગ્રંથ આપ્યો. સાંખ્ય અને યોગદર્શનો પરસ્પરનાં પૂરક ગણાય છે. સાંખ્ય કેવળ બૌદ્ધિક દર્શન છે, જ્યારે યોગ માનસિક સાધના ઉપર ભાર મૂકે છે. સાંખ્ય ઈશ્વરના અસ્તિત્વને નકારે છે, જ્યારે યોગ તેનો સ્વીકાર કરે છે. ગુપ્તકાલમાં સાંખ્યસૂત્રની વ્યાખ્યા ઈશ્વરકૃષ્ણે 'સાંખ્યકારિકા' ગ્રંથમાં કરી છે. મૂળ સિદ્ધાંત સિવાય પૂર્વમીમાંસા અને ઉત્તર મીમાંસાની દાર્શનિક વિચારસરણી ભિન્ન છે. બંને દર્શનો ઈશ્વરની આવશ્યકતાને અસ્વીકારી કર્મની અનિવાર્યતા ઉપર ભાર મૂકે છે.

પરંતુ બ્રાહ્મણધર્મીય દાર્શનિકોમાં સૌથી પ્રજ્ઞાવાન શંકરાચાર્ય ગણાય છે. કેરળ રાજ્યના કાલડી ગામમાં એમનો જન્મ, આઠમા સૈકાના અંતિમ ચરણના મધ્યમાં. નવમા શતકના આરંભમાં શંકરે સમસ્ત દેશમાં ભ્રમણ કરી સંખ્યાબંધ નાસ્તિક અને આસ્તિક મતોનું ખંડન કર્યું; અને વેદાંત મતનો તથા વેદધર્મનો મહિમા

પ્રવર્તાવ્યો. દાર્શનિક સંવાદમાં આવી અભૂતપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ શંકરાચાર્યને કાંચીપુરીમાં 'જગદ્ ગુરુ'ના પદથી સન્માન્યા. શંકરના જન્મ સમયે ભક્તિ સંપ્રદાય દૃઢશ્રદ્ધ બન્યો હતો. એ સંપ્રદાયના ભક્ત ગાયકોની પદ્યકૃતિઓએ જનસમૂહમાં ધર્મજાગૃતિ અને ચેતના રેલાવ્યાં હતાં. આથી બ્રાહ્મણ ધર્મ લોકપ્રિયતા પ્રાપ્ત કરતો જતો હતો. પણ સમકાલીન બૌદ્ધ અને જૈન ધર્મના વ્યાપક સિદ્ધાંતોનો સામનો કરવાની ક્ષમતા આ ભક્તોમાં ન હતી કે તેમ કરવાની વૃત્તિનો અભાવ હતો. ગમે તેમ પણ આ બંને ધર્મોનો દાર્શનિક કક્ષાએ સામનો કરી બ્રાહ્મણ ધર્મની સર્વોપરીતા પ્રસ્થાપવાનું દુર્ઘટ કાર્ય તો શંકરાચાર્યે કર્યું કહેવાય. શંકરાચાર્યે વેદાંત-ના કેવલાદ્વૈત મતનું પ્રતિપાદન કર્યું, જેને પરિણામે બૌદ્ધ ધર્મને જબરી શિકસ્ત સાંપડી. શંકરાચાર્યની વેદાંત અંગેની સમજૂતીએ બૌદ્ધિકો અને તત્ત્વજ્ઞો ઉપર ભારે અસર પહોંચાડી. શંકરનું ધ્યેય હિંદુ ધર્મ મીમાંસાના અદ્વૈતવાદી લક્ષણને સ્થાપવાનું હતું. એમણે દ્રવિડાચાર્ય, માહેશ્વર, કાપાલિક ઈત્યાદિ શૈવ સંપ્રદાયોના મતોની પણ મીમાંસા કરી. દાર્શનિક સિદ્ધિ પ્રાપ્ત કરવા ઉપરાંત શંકરાચાર્યે વ્યાવહારિક સિદ્ધિ પ્રાપ્ત કરી. ચાર દિશામાં ચાર મઠ (ઉત્તરે બદ્રિકેશ્વર, પશ્ચિમે દ્વારકાધીશ, દક્ષિણમાં શૃંગેરી અને પૂર્વમાં જગન્નાથપુરી) સ્થાપીને શંકરાચાર્યે વિચારોને વ્યવહારમાં ઉતારવાનું અલૌકિક કાર્ય કર્યું. આથી ધર્મનું રક્ષણ થયું, ધર્મનો પ્રચાર થયો અને ધર્મનો વિકાસ થયો. આ મઠોમાં સંસ્કૃતના અધ્યયન-અધ્યાપનની વ્યવસ્થા પણ શંકરાચાર્યે કરી. આથી સંસ્કૃત ભાષા અને સાહિત્યનો પ્રચાર થયો. દશનામી સંન્યાસીઓની સંસ્થા સ્થાપી સાધુઓનાં કાર્યોને તેમણે વ્યવસ્થિત બનાવ્યાં.

આમ, ભાષ્યો અને વૃત્તિઓથી આ સમયનું સાહિત્ય સમૃદ્ધ થયું. આસ્તિક દર્શનોની બાબતમાં નવમી સદીના પૂર્વાર્ધમાં વાચસ્પતિ મિશ્રે વિપુલ ફાળો આપ્યો. એમની વિદ્વત્તા સર્વદેશીય હતી. એમણે સર્વ આસ્તિક દર્શનોનું વિવરણ કર્યું. એમનાં લખાણોમાં સર્વ દર્શનો તરફ અનુરાગ વ્યક્ત થાય છે. આથી તેઓ 'સર્વદર્શનવલ્લભ' અથવા 'સર્વતંત્રસ્વતંત્ર' તરીકે પ્રસિદ્ધ થયા.

સમાજમાં બનતી ઘટનાઓનું પ્રતિબિંબ સમકાલીન સાહિત્યમાં પડતું હોય છે. પણ સાહિત્યમાં કલ્પનાનું તત્ત્વ સવિશેષ હોઈ એમાંથી ઈતિહાસનું સત્ય તારવવામાં વિશેષ કાળજીની જરૂર છે. ઈતિહાસના નિરૂપણમાં સાહિત્યિક સાધનોની ઉપયોગિતા સ્વીકારાઈ છે.

સાહિત્યનો સર્વાંગીણ પરિચય અન્ય ગ્રંથોમાં થઈ ગયો છે. આ ગ્રંથમાં પણ હવે પછીનાં પ્રકરણોમાં થોડેક અંશે કેટલાંક વિશિષ્ટ પુસ્તકોનો પરિચય વ્યક્તિના સંદર્ભમાં કે ધર્મ-દર્શનના વિવરણ સંબંધે આપ્યો છે. ઉપરાંત 'ભારત : આદિ અને પ્રાચીન યુગ'ના ગ્રંથમાં પણ તેનો જરૂર મુજબ સમાવેશ છે.

## સંસ્કૃત ભાષાનું પ્રદાન

આ બધા સમય દરમિયાન સંસ્કૃત ભાષાનું પ્રદાન અદ્વિતીય અને અમૂલ્ય રહ્યું છે. તે રાજ્યની ભાષા હતી, સંસ્કારની ભાષા હતી, રાષ્ટ્રભાષા હતી, સંશોધનની ભાષા હતી. આમ, આ સમય દરમિયાન સંસ્કૃતનો અપૂર્વ મહિમા સ્થપાયો. જનભાષા તરીકે પણ એનું સ્થાન બહુમૂલું બન્યું. આ ભાષામાં વિપુલ સાહિત્ય આ સમયે સરજાયું. એ સર્જનો ઊંચી ગુણવત્તાવાળાં હોઈ ઘણાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતાં થયાં, ઘણાં ચિરંજીવ બન્યાં. સિક્કાઓ, શિલાલેખો અને તામ્રપત્રો પણ સંસ્કૃતમાં લખાયાં. ગદ્ય સાથે પદ્યનો વિનિયોગ પણ આ માધ્યમોએ સફળ રીતે કર્યો. અલ્લાહાબાદના સ્તંભ ઉપર કોતરેલાં સમુદ્રગુપ્તની પ્રશસ્તિ, દિલ્હીના કુતુબમિનાર પાસેના લોહસ્તંભ ઉપર કોતરેલી (રાજા) ચંદ્રની પ્રશસ્તિ, ગિરિનગરના શિલાલેખમાં સુદર્શન-સંસ્કારની પ્રશસ્તિ, મંદસોરના શિલાલેખમાં દશપુરના સૂર્યમંદિરની પ્રશસ્તિ, મંદસોરના અભિલેખોમાં યશોદા માની પ્રશસ્તિ – કાવ્ય-રચનાના ઉત્તમ નમૂના છે. ઉત્તરકાલીન ગુપ્તો, મૌખરીઓ, વર્ધનો, મૈત્રકો, ગુર્જરો, ચૌલુક્યો ઈત્યાદિ રાજવંશોનાં રાજશાસન સંસ્કૃતમાં લખાતાં. આમાંની ઘણી રચનાઓ સાહિત્યિક દૃષ્ટિએ સુંદર શૈલીની દ્યોતક છે.

આમ, સંસ્કૃત ભાષા અને સાહિત્ય વધુ વિદ્વદ્ભોગ્ય બનતાં જાય છે. સાથે સાથે પ્રતિભાજન્ય મૌલિકતાને સ્થાને શાસ્ત્રીય નિયમો અનુસારના રૂઢ રચના પ્રકારોનું પ્રમાણ વધતું જાય છે. ભોજ જેવા રાજવી કવિઓ અને આશ્રમદાતાઓનું સંસ્કૃતને વિકસાવવય માટે પ્રોત્સાહન મળતું રહે છે. હેમચંદ્રાચાર્ય જેવા બહુશ્રુત સાહિત્યજ્ઞો થતા જાય છે. 'માનસોલ્લાસ' જેવા જ્ઞાનકોશ લખાય છે. શાસ્ત્રીય રચનાઓ તથા નિબંધો, વૃત્તિઓ તથા ઉપવૃત્તિઓ વગેરે સારા પ્રમાણમાં રચાતું જાય છે.

* છતાં, પ્રથમ સહસ્રાબ્દીના અંતિમ ચરણ દરમિયાન કવિપ્રતિભા તથા મૌલિક ચિંતન અને લેખનનો પ્રશિષ્ટ યુગ જાણે ક્યારનોય અસ્તાચળે પહોંચી ગયો હોય એમ જણાય છે. એના સ્થાને સંગ્રહો તૈયાર થયા. વલ્લભની 'સુભાષિતાવલી', શ્રીધરદાસનું 'સદુક્તિકર્ણામૃત' અને જલ્હણની 'સૂક્તિમુક્તાવલી' જેવા સંગ્રહોમાં સેંકડો કવિઓનાં સુભાષિતો સંગૃહીત થયાં છે. પ્રથમ સહસ્રાબ્દીના ઉત્તરાર્ધ દરમિયાન સંસ્કૃતની સાથે અપભ્રંશને પણ સાહિત્યિક ભાષા તરીકેનું સ્થાન મળવા લાગ્યું. છઠ્ઠી સદીથી એ ભાષામાં છૂટક દોહા રચાવા લાગ્યા. સંસ્કૃતની જેમ અપભ્રંશમાં પણ મહાકાવ્યો રચાયાં તથા કથાસાહિત્ય પ્રચલિત બન્યું. આ કાલ દરમિયાન અપભ્રંશમાંથી અર્વાચીન ભારતીય આર્યભાષાઓ ઘડાવા લાગી.

આમ, આ સમગ્ર કાલ દરમિયાન બૌદ્ધ વિચારણા અને પુરોહિત વિચારણા વચ્ચેનાં મંથનો સતત ચાલ્યાં કર્યાં. એમાંથી વિષ ગળતું ગયું અને અંતે અમૃત પ્રાપ્ત થયું. આખરે બાહ્ય દૃષ્ટિએ બૌદ્ધ સંઘની હાર થઈ, છતાં આંતરદૃષ્ટિએ તો બૌદ્ધ વિચારણાની જીત થઈ; કેમ કે પુરોહિત ધર્મને જે મંથનામૃત લાધ્યું તેનું સત્ત્વ તો બૌદ્ધ વિચારણાના રસાયણથી યુક્ત છે. (૧) પુરોહિત ધર્મે રાજ્યશક્તિની મદદ લેવાનો નિર્ણય કર્યો. (૨) બૌદ્ધ ધર્મના કેટલાક સંદેશ સ્વીકારી લીધા. (દા. ત., બુદ્ધને વિષ્ણુના અવતારોમાં સ્થાન આપ્યું.) (૩) લોકોને સમજાય તેવી રીતે ગ્રંથોની રચના કરી. (૪) લોકપ્રિય ધર્મ પ્રવર્તાવી ધાર્મિક જાગૃતિ આણી.

* સંઘર્ષો, ખાસ કરીને ધાર્મિક સંઘર્ષો, જો તંદુરસ્ત હરીફાઈને માર્ગે વળે છે તો તેમાંથી ચિંતનની સંવેદનાનાં અમૃતફળો પ્રજાસમસ્તને પ્રાપ્ત થાય છે. ઈશુની ચોથી સદીથી બારમી સદી સુધીના ભારતે આવી પ્રતીતિ કરાવી.

## શિક્ષણનાં કેન્દ્રો

પૂર્વકાલના ભારતમાં લાંબા સમય સુધી શિક્ષણ ખાનગી શિક્ષકો દ્વારા અપાતું હતું. આ શિક્ષકો સમગ્ર દેશમાં પથરાયેલા હતા. જ્યાં વિશેષ સગવડો પ્રાપ્ત થતી ત્યાં તેઓની સંખ્યા ઘણી મોટી રહેતી. સામાન્યત: રાજ્યોની રાજધાનીઓ કે પ્રસિદ્ધ ધર્મતીર્થો શિક્ષણનાં કેન્દ્રો બનતાં. આ સમયના રાજાઓ, સામંતો અને શ્રીમંતો વિદ્યાના આશ્રયદાતાઓ હતા. તેઓ વિદ્વાનોને નિમંત્રણ આપતા. આથી તક્ષશિલા, પાટલિપુત્ર, કાન્યકુબ્જ, મિથિલા, ધારા, અણહિલપુર પાટણ વગેરે નગરો ઉત્તર ભારતમાં અને માલખેડ, કલ્યાણી, તાંજોર, કાંચી જેવાં નગરો દક્ષિણ ભારતમાં શિક્ષણનાં પ્રસિદ્ધ કેન્દ્રો બન્યાં. વારાણસી, નાસિક, કર્ણાટક, પ્રભાસપાટણ વગેરે તીર્થસ્થાનો પણ શિક્ષણનાં કેન્દ્રો તરીકે પ્રસિદ્ધ હતાં. આ કેન્દ્રોને યાત્રાળુઓની અવરજવરને કારણે આવકનું સાધન મળી રહેતું હતું. બૌદ્ધ મઠો અને હિંદુ મંદિરો તથા જૈન ઉપાશ્રયો પણ વિદ્યાકેન્દ્રો બન્યાં હતાં. આમ અનૌપચારિક ધોરણે શિક્ષણની પ્રવૃત્તિઓ વિકસી હતી.

પ્રારંભિક કેળવણી વિશે શ્રદ્ધેય વિગતો પ્રાપ્ત થતી નથી. પણ આ સમયનાં શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, અભિલેખો વગેરેના અભ્યાસથી એટલું પ્રતીત થાય છે કે સામાન્યત: કલાકારોનાં ઘર કેળવણીનાં કેન્દ્રો હોવાં જોઈએ. કારીગરીની આવડત પિતા પાસેથી પુત્રને મળતી હતી. આ પ્રકારની તાલીમમાં સંભવ છે કે અક્ષરજ્ઞાન પ્રાપ્ત થતું નહીં હોય, પણ બૌદ્ધિક જ્ઞાન જરૂર મળતું હશે. કુમારગુપ્ત ૧લાના સમયનો દિલ્હીનો લોહસ્તંભ

કે સુલતાનગંજ(બિહાર)માંથી પ્રાપ્ત બુદ્ધની વિશાળકાય પ્રતિમા ધાતુશોધન વિદ્યાના શ્રેષ્ઠ નમૂના છે. ગુપ્તોના સુવર્ણ સિક્કાઓ, મૈત્રકોનાં તામ્રપત્રો વગેરેનું નિરીક્ષણ પણ સ્પષ્ટ કરે છે કે બુદ્ધિના વિકાસ માટે પૂરતી તક ઉપલબ્ધ હતી. આ સમય દરમ્યાન બંધાયેલાં મંદિરો-મઠો કે મહાલયો અને તૈયાર થયેલી પ્રતિમાઓ પણ અવૈધિક શિક્ષણવ્યવસ્થાનું સૂચન કરે છે. આ બધી કલાઓ એક તરફ વિશિષ્ટ શક્તિને વિકસવાની તક પૂરી પાડે છે તો બીજી તરફ રોજી પણ આપે છે. અભિલેખોની ગુણવત્તા પણ દર્શાવે છે કે સામાન્ય લોકોનો બૌદ્ધિક સ્તર ઊંચી કક્ષાનો હોવો જોઈએ. મંદિરો-મઠો-ઉપાશ્રયોમાં ભક્તિગીતોનું ગાન તાલીમબદ્ધ ગવૈયાઓ કરતા. આથી પણ અવૈધિક શિક્ષણપ્રથાનો ખ્યાલ પ્રાપ્ત થાય છે.

ઉચ્ચશિક્ષણ વિશે પ્રમાણભૂત માહિતી મળે છે. અભિલેખો બ્રાહ્મણોને સંખ્યાબંધ અનુદાનો અપાતાં તેની માહિતી આપે છે. અનુદાન મેળવનાર બ્રાહ્મણોએ એક તરફ પરંપરીણ શિક્ષણ અને સંસ્કારને વિકસાવવાનું તથા સુરક્ષવાનું કાર્ય કરવાનું તથા બીજી તરફ ઊગતી પેઢીમાં તેના પ્રચારનું કાર્ય કરવાનું અપેક્ષિત રહેતું. આ સમયના શિક્ષકો સાદું જીવન જીવતા હતા અને ઉચ્ચ વિચારો અને આદર્શોને વરેલા હતા. સમાજે મૂકેલા વિશ્વાસને તેઓ પૂર્ણ રીતે ચરિતાર્થ કરતા હતા. મોટા ભાગનાં 'અગ્રહાર' ગામ વિદ્યાકેન્દ્રો હતાં.

કાલિદાસ, ભારવિ, દંડી, ભર્તૃહરિ, બાણ વગેરેની કૃતિઓ જ્ઞાનના વિકાસનાં સીમાચિહ્ન ગણી શકાય. વેદવેદાંગ, ધર્મશાસ્ત્ર, વ્યાકરણ, જ્યોતિષ, કામશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, આયુર્વેદ, ઉપનિષદ, દર્શન, કાવ્ય, પુરાણ, છંદ, વાસ્તુશાસ્ત્ર, શિલ્પવિદ્યા વગેરે વિદ્યાઓનો શાસ્ત્રીય અભ્યાસ થતો હતો. ધાર્મિક વિવાદની પ્રવૃત્તિઓથી એવું સૂચવાય છે કે હિંદુ, બૌદ્ધ, જૈન, ત્રણેય દર્શનોનું અધ્યયન-અધ્યાપન સાથે થતું હતું. દિઙ્નાગ, ધર્મકીર્તિ વગેરે બૌદ્ધ આચાર્યો બ્રાહ્મણ દર્શનોમાં અને કુમારિલ ભટ્ટ, શંકરાચાર્ય આદિ બ્રાહ્મણ આચાર્યો બૌદ્ધ દર્શનોમાં પારંગત હતા. આમ હોય તો જ ખંડન-મંડનની શાસ્ત્રીય ચર્ચાઓ થઈ શકે. ટૂંકમાં, વિષયોના પઠનપાઠનમાં સાંપ્રદાયિક અભિગમનો અભાવ હતો.

શિક્ષણની પદ્ધતિનો વિશેષ ખ્યાલ પ્રાપ્ત થતો નથી. કંઠોપકંઠ પદ્ધતિ તો પ્રચારમાં હતી. પણ પશ્ચિમી ક્ષત્રપ રાજા રુદ્રદામાના ગિરિનગરના શિલાલેખમાં શિક્ષણની પદ્ધતિ વિશે જે નિર્દેશ છે તે સંભવતઃ પછીના કાળમાં પણ પ્રચલિત હોય. પ્રસ્તુત લેખમાં પારણ, ધારણ, વિજ્ઞાન અને પ્રયોગ એવા ચાર તબક્કાઓનો નિર્દેશ છે. પારણ એટલે ગ્રહણ કરવું અર્થાત્ ધ્યાનથી સાંભળવું. બીજી રીતે કહીએ તો ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવું. ધારણ એટલે સ્મૃતિમાં રાખવું, સ્મરણ કરવું, યાદ રાખવું, વાગોળવું વગેરે અર્થાત્ ગુરુ પાસે રહી મેળવેલા જ્ઞાનને ચકાસવું. આ બે પદ્ધતિઓ પછી આવે વિજ્ઞાન પદ્ધતિ. વિજ્ઞાન એટલે વિશિષ્ટ જ્ઞાન અર્થાત્ જિજ્ઞાસા-વૃત્તિથી મેળવેલું વિશિષ્ટ જ્ઞાન. બીજી રીતે કહીએ તો ગુરુ પાસેથી પ્રાપ્ત કરેલા જ્ઞાનને વાગોળતાં સ્વાધ્યાયથી એ અંગેનું વિશિષ્ટ જ્ઞાન સંપાદિત કરવું તે વિજ્ઞાન. શિક્ષણપ્રાપ્તિમાં છેલ્લો તબક્કો છે પ્રયોગપદ્ધતિનો. પ્રયોગ એટલે વ્યાવહારિક વિનિયોગ. પારણ, ધારણ અને વિજ્ઞાનથી પ્રાપ્ત જાણકારીને પ્રયોગમાં મૂકવી અર્થાત્ મેળવેલા જ્ઞાનનો – શિક્ષણનો વ્યવહારમાં ઉપયોગ કરવો.

ઉચ્ચ શિક્ષણનો અભ્યાસ ઉપનયનની સાથે દસ વર્ષની વયે શરૂ થતો અને લગભગ બાર વર્ષ સુધી ચાલતો. આ સમય દરમિયાન વૈદિક અભ્યાસ મુખ્યત્વે પૂરો થતો. પણ વિશેષજ્ઞતાની ઈચ્છા ધરાવતા વિદ્યાર્થીઓ પ્રત્યેક વેદનો અભ્યાસ બાર વર્ષ સુધી કરતા અર્થાત્ ઉપનયન પછી ૪૮ વર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કરવાનું રહેતું. સાતમા સૈકામાં કેવળ વ્યાકરણનો અભ્યાસ કરનારને દશ વર્ષ સુધી અધ્યયન કરવું પડતું.

શિક્ષણના બદલામાં નિયત ફી લેવાનું અનુચિત ગણાતું. વિદ્યાદાનને શ્રેષ્ઠ દાન ગણવામાં આવતું હોઈ એ કાર્ય માટે જાહેર દાન સરળ રીતે પ્રાપ્ત થતાં. સમાજ આ માટે જાગ્રત પણ હતો. સામાન્ય માનવીઓ, શ્રીમંતો, રાજ્ય વગેરે તરફથી વારંવાર દાન મળતું રહેતું. આથી શૈક્ષણિક અર્થતંત્ર ત્યારે મૂંઝવતો પ્રશ્ન ન હતો. ગુપ્ત સમ્રાટોએ નાલંદા અને પાલવંશી રાજાઓએ વિક્રમશિલા વિદ્યાપીઠના નિભાવની ચિંતા દૂર કરી

હતી. બદામીના ચૌલુક્યો અને કાંચીના પલ્લવો પણ શિક્ષણદાનનું મહત્ત્વ સ્વીકારી બેલગામની બ્રહ્મપુરી, કાંચીની ઘટિકા અને બાહુગ્રામ(પોંડિચેરી પાસેના બાહુર)ની વિદ્યાપીઠને આર્થિક સહાય કરતા રહેતા. ચોલ રાજા રાજેન્દ્ર ૧-લાએ એક મહાવિદ્યાલય માટે દાન આપ્યું હતું.

નાલંદા, વિક્રમશીલા, વલભી વગેરે વિદ્યાપીઠોના શિક્ષકો બૌદ્ધ ભિક્ષુઓ હતા આથી એમને વેતનની જરૂરિયાત રહેતી નહીં. પણ દક્ષિણ ભારતની મહાશાળાઓમાં યોગ્યતા અને વિષયની ગુણવત્તા પ્રમાણે શિક્ષકોને પુરસ્કાર મળતો હતો. એણ્ણાયિરમ્ મહાવિદ્યાલયના શિક્ષકોને પાંચ માણસના કુટુંબને સાધારણ ભોજનખર્ચ માટે જરૂરી રકમ કરતાં ચારગણી રકમ મળતી હતી.

ગુરુશિષ્યનું પ્રમાણ પણ ઘણું ઉત્તમ કહી શકાય. સામાન્યત: એક ગુરુ પાસે દશથી પંદર વિદ્યાર્થીઓ અધ્યયન કરતા. નાલંદા વિદ્યાપીઠમાં નવ હજાર વિદ્યાર્થીઓ અને એક હજાર શિક્ષકો હતા. અગિયારમી સદીમાં એણ્ણાયિરમ્‌ના વૈદિક મહાવિદ્યાલયમાં પ્રત્યેક શિક્ષક પાસે કેવળ વીસ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા. સત્તરમા સૈકામાં વારાણસીમાં એક શિક્ષક પાસે ચાર વિદ્યાર્થી ક્યારેક હોવાનું જણાય છે. સામાન્ય રીતે ત્યાં બારથી પંદર વિદ્યાર્થીઓનું પ્રમાણ હતું.

## વિક્રમશીલા

આઠમી સદીમાં બંગાળના પાલ વંશના રાજા ધર્મપાલે આ વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. એક તરફ નાલંદા અને વલભી વિદ્યાકેન્દ્રોની પ્રતિષ્ઠાનાં પૂર ઓસરી રહ્યાં હતાં ત્યારે બીજી બાજુ વિક્રમશીલા શારદાપીઠનો સૂર્ય ચડતી કળાએ શોભી રહ્યો હતો. ધર્મપાલે આ સંસ્થાના વિકાસમાં અદ્વિતીય ફાળો આપ્યો હતો. તેરમી સદી સુધી એના અનુગામી શાસકોએ આ શારદાપીઠને આશ્રય આપવો ચાલુ રાખ્યો હતો.

આ વિદ્યાપીઠની ખ્યાતિ પણ આંતરરાષ્ટ્રીય કક્ષાની હતી. તિબેટના ઘણા અધ્યેતાઓ અહીં આવતા હતા, અને ભારતીય વિદ્વાનોની સન્મુખ અભ્યાસ કરતા. એમના માટે અલગ મહેમાનગૃહની વ્યવસ્થા હતી. બુદ્ધ, જ્ઞાનપાદ, વૈરોચન, રક્ષિત, જેતારિ, રત્નાકરશાંતિ, જ્ઞાનશ્રીમિત્ર, રત્નવજ્ર, અભયંકરગુપ્ત વગેરે વિદ્વાનોએ સંસ્કૃતમાં ઘણા ગ્રંથો લખ્યા હતા. અહીંના સહુથી પ્રસિદ્ધ વિદ્વાન હતા દીપંકર શ્રી જ્ઞાન (ઈ. સ. અગિયારમો સૈકો). તિબેટી રાજાના નિમંત્રણથી તેઓ ત્યાં ગયા અને ત્યાંના બૌદ્ધ ધર્મને પ્રતિષ્ઠિત કરવામાં ફાળો આપ્યો. તિબેટી પરંપરાનુસાર આ વિદ્વાને મૂળ અને ભાષાંતર સહિત બસો ગ્રંથો લખ્યા હતા.

બારમા સૈકામાં વિક્રમશીલા વિદ્યાપીઠમાં ત્રણ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. પ્રવેશ માટે ધસારો રહેતો હોઈ એના નિયમો કડક હતા. અહીં છ મહાશાળાઓ હતી. ધર્મપાલ રાજા(ઈ. સ. ૭૭૦–૮૧૦)ના શાસનકાળ દરમિયાન આ છ મહાશાળાઓને છ દ્વારપંડિતોની સીધી દેખરેખ હેઠળ મૂકવામાં આવી હતી. દ્વારપંડિતોનું કાર્ય પ્રવેશ-પરીક્ષા લેવાનું હતું. વિદ્યાપીઠનું ગ્રંથાલય વિશાળ અને સમૃદ્ધ હતું. મુસ્લિમ આક્રમકોએ પણ એની પ્રશંસા કરી છે.

વ્યાકરણ, તર્કવિદ્યા, તત્ત્વમીમાંસા, અધ્યાત્મવિદ્યા, તંત્ર અને ક્રિયાકાંડ આ વિદ્યાપીઠના મુખ્ય વિષયો હતા. નાલંદાની જેમ અહીંનો અભ્યાસક્રમ વિશાળ અને ઉદારમતવાદી હતો. ચાર સૈકા સુધી આ વિદ્યાપીઠે સફળ કામગીરી કરી. ઈ. સ. ૧૨૦૩માં બખ્ત્યાર ખલજીના સમયમાં એનો નાશ થયો.

### સલોતગી મહાવિદ્યાલય

બિજાપુર જિલ્લામાં આવેલું સલોતગી મહાવિદ્યાલય દશમા-અગિયારમા સૈકામાં વૈદિક અભ્યાસનું પ્રસિદ્ધ કેન્દ્ર હતું. રાષ્ટ્રકૂટ મહારાજા કૃષ્ણ ૩-જાના પ્રધાન નારાયણે બંધાવેલા મંદિરમાં આ મહાવિદ્યાલય ચાલતું હતું. અહીંના અધ્યયન-અધ્યાપનની કાર્યક્ષમતાથી પ્રેરાઈને ભારતભરમાંથી વિદ્યાર્થીઓ અહીં અભ્યાસાર્થે

આવતા હતા. વિદ્યાર્થીઓને વિનામૂલ્ય ભોજન મળતું હતું. અન્ય સગવડો પણ સુલભ હતી. આશરે બસો વિદ્યાર્થીઓને પ્રસ્તુત સવલતો પ્રાપ્ત થતી. ખર્ચને પહોંચી વળવા ગામલોકો આ મહાવિદ્યાલયને આર્થિક સહાય કરતા રહેતા હતા.

### એણ્ણાયિરમ્

દક્ષિણ આર્કોટ જિલ્લામાં સ્થિત આ મહાવિદ્યાલય અગિયારમા સૈકામાં પ્રસિદ્ધ હતું. સ્થાનિક મહાજને આ વિદ્યાકેન્દ્રના નિભાવ સારુ ૩૦૦ એકર જમીન દાન આપી હતી. આની ઊપજમાંથી ૩૪૦ જેટલા વિદ્યાર્થીઓ વિનામૂલ્ય રહી, જમી, ભણી શકતા હતા. વિષય પ્રમાણે પ્રવેશ-મર્યાદા હતી. સોળ શિક્ષકો નિયત કરેલા અભ્યાસક્રમ શીખવતા હતા. ટૂંકમાં, મુખ્યત્વે અહીંનું સ્વરૂપ વૈદિક અભ્યાસનું હતું. મહાવિદ્યાલયના શિક્ષકોને દૈનિક ભથ્થું ૧૬ શેર ચોખાનું મળતું હતું. પાંચ વ્યક્તિના કુટુંબને રોજના જરૂરી ભોજનખર્ચ કરતાં આ પુરસ્કાર ત્રણગણો હતો.

### તિરુમુક્કુદલ

ચિંગલપુર જિલ્લાના તિરુમુક્કુદલ ગામે વેંકટેશ પેરુમલનું મંદિર હતું. આ મંદિરમાં અગિયારમા સૈકામાં એક રસપ્રદ સંસ્થાનો વિકાસ થયો, જેમાં મહાવિદ્યાલય, છાત્રાલય અને રુગ્ણાલય ત્રણેયની એકસાથે સગવડ ઊભી થઈ હતી. આ મહાવિદ્યાલયમાં ૬૦ વિદ્યાર્થીઓને નિ:શુલ્ક રહેવા, જમવા અને ભણવાની સગવડ હતી. વાનપ્રસ્થ કે સંન્યાસીઓને પણ અહીં પ્રવેશ મળતો હતો. એણ્ણાયિરમ્ મહાવિદ્યાલય કરતાં અહીંના શિક્ષકોના પગાર ઓછા હતા. શિક્ષકોને રોજના ત્રણ શેર ચોખા મળતા હતા.

### તિરુવોર્રિયુર

આ મહાવિદ્યાલય ચિંગલપુર જિલ્લામાં આવેલું હતું. એની મહત્તા તેરમા સૈકામાં જામી હતી, ચૌદમા સૈકા સુધી એની કામગીરી ચાલુ રહેલી. આ સંસ્થાને ૪૦૦ એકર જમીન દાનમાં મળેલી. આથી આશરે ૪૫૦થી વધુ વિદ્યાર્થીઓને રહેવા, જમવા અને ભણવાની સુવિધા પ્રાપ્ત થતી. ૨૦થી ૨૫ શિક્ષકો અધ્યાપનકાર્ય કરતા હતા. શિવ મંદિરના એક મોટા ખંડમાં પ્રસ્તુત મહાવિદ્યાલય કાર્ય કરતું હતું. પાણિનિની સ્મૃતિમાં આને વ્યાકરણ મહાવિદ્યાલય તરીકે પ્રતિષ્ઠિત કરાયું હતું.

### મલ્કાપુરમ

તેરમા સૈકામાં પ્રસિદ્ધિ પામેલું આ મહાવિદ્યાલય પણ મંદિર, છાત્રાલય અને દવાખાનાની સુવિધાથી સુસજ્જ હતું. ઈ. સ. ૧૨૬૮ના એક લેખમાં પ્રસ્તુત વિગતો નોંધાઈ છે. ૧૫૦ વિદ્યાર્થીઓને દવાદારૂ, ભોજન, રહેઠાણ, શિક્ષણ બધું વિનામૂલ્યે ઉપલબ્ધ હતું.

### અગ્રહાર વિદ્યાલયો

કોઈ ને કોઈ માંગલિક પ્રસંગોએ રાજાઓ વિદ્વાન બ્રાહ્મણોને ખાસ નિમંત્રણથી ગામડાંમાં વસાવતા અને ગુજરાન માટે મહેસૂલ આપતા. આવાં ગામ અગ્રહાર કહેવાતાં. સ્વાભાવિક રીતે આવાં ગામડાં વિદ્યા-કેન્દ્રો બનતાં. આ કેન્દ્રોમાં સંસ્કૃતના અભ્યાસની નિ:શુલ્ક વ્યવસ્થા હતી.

કર્ણાટકના ધારવાડ જિલ્લામાં આજના કલસ ગામે કાદિપુર અગ્રહાર આવેલું હતું. દસમા સૈકામાં રાષ્ટ્રકૂટ શાસને આ ગામ વસાવ્યું હતું. વેદ, વ્યાકરણ, તર્ક, પુરાણ, રાજનીતિ અને કાવ્યશાસ્ત્રમાં કુશળ એવા બસો બ્રાહ્મણોને આ ગામ દાનમાં આપ્યું હતું.

આવું જ બીજું અગ્રહાર ગામ હતું સર્વજ્ઞાપુર. હસન જિલ્લામાં આવેલું આ અગ્રહાર પણ વિદ્યાકેન્દ્ર હતું. વેદ, શાસ્ત્ર અને છ દર્શનોનો અભ્યાસ અહીં થતો હતો.

**ઉપસંહાર**

ઉપરના ચિત્ર પરથી એટલું સ્પષ્ટ થાય છે કે શિક્ષણનું કાર્ય મહદંશે વિનામૂલ્ય ચાલતું હતું. પ્રસ્તુત સમયગાળા દરમિયાન ઘણી વાર વિદેશી અમલનું અસ્તિત્વ હતું અને ત્યારેય નિ:શુલ્ક વિદ્યાપરંપરા ચાલુ રહી હતી. વિદ્વાન બ્રાહ્મણો નિ:સ્વાર્થ ભાવે આર્થિક સ્થિતિની પરવા કર્યા વિના લાયક વિદ્યાર્થીને મફત શિક્ષણ આપવા આતુર હતા. આથી અનુમાની શકાય કે આ સમય દરમિયાન આર્થિક રીતે નિર્બળ વિદ્યાર્થી પણ ઉચ્ચશિક્ષણ સરળતાથી પ્રાપ્ત કરી શકતો હશે. ગુરુની સેવા-શુશ્રૂષા કરવાની ધગશ આવશ્યક ગણાતી.

શિક્ષણના તાત્ત્વિક સિદ્ધાંતો કે વ્યવહારની બાબતમાં બૌદ્ધ અને હિંદુ વચ્ચે કોઈ પાયાનો ભેદ ન હતો. આથી આ સમયના શિક્ષણવિકાસમાં આ બંને ધર્મોનો ફાળો અમૂલ્ય રહ્યો હતો. આત્યંતિક અપરિગ્રહણના વ્રતને કારણે જૈન ધર્મે વિદ્યાકેન્દ્રો વિકસાવવામાં પીછેહઠ કરી હતી. જૈન સાધુઓ એકાંતમાં રહેતા હોઈ સામાન્ય જન માટે એમની ઉપલબ્ધિ અશકય બનતી. પછીના કાળમાં જૈન મંદિરો શિક્ષણનાં કેન્દ્રો બન્યાં, પણ જૈન ધર્મના સિદ્ધાંતો શીખવવાની મર્યાદાને કારણે સર્વભોગ્ય બની શકયાં નહીં. પણ સાહિત્યના વિકાસમાં એમનું પ્રદાન અમૂલ્ય ગણાવી શકાય. વિષયોનું વૈવિધ્ય પણ એમનું જમા પાસું હતું. આમ એમણે શિક્ષણ ક્ષેત્રે પરોક્ષ ફાળો આપ્યો એમ કહી શકાય.

# ૩ : સંસ્કાર-વિસ્તરણ : રાષ્ટ્રીયતાનો અભ્યુદય

માનવીનાં અને માનવજૂથોનાં સ્થળાંતર થતાં રહ્યાં છે. તે સાથે વિચારો અને સંસ્કારો પણ સ્થાનાંતર પામે છે. છતાં ઘણી વાર માનવજૂથો પુનઃસ્થળાંતર પામે છે ત્યારે વિચાર અને સંસ્કાર તો તે સ્થળે વ્યાપ્ત રહે છે અને કેવળ મિશ્ર વિચારો અને સંસ્કારો તેમની સાથે જાય છે. સંસ્કાર અને વિચારનાં બાહ્ય રૂપાંતરો થતાં રહે છે પણ એનું અંતઃસત્ત્વ તો કાયમી હોય છે. માનવીને સ્થળકાળની મર્યાદા નડે છે પણ વિચારો અને સંસ્કારોને તેવી મર્યાદા નડતી નથી. શ્રેષ્ઠ વિચાર અને ચિરંજીવ સંસ્કાર તો પોતાની મેળે જ વૈશ્વિક અભિગમ ધારણ કરી લે છે. એના સ્થાનાંતરમાં માનવી એનું માધ્યમ બને છે એ સ્વીકારવું રહ્યું.

આવા વિચારો અને સંસ્કારો સામાન્ય રીતે ત્રણ માર્ગે વિસ્તરે છે: ધર્મપ્રચાર, વેપાર અને યુદ્ધ. ભારતે પ્રથમ બે માર્ગો વડે એના સંસ્કાર દુનિયાના અનેક દેશો સુધી ફેલાવ્યા છે.

[ આને અંગેની વિગતવાર માહિતી ભારત : આદિયુગ ગ્રંથમાં સમાવિષ્ટ હોઈ અહીં એક ઊડતી નજર નાખી લઈશું. ]

## પશ્ચિમી દેશો

ભારતનો પશ્ચિમી દેશો સાથેનો સંબંધ ઘણો પુરાણો છે. એટલે સ્વાભાવિક છે કે સંસ્કારોનું આદાનપ્રદાન પણ એટલું પ્રાચીન હોય. અહીં તો આપણે ભારતના કયા સંસ્કારો અને વિચારો આ વિસ્તારોમાં અસરકારક અને ચિરંજીવ છાપ મૂકી ગયા તે અવલોકીશું.

ચેસ — શેતરંજની રમત ભારતમાંથી ઈરાન પહોંચી, ત્યાંથી અરબસ્તાન ગઈ અને તે પછી યુરોપના વિભિન્ન વિભાગોમાં પ્રસરી. લોથલની સંસ્કૃતિમાંથી શેતરંજની રમતનું સાધન પ્રાપ્ત થયું છે. સાંખ્યદર્શન અને પાયથાગોરસના તત્ત્વજ્ઞાન વચ્ચે સરખાપણું છે. શ્રોડર, કોલબ્રુક અને ગાર્બ જેવા પંડિતોના મત મુજબ પાયથાગોરસે પ્રસ્થાપિત કરેલા બધા વિચારો તે પૂર્વે ભારતમાં પ્રચલિત હતા. ટૂંકમાં, ગ્રીકોએ ભારતમાંથી ફિલસૂફીનું જ્ઞાન મેળવેલું એમ માનવાને કારણ મળે છે.

સિકંદરના આક્રમણ પછી (ઈ. પૂ. ૩૨૫) પશ્ચિમ અને ભારત વચ્ચેનો વાહનવ્યવહાર શરૂ થયો. બંને દેશો વચ્ચે અવરજવર વધી. પરિણામે વિચારો અને સંસ્કારનું આદાનપ્રદાન પણ થતું રહ્યું. ત્યારે તાત્ત્વિક વિચારો અને વિજ્ઞાનના વિકાસમાં ભારત અગ્રણી હતું. આથી વિચાર-સંસ્કારની આયાત કરતાં નિકાસનું પ્રમાણ વિશેષ રહ્યું.

અરિસ્ટોક્ઝીનીઝે (ઈ. પૂ. ૩૩૦), સૉક્રેટીસ અને એક ભારતીય વચ્ચેનો સંવાદ ટાંક્યો છે. ઍથેન્સમાં ભારતીય તત્ત્વજ્ઞ સૉક્રેટીસને તેના વિચારોના ક્ષેત્ર વિશે પૂછપરછ કરે છે. માનુષી ઘટનાઓની તપાસને સૉક્રેટીસ પોતાનું કાર્યક્ષેત્ર ગણે છે. ભારતીય તત્ત્વજ્ઞ પ્રશ્ન ઉઠાવે છે કે દૈવી તત્ત્વોથી અનભિજ્ઞ છે તે વ્યક્તિ માનુષી ઘટનાઓમાં કેવી રીતે તપાસ આદરી શકે? આ સંવાદ સ્પષ્ટ સૂચવે છે કે ઈશુ પૂર્વે પાંચમી સદીમાં ભારતીય તત્ત્વજ્ઞો પશ્ચિમના દેશોમાં જતા, ગ્રીક ભાષા શીખતા અને સૉક્રેટીસ જેવા પ્રખ્યાત તત્ત્વજ્ઞ સાથે સંવાદ કરતા હોવાની શકયતા છે.

ઍન્ટિઓક્સ ૨-જો (સીરિયા), ટૉલેમી (ઈજિપ્ત), મગસ (સીરિયા), ઍન્ટિગોનસ (મૅસિડોનિયા) અને ઍલેક્ઝાંડર (એપિરસ – વાયવ્ય ગ્રીસ) – હેલાસ(ગ્રીસ)ના આ પાંચ શાસકોના દરબારમાં અશોકના એલચીઓ ગયા હતા. એશિયા, આફ્રિકા અને યુરોપના આ પાંચેય હેલેનિક દેશોમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર થયો હતો.

સેન્ટ જૉન દમાસ્કસે (આઠમી સદી) બુદ્ધને પવિત્ર સાધુ તરીકે અવલોક્યા છે. જૉર્જ ૧૩-મા(ઈ. સ. ૧૫૮૨)ના શહીદ ચરિત્રોમાં સેન્ટ જોસેફ તરીકે બોધિસત્ત્વનો સમાવેશ થયો છે. અલ-બિરુની નોંધે છે કે ખુરાસાન, પરસીસ, ઈરાક, મોસુલ અને સીરિયા સુધીના દેશોમાં બૌદ્ધ ધર્મ પ્રચલિત હતો.

ખ્રિસ્તી ચર્ચ અને બૌદ્ધ ચૈત્ય વચ્ચે ઘણું સરખાપણું છે. ખ્રિસ્તી ધર્મમાં સાધુત્વનું સ્વરૂપ, મઠવાદ, અવશેષ-પૂજા, માળાનો ઉપયોગ એ બધા ઉપર ભારતીય વિધિવિધાન અને ધાર્મિક વિચારોની અસર હોવાનું અનુમાન છે.

'પંચતંત્ર'ની કથાઓ પ્રથમ પહેલવીમાં, પછી અરબીમાં અને તે પછી સીરિયન ભાષામાં અનૂદિત થઈ. અરબી રૂપાંતરમાંથી યુરોપની ઘણી ભાષાઓમાં તેના અનુવાદ થયા. પશ્ચિમના કથાસાહિત્યમાં ભારતનું પ્રદાન છે. દશાંશ પદ્ધતિ અને શૂન્યનું સ્થાન-મૂલ્ય બંને ભારતીય શોધો અરબો મારફતે યુરોપમાં પહોંચી. પરિણામે જગતના ગણિતવિજ્ઞાનમાં અભૂતપૂર્વ ક્રાન્તિ આવી. અરબોએ ઔષધવિદ્યા, જ્યોતિષ, ખગોળ, બીજગણિત, તત્ત્વજ્ઞાન વગેરેનો અભ્યાસ કર્યો અને આ વિષયના સંસ્કૃત ગ્રંથોના અરબી અનુવાદ કર્યા. ભારતીય પંડિતો ખલીફાઓના દરબારમાં માનભર્યું સ્થાન પામતા હતા.

**મધ્ય એશિયા**

આ પ્રદેશના વિવિધ ભાગોમાં ભારતીય સંસ્કારોનું વિસ્તરણ મુખ્યત્વે બૌદ્ધ ધર્મના પ્રચાર સાથે થયું. પછીથી વેપાર, રાજકીય આક્રમણ વગેરે પરિબળો જોડાયાં. સાહિત્યિક, પુરાવશેષીય અને ઐતિહાસિક એવાં ઘણાં પ્રમાણોથી ભારતીય સંસ્કારની મુદ્રા સ્પષ્ટત: ઊપસેલી જોઈ શકાય છે. આ બધાં પ્રમાણો પ્રત્યક્ષ હોઈ વિશેષ શ્રદ્ધેય છે. આ વિસ્તારોમાંથી જે સામગ્રી મળી આવી છે તેમાં હસ્તપ્રતોના નમૂના, મંદિરોનાં ખંડેર, મૂર્તિઓ, લિખિત પુરાવા વગેરે ઘણું ઘણું છે. આ બધા અવશેષો દેખાવમાં એટલા બધા ભારતીય અસરવાળા છે કે સર ઑરેલ સ્ટેઈનને આ પ્રદેશોમાં જમીનની સપાટીથી ત્રીસ-ચાળીસ ફૂટની ઊંડાઈએ ફરતાં પણ તે ભારતમાં ફરી રહ્યા હોય તેવો ભાવ થતો. કેમ કે ત્યાંનાં બૌદ્ધ સ્તૂપો, વિહારો, મંદિરો, મૂર્તિઓ આ બધાંનું સર્જન સંપૂર્ણ ભારતીય ઢબનું છે. બૌદ્ધ હસ્તપ્રતો પણ સંસ્કૃત અને પ્રાકૃતમાં છે. કેટલીક તો સ્થાનિક ભાષામાં છે. મોટા ભાગનું લખાણ બ્રાહ્મી કે ખરોષ્ઠી લિપિમાં છે, કવચિત્ પ્રાદેશિક લિપિનો ઉપયોગ જોવા મળે છે.

બિનસાંપ્રદાયિક સાધનો પણ ઉપલબ્ધ થયાં છે, જેમાં મુખ્યત્વે વહીવટ સંબંધી પત્રવ્યવહારના નમૂના છે. કાગળ, કાપડ, લાકડું અને ચામડું જેવાં માધ્યમો ઉપર ભારતીય ભાષા અને લિપિમાં લખાણો લખાયાં છે. આ બધા પત્રો સુરક્ષિત છે અને એનાં પરબીડિયાં (ઢાંકણ) ઉપર સરનામાં છે. જેમને આ કાગળો લખાયા અને જેમણે તે લખ્યા તે નામ ભારતીય છે: ભીમ, બંગુસેન, નંદસેન, શ્યામસેન, સીતક, ઉપજીવ વગેરે. ભારતીયકરણ થયેલાં વિદેશી નામ પણ પ્રયોજાયાં છે: કુશાનસેન, અંગચ વગેરે. આ સમગ્ર લખાણો કાશ્મીરી ગ્રંથ 'લોકપ્રકાશ'માં નિર્દિષ્ટ સિદ્ધાંતો અનુસારનાં છે એમ સર ઑરેલ સ્ટેઈનનું માનવું છે.

વહીવટના આ દસ્તાવેજો પુરવાર કરે છે કે ભારતીયોએ આ પ્રદેશોમાં રાજકીય પ્રભુત્વ પણ જમાવેલું. એરલ સમુદ્રથી પામીર ગિરિમાળા સુધી અને ત્યાંથી ચીનની સરહદ સુધી (વર્તમાન સોવિયેટ સંઘના તાઝિકિસ્તાન, કઝાકસ્તાનના વિસ્તારોમાં) ભારતીય સંસ્કારો અને વિચારોએ ઊંડાં મૂળ નાખ્યાં હતાં; અને સ્થાનિક સંસ્કૃતિનું સંપૂર્ણ રૂપાંતર કર્યું હતું.

લલિતકળાની અસરથી પણ મધ્ય એશિયાના વિસ્તારો મુક્ત ન હતા. સંગીતકારોએ અહીં વસવાટ કરેલો. ચિત્રકારો અને શિલ્પીઓથી તો આ વિસ્તાર ઊભરાતો હતો. થિયેન પર્વતમાંથી પ્રાપ્ત 'હજાર બુદ્ધની ગુફા,' ગુફાની ભીંતો ઉપરનાં ચિત્રો, સંસ્કૃત હસ્તપ્રતો વગેરે ભારતીય અસરનું સ્પષ્ટ સૂચન કરે છે.

હવે આ વિસ્તારનાં કેટલાંક મહત્ત્વનાં બૌદ્ધ મથકોનો પરિચય કરીએ.

### ખોતાન

મધ્ય એશિયામાં ભારતીય અસર સૂચવતાં મુખ્ય બૌદ્ધ કેન્દ્રોમાં આ મથક આગળ પડતું છે. તિબેટી સાહિત્ય આ ઉપર પ્રકાશ ફેંકે છે. કહેવાય છે કે અંધ થયેલો કુણાલ એના મિત્રો સાથે ખોતાન આવેલો અને રાજ્ય સ્થાપેલું. આ શ્રુતિપરંપરા ઐતિહાસિક ન હોય તોય પુરાવશેષીય સાધનો પુરવાર કરે છે કે ખોતાનમાં ભારતીય વસાહત હતી. અહીં ભારતીય નેતાઓ દ્વારા રાજ્યસંચાલન થતું હતું. રાજાઓની લાંબી યાદી આનું સમર્થન કરે છે.

એક ખરોષ્ઠી લેખમાં 'મહારાજ રાજાધિરાજ દેવ વિજિતસિંહ' છે. અહીંથી ૪૦ સિક્કા હાથ લાગ્યા છે. એના અગ્રભાગમાં ચીની લખાણ છે અને પૃષ્ઠભાગમાં ખરોષ્ઠી લિપિમાં પ્રાકૃત લખાણ છે. સાતમી સદી સુધી ખોતાન ભારતીય સંસ્કારો અને બૌદ્ધ ધર્મનું મહત્ત્વનું કેન્દ્ર હતું. ફાહિયાન અને હ્યુઆન શ્વાંગ બંને અહીંના બૌદ્ધ ધર્મના પ્રચારથી ખૂબ પ્રભાવિત થયા હતા. બંને ચીની યાત્રીઓ અહીં થોડોક સમય રહ્યા હતા. ખોતાનમાં ચૌદ બૌદ્ધ વિહાર હતા, જેમાં 'ગોમતી વિહાર' ખૂબ મશહૂર છે. સંખ્યાબંધ ભારતીય વિદ્વાનો અહીં કાયમી વસાહતી તરીકે સ્થિર થયા હતા.

### કુચી

આ બીજું મહત્ત્વનું બૌદ્ધ કેન્દ્ર હતું. પુરાવશેષીય સાધનો અને હ્યુઆન શ્વાંગની નોંધોથી અહીંની માહિતીની જાણકારી પ્રાપ્ત થાય છે. ચીની યાત્રીએ આ સ્થળની મુલાકાત લીધી ત્યારે અહીં ૧૦૦ વિહારો હતા અને ૫૦૦૦ બૌદ્ધ ભિક્ષુઓ વસતા હતા. આ બધા ભિક્ષુઓ ભારતીય નીતિનિયમોને અનુસરતા હતા. મૂળ ભારતીય ગ્રંથોનું અધ્યયન કરતા હતા. રાજધાનીની ભાગોળે ૯૦ ફૂટ ઊંચી બે બૌદ્ધ મૂર્તિઓ ઊભેલી હતી, જેની છત્રછાયામાં દર પાંચ વર્ષે દશ દિવસ માટે બૌદ્ધ ધર્મની પરિષદ મળતી હતી.

કુમારજીવ ચોથી સદીમાં કુચીથી સંસ્કૃતના અભ્યાસ સારુ કાશ્મીર આવ્યો હતો, ત્યારથી ભારત અને કુચી વચ્ચે સંસ્કારોનું આદાનપ્રદાન આરંભાયું હતું. ચીની પરંપરા મુજબ કુચીમાં દશ હજાર સ્તૂપ હતા. બૌદ્ધ ધર્મ અને સંસ્કૃતના અભ્યાસનું કુચી મહત્ત્વનું કેન્દ્ર હતું એમ અહીંથી પ્રાપ્ત દસ્તાવેજોથી સૂચિત થાય છે. બ્રિટિશ વિદ્વાન બોઆરને અહીંથી સાત હસ્તપ્રતો હાથ લાગી હતી, જેમાં ત્રણ ઔષધિવિજ્ઞાનને લગતી હતી, બાકીની ખગોળ અને જ્યોતિષ સંબંધી હતી. આ બધી હસ્તપ્રતો ગુપ્ત સમયની બ્રાહ્મી લિપિ અને સંસ્કૃત ભાષામાં લખાયેલી હતી. ભારતીય ઔષધવિદ્યાનો અભ્યાસ કુચીમાં થતો હતો એમ આથી સાબિત થાય છે. સુવર્ણપુષ્પ, હરદેવ, સુવર્ણદેવ વગેરે ભારતીય નામો સૂચવે છે કે કુચીમાં ભારતીય રાજાઓનું સંચાલન હતું.

### તુરફાન-તાકલમકાન વગેરે

ત્રીજું મહત્ત્વનું બૌદ્ધ કેન્દ્ર તાકલમકાન હતું. ઑરેલ સ્ટેઇનને આ રણદ્વીપમાંથી બૌદ્ધ સંસ્કૃતિનો અપૂર્વ ખજાનો હાથ લાગ્યો હતો; જેમાં સ્તૂપો, વિહારો, ગુફાઓ, ભીંતચિત્રો, હસ્તપ્રતો વગેરેનો સમાવેશ થાય છે. પાલિમાં લખાયેલું 'ધમ્મપદ' અહીંથી મળ્યું હતું. તુરફાનમાંથી બીજી-ત્રીજી સદીનાં ત્રણ નાટકો પ્રાપ્ત થયાં હતાં, જેમાં એક હતું અશ્વઘોષરચિત 'સારિપુત્રપ્રકરણમ્'. કુશ શહેરમાંથી સંસ્કૃત-પ્રાકૃત મિશ્ર ભાષામાં લખાયેલો વૈદક વિશેનો કાવ્યગ્રંથ મળ્યો હતો. આ વિસ્તારમાંથી આમ તો ૨૦,૦૦૦ હસ્તપ્રત-દસ્તાવેજો, ૫૫૪ ચિત્રો, ૩,૦૦૦ સંસ્કૃત ગ્રંથો (જેમાં ૫૦૦ બૌદ્ધ ગ્રંથો) સર ઑરેલ સ્ટેઇનને હાથ લાગ્યા હતા.

### ચીન

લગભગ ઈશુની પ્રથમ સહસ્રાબ્દીના પ્રથમ ચરણ દરમિયાન બૌદ્ધ ધર્મ ચીનમાં સ્થિર થયો હતો. અહીં તેનું આગમન મધ્ય એશિયા દ્વારા થયું હતું. એમ કહી શકાય કે બાઈબલના નવા કરાર કરતાં સાતસોગણું બૌદ્ધ સાહિત્ય ચીની ભાષામાં અનૂદિત થયું હતું. ઈશુની સાતમી સદી સુધી બંને દેશો વચ્ચે બૌદ્ધ સાધુઓની નિયમિત આપ-લે હતી. ખાસ કરીને ભારતથી બૌદ્ધ ભિક્ષુઓ ચીન જતા, ત્યાં શાંતિથી રહેતા અને સંસ્કૃત ગ્રંથોનો ચીની ભાષામાં અનુવાદ કરતા. પરિણામે સંસ્કૃતમાં ઉપલબ્ધ નથી એવું ઢગલાબંધ બૌદ્ધ સાહિત્ય ચીની ભાષાએ સુરક્ષિત રાખ્યું છે. ચીની બૌદ્ધ સાધુઓ પણ તથાગતની જન્મભૂમિ અને કર્મભૂમિના દર્શને ભારત આવતા હતા. એમાં ફાહિયાન, હ્યુઅન શ્વાંગ, ઈત્સિંગ વગેરે મુખ્ય હતા. ચીનની મુલાકાતે ગયેલા ભારતીય બૌદ્ધ મિશનરીઓનાં લખાણો ચીને સંગ્રહ્યાં છે. ૫૪૦૦ સ્વતંત્ર ગ્રંથો તૈયાર થઈ શકે તેવી હજારો હસ્તપ્રતો ચીનમાં સુરક્ષિત છે. બૌદ્ધ ધર્મનો ઈતિહાસ આલેખવા માટે વિશેષ કરીને ચીન અને મધ્ય એશિયા-માંથી પ્રાપ્ત અવશેષો બહુ ઉપયોગી નીવડે છે. ભારત અને ચીન વચ્ચે આંતરરાષ્ટ્રીય સંબંધો વિકસાવવામાં મુખ્ય ફાળો કુમારજીવનો છે. ઉપરાંત સંઘભૂતિ, ગૌતમ સંઘદેવ, બુદ્ધજીવ, ધર્મમિત્ર, ધર્મયશ વગેરે કાશ્મીરી વિદ્વાનો પણ કુમારજીવ પછી ચીન ગયેલા. ચૌથી, પાંચમી અને છઠ્ઠી સદી દરમ્યાન ચીન ગયેલા ભારતીય પંડિતોમાં મોટા ભાગના કાશ્મીરના હતા. આ બધાએ બૌદ્ધ ગ્રંથોના ચીની અનુવાદ કર્યા, બૌદ્ધ ધર્મ અને દર્શનનો પ્રચાર કર્યો અને લોકો તથા અધિકારીઓ તરફથી બહુમાન મેળવ્યું.

બૌદ્ધ સંસ્કાર ઉપરાંત અન્ય ભારતીય સંસ્કારો પણ ચીન પહોંચ્યા હતા; ખાસ કરીને કલાના ક્ષેત્રે. ઈ. સ. ૫૮૧માં એક સંગીત મંડળી ભારતથી સીધી ચીન ગયેલી. ભારતીય ખગોળ, ગણિત, ઔષધ વગેરે વિદ્યાઓ પણ ચીન પહોંચી હતી. આ બધા વિષયોના ચીની અનુવાદો ઉપલબ્ધ છે.

### તિબેટ

અહીં સાતમી સદીના આરંભમાં બૌદ્ધ ધર્મ ફેલાયો હતો. તે પછી ઘણી મોટી સંખ્યામાં બૌદ્ધ ભિક્ષુઓ ભારતથી ત્યાં ગયેલા અને ધર્મની સ્થાપના કરેલી. ત્યાંથી પણ બૌદ્ધ ભિક્ષુઓ નાલંદા અને વિક્રમશીલા વિદ્યાપીઠોમાં અધ્યયન માટે આવતા હતા. ભારતીય લેખનકલાનો પણ ત્યાં વિકાસ થયેલો. વર્તમાન તિબેટી લિપિ બ્રાહ્મીમાંથી ઉદ્ભવેલી છે. ભારતમાં અનુપલબ્ધ એવું ઘણું બધું બૌદ્ધ સાહિત્ય આજે તિબેટી ભાષામાં સુરક્ષિત છે. તિબેટનો સાંસ્કારિક અભ્યુદય ભારતના માર્ગદર્શન હેઠળ સંભવ્યો હતો.

### જપાન

મધ્ય એશિયાથી ચીન અને તિબેટ થઈ બૌદ્ધ ધર્મ અને ભારતીય સંસ્કારોનું વિસ્તરણ મોંગોલિયા, કોરિયા, જપાન વગેરે પ્રદેશોમાં પણ થયું હતું. કોરિયા અને જપાન ચીની બૌદ્ધોથી વિશેષ પ્રભાવિત થયા હતા.

જપાન અને ભારત વચ્ચે સીધો વ્યવહાર પણ થતો હતો. બોધિસેનની માહિતી જપાની તવારીખોમાં સચવાયેલી છે. તે દક્ષિણ ભારતનો બ્રાહ્મણ હતો. દરિયામાર્ગે તે ચીન પહોંચ્યો. ઈ.સ. ૭૩૩માં ચીનમાં એની ઈચ્છા મંજુશ્રીને મળવાની હતી, પણ તેઓ જપાન ગયા છે એવી માહિતીથી બોધિસેન ત્યાંથી જપાન ગયા, ઈ. સ. ૭૩૬માં. ત્યાં એમનું ભવ્ય સ્વાગત થયું.

બોધિસેન પૂર્વે જપાનમાં બૌદ્ધ ધર્મ અને સંસ્કૃત ભાષા પ્રચારમાં હતાં, કારણ બોધિસેને સ્વાગત વખતે જપાની પુરોહિત સાથે સંસ્કૃતમાં વાતચીત કરી હતી. ઈ. સ. ૭૫૦માં બોધિસેનને જપાનના બૌદ્ધ ધર્મના વડા તરીકે નીમવામાં આવ્યા. ઈ. સ. ૭૬૦માં તે અવસાન પામ્યા. જપાનના બૌદ્ધ વિહારોમાંથી ભારતીય લિપિમાં તાડપત્ર પર લખાયેલી કેટલીક હસ્તપ્રતો હાથ લાગી છે. આ હસ્તપ્રતો ચોથી સદીની છે. આથી અનુમાની

શકાય કે બોધિસેન પૂર્વે ભારતીય સંસ્કારો જપાન પહોંચ્યા હતા. ભારતીય સંગીત અને નૃત્યની વિભાવના પણ જપાનમાં પ્રચારમાં આવી હતી. ધાર્મિક સભાઓમાં અને રાજદરબારોમાં ભારતીય પદ્ધતિના સંગીતની વિશેષ માગ રહેતી હતી. જપાનનું નારા વિશ્વવિદ્યાલય એનું કેન્દ્ર હતું. ૫૦ ફોનેટિક ઉચ્ચારવાળી જપાનની મૂળાક્ષર પદ્ધતિ ભારતીય વર્ણમાલા ઉપર આધારિત છે.

**દક્ષિણ-પૂર્વ એશિયા**

ભારત અને આ વિસ્તારો વચ્ચે દરિયાઈ વેપાર ઘણા પૂર્વકાલથી ચાલતો રહ્યો છે. ઈશુની આરંભની સદીઓથી ઘણી મોટી સંખ્યામાં હિંદુ કુટુંબોએ વેપારાર્થે દક્ષિણ-પૂર્વ એસિયાના વિસ્તારોમાં વસવાટ શરૂ કર્યો હતો. પરિણામે હિંદી ચીન અને ઈન્ડોનેશિયાના ઘણા ટાપુઓ ઉપર હિંદુ રાજ્યો સ્થપાયાં. પુરાવસ્તુકીય સાધનોએ હવે આ વિસ્તારમાં ભારતીય વસાહતો હોવાની હકીકતને સમર્થી છે. જોકે પ્રસ્તુત હિંદુ રાજ્યોનો માતૃદેશ સાથે કોઈ રાજકીય સંબંધ ન હતો. આ રાજ્યોની પ્રજા કેવળ આગંતુક હિંદીઓની પણ ન હતી; પરંતુ સ્થાનિક હતી, જે વત્તાઓછા પ્રમાણમાં ભારતીય બની હતી. હિંદુ સંસ્થાનવાદીઓની ઉદાર અને શાંત નીતિએ સ્થાનિક પ્રજામાં લોકપ્રિયતા ઊભી કરી હતી.

બર્મા, સિયામ (થાઈલૅન્ડ), મલાયા દ્વીપકલ્પ, કંબોડિયા, અનામ, સુમાત્રા, જાવા, બાલિ, બૉર્નિયો અને અન્ય કેટલાક ટાપુઓ ઉપર હિંદુ રાજ્યો સ્થપાયાં હતાં. રાજાઓનાં નામ ભારતીય હતાં. આમાં બર્મા, ફુનાન (કંબોજ), ચંપા (અનામ) અને મલાયા દ્વીપકલ્પનાં રાજ્યો મહત્ત્વનાં ગણી શકાય. અનિરુદ્ધ બર્માનો રાજા હતો. બહુ શક્તિશાળી હતો. એના વિજયો અને ધાર્મિક પ્રવૃત્તિ વિશે પર્યાપ્ત માહિતી ઉપલબ્ધ છે. કંબોડિયામાં સ્થપાયેલા રાજ્યને ચીનાઓ ફુનાન નામથી ઓળખતા. પરંપરા મુજબ ફુનાનનું રાજ્ય કૌણ્ડિન્ય નામના હિંદુ બ્રાહ્મણ રાજાએ સ્થાપ્યું હતું. આ રાજા અહીંની કુંવરીને પરણ્યો હતો. કંબોડિયાના રાજાઓની લાંબી યાદીમાં જયવર્મા ૨-જો, ઈન્દ્રવર્મા, યશોવર્મા, સૂર્યવર્મા, જયવર્મા ૭-મો વગેરે મહત્ત્વના છે. કંબોડિયાની પૂર્વે આવેલા ચંપાના હિંદુ રાજ્યનો સ્થાપક પણ કૌણ્ડિન્ય બ્રાહ્મણ હતો. રુદ્રવર્મા, શંભુવર્મા, હરિવર્મા અહીંના રાજાઓનાં નામ છે. મલાયા દ્વીપકલ્પનાં રાજ્યો ઉપર ફુનાનના રાજા ફાન-ચે-મેનનું આધિપત્ય પ્રવર્તતું હતું. જાવા અને બોર્નિયોમાં પાંચમી સદીથી હિંદુ રાજ્યો હોવાની વિગત અભિલેખોથી પ્રાપ્ત થાય છે. આમ આ વિસ્તારોમાં લગભગ ચૌદમી સદી સુધી હિંદુ રાજ્યો એની પૂર્ણ જાહોજલાલીથી ફેલાયેલાં હતાં.

આથી સ્વાભાવિક છે કે આ વિસ્તારોમાં ભારતીય વિચારો અને સંસ્કારોની પ્રબુદ્ધ અસર થઈ હતી. એક તરફ સમકાલીન ચીની અહેવાલો તો બીજી બાજુ સંસ્કૃત અભિલેખો, અસંખ્ય સ્મારકા વગેરે અહીં વ્યાપ્ત બનેલી ભારતીય સંસ્કૃતિની જાણકારી પૂરી પાડે છે.

ભારતીયોએ અહીંની સ્થાનિક વસ્તી સાથે લગ્નસંબંધો બાંધ્યા હતા. આથી સમગ્ર વિસ્તાર ભારતીય મુદ્રાથી શોભી ઊઠયો હતો. આરંભમાં વેપાર મુખ્ય પ્રયોજન હતું, જેની પ્રતીતિ કેટલાંક નામાભિધાનથી થાય છે : તક્કોલા (એલચીનું બજાર), કર્પૂરીદ્વીપ (કર્પૂરનો ટાપુ), નારીકેલદ્વીપ (નારિયેળનો ટાપુ) વગેરે. કનકપુરી (મલાયા) અને સુવર્ણદ્વીપ (સુમાત્રા) જેવાં નામ સોનાની સમૃદ્ધિનું સૂચન કરે છે.

બ્રહ્મદેશ, હિંદી ચીન, મલાયા, બોર્નિયો અને જાવાના આરંભના અભિલેખો સંસ્કૃત ભાષા અને બ્રાહ્મી લિપિમાં હતા. આથી પ્રતીત થાય છે કે આ વિસ્તારોમાં સંસ્કૃતનું સારું ખેડાણ થયું હતું. સંસ્કૃત એ વિદ્વાનોની અને દરબારની ભાષા બની હતી. સંસ્કૃતની અસર હેઠળ સ્થાનિક ભાષાઓનો વિકાસ થયો હતો. જાવામાં સ્થાનિક ભાષા સંસ્કૃતના નમૂના ઉપર સાહિત્યિક ભાષા તરીકે વિકસી. કંબોજમાંથી ૨૦૦ સંસ્કૃત અભિલેખો પ્રાપ્ત થયા છે. આથી સાબિત થાય છે કે ત્યાં ભાષા અને સાહિત્યની દૃષ્ટિએ સંસ્કૃતનું કેટલું માતબર ખેડાણ થયું હતું. આમાંના ઘણા નમૂના કાવ્યપદ્ધતિના શ્રેષ્ઠ નમૂના છે. બાલિ ટાપુના લોકો હજી પણ સંસ્કૃત

ભાષા બોલે છે અને હિંદુ ધર્મ પાળે છે. ઈન્ડોનેશિયા અને મલાયામાં સંસ્કાર અને ભાષામાં હજી ભારતીય અસર સ્પષ્ટ વર્તાય છે.

આ લખાણોની ભાષા અસ્ખલિત પ્રવાહવાળી છે. લેખોનો વિસ્તાર ૫૦થી ૧૦૦ શ્લોકો સુધીનો છે. રાજેન્દ્ર વર્માના બે લેખો ૨૧૮ અને ૨૯૮ શ્લોકો જેટલો વિસ્તાર ધરાવે છે. આ દસ્તાવેજોના લેખકો સંસ્કૃત કાવ્યશાસ્ત્રના ઉત્તમ જ્ઞાતા હતા. આ લેખકો ભારતીય મહાકાવ્યો, સ્મૃતિઓ, પુરાણો, વ્યાકરણ, તત્ત્વજ્ઞાન, ખગોળ, ઔષધશાસ્ત્ર વગેરેના સારા જાણકારો હતા. પાણિનિ અને પતંજલિના ગ્રંથોનો અભ્યાસ પણ સારી રીતે થતો હતો. કંબોજના રાજાઓ પતંજલિના ગ્રંથ ઉપર ટીકા લખી હતી. અગસ્ત્યકથા અને અગસ્ત્ય સંપ્રદાય વ્યાપક રીતે પ્રચલિત હતા.

ભારતીય ધર્મોનાં વિવિધ સ્વરૂપો આ બધા વિસ્તારોમાં પ્રચારમાં હતાં : વૈદિક, બૌદ્ધ, પૌરાણિક, શૈવ, વૈષ્ણવ વગેરે. આ વિસ્તારોમાંથી શોધખોળ અને ઉત્ખનન દ્વારા પ્રાપ્ત થયેલી હજારો દેવમૂર્તિઓ આની સાબિતી છે. અહીંનાં મંદિરોની ભીંતો ઉપર રામાયણ અને મહાભારતમાંના પ્રસંગો ચિત્રિત થયેલા જોવા મળે છે. અમરાવતી સ્વરૂપની બૌદ્ધ મૂર્તિઓ દક્ષિણ-પૂર્વ એશિયાના ભિન્ન ભિન્ન વિસ્તારોમાંથી ઉપલબ્ધ થઈ છે. પુરાણો અને મહાકાવ્યો હજી પણ મલાયા, જાવા અને હિંદી ચીનની રંગભૂમિ, નૃત્ય અને છાયાનાટકોને પ્રેરણા પાઈ રહ્યાં છે. અહીંની રાજનીતિ ઉપર 'ધર્મશાસ્ત્ર' અને 'અર્થશાસ્ત્ર'ની અસર સ્પષ્ટ વર્તાય છે. રાજાઓ વૈદિક પદ્ધતિના યજ્ઞો કરતા હતા. શક સંવતનો ઉપયોગ થતો હતો. સૌર પચાંગ પ્રચારમાં હતું.

ભારતીય સમાજવ્યવસ્થા અને રીતરિવાજોની અસર પણ આ બધા પ્રદેશોએ સારી રીતે ઝીલી હતી. જ્ઞાતિપ્રથા ત્યાં અસ્તિત્વમાં આવી હતી, જોકે ભારતની જેમ એનું પાલન ચુસ્ત ન હતું. સ્ત્રીઓને સારી સ્વતંત્રતા હતી. અહીંની સ્ત્રીઓને ભારત કરતાં કાનૂની હકો વધારે પ્રાપ્ત થયા હતા. ટૂંકમાં, આ બધા વિસ્તારોમાં ભારતીય સમાજવ્યવસ્થા માર્ગદર્શક પરિબળ બની રહી હતી. કંબોડિયા અને સિયામમાં હજુ સુધી મિશ્રાવંશના બ્રાહ્મણો બૌદ્ધ ધર્મ પાળતા અને શિખા તથા યજ્ઞોપવીત રાખતા. તેઓ હિંદુ અને બૌદ્ધ બંને ધર્મની મૂર્તિઓનું પૂજન કરતા હતા.

કલાનાં વિવિધ પરિમાણોની અસર અહીં વ્યાપક હતી. વસાહતી પ્રદેશોની કલા માતૃકલા કરતાં બહુ ભિન્ન ન હતી. આરંભમાં આ સ્થિતિ હતી. પછીથી ક્રમશ: વિશિષ્ટ પદ્ધતિઓ ઊપસવા લાગી. ગુપ્ત શૈલીની અસર આરંભમાં હતી. આઠમી સદી પછી આ વિસ્તારોમાં દક્ષિણ ભારતની કલાશૈલી વધુ વ્યાપક બની. અહીં ભારતીય કલાની અસરના ત્રણ શ્રેષ્ઠ નમૂનાનું વર્ણન અસ્થાને નહીં ગણાય : જાવાનો બોરોબુદુરનો સ્તૂપ, કંબોજનું અંગકોરવાટનું મહામંદિર અને બ્રહ્મદેશનું આનંદમઠ મંદિર.

બૌદ્ધ ધર્મને જન્મ આપ્યો ભારતે, પણ એનું ભવ્ય મંદિર બાંધ્યું જાવાએ. જાવાના ધર્મપ્રેમી સાધુ અને ઉપાસકોની શ્રદ્ધા તથા એમના ઉત્સાહનું પ્રમાણિત પ્રતીક તે આ બોરોબુદુરનો ભવ્ય સ્તૂપ. નવ માળ ઊંચું આ મંદિર કોતરણીથી ખીચોખીચ ભરપૂર છે. એના પાંચ માળ ચોરસ છે અને શેષ ચાર માળ ગોળાકાર છે. પ્રથમ ચાર માળને ફરતી અટારી છે જેમાં બુદ્ધના પૂર્વાવતારોની મૂર્તિઓ પ્રતિષ્ઠિત છે, જેની સંખ્યા ૧૫૦૦ હોવાનો અંદાજ છે. આ ભવ્ય મંદિરના બધા માળ તથાગતના જીવન અને સંદેશથી કંડારાયેલા છે. આ સ્મારક ભારતીય કલા, ભારતીય ધર્મ અને ભારતીય સંસ્કારને અદ્ભુત રીતે વ્યક્ત કરે છે.

આવું જ બીજું સ્મારક છે અંગકોરવાટનું મહાન મંદિર. ભારતની બહાર જેમ બૌદ્ધ ધર્મે બોરોબુદુરનું સર્જન કર્યું તેમ પૌરાણિક ધર્મે કંબોડિયામાં અંગકોરવાટનું મહામંદિર બાંધ્યું. જગતે આવું વિશાળ મંદિર જોયું નથી, બાંધ્યું નથી. મંદિરને ફરતી ત્રણ માઈલ લાંબી દીવાલ એની ભવ્યતાનું સૂચન કરે છે. રક્ષણ માટે દીવાલની ફરતે ખોદેલી ખાઈ ૬૦૦ ફૂટ પહોળી છે. ૨૧૩ ફૂટ ઊંચું આ મંદિર ત્રણ મજલાનું છે. પ્રવેશ-મંદિરથી મુખ્ય મંદિર સુધીનો માર્ગ ૨,૦૦૦ ફૂટ લાંબો છે. આ મંદિરની દીવાલો વિવિધ શિલ્પોથી

ખીચોખીચ મંડિત છે, જેમાં પશુઓ, પંખીઓ, ફૂલવેલ, નર્તિકાઓ, દશાવતાર, રામાયણ-મહાભારતની કથાઓ વગેરેનો સમાવેશ થાય છે. અહીંના અધિષ્ઠાતા દેવ વિષ્ણુ હતા.

**ઉપસંહાર**

બુદ્ધના જન્મથી બૌદ્ધ ધર્મની વિલીનતા સુધીનાં ૧૬૦૦ વર્ષ દરમિયાન ભારત એક તરફ એશિયાનું મહાતીર્થસ્થાન બની રહ્યું અને બીજી તરફ એશિયાના વિવિધ વિસ્તારોમાં સંસ્કારવિસ્તરણનું મહાકેન્દ્ર – નાભિચક્ર બની ગયું. ભારતમાં જે પરિવર્તનો આવ્યાં તેના પડઘા એશિયાનાં એ વિવિધ સંસ્કારકેન્દ્રોમાં સંભળાયા. ચીન, જપાન, તાકલમકાન, તિબેટ, સિરદરિયા અને અમુદરિયાનાં ફળદ્રુપ મેદાનો, જાવા, સુમાત્રા, મલાયા, બાલિ, બોર્નિયો બધે જ બુદ્ધનો સંદેશો વ્યાપી ગયો : "બુદ્ધં શરણં ગચ્છામિ, સંઘં શરણં ગચ્છામિ, ધર્મં શરણં ગચ્છામિ." કષાયવસ્ત્રધારી સાધુઓએ વિના શસ્ત્ર 'એક એશિયા'નું સ્વપ્ન સિદ્ધ કરી બતાવ્યું.

વિચાર, સંસ્કાર અને માનવી ત્રણેયનાં આદાનપ્રદાનની ક્ષિપ્રતા ઘણી સારી હતી. તુરફાનમાં અશ્વઘોષનાં નાટકો ભજવાતાં હતાં. વિક્રમશિલાનો વિદ્યાર્થી જાવા ભણવા જતો. તિબેટનો રાજા નાલંદાના શિક્ષકોને નિમંત્રણ આપતો. બોદ્ધિવૃક્ષની સાચવણી અર્થે સિંહલદ્વીપ અને યવદ્વીપનાં રાજ્યો ગાયો ભેટ ધરતા. ખોતાનમાં ગૃહસ્થોને પોતાનાં ખાનગી બૌદ્ધ મંદિરો હતાં. લોપનોરમાં ૪,૦૦૦ બૌદ્ધ (હીનયાની) ભિક્ષુઓ રહેતા હતા. સંબંધને કારણે, રાજકીય વ્યવસ્થાના શ્રેષ્ઠ જ્ઞાનને કારણે કે લશ્કરી નિપુણતાના સદ્‌ગુણને કારણે ભારતીયોએ દક્ષિણ-પૂર્વ એશિયાનાં હયાત રાજ્યો ઉપર વિજય પ્રાપ્ત કર્યો. કુદરતનો એ નિયમ છે કે ઓછી વિકસેલી સંસ્કૃતિની પ્રજા ઉપર સત્ત્વશીલ ઊંચા સંસ્કારવાળી પ્રજા પ્રભુત્વ જમાવે છે. બલકે, પ્રથમ પ્રજા બીજીમાં પૂર્ણતયા ભળી જાય છે. ખાસ કરીને દક્ષિણ-પૂર્વ એશિયાની સંસ્કૃતિનું આવું થયું. ભારતીય સંસ્કૃતિએ સ્થાનિક સંસ્કૃતિને માત કરી પૂર્ણ વિજય હાંસલ કર્યો. ઘણી જગ્યાએ તો મૂળ સંસ્કારનાં લક્ષણો ન ઓળખાય એટલી હદે બદલાઈ ગયાં.

## રાષ્ટ્રીયતાનો અભ્યુદય

પ્રાચીન ભારતના વિશિષ્ટ સાંસ્કારિક વિકાસમાં જ તેની રાજકીય–રાષ્ટ્રીય લાક્ષણિકતા રહેલી છે. એનું ઐતિહાસિક વિહંગાવલોકન હવે કરી લઈએ.

ઈશુ પૂર્વેની બીજી સદીમાં મૌર્ય સામ્રાજ્યની સત્તાનો અંત આવ્યો તે પછી લગભગ પાંચ સદી સુધી ભિન્ન એવી અનેક રાજસત્તાઓ જન્મી અને અસ્ત પામી; જેમાં શુંગ, કણ્વ, સાતવાહન, યૌધેય, નાગ, આભીર, વાકટિક જેવી સ્થાનિક સત્તાઓ તથા યવન, પહ્‌લવ, શક, કુશાન જેવી વિદેશી સત્તાઓનો સમાવેશ થાય છે. આ બધી સત્તાઓ વત્તેઓછે અંશે સ્થાનિક શાસન પૂરતી પ્રભાવશાળી રહી. આમાંથી એકે રાષ્ટ્રીય રાજકારણ જન્માવી શકી નહીં; છતાં સાતવાહનો, વાકાટકો, શકો અને કુશાનોએ પ્રમાણમાં સુદૃઢ શાસન દ્વારા રાષ્ટ્રીય એકતાનું વાતાવરણ ઊભું કરવામાં યશસ્વી ફાળો નોંધાવ્યો, જેને કારણે ભારતનો સાંસ્કૃતિક વિકાસ એકધારી ગતિએ પ્રગતિ પામી રહ્યો.

ઈશુની ત્રીજી-ચોથી સદી દરમ્યાન ઉત્તરમાં કુશાનોની, પશ્ચિમમાં શક-ક્ષત્રપોની અને દખ્ખણમાં સાતવાહનોની પ્રભાવી સત્તાની પડતી થઈ. આથી પૂર્વીય ભારતમાં શક્તિશાળી રાજવંશનો ઉદય થયો, જેણે ચોથી સદીના આરંભમાં મગધના સામ્રાજ્યની સ્થાપના કરી. આ સત્તા હતી ગુપ્તવંશના શાસકોની અને સામ્રાજ્યની સ્થાપના કરી ચંદ્રગુપ્તે.

શક સંવતના આરંભ (ઈ.સ. ૭૮) પછી ૨૪૧ વર્ષે ગુપ્ત સંવતનો આરંભ થયો, ઈ.સ. ૩૧૯માં. પ્રસ્તુત સંવતનો પ્રવર્તક ચંદ્રગુપ્ત ગુપ્ત વંશનો પ્રથમ સમ્રાટ હતો. ત્યારે મગધની ઉત્તરે લિચ્છવીઓનું શક્તિશાળી રાજ્ય હતું. ચંદ્રગુપ્તે લિચ્છવી કુંવરી કુમારદેવી સાથે લગ્ન કરી મગધની રાજકીય સત્તાને વધારે મજબૂત

બનાવી. એનો પુત્ર સમુદ્રગુપ્ત લિચ્છવી-દૌહિત્ર તરીકે ઓળખાવવામાં ગૌરવ અનુભવતો હતો. આથી પ્રતીત થાય છે કે લિચ્છવીઓની રાજસત્તા કેટલી બધી પ્રભાવશાળી હતી અને ચંદ્રગુપ્તે તે રાજવંશ સાથે લગ્નસંબંધ બાંધી પોતાના સામ્રાજ્યને દૃઢબળ કરવામાં કેવું રાજકીય દૂરંદેશિત્વ દાખવ્યું હતું. સમુદ્રગુપ્ત યશસ્વી યોદ્ધો અને નિપુણ રાજનીતિજ્ઞ હતો, એની પ્રતીતિ એની દિગ્વિજય યાત્રાથી થાય છે. તે પ્રજ્ઞાવાન, શાસ્રાર્થતત્ત્વજ્ઞ, દાનેશરી, કવિ, વિદ્યાનુરાગી, સંગીતજ્ઞ અને સુચરિત ગુણોથી અલંકૃત હતો. પોતે ગાયક અને વાદક હતો. તેને દત્તાદેવી નામે રાણી હતી.

એમનો પુત્ર તે ચંદ્રગુપ્ત ૨-જો ઉર્ફે ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય. ધ્રુવદેવી અને કુબેરનાગા નામે તેને બે પટરાણી હતી. દાદાની જેમ ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યે પણ પોતાની કુંવરી પ્રભાવતી ગુપ્તાનું લગ્ન વાકાટક નરેશ રુદ્રસેન ૨-જા સાથે કરી દક્ષિણ ભારતના સબળ રાજ્ય સાથે રાજકીય સંવાદ સ્થાપવાનું વિચક્ષણ કાર્ય કર્યું હતું. આથી રાજકીય સ્થિરતા દ્વારા રાષ્ટ્રીય એકતાની પ્રક્રિયાને વધારે જોમ પ્રાપ્ત થયું. પશ્ચિમ ભારતના ક્ષત્રપોને માળવામાંથી ખસેડવામાં પણ તે સફળ થયો.

કુમારગુપ્ત ૧-લો ઉર્ફે કુમારગુપ્ત મહેન્દ્રાદિત્ય એ ગુપ્તવંશનો ચોથો શક્તિશાળી સમ્રાટ હતો. તેણે ત્રણેય પુરોગામીઓના ભિન્ન ભિન્ન પ્રકારના બધા સિક્કાઓનું અનુકરણ કર્યું તે સાથે ઘણા ભિન્ન ભિન્ન પ્રકારના સિક્કાઓ ઉમેર્યા પણ ખરા. એનો પુત્ર સ્કદગુપ્ત (ક્રમાદિત્ય) પણ શક્તિશાળી હતો. હૂણોના આક્રમણને ખાળી એમની ભારતમાં સત્તા સ્થાપવાની મુરાદને નિષ્ફળ બનાવવામાં સ્કંદગુપ્તનો ફાળો ઘણો મૂલ્યવાન છે.

સ્કંદગુપ્ત પછીના ગુપ્ત શાસકો આટલા પ્રભાવશાળી ન હતા. છેલ્લા રાજા ભાનુગુપ્ત(ઈ. સ. ૫૫૦)ના અવસાન પછી ગુપ્ત સામ્રાજ્યની પડતી થઈ. તે પછી બે સૈકા સુધી ગુપ્તોનું સીમિત પ્રાદેશિક રાજ્ય ચાલુ રહ્યું.

આમ, ઈશુની છઠ્ઠી સદીના મધ્યમાં ગુપ્ત સામ્રાજ્યનું વિલોપન થતાં સંગઠિત રાજસત્તા પણ લુપ્ત થઈ અને તેને સ્થાને અવાંતર સત્તાઓ ઉદય પામી. સ્કંદગુપ્તથી સખત પરાભવ પામેલા હૂણોએ સંગઠિત રાજ-સત્તાના અભાવનો લાભ લઈ બીજી વાર હુમલાઓ શરૂ કર્યા અને પંજાબથી મધ્ય પ્રદેશ સુધી સત્તા ફેલાવી. આથી ગુપ્ત સામ્રાજ્યનું નાવ ડોલી ગયું.

* ગુપ્તો રાષ્ટ્રીય રાજકારણના પરિપ્રેક્ષ્યમાં સવિશેષ પ્રભાવશાળી રહ્યા, છતાં એમનો રાજ્યવિસ્તાર સમગ્ર ભારતને આંબી શક્યો નહીં. એક તો ગુપ્ત સમ્રાટોની ઉદારનીતિએ પરાજિત પ્રદેશોને પણ આંતરિક સ્વતંત્રતા આપી, આથી રાજ્યવિસ્તાર ન વધ્યો, પણ રાજકીય સ્થિરતા પ્રાપ્ત થઈ. બીજું કારણ એ કે સમકાલીન રાજ્યો ગુપ્તોની સર્વોપરીતા સ્વીકારી પોતાની રાજકીય સત્તા સલામત રાખી શક્યાં; એણે પણ આંતરિક રાજકારણના સંઘર્ષોને ખાળ્યા.

આવાં કેટલાંક સમકાલીન રાજ્યોનું વિહંગદર્શન કરીએ. આ બધી સ્થાનિક/પ્રાદેશિક સત્તાઓએ વત્તે-ઓછે અંશે ગુપ્ત સામ્રાજ્યના પ્રભાવનો અંગીકાર કરી લીધો હતો. ગાંધારના કુશાનો, પશ્ચિમ ભારતના શક ક્ષત્રપો, ગુજરાતના મૈત્રકો, હૂણ રાજ્ય, નેપાળના લિચ્છવીઓ, કામરૂપના રાજાઓ, દખ્ખણના વાકાટકો, ત્રૈકૂટકો, પૂર્વ અને પશ્ચિમના ગંગ શાસકો, સાલંકાય, વિષ્ણુકુંડીઓ, પલ્લવો, કદંબો વગેરેની સત્તાઓએ ગુપ્તો સાથે રાજકીય સંવાદિતા સ્થાપી હતી. આથી પહેલી નજરે રાજકીય અનેકતા જોવી પ્રાપ્ત થતી હોવા છતાં ગુપ્તોની દૃઢબળ સત્તાને કારણે હકીકતે રાજકીય સ્થિરતા સ્થપાઈ હતી, જેણે રાજનૈતિક વિવિધતામાં પણ રાષ્ટ્રીય એકતા હાંસલ કરી હતી. આમ ગુપ્ત સમ્રાટોના સમયમાં ઉત્તર ભારતનો લગભગ બધો વિસ્તાર મગધની સીધી સત્તા નીચે હતો. પશ્ચિમ ભારત અને દક્ષિણ ભારતના પ્રદેશો ઉપર ગુપ્ત સમ્રાટોનો પ્રભાવ પ્રસ્થાપિત હતો.

આમાં હૂણ પ્રજા વિશે થોડુંક વિશેષ જાણવું જરૂરી છે; કેમ કે એમણે એશિયામાં (ખાસ કરીને મધ્ય એશિયા, ઈરાન, ભારતમાં વિશેષ) એક પ્રકારનાં રાજકીય વમળો પેદા કરેલાં, જેને લઈને આઠ સૈકાઓ સુધી રાજકારણ પલટાતું રહ્યું હતું. ભારતમાં બાહ્લિક યવનો, શકો, પહ્લવો અને કુશાનોનું આગમન થયું તેને સંબંધિત ઊથલપાથલોના મૂળમાં હૂણ લોકો છે. ઈશુ પૂર્વે બીજી સદીમાં આ હૂણોએ યૂચી લોકોને વાયવ્ય ચીન પાસેથી હાંકી કાઢ્યા. આથી યૂચીઓને સ્થળાંતર કરવું પડયું. સ્થળાંતરનાં વર્તુળો ઘણી પ્રજાઓને સ્પર્શી ગયાં અને તે ભારત સુધી ફેલાયાં. આટલેથી પ્રક્રિયા અટકી હોત તોપણ આ વિસ્તારોનો ઈતિહાસ કંઈક જુદો આલેખાયો હોત. પણ હૂણો તો પશ્ચિમ તરફ આગળ વધ્યા અને યુરોપના દેશોમાં સ્થિર થયા. આ હૂણો કાળા હૂણો તરીકે ઓળખાયા. ત્યારે હૂણ પ્રજાનું બીજું એક જૂથ ઈરાનમાં સ્થિર થયું, જે ગોરા હૂણો કહેવાયા. પાંચમી સદીમાં તેમણે ઈરાનના સાસાની સામ્રાજ્યના પાયા હચમચાવ્યા; કારણ કે સ્કંદગુપ્તે તેમને સખત પરાજય આપી ભારતમાં સ્થિર થતાં અટકાવ્યા હતા. જો તેમ ન થયું હોત તો સાસાની સામ્રાજ્ય સુરક્ષિત રહેવા પામત અને ગુપ્ત સામ્રાજ્યના હાલહવાલ થઈ જાત. પણ આ પરિસ્થિતિ લાંબો સમય રહી નહીં અને પાંચમી સદીના અંત ભાગમાં હૂણોએ ભારતના ગાંધાર પ્રદેશમાં સત્તા સ્થાપી અને છઠ્ઠી સદી દરમ્યાન તેમણે ભારતમાં સત્તા પ્રસારી. તોરમાણ અને મિહિરકુલ આ યશસ્વી સિદ્ધિના ભાગી હતા. પણ મિહિરકુલના પરાભવ સાથે (ઈ. સ. ૫૨૮) એકી વખતે ભારત અને ઈરાનમાં હૂણ સત્તાનો હ્રાસ થયો.

અગાઉ નોંધ્યું છે કે ભાનુગુપ્ત પછી મગધની મહત્તા લોપાઈ, એમનો રાજકીય પ્રભાવ વિશેષ મર્યાદિત બન્યો. પરંતુ કનોજના મૌખરી વંશના અભ્યુદયથી ગુપ્તોની રહીસહી મહત્તાય ઝાંખી પડી. હૂણોનાં આક્રમણોએ એમની લશ્કરી શક્તિને ક્ષીણ કરી જ હતી. આ પછીનો બે સૈકાનો સમય એક કરતાં વધુ પ્રભાવશાળી સત્તાઓના સહઅસ્તિત્વનો ગણાય છે.

## ગુપ્ત કાળ પછીની પ્રક્રિયા

સાતમી સદીના પૂર્વાર્ધમાં થાણેશ્વર – કનોજના હર્ષદેવનું આધિપત્ય પ્રવર્ત્યું. આ સમયે દક્ષિણ ભારતમાં કાંચીના પલ્લવો અને દખ્ખણના ચૌલુકયો વચ્ચે લાંબા સમય સુધી રાજકીય સ્પર્ધા ચાલુ રહી. સાતમી સદીના પૂર્વાર્ધમાં ચૌલુકય નરેશ પુલકેશી ૨-જાનું આધિપત્ય જામ્યું. આમ, ગુપ્ત સામ્રાજ્યના અસ્ત પછી ભારતમાં બે મહાસત્તાઓનો ઉદય થયો, જેમણે ઉત્તર અને દક્ષિણ ભારતમાં રાજકીય સ્થિરતા સ્થાપવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. હર્ષવર્ધન અને પુલકેશી ૨-જો આના યશભાગી હતા. ઉભયનું આધિપત્ય લાંબું નભ્યું નહીં અને એક શતક સુધી દેશમાં સંખ્યાબંધ રાજ્યોની સત્તા પ્રવર્તી રહી. દુર્ભાગ્યે મહારાજ્યો ઉદય પામ્યાં નહીં. અલબત્ત, હર્ષવર્ધન અને પુલકેશીનાં શાસન દરમ્યાન ભારતે ગુપ્ત સામ્રાજ્ય જેવી સાંસ્કૃતિક જાહોજલાલી અનુભવી. પરંતુ, તેમની પૂર્વે કે પછી પણ કોઈ મહાસત્તા સ્થપાઈ નહીં.

મગધના ગુપ્ત સામ્રાજ્યની સત્તા ઈ. સ. ૫૫૦માં અસ્ત પામી પછી ઉત્તર ભારતમાં કેટલાંક રાજ્યો વચ્ચે સત્તાની સાઠમારી ચાલુ રહી. ગુપ્તવંશના ઉત્તરકાલીન શાસકો અને કનોજના મૌખરી વંશના શાસકો વચ્ચે લાંબો વખત વિગ્રહ ચાલ્યો. મૌખરીઓને થાણેશ્વરના રાજવંશ સાથે મૈત્રી હતી અને હૂણોના હુમલા સમયે થાણેશ્વરે કનોજને સહાય કરેલી. અંતે થાણેશ્વરની સત્તામાં મૌખરી સત્તા વિલીન થઈ.

ચક્રવર્તી હર્ષવર્ધન થાણેશ્વરનો રાજા હતો. ઈ. સ. ૬૦૬માં તેનું રાજ્યારોહણ થયું. હર્ષે ઉત્તર ભારતમાં રાજકીય આણ વર્તાવી દિગ્વિજય હાંસલ કર્યો. હર્ષવર્ધનના મૂળ રાજ્યનું પાટનગર થાણેશ્વર(હાલનું કુરુક્ષેત્ર, પંજાબ)માં હતું. પણ હર્ષના સમયમાં પાટનગર તરીકેનું બહુમાન કાન્યકુબ્જ(કનોજ, હાલનું કાનપુર)ને પ્રાપ્ત થયું. આમ હર્ષનું રાજ્ય પંજાબથી કાનપુર સુધી વિસ્તાર પામ્યું હતું. પણ દક્ષિણાપથમાં દિગ્વિજય હાંસલ કરવામાં હર્ષને નિષ્ફળતા સાંપડી; કારણ ચૌલુકય નરેશ પુલકેશી ૨-જો ઉત્તરાપથનો સબળ પ્રતિસ્પર્ધી હતો.

હર્ષ પ્રતાપી રાજા અને શૂરવીર યોદ્ધો હતો. બાણભટ્ટ અને હ્યુઆન શ્વાંગ જેવા સમકાલીન લેખકોએ કરેલા હર્ષના ચરિત્રચિત્રણથી એની અન્ય બાજુઓ પણ જાણવી પ્રાપ્ત થાય છે. તે ધર્મ અને વિદ્યાનો અનુરાગી હતો. એના પિતા આદિત્યભક્ત હતા, એના ગુરુબંધુ શાક્ત (બૌદ્ધ) હતા અને પોતે પરમ માહેશ્વર હતો. છતાં હ્યુઆન શ્વાંગના સત્સંગથી તેણે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. તેણે કનોજમાં ધર્મપરિષદ બોલાવી અને હ્યુઆન શ્વાંગને તેનું અધ્યક્ષપદ સોંપ્યું. એ ધર્મપરિષદમાં બૌદ્ધો ઉપરાંત જૈન અને બ્રાહ્મણ અનુયાયીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દર પાંચ વર્ષે તે પ્રયાગમાં તીર્થપરિષદ ભરતો હતો. વિદ્વાનોનો આશ્રયદાતા હતો. પોતે કવિ અને નાટકલેખક હતો. 'પ્રિયદર્શિકા', 'રત્નાવલી' અને 'નાગાનંદ' નામે ત્રણ નાટકો એનાં છે. એના મૃત્યુ પછી વર્ધનવંશની તથા કનોજની સત્તા અસ્ત પામી.

દક્ષિણાપથમાં ચૌલુક્ય વંશ સત્તાધીશ હતો. છઠ્ઠી સદીના મધ્યથી આઠમી સદીના મધ્ય સુધી દખ્ખણના વિસ્તૃત પ્રદેશો ઉપર એમની સત્તા પ્રવર્તી. આ રાજાઓ પરમ ભાગવત હતા. પુલકેશી ૨-જો આ રાજવંશનો અત્યંત પરાક્રમી અને પ્રતાપી રાજા હતો. ઈ. સ. ૬૧૦માં તે ગાદીએ બેઠો. લાટ (દક્ષિણ ગુજરાત), માળવા અને ગુર્જર દેશના રાજાઓ એના પ્રભાવ નીચે હતા. જૈન કવિ રવિકીર્તિએ દક્ષિણાપથેશ્વરની યશસ્વી કારકિર્દી નિરૂપી છે. લાટ, મહારાષ્ટ્ર અને કોંકણના પ્રદેશોને સમાવી લેતું વિસ્તૃત રાજ્ય ચૌલુક્યોનું હતું. ચૌલુક્યોને કાંચીના પલ્લવો સાથે સતત સ્પર્ધા પેઢી-દર-પેઢી ચાલુ રહેલી.

કાંજીવરમ(કાંચી)ના પલ્લવોમાં મહેન્દ્ર વર્મા (ઈ. સ. ૬૦૦–૬૩૦) પ્રતાપી અને પ્રભાવી નરેશ હતો. આ જૈનધર્મી રાજવીએ પછીથી શૈવ ધર્મ અંગીકાર કર્યો હતો. તે સાહિત્યનો ભોક્તા હતો. પ્રહસનરૂપક પણ એણે લખ્યું હતું. તેણે મોટી સંખ્યામાં દેવાલયો બંધાવ્યાં અને પ્રતિમાઓ પ્રસ્થાપી. નવમી સદીના અંતમાં પલ્લવોની સત્તાનો હ્રાસ થયો અને ચોલ રાજ્યના આધિપત્યનો અભ્યુદય થયો.

અનુગુપ્તકાલનાં અન્ય રાજ્યોમાં વલભીનું મૈત્રક રાજ્ય અગ્રિમ સ્થાન ધરાવે છે. સ્કંદગુપ્તના મૃત્યુ પછી મૈત્રકકુલના સેનાપતિ ભટ્ટાર્કે રાજવંશ શરૂ કર્યો. વલભી તેમની રાજધાની હતી. ઈ. સ. ૬૪૦ના અરસામાં હ્યુઆન શ્વાંગે પશ્ચિમ ભારતનો પ્રવાસ કરેલો ત્યારે તેણે ભરુકચ્છ, માલવ, ખેટક (ખેડા), આનંદપુર (વડનગર), વડાલી (ઈડર પાસે), ગિરિનગર અને વલભીની મુલાકાત લીધી હતી. મૈત્રકો પરમ ભાગવત હતા. ધર્માનુરાગી અને વિદ્યાનુરાગી મૈત્રક રાજાઓ પ્રતાપી હતા. છતાં અન્ય ધર્મો પ્રત્યે તેમનું વલણ ઉદાર હતું. ધ્રુવસેન બૌદ્ધ ધર્મનો અનુરાગી હતો. ઉત્તરાપથના ચક્રવર્તી હર્ષવર્ધનની પરિષદોમાં વલભીપતિ ધ્રુવસેનને અગ્રિમ સ્થાન પ્રાપ્ત થતું હતું. એનો પુત્ર ધરસેન હર્ષવર્ધનનો દૌહિત્ર હતો. તે મૈત્રક વંશનો સૌથી પ્રતાપી રાજા હતો. પરમભટ્ટારક, મહારાજાધિરાજ, પરમ માહેશ્વર જેવાં બિરુદ એણે ધારણ કર્યાં હતાં. શીલાદિત્ય ૭-મો મૈત્રક રાજાઓમાં છેલ્લો નરેશ. એના શાસન દરમ્યાન ઈ. સ. ૭૮૮માં સિંધના આરબોએ વલભી ઉપર આક્રમણ કર્યું અને એ નગરનો નાશ કર્યો. ધર્મ, વિદ્યા, કલા, સાહિત્ય અને રાજકારણના ક્ષેત્રે વલભી નગરીએ સતત ત્રણ સૈકા સુધી વિકાસોન્મુખ પ્રવૃત્તિઓ દ્વારા ગુજરાતના સંસ્કારપ્રવાહમાં ફાળો આપ્યો.

ગુપ્ત સામ્રાજ્યની પડતી પછી નાની સત્તાઓનો ઉદય થયો, એમાં દક્ષિણ રાજસ્થાનના ગુર્જર પ્રતીહારોની સત્તાનો પણ સમાવેશ થાય છે. હરિશ્ચંદ્ર નામનો બ્રાહ્મણ આ વંશનો સ્થાપક હતો. નાગભટ્ટ ૨-જો આ વંશનો પ્રતાપી રાજા હતો, જેણે હૂણોના આક્રમણને હટાવવામાં સહાય કરી હતી.

દક્ષિણ ગુજરાતના ગુર્જરો, ગૌડ દેશનો રાજા શશાંક, કાશ્મીરનો કર્કોટકવંશ, નેપાળનો લિચ્છવી રાજવંશ, કામરૂપનો રાજવંશ, ઓરિસાનો રાજવંશ, મેવાડનો ગુહિલોત વંશ, સિંધનું હિંદુ રાજ્ય, અપરાંતના ત્રૈકૂટકો, માહિષ્મતીના કલચુરીઓ, આંધ્રના વિષ્ણુકુંડીઓ, કલિંગના પૂર્વી ગંગો, મૈસૂરના પશ્ચિમી ગંગો, કુંતલના કદંબો, ઉડીપીના આળુપો અને પાંડ્ય રાજાઓ જેવી નાનીમોટી સત્તાઓ પણ આ સમય દરમ્યાન અસ્તિત્વ ધરાવતી હતી.

આમ, ગુપ્ત સામ્રાજ્યની પડતી પછી ઉત્તર ભારતમાં હર્ષવર્ધન જેવા ચક્રવર્તીનું મહાન રાજ્ય સ્થપાયું; તો દક્ષિણ ભારતનાં ચૌલુક્યો અને પલ્લવોનાં વિશાળ રાજ્યોનો અભ્યુદય થયો. પરંતુ અખિલ ભારતીય પ્રકારનું કે ઉત્તર તથા દક્ષિણ ભારત ઉપર ત્રણેયમાંથી એકેયનું આધિપત્ય લાંબો સમય ટક્યું નહીં; છતાં નોંધપાત્ર હકીકત એ છે કે તેથી રાષ્ટ્રીય અસ્મિતા જોખમાઈ નહીં; સાંસ્કૃતિક એકતા અને વિકાસ સંભવી શક્યાં.

બીજા ઘણા પ્રદેશોમાં મૈત્રકો, ગુર્જરો, કર્કોટકો, કલચુરીઓ, પાંડ્ય વગેરે ઘણી જુદી જુદી સત્તાઓ પ્રવર્તી રહી, જેમાંની અનેક ઉપર ઘણી વાર ત્રણમાંથી કોઈનું ને કોઈનું આધિપત્ય પ્રવર્તેલું રહેતું. આ ઉપરાંત આ બધાં રાજ્યો વચ્ચે વારંવાર સ્પર્ધા પણ થતી. આથી મહાસત્તાઓ ઉદય પામી નહીં, પ્રભાવશાળી રાજ્યો લાંબો સમય ટક્યાં નહીં. પરિણામે સંગઠિત તાકાતના અભાવને કારણે આરબોએ સિંધમાં સત્તા સ્થાપી. છતાં બાહ્ય આક્રમણ સમયે એક થવાની ભારતીય પરંપરાના સંસ્કારે કરીને કાશ્મીર, રાજસ્થાન, ગુજરાત અને પંજાબનાં પ્રબળ રાજ્યોના સહકારી બળને કારણે આરબોની સત્તા સિંધ પૂરતી સીમિત રહી. વિવિધતામાં એકતાની જેમ રાજકીય અનેકતામાં પણ બાહ્ય આક્રમણ સમયે રાજનૈતિક એકતા દાખવવાના ભારતીય શાણપણને લીધે આરબોના હુમલાને પાંચેક (આઠમીથી તેરમી) સદી સુધી ખાળી શકાયા એ હકીકત હવે પછીનાં પ્રકરણોમાં આપણે જોવાના છીએ.

[ ચીની પ્રવાસીઓ ફાહિયાન, હ્યુએન શ્વાંગ, ઇત્સિંગના પ્રવાસો અંગે જુઓ હવે પછીનો ભારત દર્શન ૧(ઇતિહાસ • આદિયુગ) ગ્રંથ ૨૨. ]

સદીઓ દરમ્યાન જેમ અનેક પ્રજાઓ ભારતમાં આવી તેમ સમયે સમયે કેટલાક પ્રવાસી લેખકો પણ ભારત આવ્યા. એમનાં પ્રવાસવર્ણનો ઘણે મોટે અંશે વિશ્વસનીય જણાયાં છે. મેગેસ્થેનીસથી આરંભી માર્કો પોલો સુધી ઘણા વિદેશી યાત્રાળુઓએ ભારતની મુલાકાત લીધી હતી. આમાં એક મુસ્લિમ મુસાફર હતા અબુ રૈહાન અલ-બિરુની.

સુલતાન મહમૂદ ગઝનવી સાથે અગિયારમી સદીના આરંભમાં તે ભારત આવ્યા હતા. તેમનું મૂળ વતન ખોરેઝમ, વર્તમાન ખીવ (મધ્ય એશિયા), ત્યાં ઈ. સ. ૯૭૩માં અલ-બિરુનીનો જન્મ થયો હતો. તેઓ અતિ બુદ્ધિશાળી અને પ્રજ્ઞાવાન હતા. ખગોળવિદ, ગણિતજ્ઞ, તર્કવિદ અને ઈતિહાસકાર એવા અલ-બિરુનીએ 'કિતાબે ઉલ-હિંદ' નામનો ગ્રંથ લખ્યો છે; જેમાં તેમણે ભારતપ્રવાસની લગભગ સંતુલિત ફલશ્રુતિ પીરસી છે. બૌદ્ધિક પિપાસાની અરબી પરંપરાની સંપ્રાપ્તિ તથા વિકાસ અને હિંદુ ધર્મ તથા વિજ્ઞાનનું હેતુલક્ષી પૃથક્કરણ આપણે અલ-બિરુનીના લખાણમાં અનુભવી શકીએ છીએ. હિંદુઓના ધર્મસિદ્ધાંતોની તરફેણ કે તેનો વિરોધ કર્યા વિના તાટસ્થ્યપૂર્ણ સમજૂતી એમણે આપી છે. આથી એમણે વાદવિવાદને શક્યત: દૂર રાખ્યો છે. અલ-બિરુનીની આ જાગૃતિ એમનાં લખાણોની વિશ્વસનીયતા પ્રગટ કરે છે. 'કિતાબે ઉલ-હિંદ' ગ્રંથમાં એમણે હિંદુઓના સામાજિક રીતરિવાજો, ધાર્મિક ઉત્સવો, ભારતીય વિજ્ઞાન અને ધર્મનું ઉત્તમ સર્વેક્ષણ આપ્યું છે. એમનાં સૂક્ષ્મ નિરીક્ષણો, પૂર્વગ્રહરહિત પ્રશંસા અને દોષદર્શન, શ્રદ્ધેય હકીકતોનું વર્ણન નોંધપાત્ર છે. મહમૂદ ગઝનવીથી અકબર સુધીના લગભગ બધા જ મુસ્લિમોને હિંદુ ધર્મ મૂર્તિપૂજાથી વિશેષ જણાયો ન હતો. અલ-બિરુનીના મતે તે કેવળ મૂર્તિપૂજક ધર્મ ન હતો પણ એકેશ્વરવાદી ધર્મ હતો. વિધર્મી સમાજને ખરાબ ચીતરવો કે પરોક્ષ માહિતીનો વિનિયોગ કરવો એ સામે એમણે ચેતવણી આપી છે. આથી પણ અલ-બિરુનીનાં લખાણો વધારે શ્રદ્ધેય અને પ્રામાણિક જણાય છે. પરધર્મીઓ બીજાના ધર્મને અને સમાજને કેવી રીતે મૂલવવો તેના માર્ગદર્શક સિદ્ધાંતો એમણે એમના ભારતવર્ણન ગ્રંથની પ્રસ્તાવનામાં નિરૂપ્યા છે.

અલ-બિરુનીએ સંસ્કૃતનો અભ્યાસ કરી અનેક સંસ્કૃત ગ્રંથોનું અધ્યયન કર્યું હતું. વરાહમિહિરનાં લખાણો, જ્યોતિષ અને ગણિતના ગ્રંથો, કેટલાંક પુરાણો વગેરેનો તેમણે અભ્યાસ કર્યો હતો. એટલે હિંદુ ધર્મ અને ઉત્સવોની તેઓ વિગતે વાતો કરે છે. શ્રાદ્ધપક્ષ, દેવઊઠી એકાદશી, દિવાળી, દેવદાસીની પ્રથા

વગેરેનું સુરેખ વર્ણન તેઓ કરી શક્યા છે. 'બૃહત્સંહિતા'નો હવાલો ટાંકી લિંગ માટેનો પથ્થર કેવો હોવો જોઈએ એ પણ તે નોંધે છે. એમના મતે સોમનાથનું લિંગ ભારતમાં પ્રખ્યાત હતું. સોમનાથપાટણ મહત્ત્વનું બંદર હોવાની વિગત પણ એમણે નોંધી છે.

પુરાણોનો અભ્યાસ કરનાર તે પહેલા મુસ્લિમ હતા. સાંખ્ય અને પતંજલિનાં લખાણોને અરબીમાં અનૂદિત કરનાર પણ તેઓ પ્રથમ હતા. મુસ્લિમ વિશ્વમાં ભગવદ્ગીતાનો સંદેશ પણ એમણે ફેલાવ્યો હતો. જ્ઞાતિપ્રથાના તે કડક ટીકાકાર હતા. સંસ્કૃત ભાષા વિશે, એની શબ્દાવલી વિશે, હિંદુ બોલીઓ વિશે અલ-બિરુનીએ પ્રશંસા કરી છે. ભારતીય કલાનાં ખેડાણ અને સાહિત્યની ઉચ્ચ પરંપરાને પણ એમણે બિરદાવી છે. તળાવો અને સરોવરની પ્રશંસા કરી છે. તે નોંધે છે કે મહમૂદ ગઝનવીની લશ્કરી ભયાનકતાને કારણે હિંદુ બૌદ્ધિકો દૂરનાં ધાર્મિક કેન્દ્રોમાં ભાગી ગયા હતા. આમ તે પોતાના આશ્રયદાતાનાં પગલાંની કડક ટીકા કરે છે, તો ભારતીયોની કેટલીક મૂર્ખાઈઓની પણ ટીકા કરે છે. વહેમ એ એવી બીમારી છે, જેની કોઈ દવા નથી એવું નોંધી અલ-બિરુની હિંદુઓની "તેમના જેવો દેશ નથી, તેમના જેવા રાજાઓ નથી, તેમના જેવો ધર્મ નથી, તેમના જેવું વિજ્ઞાન નથી" આવી માન્યતાની ખબર લઈ નાખે છે. જોકે તે ભારતીયોના રાષ્ટ્રપ્રેમને દુર્ગુણ ગણવાની ભૂલ કરે છે. છતાં સમગ્રતયા એમનાં લખાણો વિશેષ ઉપયોગી જણાયાં છે. ઈતિહાસકારની સૂઝ, લેખકની ઉદારતા, કડક ટીકા, સૂક્ષ્મ પૃથક્કરણ વગેરે અલ-બિરુનીનાં લખાણોની જમા બાજુ છે.

અંતમાં કહી શકાય કે બાહ્ય સંપર્કોથી ભારતીય સંસ્કારોનું સત્ત્વ હણાયું નથી બલકે વિશેષ સમૃદ્ધ થયું છે. જગતમાં શ્રેય અને પ્રેય એવું બધું સ્વીકારવું અને પોતાનું ઉત્તમ અન્યને પ્રદાન કરવું એવી દ્વિમાર્ગી ઉદાર મનોવૃત્તિ ભારતીય સંસ્કૃતિમાં દૃષ્ટિગોચર થાય છે.

# ૪ : મુસ્લિમ આક્રમણ અને આતંક

## ભારતમાં મુસ્લિમ શાસનનો પ્રવેશ

### પ્રતિકારની પહેલી બે સદી (ઈ.સ. ૬૩૭થી ૮૪૩)

મોહમ્મદ પયગંબર સાહેબે અરબ દેશમાં ઈસ્લામની સ્થાપના કરી તેના નેજા હેઠળ મુસ્લિમ રાજ્યસત્તાનો પાયો નાખ્યો (ઈ. સ. ૬૩૦) એ પછીનાં સવાસો વર્ષના ગાળામાં (૭૫૦ સુધીમાં) તો અરબ શાસન વિશ્વવિજયી સત્તા બની ચૂક્યું હતું.

મોહમ્મદ પયગંબર સાહેબના અવસાન (ઈ. સ. ૬૩૨) પછી બીજા ખલીફા ઉમરના શાસનકાળમાં (ઈ. સ. ૬૩૪–૪૪) ભારત પર પોતાનો પ્રભાવ પ્રસારવાની સ્પષ્ટ નેમ સાથે નૌકાદળ દ્વારા થાણા(મુંબઈ), ભરૂચ (ગુજરાત) અને દેબલ(સિંધુ)નાં બંદરો પર મુસ્લિમ અરબ સૈન્યો લાંગર્યાં હતાં (ઈ. સ. ૬૩૭). અને આ પ્રથમ આક્રમણ વખતે દેબલના સૂબા ચચે મુસ્લિમ સૈન્યને મારી હઠાવ્યું હતું, જેમાં અરબ (મુસ્લિમ) સેનાપતિએ જાન ગુમાવ્યો હતો, એવો સ્પષ્ટ ઉલ્લેખ 'ચચનામા'માં થયેલો છે.


**સિંધ**

આ પછી તરત, જમીનમાર્ગે સિંધ પર ચડાઈ કરવાની નેમથી ખલીફ ઉમરે (ઈ. સ. ૬૩૪–૬૪૪) અને તે પછીના ખલીફ ઉસ્માને (ઈ. સ. ૬૪૪–૬૫૬) ઘણા બેત રચ્યા હતા પરંતુ તેમાં વ્યવહારુ શક્યતા ન દેખાતાં તે છોડી દીધા હતા. છતાં, ચોથા ખલીફ અલી(ઈ.સ. ૬૫૬–૬૬૦)એ તેના વહીવટના છેલ્લા વરસે એક 'મોટી ચડાઈ'નું આયોજન કર્યું જ. અરબ ઉમરાવો અને સેનાનાયકોની સરદારીમાં એક મોટું સૈન્ય બોલનઘાટમાંના કિકાન (કિકનાન) પ્રદેશથી આગળ વધી સિંધ સુધી આવી પહોંચ્યું. જમીનમાર્ગના આ સર્વપ્રથમ આક્રમણની વલે અગાઉના બંદરી આક્રમણ કરતાંય બૂરી થઈ. ઘણા બધા મુસ્લિમ સરદારો કપાઈ મૂઆ અને બચેલું લશ્કર ભાગી છૂટયું (ઈ. સ. ૬૬૩).

આ પરાજયો અરબ શાસકો માટે ભારે આઘાતજનક હતા. કેમ કે પયગંબરના અવસાન પછીના પાંચેક દાયકામાં તો ઈસ્લામનો ડંકો ઈરાન, સીરિયા, ઈજિપ્ત તથા ઉત્તર આફ્રિકાના અનેક પ્રદેશો પર એવો વાગી ચૂકયો હતો કે 'ઈસ્લામનો ધ્વજ જયાં જાય ત્યાં વિજયને જ વરે છે' એવી દૃઢ માન્યતા પ્રસરી ગઈ હતી. આથી, અણધારી નિષ્ફળતાઓ પછી, સિંધને સર કરવા માટે એમણે બીજા બે દાયકા દરમ્યાન ઉપરાઉપરી છ હલ્લા કર્યા; પણ પરિણામે મકરાણથી વિશેષ પ્રદેશ પર કબજો ન રાખી શકયા.


આ પછી વળી બીજા બે દાયકા બાદ (ઈ. સ. ૭૦૮) મુસ્લિમ શાસનના કેન્દ્રસમા ઈરાકના સૂબા હજ્જાજે, નાનું અમથું બહાનું મળતાં, સેનાપતિ ઉબેદુલાને દેબલ પરની ચડાઈ માટે રવાના કર્યો. પરંતુ એય હાર્યો ને માર્યો ગયો. વળી પાછો હજ્જાજ ઓમનના બંદરેથી આવ્યો.

સિંધનો ઈતિહાસ જોઈએ તો ત્યાં સાતમી સદીના આરંભે સહસીરાય(હિંદુ)ના પુત્ર સહિરસનું શાસન પ્રવર્તતું હતું. એની સરહદો ઉત્તરે કાશ્મીર, પૂર્વે કનોજ અને પશ્ચિમે મકરાણ (સિંધુ) સુધી ફેલાયેલી હતી. તેના પુત્ર સહસીરાય ર-જાના અમલ દરમ્યાન ચચ નામનો એક બ્રાહ્મણ એટલો ઊંચે ચડયો હતો કે



કુતુબમિનાર


ખંડ-૨




**The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line.**

## કુરાને શરીફ ધર્મગ્રંથ મુજબ

૧૨ ઇમામો ( ધર્મગુરુઓ )



ઇસ્લામ : ૧૨ ઇમામોની સુંદર-સુલિખિત વંશાવળી

| | |
|---|---|
| પહેલા ઇમામ હજરત અલી | અલયહિસ્સલામ |
| બીજા ઇમામ હજરત હસન | અ૦ |
| ત્રીજા ઇમામ હજરત હુસેન | અ૦ |
| ચોથા ઇમામ હજરત ઝયનુલ આબેદીન | અ૦ |
| પાંચમા ઇમામ હજરત મોહમ્મદ બાકિર | અ૦ |
| છઠ્ઠા ઇમામ હજરત જા'ફરે સાદિક | અ૦ |
| સાતમા ઇમામ હજરત મુસે કાઝિમ | અ૦ |
| આઠમા ઇમામ હજરત અલી રઝા | અ૦ |
| નવમા ઇમામ હજરત મોહમ્મદ તકી | અ૦ |
| દસમા ઇમામ હજરત અલી નકી | અ૦ |
| અગિયારમા ઇમામ હજરત હસન અસ્કરી | અ૦ |
| બારમા ઇમામ હજરત મહેદી સાહેબુઝ્ઝમાન | અ૦ |

રાજાના મૃત્યુ બાદ તે તેના માલિકની ગાદીએ આવ્યો હતો (ઈ. સ. ૬૨૨–૬૪૦). તેણે ઈરાન ઉપરના આરબ આક્રમણનો લાભ લઈ મકરાણનો કેટલોક પ્રદેશ જીતી લીધો હતો અને પૂર્વ કલાતના પ્રદેશ પાસેથીય ખંડણી વસૂલ કરી હતી. ચચ પછી તેનો દીકરો દાહર ગાદીએ આવ્યો હતો (ઈ. સ. ૭૦૦).

ઉબેદુલ્લાને દાહરના પાટવી કુંવર જયસિંહે પડકાર્યો, હરાવ્યો અને યુદ્ધમાં હણ્યો. આ પછી હજ્જાજે તેના જમાઈ મોહમ્મદ ઈબ્ન (બિન) કાસિમને ભરપૂર લશ્કર અને સરંજામ સાથે રવાના કર્યો (ઈ. સ. ૭૧૨). ત્યારે ઉમૈયા ખલીફે ૬,૦૦૦ સીરિયાવાસી સૈનિકોને તેની મદદે મોકલ્યા હતા. મોહમ્મદ બિન કાસિમે ત્રણ દિવસના ઘેરાને અંતે દેબલને હંફાવ્યું. ક્રૂર કતલ ચલાવી. શહેરને ૪,૦૦૦ મુસ્લિમ સૈનિકોના કબજા નીચે રાખી ત્યાં મસ્જિદ પણ ઊભી કરી અને મોહમ્મદ બિન કાસિમ નેરુન (સિંધ–હૈદરાબાદ) ભણી આગળ વધ્યો. કહે છે કે બૌદ્ધ સાધુઓએ આક્રમકો સાથે સમાધાન કર્યું. આગળ વધતાં સિજિસ્તાન(શેહવાન)માં પણ આવી જ ઘટના બની. આ પછી તો, હિંદુ દરબારોએ પણ પ્રાદેશિક સત્તાના લોભે મુસ્લિમોને વધાવી લીધા. અંતે, દેબલના દાહરે જ શક્ય એટલી હિંમતથી સામનો કર્યો. 'ચચનામા'માં જણાવ્યા મુજબ, મુસ્લિમ સૈન્ય વેરવિખેર થઈ રહ્યું હતું તેવામાં હાથી પર સવારી કરી આગલી હરોળમાં લડતો દાહર હણાયો. એનું આખું સૈન્ય અસ્તવ્યસ્ત બન્યું. રાજકુમાર જયસિંહ નવી તૈયારી માટે બ્રાહ્મણાબાદ પહોંચ્યો. દરમ્યાન, મહેલમાંની રાણીઓએ વીરતાથી લડત આપી, અંતે ચિતા સળગાવી જૌહર કર્યાં. જોકે, બ્રાહ્મણાબાદમાં વજીરે દગો દીધો છતાં પ્રજાએ કિલ્લામાંથી લડત ચાલુ રાખી. છ મહિનાને અંતે નગરના અગ્રણીઓએ ગુપ્ત સમાધાન કર્યું, પ્રજાને છેહ દીધો. કિલ્લો તૂટ્યો. આગળ મુલતાને પણ બે મહિના સુધી સામનો કર્યો. ત્યાં પણ દગો રમાયો.

આ રીતે સિંધનો ઠીક ઠીક પ્રદેશ મોહમ્મદ બિન કાસિમના કબજામાં આવ્યો. પરંતુ આ વરસોમાં (ઈ.સ. ૭૧૪–૭૧૫) હજ્જાજ અને ખલીફ વાલિદનું અવસાન થયું. નવો ખલીફા હજ્જાજનો વિરોધી હોઈ તેણે સત્તા પર આવતાંવેંત કાસિમને ઈરાક પાછો બોલાવી લઈ, તેના કુટુંબ તથા સાથીઓની ક્રૂરતાભરી કતલ કરી. 'ચચનામા' મુજબ, દાહરની બે પુત્રીઓ જેમને ગુલામ તરીકે ઉપાડી જવામાં આવી હતી તેમણે કાસિમે તેમની સાથે કરેલા હીન વર્તાવની ફરિયાદ કરતાં આ પગલું ભરાયું હતું!

બીજી બાજુ, મોહમ્મદ બિન કાસિમની પીઠ ફરતાં જયસિંહે એ પ્રદેશોને પાછા મુક્ત કરવા માંડ્યા હતા. તેથી ખલીફે હબીબને મોકલી પાછો કાબૂ જમાવ્યો. અંતે, ખલીફ ઉમર ૨-જા(ઈ. સ. ૭૧૭–૭૨૦)એ જણાવ્યું કે જો સિંધના હિંદુ દરબારો ઈસ્લામ અંગીકાર કરી લે તો એ પ્રદેશ — અલબત્ત, પોતાના આધિપત્ય નીચે —એમને હસ્તક સોંપી દેવા તે તૈયાર છે. જયસિંહ અને અન્ય દરબારોએ આ શરતનો સ્વીકાર કરી લીધો. પરંતુ રાજ્ય બદલાતાં, ખલીફ હાશિમ(ઈ. સ. ૭૨૪–૭૪૩)ના અમલ દરમ્યાન જયસિંહે ઈસ્લામનો ત્યાગ કરી, સિંધના મુસ્લિમ સૂબા જુનૈદ સામે જંગ શરૂ કર્યો (ઈ. સ ૭૨૫). જુનૈદે જયસિંહને ગિરફતાર કરી રણમોરચેથી ખસેડી લીધો.

**લગભગ એક સદી વીતવા છતાં સિંધ મુસ્લિમોના તાબે નહોતું થયું.**

**કાબુલ-ઝાબુલ**

જેવી સિંધની કથની છે તેવી કાબુલ અને ઝાબુલની છે. સાતમી સદીમાં આ બંને રાજ્યો રાજકીય અને સાંસ્કારિક દૃષ્ટિએ ભારતના ભાગ હતા. ઝાબુલમાં શાહી હિંદુ રાજાઓ અને કાબુલમાં ક્ષત્રિયવંશી રાજાઓ રાજ કરતા હતા. કાબુલના તાબામાં લઘમન, જલાલાબાદ અને ગાંધાર જેવાં ઉપરાજ્યો હતાં.

ભારતના આ સરહદી પ્રદેશમાં પ્રવેશવા માટેનો માર્ગ તે ખૈબરઘાટનો. ખલીફા મુઆવિયા(ઈ. સ. ૬૬૧–૮૦)ના શાસનકાળ દરમ્યાન એક આરબ ટુકડીને સિજિસ્તાન (સીસ્તાન)ના સૂબા અબ્દુર રહેમાનની

સરદારીમાં રવાના કરવામાં આવેલ. તેણે કાબુલને મહિનાઓ સુધી ઘેરો ઘાલ્યો ને વિજય મેળવ્યો. બાદ તે ઝાબુલિસ્તાન પર ઊતર્યો. ત્યાં પણ વિજય મળ્યો. પરંતુ અબ્દુર રહેમાનની પીઠ ફરતાં બંને પ્રદેશોના જાટ દરબારોએ ધૂંસરી ફગાવી દીધી. પાછળ રહેલા અરબોને હાંકી કાઢ્યા. આ પછી નવા અરબ સૂબાએ સમાધાનનો રસ્તો લીધો. ખંડણીની ગોઠવણ કરીને સંતોષ માન્યો. પરંતુ વળી કાબુલીઓએ માથું ઊંચક્યું (ઈ. સ. ૬૮૩), ખંડણી બંધ કરી. લડાઈમાં પરદેશીઓનો ઘાણ નીકળ્યો. એ દૃષ્ટાંતથી પ્રોત્સાહિત થઈ ઝાબુલે પણ બંડ કર્યું. પરંતુ હાર્યું (ઈ. સ. ૬૮૫). વખત જતાં રાજાના વારસદારે વેર લીધું. એણે દુશ્મનોને પહાડીઓમાં બરાબર ઘેર્યા ને તેમનો ઘાણ કાઢી નાખ્યો. ફરી ચડાઈ નહીં કરે એવી શરત કરાવી, ખંડણી લઈ ધાડપાડુઓને જવા દીધા. જોકે ખલીફે આ શરતો નકારી કાઢી અને સેનાપતિને બરતરફ કર્યો.

આપણે જોઈ ગયા તેમ, હજ્જાજ ઈરાકનો સૂબો હતો. એના સેનાપતિ ઉબેદુલ્લાને કાબુલ-ઝાબુલને તાબે આણવા ફરમાવ્યું હતું. પરંતુ એ લડાઈમાં અરબો હાર્યા હતા, સેનાપતિ મરાયો હતો. આ પરાજયનું સાટું વાળવા ઈરાકનાં બસરા અને કૂફા નગરોમાં સૈન્યો તૈયાર કરવામાં આવ્યાં. આ લશ્કરો અબ્દુર રહેમાનની સરદારી હેઠળ ઝાબુલ પર ત્રાટક્યાં (ઈ. સ. ૬૯૯). પરંતુ આ પછી આગળ વધવું મુશ્કેલ બન્યું. હજ્જાજે ખૂબ દબાણ કરતાં અબ્દુર રહેમાને જ ખલીફ અને હજ્જાજ સામે બંડ કર્યું. તેણે બસરા (ઈરાક) કબજે કર્યું, અને ત્યાં ટકવું મુશ્કેલ બનતાં ઝાબુલ જઈ રક્ષણ મેળવ્યું. ઝાબુલના સરદારે અબ્દુર રહેમાનને દગો દઈ હજ્જાજ સાથે સંધિ કરી. પાછળથી આ સંધિ તૂટી (ઈ. સ. ૭૧૪), પરંતુ અરબોને ચાર દાયકા સુધી મૂંગા રહેવું પડ્યું.

**આ પછીની એક સદી દરમ્યાન પણ મુસ્લિમ આક્રમકો આ પ્રદેશોને સંપૂર્ણપણે પોતાના તાબામાં લાવી શક્યા નહોતા.**

મોહમ્મદ બિન કાસિમ મુલતાન થઈને કાશ્મીર સુધી ધસી ગયો હતો. બીજી બાજુ એણે કનોજ પર પણ સૈન્ય મોકલ્યું હતું. પરંતુ આ પછી થોડા જ દિવસમાં ખલીફના હાથે એની હત્યા થઈ હતી. આ પછી જુનૈદે આ પ્રદેશ પર વિજય મેળવ્યો હોય તોપણ સાવ ટૂંકા સમય માટે. કાશ્મીરના રાજા લલિતાદિત્યે અને કનોજના યશોવર્મને એ દિશાના હલ્લાઓને સારી પેઠે ખાળ્યા હતા. (જોકે તેણે અરબોના હલ્લા ખાળવા સારુ ચીનની સહાયનો ઈરાદોય સેવ્યો હતો!)

### પશ્ચિમ ભારત

સિંધને બરાબર પોતાની પકડમાં લાવ્યા હોવાના ખ્યાલે, તેના સૂબા જુનૈદે ભારતના પશ્ચિમ પ્રદેશો પર નજર દોડાવી. જેસલમેર, જોધપુરનો કેટલોક પ્રદેશ, લાટ અને વલ્લમંડલ (રજપૂતાના, માળવા અને ગુજરાત) કબજે આણ્યાં. એકંદરે તેણે સૈંધવ, કચ્છચેલા, સૌરાષ્ટ્ર, ચાપોટક તથા મૌર્યો અને ગુર્જરોના રાજાઓને હરાવ્યા હતા અને નવસારી તરફ પ્રયાણ આદર્યું હતું (ઈ. સ. ૭૨૪ અને ઈ. સ. ૭૩૮). પરંતુ ઉજ્જયિની(અવંતિ)ના પ્રતિહાર રાજા નાગભટ્ટ તથા દક્ષિણ ગુજરાત(લાટ)ના ચૌલુક્ય રાજા પુલકેશીરાજે એમને મારી હઠાવ્યા હતા. પુલકેશીરાજને 'દક્ષિણાપથના સઘન આધારસ્તંભ'નું બિરુદ મળ્યું હતું. વળી, ગુર્જર રાજા જયભટ્ટ ૪-થાએ અરબોને હાર આપી હતી.

**જુનૈદ પછી તેના અનુગામી તામિનના સમયમાંય જિતાયેલા ઘણા પ્રદેશો મુસ્લિમોના હાથમાંથી છીનવાઈ ગયા હતા. સિંધનું મુખ્ય થાણુંય જેવું તેવું ટક્યું હતું.**

એકંદરે, ઉમૈયા ખલીફોના શાસન (ઈ. સ. ૬૬૧–૭૫૦) દરમ્યાન મુસ્લિમોનું પતન શરૂ થયું હતું તેનો પડઘો પણ જાણે અહીં પડ્યો હતો.

*

અબ્બાસી ખલીફા જોરમાં આવ્યા તે પછી તેના બીજા ખલીફા અલ મન્સૂર(ઈ. સ. ૭૫૪–૭૭૫)ના અમલ દરમ્યાન અફઘાનિસ્તાનમાં કંદહાર ઉપર વિજય મળતાં, સિજિસ્તાનના સૂબાએ ઝાબુલ પાસે ખંડણીની માગણી કરી. તેના રાજાએ નાછૂટકે થોડી ખંડણી આપી. આથી તેને વધુ દબાવવા પ્રયત્નો કર્યા, છતાં એમ જણાય છે કે, મન્સૂર અને ત્યાર પછીના ત્રણ ખલીફોના અમલ દરમ્યાન (ઈ. સ. ૭૭૫–૮૦૯) ખંડણીની વસૂલાત અંગે બહુ સંતોષજનક સ્થિતિ ન હતી. છેવટે, અલ મામુન (ઈ. સ. ૮૧૩–૮૩૩) જાતે ચડી આવ્યો ત્યારે બેવડી ખંડણી લઈને સમાધાન કરેલું.

આમ, બે સદી સુધીના લાગલાગટ આક્રમણો અને પ્રતિકારો પછી ઝાબુલ ભારતીય રાજસત્તા અને સંસ્કારિતાથી કપાઈ ગયું. ત્યારે, કાબુલનો ઈતિહાસ તો એવો છે કે તુર્કી શાહી રાજાઓ કાબુલ અને ગાંધારમાં રાજ કરતા થયા. બાદ, લગતુરમાન સુલતાનના દરબારમાં કલ્લર નામનો બ્રાહ્મણ વજીર હતો, તેણે સત્તા આંચકી લીધી (નવમી સદીના ઉત્તરાર્ધમાં). પરંતુ આ વંશનો રાજા લલ્લિયા કાબુલને લાંબો સમય સાચવી ન શક્યો. ઈ. સ. ૮૭૦માં સફ્ફારી વંશના યાકુબ લેથે કબજો લીધો. જોકે, લલ્લિયાએ અટ્ટોક(રાવલપિંડી પાસે સિંધુ તટે)ના પ્રદેશ ઉપર પોતાની સત્તા જમાવી બહાદુરીપૂર્વક તેને સાચવી રાખી હતી. આથી તેની કીર્તિ ફેલાઈ હતી. તેના પુત્ર તોરમાને (કમલુક) મુસ્લિમ આક્રમક સામે માથું ઊંચક્યું ખરું, પણ દુશ્મનની મોટી તાકાત જોઈ તે ઢીલો પડી ગયો હતો. તેના પુત્ર ભીમ(ઈ. સ. ૯૦૦)ની દૌહિત્રી દિદ્દા કાશ્મીરના ક્ષેમગુપ્તા (ઈ. સ. ૯૫૦–૯૫૮)ને પરણી હતી. પાછળથી આ ગાદી પર જયપાલ આવ્યો હતો. તેનું રાજ્ય કાશ્મીરથી મુલતાન સુધી વિસ્તરેલું હતું. તેમાં પશ્ચિમ પંજાબ અને વાયવ્ય સરહદ પ્રાંત તથા પૂર્વ અફઘાનિસ્તાનનો સમાવેશ થતો હતો. કાબુલમાં શાહી રાજાઓ પ્રમાણમાં ઘણી સ્વતંત્રતા ભોગવી રહ્યા હતા. પરંતુ ગઝનીમાં સુલતાન મહમૂદનો તાજ ઝળક્યો એની સાથે જ જયપાલને માથે આફત ઊતરી.

ઉમૈયા ખલીફોના પ્રયાસો પછી અબ્બાસી ખલીફા અલ મન્સૂરે (ઈ. સ. ૭૫૪–૭૫) સિંધના સૂબા તરીકે હિશામને મોકલી આપ્યો. તેણે મુલતાન અને કંદહાર સર કર્યાં. ત્યાં બ્રાહ્મણાબાદની જગ્યાએ અફલાતૂન 'મન્સૂર નગરી' ઊભી કરી. મન્સૂરની ગાદીએ ખલીફ અલ મહદી આવ્યો (ઈ. સ. ૭૭૫–૮૫). તેણે વળી નૌકાદળ મોકલી સિંધનાં બંદરો પરનો કાબૂ મજબૂત કરી લેવા પ્રયાસ કર્યો, પણ તેમાં તે ફાવ્યો નહીં. આ પછી હારૂન અલ રશીદ(ઈ. સ. ૭૮૬–૮૦૯)ના અમલ દરમ્યાન સિંધના પશ્ચિમ પ્રદેશો તાબામાં લેવા માટે કિકાનના જાટ સાથે નવેસરથી સંગ્રામ ખેડવો પડયો (ઈ. સ. ૬૬૨થી આ પ્રતિકાર ચાલતો આવ્યો હતો.); અને આ વખતેય તેઓ સંપૂર્ણ તાબે થયા ન હતા. પ્રતિકારની આ અખંડ પરંપરા આપણે અલ મામુન (ઈ. સ. ૮૧૩–૩૩)ના શાસનકાળ દરમ્યાન પણ ચાલુ રહેલી જોઈએ છીએ. સિદનના હિંદુ દરબ'રોએ ત્યાંના મુસ્લિમ સૂબાને હાંકી કાઢયો. છતાં, મુસ્લિમ વસ્તી માટે ત્યાંની મસ્જિદ અકબંધ રહેવા દીધી હતી!

આઠમી સદીમાં પ્રતિહાર રાજા નાગભટ્ટે આરબ આક્રમણમાંથી પશ્ચિમ હિંદને બચાવ્યું હતું; તો તેના વંશના નાગભટ્ટ ૨-જાએ (આશરે ઈ. સ. ૮૦૦–૮૩૦) ખલીફ હારૂન અને મામુનના અમલ દરમ્યાન સિંધના તુરુશ્કો(તુખારિસ્તાની)ના ગઢ પર વિજયો મેળવ્યા હતા. પાલ રાજા ધર્મપાલે પણ આ જ સમય દરમ્યાન (ઈ. સ. ૮૪૨) સિંધના યવન (મુસ્લિમ) રાજાને નમાવ્યો હતો.

નવમી સદીમાં સિંધના બે ભાગ પડી ગયા હતા: મન્સૂર અને મુલતાન; અને બેઉના મુસ્લિમ સૂબાઓ બગદાદના ખલીફાથી લગભગ સ્વતંત્ર રીતે કારભાર ચલાવી રહ્યા હતા. વાસ્તવમાં આ વહીવટ સ્થાનિક હિંદુ કારભારીઓને હસ્તક હતો.

બીજી રીતે જોઈએ તો, મુલતાન સામે પ્રતિહાર હિંદુ રાજાઓ અને મન્સૂર સામે મેડ હિંદુ દરબારોની ધાક ચાલુ જ હતી. મુખ્યત: આ પ્રતિહારીઓના પ્રતાપે જ મુસ્લિમ ધાડિયાં સિંધથી આગળ વધી શક્યાં ન હતાં....

*

આ દરમ્યાન અન્યત્ર ઈસ્લામી શાસનની સ્થિતિ પર ઊડતો દૃષ્ટિપાત કરી લઈએ. દસમી સદીના અંત ભાગમાં સામાનિદ સામ્રાજ્યના પતન સાથે જ બે મુસ્લિમ રાજ્યસત્તાઓ મોખરે દેખાઈ હતી, તેમાંની એક હતી તુર્કસ્તાનના ઈલક ખાનની. તેણે ઈ.સ. ૯૯૦માં બુખારા કબજે કર્યું, જેમાં અમુદરિયા નદીની ઉત્તરનો તમામ પ્રદેશ સમાઈ જતો હતો. બીજો હતો અમુદરિયાની દક્ષિણનો પ્રદેશ, જેના ઉપર યમિની અથવા ગઝનવિદ સત્તાએ પ્રભુત્વ જમાવ્યું હતું. આ વંશનો સબુક્તગીન બુખારાના શહેનશાહ અલપ્તગીનનો માનીતો ગુલામ હતો. પાછળથી તે તુખારિસ્તાન અને ખુરાસાન પ્રદેશનો સૂબો બન્યો હતો. બાદ, સંજોગવશાત્ અલપ્તગીને સત્તા કબજે કરી ગઝની(અફઘાનિસ્તાન)માં પોતાની રાજધાની સ્થાપી ત્યારે તેણે સબુક્તગીનને પોતાના સૈન્યનો સેનાપતિ બનાવ્યો. ઈ.સ. ૯૬૩માં અલપ્તગીનનું મૃત્યુ થતાં, ૧૪ વરસ બાદ (ઈ.સ. ૯૭૭) એ ગાદી સબુક્તગીનના હસ્તક આવી; અને તેણે બુખારાના સામાનિદ વંશની ઔપચારિક આણ સ્વીકારીને સ્વતંત્ર રીતે શાસન કરવા માંડયું. એક બાજુ તેણે બસ્ત, દાવર, બામિયાં, તુખારિસ્તાન અને ઘુર કબજે કર્યાં; બીજી બાજુ, કાબુલ ખીણમાં પગપેસારો કર્યો અને ઈસ્લામને નામે લૂંટફાટ આદરી ત્યાંનાં શાહી (હિંદુ) રાજ્યોને છંછેડયાં. શાહી જયપાલે સારી એવી તૈયારી કરી લંઘાન અને ગઝની વચ્ચે યુદ્ધ આપ્યું. જોકે એમાં તે ફસાયો. સંધિ કરી છૂટયો. પાછળથી દિલ્હી, અજમેર, કાલંજર વગેરે પડોશી રાજ્યોનો સહિયારો મોરચો ઊભો કરી એક લાખની સેના લઈ ફરી ત્રાટકયો. પરંતુ તેમાંય એ હાર્યો અને સબુક્તગીને લંઘાનથી પેશાવર સુધીનો વિસ્તાર કબજે કરી મોટા ભાગની બૌદ્ધ પ્રજાને ઈસ્લામધર્મી બનાવી.

સબુક્તગીનનું મૃત્યુ ગઝની(ઈ.સ. ૯૯૭)માં થતાં તેના ચાર પુત્રોમાંના ઈસ્માઈલે સત્તા કબજે કરી લીધી. સબુક્તગીનના બીજા પુત્ર મહમૂદે તેને બલ્ખ અને ખુરાસાનનું રાજ્ય સોંપી ગઝનીની ગાદી ખાલી કરવા જણાવ્યું. પરંતુ ઈસ્માઈલે તેનો ઈન્કાર કરતાં મહમૂદે ભાઈને જિંદગી પર્યંત જેલમાં ગોંધી રાખી પૂરાં ૩૨ વરસ (ઈ.સ. ૯૯૮–૧૦૩૦) ભારે ક્રૂરતા, દક્ષતા અને સાહસિકતાભર્યું શાસન ચલાવ્યું.

સબુક્તગીનનાં આક્રમણ વખતે માંડ માંડ સંયુક્ત બનેલાં હિંદુ રાજ્યોને માથે — સમસ્ત ભારતને માથે — કદી નહીં કલ્પેલો એવો કપરો કાળ મહમૂદે ઉતાર્યો.

> **મુસ્લિમ આક્રમકો સાથે એક આખી પચીસી સુધી વીરતાથી ઝીંક લેનાર શાહી રાજ્યનો અંત આવ્યો. વિખ્યાત મુસ્લિમ પ્રવાસી ઈતિહાસકાર અલ-બિરુની કહે છે: “આ હિંદુ શાહી વંશે તેમની તમામ જાહોજલાલી દરમ્યાન જેને સાચું અને શુભ માન્યું તે કરી છૂટવામાં કદી શિથિલતા દાખવી નથી. આ વંશના રાજાઓ ઉમદા ભાવના ભર્યા અને ઉમદા કુળ અને સંસ્કારી ઉછેરના હતા.**
>
> (‘રાજતરંગિણી’માં કલ્હણે પણ આવી જ અંજલિ આપી છે.)

## અમાનુષી આતંક: ખમીરવંતા ખેલ

### મહમૂદ ગઝનવી (ઈ.સ. ૧૦૦૦થી ૧૦૨૮)

ભારત પરની પહેલી ચડાઈ(ઈ.સ. ૧૦૦૦)માં મહમૂદ ગઝનવી ૧૫,૦૦૦ ચુનંદા ઘોડેસવારો લઈ પેશાવર પર ત્રાટકયો હતો. અને એનો પહેલો જ પ્રતિકાર કર્યો, પૂર્વજોના પુણ્યે કીર્તિવંત બનેલા કાબુલના શાહી રાજવીના વંશજ જયપાલે. ૧૨,૦૦૦ ઘોડેસવારો, ૩૦,૦૦૦ પાયદળ અને ૩૦૦ હાથી સાથે તેણે મહમૂદ સામે મોરચો માંડયો. તેમાં તે હાર્યો, પકડાયો; બાન તરીકે પુત્ર અને પૌત્રને દુશ્મનના કબજામાં સોંપીને

છૂટયો; માગી તેટલી ખંડણીય ભરી. પરંતુ, અજંપાનો માર્યો એ ત્રણ ત્રણ વાર રણે ચડયો, ને ત્રણે વાર હાર્યો. આ પરાજયોથી તેને જીવન અકારું બન્યું ને આત્મહત્યા કરીને તેણે જીવનનો અંત આણ્યો.

મહમૂદનું બીજી વારનું આક્રમણ થયું ઈ. સ. ૧૦૦૪માં. મુલતાન (સિંધ) પાસેના પ્રદેશમાં બાજીરાય નામના સેનાપતિએ ચાર દિવસ સુધી ઝીંક ઝીલી દુશ્મનને પાછો પાડયો. પણ વળતાં પાણી દેખાતાં તે નવેસરથી તૈયારીઓ કરવા ભાગી છૂટયો. છતાં ફરી ફરીને ઘેરાયો ને પછડાયો. અંતે લાચાર બની એય આત્મહત્યા કરી છૂટયો! જયપાલના પુત્ર સુખપાલને ઈસ્લામધર્મી બનાવી, તેનું નવું નામ નવાસશાહ રાખી, તેના હાથમાં સત્તા સોંપીને મહમૂદ પાછો ફર્યો.

મુલતાનના મુસ્લિમ રાજા દાઉદે ઈસ્માઈલી પંથ અંગીકાર કરવાને કારણે એને પાઠ શીખવવા મહમૂદ ત્રીજી વાર (ઈ. સ. ૧૦૦૫–૬) ચડી આવ્યો. આ દરમ્યાન શાહી રાજા આનંદપાલે તેના સૈન્યને પસાર થવા દેવા ઈન્કાર કરેલો તેનું વેર વાળવા મહમૂદ ચોથી વાર ઈ.સ. ૧૦૦૮માં ચડી આવ્યો. આનંદપાલના પુત્ર બ્રહ્મપાલે આજુબાજુના હિંદુ રાજવીઓનું સંગઠન કરી સારી એવી ઝીંક ઝીલી. ૫,૦૦૦ મુસ્લમ સૈનિકોનો ખુરદો બોલ્યો. પણ એ પછી બાજી પલટાઈ. બ્રહ્મપાલ પલાયન કરી ગયો. ૨૦,૦૦૦ હિંદુ સૈનિકોની કતલ થઈ. સોનું-રૂપું, મોતીના ભંડારો ભરી મહમૂદ પોતાને વતન જવા પાછો ફરે ત્યાં નવેસરથી વીરસંગ્રામ ખેલાયો. ત્રણ દિવસ બાદ કિલ્લો ખૂલ્યો. પ્રતિકાર થંભી ગયો. મહમૂદ ૭૦ કરોડ દિરમ, સોના-રૂપાની લગડીઓ, (૭૦૦–૮૦૦ મણ), જરઝવેરાત, મુક્તામણિના ભંડારો ઊંટો પર લાદીને ગઝની ઊપડી ગયો. વળી, ૧૦૦૯માં રજપૂતાના (જૂનું અલ્વર રાજ્ય) પર મહમૂદ ધાડાં લઈ પાંચમી વાર આવ્યો; વળી પ્રતિકાર થયો. મહમૂદ જીત્યો, મૂર્તિઓ ભાંગી, હાથી અને ઘોડાઓ સાથે લૂંટનો માલ લાદી પાછો ફર્યો.

હજી, મુલતાનના ઈસ્માઈલી પંથી દાઉદને સંપૂર્ણ વશ કરવાનો મહમૂદનો ઈરાદો હતો. કેમ કે આ પંથની અસર વધી રહી હતી. બીજો કોઈ પણ મુસ્લિમ પંથ આગળ વધે એ કટ્ટર સુન્ની મુસલમાન મહમૂદથી સહન થાય એમ ન હતું. આથી ઈ. સ. ૧૦૧૦માં તેણે છઠ્ઠી વાર ચડાઈ કરી; ખંડણી લઈ પાછો ફર્યો.

પવિત્ર ધામ થાણેશ્વર ઉપરની મહમૂદની સાતમી ચડાઈ (ઈ. સ. ૧૦૧૧) બીજી રીતેય મહત્ત્વની હતી. ત્યાંથી દિલ્હીનો રસ્તો મોકળો હતો. આથી દિલ્હીના રાજાએ આસપાસના રાજાઓને એક થઈ લડી લેવાનો સંદેશો પાઠવ્યો. પરંતુ એમાં એ સૌ મોડા પડયા, હાર્યા. ઈ. સ. ૧૦૧૨માં આનંદપાલના અવસાન પછી શાહી રાજાઓનું નિકંદન કાઢવા આઠમી વાર મહમૂદ ત્રાટકયો (ઈ. સ. ૧૦૧૩). શાહી રાજવીની ફોજે બહાદુરીથી તસુતસુ જમીન માટે લડતી ઉચ્છેદ પામી. શહેર કબજે કરવા મહમૂદે સુરંગો મૂકીને કિલ્લા ધરાશાયી કર્યા. અંતે તે વિજયી થયો.

આ પછી મહમૂદનું એક વરસ ગઝનીની આંતરિક ઊથલપાથલોને પહોંચી વળવામાં ગયું. પરંતુ ભારતનો એનો ચસકો છૂટયો ન હતો. નવમી વાર ઈ. સ. ૧૦૧૫માં એ કાશ્મીર ખીણમાં ઘૂસ્યો. પરંતુ લોહકોટ(લોહરિન)માં જ એ એવો ફસડાઈ પડયો કે પાછા ફરતાં એના સૈન્યને ભારે તાવણીમાંથી પસાર થવું પડયું. ઘણી સંખ્યામાં જાન ગુમાવવાનું થયું.

હવે મહમૂદનું નિશાન ભારતના મધ્યદેશ સમા કનોજ ઉપર કેન્દ્રિત થયું હતું. આ દસમી વારના આક્રમણ માટે એક લાખ ઘોડેસવારો અને વીસ હજાર પાયદળનું લશ્કર તેણે તુર્કસ્તાન, ખુરાસાન વગેરે મુસ્લિમ સામ્રાજ્યનાં કેન્દ્રોમાંથી મેળવીને સજ્જ કર્યું. ઈ. સ. ૧૦૧૮માં પંજાબમાં થઈ સિંધુ, જેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલજ પસાર કરી, ત્યાંના રાજાઓને તાબે કરી મહમૂદ આગળ વધ્યો. મહાસંકટો વેઠી યમુના પાર કરી તે બરાન (ઉત્તર પ્રદેશનું બુલંદશહેર) પહોંચ્યો. ત્યાંના રાજા હરદત્તે વિનાશમાંથી બચી જવા ઈસ્લામ ધર્મ અંગીકાર કરી મહમૂદને મદદ કરી, અને મુસ્લિમ સૈન્ય મથુરાના રસ્તે મધુબન પર ત્રાટકયું. ત્યાંના યદુવંશી કુલચંદે ગાઢ જંગલોમાં ભરાઈને સામનો કર્યો. બેઉ સૈન્યો વચ્ચે ભયંકર ઝપાઝપી થઈ. ૫,૦૦૦નું

લશ્કર કપાઈ જતાં ફસાઈ ગયેલા કુલચંદે પત્નીની હત્યા કરી પોતેય આત્મહત્યા કરી. વિજયી બનેલા સુલતાને મથુરાને ઘેરો ઘાલ્યો. વીસ દિવસમાં એ ભવ્ય નગરીનો અને એનાં અતિ ભવ્ય મંદિરોનો વિનાશ કરી અઢળક લૂંટ સહિત તે કનોજ તરફ આગળ વધ્યો.

મહમૂદના કારમા વિનાશકારી હત્યાકાંડથી ત્રાસી અને ગભરાઈ ગયેલી પ્રજાએ જીવ બચાવવા થાય તે કર્યું. કનોજના વીર પ્રતિહાર વંશના વારસ રાજાએ ગંગા પાર કરી સલામત સ્થળે શરણું લીધું. સુલતાને સાતે ગઢ અને હજારો મંદિરોનો ખુરદો બોલાવ્યો. ત્યાંથી તે કાનપુર નજીક મુંજ તરફ વળ્યો. તે બ્રાહ્મણોનો જાણીતો ગઢ ગણાતો. તેમણે ૨૫ દિવસ સુધી વીરતાભરી ટક્કર લીધી; અનેક વીરલાઓ સામી છાતીએ ધસી જઈને વીરમૃત્યુને વર્યા. તો હતાશ બનેલી પ્રજામાંથી સેંકડો સ્ત્રીપુરુષો અને બાળકોએ સુધ્ધાં અગ્નિસ્નાન કર્યું. સુલતાને ગઢમાં પ્રવેશ કર્યો ત્યારે તેને એક પણ જીવતું માનવી ન દેખાયું!

મહમૂદ લૂંટનો માલ એકઠો કરી આસી (ફતેહપુર) તરફ આગળ વધ્યો. આ ગાઢ જંગલનો પરાક્રમી રાજા અને બળિયા યોદ્ધા તરીકે ખ્યાતિ પામેલો ચંદ્રપાલ નાસી છૂટયો. સુલતાને તમામ રહીશોની કતલ કરી શર્વ (સહરાનપુર) તરફ કૂચ કરી. ત્યાં જબરદસ્ત પહાડોમાંનો અતિ ઊંચો ગઢ, હિંદુઓમાં ઊંચું સ્થાન ધરાવતા ચાંદ રાયને હસ્તક હતો. એના સૈનિકોએ સુલતાનનો ઉતારો શોધી કાઢી એકાએક છાપો માર્યો; પરંતુ પોતે જ ચપટીમાં ચોળાઈ ગયા. મહમૂદે ૩૦ લાખ દિરમ અને અઢળક ઝવેરાત લૂંટયું. સેંકડો ગરીબ-તવંગર હિંદુઓને પકડી ગુલામો તરીકે સાથે લીધા. (આ ગુલામોને ઈરાક, ખુરાસાનનાં બજારોમાં વેચેલા).

આમ, બહુ લાંબી યશસ્વી વિજયયાત્રાને અંતે મહમૂદ ઈ. સ. ૧૦૧૯ના જાન્યુઆરીમાં ગઝની પાછો ફર્યો ત્યારે તેની લૂંટમાં ૨ કરોડ દિરમ, ૫૩ હજાર યુદ્ધકેદીઓ અને ૩૫૦ હાથીઓ ઉપરાંત અઢળક ઝવેરાત, સોનું-ચાંદી અને અશ્વો હતાં.

આ વિજયના 'ગૌરવ'માં તેણે ગઝનીમાં ભવ્ય 'જામા મસ્જિદ' ('સ્વર્ગીય પરી') ઊભી કરી; તેની જોડાજોડ યુનિવર્સિટી, લાઈબ્રેરી અને મ્યુઝિયમ પણ.

---

### ઘર ફૂટયે ઘર જાય

**ઈ. સ. ૧૦૧૮માં મહમૂદ કનોજ પહોંચવામાં હતો તે દરમ્યાન પૂર્વ પંજાબના શાહી રાજા ત્રિલોચનપાલ અને શર્વ(સહરાનપુર)ના ચાંદ રાય વચ્ચેની દુશ્મનીએ માઝા મૂકી હતી. સમાધાનના પ્રયાસો પછીય દગાખોરી રમાઈ હતી. ત્રિલોચનના દીકરાને પોતાની દીકરી પરણાવવાના નિમિત્તે આવેલા વેવાઈને ચાંદ રાયે જેલમાં નાખ્યો અને ત્રિલોચને આખરે માળવાના પરમાર ભોજનો આશ્રય લીધો.**

---

પ્રતિહાર રાજા રાજ્યપાલે મહમૂદનું શરણું લીધું હોઈ ચંડેલાના વિદ્યાધરે તેને ઠાર કર્યો હોવાની જાણ થતાં, મહમૂદને વળી એક વધુ અગિયારમા આક્રમણ(ઈ. સ. ૧૦૨૦-૨૧)નું બહાનું મળી ગયું. ત્યારે ત્રિલોચનપાલે સામો મોરચો ખડો કરી લડી લેવાનું નિરધાર્યું. પરંતુ તેમાં પરાજિત થતાં વળી તે ભાગી છૂટયો અને વિદ્યાધરને સાથે લઈ નવો મોરચો સજવા વિચારતો હતો ત્યાં અધરસ્તે કેટલાક હિંદુઓએ જ એનું કાસળ કાઢી નાખ્યું! આ પછી ત્રિલોચનનો પુત્ર ભીમપાલ સલામતી માટે રઝળતો રહ્યો અને આખો શાહ (હિંદુ) રાજ્ય વિસ્તાર મહમૂદના તાબામાં ગયો.

કનોજથી ખસી જઈ પ્રતિહારોએ ગંગાકિનારે બરીમાં પોતાનું મથક રાખ્યું હતું. મહમૂદે એ કેન્દ્ર કબજે કરી ચંડેલા રાજા વિદ્યાધર સામેના સંગ્રામ માટે લશ્કર દોર્યું. તે પહેલાં તેણે સમાધાનની બે શરતો સૂચ

(૧) ધર્મપલટો; (૨) વાર્ષિક ખંડણી. પરંતુ વિદ્યાધરે બંને શરતો ફગાવી દઈ સંગ્રામ આવકાર્યો: ૩૬,૦૦૦ ઘોડેસવાર, ૪૫,૦૦૦ પાયદળ અને ૬૪૦ હાથીનું સૈન્ય ખડકી દીધું.

* કદાચ, જિંદગીમાં પહેલી જ વાર મહમૂદ યુદ્ધમોરચે વ્યગ્ર બન્યો હશે. એણે જમીન પર લાંબા થઈ ખુદાની રહેમ માગી. પરંતુ હિંદુ સૈન્યનું હમેશાં જે થયું છે તેવું જ થયું. મુખ્ય નાયકની થોડીક પીછેહઠ થતાંની સાથે લશ્કરને નાસભાગ કરતું જોઈ મહમૂદ પણ આશ્ચર્યચકિત થઈ ગયો. ઘડીભર તો એને આ ઘટના પાછળ દગો હોવાનો સંભવ દેખાયો, પણ ઘટના પરાજિત માનસની જ હતી!

પાછા ફરેલા મહમૂદ માટે હજી વિદ્યાધરને શરણે આણવાનું તો બાકી જ હતું. આથી ઈ. સ. ૧૦૨૧–૨૨માં બારમું ઉતરાણ કર્યું. રસ્તામાં ગ્વાલિયર આગળ કચ્છપ ઘાટના કીર્તિરાજે ચાર દિવસ સુધી સંરક્ષણ યુદ્ધ ખેલ્યું, પછી થાકીને ખંડણી આપી સમાધાન કર્યું. વિદ્યાધરના કાલંજર ગઢને ઘેરો ઘાલીને મહમૂદ થોડા દિવસ પડયો રહ્યો અને વિદ્યાધરે છૂટા મૂકેલા હાથીઓને મુસ્લિમ સૈનિકોએ ભારે બહાદુરીપૂર્વક કાબૂમાં આણી હિંદુ સૈન્યને ચકિત કરી દીધું. વિદ્યાધરેય પત્ર દ્વારા સુલતાનની પ્રશંસા લખી મોકલી. માનભેર સમાધાન કરી, વિદ્યાધરને ૧૫ કિલ્લાનો રાજા રહેવા દઈ, મહમૂદ હાથીઓની ભેટ લઈ પાછો ફર્યો.

હવે, જગવિખ્યાત સોમનાથની ચઢાઈ આવે છે. એ તેરમી ચડાઈ હતી. ઈ. સ. ૧૦૨૪માં મહમૂદનો કાફલો કાઠિયાવાડ સોમનાથ બંદરે ઊતર્યો. આ ભવ્યાતિભવ્ય મંદિરનો વિનાશ અને લૂંટની આખી ઘટના અનેક રીતે પ્રસિદ્ધિ પામી ચૂકી છે.

સોમનાથના ભક્તોએ એવી શ્રદ્ધાઓ નિરાંત રાખેલી કે સોમનાથ ભગવાન પોતે જ યવન – મ્લેચ્છ આક્રમણખોરોને દિવ્ય પરચો બતાવી ભગાડી મૂકશે! પરંતુ, મહમૂદ તો કૃતનિશ્ચય હતો. એણે ૩૦,૦૦૦ ઘોડેસવારો અને જંગી પાયદળ સાથે ગઝનીથી મુલતાનની કૂચ કરી. ત્યાંથી રણમાં પ્રવેશ્યો – બસો ઊંટો પર પાણીની પખાલો લાદીને! જેસલમેરથી ઉત્તર-પશ્ચિમે દસ માઈલ દૂર પહોંચ્યો. ત્યાંથી પાલણપુરની ઉત્તરે ચિખલોદર માતાની ટેકરીએ થઈ અણહિલપુર (પાટણ) આવી પહોંચ્યો. ગુજરાતનો ચાલુક્ય વંશી રાજા ભીમ ભાગીને કચ્છ-અંજારમાંના કંથકોટ પહોંચી ગયો. જોકે મહમૂદને દેલવાડા પહોંચતાં રસ્તે ૨૦,૦૦૦ના સૈન્ય સાથે અથડામણમાં આવવું પડયું. ત્યાં ખાસો પ્રતિકાર થયો. સુલતાને રિવાજ મુજબ પ્રજાની કતલ કરી અને મંદિરોનો વિનાશ કર્યો.

ઈ. સ. ૧૦૨૫ના જાન્યુઆરીમાં મહમૂદ સોમનાથ પહોંચ્યો. કિલ્લાઓની રક્ષા માટે સૈન્ય સજ્જ હતું. જુસ્સો ઘણો હતો. કિલ્લામાં પ્રવેશવા પહેલાં એક વાર તો મુસ્લિમ સૈન્યને પાછા હઠવું પડયું. પણ બીજે દિવસે હિંદુ સૈન્ય પરાભૂત થયું. ૫૦,૦૦૦ હિંદુઓએ ભક્તિના આવેશમાં સોમનાથ પ્રભુની રક્ષા માટે જાન પાથર્યા. ભાગી જનારાઓની મુસ્લિમ સૈન્યે પીઠ પકડી. મંદિરમાં પ્રવેશી સુલતાને શિવલિંગના ટુકડા કર્યા; બે કરોડ દિરમની કિંમતનું ઝવેરાત કબજે કર્યું. મંદિર ધરાશાયી બનાવ્યું. પંદર દિવસ સુધી વિનાશ પાથરી મહમૂદ પાછો ફર્યો ત્યારે સોમનાથની આ ઘટનાથી ત્રાસી ઊઠેલા અન્ય હિંદુ રાજાઓની સરદારી પરમદેવે લીધી. પરિસ્થિતિ કળી જઈ, મહમૂદે કચ્છ-સિંધનો માર્ગ અખત્યાર કર્યો. વચ્ચે રણ આવતાં, સોમનાથથી સાથે લીધેલા શિવભક્ત બ્રાહ્મણ વળાવિયાએ મહમૂદને રણમાં અટવાવી દેવાનો પેંતરો રચ્યો. એનો એ બેત કળાઈ જતાં તે મૃત્યુને વર્યો. મુલતાન પહોંચતાં વળી જાટો(હિંદુઓ)એ ઊભી કરેલી ઘણી બધી મુશ્કેલીઓ વટાવી છેવટે લોથપોથ થઈનેય મહમૂદ ગઝની પહોંચી ગયો (ઈ. સ. ૧૦૨૬)

સોમનાથ ઉપરના તેના આ પરાક્રમ માટે તેને ખલીફા તરફથી તથા મુસ્લિમ રાજ્યો તરફથી પારાવાર શાબાશી સાંપડી.

પણ મહમૂદની મુરાદ હજી પૂરી થઈ ન હતી. જાટ લોકોને પાઠ શીખવવો બાકી હતો. એટલે ઈ.સ. ૧૦૨૭માં ચૌદમી વાર કાફલો લઈ ઊપડયો. મુલતાન સુધીની દોટ તો હવે તેને માટે રમતવાત થઈ ગઈ હતી. પણ ત્યાં ગયા પછી એણે દુશ્મનને પહોંચી વળવા ખાસ પ્રકારની ૧,૪૦૦ હોડીઓ મંગાવી. જાટોએ પણ કમર કસી. બૈરાંછોકરાંને દૂરના બેટો ઉપર રવાના કરી દઈ, ૪,૦૦૦ હોડકાં સાથે ઝંપલાવ્યું. પરંતુ, લોખંડના સળિયાની તરકીબવાળી મહમૂદની હોડીઓ સાથે જાટોની સાદી હોડીઓ આથડાતાં તેનાં ફુરચાં ઊડી ગયાં. પરિણામે જાટોનો મોટા ભાગનો કાફલો ડૂબી ગયો અને બચેલાઓની પાણીમાં જ કતલ થઈ. પછી સુલતાન બેટો પર પહોંચી જાટના કબીલાઓ લૂંટી-કરીને પાછો ફર્યો.

ઈ. સ. ૧૦૨૮માં તે ગઝની પાછો ફર્યો તે ફર્યો. અને ઈ. સ. ૧૦૩૦માં અવસાન પામ્યો.

*

ઈસ્લામના આ ચુનંદા સુલતાને મુખ્યતઃ આંધળા ધર્મઝનૂનમાં, ઉપરાંત, ધનદોલત અને જરઝવેરાતની લૂંટ માટેના લોભમાં તથા ગુલામોના બજાર માટેના ઉત્સાહમાં ભારત જેવા દેશને વારંવાર જીવતા દોજખનો જે અનુભવ કરાવ્યો છે એ ઈતિહાસમાં કદી વીસરાય એવો નથી.

હિંદુ ધર્મનાં પ્રાણ-પ્રતીક સમાં મંદિરો, મૂર્તિઓ, પવિત્ર તીર્થસ્થાનોને તેણે સેંકડોની સંખ્યામાં નાશ ભ્રષ્ટ કર્યાં, પદદલિત કર્યાં; બળાત્કારે હજારોનો ધર્મપલટો કરાવ્યો, હજારો સ્ત્રીપુરુષોને ગુલામ તરીકે ઉપાડી જઈ પરદેશોનાં બજારોમાં હરાજ કર્યાં; અને યુદ્ધમાં નહીં સંડોવાયેલા હજારો નાગરિકો, બાળકો, સ્ત્રીઓ તથા પુરુષોની હત્યા કરી.

*

* પરદેશી અને પરધર્મીઓના લગભગ ચાર-ચાર સદીઓ (૬૩૭–૧૦૨૮)નાં લગાતાર આક્રમણો વખતે હિંદુ શાસકો મોટે ભાગે કાયર તથા નિષ્ક્રિય બની બેઠા હોવાના ખ્યાલો વારંવાર ઘૂંટાતા રહ્યા છે. પરંતુ આપણે જે ચિત્ર જોઈ ગયા તે જુદું જ છે.

અલબત્ત, આ મધ્યયુગી ભારતમાં ભૌગોલિક કે રાજકીય દૃષ્ટિની 'રાષ્ટ્ર'ની ભાવનાનો ઉદય થયો ન હતો. સૌ પોતપોતાની આફત પૂરતા ઝૂઝયા હતા. કેટલીક વાર અંદર અંદરનાં સંકુચિત હિત-સ્વાર્થો અને ક્ષુલ્લક અહંતાને કારણે ક્ષુદ્ર બનીને અવારનવાર આપસમાં લડયા હતા; મુસ્લિમ આક્રમકોને પડખે જઈનેય કોઈ ઊભું હતું. બીજી બાજુ કેટલીક વાર રાજ્યોનો સંયુક્ત મોરચો પણ થયો હતો. આ બધામાંથી ઊઠી આવતું મુખ્ય ચિત્ર તો આ છે:

ઉપરાઉપરી યુદ્ધો દરમ્યાન, જેમને શિરે આફત ઊતરી હતી એ રજપૂતો ને જાટો ભારે દૃઢતા અને ભારે વીરતાપૂર્વક મુખ્યતઃ લગાતાર લડતા રહ્યા છે. લાંબાં વરસો દરમ્યાન, અવારનવાર હાર્યા, ભાગ્યા, સંધિ-કરારો કર્યા, શરણે ગયા ને ખંડણીઓ ભરી; મુસ્લિમ ધર્મ પણ ક્યારેક કેટલાકે અંગીકાર કર્યો; પરંતુ મોટા ભાગનાઓએ લડત છોડી દીધી ન હતી. હારેલા, થાકેલા પાછા જાગતા હતા; વટલાયેલાઓ પોતાના ધર્મમાં પાછા ફરતા હતા; અને વળી પાછા બેઠા થઈ, તૈયારીઓ કરી, મરણિયા બની ઝૂઝતા હતા. હાથમાં માથાં લઈ મોતને વરનારાનાં દૃષ્ટાંતો ઘણાં છે, ને વારંવારના પરાજયોથી શરમ અનુભવનારાઓએ આત્મહત્યા કર્યાનાં દૃષ્ટાંતો પણ મળે છે.

— ઈતિહાસ આ બધાંને સ્મરશે જ.

## કાબેલ યુદ્ધખોર સામે પ્રબલ પ્રતિકાર

### શહાબુદ્દીન (મોહમ્મદ) ઘોરી (ઈ. સ. ૧૧૮૧–૧૨૦૬)

મહમૂદ ગઝનવીના મૃત્યુ (ઈ.સ. ૧૦૩૦) પછી તેની ગઝનીની ગાદી માટે તેમ જ હિંદુસ્તાનમાં તેણે જીતેલા પ્રદેશો — પંજાબ, સિંધ, કાશ્મીર ઉપરના આધિપત્ય માટે તેના દીકરાઓ વચ્ચે વિગ્રહ ચાલ્યા

કર્યો; ઉપરાંત મહમૂદે હિંદમાંના પ્રદેશો માટે રાખેલા સૂબાઓ પણ લાગ જોઈ પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપવા મથતા રહ્યા. આ બધાં ઘમસાણનો લાભ લઈ સેલજુક તુર્કોએ ગઝનીની સત્તા પચાવી પાડવા હલ્લા શરૂ કર્યા (ઈ.સ. ૧૦૪૦); ત્યારે હિંદમાં દિલ્હીના તોમરવંશી હિંદુ રાજાએ પોતાની આગેવાનીમાં સંગઠન રચી પંજાબમાંના ગઝનીના શાસનને ખતમ કરવાની તૈયારીઓ કરી (ઈ.સ. ૧૦૪૩).

આ અરસામાં ગઝનીની પડોશના ઘુર (ઘોર) પ્રદેશના સૂબાઓ ગઝની ઉપર પોતાનું શાસન સ્થાપવા વારંવાર પ્રયાસો કરતા રહ્યા હતા. અલાઉદ્દીન હુસેને ગઝનીનગરી બાળી એક અઠવાડિયા સુધી ભયંકર વિનાશ કર્યો. આ ઉપરથી તે 'જહાં-સુઝ' (વિશ્વદાહક) નામે ઓળખાયો. આ રીતે ગઝની ઉપરનું મહમૂદ-વંશીઓનું વર્ચસ તૂટયા બાદ તુર્કો અને ઘોરી વચ્ચે સંઘર્ષ ચાલ્યો, અંતે હુસેનનો ભત્રીજો ગ્યાસુદ્દીન (મૂળ નામ શમ્સુદ્દીન) ઘુરની ગાદીએ આવ્યો (ઈ.સ. ૧૧૬૩) અને ગઝની સર કરીને તેણે પોતાના ભાઈ શાહબુદ્દીન (ઉર્ફે મુઈઝુદ્દીન) મોહમદને હસ્તક રાજ્ય સુપરત કર્યું (ઈ.સ. ૧૧૭૪).

મહમૂદ ગઝનવીની પરંપરામાં શાહબુદ્દીન ઘોરીએ પણ ભારત ઉપર અનેક વાર હુમલા કર્યા. ૧૧૮૧માં તે લાહોર સુધી પહોંચ્યો. ત્યાં હજી ખુસરાવ મલિક(ગઝનવીવંશી)ની સત્તા હતી; તેની સાથે તેણે સંધિ કરી. બાદ, ફરી ફરી નિષ્ફળ ચડાઈઓને અંતે ઈ.સ. ૧૧૮૬માં તેણે લાહોર ઉપર પૂરેપૂરો કબજો જમાવ્યો. આ પહેલાં એણે ઈ.સ. ૧૧૭૮માં પેશાવર અને ઈ.સ. ૧૧૮૫માં સિયાલકોટ જીતેલાં.

ઈતિહાસે જેની વિશિષ્ટ નોંધ લીધી છે એ ઘટના ઈ.સ. ૧૧૯૨માં બની. શાહબુદ્દીન ઘોરીને હાથે ચહમાણ અગર ચૌહાણવંશી પૃથ્વીરાજ તૈરાનના બીજા યુદ્ધમાં હાર્યો ને મરાયો. શાહબુદ્દીન દિલ્હીનો વિજેતા બન્યો. જોકે, ત્યારે તેણે અજમેર અને દિલ્હી બેઉ ખંડિયા હિંદુ રાજાઓ હસ્તક સોંપ્યાં હતાં. અન્ય વિજયો હાંસલ કર્યા બાદ પોતાના વફાદાર તુર્ક સૂબેદાર મલિક કુત્બુદ્દીન ઐબકને હસ્તક ઈન્દ્રપથમાં (દિલ્હીથી દસ માઈલ) મોટું સૈન્ય સુપરત કરી તે ગઝની પાછો ફર્યો હતો (ઈ.સ. ૧૧૯૩). ઐબક અજમેર-દિલ્હી આદિ પ્રદેશોમાં હિંદુ રાજવીઓ દ્વારા થતા બળવાઓ શમાવવામાં પડયો. તેવામાં તેનેય છએક મહિના માટે ગઝની પાછા ફરવું પડયું. પરંતુ આ તકનો લાભ હિંદુ રાજાઓ લઈ ન શકયા એને ઈતિહાસની એક દુર્ઘટના જ લેખવી રહી.

ઈ.સ. ૧૧૯૩માં વળી પાછો શાહબુદ્દીન ૫૦,૦૦૦ ઘોડેસવારો સાથે ધસી આવ્યો. ઈટાવા અને કનોજ-(હાલનું કાનપુર)ની વચ્ચેના યમુનાતટે ચાંદવર આગળ જયચંદ્ર સામે યુદ્ધ ઝીંકાયું. જયચંદ્ર ઘવાયો, લશ્કર ભાગ્યું. શાહબુદ્દીને ભયંકર કતલ અને લૂંટ ચલાવી; મંદિરો ધરાશાયી કર્યાં; મૂર્તિઓ ખંડિત કરી; કાશી જેવા યાત્રાધામની અઢળક સંપત્તિ લૂંટી; ૧,૦૦૦ મંદિરો તોડયાં ને મસ્જિદો ઊભી કરી.

વળી, ઐબકને હસ્તક ધુરા સુપરત કરી સુલતાન જંગી ખજાના ઉઠાવી ગઝની પાછો ફર્યો. એના પાછા ફરતાં રાજપૂત-જાટ રાજાઓએ અજમેર અને દિલ્હી ઉપર કબજો કરવા વારંવાર મરણિયા પ્રયાસો કર્યા પણ ફરી ફરી નિષ્ફળ ગયા. અજમેરના હરિરાજે આત્મહત્યા કરી નામોશીથી છુટકારો લીધો(ઈ.સ. ૧૧૯૪). ઐબકે હિંદુ મંદિરો અને જૈન દેરાસરોના ભંગારમાંથી દિલ્હીમાં મસ્જિદો ઊભી કરી.

ઈ.સ. ૧૧૯૫માં વળી શાહબુદ્દીન જાતે ઉત્તર ભારત પર ચડાઈ લઈ આવ્યો. ગ્વાલિયર શરણે આવ્યું. પરંતુ ત્યારે મેર અને રાજપૂતો (ચૌલુકયો) ઐબકને રજપૂતાનામાં ચેન પડવા દેતા ન હતા. આ પછી ઐબકે ગુજ-રાતમાં અણહિલવાડ ભણી ધસારો કર્યો. ગુજરાતનો રાજા ભીમ ૨-જો ભાગી ગયો. પરમાર રાજપૂતોએ મોટા સૈન્ય સાથે ઐબકને આબુ આગળ ભીંસમાં લીધો. પણ યુદ્ધ-વ્યૂહની કુશળતાના જોરે ઐબક બચી ગયો. આ યુદ્ધમાં પરમાર સૈન્યના ૫૦,૦૦૦ સૈનિકો કપાઈ મૂઆ ને ૨૦,૦૦૦ કેદ થયા! મુસ્લિમ સૈન્યે અણહિલવાડને રોળી નાખ્યું. પરંતુ થોડા સમય પછી ભાગી છૂટેલા ભીમે ઉપાડો લીધો. તુર્કોને ગુજરાત

બહાર ભગાડયા. કેટલાકને મતે આ ભીમના શૌર્યથી ડઘાઈ ગયેલા તુર્કોએ ગુજરાત પર એક આખી સદી સુધી હલ્લો કરવાની હિંમત કરી ન હતી.

શાહબુદ્દીનનાં આ સાહસોમાં એક નામચીન યોદ્ધો ઈખ્તિયારઉદ્દીન મોહમ્મદ ખલજી હતો. એણે બંગાળ-બિહારમાં પોતાનાં પરાક્રમો દ્વારા નામના કમાઈ લીધી હતી અને તિબેટ સુધી પહોંચી ગયો હતો. પણ ઐબકની આજ્ઞા વિરુદ્ધનું આ વૈયક્તિક સાહસ હતું. આથી તુર્ક સૈન્યે એનો પીછો લીધો હોવાનું જાણતાં તે ગભરાયો. પાછા ફરતાં આસામમાં એ ફસાયો. નદીઓનાં પૂરોમાં એના મોટા ભાગના સૈનિકો ડૂબી મૂઆ. છેવટે એના જ એક સેનાપતિની કટારીનો એ ભોગ બન્યો (ઈ.સ. ૧૨૦૬).

બીજી બાજુ, ખખ્ખરો અને અન્ય ટોળીઓએ લાહોર ઉપર હલ્લા કરવા માંડયા હતા.

શાહબુદ્દીને આ ટોળીઓને જંગલોમાં ઘેરીને તેમનું નામોનિશાન મિટાવી દેવા કતલ અને આગનો રસ્તો અજમાવ્યો. બાદ ગઝની પાછા ફરતાં રસ્તામાં જ તેની હત્યા થઈ (૨૫ ફેબ્રુઆરી, ૧૨૦૬). ખૂની ખખ્ખર ટોળીનો કોઈ હશે કે ખુરાસાનનો ઈસ્માઈલી પંથનો શિયા મુસ્લિમ હશે એમ મનાય છે.

# ૫ : મુસ્લિમ શાસનનો પ્રારંભ અને પ્રભાવ

## દિલ્હી સલ્તનત

### ગુલામ વંશ (ઈ. સ. ૧૨૦૬–૧૨૪૨)

શાહબુદ્દીનની હત્યા થતાં ગુલામવંશી શાહે ગઝની ઉપર કબજો કર્યો. ધુર એમાં જોડી દીધું. હિંદમાં પણ તુર્ક-વિજયો પાછા પડી રહ્યા હતા. આસામ અને કાલંજર ઉપર ચડેલા રાજપૂતોએ કબજો કર્યો હતો અને દોઆબમાં ગઢવાલોએ. શાહબુદ્દીનના વારસદાર તરીકે તેનો દીકરો ગ્યાસુદ્દીન આવ્યો હતો. પરંતુ તે નબળો હોઈ શાહબુદ્દીનના વિશ્વાસુ સૂબેદાર અને શક્તિશાળી કારભારી ગુલામવંશી કુત્બુદ્દીન ઐબકે જ ધુરા સંભાળી (ઈ. સ. ૧૨૦૬–૧૦).


આમ, ભારતમાં ગુલામવંશી મુસ્લિમ સત્તા દિલ્હીની ગાદીએ સ્થપાઈ. ઐબકનું મૃત્યુ થતાં તેનો દીકરો આરામ લાહોરમાં અને એનો જમાઈ ઈલ્તુતમિશ દિલ્હીમાં દોર સાચવી રહ્યા હતા. અલબત્ત, વધુ શક્તિશાળી ઈલ્તુતમિશે એ જ વરસે બંનેનું સુકાન પોતાના હસ્તક લઈ લીધું. તેણે ૨૬ વરસ રાજ્ય કર્યું (ઈ. સ. ૧૨૧૦–૩૬). આ દરમિયાન ચંગીઝખાનની મધ્ય એશિયામાંની સવારીઓમાં અટવાયા વિના હિંદની સલ્તનતને સાચવી રાખવામાં અને જીતેલા પ્રદેશોને એક કરવામાં તેણે ઘણી કુનેહ દાખવી હતી.

એક ગુલામવંશી આદમી માટે આ સિદ્ધિઓ નાનીસૂની ન હતી. એના વારસદારોમાં તેની પુત્રી રઝિયા પોતાના સગા ભાઈને જેલમાં નાખી બેગમ તરીકે તેની ગાદીએ બેઠી (ઈ. સ. ૧૨૩૬–૪૦). શક્તિશાળી શાસક તરીકે તેનું સ્થાન અનોખું રહ્યું છે. ત્યાર બાદ તેની હત્યા થતાં, તેનો ભાઈ બહરામ ગાદીએ આવ્યો; પરંતુ આંતરિક કલહમાં તેનોય વધ થતાં (ઈ. સ. ૧૨૪૨) તેનો સોળ વરસનો કુમાર મસૂદ ચાર વર્ષ માટે જ ગાદીએ ટક્યો. એનો ભાઈ મહમૂદ નસિરુદ્દીન ખાસાં વીસ વરસ ગાદીપતિ બની રહ્યો (ઈ. સ. ૧૨૪૬–૧૨૬૬). પરંતુ, ઈ. સ. ૧૨૪૨થી ૧૨૬૬ના ચોવીસ વરસના લાંબા ગાળા દરમ્યાન ખરું શાસન તો તેમના એક મહત્વના ઉમરાવ બલ્બનને હસ્તક જ રહ્યું હતું.


**બલ્બન (ઈ. સ. ૧૨૬૬–૧૨૮૭)**

અગાઉનાં વરસોમાં પડોશી રાજ્યો સાથેના સતત સંઘર્ષો અને મોંગોલવંશી હુલાગુખાન અને તેના સાગરીતોની એકધારી ઘૂસણખોરીને મારી હઠાવવામાં બલ્બનની અપ્રતિમ શક્તિ પ્રગટ થઈ હતી. આ પછી મહમૂદ નસિરુદ્દીન અપુત્ર મરણ પામતાં બલ્બન પોતે જ ગાદીનશીન થયો; અને વળી બીજા એકવીસ વરસ (ઈ. સ. ૧૨૮૭ સુધી) ખૂબ જ દક્ષતાભર્યું શાસન ચલાવવા શક્તિમાન બન્યો.

બલ્બને ધીમે ધીમે કરતાં રાજ્યપદને 'દૈવી દીક્ષા' રૂપે ગણાવીને, રાજાની આજ્ઞા-આમન્યાને અંતિમ સત્તા તરીકે આગળ ધરીને, આખા દરબારનો પરિવેશ પલટી નાખ્યો. વ્યક્તિપૂજા અને ભયનું વાતાવરણ જમાવ્યું. ખાનગી જીવનમાં પણ 'અનન્ય'–'એકાકી' તરીકે અને 'લાગણીરહિત શિસ્તબદ્ધ નિર્દય ન્યાયાધીશ' તરીકે એણે કડપ બેસાડ્યો. બીજી બાજુ જાતે મદ્યપાનનો ત્યાગ કરી સંયમ અને સાદાઈનો સખત આગ્રહી રહ્યો, એ કારણેય એનો પ્રભાવ વિસ્તર્યો.




The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line.




The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line.

બલ્બનનો હેતુ સ્પષ્ટ હતો : સામ્રાજ્યનો વિસ્તાર વધારીને અસ્થિરતા વહોરવા કરતાં, ઇલ્તુતમિશ કરતાંય બદકેરું દૃઢ સામ્રાજ્ય સ્થાપવું. આ માટે તેણે સૌથી પ્રથમ તો રાજ્યની અંદરના ધાડપાડુઓની ટોળીઓને ગાઢ જંગલોનાં આંતરીને ખતમ કરી; માથાભારે ખેડૂતોને દબાવી દીધા. અને પછી સરહદો ઉપર ઉપદ્રવ કરનારા ગઢવાલોને ઠેકાણે પાડવા અફઘાન ખેડૂતોનાં સંસ્થાનો ઊભાં કરી, એમનું જ સ્થાનિક સૈનિક દળ જમાવ્યું. બીજી બાજુ, બળવાખોર તુર્કી ઉમરાવોને વિદ્યુતવેગે નિર્દયતાપૂર્વક કચડી નાખ્યા. ત્રીજી બાજુ, મોંગોલોના ઉપરાઉપરી હલ્લાઓને તેણે પાછા હઠાવ્યા.

પરિણામ એ આવ્યું કે એના દરબારીઓ અને ટેકેદારોમાં મોંગોલ-તુર્કીઓની સંખ્યા ઘટી. દરબારમાં બિનતુર્કી અને વટલાયેલા મુસ્લિમોનું જોર વધવા લાગ્યું. પરિણામે, એકછત્રી રાજ્ય શાસન માટેનો તુર્ક-જાતિવાદી પાયો ઢીલો પડ્યો.

ટૂંકમાં, બલ્બને સાર્વત્રિક શાંતિ માટે સાર્વત્રિક વ્યાપક દમન-દંડનું ખડગ સતત તતૂલતું રાખ્યું; જુદા જુદા પ્રદેશો માટે નીમેલા સૂબાઓની સત્તાઓ પણ મર્યાદિત બનાવી. દિલ્હીના સૂબા તુઘરિલે દિલ્હીનું શાસન સ્વતંત્ર બનાવતાં બલ્બને જાતે પીછો પકડી તેની હત્યા કરી, તેના સાગરીતોનાં શબોને જાહેર બજારોમાં લટકાવી ભારે ભયનું મોજું ફેલાવી દીધું.

આ વરસો દરમ્યાન તે પોતાના 'સાચા' વારસદાર તરીકે મોટા દીકરા મુહમ્મદને તાલીમ આપી રહ્યો હતો. પરંતુ, મોંગોલો સાથેના યુદ્ધમાં એ હણાયો. અને નાનો દીકરો બુઘ્રાખાન એનું સ્થાન લઈ શકવાની યોગ્યતાવાળો ન હતો. એણે તો શાંતિની શોધમાં લક્ષ્ણાવતીનું રાજ સંભાળી બેસી જવાનું વધુ હિતકર લેખ્યું. આથી પોતાના અંત સમયે (ઈ. સ. ૧૨૮૭) બલ્બને પૌત્ર કેખુશરોને ગાદી આપવાનું ઠરાવ્યું. તેની સહાય માટે 'વઝીર' અને 'કોટવાળ' એવા બે પદધારીઓની વ્યવસ્થા કરી.

બલ્બન જતાં 'દૈવી દીક્ષા'ના નામે ઊભી કરેલી નિર્દય દમનશીલ શિસ્તની ઇમારત હાલી ઊઠી. ખુદ 'કોટવાળ' અને તેના જમાઈ નિઝામુદ્દીનની આપખુદીમાં કેખુશરો ફેંકાઈ ગયો. બુઘ્રાખાનના દીકરા કૈકુબાદને ગાદી સોંપાઈ. આ નવો યુવરાજ એના દાદાનાં સંયમ-સખતાઈથી સાવ ઊલટે રસ્તે વિલાસિતામાં પડી ગયો. લક્ષ્ણાવતીમાં જઈ વસેલા પિતાએ આ વાત જાણતાં એને ગુપ્ત રીતે સંપર્ક સાધી રસ્તે ચડવા સલાહ આપી. પરંતુ એ એના ગજા બહાર હોઈ એળે ગઈ. બલ્કે એણે આપખુદ — ડિકટેટર બની બેઠેલા નિઝામુદ્દીનને જ ઝેર અપાવી પોતાની મુક્તિ સાધી! ડિકટેટર તૂટી પડતાં અંધાધૂંધી જાગી. એમાં કૈકુબાદને સ્થાને ત્રણ વરસના બાળરાજા કેઓમર્સની નિયુક્તિ થઈ, અને વહીવટ માટે રિજંટ કાઉન્સિલ સ્થપાઈ. પરંતુ, એનુંય કંઈ ન ઊપજ્યું અને વિરોધી જૂથના ખલજીવંશી અફઘાન સરદાર મલિક યઘ્રશ ફીરોઝના હાથમાં રાજ્યની લગામ ગઈ. ત્રણ વરસના બાળકની રાજગાદી ત્રણ મહિનામાં છીનવાઈ ગઈ અને ફીરોઝ, સત્તાવાર રીતે, સુલતાન જલાલુદ્દીન ફીરોઝનું નામ ધારણ કરી ગાદીનશીન થયો (જૂન, ૧૨૯૦).

## ખલજી વંશ (ઈ. સ. ૧૨૯૦–૧૩૨૦)

દિલ્હીની ગાદીએ આવનાર સિત્તેર વર્ષનો બુઢ્ઢો ફીરોઝશાહ અલ્લાનો આદમી હતો. સ્વભાવે નરમ અને દયાળુ હતો. પકડાયેલા બળવાખોર સરદાર સાથેનુંય તેનું વર્તન એ જમાનાના રાજાને બિલકુલ છાજે નહીં એવું નરમ રહેતું. એને આ બાબત ચેતવણી આપનારને એ કહેતો : "એક મુસ્લિમનું લોહી રેડવા કરતાં હું ગાદી છોડવી વધુ પસંદ કરું." ધાડપાડુ અને લૂંટારુઓને પણ તે સજા કરવાને બદલે બંગાળમાં મુક્ત રીતે ફરી ખાવા મોકલી દેતો. ખુદ પોતાનું કાટલું કાઢી નાખવા માટેના કાવતરામાં સંડોવાયેલાનેય તે ખુલ્લે-આમ દ્વંદ્વ ખેલવા પડકારતો અને સામેથી પ્રશંસાના બે શબ્દ સાંભળતાં રીઝી જતો. અથવા બહુ બહુ તો, સખત તાકીદના બે શબ્દ બોલી છૂટા મૂકી દેતો.

ફીરોઝનો ભત્રીજો (અને જમાઈ પણ) અલાઉદ્દીન આ દરમ્યાન રાજાની રજા વિના દક્ષિણ ભારત (દેવગિરિ–દોલતાબાદ) ઉપર કબજો કરી લેવા મથતો હતો. કંઈ નહીં તો, એણે અઢળક દોલત લૂંટીને એકઠી કરી લીધી હતી. રાજાને આની જાણ થતાં તેને ભારે અણગમો થયો. અલાઉદ્દીને રાજાની માફી માગવાનો અને દોલત એમના ચરણે ધરી દેવાનો દંભી દેખાવ કર્યો. રાજા એના આ ભત્રીજા માટેના પ્રેમથી દ્રવીને રસાલા સાથે એને મળવા સામો ગયો. અલાઉદ્દીને પ્રાયશ્ચિત્ત કરવાના બહાને રાજા(કાકા)ને એકાંતે મળવા બોલાવી પુત્રવત્ ભત્રીજાને ક્ષમા-દુઆ આપતા રાજાનું જ કાસળ બહુ ઘાતકી રીતે કાઢી નખાવ્યું....

મુસ્લિમ શાસનકાળમાં દિલ્હીની ગાદીએ ખલજી વંશનો આરંભ એક નવો વળાંક છે.

અલાઉદ્દીન રાજા તરીકે નિર્દય જુલમગાર હતો, માનવી તરીકે દગાખોર અને નગુણો હતો; પરંતુ ભારે સાહસ, હિંમત અને કાર્યદક્ષતાને જોરે તે ઇતિહાસમાં નામના કમાઈ ગયો. એની મહત્ત્વાકાંક્ષા પણ જબરી હતી. યુદ્ધ-કૌશલ અને યુદ્ધ-શૌર્યનો જબરો સુમેળ એના લોહીમાં હતો. મૌલિક વિચારોને નક્કર વ્યવહારુ બનાવવાની કોઠાસૂઝ પણ ભારે. રાજ્યનીતિ અને ધર્મનીતિ વચ્ચેના વિખવાદમાં એણે ધર્મસત્તાથી અલિપ્ત રાજ્યસત્તાનો ખ્યાલ વ્યવહારમાં ઉતાર્યો હતો. 'નવા પ્રકારના મહાન વહીવટકર્તા' તરીકે તે ઇતિહાસમાં અમર થયો.

અલાઉદ્દીન પોતે નિરક્ષર હતો અને પંડિતોનો એ અનાદર કરતો. છતાં, તેના જ શાસનકાળમાં અમીર ખુસરો જેવો વિખ્યાત સારસ્વત સન્માનિત થયો હતો; અને એને કારણે દિલ્હીનું નામ કૈરો અને કૉન્સ્ટેન્ટિનોપલ નગરીઓની હરોળમાં મુકાતું થયું હતું.

આ પ્રભાવી અને તેજસ્વી સુલતાને વીસ વર્ષ રાજ્ય કર્યું (ઈ.સ. ૧૨૯૬–૧૩૧૬). એના વહીવટ દરમ્યાન ખેતી અને અર્થતંત્રનો સારો વિકાસ થયો. ચૌદમી સદીમાં ભારતની મુલાકાતે આવેલા ઇબ્ન બતૂતાએ અલાઉદ્દીનને તે સમયનો ઉત્તમ શાસક ગણાવ્યો છે. જોકે એની રાજકીય જિંદગી અજંપાયુક્ત રહી. અમીર-ઉમરાવોના આંતરિક બળવાનો ભય એને સતાવતો હતો; તો નવાં મોંગોલ આક્રમણોનો બાહ્ય ભય એને અકળાવતો હતો. આમ, આંતરિક અને બાહ્ય સંઘર્ષ તથા આક્રમણના ભય વચ્ચે એણે ઉત્તમ જાસૂસી તંત્ર રચી વહીવટને સ્થિર કર્યો. અવ્યવસ્થાને પ્રેરતાં ઉત્તેજક પીણાં ઉપર તેણે પ્રતિબંધ મૂકયો, જાહેરમાં એના વેચાણની બંધી ફરમાવી. અમીર-ઉમરાવોના ખર્ચાળ પ્રસંગો અને સમારંભો ઉપર પણ પ્રતિબંધ મૂકયો, જેથી એમનું પરસ્પર હળવામળવાનું ઓછું થાય અને રાજ્યવિરોધી યોજનાઓ ઘડી ન શકે. એના સમયમાં ઘણાં મોંગોલ આક્રમણો થયાં.

અલાઉદ્દીન વિચક્ષણ રાજવી હતો. દક્ષિણ ભારતમાં વિજય પ્રાપ્ત કરનાર તે પ્રથમ સુલતાન હતો. તેણે વારંગલ, મદુરા, દ્વારસમુદ્ર રાજ્યો જીત્યાં, પણ ખાલસા ન કરતાં એમને આંતરિક સ્વતંત્રતા બક્ષી અને તેમની ખંડણી સ્વીકારી. આ બધાં વચ્ચેય પ્રજા-કલ્યાણનાં કાર્યો અમલમાં મૂકયાં : જરૂરી ચીજવસ્તુઓના ભાવોનું નિયમન કર્યું, પડતર કિંમતે અન્ન પૂરું પાડવા અન્નસંચય કરાવ્યો, ખેતી માટે સિંચાઈની યોજના વિચારી. જમીન મહેસૂલની આંકણીનું તેણે પુનર્મૂલ્યાંકન કર્યું; અને જમીનના પ્રકાર અને માપ ઉપર મહેસૂલ આંકવાનો પ્રારંભ કર્યો. આથી ઉત્પાદન વધ્યું અને સરકારી આવક પણ વધી. અલાઉદ્દીનનું આ કાર્ય ચિરંજીવ અને દીર્ઘદૃષ્ટિવાળું નીવડયું.

*સાંસ્કૃતિક વિકાસની દૃષ્ટિએ અલાઉદ્દીનનો શાસનસમય અતિ મહત્ત્વનો ગણી શકાય. ભારતમાં ઇસ્લામી સત્તાને બલ્બને સુદૃઢ કરી એમ કહીએ તો ભારતમાં મુસ્લિમ સત્તાએ સાંસ્કૃતિક પ્રૌઢતા પ્રાપ્ત કરી અલાઉદ્દીનના સમયમાં. આનો યશ દક્ષિણના વિજયથી પ્રાપ્ત થયેલ સમૃદ્ધિને ફાળે જાય છે. આથી

વધારાનો કર નાખ્યા વિના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો ગુણાકાર થતો રહ્યો. સ્થાપત્યના વિકાસના એના સ્વપ્નને પૂર્ણ કરવા જેટલું એ જીવ્યો નહીં પણ મહત્ત્વના નમૂનાઓનું પ્રદાન એણે જરૂર કર્યું. સંગીતના વિકાસમાં તેનું પ્રદાન લાક્ષણિક ગણી શકાય. સંગીતજ્ઞોને એણે રાજ્યાશ્રય આપ્યો. દક્ષિણના વિજય પછી સંગીતકારો રાજ્યાશ્રય સારુ ઉત્તરમાં આવવા લાગ્યા. દિલ્હીસ્થિત અમીર ખુસરોને કારણે લલિતકલાનું મહત્ત્વ વધ્યું. સાહિત્યના વિકાસને ઉત્તેજન આપ્યું. આમ, અલાઉદ્દીનના ઉદાર અને વ્યવહારુ અભિગમને કારણે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વિકસવાની સારી મોકળાશ રહી.

## તુઘલુક વંશ (ઈ. સ. ૧૩૨૦-૧૪૧૨)

ગ્યાસુદ્દીન તુઘલુક શાહે તુઘલુક વંશની સ્થાપના કરી હતી (ઈ.સ. ૧૩૨૦). ઘોડા અને હલકારા મારફતે ટપાલની સુવિધા એણે શરૂ કરેલી. તુઘલુક વંશના બીજા બે રાજાઓ મોહમ્મદ બિન તુઘલુક અને ફીરોઝ તુઘલુક વિશેષ નોંધપાત્ર છે.

મોહમ્મદ તુઘલુકનું રાજ્યશાસન (ઈ.સ. ૧૩૨૫–૧૩૫૧) અભૂતપૂર્વ શાંતિયુક્ત રહેલું; જેનો નૈતિક પડઘો એના સમયના સાંસ્કૃતિક વિકાસમાં ઊઠેલો જોઈ શકાય છે. વિચારો અને કાર્યોથી બદ્ધ એવા આ સુલતાનની નીતિરીતિ એટલી બધી ક્રાન્તિકારી હતી કે તે જમાના માટે તેને પ્રમાણવાનું મુશ્કેલ હતું. આથી એનાં કાર્યોનું મૂલ્યાંકન વિરોધાભાસી રહ્યું અને પરિણામે તે 'ધૂની સુલતાન' તરીકે વગોવાયો. હકીકતે, એના સમયથી એ ખૂબ જ આગળ હતો. ટૂંકમાં, એના દૂરંદેશી વિચારોને ન સમજનાર લોકોએ એને ગાંડો કહ્યો. મુસ્લિમ હોવા છતાં તેણે હિંદુ સમાજના કુધારાઓને નાબૂદ કરવાની હિંમત કરી હતી. દા.ત., સતીપ્રથાની નાબૂદી. હિંદુઓ પ્રત્યેનું એનું વલણ અત્યંત સહિષ્ણુ હતું. દા.ત., સિંધ પ્રાંતના સૂબા તરીકે એણે એક હિંદુની નિમણૂક કરેલી અને વહીવટમાં ઉચ્ચ હોદ્દાઓની જવાબદારી પણ હિંદુઓને સુપરત કરી હતી. સાત વર્ષ-(ઈ.સ. ૧૩૩૫થી ૧૩૪૨)ના લાંબા દુષ્કાળ દરમ્યાન ગંગાને કિનારે એક નગર વસાવ્યું, જેનું નામ એણે 'સ્વર્ગનું દ્વાર' રાખ્યું. વળી, તે ફારસી કવિતાનો અભ્યાસી હતો. તે શૈલીનો નિષ્ણાત હતો. વક્તૃત્વકળામાં શ્રેષ્ઠ હતો. તત્ત્વજ્ઞ હતો. તર્કવિજ્ઞાનનો રસિક હતો. ગણિતજ્ઞ હતો. વિજ્ઞાનનો ચાહક હતો. એટલો બધો વિચાર-સમૃદ્ધ હતો કે વિદ્વાનો એની સાથે સંવાદ કરતાં અચકાતા. મુસ્લિમ રાષ્ટ્રો સાથેના એના સંબંધો માયાળુ હતા, આથી પ્રવાસીઓનું ભારતમાં આવવું વધી ગયું હતું. ખાસ કરીને નોંધપાત્ર મુસાફર ઇબ્ન બતૂતા. ચીન મોકલેલા રાજકીય પ્રતિનિધિમંડળમાં ઇબ્નની વરણી મોહમ્મદે કરી હતી.

ફીરોઝ તુઘલુક (ઈ. સ. ૧૩૫૧–૧૩૮૮) મોહમ્મદ ગઝનવી જેવો મૂર્તિભંજક અને રૂઢિચુસ્ત હતો, છતાં વ્યવહારુ હતો. આથી એનો વહીવટ ખૂબ વખણાયેલો. પોતાના પુરોગામી મોહમ્મદ તુઘલુકે માફ કરેલો જજિયાવેરો ફીરોઝે પુનઃ દાખલ કર્યો અને બ્રાહ્મણોને પણ તેમાં ઝડપ્યા. આ ઉપરાંત, જકાત, ખરાજ અને ખુજા પ્રકારના વધારાના કર પણ એણે નાખ્યા. જોકે કરનું માળખું અત્યંત વ્યવહારુ હતું અને કર ભરનારની આર્થિક ક્ષમતાનો એમાં વિચાર થયો હતો.

સાથોસાથ ફીરોઝે ધર્માંતરની પ્રવૃત્તિને વેગ આપ્યો. પોતે કટ્ટર સુન્ની હોઈ શિયાપંથના ગ્રંથોને તેણે બાળ્યા. પોતે પવિત્ર અને રૂઢિચુસ્ત મુસલમાન કહેવાતો હોવા છતાં શરાબ પીતો હતો, અને શિકાર પણ કરતો હતો.

આર્થિક વિકાસનો ફીરોઝ પ્રણેતા હતો. સિંચાઈપ્રથાને એણે સુદૃઢ બનાવી. ખેતીનો વિકાસ કર્યો. સતલજ અને જેલમ નદીઓમાંથી પાંચ નહેરો ખોદાવી. આમાંની એક તો આજેય ઉપયોગમાં છે. રોજગારીની તકો તેણે ઊભી કરી. લોકોનાં સુખ અને સમૃદ્ધિની સુરક્ષાના પ્રયત્નો કર્યા. આ માટે રોજગાર વિનિમય કેન્દ્ર સ્થાપ્યું.

લોકોપયોગી કાર્યો માટે અલગ વિભાગ શરૂ કર્યો. આ બધી પ્રવૃત્તિઓએ એના શાસનને દીપાવ્યું. ફીરોઝના વહીવટનું સૌથી મોટું સ્મારક શહેરોની સ્થાપનામાં અને મકાનોના બાંધકામમાં પ્રતિબિંબિત થાય છે. કહેવાય છે કે એણે ૨૦૦ શહેરો બંધાવ્યાં, ૪૦ મસ્જિદ બંધાવી, ૩૦ વિદ્યાલય ઊભાં કર્યાં, ૩૦ સરોવરનું નિર્માણ કર્યું, ૫૦ બંધ બાંધ્યા, ૧૦૦ દવાખાનાં સ્થાપ્યાં, ૧૦૦ જાહેર સ્નાનાગારની સુવિધા ઊભી કરી, ૧૫૦ પુલોની રચના કરી, દિલ્હી નજીક મોટું પાટનગર બંધાવ્યું (જે આજે ફીરોઝશાહ કોટલા મેદાન તરીકે ઓળખાય છે).

એનું બીજું ઉત્તમ કાર્ય હતું ઇતિહાસનાં સાધનોની સુરક્ષા અને સંરક્ષણનું. એક અંબાલા જિલ્લામાંથી, અને એક મીરત(મિરઠ)માંથી એમ બે અશોકસ્તંભ તેણે દિલ્હી મંગાવ્યા અને સાચવ્યા. સંખ્યાબંધ સંસ્કૃત ગ્રંથોના અનુવાદ કરાવી ભારતના પૂર્વકાલના ઇતિહાસને સમજવાનો તેણે પ્રયત્ન કર્યો.

અકબર પૂર્વેના દિલ્હીના શાસકોમાં ફીરોઝ શક્તિશાળી હતો.

ફીરોઝ તુઘલુકના અવસાન (ઈ. સ. ૧૩૮૮) પછી વારસદારોની માંહોમાંહેની ખેંચાખેંચને કારણે તથા ઈ. સ. ૧૩૯૮માં તૈમૂરના વિનાશક આક્રમણને લીધે દિલ્હી સલ્તનતની પ્રતિષ્ઠા જોખમાઈ. રાજકીય અવ્યવસ્થા અને અંધાધૂંધી પ્રભાવક બન્યાં. તૈમૂરના આક્રમણ પછીના દોઢ દાયકા સુધી દિલ્હીનું તખ્ત સરકાર અને શાસકવિહોણું રહ્યું. ઈ. સ. ૧૪૧૩માં છેલ્લા તુઘલુક સુલતાનના અવસાન પછી અને વળી તુર્કી રાજ્ય(મોંગોલ–મોગલ)ના ઉદય (ઈ. સ. ૧૫૨૬)ની વચ્ચેના સમય દરમિયાન દિલ્હીની ઇસ્લામી સલ્તનતનાં વળતાં પાણી થયાં. ઈ. સ. ૧૪૧૪થી ૧૪૫૦ દરમિયાન સૈયદવંશના સુલતાનોએ દિલ્હીનો વહીવટ સંભાળ્યો પણ એકેય દૃષ્ટિએ એ પ્રભાવક નીવડ્યો નહીં. સૈયદવંશે દિલ્હીને રાજકીય ઝઘડાનું મથક બનાવ્યું. આથી મજબૂત શાસકની જરૂર જણાઈ.

*

આ જરૂર પૂરી પાડી બહલોલ લોદીએ. લોદી વંશનો આ સ્થાપક અફઘાન જાતિનો પ્રથમ સુલતાન હતો. બહલોલ (ઈ. સ. ૧૪૫૧–૧૪૮૮) ઉત્તમ સેનાપતિ અને નમ્ર શાસક હતો. દિલ્હી ઉપર સત્તા સંભાળનારા લોદી સુલતાનોમાં સિકંદર (ઈ. સ. ૧૪૮૮–૧૫૧૭) મજબૂત અને મહાન શાસક હતો. એણે આગ્રાને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું. આગ્રા નજીક સિકંદરાબાદ વસાવ્યું. હિંદુઓ માટે ઘાટ ઉપર જાહેરમાં સ્નાન કરવાની કે જાહેરમાં દાઢી કરાવવાની ક્રિયા ઉપર તેણે પ્રતિબંધ મૂકયો. મથુરાનાં હિંદુ મંદિરોને ધરાશાયી કર્યાં. આમ, સૈયદ વંશ (ઈ. સ. ૧૪૧૪–૧૪૫૧) દરમિયાન ગયેલી રાજકીય પ્રતિભાને સિકંદરે પાછી લાવવાનો પ્રયત્ન કર્યો એમ કહી શકાય. ઈ. સ. ૧૫૧૭માં સિકંદરનું અવસાન થતાં ઇબ્રાહીમ ગાદીએ આવ્યો. લોદીવંશ(ઈ. સ. ૧૫૧૮–૧૫૨૬) અને દિલ્હીની સલ્તનતનો એ છેલ્લો શાસક હતો. એના શાસન દરમિયાન પંજાબના સૂબા દોલતખાને ઈ. સ. ૧૫૨૪માં બાબરને ભારત આવવાનું નિમંત્રણ પાઠવ્યું. બાબરે ભારત ઉપર ચઢાઈ કરી અને ઈ. સ. ૧૫૨૬માં પાણીપતના મેદાનમાં ઇબ્રાહીમને હરાવ્યો તથા દિલ્હીની સલ્તનતનો અંત આણ્યો.

## પ્રાદેશિક વિસ્તાર

અગાઉ જોયું કે દિલ્હી સલ્તનતના શાસકોની સત્તા સિંધુના બંને કિનારાના આસપાસના વિસ્તારોથી આરંભી ગંગા-જમનાના કિનારાના પ્રદેશો સુધી વિસ્તરેલી હતી. આમ, સમગ્ર ઉત્તર ભારત પણ સુલતાનોના કબજા હેઠળ ન હતું, એટલે કે સલ્તનતના સમય દરમિયાન ભારતમાં અનેક અન્ય સત્તાઓ હતી, જેમણે ભારતની રાષ્ટ્રીય અસ્મિતાને સુરક્ષાવાના પ્રયત્નો કરેલા. સમકાલીન એવાં આ રાજ્યોને બે વિભાગમાં મૂકી શકીએ : (૧) ઈ. સ. ૧૨૦૦થી ૧૬૦૦ દરમિયાનનાં ઉત્તર ભારતનાં નાનાં મુસ્લિમ રાજ્યો, જેમાં જોનપુર,

બંગાળ, માળવા, ખાનદેશ અને કાશ્મીરનો સમાવેશ થઈ શકે. આ ઉપરાંત ગુજરાતનું સુલતાની રાજ્ય સ્વતંત્ર અને સમૃદ્ધ હતું. (૨) ઈ. સ. ૧૩૦૦થી ૧૬૦૦ દરમિયાનનાં દક્ષિણ ભારતનાં રાજ્યોમાં બે પ્રક્રિયા-પ્રવાહો જોવા મળે છે: મુસ્લિમ સરદારોએ દિલ્હી સામે બળવો પોકાર્યો અને હિંદુ સરદારોએ મુસ્લિમ સત્તા સામે માથું ઊંચક્યું. પ્રથમ પ્રવાહમાં બહમની રાજ્ય(ઈ. સ. ૧૩૪૭–૧૪૮૨)ની કથા સંકળાયેલી છે, તો બીજા પ્રવાહમાં હિંદુ સંસ્કૃતિના રક્ષણ માટે સ્થપાયેલા વિજયનગરના મહારાજ્ય-(ઈ. સ. ૧૩૩૬–૧૫૨૯)ની પ્રગતિકથા પ્રતિબિંબિત થયેલી જોવા મળે છે.

ઉત્તરનાં સ્વતંત્ર રાજ્યોમાં કાશ્મીર અને ગુજરાતનાં રાજ્યો વિશેષ નોંધપાત્ર ગણી શકાય. ગુજરાતનું રાજ્ય ઈ. સ. ૧૪૧૧માં સ્થપાયું હતું અને ૧૫૭૨માં એણે સ્વતંત્રતા ગુમાવી હતી. ગુજરાતના સુલતાનમાં અહમદશાહ, મહમૂદ બેગડો અને બહાદુરશાહ મહત્ત્વના ગણી શકાય. મહમૂદના સમયમાં ગુજરાતની જાહોજલાલી ખૂબ હતી. આ સમયનાં મુસ્લિમ સ્થાપત્યો આજેય ભૂતકાળના ગૌરવની કીર્તિ ગાતાં અડીખમ ઊભાં છે.

દક્ષિણ ભારતનાં સ્વતંત્ર રાજ્યોમાં બહમની રાજ્યે ઈ. સ ૧૩૪૭થી ૧૪૮૪ સુધી સત્તા સંભાળી. આ સમયમાં ૧૪ સુલતાનોએ સત્તા ભોગવી. ઈ. સ. ૧૪૮૨માં બહમની રાજ્યની શક્તિ ક્ષીણ થઈ અને એના પાંચ ભાગ (વરાડ, અહમદનગર, બિજાપુર, ગોવલકોંડા અને બિદર) પડ્યા, જેમણે ઈ. સ. ૧૫૨૬ સુધી દક્ષિણના રાજકારણમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

બુક્કારાય અને હરિહરે વિજયનગરના રાજ્યની સ્થાપના કરી હતી, ઈ. સ. ૧૩૩૬માં. કૃષ્ણદેવરાય આ રાજ્યનો અતિ પ્રતાપી રાજવી હતો. ઉત્તમ યોદ્ધો હોવા ઉપરાંત એ કુશળ વહીવટકાર અને વિચક્ષણ રાજપુરુષ હતો. સમગ્ર દક્ષિણ ભારતના પ્રદેશોને એક સત્તા નીચે લાવવાનું માન એને ફાળે જાય છે. પોતે કવિ હોઈ વિદ્વાનોને આશ્રય આપતો હતો. હિંદુ ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ એ આ મહારાજ્યનું ધ્યેય હતું. વિજયનગરના રાજ્ય દરમિયાન સાંસ્કૃતિક વૈભવ આકર્ષક રહ્યો હતો. પાછળથી અકબર અને શાહજહાં જેવા શક્તિશાળી સમ્રાટો પણ દક્ષિણવિજય સંપાદન કરી શક્યા ન હતા. કેવળ ઔરંગઝેબ એમાં સફળ થયો હતો પણ તે પૂર્વે તો વિજયનગરનું રાજ્ય છિન્નભિન્ન થયું હતું. (બહમની અને વિજયનગરની તાસીર પ્ર. ૭માં જોઈશું.)

ઉત્તર અને દક્ષિણનાં સ્વતંત્ર રાજ્યો ઉપરાંત ભારતના પશ્ચિમ કિનારે એક વિદેશી સત્તા પણ સ્થપાઈ હતી, સોળમી સદીના આરંભમાં; જેનું મૂળ હતું ઈ. સ. ૧૪૯૮ના મેની ૧૭મી તારીખે ફિરંગી (પોર્ટુગીઝ) સાહસિક વાસ્કો ડા ગામાએ કાલીકટ બંદરે પગ મૂક્યો તેમાં. જગતના ઇતિહાસમાં આ બનાવનું અનેકગણું મહત્ત્વ છે. આરંભમાં ફિરંગી વેપારીઓએ અને પછી વહીવટકારોએ દીવ, દમણ અને ગોવામાં સત્તાને સુદૃઢ કરી. એમની ધર્માંતર પ્રવૃત્તિના ઘણા વિપરીત પડઘા ભારતમાં પડ્યા.

એક સદી લાંબા શાસન દરમિયાન ૨૫ જેટલા ગવર્નરોએ હિંદમાં સત્તાનાં સૂત્રો સંભાળ્યાં, પરંતુ આલ્બુકર્કને બાદ કરતાં અન્ય સત્તાધીશોમાં બુદ્ધિ, દીર્ઘદર્શિતા અને શાસનપદ્ધતિનો અભાવ હોવાથી તેઓ સ્થિરતા સ્થાપી શક્યા નહીં.

ભારતમાં ફિરંગીઓની સત્તા દરિયાઈ વર્ચસને કારણે હતી. આ વર્ચસ ઉપર હોલૅન્ડના ડચ – વલંદા-ઓએ પ્રભુત્વ જમાવતાં ઈ. સ. ૧૫૯૮માં ફિરંગી સત્તા અસ્ત પામી અને ડચ સત્તા સ્થપાઈ (ઈ. સ. ૧૫૯૮–૧૭૫૭). ડચ લોકોએ આમ ફિરંગીઓનો દરિયાઈ ઈજારો તોડી વેપારનું ચક્ર હસ્તગત કર્યું. પુલિકટ અને મદ્રાસમાં એમણે પ્રારંભમાં કોઠીઓ સ્થાપી, કિલ્લા બાંધ્યા. એમનો વેપાર સુદૃઢ હતો અને તેઓ તે વડે ઘણા સમૃદ્ધ થયા પણ રાજકારણની અણઆવડતે બધું ગુમાવવું પડ્યું. ઈ. સ. ૧૭૫૯માં ડચોનાં સાત વહાણો બંગાળના નવાબની મદદથી અંગ્રેજોએ કબજે કર્યાં અને ડચ સત્તાની પડતી થઈ.

ઉપરની આછી રૂપરેખા ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે ચૌદમી સદીના આરંભથી સોળમી સદીના આરંભ સુધી ભારત રાજકીય દૃષ્ટિએ સંગઠિત ન હતું. દિલ્હીની સલ્તનત પ્રમાણમાં શક્તિશાળી હોવા છતાંય સમગ્ર દેશના પરિપ્રેક્ષ્યમાં એની રાજકીય પ્રતિભા એટલી ઉજ્જવળ ન હતી. કાશ્મીર, ગુજરાત, બહમની વંશ અને વિજયનગરનાં રાજ્યો પણ શક્તિશાળી હતાં. આમ, રાજકીય એકસૂત્રતાથી ભારત વંચિત રહ્યું પણ તેથી પ્રજાકીય અસ્મિતા કે સાંસ્કૃતિક પ્રગતિ સ્થગિત થયાં નહીં; બલકે, પ્રાદેશિક રાજ્યોની સ્થિરતાને કારણે સ્થાનિક સંસ્કૃતિઓની જાહોજલાલી વધી. નાનાં અને સંગઠિત રાજ્યોનો વહીવટ વધારે અસરકારક રહ્યો. આથી પ્રજાકલ્યાણની પ્રવૃત્તિઓને વેગ મળતો રહ્યો. પ્રાદેશિક રાજ્યોમાંનાં કેટલાંક મુસ્લિમ-શાસિત હોવાને કારણે ઈસ્લામના પ્રચારને અને મુસ્લિમ સંસ્કૃતિના પ્રસારને સરળતા પ્રાપ્ત થઈ. એમ કહી શકાય કે પ્રાદેશિક રાજ્યો દ્વારા મુસ્લિમ સંસ્કૃતિ ભારતના બધા વિભાગોમાં પ્રસરી શકી, જેનો વિશેષ લાભ પછીથી મોગલ સમ્રાટોને પ્રાપ્ત થયો.

*

દિલ્હી સલ્તનતના કાળ દરમિયાન કેવળ દિલ્હી ઈસ્લામી સંસ્કૃતિ અને ધર્મના પ્રસાર-પ્રચારનું મુખ્ય કેન્દ્ર હતું. પરંતુ પ્રાદેશિક રાજ્યોના ઉદ્‌ભવ પછી અમદાવાદ, જૌનપુર, ગુલબર્ગ, સોનારગાંવ, ગૌર, પાન્ડુઆ (બંગાળા) અને અન્ય પ્રાંતીય પાટનગરો ઈસ્લામી સંસ્કૃતિનાં વિતરણકેન્દ્રો બન્યાં. આથી ઈસ્લામી સંસ્કારના વિકાસને મહત્ત્વનું બળ મળ્યું. દિલ્હીમાં વિદેશી આગંતુકોની સંખ્યાનું પ્રમાણ વિશેષ હોઈ પાટનગરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની પરંપરા મધ્ય એશિયાઈ પ્રકારની રહી. પ્રાંતીય પાટનગરોમાં મુસ્લિમોની અને વિદેશી અતિથિઓની સંખ્યા નહીંવત્ હોવાથી આ પ્રદેશની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિશેષતઃ સ્થાનિક પ્રભાવયુક્ત રહી. પ્રાદેશિક રાજ્યોમાં મુસ્લિમોની રાજકીય સત્તા અને પ્રજાની સાંસ્કૃતિક સત્તાના સમન્વયને કારણે પ્રાંતીય ભાષાઓનો ઉદય શક્ય બન્યો; તથા ભક્તિ-આંદોલનના નેતાઓ માટે ધાર્મિક સમન્વયની પ્રક્રિયા માટેનો માર્ગ મોકળો બન્યો. વળી કાશ્મીર, જૌનપુર, માળવા અને ગુજરાતનાં પ્રાદેશિક કેન્દ્રોમાં સંગીતને વધારે આશ્રય પ્રાપ્ત થયો. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિકાસમાં નોંધપાત્ર લક્ષણ એ હતું કે કેન્દ્રીય સત્તાધીશોને મોંગોલ આક્રમણોનો ભય સતત સતાવતો હતો, જ્યારે પ્રાંતોના સત્તાધીશો આવી કોઈ ચિંતાથી મુક્ત હતા. આથી પ્રાદેશિક રાજ્યોની સંસ્કાર-પ્રવૃત્તિઓએ મોગલ સંસ્કૃતિ માટે વિશાળ ભૂમિકા પૂરી પાડી. ઝૈન-ઉલ-આબીદિનના આશ્રય હેઠળ કાશ્મીરમાં થયેલી સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અદ્વિતીય હતી. બંગાળાના પ્રાંતીય રાજ્યમાં ફારસી સાથે બંગાળી સાહિત્યને પ્રેરણા પ્રાપ્ત થઈ. સંસ્કૃત ગ્રંથોના બંગાળી અનુવાદ થયા. અહમદનગરના રાજ્યે મરાઠીને પ્રોત્સાહન આપ્યું. વિજયનગરના રાજ્યમાં સંગમ સાહિત્યનો વિકાસ થયો.

* પ્રસ્તુત વિવરણથી એટલી હકીકત સ્પષ્ટ થાય છે કે ત્રણસો વર્ષના ભારતના રાજકીય ઈતિહાસમાં એકતાનો અભાવ હોવા છતાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને ખાસ કોઈ અવરોધો નડયા નહીં. બલકે, પ્રદેશભાષાઓ, સ્થાનિક સાહિત્ય, ભક્તિ-આંદોલન, સ્થાનિક કલાકારીગરી વગેરેને વિકસવાની સુંદર તક સાંપડી. આ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓએ દેશની સાંસ્કારિક અખંડિતતા સાચવી રાખી.

## મોગલ સામ્રાજ્ય (ઈ. સ. ૧૫૨૬–૧૭૦૭)

પંજાબના સૂબા દોલતખાનના નિમંત્રણથી બાબર ભારત આવ્યો અને પાણીપતના મેદાનમાં ઈબ્રાહીમ લોદીને હરાવી ઈ. સ. ૧૫૨૬માં એણે તુર્કી મોંગોલોની સત્તા સ્થાપી. ઈ. સ. ૧૫૩૦માં એનું અવસાન થયું. ચાર-પાંચ વર્ષના અતિ અલ્પ શાસનકાળ દરમિયાન પણ બાબરની વહીવટી શક્તિ, કલાદૃષ્ટિ અને વ્યવહારુતાએ એવી સુચારુ છાપ ઉપસાવી કે ભાવિનાં એંધાણ એમાંથી જોઈ શકાયાં. બાબર પોતે કવિ,

લેખક, ચિત્રકાર અને ચરિત્રકાર હતો. સહિષ્ણુ વહીવટનાં જે બીજ એણે વાવ્યાં તેમાંથી મોગલ સામ્રાજ્યનું વટવૃક્ષ તૈયાર થયું.

બાબર પછીના પાંચેય શાસકો એક અથવા બીજી રીતે મહત્ત્વના હોઈ પ્રત્યેકની સંક્ષેપમાં સમીક્ષા કરીશું. બાબર પછી મોગલ સામ્રાજ્યની ગાદી ઉપર હુમાયું આવ્યો (ઈ. સ. ૧૫૩૦–૧૫૫૬). સુર વંશના શેરખાન સાથેના સંઘર્ષને કારણે હુમાયુંને સોળ વરસ જેટલો લાંબો સમય દેશવટો ભોગવવો પડયો હતો. આ દરમિયાન તે ઈરાની કલાવિદોના સંપર્કમાં આવ્યો. તે ભારત પાછો ફર્યો ત્યારે સાથે મીર સૈયદ અલી અને ખ્વાજા અબદુલ સમદને લેતો આવ્યો અને ચિત્રશાળા સ્થાપી.

હુમાયું પછી અકબર (ઈ. સ. ૧૫૫૬–૧૬૦૫) સુધી ગાદી પર રહ્યો. અકબરનો રાજવહીવટ અતિ ઉદાર અને સમન્વયી હતો. તેથી તેના શાસનકાળ દરમિયાન ભારતમાં હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિઓ સમન્વય સાધી શકી. એના શાસનકાળ સુધીમાં ઘણી પરંપરાથી ચાલતી આવેલી મુશ્કેલીઓ દૂર થઈ હતી. પરિવર્તનની હવા પ્રસરી ચૂકી હતી. આથી હિંદુઓ પ્રત્યે સહિષ્ણુતા દાખવવાની વિશેષ મોકળાશ મળી. સહિષ્ણુતાની નીતિ એનું દ્યોતક ઉદાહરણ ગણાય.

* અકબરનો ઈસ્લામ તરફનો અભિગમ નિશ્ચયાત્મક અને સલૂકાઈભર્યો હતો. તેનું સ્પષ્ટ માનવું હતું કે ઈસ્લામનો ઉપદેશ બીજા ઉપર લાદી શકાય નહીં. જો કોઈ તેમ કરે તો તે મુસ્લિમ કહેવડાવવાને લાયક નથી. અકબરને મતે સાચો ઇસ્લામી એટલે માનવ અધિકારો અને હકો વિશે સહિષ્ણુતા અને સમજણ દાખવ-નાર. આ દૃષ્ટિકોણને કારણે તે સર્વધર્મસમભાવી બની શકયો અને ‘દીને-ઈલાહી’ પંથ સ્થાપી શકયો.

એ એક મહાન સુધારક રાજવી હતો. એણે હિંદુઓ ઉપરનો જજિયાવેરો નાબૂદ કર્યો. હિંદુ કન્યાઓ સાથે લગ્નસંબંધો બાંધ્યા. હિંદુ સ્ત્રીઓને એમના રીતરિવાજો અનુસરવાની સ્વતંત્રતા બક્ષી. બાળલગ્નો ઉપર પ્રતિબંધ મૂકયા. લોહીની સગાઈના સંબંધો પણ એણે અમાન્ય કર્યા. પરઠણપ્રથાને અયોગ્ય ગણી. સતીપ્રથા બંધ કરાવી, વિધવાવિવાહને ઉત્તેજન આપ્યું. નવરોજ ઉત્સવની ઉજવણીને રાષ્ટ્રીય માન આપ્યું. વહીવટમાં હિંદુઓને મહત્ત્વનો કાર્યભાર સોંપ્યો.

અકબરની મહાનતા અને ઉચ્ચ ગુણો તથા શાસક તરીકેની સફળતામાં અમીર ફત્તુલ્લાહ શિરાઝી, ટોડરમલ, માનસિંગ, ખ્વાજા મન્સૂર, નિઝામુદ્દીન બક્ષી, બદાઉની, અબુલ ફઝલ અને અબુલ ફૈઝી જેવા સંસ્કારી સાથીઓનો ફાળો મોટો હતો.

જહાંગીરે બાવીસ વર્ષ (ઈ. સ. ૧૬૦૫–૧૬૨૭) રાજ્ય કર્યું. એના મોજીલા વર્તનને કારણે અને બેગમ નૂરજહાંને રાજ્યભાર સોંપી દીધો હોવાથી એના અવસાન સમયે મોગલ સામ્રાજ્ય ઘણું નબળું પડયું હતું. હિંદુ-શીખ ધર્મ પ્રત્યે એનું વર્તન વિશેષ કડક હતું, છતાં એના તરફથી ધર્મને નામે ખાસ કનડગત થઈ ન હતી. જોકે શીખ ગુરુ અર્જુનના વધ માટે એ જવાબદાર હતો. રાજ્યવહીવટ, ધર્મપ્રચાર કે સમાજસુધારાની દૃષ્ટિએ જહાંગીરનો વહીવટ ખાસ નોંધપાત્ર ન ગણી શકાય. પરંતુ યુરોપીય પ્રજાઓ સાથેના સંપર્કમાં એનો શાસનકાળ મહત્ત્વનો હતો. ઘણા અંગ્રેજો એના રાજ્યઅમલ દરમિયાન ભારતની મુલાકાત લીધી હતી, ખાસ કરીને ઈસ્ટ ઇન્ડિયા કંપની માટે કેટલાક હકો સંપાદિત કરવાના સંદર્ભમાં. એમ કહી શકાય કે એના સમય દરમિયાન ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ એની સંમતિથી વેપારની શરૂઆત કરી અને સૌ પ્રથમ કોઠી સુરતમાં સ્થાપી. ઈ. સ. ૧૬૦૮માં સૌ પ્રથમ વિલિયમ હૉકિન્સ ઈંગ્લંડના રાજા જેમ્સ ૧-લાના પત્ર સાથે ભારત આવ્યો અને જહાંગીરને મળ્યો. ઈ. સ. ૧૬૧૧માં વિલિયમ એડવર્ડ આવ્યો. તે પછી ટૉમસ રો અને એડવર્ડ ટેરી આવ્યા. આ બધા મુલાકાતીઓની નોંધો ઈતિહાસની સામગ્રી પૂરી પાડે છે.



## શાહજહાંને સંબોધન

એ વાત જાણી'તી તેં તો ભારત-ઈશ્વર શા'જહાન.
કાલસ્રોતે જાય વહ્યાં જીવન યૌવન ધન માન,
માત્ર તવ અંતર-વેદના
ચિરંતન રહો બની, સમ્રાટની હતી એ સાધના.
રાજશક્તિ વજ્ર શી કઠિન,
સંધ્યારક્તરાગસમ તન્દ્રાતલે છોને થતી લીન;
કેવળ એક જ દીર્ઘ શ્વાસ,
નિત્ય ઉચ્છ્વસિત થઈ સકરુણ કરો આકાશ,
એ જ તારે મન હતી આશ.
હીરામુક્તામાણિક્યની ઘટા,
જાણે શૂન્ય દિગંતની ઇન્દ્રજાળ ઇન્દ્રધનુચ્છટા,
ભલે એ સૌ લુપ્ત થઈ જાય
(માત્ર) રહી જાય
એક બિન્દુ અશ્રુકેરું જલ
કાલના કપોલ પરે શુભ્ર સમુજ્જવલ
આ તાજમહલ.

*

હે સમ્રાટ કવિ,
આ તારા હ્રદયની છવિ
આ તારું નવ મેઘદૂત
અપૂર્વ અદ્ભુત
છન્દે ગીતે.
ચડયું ઊંચે અલક્ષ્યની દિશે
જ્યહાં તવ વિરહિણી પ્રિયા
રહી છે મળી આ
પ્રભાતના અરુણ-આભાસે,
ક્લાન્ત-સંધ્યા દિગંતના કરુણ નિઃશ્વાસે,
પૂર્ણિમાએ દેહહીન ચંપેલીના લાવણ્ય-વિલાસે,
ભાષાને અતીત તીરે
કંગાળ નયન જેને આંગણેથી થાકી પાછાં ફરે.
તારો એ સૌન્દર્ય-દૂત થયાં યુગોયુગ
ચુકાવીને કાળ કેરો પ્રહરી અચૂક
જાય ચાલ્યો વાણીહીણો વાર્તા લઈ આ,
'ભૂલ્યો નથી, ભૂલ્યો નથી, ભૂલ્યો નથી પ્રિયા.'



(અનુ. : નગીનદાસ પારેખ) —રવીન્દ્રનાથ ઠાકુર

*

શાહજહાં(ઈ. સ. ૧૬૨૭–૧૬૫૮)નો સમય મોગલ સામ્રાજ્યના ઈતિહાસમાં અતિ સમૃદ્ધ સમય ગણાય છે. એને સ્થાપત્યોનો સમૃદ્ધ સમય પણ કહેવાય છે. શાહજહાં બાંધકામનો ખૂબ શોખીન હતો. એકમાત્ર તાજમહાલ એના સમયના સ્થાપત્યનો ઉત્તમ શણગાર છે. તે ઉત્તમ વહીવટકાર અને શક્તિશાળી સેનાપતિ હતો. એમ કહેવાય છે કે એના શાસનકાળ દરમિયાન ભારત શાંત અને સમૃદ્ધ હતું. આનું એક કારણ એ પણ ખરું કે યુરોપીય વેપારીઓને કારણે વેપાર-વાણિજ્યનો અભૂતપૂર્વ વિકાસ થયો હતો. શાહજહાંની ધર્મનીતિ ઉદાર હોવા છતાંય નવાં મંદિરો બાંધવાની સંમતિ મળતી નહીં. ઈ. સ. ૧૬૩૩માં એણે સામ્રાજ્યમાં બંધાયેલાં બધાં નવાં મંદિરો ધરાશાયી કરવાનો આદેશ આપ્યો હતો. એકલા બનારસ જિલ્લામાં ૭૬ જેટલાં મંદિરો તોડી પડાયાં હતાં. પંજાબ, કાશ્મીર અને ગુજરાતમાં હિંદુ-મુસ્લિમ લગ્નો થવા લાગ્યાં હતાં; પરંતુ ઈ. સ. ૧૬૩૪માં એ પ્રથાની બંધીનો આદેશ શાહજહાંએ આપ્યો. આમ, એની રાજનીતિ અસ્થિર અને જુલમી હતી.

મોગલ સામ્રાજ્યનો છેલ્લો સમ્રાટ ઔરંગઝેબ (ઈ. સ. ૧૬૫૮–૧૭૦૭). એનું વ્યક્તિત્વ સંકુલ હોઈ ઈતિહાસમાં એનું આલેખન દ્વિધાયુક્ત રહ્યું છે. મૂળ વાત એ છે કે એનાં સઘળાં કાર્યો તે તે ક્ષેત્રના નીતિનિયમો પર આધારિત હતાં. ધર્મની દૃષ્ટિએ એનું વ્યક્તિત્વ બેવડું હતું. ભારતના મુસ્લિમ સમાજના નવસર્જનમાં એનો ફાળો રચનાત્મક હતો, તો બિનમુસ્લિમોના ધાર્મિક અને સામાજિક હકોની બાબતમાં એનું વર્તન ખંડનાત્મક હતું. વ્યક્તિ તરીકે ઔરંગઝેબ પવિત્ર મુસલમાન હતો. કુરાનનું તે નિયમિત પઠન કરતો. નમાજ નિયમિત પઢતો. સાદાઈપૂર્ણ જીવન જીવતો. કુરાનની જાતે નકલો કરી એની ઊપજમાંથી દાન-ધર્માદા કરતો. સમ્રાટ તરીકે એ કુશળ અને લોખંડી તાકાત ધરાવતો હતો. એનો વહીવટ એકહથ્થુ અને 'કટ્ટર ઈસ્લામી કાનૂન'ને અનુરૂપ હોઈ વિશેષ જુલમી ગણાયો. આમ, ઔરંગઝેબનું વ્યક્તિત્વ અનેક રીતે અકબરથી વિપરીત હતું.

ઔરંગઝેબની ધર્મનીતિ ઈસ્લામી રૂઢિઓને અનુરૂપ હોઈ હિંદુઓ માટે નુકસાનજનક રહી. ઈસ્લામી કાનૂન વિરુદ્ધના, પણ સૈકાઓથી ચાલતા આવેલા, મુસ્લિમો ઉપરના કર એણે દૂર કર્યા. આથી રાજ્યની તિજોરી ઉપર અસર થઈ. આ ક્ષતિપૂર્તિ કરવા ઈસ્લામી કાનૂનની દૃષ્ટિએ યોગ્ય એવા કર — જજિયા, જકાત વગેરે એણે નાખ્યા. હિંદુઓ મંદિર-શાળાઓમાં 'મેલી વિદ્યા' (તંત્ર-મંત્ર) શીખવે છે એવા બહાને એણે બધાં મંદિરો ધરાશાયી કરાવ્યાં. મોગલ સરકારની રાજકીય નીતિ વિરુદ્ધ અને અત્યાર સુધી મોગલ સમ્રાટોએ અપનાવેલી નીતિની વિરુદ્ધ હોવા છતાંય ઈસ્લામી કાનૂનાનુસાર એણે માલ ઉપર જકાત નાખી, જેમાં હિંદુઓ માટે પાંચ ટકા અને મુસ્લિમો માટે અઢી ટકાનું ધોરણ હતું.

સમ્રાટ તરીકે ઔરંગઝેબ એક સુધારક હતો. સતીપ્રથા બંધ કરાવી એણે હિંદુ સમાજની પ્રગતિ માટે આવશ્યક સુધારો કર્યો. સામ્રાજ્યની પ્રગતિની દૃષ્ટિએ એના ઘણાખરા સુધારા આવકારપાત્ર ગણાયા. દા. ત., કેફી પીણાં, જુગાર, વેશ્યાવૃત્તિ વગેરે પ્રવૃત્તિઓ પર કડક નિયંત્રણો મૂક્યાં. સમગ્ર સામ્રાજ્યમાં કેફી પદાર્થોના ઉત્પાદન ઉપર પ્રતિબંધ મૂક્યો. આંતરરાજ્ય વેપાર માટેના કર રદ કર્યા. શહેરોમાં આવતી ખાદ્ય અને પેય ચીજો ઉપરની જકાત દૂર કરી. રાજાના જન્મદિને થતી ઉજવણી અને સોનાચાંદીથી તેમને તોળવાની પ્રથા બંધ કરાવી. ઝરૂખા-દર્શન અટકાવ્યું. શાહી ઉત્સવો કાઢી નાખ્યા. દરબારી સંગીત બંધ કરાવ્યું અને સંગીતજ્ઞોનાં વર્ષાસન બંધ થયાં. આ બધાના કડક અમલ માટે તથા જાહેર નીતિમત્તા જોખમાય નહીં તે માટે એણે અધિકારીઓની નિમણૂક કરી હતી.

ભારતીય મુસ્લિમ સમાજની નૈતિક પુનર્રચના માટે ઔરંગઝેબે કેટલાક પ્રતિબંધો દાખલ કર્યા. શાહી કબરો ઉપર છાપરાં, મુસ્લિમ સંતોની કબરોએ સ્ત્રીઓની યાત્રા, વેશ્યાવૃત્તિ, સ્ત્રૈણ વસ્ત્રોનો પહેરવેશ, કેફી પદાર્થોની ખેતી, મોહરમનાં સરઘસ, ખગોળવિદ્યાનો અભ્યાસ, સંગીત અને કીમતી વસ્ત્રાભૂષણો, સુન્નતપ્રથા વગેરે. તથા મુસ્લિમ-રાજ્યને ઈસ્લામી ધર્મરાજ્યમાં રૂપાંતરિત કરવા માટે ઔરંગઝેબે 'ફતવા-ઈ-આલમગીર'ના

સંગ્રહ-સંપાદન માટે સમિતિની રચના કરી હતી. મુસ્લિમ ન્યાયશાસ્ત્રનો આ અતિ કીમતી સંગ્રહ છે. ઔરંગઝેબનું આ ચિરંજીવ પ્રદાન ગણી શકાય. ટૂંકમાં, ઔરંગઝેબના અંગત આચાર અને વિચાર વચ્ચે કોઈ વિશેષ અંતર જણાતું નથી.

ઔરંગઝેબના અવસાન સાથે મોગલ સામ્રાજ્યનો પણ મૃત્યુઘંટ વાગ્યો. શાસનના મધ્યકાલથી ઔરંગઝેબને મરાઠાઓનો સામનો કરવો પડયો હતો. શિવાજી સાથેનો એનો સંઘર્ષ લોઢાના ચણા ચાવવા જેવો નીવડયો. ટૂંકમાં, ઔરંગઝેબના મૃત્યુ પછી રાજકીય ભંગાણનું મોજું દેશમાં ફરી વળ્યું. (આ આખી કહાણી પ્રકરણ ૯માં જોઈશું.)

## મુખ્ય લક્ષણો

* છેલ્લાં પાંચસો વર્ષના ઈસ્લામી શાસન(ઈ. સ. ૧૨૦૬–૧૭૦૭)ને મૂલવતાં સ્પષ્ટ થાય છે કે તે રાજ્ય સંપૂર્ણ સાંપ્રદાયિક હતું. ભારતમાં આ પૂર્વે રાજાઓ કે રાજ્ય તરફથી કોઈ અમુક ધર્મના પાલન માટે આદેશ અપાતા ન હતા. રાજ્યકર્તાના ધર્મથી ભિન્ન ધર્મોને અનુસરવાની સંપૂર્ણ છૂટ હતી. પરંતુ મુસ્લિમ રાજ્ય સ્થપાતાં ધર્મનિરપેક્ષ નીતિનો અંત આવ્યો, કારણ કે ઈસ્લામી શાસકો ધર્મના પક્ષપાતી હતા. ઈસ્લામી રાજ્યતંત્રના કેટલાક નિયમોનું અવલોકન કરવાથી આની પ્રતીતિ થાય છે. એમાંના કેટલાક નિયમો આ પ્રમાણે હતા: (૧) મુસ્લિમ રાજ્યમાં કોઈ દેવમંદિરનું નિર્માણ ન થઈ શકે; (૨) ધરાશાયી થયેલાં મંદિરોનું પુન:સર્જન નહીં; (૩) દેવમંદિરમાં રહેવા ઈચ્છતા કોઈ પણ મુસ્લિમ યાત્રાળુને બિનરોકટોક રહેવા દેવો; (૪) બધા બિનમુસ્લિમોએ મુસ્લિમોને સન્માનવા, (૫) બિનમુસ્લિમ પ્રજાએ મુસ્લિમ પોશાક ન પહેરવો; (૬) બિનમુસ્લિમોએ મુસલમાન નામ ન રાખવાં; (૭) મુસ્લિમોની હાજરીમાં બિનમુસ્લિમોએ ઘોડેસવારી ન કરવી; (૮) બિનમુસ્લિમોએ તીર, ધનુષ્ય, તલવાર ધારણ ન કરવાં; (૯) મુસ્લિમ વસ્તીમાં બિનમુસ્લિમોએ વસવાટ ન કરવો; (૧૦) બિનમુસ્લિમોએ સ્મશાનયાત્રામાં પોકારો ન કરવા; (૧૧) બિનમુસ્લિમો મુસલમાન ગુલામો ન ખરીદી શકે, વગેરે.

અલબત્ત, આ બધા જ નિયમો બધા જ મુસ્લિમ શાસકોના અમલ દરમિયાન કડક રીતે અમલમાં મુકાતા હતા એમ કહી શકાય નહીં. દા. ત., મોહમ્મદ તુઘલુકના સમયમાં જજિયાવેરો આપનાર મંદિર બાંધી શકતા હતા, પરંતુ ફીરોઝ તુઘલુકના સમય દરમિયાન આવી કોઈ અનુમતિ પ્રાપ્ત થતી ન હતી. તુઘલુકકાલીન ઈતિહાસલેખક જિયાઉદ્દીન બદાયૂનીએ તો ફરિયાદ કરેલી કે થોડાક રૂપિયાના બદલામાં સુલતાનો કાફિરોને ધર્મસ્વાતંત્ર્ય બક્ષે તો ભારતમાં ઈસ્લામનો ઝંડો ઊંચો રહી શકશે નહીં. મુસ્લિમ તવારીખનવેશોએ વધુ મંદિરો ધરાશાયી કરનાર સુલતાનોની પ્રશંસા કરી છે; તો ઔરંગઝેબ સિવાયના મોગલ સમ્રાટોની ઓછાવત્તા પ્રમાણમાં વ્યવહારુ ધર્મનીતિથી આપણે પરિચિત છીએ.

મુસ્લિમોની સફળતાનાં કારણો પર પણ નજર નાખી લઈએ : હર્ષના અવસાન પછીના કાળમાં હિંદુઓનું રાજનૈતિક જીવન શિથિલ બન્યું હતું. હિંદુઓ સ્વભાવે શાંતિપ્રિય હોઈ હમેશાં રક્ષણાત્મક વૃત્તિના અનુયાયી રહ્યા, તેથી આક્રમણનો અભિગમ કેળવી શકાયો નહીં. અગાઉ આવેલી પ્રજાઓની જેમ આ પ્રજા પણ ભારતીય સમાજનાં વહેણોમાં ભળી જશે એવી અપૂર્વ શ્રદ્ધાથી એમનાં આક્રમણોનો રાજકીય દૃષ્ટિએ સામનો કરવાની જરૂર જણાઈ નહીં. રાજપૂત રાજાઓના મિથ્યાભિમાને દેશની સંયુક્ત તાકાત ઉપર અસર કરી. પરસ્પરનાં વેરઝેરે વિદેશી આક્રમકોને નિમંત્ર્યા. આથી 'ઘર ફૂટયે ઘર જાય' એ કહેવત મુજબ દેશને નુકસાન થયું.

બીજી બાજુ, પંચાયતી પ્રથાને કારણે ગામડાં સ્વાવલંબી હતાં, વહીવટમાં સ્વતંત્ર હતાં. આથી ગ્રામ-વહીવટને કેન્દ્રીય વહીવટ સાથે કોઈ ખાસ નિસ્બત રહેતી નહીં. આથી પ્રાંત કે દેશના શાસન પ્રત્યેની દિલચસ્પી ઘટી હતી. પરિણામે, વિદેશી આક્રમણો વખતે સામાન્ય પ્રજા ઉદાસીન રહેલી. પ્રજામાં અંધવિશ્વાસની માત્રા પ્રબળ હતી. એટલે પુરુષાર્થથી પ્રાપ્ત થઈ શકે એવી વસ્તુઓ માટે પણ લોકો ઈશ્વરપ્રાર્થના કરતા હતા.

જાતિરક્ષા, ધર્મરક્ષા, દેશરક્ષાનો ભાર પણ હિંદુ પ્રજાએ દેવતાઓ ઉપર નાખ્યો હતો. ધર્મનાં કડક આચાર-નિયંત્રણોથી નીચલા વર્ગો તંગ આવ્યા હતા. જ્યારે મુસ્લિમો એક ધર્મ, એક સંસ્કૃતિ અને એક પ્રકારની રાજનીતિથી સુગ્રથિત હોઈ સફળતા સહેલાઈથી હાંસલ કરી શકતા. ઈસ્લામનો પ્રચાર અને રાજ્યની સ્થાપના અને વિસ્તારના સુદૃઢ ધ્યેયલક્ષી મનોબળ સાથે આ પ્રજા ભારતમાં આવી હતી. ધ્યેયને વરેલી પ્રજા સફળ થાય એ સ્વાભાવિક હતું.

જોકે, આપણે આગળ જોઈ ગયા છીએ તેમ, હિંદુ રાજવીઓએ સબળ સામનો કર્યો હતો. કેટલાંક સમર્થ હિંદુ રાજ્યોએ મુસ્લિમ સત્તાને દેશવ્યાપી થતાં રોકી હતી. ઔરંગઝેબ સિવાય અન્ય મુસ્લિમ સુલતાનો અને સમ્રાટો સમગ્ર ભારત ઉપર સત્તા સ્થાપી શક્યા ન હતા. છતાં, હિંદુઓની રાજકીય પડતી થઈ એ હકીકત છે.

એકંદરે, હિંદુઓની પડતીનાં કારણો અવલોકીએ : (૧) જ્ઞાતિપ્રથાએ ભારતીય સમાજને ટુકડાઓમાં વહેંચી દીધો હતો, આથી સામૂહિક તાકાત ક્ષીણ થતી જતી હતી; (૨) રજપૂતોના આદર્શે સંરક્ષણશક્તિને તોડી નાખી; (૩) રાજકારણમાં જે સામૂહિક એકતા જરૂરી છે તેનો અભાવ હતો; (૪) સાંપ્રદાયિક વાડાબંધીએ પ્રજાની નૈતિક હિંમત હણી દીધી હતી; (૫) હિંદુ સંપ્રદાયનાં કડક નિયમનોએ આમજનતાને ધર્મ-વિમુખ બનાવી; (૬) મુસ્લિમોને હાથે ક્ષત્રીય સત્તાના અસ્ત પછી હિંદુ પ્રજામાં બ્રાહ્મણોનું પ્રભુત્વ વધ્યું, જેણે જ્ઞાતિપ્રથાને અને ધાર્મિક ક્રિયાકાંડને વધારે ચુસ્ત બનાવ્યાં; (૭) ધાર્મિક સંકીર્ણતાએ પ્રજાને ઇસ્લામ પ્રત્યે ખેંચી અને વટાળપ્રવૃત્તિએ એને બળ પૂરું પાડયું; (૮) સાંપ્રદાયિક પરંપરાને અગ્રિમ પ્રાધાન્ય અપાયું; (૯) જ્ઞાતિબહાર મૂકવાની પ્રથા વધારે કડક બનાવાઈ, સ્ત્રીઓની જાહેર પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણો મુકાયાં, બાળલગ્નો લોકપ્રિય બન્યાં. આથી પ્રજાનો સદાચાર શિથિલ બન્યો; (૧૦) ઈસ્લામી સમાજમાં પ્રાપ્ત થતા સામાજિક મોભાની મધલાળથી ધર્માંતરની પ્રવૃત્તિને વેગ મળ્યો. પરિણામે હિંદુ સમાજની એકતા ખંડિત થઈ.

સમગ્ર દૃષ્ટિએ વિચારતાં એટલું કહી શકાય કે તેરમી સદીથી આરંભી સત્તરમી સદી પર્યંત ભારત રાજકીય દૃષ્ટિએ અખંડિત રહી શક્યું નહીં; પરંતુ એની સાંસ્કૃતિક એકતાને નવો પડકાર થયો. આમ છતાં, સાંસ્કારિક અસ્મિતા અખંડિત રહી.

# ૬ : મુસ્લિમ શાસન : દક્ષિણમાં વિસ્તાર

## મધ્યયુગી પૂર્વકાળ

મધ્યયુગી દક્ષિણ ભારત ઉપર દૃષ્ટિપાત કરતાં છઠ્ઠીથી તેરમી સદીનો ઇતિહાસ જોઈ જવો પડે. આના ત્રણ વિભાગ પાડીએ : એક છઠ્ઠીથી નવમી સદી; બીજો નવમીથી અગિયારમી સદી; ત્રીજો અગિયારમીથી ચૌદમી સદી.

### પહેલો સમયખંડ

પહેલા સમયખંડ દરમ્યાન જે ત્રણ મહાસત્તાઓ જોવા મળે છે તે બદામીના ચૌલુક્યો, કાંચીના પલ્લવો અને મદુરાના પાંડયો છે. જોકે ચૌલુક્યો બીજા બે કરતાં એક સદી વહેલા વિસર્જન પામે છે અને આઠમી સદીના ઉત્તરાર્ધમાં તેમનું સ્થાન માન્યખેત(માનખેડે)ના રાષ્ટ્રકૂટો લે છે. ચૌલુક્યોની બદામી ઉપરાંત બીજી પણ બે શાખાઓ જાણીતી છે, તેમાં એક લાટની—દક્ષિણ ગુજરાતના ઇતિહાસમાં જે ચૌલુક્યો—સોલંકી તરીકે—ઘણો મોટો ભાગ ભજવી ગયા છે તેમની.

દક્ષિણ ભારતના ચૌલુક્યોનો સ્થાપક હતો પુલકેશીનો પુત્ર કીર્તિવર્મન. તેણે પ્રદેશ-વિસ્તાર શરૂ કર્યો. એના સગીર પુત્ર પુલકેશી ૨-જાના રીજન્ટ તરીકે કારભાર કરનારા તેના કાકા મંગલેશે ગુજરાત, ખાનદેશ, માળવા સુધી ચઢાઈઓ કરી, પ્રદેશો લૂંટયા અને પ્રભાવ-વિસ્તાર કર્યો. પુલકેશી ૨-જો મોટો થતાં એણે કાકાની સામે યુદ્ધે ચઢી ગાદી હાથ કરી ને એક ઉત્તમ રાજવી તરીકે કીર્તિ મેળવી. તેણે આંતરવિગ્રહ શમાવી દીધો અને રાજ્યવિસ્તાર પણ કર્યો. એના પ્રભાવથી અંજાઈને તથા બીજી બાજુ ઉત્તર ભારતમાં શ્રી હર્ષ જે રીતે સત્તા કેન્દ્રિત કરી રહ્યો હતો તેથી ડરીને, લાટ, માળવા અને ગુર્જર દેશના રાજવીઓએ પુલકેશીનું આધિપત્ય માન્ય કર્યું. આમ, ચૌલુક્યોની સરહદ ઉત્તરે મહી નદી સુધી વિસ્તરી. અને હર્ષે દક્ષિણ પર આક્રમણ ઝીંક્યું ત્યારે પુલકેશી નર્મદાના તટ પર તેને પરાજય આપી શક્યો. બીજી બાજુ, તેણે દક્ષિણ કોશલ અને કલિંગ(ઓરિસા)ને તાબે કર્યાં. પરંતુ બંગાળ અને પૂર્વના પલ્લવોને વશ કરવાના મોહમાં પરિણામ ઊલટું આવ્યું. લડાઈઓમાં એ વારંવાર હાર્યો. છેવટે, એની પાટનગરી બદામીનું પતન થયું અને એ પણ યુદ્ધમાં મરાયો. એ પછી એનું સામ્રાજ્ય ખખડી ગયું. એના પુત્ર વિક્રમાદિત્યે બાપની ગુમાવેલી સત્તા પાછી મેળવવા બીડું ઝડપ્યું. તેણે પલ્લવોને હાંકી કાઢી બદામી નગરી પાછી હસ્તગત કરી અને નાના ભાઈને લાટની સૂબાગીરી સુપરત કરી.

આ દરમિયાન પાંડયવંશી રાજસત્તાની ગતિવિધિ જોઈ લઈએ : પલ્લવોના સમયથી ચેર પ્રદેશમાં એનો આરંભ થયો હતો. પલ્લવો સામેના સંઘર્ષમાં અરિકેસરી મારવર્મને (ઈ. સ. ૬૭૦–૭૦૦) ચૌલુક્ય વિક્રમાદિત્ય ૧-લા સાથે જોડાણ કર્યું. આ પછી એના પુત્ર વિનયાદિત્યે (ઈ. સ. ૬૮૧–૯૬) ઉત્તર ભારત તરફ ચઢાઈઓ શરૂ કરી. તેમાં એના પુત્ર વિજયાદિત્યે ખૂબ જ કૌશલ્ય દાખવ્યું. તેના ૩૭ વર્ષના લાંબા શાસન દરમ્યાન તેની પ્રજા અપૂર્વ શાંતિ અને આબાદી પામી હતી. એના શાસનમાં મંદિરોની રચના એક મહાન પ્રવૃત્તિ તરીકે ઝળકી ઊઠી હતી. તેના પુત્ર વિક્રમાદિત્ય ૨-જા(ઈ. સ. ૭૩૩–૪૪)ના રાજ્યકારભાર

દરમિયાન સિંધમાં આરબ મુસ્લિમોએ પગદંડો જમાવવા માંડયો હતો અને દખ્ખણ તરફ પ્રયાણ આદર્યું હતું. પરંતુ ચૌલુકય પુલકેશીઓએ એને ખાળ્યો હતો. રાષ્ટ્રકૂટ દંતવર્મને પણ આરબો સામેના સંઘર્ષમાં સાથ આપ્યો હતો.

જોકે, પલ્લવવંશી રાજસિંહના શાસનમાંય (ઈ. સ. ૬૮૦–૭૨૦) પાંડયો સાથેનો સંઘર્ષ હજી ચાલુ જ હતો. પરંતુ, પોતાના લાંબા શાસન દરમિયાન તેણે ચૌલુકયોની જેમ શાંતિ અને આબાદીને રસ્તે નામ ઉજાળ્યું. વિશાળ અને સુંદર મંદિરો ઊભાં કરીને એણે લોકપ્રિયતા મેળવી. તેના દરબારમાં દંડી જેવો અલંકારશાસ્ત્રી શોભતો હતો. ચીનમાં એલચી મોકલી તેની સાથેનો સંબંધ તાજો કર્યો હતો અને દરિયાઈ વ્યાપારમાં તેને ઘણી જાહોજલાલી પ્રાપ્ત થઈ હતી. રાજસિંહનો પુત્ર પરમેશ્વરવર્મન ૨-જો (ઈ. સ. ૭૨૦–૩૧) ચૌલુકયોની સાથેના સંઘર્ષમાં મરાયો હતો. ત્યાર બાદ પલ્લવવંશી સામ્રાજયની પડતી શરૂ થઈ હતી. જોકે, નન્દીવર્મન ૩-જો (ઈ. સ. ૮૪૪–૬૬) એક મહાન રાજા થઈ ગયો. એણે પોતાના સામ્રાજયને ફરી ઊંચું આણ્યું હતું.

દક્ષિણના આ ત્રણે વંશો — ચૌલુકય (ઈ. સ. ૫૪૩–૭૫૫), પલ્લવ (ઈ. સ. ૫૭૪–૮૯૭), પાંડય (ઈ. સ. ૫૯૦–૯૨૦) અંદરઅંદર સતત વિગ્રહમાં જ અટવાઈ રહ્યા હતા એ આપણે જોઈ ગયા. પરંતુ પોતાના શાસનકાળમાં અને વારસદારના ક્રમમાં આંતરિક વિદ્વેષ–વિગ્રહ–બંડો અને ઉપરાઉપરી હત્યાઓનું પ્રમાણ બહુ જૂજ જોવા મળે છે. પરિણામે, આ ત્રણે વંશોનું ૨૦૦થી ૩૦૦–૩૨૫ વર્ષનું શાસન ઠીક ઠીક આંતરિક શાંતિ અને આબાદીમાં પસાર થયાનું જણાય છે.

* ઉત્તર ભારતની, ખાસ કરીને મુસ્લિમ શાસનની સરખામણીએ તો, આ ત્રણે વંશોના રાજવીએ ચૌલુકયોએ સરેરાશ ૨૨ વર્ષ, પલ્લવોએ સરેરાશ ૨૭ વર્ષ અને પાંડયોએ સરેરાશ ૩૦ વર્ષ રાજય ભોગવ્યું હતું. એકાદ અપવાદ સિવાય ઓછામાં ઓછાં ૧૦–૧૫ વર્ષ, અને સર્વસાધારણ ૨૫–૪૦ વર્ષ તથા વધુમાં વધુ ૫૦થી ૬૫ વર્ષ રાજય ભોગવનારા જોવા મળે છે. ત્રણે વંશમાં થઈ ૩૨ રાજાઓએ ૮૬૩ વર્ષ રાજય કર્યું છે તે જોતાં રાજવી દીઠ સરેરાશ ૨૭ વર્ષથી આવે છે.

**બીજો સમયખંડ**

બીજો સમયખંડ છે ઈ. સ. ૮૫૦થી ૧૨૦૦નો. સાડી ત્રણ સદીનો આ ઈતિહાસ બે સામ્રાજયોની સમતુલાનો રહ્યો છે. એમાં મુખ્ય પાયો છે ચોલ અને ચૌલુકય (કલ્યાણના). ચોલનો અમલ લગભગ ૨૦૦ વર્ષ સુધી તુંગભદ્રાની દક્ષિણના સમસ્ત પ્રદેશ ઉપર રહ્યો હતો. આ રાજયવિસ્તારમાં તેમને પૂર્વના ચૌલુકયોનો સાથ મળ્યો હતો અને તેમની વચ્ચે લગ્નસંબંધો પણ બંધાયા હતા. જોકે આગળ જતાં ઈ. સ. ૧૦૭૦માં ચોલોની ગાદી પણ તેઓ પચાવી બેઠા હતા. આથી પૂર્વના ચૌલુકયોની ઈર્ષ્યા પશ્ચિમના ચૌલુકયોને આવ્યા વિના રહી. અને બારમી સદી સુધીમાં આ બેઉ સત્તાઓ વેરવિખેર બની ગઈ. તેના સ્થાને વળી પાંડયો દર દક્ષિણે અને હોયસળો (ઈ. સ. ૧૦૨૨–૧૩૪૨) મૈસૂરમાં જોર કરતા ઊભા થઈ ગયા હતા.

ચોલ રાજ્યે એના અમલ દરમિયાન નોંધપાત્ર કામગીરી બજાવી હતી. ચોલના ઉદયની સાથે, તાંજોર હાથમાં આવતાં જ (ઈ. સ. ૮૫૦), તેનું પહેલું પગલું નિશુંભસૂદિની(દુર્ગા)નું ભવ્ય મંદિર બંધાવવાનું હતું. ચોલનો આ વિજય કાવેરીની ઉત્તરના પ્રદેશ ઉપરની પાંડયોની અસર પર ફટકો મારનારો હતો. એના પ્રત્યાઘાતરૂપે પાંડયોએ ચોલ પ્રદેશ પર ચડાઈ કરી (ઈ. સ ૮૭૯). એનો સામનો ચોલ, પલ્લવો અને અન્ય રાજવીઓએ ભેગા થઈને કર્યો. પાંડયોનો પરાભવ થયો. પરંતુ જતે દિવસે પલ્લવોનો ઘણોબધો પ્રદેશ ચોલોના હસ્તક ગયો (ઈ. સ. ૮૯૭); તે જ રીતે ચોલ રાજા પરાંતકે (ઈ. સ. ૯૦૭–૯૫૫) રાષ્ટ્રકૂટો અને પાંડયોને

પણ પરાસ્ત કર્યા. આ વિરોધીઓની વહારે ધાનારા સિલોનના કસ્સપ ૫-માનો પણ પરાજય થયો. આ દરમિયાન ચોલે લાટ ઉપર પણ સીધો કાબૂ સ્થાપ્યો. પરંતુ ઈ. સ. ૯૫૫-૯૮૫ના ત્રણ દાયકા કમજોરી અને ગૂંચવાડાના રહ્યા, તે પછી તેનો 'સામ્રાજ્ય યુગ' રાજારાજના શાસનથી (ઈ. સ. ૯૮૫-૧૦૧૬) આરંભાયો. તેણે પાંડય, કેરળ, સિલોનની ત્રિપુટીને તોડી. સિલોનને વશ કરવામાં તેની નૌકાદળની તાકાતની કસોટી થઈ હતી.

> **રાજારાજે તેના રાજકુમાર રાજેન્દ્રને બિજાપુર ચડાઈ કરવા મોકલ્યો હતો, તેનો હેવાલ જણાવે છે તે મુજબ, રાજેન્દ્રે એ આખો પ્રદેશ લૂંટ્યો હતો, બ્રાહ્મણો, બાળકો તથા સ્ત્રીઓ સુધ્ધાંની કતલ કરી હતી.**

હિંદુ વંશના અનેક રાજવંશો માટે આ એક ભારે આઘાતજનક ઘટના હતી, તેના પિતા રાજારાજે બૌદ્ધ વિહારો બાંધવામાં આગળ પડતો ભાગ લીધો હતો તે જોતાં સવિશેષ. જોકે, એક શક્તિશાળી રાજા તરીકે રાજેન્દ્ર ખૂબ જ યશભાગી બન્યો છે. તેના પિતાએ સિલોનનો ઉત્તર પ્રદેશ જીતેલો; રાજેન્દ્રે તેના યુવરાજ રાજાધિરાજને મોકલીને આખા સિલોન ઉપર કબજો જમાવ્યો. પરંતુ આ વિજય લાંબો સમય ન ટક્યો. સિલોનના નવા ગાદીપતિ કસ્સપે તામિલપ્રભાવને તોડવા છ મહિના યુદ્ધ ખેલ્યું. સિલોનનો દક્ષિણ-પ્રદેશ પાછો મેળવી લઈ બાર વરસ રાજ કર્યું.

રાજેન્દ્રે એક નવતર સાહસ આદર્યું. ભારત-ચીનનો સમુદ્રમાર્ગ મલય-સુમાત્રા-જાવાના શ્રીવિજય રાજ્યની અસરમાં હતો. રાજેન્દ્રે આ માર્ગ પર પોતાનું આધિપત્ય સ્થાપવા પ્રયાસ કર્યો. આ પૂર્વે શ્રીવિજય સાથે ચોલોનો સારો સંબંધ જળવાઈ રહ્યો હતો. રાજારાજના સમયમાં પણ આ માર્ગે જ ચીનના દરબારમાં ચોલના રાજદ્વારી-વેપારી-એલચી ત્રણ વાર ગયા હતા (ઈ. સ. ૧૦૧૬). હવે, રાજેન્દ્રે 'દિગ્વિજયી' તરીકે કીર્તિ પામવાના હેતુથી આ પગલું ભર્યું હતું; અને એમાં તેને વિજય પણ મળ્યો હતો. આ પછી અનેક પેઢીઓ સુધી એ પ્રદેશ ચોલના સાર્વભૌમત્વ નીચે રહ્યો હતો.

આ અરસામાં સિલોને ફરી માથું ઊંચક્યું. તેમાં પાંડયો તથા કનોજના જગતિપાલ વગેરેએ તેને સાથ આપતાં સિલોન પરનો ચોલોનો કાબૂ વળી વધુ ઢીલો પડયો. રાજેન્દ્રના શાસનનાં છેલ્લાં વરસોમાં પશ્ચિમના ચૌલુકયો પણ ચોલોના પ્રભાવમાંથી બહાર નીકળ્યા. રાજેન્દ્રના પુત્ર રાજાધિરાજે ગાદીએ આવતાં (ઈ.સ ૧૦૪૪) વેન્ગી (તેલુગુ) પ્રદેશને કબજે કરવાની લાંબી લડતનો અંત લાવવાનો ઈરાદો સેવ્યો. ત્યાં પશ્ચિમી ચૌલુકયોનું પ્રભુત્વ હતું તે તોડીને નવા વિજયની હોંશમાં તે આગળ વધ્યો. કંપિલી જીતી, કૃષ્ણા નદી પાર કરી, છેક રાજધાની કલ્યાણી સુધી પહોંચી ગયો. શહેર લૂંટ્યું-બાળ્યું-તાબે કર્યું. પોતાનો 'વીરાભિષેક' ઊજવ્યો. ત્યારથી તે 'વિજય રાજેન્દ્ર' તરીકે ઓળખાયો. પરંતુ, ત્યાર બાદ (ઈ. સ. ૧૦૫૦) એ જ પ્રદેશ પાછો લેવા ત્યાંના રાજા સોમેશ્વરે ચોલોને યુદ્ધની ભીંસમાં લીધા. જોકે ભારે પરાક્રમ બતાવી, ભારે ભોગ આપીનેય રાજાધિરાજ વિજયી બન્યો. અનેક હાથીઓ, ઘોડા, ઊંટો અને ધનદોલત ઉપરાંત અનેક સ્ત્રીઓ – કેટલીક રાણીઓ કબજે લીધાં. પરંતુ, ત્યારે તે પોતે તો યુદ્ધમાં ઘાયલ બની મરણપથારીએ સૂતો હતો. રણભૂમિ ઉપર જ તેનો પુત્ર રાજેન્દ્રદેવ ૨-જો ગાદીનશીન થયો અને કોલ્હાપુર ભણી આગળ વધ્યો, જીત્યો અને શોલાપુર પાછો ફર્યો. સોમેશ્વરે એનું વેર લેવા ઘણું કર્યું. પણ નાસીપાસ થયો. સામસામાં યુદ્ધો ચાલતાં રહ્યાં. બેઝવાડા આગળની મોટી લડાઈમાં વળી ચૌલુકયો જ હાર્યા. વીર રાજેન્દ્ર (રાજેન્દ્રદેવનો પુત્ર) કલિંગ સુધી પહોંચી ગયો. છેવટે, સોમેશ્વર ૧-લાનો ભાઈ વિક્રમાદિત્ય ગાદીએ આવ્યો (ઈ.સ. ૧૮૬૩) અને તેણે વીર રાજેન્દ્ર સાથે સમાધાન કરી લઈ ચોલોના ખંડિયા તરીકે શાંતિ

મેળવી. વીર રાજેન્દ્ર વિક્રમાદિત્યને દીકરી આપી સંબંધ પાકો કર્યો. આ પછી તો બંને કુટુંબો અનેક લગ્નસંબંધોથી જોડાતાં ઘનિષ્ઠ સંબંધમાં રહેશે એવી આશા બંધાઈ.

**ત્રીજો સમયખંડ**

આ પછીનો ત્રીજો સમયખંડ ઈ. સ. ૧૦૦૦–૧૩૨૫નો. બે વંશો હોયસળો (ઈ. સ. ૧૦૨૨–૧૩૪૨) અને કાંકતિઓ(ઈ. સ. ૧૦૦૦–૧૩૨૬)ના નવા ઉદયનો છે.

આ દરમિયાન પાંડ્યો પાછા જીવતદાન પામે છે, પાંડ્યની સામે હોયસળોનો સાથ મળતાં ચોલો આગળ આવે છે.

હોયસળોના સવા બસો વર્ષના અમલ દરમિયાન કુલ ૧૪ રાજાઓએ રાજવહીવટ કર્યો. તેમાંય ત્રણ સમકાલીનો છે. અહીં પણ નવ મુખ્ય રાજાઓ ૨૫થી ૫૦ વર્ષ(પાંચ રાજાઓ ૫૦–૫૦ વર્ષ)નો રાજવહીવટ કરી ગયા છે એ આ યુગની સ્વસ્થ રાજનીતિનું સૂચન કરે છે.

* વારસા-સંઘર્ષમાં પણ અન્ય પ્રદેશો અને અન્ય યુગોની સરખામણીએ એમ લાગે છે કે દક્ષિણ ભારતની તરાહ વધુ સ્વસ્થ છે. સમૂળા સંઘર્ષ નથી થયા એમ નથી. (ઉત્તમે તેના ભત્રીજા આદિત્ય ૨જાની હત્યા કરેલી.) પરંતુ, મોટે ભાગે પાટવી કુંવરને યુવરાજપદ અપાતું રહ્યું છે અને એ રાજગાદીએ આવતો રહ્યો છે. આમાં કશો ફેરફાર જરૂરી હોય ત્યારે રાજા પોતાની હયાતીમાં જ યુવરાજપદનો ફોડ પાડી દે છે, જેથી પાછળથી ગેરસમજ થવા ન પામે.

> ચોલયુગ દરમ્યાન ગ્રામસભા પ્રમાણમાં ઘણી સ્વાયત્ત હતી અને પોતાની ફરજો અદા કરવામાં ખંતીલી અને કાર્યદક્ષ જોવા મળે છે. એટલું જ નહીં પણ અનુભવના આધારે એમાં સતત સુધારા થતા રહ્યા હતા, એ એની જીવંતતાની સાક્ષી પૂરે છે. ખાસ કરીને, જ્યારે જ્યારે કેન્દ્ર સરકાર શિથિલ બનતી ત્યારે પણ ગ્રામ વિસ્તારની વ્યવસ્થા અને સુરક્ષામાં ઊણપ ન આવે તે પ્રકારે તેનું આયોજન કરવામાં આવ્યું હતું. જરૂર પડતાં નવા કરવેરા નાખીને પણ તે તેની ફરજો બજાવી લેતી હતી.

## દિલ્હી સલ્તનતનાં પગરણ

**[ઈ. સ. ૧૨૦૬થી ૧૩૪૬]**

આપણે એ જોઈ ગયા કે ઈ. સ. ૧૨૦૬માં ગુલામ વંશથી દિલ્હીની ગાદીએ મુસ્લિમ શાસનનો આરંભ થયો. આ પછી એક આખી સદી ઉત્તર ભારતમાં જ પગદંડો જમાવવામાં વીતી ગઈ. આ પછી ખલજી વંશ દિલ્હીની ગાદીએ આવતાં તેના સુલતાન જલાલુદ્દીનના અમલ દરમિયાન તેના ભત્રીજા અને જમાઈ અલાઉદ્દીને(ઈ. સ. ૧૨૯૦–૯૬ દરમ્યાન) સ્વતંત્ર રીતે પોતાની સત્તા જમાવવાના ઈરાદે દક્ષિણ ભારત તરફ નજર નાખી હતી. અને યાદવોના તાબાના દેવગિરિને ઘેરો ઘાલ્યો હતો. ત્યારે તેના રાજા રામદેવે પોતાની પુત્રી તેને પરણાવીને શાંતિ ખરીદી હતી. અલાઉદ્દીન માટે આ પહેલો જ અનુભવ ઘણો પ્રોત્સાહક હતો. લગ્નમાં રાજકુંવરી ઉપરાંત લૂંટમાં અઢળક સંપત્તિ પણ મળી હતી. આ પછી કાકાની હત્યા કરી એ ગાદીએ બેઠો(ઈ. સ. ૧૨૯૬). જરા ઠરીઠામ થતાં તેણે વારંગલ (આંધ્ર) ઉપર સૈન્ય મોકલ્યું. એનો સરદાર હતો મોહમ્મદ બિન તુઘલુક. આ અનુભવ ઊલટો જ નીવડ્યો. જબરી હાર ખાઈને તેને પાછા

# દક્ષિણનો અજબ સમાજ

શ્રી નીલકંઠશાસ્ત્રી તેમના 'એ હિસ્ટરી ઑફ સાઉથ ઇન્ડિયા'માં જણાવે છે કે —

સર્વસાધારણ એવી છાપ પડે છે કે મધ્યયુગી દક્ષિણ ભારતીય સમાજની રચના જ એવી હતી કે ઉપલા વર્ગના લાભો મુખ્યતઃ સચવાય અને સાધારણ માનવીની ઉપેક્ષા થતી રહે. પરંતુ, વાસ્તવમાં એમ નથી. કેમ કે એ પદ્ધતિની આંતરિક રચના જ એ પ્રકારે હતી કે તેમાં આવી કશી અતિશયતા – આત્યંતિકતા પ્રવેશે નહીં અને પ્રવેશે તો તેમાં સ્વતઃ સુધારણા થવા માંડે.

આ રહસ્ય એ વાતમાં છે કે સંપત્તિના સામાજિક ઉપયોગ પર ઘણો ઝોક આપવામાં આવ્યો હતો. ધનિક માણસની પ્રતિષ્ઠાનો આધાર તે તેની સંપત્તિનો ઉપયોગ ધર્મ અને મનુષ્યની સેવામાં કેટલે અંશે કરે છે તેના ઉપર હતો. દા. ત., એક ધનિક મંદિર બાંધવા પાછળ કે મઠના સંચાલનમાં કે શાળા-હૉસ્પિટલ ઊભી કરવામાં અથવા પડતર જમીનને ઉપયોગમાં લેવા પાછળ કે પાણીની નહેર તૈયાર કરવા પાછળ કેટલી સંપત્તિ વાપરે છે.

ખુદ રાજા, ઉમરાવ કે મંદિર પોતાની જરૂરિયાત માટે કારીગરે પેદા કરેલ ચીજવસ્તુ ઉપર ઘણો આધાર રાખતાં હતાં. પરંતુ, સામાન્ય માણસને સામાજિક સેવાઓના સ્વરૂપે બદલો મળી રહે એની કાળજી આ બધાં રાખતાં હતાં — સામાજિક હિત સધાય એ જોતાં હતાં.

* આ એક એવો અજબ સમાજ હતો કે જેનું સામાજિક સામંજસ્ય વ્યક્તિઓ કે વર્ગોની સમાનતા ઉપર નહીં, પરંતુ આદાનપ્રદાનની તત્પરતા ઉપર આધાર રાખતું હતું. સામૂહિક જીવનના પાયામાં ઊંડાં મૂળિયાં નાખીને પડેલી કોઈ ચીજ હોય તો તે પરસ્પર કલ્યાણની ભાવના હતી.

ભાગવું પડયું (ઈ. સ. ૧૩૦૩–૪), ને દિલ્હીની પ્રતિષ્ઠાને એવો જબરો ફટકો પડયો કે જે રામદેવ સાત વરસ થયાં અલાઉદ્દીનને ખંડણી આપ્યા કરતો હતો તે ખંડણી તેના દીકરા સંગમે બંધ કરી દીધી. ઉપરાંત, દિલ્હીના સુલતાનનો હલ્લો થતાં ગુજરાતનો વાઘેલા રાજા કર્ણદેવ અને તેની દીકરી જાન બચાવવા ભાગી છૂટ્યાં હતાં, એમને પોતાને ત્યાં આશ્રય આપવાની હિંમત રામદેવે કરી. એના પ્રત્યાઘાતમાં, અલબત્ત, સુલતાને પોતાના ભરોસાદાર સેનાપતિ ગુલામ મલિક કાફુરને સૈન્ય સાથે મોકલી પૂરું વેર વાળ્યું(ઈ. સ. ૧૩૦૭). રામદેવ અને એના કુટુંબને દિલ્હી લઈ જઈ નજરકેદ રાખ્યાં. નોંધપાત્ર હકીકત એ છે કે સુલતાને એમને ખૂબ જ રહેમપૂર્વક રાખ્યાં હતાં અને છ મહિના પછી ધન-સોગાદો સાથે પાછાં વળાવ્યાં ત્યારે મૂળ પ્રદેશ ઉપરાંત ગુજરાતનો કારભાર પણ એમને હસ્તક સુપરત કર્યો. બદલામાં રામદેવ છેક સુધી વફાદાર રહ્યો.

આ પછી સુલતાનને લૂંટનો ચસકો લાગ્યો. મલિક કાફુરને ઈ. સ. ૧૩૧૦ અને ૧૩૧૧માં બે વાર ઉપરાઉપરી મોકલી યાદવો(તેલુગુ)ને તાબે કરી, હોયસળોને દબાવી, પાંડય હસ્તકના છેક દક્ષિણના મદુરા સુધીના પ્રદેશને ખંખેરી નાખ્યો. હોયસળના બલ્લાલ ૩-જાએ ખંડણી આપવાનો સ્વીકાર કર્યો. એટલું જ નહીં, પાંડયો સામેના આક્રમણમાં તે સહાયરૂપ બન્યો. મદુરાના રાજા વીર પાંડયના કાકા સુંદર પાંડયે મરણિયા બની સામનો કર્યો. મલિક કાફુરને દિલ્હી પાછા ભાગવું પડયું— જોકે, બલ્લાલ ૩-જાના દીકરાને તથા લૂંટેલી મિલકતો તે પોતાની સાથે લઈ જઈ શકયો.

આ બધી ચડાઈઓ દરમિયાન ચલાવેલી લૂંટોમાં ૨૦,૦૦૦ ઘોડા, ૬૧૨ હાથી, ૯૬,૦૦૦ મણ સોનું, તથા ઝવેરાતની કેટલીય સંદૂકો હતી!

આ પછી, દક્ષિણમાં પોતાની આગવી રાજસત્તા કાયમ કરવાના ઇરાદે મલિક કાફુર ચડી આવ્યો. દેવગિરિ ઉપરાંત કંપિલી હસ્તકના કેટલાક ભાગો (તુંગભદ્રા ઉપરના) માંડ હાથમાં આવ્યા, ત્યાં તો તેને પાછા જવું પડયું. એવામાં અલાઉદ્દીન ખલજીનું મૃત્યુ થતાં (ઈ. સ ૧૩૧૬) મુબારક ખલજી તેના ગુલામવંશી સેનાપતિ ખુસરૂખાનની સેના સાથે નીકળી પડયો. દેવગિરિમાં મલિક યાક લાખીને સૂબા તરીકે મૂકયો. વારંગલને પૂરેપૂરું વશ કરવાનું ખુસરૂખાનને સોંપી મુબારક પાછો ફર્યો. ખુસરૂએ એ કામ પતાવ્યું ત્યાં તો મલિક યાક લાખીએ પોતાની સ્વતંત્રતા જાહેર કરી, શમ્સુદ્દીન નામ ધારણ કરી પોતાના નામના સિક્કા પણ પડાવ્યા. પરંતુ એનાથી ત્રાસી ગયેલા દરબારીઓએ જ એને ખુસરૂના હાથમાં સોંપી દીધો.

બીજી બાજુ વીર પાંડય અને સુંદર પાંડય વચ્ચે આંતરવિગ્રહ શરૂ થઈ ગયો હતો. સુંદરે મુસ્લિમોની સહાય માગી. ત્રાવણકોરના રવિવર્મન કુલક્ષેત્રે તેનો લાભ ઉઠાવ્યો. સુંદરની મૈત્રી છોડી દઈ ઊલટી તેના પ્રદેશ (કાંચીપુર) પર ચડાઈ કરી. વીર પાંડયે એને મદદ કરી. સામેથી સુંદરે કાકતીય વંશના પ્રતાપરુદ્ર ૨-જાની સહાય લીધી. આમ આંતરવિગ્રહની આગ ભભૂકી ઊઠી. એનો લાભ લઈ વળી ખુસરૂ ચડી આવ્યો (ઈ.સ. ૧૩૧૭). એ વેળા એનીય દાનત બગડી. પરંતુ, એ સત્તાધીશ બની બેસે એ પહેલાં એના સાથી અમલદારોએ એને ગિરફતાર કરી દિલ્હી રવાના કર્યો.

ઈ.સ. ૧૩૨૦માં તો દિલ્હીમાં જ બંડ જાગ્યું અને તુઘલુકવંશી ગ્યાસુદ્દીન ગાદીએ આવ્યો. તેણે દક્ષિણને સંપૂર્ણપણે પોતાની સત્તા નીચે લાવવાના મનસૂબા સાથે દીકરા ઉલુઘખાનને વારંગલની ચડાઈ માટે રવાના કર્યો. પરંતુ દેવગિરિને છ મહિના સુધી ઘેરામાં રાખ્યા છતાં કશું ન વળ્યું. તેના જ લશ્કરી અમલદારોમાં અસંતોષ જાગ્યો. તેમણે પ્રતાપરુદ્ર (દેવગિરિના રાજા) સાથે સમાધાન કર્યું. ઉલુઘખાનનું લશ્કર પાછું ફર્યું. પ્રતાપરુદ્રે નિરાંત અનુભવી લશ્કર વિખેરી નાખ્યું. ત્યારે સુલતાને નવા જંગી લશ્કર સાથે ઉલુઘખાનને જ પાછો ધકેલ્યો. આ વખતે પાંચ મહિનાના ઘેરા દરમ્યાન, દુકાળ પડતાં, પ્રતાપરુદ્ર ઢીલો પડયો. એ સહપરિવાર ઉલુઘને શરણે થયો (ઈ.સ. ૧૩૨૩). એને દિલ્હી લઈ જવામાં આવતાં તેણે નામોશી કરતાં મોતને પસંદ કર્યું. ઉલુઘ વારંગલના આખા પ્રદેશને લૂંટી ઉજ્જડ બનાવી, મબાર (મદુરા) ભણી ધસ્યો. ત્યાંના

પાંડય રાજા પરાક્રમદેવને કેદ કરી દિલ્હીના તાબા નીચે આણ્યો. હવે દિલ્હીના સુલતાન મોહમ્મદ તુઘલુકે પણ પોતાની રાજધાની દક્ષિણમાં દેવગિરિમાં ખસેડી (ઈ.સ. ૧૩૨૬). ઉલુઘે વારંગલની સરહદોને વધુ સુરક્ષિત બનાવવાના કીમિયા તરીકે ઓરિસા સરહદના ગંગ વંશને દાબમાં લીધો.

આમ, દેવગિરિ અને વારંગલ દિલ્હીને તાબે આવી ગયાં હતાં; તથા સુદૂર દક્ષિણે મદુરામાંય તેણે સરસૂબો (વાઇસરૉય) નીમ્યો હતો. હવે, કંપિલી· અને દ્વારસમુદ્રના બે હિંદુ પ્રદેશો સ્વાધીન રહ્યા હતા. આ સમયે કંપિલીદેવની નામના ઘણી હતી. તે દક્ષિણમાં મુસ્લિમ શાસનના પ્રવેશનો કટ્ટર વિરોધી હતો. તેના રાજ્યમાં આજનાં અનંતપુરના, ચિત્રલદુર્ગ, શિમોગા જિલ્લાઓ ઉપરાંત રાયચુર, ધારવાડ અને બેલ્લારીનો સમાવેશ થતો હતો. કૃષ્ણા નદી આ પ્રદેશને દિલ્હી હસ્તકના મરાઠા પ્રદેશથી જુદો પાડતી હતી. બીજી બાજુ પાડોશી દ્વારસમુદ્ર અને વારંગલ સાથેના વિસંવાદમાં તે અટવાયો હતો. છતાં તેણે તુઘલુકના અમલ-દારોની ખંડણી માટેની માગને ફગાવી દીધી અને ગુલબર્ગ પાસેના સાગરના સૂબા બહાઉદ્દીન ગરશસ્પ સાથે મૈત્રીની વાટાઘાટ શરૂ કરી. આની જાણ થતાં જ ગુજરાતના સૂબા મલિક ઝાદા અને દેવગિરિના સૂબા મજિર અબુ રીઝા 'બંડખોર' ગરશસ્પને ઠેકાણે લાવવા ઊતરી આવ્યા. ગરશસ્પ કંપિલીદેવના રક્ષણમાં દોડી પહોંચ્યો. સુલતાન પોતે (મોહમ્મદ બિન તુઘલુક) રણમોરચે આવી ઊભો. ત્રણ-ત્રણ વારના હલ્લા પછી કંપિલીદેવ સપડાયો. તેણે પોતાના રક્ષણમાં આવેલા ગરશસ્પ અને તેના કુટુંબને દ્વારસમુદ્રની ઓથમાં—બલ્લાલ ૩-જાની કાળજીમાં રવાના કર્યાં. આ પછી આ વીર રાજવી તથા તેના સાથીઓ કેસરિયાં કરી ઝૂઝયા; તેની રાણીઓ, દીકરીઓ અને ઉમરાવો—દરબારીઓની સ્ત્રીઓએ જૌહર કર્યું. કંપિલીદેવનું મસ્તક સુલતાનને મોકલી આપવામાં આવ્યું (ઈ. સ. ૧૩૨૭).

હવે બલ્લાલ ૩-જાને માથે યુદ્ધની નોબત ઊતરી. કંપિલી સાથે એને કદી મૈત્રી ન હતી. આથી તેણે ગરશસ્પને સુલતાનના હાથમાં સોંપી દઈ દિલ્હીનું સાર્વભૌમત્વ સ્વીકારી લીધું.

આ પછી સુલતાન દેવગિરિમાં રોકાયો. તે દરમ્યાન આઠ માસના ઘેરા બાદ, તેણે પૂનાના સિંહગઢનો કબજો લીધો. ત્યાંના હિંદુ કોળી સરદાર નાગ નાયરને કેદ કર્યો.

*** ઈ. સ. ૧૩૨૯માં સુલતાન દિલ્હી પાછો ફર્યો તેવો જ આ પ્રદેશ પાછો સળવળી ઊઠ્યો. નવા શૈવ ધર્મની અસર ઇસ્લામ સામેની એક વિદ્રોહી શક્તિસમી કામ કરી રહી હતી.**

* પ્રતિકારની મશાલ જલાવનારાઓમાં પ્રલય નાયક, તેના પિતરાઈ કાપય નાયક તથા કનહપ નાયક, ઉપરાંત ૭૫ નાયકો દૃઢસંકલ્પ બની ઊભા હતા. અડ્ડનકી અને કોન્ડાવેડુ રાજ્યના સ્થાપક રેડ્ડીવંશી પ્રલય-વેમા પણ તેમાં જોડાયા હતા.

ઈ.સ. ૧૩૩૧ સુધીમાં નેલોરની મહા નદી પરના ગુંડલકામ જિલ્લાઓ—આખો દરિયાકાંઠાનો પ્રદેશ—મુસ્લિમોના હાથમાંથી મુક્ત થયો અને હિંદુ રાજાઓ હિંદુ પરંપરા અનુસાર પ્રજાનું પુનર્જીવન ઘડવાના કામમાં રોકાયા. પ્રાચીન ચૌલુક્યોનો વંશજ સોમદેવ મુસ્લિમ શાસન હસ્તક ગયેલા કંપિલીના સૂબા મોહમ્મદ મલિક સામે પશ્ચિમ તેલુગુ પ્રદેશની મુક્તિના સંગ્રામમાં અગ્રેસર બન્યો (ભવિષ્યમાં એની જ પરંપરામાં વિજય-નગરના રાજાઓ ઊભા થવાના હતા). સોમદેવે કુરનુલને કેન્દ્રમાં રાખી આજુબાજુનો પ્રદેશ કબજે કર્યો. આમાં હોયસળનો બલ્લાલ ૩-જો પણ જોડાયો. એણે જ કંપિલીનો કબજો છોડાવવા સુલતાન સામે આક્રમણ કર્યું.

મલિક મોહમ્મદે અસહાય થઈ સુલતાનને સંદેશો મોકલ્યો : "સૌ પોતપોતાના અધિપતિ બની બેઠા છે. કોઈ આપણી પડખે નથી. લોકો અમને કિલ્લામાં ગોંધી દઈ, કશો સરંજામ અંદર ન જવા દઈ, કરવેરા આપ્યા વિના ઉચ્છૃંખલ બની રહ્યા છે."

સુલતાને કંપિલીના બાહોશ પ્રધાનો હરિહર અને બુક્કાને હસ્તક એ પ્રદેશનો વહીવટ સોંપી શાંતિ સ્થાપવા પ્રયાસ કર્યો. હરિહર અને બુક્કાએ વફાદારીના સોગંદ લઈ કામ સ્વીકાર્યું. આ બેઉ પ્રતાપરુદ્ર ૨-જાના પાંચ પુત્રોમાંના બે હતા. ઈ.સ. ૧૩૨૩માં મુસ્લિમોએ એમનો પ્રદેશ જીતી લીધા પછી તેઓ કંપિલીના શરણે ગયા હતા. કંપિલીનું પતન થતાં (ઈ.સ. ૧૩૨૭) તેમને બંદી તરીકે દિલ્હી લઈ જવામાં આવ્યા હતા. અને ત્યાં તેમણે મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો તેથી સુલતાન સાથે તેમનો સારો સંબંધ બંધાયો હતો. હવે તેમણે કંપિલી જઈને, ત્યાંનો વહીવટ મલિક મોહમ્મદ પાસેથી લઈને, હિંદુ બંડખોરો સાથે 'નિભાવ' કરવાનો હતો!

* આમાં તો એક મોટી ઐતિહાસિક ઘટનાનાં બીજ પડેલાં છે. આ બેઉ બંધુઓએ કંપિલી પહોંચતાં જ ઇસ્લામને તિલાંજલિ આપી અને સ્વતંત્ર હિંદુ રાજ્યની સ્થાપના માટે મથતા થયા, જેમાંથી વિજયનગરના શક્તિશાળી સામ્રાજ્યનો ઉદય થયો. (જુઓ વિજયનગર વિશેનું પ્રકરણ)

આ દરમ્યાન મદુરાનો સૂબો હસન શાહ સ્વતંત્ર બન્યો. તેણે પોતાના નામના સોના-રૂપાના સિક્કાનું ચલણ ચાલુ કર્યું. સુલતાન મોહમ્મદ વારંગલ દોડી આવ્યો. પરંતુ ત્યાં તે પોતે જ પ્લેગમાં સપડાયો. તેના મરણની અફવા ઊડતાં હિંદુ અને મુસ્લિમ બંનેની બગાવતો જાગી પડી અને દિલ્હી સલ્તનત બદનામ થઈ.

બીજી બાજુ, પરાક્રમી બંડખોર પ્રલય નાયક ગુજરી જતાં તેના પિતરાઈ કાપયે વિદ્રોહ ચાલુ રાખ્યો હતો. પરંતુ એને એમ લાગ્યું કે અનેક અમીરો અને તેમના ગુલામો, મુસ્લિમ વેપારીઓ અને વટલાયેલા હિંદુઓ—જેઓ આખા દક્ષિણમાં વીખરાયેલા પડયા હતા તેઓ—હિંદુ ધર્મના પુનરુત્થાનની આડે આવ્યા વિના નહીં રહે. એથી એણે ચુપકીથી કામ આગળ ધપાવ્યું. બલ્લાલ ૩-જા સાથે તેણે સમજૂતી કરી. બલ્લાલ એ વખતનો સૌથી શક્તિશાળી રાજકર્તા હતો. એણે પણ પોતાની ઉત્તરે આવેલા પ્રદેશો તરફથી કૂચમાં ગતિ આણી. દેવગિરિ તરફથી આવનારા આક્રમણનો સામનો કરવાની તૈયારી કરી. ઉપરાંત, કાપય નાયકની તેલંગણમાંની મુસ્લિમ વિરોધી લડતને સહાય આપી. વારંગલના સૂબા મલિક મકબૂલને દિલ્હી ભાગવું પડયું હતું એ જોતાં તેલંગણ મુસ્લિમ સત્તાથી મુક્ત બની ચૂકયું હતું (ઈ.સ. ૧૩૩૬).

સમય પાકતાં કાપય અને બલ્લાલ ભેગા મળી મદુરાના ઉત્તર પ્રદેશ(તોન્ડાઈ મંડલ)માં દાખલ થયા. ત્યાંથી તેમણે મુસ્લિમ ફોજને હાંકી કાઢીને, તે પ્રદેશનો વહીવટ ત્યાંના મૂળ રાજવંશી સાંબુવરાયને સોંપ્યો. આના અનુસંધાનમાં ગોદાવરીથી કલિંગ (ઓરિસા) સુધીના આખા કાંઠાના ધણી ગણાતા પિથાપુરના કોપ્પુલા વંશના હિંદુ રાજવીએ પોતાનો અધિકાર પાછો જમાવ્યો. કોન્ડાવિદુના રેડ્ડીઓએ શ્રી શૈલમથી બંગાળના અખાત સુધીના વિસ્તારમાં પગદંડો જમાવ્યો. અને વેલમાઓએ હૈદરાબાદ રાજ્યના નાલગોન્ડા પહાડી પ્રદેશમાં રાજકોન્ડાનું નાનું રાજ્ય સ્થાપ્યું.

* આમ, મહારાષ્ટ્ર સિવાયના દક્ષિણ ભારતમાંથી તુઘલુક સુલતાનનો પગદંડો સમૂળો ઊખડી ગયો હતો. મદુરામાંય ઉત્તરની અરધી સત્તા હિંદુઓ પાસે પાછી આવી ગઈ હતી; અને જે મુસ્લિમ સૂબા હસ્તક સત્તા રહી હતી તેય સુલતાન વિરોધી હતો.

બીજી બાજુ, સાંબુવરાયે મદુરાના ઉત્તર પ્રદેશમાં સત્તાની સ્થાપના કરી તેમાં બલ્લાલનો હાથ હોઈને મદુરાના નવાસવા સુલતાન હસનશાહે તેને સતાવવા માંડયો. એ પછી હસનશાહની જ હત્યા થઈ (ઈ.સ. ૧૩૪૦); તેને સ્થાને અલાઉદ્દીન ઉદૌજી આવ્યો. તેણે બલ્લાલ સામે ચડાઈ કરી. તેમાં ઉદૌજીનું

મૃત્યુ થયું. તેને સ્થાને ઉદૌજીનો જમાઈ આવ્યો. તેની પણ હત્યા થઈ. છેવટે ગ્યાસુદ્દીન દમઘાની ગાદીએ આવ્યો.

હોયસળનો ૮૦ વર્ષનો વીર રાજા બલ્લાલ મુસ્લિમ સુલતાન હસ્તકની મદુરા નગરીના કન્નનુર કોપ્પમ કિલ્લાને ઘેરો ઘાલી બેઠો હતો. દસ મહિના થઈ જતાં થાકીને બલ્લાલે વાટાઘાટો સ્વીકારી. તેમાં એ ફસાયો. ગ્યાસુદ્દીને એની બધી સંપત્તિ પડાવી લઈને તેની હત્યા કરી. એની ચામડી ઉતરડીને તેમાં ઘાસ ભરી મદુરાની દીવાલો પર લટકાવી! એટલું જ નહીં તેણે સામૂહિક કતલનો રાહ અપનાવ્યો. પુરુષો, સ્ત્રીઓ અને બાળકો સુધ્ધાંને જીવતાં જલાવ્યાં; તરેહ તરેહના અમાનુષી અત્યાચારોમાં તેમને હોમી દીધાં. જાણીતો મુસ્લિમ પ્રવાસી ઈતિહાસકાર ઈબ્ન બતૂતા લખે છે : "મેં કોઈ રાજાને કદી આટલાં હીન કર્મો કરતાં જોયો નથી. . . ."

(વાસ્તવમાં ઉત્તર ભારતની સરખામણીએ દક્ષિણ ભારતમાં આવી ઘટના વિરલ હતી. જે કંઈ મળે છે તે સ્થાનિક મુસ્લિમ શાસક કરતાં ઉપરના બાદશાહો અને સૂબાઓના હાથે સવિશેષ.)

આવા આ ગ્યાસુદ્દીનનો અંતકાળ પણ વહેલો આવ્યો. તેના પછી તેનો ભત્રીજો નાસિરુદ્દીન (અગાઉ દિલ્હી સુલતાનના ઘરમાં નોકર તરીકે કામ કરતો હતો) ગાદીએ આવ્યો. એનું પહેલું કામ પોતાના પિતરાઈ ભાઈની હત્યા કરીને તેની વિધવા (જે ગ્યાસુદ્દીન દમઘાનીની દીકરી હતી.) સાથે લગ્ન કરવાનું હતું! આને અંગેની ખટપટોના અંતે મ'બાર વિજયનગરની આણ નીચે આવી ગયું (ઈ. સ. ૧૩૬૩–૬૪).

ઐતિહાસિક પરિવર્તનનો આ અવસર હતો. જો ઈસ્લામી શાસનના પુનઃ ઉદય સામે લડાયક શક્તિથી ઝૂઝવું હોય તો હિંદુઓએ એમના આંતરિક વિખવાદો બાજુ પર રાખી એકતા સાધવી રહી. હરિહરે એક દાયકા પૂર્વે આ દિશામાં પુરુષાર્થ આરંભી દીધો હતો (ઈ. સ. ૧૩૩૬). હવે વિજયનગર-મહોત્સવ ઈ. સ. ૧૩૪૬માં ઊજવાઈ રહ્યો હતો. પરંતુ આ જ ઘટના દક્ષિણના સુસંગઠિત મુસ્લિમ બહમની સામ્રાજ્યના જન્મ (ઈ. સ. ૧૩૪૭) માટેય નિર્ણાયક બની ગઈ.

# ૭ : મુસ્લિમ શાસન : દક્ષિણમાં પ્રભાવ અને પડકાર

## મુસ્લિમ બહમની સામ્રાજ્ય (ઈ. સ. ૧૩૪૭ – ૧૫૩૮)

આપણે જોઈ ગયા કે દિલ્હીની મોહમ્મદ તુઘલુકની સલ્તનત સામે દખ્ખણમાં બળવો જાગ્યો હતો (ઈ. સ. ૧૩૪૫). બે વરસ બાદ હસન ગંગુ (ઉર્ફે ઝફરખાન) અલાઉદ્દીન બહમનશાહ નામ ધારણ કરી દોલતાબાદની ગાદીએ બેઠો. એને વિશે એવી માન્યતા છે કે તે મૂળ દિલ્હીનો વતની હતો. ગંગુ નામના એક બ્રાહ્મણને ત્યાં તે નોકર હતો. તેની વફાદારીથી ખુશ થઈ માલિક ગંગુએ તેને સુલતાનના સૈન્યમાં ભરતી કરાવ્યો; અને ત્યારે આ માલિકે જ્યોતિષના આધારે ભવિષ્ય ભાખી એક વચન માગી લીધું : "ભવિષ્યમાં તું રાજગાદીએ બેસે ત્યારે તારા નામ સાથે 'ગંગુ' જોડી દેજે." અને તેણે આ વચન પાળ્યુંય ખરું.

હસનના વંશજો દખ્ખણમાં લગભગ ૨૦૦ વર્ષ ગાદીનશીન રહ્યા. તેમની રાજધાની શરૂમાં દોલતાબાદમાં, પછી ગુલ્બર્ગમાં રહી(ઈ. સ. ૧૩૪૭–૧૪૨૨); ત્યાર બાદ તે બિદર ખસેડાઈ (ઈ. સ. ૧૪૨૨–૧૫૩૮).

મૂળ હસન બહમનશાહના પડોશમાં બે હિંદુ રાજ્યો હતાં જે તુઘલુક સામ્રાજ્ય તૂટતાં ઊભાં થયેલાં હતાં : એક વારંગલ(તેલંગણ)નું કાપય નાયક વંશનું, અને બીજું વિજયનગરનું. બહમનશાહનો ઈરાદો અગાઉના તુઘલુક શાસનના તાબાના મદુરા સહિતના પ્રદેશો પર કબજો મેળવવાનો હતો. પરંતુ આ બેઉ હિંદુ રાજ્યો તેને રોકવા કૃતનિશ્ચયી હતાં. આ સંઘર્ષ લાંબાં વર્ષો ચાલુ રહ્યો. બહમનશાહનું અવસાન થયું (ઈ. સ. ૧૩૫૮) અને તેનો બેટો મોહમ્મદશાહ ગાદીએ આવ્યો.

* મોહમ્મદશાહની માતા મક્કાની હજે ગઈ હતી તેના દ્વારા ઇજિપ્તના ખલીફા પાસેથી પોતાના ભારતના મુસ્લિમ શાસન માટેની 'માન્યતા' તેણે મેળવી હતી.


ઈ. સ. ૧૩૬૨માં મોહમ્મદશાહે તેલંગણના રાજવી કાપયના પુત્ર વિનાયકદેવની ક્રૂર રીતે હત્યા કરી. બાદ, કાપયે હારીને પુષ્કળ ધન આપીને તથા ગોવલકોન્ડાની રાજ્ય-સરહદોનો સ્વીકાર કરીને સમાધાન કર્યું. (ઈ. સ. ૧૩૬૩). આ પછી મોહમ્મદે વિજયનગર ઉપર ધ્યાન એકાગ્ર કર્યું.

કેમ જાણે વિજયનગરનું રાજ્ય પોતાનું ખંડિયું હોય તે રીતે મોહમ્મદે પોતાના ઘણા ખર્ચા વિજયનગરની તિજોરીમાંથી આપાવવા હુકમો છોડેલા. એવા હુકમો લઈ આવનારા અમલદારોને બુક્કા(વિજયનગરના રાજા હરિહરનો ભાઈ)એ ગધેડે બેસાડી નગરમાં ફેરવીને પાછા કાઢી પાઠ શીખવ્યો હતો. આગળ વધીને બુક્કાએ તુંગભદ્રા ઓળંગીને બહમની તાબાના મુદગલનો કબજો લીધો. એમાંથી ગંભીર લડાઈ જાગી.


* મુસ્લિમોનું તોપખાનું અને અશ્વટુકડીઓ ઘણાં શક્તિશાળી હતાં. તોપખાનાના સંચાલકો અનુભવી પરદેશીઓ — યુરોપિયનો અને ઑટોમન તુર્કો — હતા.

આ પછી, વળી લાગ જોઈ બુક્કાએ મોહમ્મદને ત્રણ મહિના સુધી કિલ્લામાં ગોંધાઈ રહેવાની ફરજ પાડી. પરંતુ એમાં તે હાર્યો; અને મોહમ્મદે પૂરેપૂરું વેર વાળ્યું : આ બધા સંઘર્ષોના ખર્ચની રકમો તો તેણે વિજયનગર પાસે વસૂલ કરી લીધી. ઉપરાંત, આખા નગરના લગભગ ચાર લાખ હિંદુઓ(જેમાં દસ હજાર બ્રાહ્મણો હતા)ની કતલ કરી. (જોકે મશહૂર મુસ્લિમ ઇતિહાસકાર ફરિશ્તાએ 'કાફરો' ઉપરની

# દક્ષિણ ભારત
## [ઈ. સ. ૭ થી ૧૪ સદી]





The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line.




The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line.




The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line.




The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line.

આ ક્રપીણતા માટે મોહમ્મદનાં વખાણ જ કર્યાં છે.) આ કતલને કારણે, એક બાજુ ભયંકર હાહાકાર મચી ગયો, બીજી બાજુ વેરની જ્વાળા વધુ ધૂંધવાતી રહી.

વિજયનગર ઉપરના આ પ્રભાવ પછી મોહમ્મદ દોલતાબાદનું બંડ સહેલાઈથી દબાવી શક્યો. ત્યાંનો મુસ્લિમ સૂબો બહરામખાન ભાગીને ગુજરાતમાં ભરાયો.

મોહમ્મદ પછી તેનો દીકરો મુજાહિદ ગાદીએ આવ્યો (ઈ. સ. ૧૩૭૫). તેણે વિજયનગરના અમુક પ્રદેશ ઉપર દાવો કરીને સંઘર્ષને આગળ વધાર્યો. બુક્કાએ સીધા યુદ્ધને ટાળી તેને સતાવતા રહી થકવવાનો ઈલાજ અજમાવ્યો. મુજાહિદના કાકા દાઉદખાને અડોની ઉપર નવ મહિના સુધી ઘેરો નાખ્યા છતાં કશું ઊપજ્યું નહીં. એકંદરે ત્રણ વરસની નિષ્ફળતાથી ધૂંધવાઈ ઊઠેલા મુજાહિદે કાકાને ઠપકાર્યો. કાકાએ ભત્રીજાનું ખૂન કરી ગાદી જ બથાવી લીધી (ઈ. સ. ૧૩૭૮). એક જ મહિનામાં મુજાહિદની બહેને કાકા દાઉદની હત્યા કરાવીને અલાઉદ્દીનના સૌથી નાના દીકરા મોહમ્મદ ૨-જાને ગાદીએ બેસાડયો.

* મોહમ્મદ ૨-જો સંસ્કારી માણસ હતો. દયા અને વિદ્યાથી એણે ઘણાંને જીતી લીધાં હતાં. એણે વડા ન્યાયાધીશ તરીકે ફેઝુલ્લા અંજુ નામના એક સદાચારી દરવેશને પસંદ કર્યો હતો. અને દુનિયાના મહાન કવિ હાફિઝને પોતાના દરબારમાં પધારવા આમંત્રણ પાઠવ્યું હતું. પરંતુ, હવામાનને કારણે જાતે ન આવી શકતાં એ મહાકવિએ મોહમ્મદને પ્રેમના પ્રતીક તરીકે એક કાવ્ય પાઠવ્યું હતું. સુલતાન પોતે પણ ખૂબ વિદ્વાન હતો. એ 'ઍરિસ્ટૉટલ'ના નામે આદર પામ્યો હતો. એના શાસનકાળ દરમિયાન દુકાળ પડતાં ગુજરાત અને માળવાના મુસ્લિમ શાસકો પાસેથી અનાજ મંગાવી એણે મુસ્લિમોને સસ્તા દરે વેચ્યું હતું. (હિંદુઓને અન્ન આપી જીવતા રાખવાની 'ફરજ' ઉદાર મુસ્લિમ શાસકોએ પણ ભાગ્યે જ માની હતી.)

મોહમ્મદ ૨-જાનો દેહાંત થતાં (ઇ. સ. ૧૩૯૭) તેની ગાદીએ તેનો ૧૭ વરસનો દીકરો ગ્યાસુદ્દીન આવ્યો. તેને બીજે જ દિવસે આખા રાજ્યનો ઉત્તમ રાજવહીવટ કરવામાં નિષ્ણાત નીવડેલા મલિક સૈફુદ્દીન ઘોરીનો પણ દેહાંત થયો. આ પછી ગ્યાસુદ્દીને નીચ કારવાઈઓ શરૂ કરી દીધી. તેનો બદલોય તેને એ જ પ્રકારે મળ્યો.

ફીરોઝશાહના પૂરી પચીસી લાંબા રાજ્યકારભાર (ઈ. સ. ૧૩૯૭–૧૪૨૨) દરમ્યાન વિજયનગરને માત કરવા ત્રણ ત્રણ યુદ્ધો ખેલાયાં હતાં (ઈ. સ. ૧૩૯૮, ઈ. સ. ૧૪૦૬ અને ઈ. સ. ૧૪૧૭–૨૦). ખ્યાતનામ ઇતિહાસકાર ફરિશ્તાએ વિજયનગર સામેના બીજા બહમની યુદ્ધનું વર્ણન રોમૅન્ટિક શૈલીમાં કર્યું છે જેમાં તેણે વિજયનગરના દેવરાયની કુંવરીની મુસ્લિમ સુલતાન સાથેના સ્નેહલગ્નની 'કથની' ગૂંથી છે.

તુર્ક ગુલામ તુઘાલચીને ફીરોઝશાહની આંખો ફોડી નાખી, બે જ મહિનામાં તેને ગાદી પરથી ઉઠાડી મૂક્યો. તેની જગાએ ગ્યાસુદ્દીનના નાના ભાઈને શમ્સુદ્દીન દાઉદ નામ આપીને ગાદીએ બેસાડયો અને પોતે (તુઘાલચીન) રીજંટ તરીકે કારભાર કરવા લાગ્યો. પરંતુ, મોહમ્મદ ૨-જાના જમાઈઓ — ફીરોઝખાન અને અહમદે તેની બાજી ઊંધી વાળી અને ફીરોઝખાન ગાદીએ આવ્યો.

* ફીરોઝખાન માયાળુ અને શક્તિશાળી રાજા હતો. બહમની રાજાઓમાં તે સર્વશ્રેષ્ઠ ગણાયો છે. તે મોહમ્મદ પયગંબરના યુગની યાદ અપાવે એવું સાદું જીવન જીવતો હતો. ઔરંગઝેબની જેમ તે કુરાનની નકલો કરીને પોતાના ગુજરાનની રકમ મેળવી લેતો હતો. તે જ રીતે તેના મોટા જનાનખાનાનું ખર્ચ તેમાંની સ્ત્રીઓ ભરતગૂંથણ કરીને મેળવી લેતી હતી.

બીજી બાજુ તે દારૂડિયા અને કામાતુર રાજા તરીકે બદનામ પણ થયેલો છે. ભીમા નદીને તીરે તેણે બાંધેલા ફીરોઝાબાદમાં તેનું ૮૦૦ સ્ત્રીઓવાળું જનાનખાનું હતું. તેમાં દેશપરદેશની અનેક સ્ત્રીઓ હતી. ફીરોઝખાન તે દરેકની સાથે તેની માતૃભાષામાં વાતચીત કરવા જેટલો વિવિધ ભાષાઓનો જાણકાર હતો!

ફીરોઝે એના ભાઈને વજીર બનાવીને મુખ્ય કારભાર સોંપ્યો હતો. વળી, મહત્ત્વનાં પદસ્થાનો પર બ્રાહ્મણોને નીમતાં પણ તે ખચકાયો ન હતો.

ઈ.સ. ૧૪૦૧માં ફીરોઝે તૈમૂર લંગને મળવા ભેટસોગાદો સાથે એક પ્રતિનિધિમંડળ મોકલ્યું. તૈમૂરે દખ્ખણ, માળવા અને ગુજરાત ફીરોઝને તાબે હોવાનો ફતવો જાહેર કર્યો. આથી ચોંકી ઊઠી માળવા-ગુજરાતના સૂબાઓએ હરિહર ૨-જાની સાથે મસલત કરી ફીરોઝ પર ચડાઈની તૈયારીઓ કરી, પરંતુ ઈ. સ. ૧૪૦૪માં હરિહરનું અવસાન થયું.

આ પછી બહમની વંશના રાજકર્તા ફીરોઝનો વારસદાર અહમદશાહ બહમની હતો (ઈ. સ. ૧૪૨૨–૩૫). તે 'વલી' (સંત) કહેવાતો. 'સંત'નું બિરુદ તેને એટલા માટે મળ્યું કે ઈ. સ. ૧૪૨૩–૨૪માં ભયંકર દુકાળ પડતાં તેણે શહેર બહારની ટેકરી પર ચડી વરસાદ માટે ખુદાને બંદગી કરી હતી; અને વાયકા મુજબ વરસાદ આવ્યો હતો. જોકે, આ પછી તેણે તેલંગણના રાજાની હત્યા કરી એટલું જ નહીં, આગાઉના અપમાનનું વેર વાળવા વિજયનગર ઉપર લશ્કર ઉતાર્યું. શહેર તોડયું, લૂંટયું; નાગરિકોની બેફામ કતલ કરી; અનેકને ગુલામ બનાવી સાથે લીધા; (ફરજિયાત મુસ્લિમ બનાવ્યા) મંદિરો ભાંગ્યાં અને ગાયોની પણ કતલ કરી. એકંદરે આગાઉનાં વરસોમાં દક્ષિણમાં આ પ્રકારની ઘટના ઓછી બની હતી. આ ઘટનાઓ પેઢીઓ સુધી વેરઝેર વધારવાનું જ કામ કર્યું.

> **ઈતિહાસની વિચિત્રતા પણ એ છે કે આ મુસ્લિમ બનાવાયેલા ગુલામોમાંના બે બ્રાહ્મણો ઘણા બાહોશ નીકળ્યા. એક તો વરાડ(બેરાર)નો પ્રથમ સ્વતંત્ર સુલતાન બન્યો, અને બીજાનો દીકરો અહમદ નિઝામશાહી વંશનો સ્થાપક બન્યો, જેણે અહમદનગર સ્થાપ્યું.**

આ પછી, વિજયનગરની બંડખોરીમાં સાથ આપનારા માહુરના હિંદુ રાજાને 'માફી' આપવાની લાલચે કેદ કરી તેના ૬,૦૦૦ અનુયાયીઓ સહિત તેની હત્યા કરી.

અહમદશાહે માળવા અને ગુજરાત ઉપર પણ ચડાઈ કરી(તૈમૂર લંગે તો આગાઉ આ પ્રદેશો અહમદ શાહના વડવાને તાબે સોંપી દીધાની જાહેરાત કરી હતી. આ બેઉ મુસ્લિમ રાજ્યો દિલ્હીના તુઘલુક સામ્રાજ્ય સામેના સંઘર્ષમાંથી સ્વતંત્ર બન્યાં હતાં).

અહમદશાહ (વલી) પછી અલાઉદ્દીન અહમદ ગાદીએ આવ્યો હતો. એના સમયમાં સ્થાપત્ય અને ચિત્રકળાને સારું એવું ઉત્તેજન અપાયું હતું. તેણે પોતાના પિતાના સ્મારક તરીકે જે ઈમારત (દરગાહ) બાંધી હતી ત્યાં દર વરસે મેળો ભરવાની શરૂઆત કરી હતી. ત્યાં હજી લિંગાયત(હિંદુ)ના હાથે વિધિ કરવામાં આવે છે.

અલાઉદ્દીન અહમદે (ઈ.સ. ૧૪૩૬–૫૮) પણ વિજયનગર સામેનો મોરચો ચાલુ રાખ્યો હતો. (ઈ.સ. ૧૪૪૩–૪૪). આ દરમ્યાન સંગમેશ્વરના હિંદુ રાજાએ પોતાની ખૂબસૂરત દીકરી મુસ્લિમ સુલતાનને પરણાવીને સમાધાન સાધ્યું હતું. આ પુત્રી 'પરી-ચહેરા' અથવા 'ઝીબા-ચેહરા' (સુંદર ચેહરાવાળી) તરીકે ખ્યાતિ પામી હતી. એને કારણે રાજમહેલમાં અનેક ઉધમાતો જાગ્યા હતા.

* આ દરમ્યાન 'દખણી' અને 'પરદેશી' અમલદારો વચ્ચેનું ઘર્ષણ શરૂ થઈ ગયું હતું અને એમાં સુલતાનોએ પક્ષપાતી વલણ અખત્યાર કરવાને કારણે ઘણા બખેડા પેદા થયા હતા, ઘણી કતલો થઈ હતી.

આ વરસોમાં જો કોઈ સૌથી શાણો અને કાર્યદક્ષ પ્રધાન બહાર આવ્યો હોય તો તે હતો મહમૂદ ગાવાં; એને કારણે ઘણાં ઘર્ષણો ટાળી શકાયાં હતાં.

અલાઉદ્દીન અહમદના શાસનકાળમાં ગામોમાં ને શહેરોમાં મોટી હૉસ્પિટલો સ્થાપવામાં આવી હતી. એને માટેની ખાસ આમદાનીમાંથી દરદીઓની દવાનું, ખાવાપીવાનું તથા સ્ટાફના પગારોનું ખર્ચ નીકળી જતું હતું.

**હિંદુ અને મુસ્લિમ એવા ધર્મના તથા ન્યાતજાતના ભેદ વિના તેનો લાભ સૌને આપવામાં આવતો હતો.**

તેના અવસાન બાદ બહમની શાસક હુમાયું (ઈ.સ. ૧૪૫૮–૬૧) 'જાલિમ' નામ કમાયો હતો. (ઈતિહાસકાર ફરિશ્તાએ વાપરેલું આ બિરુદ છે). હુમાયું પછી તેનો વારસદાર નિઝામશાહ હતો (ઈ.સ. ૧૪૬૧–૬૩). તે સગીર હોઈને તેની માતાએ તથા મહમૂદ ગાવાંએ અને ખ્વાજા જહાન તુર્કે મુખ્ય કાર્યભાર ઉપાડયો હતો. બે વરસમાં તેનું મૃત્યુ થતાં તેની ગાદીએ આવનાર મોહમ્મદશાહ ત્રીજો પણ નવ વરસનો સગીર હતો (ઈ.સ. ૧૪૬૩–૮૨). રાજમાતાએ રાજવહીવટનું સુકાન સંભાળ્યું હતું. 'બિનવફાદારી'ની શંકા જતાં એક વહીવટદારે ખ્વાજા જહાન તુર્કનું કાટલું કઢાવી નાખ્યું હતું. હવે મહમૂદ ગાવાંને શિરે વડા પ્રધાનનો બોજો આવી પડયો હતો. એના વહીવટમાં બહમની રાજ્યનો વિસ્તાર એક બાજુ છેક ઓરિસા અને બીજી બાજુ ગોવા સુધી થયો હતો — હુબલી, બેલગામ, બાગલકોટના વિજયો નોંધપાત્ર હતા, જેના પરિણામે મુંબઈ-કર્ણાટકનો આખો પ્રદેશ બહમની શાસન નીચે આવી શકયો હતો.

**૧૪૭૦માં બિદરની મુલાકાતે આવેલા રશિયન પ્રવાસી નિકિતિન સમસ્ત મુસ્લિમ હિંદુસ્તાનમાં બિદરને શ્રેષ્ઠ નગર તરીકે ઓળખાવે છે. તેનાં મકાનો, લોકો, વૈભવ અને સુખાકારીથી અંજાઈને તેણે બિદરનું વિગતવાર વર્ણન કર્યું છે. સુલતાનનો પહેરવેશ, આભૂષણ અને રાજમહેલ જોઈને પોતે અંજાઈ ગયાનું જણાવે છે.**

—આ જાહોજલાલી પાછળ ગાવાંનો મુખ્ય ફાળો હતો. પરંતુ દખણી મુસ્લિમોની નજરે એ 'પરદેશી' હોઈ, અંતે એની હત્યા કરવામાં આવી હતી.

આ દેશી-પરદેશી મુસ્લિમ વચ્ચેનો વિખવાદ મુસ્લિમ શાસનના મૂળમાં હતો. દક્ષિણના પ્રદેશમાં એ ખૂબ જ ઉગ્ર બન્યો હતો.

## દખણી–પરદેશી વિખવાદ

પંદરમી સદીના મધ્યમાં 'દખણી' અને 'પરદેશી' બે જૂથો વચ્ચે ગંભીર ઘમસાણ જાગ્યું હતું.

**'દખણી'** : ઘણાં વરસો થયાં આ દક્ષિણ પ્રદેશમાં આવીને વસ્યા હતા. સામાજિક સંસ્કારો-રીતરિવાજોમાં તેઓ આ પ્રદેશના સંસ્કારો સાથે ઓતપ્રોત બન્યા હતા. બહમની રાજ્યની સ્થાપના કરનાર હસનના દરબાર-માં મુસ્લિમો તરીકે દાખલ થયા પછી તેઓ બધી રીતે 'દેશી' બની ગયા હતા. ઘણા તો સ્થાનિક હિંદુ સ્ત્રીઓ સાથે પરણ્યા હતા, અને કેટલાક દખ્ખણમાં આવ્યા બાદ વટલાઈને મુસલમાન બન્યા હતા.

**'પરદેશી'** : મૂળ ઈરાન, તુર્કસ્તાન, અરબસ્તાન, મધ્ય એશિયા, અફઘાનિસ્તાનમાંથી આવેલા મુસ્લિમો હતા. એમનો હિંદપ્રવેશ મોહમ્મદ ગઝનવી અને મહમૂદ ઘોરીના સમયથી શરૂ થયો હતો. એમાંના ઘણા ફોજી સૈનિકો હતા, વેપારીઓ હતા, સાહસિકો હતા.

મોગલોના સમય પૂર્વે મુસ્લિમ શાસનકાળ દરમ્યાન — ગમે તે વંશ સત્તામાં હોય — મુસ્લિમ શાસકોએ પોતાના લશ્કર, દરબાર અને વહીવટમાં મુખ્ય સ્થાનો પર આ 'વિદેશીઓ'ને મૂકયા હતા. તેમને મન આ

'વિદેશીઓ' વધુ વફાદાર, વધુ વિશ્વાસુ હતા.... એટલું જ નહીં પણ, 'દેશીઓ'ની સરખામણીએ આ લોકો વધુ સારા અને કુશળ લડવૈયા તથા કારભારીઓ લાગતા હતા. આ 'વિદેશીઓ' આરંભના આક્રમક શાસકોની સાથે જ ભારતમાં આવ્યા હતા એવું નથી. પાંચસો વરસ દરમ્યાન (ઈ. સ. ૧૦૦૦થી ૧૫૦૦) એમની ટોળીઓ–જૂથોનો સતત પ્રવાહ આવ્યે ગયો હતો.

દક્ષિણમાં બહમની રાજ્ય સ્થપાયા પછી તેના કેટલાક રાજકર્તાઓ 'અફઘાન', 'ઈરાની' અને 'તુર્ક' મુસ્લિમોની ઇરાદાપૂર્વક પસંદગી કરતા રહ્યા હતા. ખુદ બહમનશાહ અને મુજાહિદશાહ (ઈ. સ. ૧૩૭૫–૭૮) આ માટે ખાસ નોંધપાત્ર ગણાયા છે. જોકે, આરંભનાં વરસોમાં 'પરદેશી'ઓની સંખ્યા નાની હતી ત્યારે તેમને ગરજના માર્યા આંતર-કોમી લગ્ન કરવાં પડ્યાં હતાં. આથી પ્રદેશના મુખ્ય સામાજિક-સાંસ્કૃતિક પ્રવાહમાં તેઓ ખેંચાતા રહ્યા હતા. અમુક પેઢીઓ પછી ભિન્નતા નહીંવત્ બની જતી. પરંતુ, જેમ જેમ એમની વણજારો ભારત બહારથી આવતી રહી, તેમ તેમ એમનું રાષ્ટ્રીય પ્રવાહમાં ઓતપ્રોત થવાનું વલણ ઘટતું ગયું, ભિન્નતા વધવા લાગી — દૃઢ થવા લાગી.

રાજ્યશાસન, વહીવટ, ફોજ બધાં ક્ષેત્રે આ 'પરદેશી'ઓ જાણે સાચા શાસક હોય, 'દેશી'ઓ કરતાં ઉચ્ચતર અને ભરોસાદાર અને વફાદાર નાગરિક હોય એ રીતે વર્તવા લાગ્યા. પરિણામે, 'દખણી' અને 'પરદેશી' વચ્ચેનો સંઘર્ષ વધતો ગયો.

*

નોંધપાત્ર વાત એ છે કે આ બે જૂથો ઉપરાંત એક ત્રીજું જૂથ પણ આ સંઘર્ષમાં સંડોવાયેલું હતું. ખુદ પરદેશીઓમાં પણ બે પ્રકાર હતા. એક, 'શિયા મુસ્લિમો,' બીજા 'સુન્નીપંથી મુસ્લિમો'. પરંતુ શિયા-પંથીઓ પોતાને ઊંચા માનતા. જોકે દખ્ખણમાં મોટા ભાગના શાસકો 'પરદેશી' શિયા હતા. આથી તેઓ એમની પસંદગી તરફ પક્ષપાત રાખતા.

આ ઉપરાંત 'પરદેશીઓ'માં કેટલાક કાળા ઍબિસીનિયાવાસી પણ હતા. તેમની સરખામણીએ ઈરાન તુર્કીના પરદેશીઓ વધુ ઊજળા હતા, વધુ શિક્ષિત હતા, વધુ 'સંસ્કારી' પણ ગણાતા હતા. પોતાને ઉચ્ચવર્ણ માનનારા આ 'પરદેશીઓ' કાળા, અશિક્ષિત, અસંસ્કારી 'પરદેશીઓ' સાથે બદવ્યવહાર રાખતા હતા, તોછ-ડાઈથી વર્તતા હતા.

—પરિણામે, ઊજળાવાન પરદેશીઓ સામેનાં ઘર્ષણોમાં શિયાપંથી તથા કાળા પરદેશીઓ તથા શી' — દખણી મુસ્લિમો એક મોરચે થઈ જતા હતા.

*

ચૌદમી સદીના અંત સુધીમાં આ આંતરવિખવાદ સારી પેઠ આકાર લેતો થઈ ગયો હતો. દખણીઓ પાછા ફેંકાતા ગયા હતા અને તેથી તેઓ અનુકૂળ તકની રાહ જોતા હતા. અહમદશાહ 'વલી'ના શાસન-કાળ(ઈ. સ. ૧૪૨૨–૩૬)માં તેમને આવી તક દેખાઈ હતી. દખણીઓ ભારે ચાલાકીપૂર્વક રાજાની ખુશામત કરીને, પોતાની આપબડાઈ હાંકીને, હરીફો માટે ભળતા ખ્યાલો આપીને, વ્યૂહાત્મક રમત રમ્યાય ખરા. ઈ.સ. ૧૪૩૦–૩૧માં બહમની ફોજના પરાજયો થતાં (ખાસ ગુજરાત સામેના આક્રમણોમાં ઉપરાઉપરી) બનાવટી પત્રોના જોરે, તેમણે 'પરદેશીઓ'ની દગાખોરી અને બાયલાપણાની હવા ફેલાવી સુલતાનને ગળે ઉતારી અને આખા વહીવટમાં ફેરફાર કરાવી ભયંકર વેર વાળ્યું.

* ઊંચા હોદ્દા પરનાય સેંકડો 'પરદેશીઓની કતલ' કરી-કરાવી; સેંકડોને સત્તાસ્થાનોથી હઠાવ્યા. પરંતુ, આ લાંબું ન ચાલ્યું. વળી પાછી પરિસ્થિતિ પલટાઈ; ખ્યાલ પલટાયો અને દખણીઓની પડતી થઈ.

આ વેર અને ઈર્ષ્યાના વાતાવરણમાં જો કોઈ મોટી હાનિ થઈ હોય તો તે, અત્યંત ઉમદા, શક્તિશાળી, સુધારક અને સમતુલા જાળવનારા પ્રધાન-વહીવટદાર ખ્વાજા મહમૂદ ગાવાંની. બનાવટી પત્રના જોરે તેનીયે હત્યા કરવામાં આવી.

સ્વાભાવિક રીતે જ, આ પછી, બહમની રાજ્યના પતનની ઘડીઓ ગણાવા લાગી હતી. અને મલિક નાયબના હસ્તક રીજન્ટ તરીકેનો વહીવટ આવ્યો. તેની જ સાથે શિયામાંથી બાળરાજા મહમૂદશાહના તાજપોશી સમારોહ વખતે જ યુસુફ આદિલખાન અને તેના સાથીઓનું કાસળ કાઢી નાખવામાં આવ્યું. પરંતુ, મલિક નાયબનું શાસન લાંબું ચાલ્યું નહીં. છેવટે એનાં કર્યાં એને જ હૈયે વાગ્યાં, એ જીવ લઈને નાઠો. અંતે, બિદરના ઍબિસીનિયાવાસી સૂબાને હાથે એની હત્યા થઈ. પરંતુ, દુર્ભાગ્યે આ પછીય 'પરદેશીઓ'નું વર્ચસ જામ્યું અને વળી વેર-હત્યાનું ચક્ર શરૂ થઈ ગયું!

વખત જતાં મહમૂદશાહ(ઈ. સ. ૧૪૮૨–૧૫૧૮)નો રાજ્યકારભારમાંથી જ રસ ઊડી ગયો. સુન્નીપંથી તુર્ક અમીર કાસિમ બરીદને હસ્તક લગામ આવી પડી. પ્રાદેશિક સૂબાઓએ પોતપોતાની સ્થાનિક સત્તા મજબૂત કરવા માંડી. કાસિમ બરીદની આમન્યાનો અસ્વીકાર થયો. ઈ. સ. ૧૪૯૦માં મલિક અહમદ નિઝામ-ઉલ-મુલ્કે (મલિક નાયબના પુત્રે) અહમદનગરમાં પોતાના સ્વાતંત્ર્યની ઘોષણા કરી એણે જ પોતાના નામ પરથી એ સ્થળને 'અહમદનગર' નામ આપ્યું.

મહમૂદશાહનું અવસાન થતાંની સાથે બહમની રાજ્યના ભાગલા પડી ગયા (ઈ.સ. ૧૫૧૮).એમ તો, આ પછી ચાર રાજાઓ ગાદીએ આવ્યા હતા; પરંતુ ખરેખરો કારભાર કાસિમ બરીદના દીકરા અમીર બરીદના હસ્તક જ રહ્યો હતો. છેવટે, ઈ. સ. ૧૫૩૮માં બહમની રાજા કલિમુલ્લાહના અવસાન સાથે તે વંશના શાસનનો અંત આવ્યો. રાજ્યના ભાગલા પડયા; અને પાંચ સ્વતંત્ર સુલતાનોના હસ્તક વહેંચાઈ ગયા. (૧) બિજાપુર : આદિલશાહી; (૨) ગોવલકોન્ડા : કુતુબશાહી; (૩) અહમદનગર : નિઝામશાહી; (૪) બિદર : બરીદશાહી; (૫) બેરાર (વરાડ) : ઈમાદશાહી.

## હિંદુ રાજ્ય વિજયનગર (ઈ. સ. ૧૩૩૬–૧૫૨૯)

અગાઉ જોઈ ગયા તેમ દખ્ખણમાં મોહમ્મદનો પ્રતિકાર વધી રહ્યો હતો. શરૂઆતમાં વારંગલના હિંદુ રાજ્યના બે વિદ્રોહી નબીરા હરિહર અને બુક્કાને કંપિલીના જૂના હિંદુ રાજ્યનો વહીવટ સોંપી મુસ્લિમ બાદશાહે નિરાંત ખેંચી હતી. પરંતુ, કંપિલીના સાખ પડોશી કર્ણાટક અને આંધ્રનાં હિંદુ રાજ્યોની ભીંસ જેવી તેવી ન હતી. બુલ્લા ૩-જો, કંપિલીદેવ, પ્રલય નાયક અને તેના વંશજો તથા પ્રતાપરુદ્ર ૨-જાએ પોતે દક્ષિણ ભારતમાં પગદંડો જમાવવા મથતા દિલ્હીપતિ ઇસ્લામી શાસકો સામે ભવ્ય મોરચા ચાલુ રાખ્યા હતા. આ બધી ઘટનાઓ પ્રતાપરુદ્ર ૨-જાના પુત્રો હરિહર અને બુક્કા બંધુઓને મુસ્લિમો વિરુદ્ધના અને હિંદુ ઉત્થાનના આંદોલન માટે ઘણી બધી ઉપકારક બની. વિદ્યારણ્ય સાધુ સાથેના તેમના મેળાપે તેમને હૈયે ઘણી ધગશ જગાડી. આથી જ તો, આ બંધુઓએ સુલતાનને નામે કામગીરી શરૂ કરી દીધા છતાં, ધીમે ધીમે વધુ ને વધુ પ્રદેશો પર પોતાનો પ્રભાવ વધારતા રહી, અંતે, હિંદુ ધર્મમાં પાછા ફરી, પોતાની સ્વાધીનતા જાહેર કરી અને ગોન્ડીની બરાબર સામે તુંગભદ્રાના દક્ષિણ કિનારે એક નવા નગરની સ્થાપના કરી. આ નગરનું નામ 'વિજયનગર' અને અથવા 'વિદ્યાનગર' રાખ્યું. આ બીજું નામ વિદ્યારણ્ય ગુરુના નામની સ્મૃતિ રૂપે હતું.

આ નગરીમાં ભગવાન વિરૂપાક્ષ(શિવ)ની સાક્ષીએ હરિહર ૧-નો હિંદુ વિધિએ રાજ્યાભિષેક થયો (૧૮ એપ્રિલ, ૧૩૩૬), અને એણે ભગવાનના પ્રતિનિધિ તરીકે કારભાર કરવાનો સંકલ્પ જાહેર કર્યો.

આ વખતે તેના હસ્તક દક્ષિણ-પૂર્વના નેલોરથી શરૂ કરી ઉત્તર કર્ણાટકનો ધારવાડ અને બદામીનો પ્રદેશ હતો. પરંતુ, એના પડોશી હિંદુ રાજ્યો કાપય નાયક હસ્તકનું આંધ્ર રાજ્ય અને બલ્લાલ ૩-જા હસ્તકનું કર્ણાટક રાજ્ય — એનાં હરીફ હોઈને તેની સ્થિતિ સધ્ધર ન હતી. વળી, ઉત્તર-પૂર્વના કૃષ્ણા નદીના તટ પરનો

પ્રદેશ દિલ્હીના મુસ્લિમ સુલતાન મોહમ્મદ તુઘલુકને કબજે હતો. તેનો વહીવટ દેવગિરિના સૂબા કુતલુઘ ખાનને હસ્તક હતો. અને તે સુલતાને ગુમાવેલા દખ્ખણના પ્રદેશો પાછા સર કરવાની વેતરણમાં જ હતો. જોકે, તે પોતે જ મદુરાના મુસ્લિમ રાજ્ય સાથેના ઘર્ષણમાં ગળાબૂડ ફસાયેલો હોઈ સમય પાકે એની રાહ જોઈ રહ્યો હતો.

આ દરમ્યાન હરિહરે પોતાના રક્ષણ માટે અનેક નવા કિલ્લા ઊભા કરી દીધા હતા. પોતાના બેઉ નાના ભાઈ(બુક્કા તથા કંપ)ના સહકારથી સલામતી સાધી લીધા પછી તેણે વહીવટ સુધારાના ક્ષેત્રે ધ્યાન પરોવ્યું હતું.

હરિહર પોતાના શાસનના અંત (ઈ. સ. ૧૩૫૬) સુધીમાં એક વિશાળ સામ્રાજ્યનો વિકાસ કરી ચૂક્યો હતો. તેમાં મુખ્ય હિસ્સો બલ્લાલ ૩-જા હસ્તકના હોયસળ રાજ્યના સમાવેશનો હતો (ઈ. સ. ૧૩૪૬) આ પછી હરિહરે કોંકણકિનારા પરના બનવાસી રાજ્યને ખાલસા કર્યું (ઈ. સ. ૧૩૪૭).

આ વરસે જ, બહમની રાજ્યની સ્થાપના કરીને બહમનશાહે એક બાજુ દિલ્હી સામે બંડ પોકારી, બીજી બાજુ વિજયનગરના અમુક પ્રદેશ ઉપર પોતાના આધિપત્યનો હક બજાવી હરિહરને ચિંતામાં મૂકી દીધો હતો. ઉપરાંત, તેણે મદુરાના સુલતાનને પરાજય આપ્યાની ઘટનાય ઘણી નોંધપાત્ર છે.

હરિહરના મરણ બાદ તેના ભાઈ બુક્કાના શાસનકાળ(ઈ. સ. ૧૩૫૬–૧૩૭૭)માં વિજયનગર રાજ્યનો ઘણો વિસ્તાર થવા પામ્યો હતો (દક્ષિણે પેન્નાર અને કોલ્લાડમ નદીઓ સુધી). બુક્કાના શાસન દરમ્યાન વૈષ્ણવો અને જૈનો વચ્ચે વિખવાદ પેદા થતાં તેણે એક ફતવા દ્વારા તમામ ધર્મોની સમાનતા અને રક્ષાની ખાતરી આપી હતી. આ પછી તો, યહૂદી, ખ્રિસ્તી, મુસ્લિમ ધર્મો સુધ્ધાંને સ્વતંત્રતા અને શાંતિ પ્રાપ્ત થયાં હતાં. એણે પોતે વૈદિક ધર્મના પુનરુત્થાન માટે સક્રિય રસ લીધો હતો. અને કુલગુરુ મધ્વાચાર્ય, વિદ્યારણ્ય તથા તેમના સુખ્યાત ભ્રાતા સાયણાચાર્યની નિશ્રા અને માર્ગદર્શનમાં વૈદિક સાહિત્યની નવી મીમાંસાઓ તેણે તૈયાર કરાવી હતી. સાથોસાથ તે સમયના તેલુગુ મહાકવિ સોમને તથા તેલુગુ સાહિત્યને પ્રોત્સાહન આપવાનું કર્યું હતું.

બુક્કા પછી હરિહર ૨-જો ગાદીએ આવ્યો (ઈ. સ. ૧૩૭૭–૧૪૦૪). તેના સમયમાં કોંકણી અને બીજા પ્રદેશોમાં બંડ જાગ્યાં હતાં. એમાં કુમાર કંપ તથા બીજા અમલદારોનો હાથ હોવાનો સંભવ છે. હરિહર ૨-જાના પુત્ર વિરૂપાક્ષે (અથવા વિરુપન્ન ઉદૈયાર) એ બંડો કડક હાથે દાબી દઈ આરંભનાં વર્ષોની આણ પાછી પ્રવર્તાવી હતી. ત્યાર બાદ તેના મંત્રી માધવે ઉત્તર કોંકણ કિનારાના ગોવા, ચોલ તથા દાભોલ બંદરો કબજે લીધાં, જે મૂળ બહમની સુલતાનોને હસ્તક હતાં. તેણે પૂર્વ અને પશ્ચિમ સમુદ્રમાંય પગપેસારો કર્યો.

* આમ, કોંકણનો આખો દરિયાકિનારો કબજે આવતાં યુરોપ અને એશિયાનો સંપર્ક સરળ બન્યો, જેના દ્વારા સંપત્તિની છોળો વહી આવી.

હરિહર ૨-જાના વારસા માટે તેના ત્રણે પુત્રો વચ્ચેનો વિખવાદ બે વરસ ચાલ્યો (ઈ. સ. ૧૪૦૪–૧૪૦૬). છેવટે દેવરાય ૧-લો ગાદીએ આવ્યો (ઈ. સ. ૧૪૦૬–૨૨). પરંતુ એનાં મોટા ભાગનાં વરસો બહમની સુલતાનો, રાયકોંડાના વેલમાઓ તથા કોન્ડાવિડુના રેડ્ડીઓ સાથેના સંઘર્ષમાં વીત્યાં. અલબત્ત, આ બધાને અંતે, તે નવા પ્રદેશો ખાલસા કરવા શક્તિમાન બન્યો હતો.

એકંદરે, યુવરાજ તરીકેની કારકિર્દી ગણતાં દેવરાયે લગભગ ૫૦ વરસ યુદ્ધો અને વહીવટમાં ગાળ્યાં હતાં. મધ્યયુગી યુદ્ધમાં સ્થાયી ઘોડેસવાર ટુકડીઓનું મહત્ત્વ તેણે પુરવાર કર્યું હતું. તે દેવી ભક્ત હતો. સરસ્વતી ઉપરાંત અનેકોનો. તેણે અનેક મંદિરો બાંધ્યાં હતાં. તેણે અનેક લેખકો, તત્ત્વચિંતકો અને કલાકારોને પ્રોત્સાહન આપ્યું હતું. રાજમહેલમાં બાંધેલા 'મુક્તાખંડ'માં આ બધાને ભેગા કરી તેમના ઉપર તે સોનાના સિક્કા તથા મોતીની વર્ષા કરતો. ભારતવર્ષમાં આ સમય જ્ઞાનના કેન્દ્ર તરીકે વિજયનગરની ખ્યાતિનો ઐતિહાસિક કાળ બની ગયો હતો.

દેવરાયનો પૌત્ર દેવરાય ૨-જો (પ્રૌઢ દેવરાય) ગાદીએ આવતાં (ઈ. સ. ૧૪૨૨) બહમની સુલતાનો સાથેનાં યુદ્ધોમાં અટવાયો. આ ઉપરાંત આંધ્ર અને ઓરિસા ઉપર પણ તેણે વિજયો મેળવ્યા હતા. વધુમાં એના સરસેનાપતિ અને દીવાને નૌકાયુદ્ધ દ્વારા સિલોનની સરહદો સર કરીને ખંડણી લીધી હતી. પૂરાં ૨૪ વર્ષના શાસન બાદ તે ગુજરી ગયો (ઈ. સ. ૧૪૪૬) ત્યારે તેની કીર્તિ મહાન રાજવી તરીકે પંકાઈ ચૂકી હતી. તેના રાજ્યનો વિસ્તાર એક બાજુ કૃષ્ણાથી સિલોન અને બીજી બાજુ અરબી સમુદ્રથી બંગાળના ઉપ-સાગર સુધી હતો. ઉપરાંત સિલોન, પેગુ અને કિવલોન ખંડણી ભરતાં હતાં. એક હજાર હાથીઓ તથા ૧૧ લાખના સૈન્યનો તે અધિપતિ હતો.

—આ બધા ઉપરાંત, એનો સાહિત્યપ્રેમ—સંસ્કૃત અને દેશી ભાષાઓ માટેનો રસ—જાણીતો છે. વિદ્વત્-ચર્ચાઓ, લલિતકલા અને અવનવાં મંદિરો માટેનો એનો ઉત્સાહ અદમ્ય હતો.

તેના પુત્ર મલ્લિકાર્જુન અથવા પ્રૌઢ દેવરાય ૩-જાએ ઈ. સ. ૧૪૪૬થી ૧૪૬૫ સુધી શાસન કર્યું. પરંતુ તેને શાંતિ ન હતી. તેના પિતરાઈ ભાઈ વિરૂપાક્ષ ૨-જાએ તેને જંપીને રહેવા ન દીધો. વધુમાં સર-હદો તો સળગતી રહી જ.

વિરૂપાક્ષ ૨-જોય, આમ તો, બે દાયકા ગાદી પર રહ્યો (ઈ. સ. ૧૪૬૫–૧૪૮૫). પરંતુ તેનો કઠપ તેના પોતાના પ્રદેશો ઉપર ન રહ્યો. મહમૂદ ગાવાંના કારભારે બહમની સુલતાનોને જે નવી દૃષ્ટિ અને શક્તિ બક્ષી હતી તેનો ગેરલાભ વિજયનગરના નબળા શાસકને ફાળે આવ્યો. તેણે ઉત્તર કોંકણનો કિનારાનો પ્રદેશ ઉપરાંત ઉત્તર કર્ણાટકનો પ્રદેશ પણ ગુમાવ્યો.

આ પછી, વિજયનગરના ઈતિહાસમાં રાજ્યના વહીવટદાર સાલુવ નરસિંહનું નામ આગળ આવ્યું. તે રાજકુળનો ન હતો. તેના પિતા ચિત્તૂર જિલ્લાના ચંદ્રગિરિના સરદાર હતા. સાલુવ નરસિંહે ઓરિસાના ગજપતિ સામેનાં એકધારાં આક્રમણોથી રાજ્યમાં જાગેલી અંધાધૂંધીનો પૂરો લાભ ઉઠાવ્યો,—પોતાની દૃઢ સત્તા જમાવી દીધી. અલબત્ત, એણે જ વિજયનગરને ઓરિસાની ઝૂંસરીમાંથી બચાવી લીધું, અને બહ્મની શાસકોએ દબાવેલા તેલંગણ અને આંધ્ર કિનારાના પ્રદેશો પાછા મેળવ્યા. જોતજોતામાં તે આખા વિજયનગર સામ્રાજ્યનો કર્તાહર્તા બની ગયો.

અંતે, વિરૂપાક્ષ ૨-જાની હત્યા તેના જ એક દીકરાએ કરી (ઈ. સ. ૧૪૮૫) અને ગાદી પોતાના નાના ભાઈ દેવરાયને સોંપી દીધી. આ દેવરાય હકીકતે, ૧૪૭૧થી તેના પિતાના શાસન સાથે જોડાયેલો હતો. રાજકાજમાં નબળો અને ચારિત્ર્યમાં ભ્રષ્ટ હતો. આવા આ શાસકનું સાલુવ નરસિંહ જેવા સુભટ અને સુદક્ષ વહીવટદાર સામે કશું ઊપજે એમ ન હતું. નરસિંહે પોતાના સાગરીત નરસ નાયકને લશ્કર સાથે મોકલી આપતાં દેવરાય ભાગી છૂટયો. નરસિંહ પોતે ગાદીનશીન થયો (ઈ. સ. ૧૪૮૫–૧૪૯૦).

દખ્ખણના મુસ્લિમ બહમની શાસનને પરાસ્ત કરીને હિંદુ રાજ્યની કલગી સમા વિજયનગરની ખ્યાતિને ઓપ આપનાર આ દક્ષ વહીવટદાર અને વીર સેનાપતિ નરસિંહ દક્ષિણના ઈતિહાસમાં કીર્તિવંત બની ગયો.

નરસિંહનો પુત્ર ઇમ્માદિ નરસિંહ ઉર્ફે ધર્મરાય નાની ઉંમરનો હોઈ, તુલુવાવંશી. નરસ નાયકે રીજન્ટ તરીકે વહીવટ સંભાળ્યો (ઈ. સ. ૧૪૯૧–૧૫૦૩) વાસ્તવમાં એ 'સેનાધિપતિ' અને 'મહાઅમાત્ય અને સ્વામી' હતો. ટૂંકમાં, તે વિજયનગર રાજ્યનો સર્વેસર્વા હતો. પાછળથી તો તેણે રાજાને કેદ કર્યો હતો અને રાજ્ય-શાસન ઝૂંટવી લીધું હતું. છતાં, 'રીજંટ' તરીકેનો દેખાવ એણે ચાલુ રાખ્યો હતો તેણે બળવાખોરોને ઠેકાણે પાડી, બહમનીના સૂબાને દબાવીને, ચેરા, ચોલો, પાંડય અને ઓરિસાના રાજવીઓને તાબે આણીને રાજ્યની સરહદો પાછી સલામત બનાવી દીધી હતી. ૧૫૦૩માં એ મૃત્યુ પામ્યો તે પહેલાં તેણે રાજ્યમાં નવી તાજગી અને તાકાત આણ્યાં હતાં. અને તે દરમ્યાન પોતાના મોટા પુત્ર વીર નરસિંહને રાજા ઇમ્માદિના રીજંટ તરીકેની કામગીરી સુપરત કરી દીધી હતી. જોકે રાજા (ઇમ્માદિ) હવે પુખ્ત વયનો થયો હતો અને વહીવટનો

ભાર ઉપાડવા તૈયાર પણ હતો. પરંતુ આ રીજંટની દાનત સત્તા સુપરત કરવાની હતી નહીં. ઊલટું, રાજા પોતાની મહેચ્છાઓની આડે આવી રહ્યો છે એમ ગણીને તેની હત્યા કરાવતાં તે ખચકાયો ન હતો. આમ, બે વરસ જતાં, ૧૫૦૫માં તેણે પોતાને રાજા તરીકે જાહેર પણ કર્યો.

વીર નરસિંહનો શાસનકાળ ઉધમાતભર્યો રહ્યો. તેણે જે રીતે ગાદી છીનવી લીધી હતી તેથી આખું રાજ ખળભળી ઊઠયું હતું. પરંતુ એણે એને દબાવી દીધું.

આ દરમ્યાન બહમની રાજા મહેમૂદશાહ તેના પક્ષે આવી શકે એવા તમામ ઉમરાવોને 'કાફર હિંદુ-રાજ્ય' વિજયનગર સામે જેહાદ (ધર્મયુદ્ધ) જગાવવા હાકલ કરી. પરંતુ તેમાં તે ફાવ્યો નહીં. બીજી બાજુ, પોર્ટુગીઝોએ અરબ અને ઈરાની વેપારીઓની ઈજારાશાહી તોડી.

* વીર નરસિંહે તેની હિંદુ પ્રજામાં મુસ્લિમ શાસન સામેના યુદ્ધની મનોદશા ભારોભાર ઊભી કરી હતી. યુદ્ધની તાલીમ પણ તેણે પ્રજાને સતત આપી હતી. એણે પ્રજા ઉપર નખાયેલ 'લગ્નવેરો' રદ કર્યો હતો અને બીજા સુધારાઓનો આરંભ પણ કર્યો હતો.

વીર નરસિંહની ગાદીએ તેનો ઓરમાન ભાઈ કૃષ્ણદેવરાય આવ્યો (ઈ. સ. ૧૫૦૯–૧૫૨૯). એણે પણ પોતાના તાબાના બંડખોરોને દબાવી દીધા હતા અને એમની જાગીરો પડાવી લીધી હતી. જોકે હજી ઓરિસા હસ્તક પૂર્વના જિલ્લાઓ રહ્યા હતા; અને બહમની રાજ લગભગ વેરવિખેર થઈ શકયા છતાં, બિજાપુરના આદિલશાહી મુસ્લિમ શાસનની ભીંસ ચાલુ હતી. આથી કૃષ્ણદેવરાય માટે ઠરીને બેસવાનો સમય ન હતો. અને ઓરિસાને દબાવી દીધા પછી તેલંગણના કુતુબશાહી રાજાએ પણ તેની સાથે દુશ્મની દાખવી હતી.

* કૃષ્ણદેવરાય ખરેખરો વીર હતો. યુદ્ધમાં તે પોતે મોખરે રહી લડતો. ભલભલી વિકટ પરિસ્થિતિમાં પણ તે વિજય હાંસલ કરતો. યુદ્ધ માટેની વ્યૂહબુદ્ધિ એનામાં ખૂબ જ હતી. મોટી ભેખડો તોડી રસ્તા બનાવવામાં, કિલ્લા પર ચડીને લડનારા દુશ્મન સામે એટલી ઊંચાઈએ ચડીને યુદ્ધ ખેલવા માટે લાકડાનાં જંગી પ્લૉટ-ફૉર્મ તૈયાર કરવામાં, નહેરો ખોદીને નદીનાં પૂરનાં પાણી દુશ્મનના અડ્ડા તરફ વાળવામાં એના જેવો ઉસ્તાદ બીજો કોઈ જોવામાં આવ્યો ન હતો. તે જ રીતે શાંતિના સમયમાં નાગરિક વહીવટમાં પણ તે એક્કો હતો; – ઈમારતોના ચણતરમાં તે નિષ્ણાત હતો. 'સહસ્ત્ર-સ્તંભ મંડપો' એના રાજ્યની વિલક્ષણતા ગણાઈ હતી.

સાથોસાથ, કલા અને સાહિત્યનો તે પુરસ્કર્તા હતો. મહેલો અને મંદિરો-દેવળોને સુશોભિત કરવા આ કલાઓનો ઉપયોગ કરાવતો. એ 'આંધ્રનો ભોજ' ગણાતો. એના દરબારમાં આવનારા સંખ્યાબંધ કવિઓ, વિદ્વાનો, ધર્મજ્ઞો, તત્ત્વજ્ઞોને ભેટસોગાદોથી બિરદાવવામાં એ એક્કો મનાતો. તેનો દરબાર અષ્ટદિગ્ગજો' — આઠ નામાંકિત તેલુગુ કવિઓથી ગૌરવાન્વિત બન્યો હતો. સંસ્કૃત અને તેલુગુ બંને ભાષાઓને તેણે પ્રાધાન્ય આપ્યું હતું. સાલુવ નરસિંહથી શરૂ થયેલો તેલુગુ સાહિત્યનો જાહોજલાલીનો કાળ કૃષ્ણદેવરાયના સમયમાં ટોચે પહોંચ્યો હતો.

કૃષ્ણદેવરાય પોતે કવિ પણ હતો. તેનું 'આમુક્ત-માલ્યદ' એક ઉત્તમ કાવ્ય તેને માટે કીર્તિદા નીવડયું છે. મધ્યયુગમાં તેલુગુ પ્રજાના વિવિધ ઉત્કર્ષમાં કૃષ્ણદેવરાયનું અર્પણ અનન્ય રહ્યું છે.


## બે સામે બે લાખ બાનમાં !

વિજયનગરનો દેવરાય ૨-જો ૧૪૪૩માં રાયચુર, મુદગલ, બાંકાપુર અને બિજાપુર તથા સાગરના પ્રદેશો પર પ્રભુત્વ સ્થાપ્યા પછી બહમની સુલતાન અલાઉદ્દીન ૨-જા સામે ત્રણ વાર યુદ્ધમાં ઊતર્યો હતો. ત્રીજા યુદ્ધમાં દેવરાયનો દીકરો મરણ પામ્યો. દેવરાયનો પરાજય થયો. પરંતુ બે મહત્ત્વના મુસ્લિમ અમલદારોને તેણે પકડી કેદ રાખ્યા હતા. બહમની રાજાએ દેવરાયને સંદેશો મોકલ્યો કે એ બેની સામે બે લાખ હિંદુઓને બાન તરીકે લેવાશે, ત્યારે દેવરાયે સંમત થઈ, ખંડણી પણ કબૂલ કરી ને શાંતિ સ્થાપી હતી.




મોહમદાબાદ (ઉદેપુર) અને આગ્રામાંથી મળેલા સિક્કા

**અકબરના સમયના સોનાના સિક્કા**




The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line.




The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line.

# ૮ : ઇસ્લામી શાસન : સિદ્ધાંત અને વ્યવહાર

## રાષ્ટ્રીય નીતિનો વ્યૂહ

મધ્ય એશિયાના લોકોની હિલચાલોના ભાગરૂપે ભારતમાં મુસ્લિમો આવ્યા અને શાસકો બન્યા. બારમી અને તેરમી સદીની આ ઘટનામાં જ સર્વસાધારણ રીતે હિંદુ અને મુસ્લિમ અને વિશેષે કરીને, રાજપૂતો અને તુર્કો : આ બે પ્રજાઓ માટે સર્વથા ભિન્ન જ નહીં, પરસ્પર વિરોધી સ્વરૂપની વિચારધારા અને આચાર-પ્રણાલીનો સંઘર્ષ રહેલો છે. આ સંઘર્ષના સંદર્ભમાં ઇસ્લામી રાષ્ટ્રીય નીતિનું અવલોકન કરીએ.

### હિંદુ સામાજિક-રાજકીય પાયો

પહેલાં હિંદુ પાયો સમજીએ. બારમી અને તેરમી સદીમાં ભારતના રાજકીય અને સામાજિક હિંદુ જીવનનો પાયો ન્યાતજાત આધારિત હતો. આનું મૂળ ગમે તે હોય, પરંતુ આ સમયે તો સિદ્ધાંતમાં અને વ્યવહારમાં એના આધારે જ ભારતીય પ્રજાની તમામ પ્રકારની ફરજો તથા અધિકારોનો નિર્ણય થતો હતો. તેમાં રાજા અને તેની સરકારની પદ્ધતિનો પણ સમાવેશ થતો હતો. રાજા રાજપૂત કુળનો જ હોતો અને વંશપરંપરાગત ગાદીએ આવતો. તેના તાબાના ઉમરાવો (રાજપૂતો) રાજાને પોતાના અધિપતિ તરીકે સ્વીકારતો.

રાજ્યશાસનની સલામતીનાં ત્રણ સૂત્રો હતાં : (૧) પોતાનો શાખ પાડોશી રાજા નબળો રહે તે જોવું. જો એ બલિષ્ઠ હોય તો તે દુશ્મન બનશે એમ સમજી ચેતતા રહેવું; અને એની સાથે ભળી જનારા પણ નીકળે. એ સૌથી પણ ચેતતા રહેવું. (૨) આ દુશ્મનોના દુશ્મન હોય અથવા બને એવા હોય એમને મિત્ર લેખવા—મિત્ર બનાવવા મથવું અને શક્તિ પ્રાપ્ત થતાં દુશ્મનની રાજધાનીને ઘેરો ઘાલવો; એને આંતરીને નબળો પાડવો; લાગ આવતાં તેને જીતી લેવો; પોતાના સાથી રાજાઓની ઇચ્છા જાણી લઈ પરાજિત રાજાના સગાને ગાદી આપવી અને તે નબળો રહે તેવી શરતો તેના પર લાદવી; (૩) જે દુશ્મન ન હોય અને મિત્ર ન હોય તેવાને તટસ્થ લેખવા અને તેમની સાથે જાગ્રત તટસ્થતાપૂર્વક વર્તન રાખવું.

આમ, રાજા યુદ્ધે ચડતો, પોતાનું સાર્વભૌમત્વ વધારતો જતો—પ્રદેશ વિસ્તાર પણ કરતો, પરંતુ મોટે ભાગે આમાંથી કશો રાજકીય પલટો વિજેતા કે પરાજિત રાજાની પ્રજાના જીવનમાં થતો નહીં.

બારમી તેરમી સદીમાં ઉત્તર ભારતનો પ્રદેશ અનેક રાજ્યોમાં વિભાજિત હતો. આ રાજ્યો પણ સંખ્યાબંધ ખાંડિયાં રજવાડાંઓમાં વહેંચાયેલાં હતાં. ખંડણી આપવા ઉપરાંત તેઓ યુદ્ધ વખતે મદદ કરવા બંધાયેલાં હતાં. તેમની અંદર અંદરનો દ્વેષ પાર વિનાનો હતો અને રાજા નબળો પડે તો ખાંડિયાઓ સ્વતંત્ર થવા પણ ટાંપીને બેઠા હતા. તેમાં જે વધુ શક્તિશાળી હોય તેની આસપાસના ખાંડિયાઓ તેની વફાદારી સ્વીકારી લેતા.

આવી પદ્ધતિને કારણે આખી પ્રજાને કશું પોતીકું ગુમાવવા જેવું લાગતું ન હતું. યુદ્ધ કરનારો વર્ગ પણ નક્કી જ હતો—ક્ષત્રિયો (પાછળથી ઠાકોરો સહિત) રાજા જેમના પર આધાર રાખતો તે છ પ્રકારનાં સૈન્યો હતાં : (૧) રાજાનું પોતાનું અંગત સૈન્ય; (૨) ભાડૂતી સૈન્ય ;(૩) વ્યાપારી મહાજનોનાં લશ્કરો; (૪) ખાંડિયા રાજા-ઉમરાવોનાં સૈન્યો; (૫) અગાઉના પરાજિત રાજ્યોનાં પકડી આણેલાં સૈન્યો; (૬) વન-જાતિઓ.

—કટોકટીના સમયે પણ બિનલશ્કરી જ્ઞાતિ—જાતિઓમાંથી સૈનિકોની ભરતી થતી નહીં; સર્વ–સાધારણ રીતે આ જ્ઞાતિઓને લશ્કરમાં પ્રવેશ અપાતો નહીં. રાજાને સાધનસામગ્રીની જરૂર પડે ત્યારે પણ તે પોતાનો પ્રભાવ વિસ્તારી શકતો નહીં.

* મુખ્ય વાત એ હતી કે હિંદુ સમાજ રાજકીય સંગઠનથી નહીં, જ્ઞાતિપ્રથાની પદ્ધતિએ સુગઠિત બનેલો હતો.

ગ્રામ પ્રદેશોમાં નાનીમોટી ટોળીઓનાં જૂથોનો સમાવેશ થતો હતો. આદિ (આર્ય) સમયથી આ વસવાટો—આ ગામડાં સ્વપર્યાપ્ત હતાં. બહારનાં આક્રમણોથી તેઓ પોતાનું રક્ષણ કરી શકતા. આ ગામડાંનું સ્વતંત્ર ઘટક હોતું. તેનું સંગઠન અને તેની વફાદારી ટોળીશાહી રહેતી. આ પ્રદેશવાર ઝૂમખાનો વડો રાણા, રાવત, મુકાદમ અથવા ખોત (મુસ્લિમ ઇતિહાસ મુજબ) કહેવાતો. આ વડાઓ પોતાની સ્વતંત્રતા બને એટલી જાળવતા. મુસ્લિમ શાસનકાળમાં આમ બનવું મુશ્કેલ થાય ત્યારે જરૂર મુજબ શરતો સ્વીકારી લેતા; પરંતુ લાગ મળે કે તરત મુસ્લિમ વહીવટની જાળમાંથી નીકળી પણ જતા. આ બળો સદા સ્વતંત્રતાના પ્રતિનિધિ સમાં હતાં.

પરંતુ, જો ટોળી–જૂથો અને તેમના વંશપરંપરાગત આગેવાનો ઉપર જ દેશનાં જીવન અને ચિંતનનાં ધોરણોનો આધાર રહેવાનો હોત તો હિંદુસ્તાન રાજકીય, સામાજિક અને સાંસ્કારિક ક્ષેત્રે વિકાસ જ ન પામ્યો હોત.

સિંધુ ખીણની સંસ્કૃતિ શહેરી – નગર સંસ્કૃતિ હતી. આર્યોની પશુપાલક (પૅસ્ટોરલ) ગ્રામીણ સંસ્કારિતા પછીય ક્રમસે ક્રમ પૂર્વ ભારતમાં તે ટકી રહી. અને મૌર્ય તથા ગુપ્ત સમયોમાં સુશ્લિષ્ટ પરિપાટી રૂપે વિકાસ પામી. આઠમી સદીના આરંભે સિંધમાં મોટાં વ્યાપારી કેન્દ્રો હતાં, અને ઉત્તર ભારતમાં મંદિર નગરીઓ હતી. જે ઉદ્યોગો અને સંપત્તિ માટે મશહૂર હતી. પરંતુ, ગુપ્ત સામ્રાજ્યના પતન પછી નગર સંસ્કૃતિનો વિલય થયો હતો. દિલ્હી સલ્તનતની સ્થાપના, બીજી અનેક બાબતો ઉપરાંત, શહેરી સંસ્કૃતિના પુનરુત્થાનના આરંભરૂપ હતી.

આ ચિત્ર છે રાજકીય-સામાજિક હિંદુ પાયાનું.

*

## મુસ્લિમ સામાજિક-રાજકીય પાયો

ભારતમાં નવા આગંતુક મુસ્લિમોનો રાજકીય-સામાજિક પાયો સાવ ભિન્ન હતો. બંનેની સરખામણીએ ચિત્ર જોઈએ.

મુસ્લિમ સમાજ દરેક મુસ્લિમ વ્યક્તિના સમાન અધિકાર અને સમાન પદ ધરાવનારાઓનો સમાજ હતો. વ્યક્તિનાં હિતો અને તેની જરૂરિયાતો સમાજનાં હિત અને જરૂરિયાતોને સંપૂર્ણ રીતે આધીન હતાં, અને તેને માટે તમામ પ્રકારની કુરબાનીઓ માગવામાં આવે ત્યારે તે મુજબ કરવામાં આવે એવી તેની પાસે અપેક્ષા હતી. સત્ય માન્યતાના સંરક્ષણ માટે હથિયારો લઈ લડવા, માટેની તેની ફરજને કારણે પ્રત્યેક સશક્ત મુસ્લિમ સંભાવ્ય સિપાઈ હતો. કેમ કે તેને માટે અમુક ધંધા કે વર્ણની લાયકાતની મર્યાદા રાખવામાં આવી ન હતી. ધર્મની આજ્ઞા જ એ માટે પૂરતી હતી.

કાનૂન અનુસાર, ક્રમશઃ મુસ્લિમ સમાજ શાસકો અને શાસિતોનો સમાજ બન્યો. એના શાસકોને ધર્મે આખા સમાજને આપેલી સત્તા ભોગવવાનો અધિકાર હતો. શાસકને અપાયેલી આ સત્તા વિભાજિત થઈ ન શકે. બલ્કે, રાજ્યસત્તામાં કશી ભાગીદારી કે વહેંચણી થઈ ન શકે. રાજા સર્વ સત્તાધીશ હતો.

મુસ્લિમોના આગમન વખતે હિંદુસ્તાનમાં એવો શિરસ્તો પ્રવર્તતો હતો કે મહારાજાની સત્તા તેના ખંડિયા રાજા અને તેના તાબાના ઉમરાવોની સત્તામાં વહેંચાઈ ગયેલી હતી ત્યારે મુસ્લિમ સિદ્ધાંત મુજબ

અંગત રીતે શાસક અને તેની વહીવટી કાબેલિયત બંને દૃષ્ટિએ ઉપર કહી તેવી સામંતી પદ્ધતિ અનિચ્છનીય હતી.

* હા, મુસ્લિમ શાસક રાજકારણના ક્ષેત્રે વ્યવહારમાં અલ્લાનો મુક્ત પ્રતિનિધિ (એજન્ટ) હતો. આથી તમામ મનુષ્યો, તમામ સાધનસામગ્રી-સંપત્તિ, તમામ પ્રવૃત્તિઓ એના કાબૂ નીચે આવતી હતી.

આથી રાજપૂત રાજ્યપદ્ધતિ તુર્કો માટે અનુકૂળ હતી નહીં. થોડા જ વખતમાં નવા રાજ્યને તમામ સાધનસામગ્રી સંકલિત કરવાની જરૂર જણાઈ. દેશ લગભગ સંપૂર્ણતઃ ગ્રામપ્રદેશ હોઈને રાજ્ય માટે ગ્રામ-પ્રદેશ ઉપર પોતાનો પ્રભાવ વિસ્તારવાની અને તેને અધિક ઊંડો બનાવવાની જરૂર ઊભી થઈ. આમ કરતાં જ, ત્યાંના સ્થાનિક રાજા-ઉમરાવોનો સામનો આવી પડયો. આ લડાઈ લાંબી અને કડવી હતી. આ રાજા-ઉમરાવો ઘણી બાબતમાં નબળા હતા પરંતુ તેઓ એક મહત્ત્વના કારણે લાંબી લડત આપી શકયા અને તે એ કે મુસ્લિમો શહેરી સંસ્કૃતિના પ્રતિનિધિ હતા; ગ્રામપ્રદેશથી સાવ અલિપ્ત હતા. એમને ગ્રામીણ જીવન પસંદ પણ ન હતું. એમને ગામડું તો બૌદ્ધિક અને સામાજિક રૂંધામણ સમું લાગતું હતું. આથી એમણે શહેરોમાં ઘણા ઉદ્યોગો હાથમાં લઈ લીધા હતા. પરંતુ જમીન ઉપર ખેડૂતો તરીકે તેમનામાંના થોડાક જ સ્થાયી બન્યા હતા. આને કારણે મુસ્લિમો ગ્રામીણ પ્રજાના પૂર્વજોએ રચેલી સંરક્ષણ હરોળો ભેદીને તેમનું રાજ્યશાસન અંદર સુધી પહોંચાડવા શક્તિમાન ન બન્યા. આમ, શહેરી અને ગ્રામીણ પ્રજા વચ્ચે પ્રણાલિકાગત ઊર્મિગત બંધન ઊભું ન થવાને કારણે લગભગ છેક અંત લગી બંને પરસ્પર પરદેશી જેવા રહ્યા; પરિણામે સંઘર્ષની કડવાશની તીવ્રતા વધતી થઈ.

એમ કહેવું વધારે પડતું નથી કે આવે સમયે મુસ્લિમ સત્તા પર જે કોઈ સુલતાન આવ્યો તે 'ધાર્મિક કાનૂન', 'રાજકીય વિચારો' અને અગાઉના 'શાસકોની પ્રણાલી' અનુસાર મોટે ભાગે વર્તતો રહ્યો. 'ધાર્મિક કાનૂન' અનુસાર સર્વ પ્રજાની તાબેદારી અપેક્ષિત હતી, અને 'રાજકીય વિચારો' મુજબ એમ ધારી લેવામાં આવ્યું જ હતું કે સુલતાન તાબેદારી પળાવવામાં શક્તિમાન થશે જ. જોકે આ માટે તેને ખલીફા(ઇસ્લામી સત્તાના કેન્દ્રમાં બિરાજતા ખલીફા જે ધર્મના વડા ઉપરાંત શાસક-રાજા પણ હતા)ની સંમતિ હોય એ ઘણું ઇચ્છનીય હતું, પરંતુ અનિવાર્ય ન હતું.

એકંદરે સુલતાનની સુરક્ષિતતા સિદ્ધાંતમાં દેખાય છે એટલી ન હતી. રાજ્ય વારસાનો સવાલ ઊભો જ હતો. સમસ્યા એ હતી કે જો રાજ્ય સુલતાનની અંગત માલિકીમાં હોય તો તેના બધા વારસોને ભાગ મળવો જોઈએ. જો એમ ન હોય અને આખા મુસ્લિમ સમાજને એની સાથે નિસબત હોય તો વારસદાર અંગે અમુક પ્રકારની ચૂંટણી કે પસંદગીનો સવાલ ઊભો થાય જ. ધર્મ-કાનૂન મુજબ કુટુંબગત વારસાનું સાતત્ય ટકે એમ ન હતું. સૈદ્ધાંતિક કે વાસ્તવિક સાર્વભૌમત્વ માન્ય ન હતું. આથી બનતું રહ્યું એવું કે બીજો કોઈ વધારે શક્તિશાળી હરીફ ઊભો થયો અથવા સફળ કાવતરું કરનારો જાગ્યો ને ગાદીએથી સુલ-તાનને ખસેડી મૂકયો તો તેની સાથે જ આગલા શાસકનો પ્રજાની તાબેદારી અને વફાદારીનો દાવો ખતમ થઈ ગયો ગણાય.

ટૂંકમાં, સુલતાને એ જાણવું જ રહ્યું કે તેનો આ અધિકાર તેની તાકાતના જોરે જ ટકયો હતો. એણે એવી સ્થિતિ સતત સધ્ધર રાખવી રહી; (૧) **વૈચારિક રીતે,** પોતાનું વર્ચસ અને તેની પ્રજાની તાબેદારી જાળ-વવી; (૨) **ભૌતિક રીતે,** પોતાનો વિરોધ કરનારાઓને ખતમ કરી ટેકેદારોનું જોર જમાવવું; (૩) **વહીવટની રીતે,** પોતાના ટેકેદારોમાંથી કોઈનીય લાગવગ વધે નહીં, કોઈના હાથમાં વધારે પડતી સત્તા જાય નહીં તે જોવું; (૪) **રાજકીય રીતે,** પોતાની રૈયત ઉપર પ્રભાવ પાડવો; મહેર વરસાવવી, દબાવવી; જે કોઈ ઉપાયે તે હાથમાં રહે તેમ કરવું.

* ટૂંકમાં, પોતાની ગમે તેટલી કમજોરીઓ છતાં, કડપ ચાલુ રહે અને શાસન સફળતાપૂર્વક ચાલે એટલું સિદ્ધ કરવામાંય જે તે શાસકની દીર્ઘદૃષ્ટિ અને સમય પારખવાની કળા ઉપર ઘણો આધાર હતો.

ઘણી વાર હિંદુસ્તાનના સુલતાનો પોતાનો પ્રભાવ પાડવા ખાતર ખલીફાના નામે સિક્કા પાડતા હતા. મોગલોએ બગદાદ સર કર્યું અને તેનો નાશ કર્યો (ઈ. સ. ૧૨૫૮). ત્યાર પછી હિંદમાં ખિલાફતનું અસ્તિત્વ ખતમ થઈ ગયું હતું. દિલ્હીના સુલતાનોના સિક્કાઓ ઉપર માત્ર આમીર અસ મુમિનીનની છેલ્લી છાપ જોવા મળે છે. ઈ. .સ. ૧૫૧૭માં તુર્કી સુલતાન સલીમે કૅરો કબજે લીધું અને 'અબ્બાસી ખલીફા'ને નામે ચાલતો આભાસ પણ બંધ થયો.

કેટલીક વાર સુલતાનો પોતાને વધુ ભવ્ય નામોથી વિભૂષિત કરી પ્રજાને પ્રભાવિત કરવા મથતા. દા.ત. કુતુબુદ્દીન મુબારકે (ઈ. સ. ૧૩૧૬–૧૩૨૦) તેના એક સિક્કા ઉપર "સૌથી વધુ શક્તિમાન ઇમામ, ખુદાનો ઉપપ્રતિનિધિ (પયગંબર પછીનો ?), સ્વર્ગ અને નરકના સ્વામીનો ખલીફા"—આવા શબ્દો કોતરાવ્યા હતા. તુઘલુક તો આ માટે જાણીતો છે જ: "જે સુલતાનને વશ થાય છે તે અલ્લાને વશ છે." અલ્લાને વશ રહો, પયગંબરને વશ રહો, અને તમારામાંથી જે સત્તાસ્થાને હોય એને વશ રહો." વગેરે સૂત્રો તેણે ચલાવેલાં. વળી, તેણે હદીસ(ધર્મ-કાનૂન)ને નામે એમ પણ હાંક્યે રાખ્યું હતું કે "જો સુલતાન નહીં હોય તો લોકો એકબીજાને ફાડી ખાશે.... સુલતાન તો ખુદાનો પડછાયો છે..."



સમ્રાટ અકબર

એકંદરે, એમ મનાતું આવ્યું હતું કે, પયગંબર પછી રાજા કરતાં વધારે ઉચ્ચ બીજું કોઈ નથી.

## મોગલ શાસકો : વિદેશ નીતિના વ્યૂહ
### (૧૬મી સદીના પૂર્વાર્ધથી ૧૮મી સદીના અંત સુધી)

આ ત્રણસો વરસના ગાળા દરમ્યાન ત્રણ ઈસ્લામી મહાન સામ્રાજ્યો થયાં. ઑટોમન(તુર્ક), સફાવિદ (ઈરાની) અને મુગલ (હિંદી). આ ત્રણેને તુર્ક-મૉંગોલોનો વારસો મળ્યો હતો, છતાં દરેકની ભૂમિકા અનુસાર વિકાસની ભિન્નતા પણ જોવા મળે છે. ઑટોમન મુખ્યત્વે યુરોપીય સુન્ની હતો; સફાવિદો ઈરાનના શિયાપંથી સામ્રાજ્યના ભાગરૂપ હતા. આ બેઉની પ્રજા પણ મુસ્લિમ હતી ત્યારે સુન્ની મોગલો માટે તેમને વિધર્મી હિંદુ પ્રજા ઉપર શાસન કરવાનું આવ્યું હતું. આ ત્રણેય ઈસ્લામી વિશ્વ સત્તામાં આગળ આવવા મથતા હરીફો હતા.

મોગલોના સંદર્ભમાં આ ત્રણેની વિદેશનીતિનું પાસું તપાસીએ.

બાબર હિંદુસ્તાનમાં ગાદીપતિ બન્યો તે સમયે ઈરાનનો શિયાપંથી શાહ ઈસ્માઈલ મુસ્લિમ વિશ્વના કેન્દ્રમાં આવવા મથી રહ્યો હતો. બાબરે ઈરાનના જોરે ઉઝબેક(ટ્રાન્સ-ઑક્સાનિયા)માં પોતાની પકડ પાછી જમાવવા શાહ ઈસ્માઈલના નામના સિક્કા પાડયા હતા અને જુમાની નમાજ વખતે પઢવાના ખુતબામાં શાહનું નામ પણ દાખલ કરી દીધું હતું!

આ પછી હિંદુસ્તાનમાં બાબર સત્તાધીશ બન્યો તે અરસામાં જ શાહ ઈસ્માઈલનું અવસાન થયું (ઈ. સ. ૧૫૨૪). આથી શાસનની સમતુલા બદલાતી જોતાં જ બાબરનો સત્તાનો કીડો સળવળી ઊઠયો. એણે હુમાયુંને ઉઝબેક પર ચઢાઈ કરવા મોકલી પણ દીધો (ઈ. સ. ૧૫૨૭); પરંતુ 'હવેલી લેતાં ગુજરાત ખોવા' જેવું ન બને તે હેતુથી તેણે હિંદમાં પોતાની પકડ વધુ જમાવવા પર લક્ષ પરોવ્યું; અને ઉઝબેક સાથે રાજદ્વારી સંબંધ બાંધ્યો.

જોકે, ઑટોમન તુર્ક સામ્રાજ્ય તરફ બાબરે વિશેષ ધ્યાન આપ્યું જણાતું નથી.

ઈ. સ. ૧૫૩૦માં બાબરનું અવસાન થતાં હુમાયું ગાદીપતિ બન્યો. હુમાયું માંડ માંડ સ્થિર થાય ત્યાં તો આંતરિક કલહ-કાવતરાં અને શેરશાહ સૂરના ધસારા સામે ટકી ન શકતાં તે ઈરાન ભાગી ગયો ત્યારે ત્યાં શાહ ઈસ્માઈલનો કિશોર પુત્ર તહમસ્પ ગાદીપતિ હતો (ઈ. સ. ૧૫૪૨–૧૫૭૬). એણે હુમાયુંને આશ્રય આપ્યો. હુમાયુંને ભારતમાં પાછા સત્તા પર આવવામાં મદદ પણ કરી. હુમાયુંએ બીજી બાજુ, ઑટોમન પાદશાહ સુલેમાન –'ધ મૅગ્નિફિસન્ટ'ના દરબારના વિખ્યાત ગઝલકાર રાજદૂત સીદી આલી રઈસ (કાતિબ-ઈ રૂમી)નું પોતાના દરબારમાં બહુમાન કરી, સ્પષ્ટપણે ઑટોમન પાદશાહની સર્વોપરીતા સ્થપાય તેમાં સંમતિ ભણી હતી.

હુમાયું ૧૫૫૬માં મરણ પામ્યો ત્યારે તુર્કીનો આ કવિ રાજદૂત હાજર હતો. અકબરે ગાદી પર આવતાં જ આ રાજદૂત દ્વારા તુર્કીના પાદશાહ સુલેમાનનો સંદેશો કહેવડાવ્યો, તેમાં તેને 'ખલીફ' (ઇસ્લામી સત્તા-કેન્દ્રના વડા) તરીકે સંબોધ્યો હતો. જોકે પાછળથી અકબર પોતે જ પોતાની મહાનતાથી એટલો બધો પ્રભાવિત હતો કે તુર્કી પાદશાહ સાથે સલૂકાઈભર્યો સંબંધ ટકયો નહીં.

આ પછી ઈરાનના તહમસ્પે મોગલો હસ્તકનું કંદહાર પોતાના કબજામાં લઈ લીધું, ત્યારે કુમાર વયના અકબરે મૌન જાળવ્યું. આ પછી ઈ. સ. ૧૫૬૩–૬૪ના અરસામાં અકબરના દરબારી શેખ અલ-ઈસ્લામ (મહદુમ અલ-મુલ્ક) તરફથી એવો ફતવો બહાર પડયો કે–

> "હિંદના મુસ્લિમો માટે હજ (મક્કા યાત્રા) કંઈ ફરજિયાત નથી. કેમ કે, તેનો જમીન માર્ગ નાસ્તિક (એટલે કે શિયાપંથી) ઈરાનના સફાવિદો અને દરિયાઈ માર્ગ ખ્રિસ્તી પોર્ટુગીઝોના હાથમાં છે."

—આની પાછળ અકબરનું સુન્નીપંથી વલણ હોઈને, ઈરાનના શિયાપંથી રાજાઓ સાથેનો તુટાવ શરૂ થયો. ત્યાં જ તહમસ્પનું અવસાન થયું (ઈ. સ. ૧૫૭૬); ત્યાં તેની ગાદીએ આવનારો ઈસ્માઈલ-૨-જે સુન્નીપંથી હતો. આ પછી, હજનો રસ્તો ખૂલી ગયો; ઉપરાંત ભારતમાં ઇસ્લામના સુન્ની ધર્મ-પંડિતો અને વિદ્વાનોની લંગાર મક્કાથી આવવી શરૂ થઈ ગઈ. તેના બદલામાં અકબર ભેટસોગાદો મોકલતો રહ્યો.

ધીમે ધીમે કરતાં, ઈરાનનો સિસ્તાન પ્રાંત સર કરવા અકબરની દાઢ સળકી; ઉઝબેક પર વિજય મેળવવાનું એના પૂર્વજોનું સ્વપ્ન પણ તાજું થયું. પરંતુ, તે અરસામાં ઉઝબેકમાં અબદુલ્લા ખાન એક સબળ શાસક તરીકે સ્થાપિત થઈ ચૂકયો હતો. તેણે ઑટોમન તુર્કો સાથેય સારા સંબંધ સ્થાપી દીધા હતા. એણે, ખુરાસાન કબજે કરી લઈ ઈરાનનો પ્રદેશ જીતી લઈ, અંદર અંદર વહેંચી લેવાની દરખાસ્ત પણ ઑટોમન સુલતાન અને અકબર બેઉને મોકલી (ઈ. સ. ૧૫૮૭–૮૮). આમ, ઉઝબેક એક શક્તિશાળી મુસ્લિમ સત્તા

તરીકે આગળ આવ્યું. આ નવી પરિસ્થિતિનો લાભ અકબરને મળ્યો — કંદહાર તેને પાછું મળ્યું. પરંતુ અબદુલ્લા ખાનનું મૃત્યુ થતાં તેના વારસદાર પુત્ર સાથેનો સંબંધ ધૂંધળો રહ્યો.

ઈ. સ. ૧૬૦૩ સુધીમાં ઈરાનનો શહેનશાહ અબ્બાસ એક બાહોશ અને શક્તિશાળી રાજવી તરીકે આગળ આવ્યો હતો.

આ દરમ્યાન અકબરનો ઉદાર-ધર્મ-વિચાર (દીને ઈલાહી) પાકો થયો હતો. આથી ઑટોમન સુલતાનોએ કટ્ટર સુન્ની ધર્મરક્ષક તરીકે કરેલી કેટલીક ટીકાઓથી અકબર ભારે નારાજ હતો. તે એટલે સુધી કે સ્પેનના ખ્રિસ્તી ફિલિપ ૨-જાની મદદ લઈનેય તુર્કી સામે મોરચો ઊભો કરવાનું વિચારતો થયો હતો.

ખૂબીની વાત તો એ છે કે, બીજી બાજુ આ દરમ્યાન અકબર ઉઝબેકના અબદુલ્લા ખાનને એવી ખાતરી આપી રહ્યો હતો કે હજનો માર્ગ ચોખ્ખો કરવા તે પોર્ટુગીઝ સત્તા સામે નૌકા ચઢાઈ કરવા માગે છે.

અકબર પછી તેનો પુત્ર સલીમ 'જહાંગીર' (જગતનો રાજા) નામ ધારણ કરી ગાદીએ આવ્યો. જહાંગીરે આરંભમાં ઈરાનના રાજા અબ્બાસ ૧-લા સાથે નિકટની મૈત્રીભર્યો સંબંધ રાખ્યો. આની પાછળ રાણી નૂરજહાંનો અને તેનાં શિયાપંથી સગાંઓનો હાથ હતો, તેમાં બળ ઉમેરાયું હતું તેના શિયાપંથી દરબારીઓનું. વળી, જહાંગીર પોતે ઈરાની કલાકારીગરીનો આશક હોઈનેય તેનું વલણ બિરાદરીનું બન્યું હતું. આ સંબંધોના જોરે ઈ. સ. ૧૬૧૬માં ઈરાનના અબ્બાસે તુર્કો સામેના યુદ્ધ માટે જહાંગીર પાસેથી નાણાંની મોટી સહાય મેળવી હતી. જોકે આ યુદ્ધમાં અબ્બાસ હાર્યો હતો. છેલ્લે છેલ્લે, ઈ. સ. ૧૬૨૨માં પોતાની શાખ ઊભી કરવા અબ્બાસે મોગલો હસ્તક રહેલું કંદહાર કબજે કરી લીધું ત્યારે જહાંગીરને જબરો આઘાત લાગ્યો હતો. તેણે એનું સાટું વાળવા શાહજાદા ખુર્રમ(ભવિષ્યનો શાહજહાં)ને ઈરાન પર ચઢાઈ કરવા મોકલ્યો, પરંતુ ઈરાનના ઉસ્તાદે નૂરજહાંને વચમાં નાખી સંબંધ સુધારી લીધો. દરમ્યાન, અબ્બાસ ઑટોમનો પાસેથી બગદાદ પડાવી લઈ વધારે શક્તિશાળી બની ગયો હતો.

કંદહાર ગુમાવ્યા પછી ઑટોમન અને ઉઝબેક સાથે થઈને સુન્ની ત્રિપુટી ઊભી કરવા જહાંગીરે દાવ નાખ્યો. જોકે આ પહેલાં તો તેણે પોતે જ મધ્ય એશિયા પર કબજો મેળવવાની મહત્ત્વાકાંક્ષા સેવી હતી. અને તે વખતના ઈમામ કુલીખાનને અબ્બાસ ૧-લાની શિયાપંથી 'નાસ્તિકતા' વિરુદ્ધ પત્ર પણ લખી નાખ્યો હતો. ધર્મના વડા ઈમામે એને અકબર અને અબદુલ્લા ખાન વચ્ચેના મૈત્રીકરારની યાદ આપીને, જો મોગલ સૈન્ય કંદહાર પર ચઢાઈ કરે તો ઉઝબેક ખુરાસાન પર દળ લઈ જશે એવી ખાતરી આપી. એણે ઑટોમન સુલતાન મુરાદ ૪-થાનેય આમાં જોડાવા સલાહ આપી હતી.

આમ, મોગલોએ પહેલી વાર ઈરાન વિરોધી ખુલ્લી યુદ્ધનીતિ અપનાવી. પરંતુ આ બધી યોજના કાગળ પર જ રહી. અંતે, ઉઝબેક સૂબેદારે કાબુલનો પ્રદેશ ખૂંદ્યો તે વધારામાં.

શાહજહાં ઈ. સ. ૧૬૨૭માં ગાદીએ આવ્યો. મુસ્લિમ શાસકોમાં સૌથી પ્રથમ ઈરાનના અબ્બાસ ૧-લાએ તેને અભિનંદનનો સંદેશો પાઠવ્યો. શાહજહાંની વિદેશનીતિનાં ત્રણ પાસાં હતાં: (૧) કંદહાર પાછું મેળવવું; (૨) મધ્ય એશિયા ઉપર સાર્વભૌમત્વ પ્રાપ્ત કરવું; (૩) હિંદમાંનાં દક્ષિણનાં શિયાપંથી રાજ્યોને પૂરેપૂરાં તાબામાં લાવવાં. પોતે કટ્ટર સુન્ની હોઈને, જહાંગીરે છેલ્લે છેલ્લે યોજેલી સુન્ની–ત્રિપુટીના સંગમની યોજના પણ તેને અનુકૂળ હતી. પરંતુ ઉઝબેકની લૂંટારુ અને અંધાધૂંધી ટોળીઓ ઉપર ભરોસો રખાય એમ હતું નહીં. બલખના ઉઝબેકી સુલતાને જ કાબુલ પર ચઢાઈ કરી. જોકે, એ પછી ૧૬૩૫માં મોગલ–ઉઝબેક સરહદો અંગે સંમતિકરાર થયા.

બીજી બાજુ શાહજહાંએ ઈરાન સાથેના સંબંધ જાળવી રાખ્યા. (વચમાંના ગાળામાં ઈરાન સુન્નીપંથી બન્યું હતું તે યાદ કરીએ). એક બાજુ ઈરાને તુર્કીને એરીવાન આગળ પરાજય આપ્યાની ખબર આપી;

તો સામેથી શાહજહાંએ દક્ષિણ ભારતના શિયાપંથી ગોવળકોંડાં અને બિજાપુરને પોતાને તાબે લાવી દીધાના સમાચાર આપ્યા. છેલ્લે, ઑટોમનોના હાથમાં કંદહાર જઈ પડવાની સ્થિતિ પેદા થઈ ત્યારે તેના ઈરાની સૂબેદારે મોગલોને 'બળતું ઘર કૃષ્ણાર્પણ' કર્યું. મોગલોએ એની આસપાસનો પ્રદેશ કબજે કરી કંદહારને સલામત બનાવી દીધું.

છેવટે, ૧૬૩૮માં શાહજહાંએ ઘોડા ખરીદવાને બહાને ઑટોમન રાજા મુરાદ ૪-થાના દરબારમાં એક પત્ર સાથે પોતાના એલચીને મોકલી આપી, ઈરાનને ઉશ્કેરણી ન થાય તે રીતે વર્તવા દબાણ કર્યું. આ પત્રમાં મુરાદ ૪-થાને 'મુસ્લિમ રાજાઓના ખાકાન' (ખુદાએ ખલીફા તરીકે પસંદ કરેલ) તરીકે સંબોધવામાં આવ્યો હતો. વળી, મુરાદ ઈરાક અને આઝરબૈજાન દબાવે અને શાહજહાં ખુરાસાન પર કૂચ કરે તથા ઉઝબેક ઉત્તરેથી ઈરાન પર ધોંસ લાવે એવો વ્યૂહ પણ આ પત્રમાં હતો. પરંતુ, મુરાદનો શાહજહાં ઉપરનો જવાબ સાવ અપમાનજનક હતો. ઈતિહાસકારો માને છે કે શાહજહાંએ પોતાનું નામ 'વિશ્વનો રાજા' રાખીને મુરાદને અગાઉથી છંછેડયો હતો. (પાછળથી બંને પક્ષના વજીરો વચ્ચેના પત્રવ્યવહારે સમાધાન સાધી લીધું હતું) પરંતુ, આ પછી મોગલ-તુર્ક મૈત્રી સંબંધો વધુ મુશ્કેલ બન્યા હતા.

બીજી બાજુ, શાહજહાંએ પોતાની તાકાત પર વધારે પડતો આધાર રાખી મધ્ય એશિયાના વિજયનું આયોજન કર્યું (ઈ. સ. ૧૬૩૯); પરંતુ, એ પછીનાં વરસોમાં ઉઝબેકના બે શાસક ભાઈઓ (ઇમામ કુલીખાન અને નઝર મુહમદ ખાન) વચ્ચે જ આંતરવિગ્રહ જાગ્યો. બંને પોતપોતાના આગવા પ્રદેશો સાથે જુદા પડયા (ઈ. સ. ૧૬૪૧–૪૬). અંતે, નઝર ખાને જ શાહજહાંને વચ્ચે પડવા આમંત્રણ પાઠવ્યું (ઈ. સ. ૧૬૪૬). શાહજહાંએ તરત જ સૈન્યો (શાહજાદા મુરાદ અને અલી મર્દાન ખાનની સરદારીમાં) મોકલ્યાં. થોડાક પ્રદેશો કબજે કરી લીધા અને ત્યાં શાહજહાંના નામનો ખુતબો પઢવામાં આવ્યો. આથી ચોંકી ઊઠી નઝર ખાને ઈરાનનું શરણું લીધું.

ઈરાન અબ્બાસ ૧-લા પછી તેના પૌત્ર અબ્બાસ ૨-જાના શાસનમાં પણ શક્તિશાળી રહ્યું હતું. શાહ-જહાં સુન્ની-ત્રિપુટીની રચના કરવાનું ઇચ્છતો હોવા છતાં ઈરાનમાં અંધાધૂંધી ઊભી થાય એમ ઇચ્છતો ન હતો. એથી એણે એના પુત્ર દારા શિકોહની સિસ્તાન તથા હેરાત પ્રદેશો જીતવાની માગણી ઇન્કારી હતી (ઈ. સ. ૧૬૪૨). બીજી બાજુ, આ પછીના દાયકા દરમ્યાન, ઉઝબેક પ્રદેશ પાછા જીતવાનું સ્વપ્ન પણ નિષ્ફળ ગયું; એનાં લશ્કરોએ પાછા હઠવું પડયું.

શાહજહાંની કીર્તિને આથી ઘણી ભોંઠપ લાગી. એમાં વળી, ઈરાનના શાહે કંદહાર પાછું છીનવી લઈ, ત્રણ ત્રણ વારનાં આક્રમણો છતાં (ઈ. સ. ૧૬૪૯થી ૧૬૫૨), સાચવી પણ રાખ્યું. આ પછી તુર્ક દરબારમાંથી એલચીઓ દિલ્હી આવતા થયા; શાહજહાં તરફથી એલચીઓ ત્યાં જતા થયા અને ઈરાની સુલતાન અબ્બાસ ૨-જાનું વર્ચસ વધતું જોઈને તો ઑટોમન–મોગલ ધરી ઊભી કરવા ફરી કોશિશો થતી રહી. દારા શિકોહે પણ એમાં ભાગ ભજવ્યો. છતાં, કશું નક્કર ઊપજ્યું નહીં.

આ પછી, શાહજહાંની ગાદીના વારસાનો સંઘર્ષ શરૂ થઈ ગયો. એમાં ઈરાન શિયાપંથી મુરાદ માટે પક્ષપાત ધરાવતું હતું. મુરાદને ગુપ્ત રીતે મદદરૂપ થવા મથતું હતું. દારા શિકોહને પણ આશ્રય આપવા તે તૈયાર હતું. તેણે તુર્કીના મુહમદ ૪-થાનેય આ બાબત સાવધાન કર્યો હતો. ત્યારે ઉઝબેકી સુલતાને ઔરંગ-ઝેબને માન્યતા આપી પણ દીધી હતી (ઈ. સ. ૧૬૫૮). સામેથી ઔરંગઝેબે 'સુન્નીપંથી એકતા'ના સિદ્ધાંત પર ઉઝબેકની મૈત્રીનો હાથ પકડી લીધો. ઈ. સ. ૧૬૬૦માં ઈરાને પણ એલચી મોકલી વાસ્તવિકતાનો સ્વીકાર કર્યો.

ઔરંગઝેબે ગાદીએ આવતાં જ દખ્ખણનાં મુસ્લિમ રાજ્યો સામે શિયા વિરોધી વલણ ધારણ કર્યું અને ઉઝબેક સાથેના સંબંધો ગાઢ કરવા પ્રયત્ન કર્યો તેથી ઈરાનના શાહ અબ્બાસ ૨-જાએ મૈત્રી સંબંધો

કાપી નાખ્યા (ઈ.સ. ૧૬૬૪). ઔરંગઝેબે તેના પિતા અને ભાઈ સાથે કરેલા ક્રૂર વ્યવહારની એણે યાદ આપી; તેના અંધ ધર્મઝનૂન માટે સખત શબ્દોમાં ટીકા કરી. વધુમાં દખ્ખણ(ભારત)ના મુસ્લિમ શાસકોને ઔરંગઝેબ વિરુદ્ધ બંડ કરવા ઉશ્કેર્યા; સીધું આક્રમણ કરવાનીય ધમકી આપી. ઔરંગઝેબે પણ સામી તૈયારીઓ આરંભી દીધી. એવામાં જ અબ્બાસ ૨-જાનું મરણ થયું. એના વારસદારો સુલેમાન (ઈ. સ. ૧૬૬૪–૯૪) અને હુસેન (ઈ. સ. ૧૬૯૪–૧૭૨૨) બેઉએ કટ્ટર સુન્ની ઔરંગઝેબ સામે કટ્ટર શિયા વલણ અખત્યાર કર્યું.

એક બાજુ ઈરાને ભારતની ઉત્તર-પશ્ચિમ સરહદો ઉપરની ટોળીઓને ઔરંગઝેબ વિરુદ્ધ ઉશ્કેરવાનું કર્યું; બીજી બાજુ, ઔરંગઝેબે ઉઝબેક દ્વારા ઈરાન પરની સતામણી ચાલુ રખાવી. પરંતુ ઔરંગઝેબના બંડખોર પુત્ર અકબર ૨-જાને ઈરાને પોતાને ત્યાં આશ્રય આપ્યો (ઈ. સ. ૧૬૮૬); તો સુલેમાન સામે બંડ કરનાર હેરાતના સૂબેદાર અહમદખાનને ઔરંગઝેબે ઉત્તેજન અને સહાય આપ્યાં (ઈ. સ. ૧૬૮૮).

જોકે, નાનાં મુસ્લિમ રાજ્યો અને તુર્કી હાકેમો સાથેના અને ઈથિયોપિયાના ખ્રિસ્તી રાજા સાથેના ઔરંગઝેબના સંબંધો સલૂકાઈભર્યા હોવા છતાં, ઑટોમન-તુર્ક સાથેનો સંબંધ ખાસ ઉષ્માભર્યો રહ્યો ન હતો – ઑટોમન સામ્રાજ્યનો આ પતનકાળ હોઈ તેને ઔરંગઝેબના ટેકાની જરૂર હોવા છતાં. બીજી બાજુ ઈરાનનાં પણ હવે વળતાં પાણી હોઈ, તે બાજુનો ભય ટળતાં, ઔરંગઝેબનેય ઑટોમન-મૈત્રીની બહુ ગરજ ન હતી.

ઔરંગઝેબના મૃત્યુ પછી, હિંદ પર નાદિરશાહ (ઈરાનથી) ચડી આવ્યો; દિલ્હીને લૂંટી પાછો ફર્યો (ઈ. સ. ૧૭૩૮). આથી ચોંકી ઊઠેલા મોગલ બાદશાહ મોહમ્મદ શાહે ઑટોમન સુલતાન મહમૂદના દરબારમાં પોતાનો એલચી મોકલી નાદિરશાહ સામેના મોરચે મદદરૂપ થવા દરખાસ્ત કરી પરંતુ એવું કશું બને તે પૂર્વે નાદિરશાહે જ તુર્કસ્તાન પર ચડાઈ કરી (ઈ. સ. ૧૭૪૭). છતાં, મોગલ અને તુર્કી વચ્ચેના એલચી-સંબંધો ચાલુ રહ્યા. હજી તુર્કી 'મુસ્લિમ વિશ્વનું કેન્દ્ર' ગણાતું રહ્યું હતું. બીજી બાજુ, ઈરાન, મધ્ય એશિયા અને તુર્કીના અનેક ઉમરાવો, પોતપોતાના સુલતાનોથી ત્રાસીને, ભારત આવી રહ્યા અને મોગલ બાદશાહો એમને આશ્રય અને દરબારમાં ઊંચા પદે નોકરી આપતા રહ્યા. આમાં બસરાના બે ઑટોમન હાકેમો અને કંદહારના ત્રણ ઈરાની હાકેમો હતા, જેમાંના બે તો સફાવિદ વંશના રાજકુમારો હતા.

અગાઉથી આવો શિરસ્તો ચાલતો આવ્યો હતો. બાબરના અને હુમાયુંના શાસનના પહેલા તબક્કા દરમ્યાન પણ મોગલ દરબારમાં મધ્ય એશિયાનું સારું પ્રતિનિધિત્વ હતું; તો હુમાયુંના બીજી વારના શાસન દરમ્યાન ઈરાનીઓનું વર્ચસ રહ્યું હતું. અકબરના અમલ દરમ્યાન ઉઝબેકના અબદુલ્લા ખાનની ધર્મઝનૂની નીતિથી ત્રાસીને નાઠેલા અનેક બૌદ્ધિકો મોગલ દરબારમાં સ્થાન પામ્યા હતા. ઈરાનથી ભાગી આવેલા ઈરાની કવિઓનું સ્થાન પણ મહત્ત્વનું હતું.

* નોંધવા જેવી હકીકત તો એ છે કે આ રીતે બહારથી આવેલા શું સુન્ની કે શું શિયાપંથી ઉમરાવો, બૌદ્ધિકો, ધાર્મિક વિદ્વાનો અને સંસ્કારક્ષેત્રના પુરુષો તથા કવિઓની હાજરીને કારણે અકબર વહીવટ અને સંસ્કારનું જે હિંદીકરણ કરવા મથતો હતો તેના ઉપર જ નિયંત્રણ લદાયું હતું. બલકે, આ બૌદ્ધિક સંસ્કાર અગ્રણીઓથી ભારત ઉપર પરંપરાગત ઇસ્લામી અસર જમાવવામાં કારણભૂત બન્યા હતા. અને અકબરની ઉદાર ગ્રહણશીલ નીતિ સામેનાં બળોને એથી સમર્થન મળ્યું હતું.

જોકે, અકબરની સમગ્ર ઉદાર નીતિ સામે જો કોઈ જબરું આંદોલન હોય તો તે, મધ્ય એશિયાથી આવેલા ખ્વાજા બક્કી બિલ્લાહે ભારતમાં શરૂ કરેલ ચુસ્ત સુન્નીવાદી નકસબંધી આંદોલન હતું.

## સિદ્ધાંત અને દુન્યવી વ્યવહાર

ભારતમાંની મુસ્લિમ શાસનની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નીતિ ગમે તેટલી તર્કવાદી દેખાતી હોય પરંતુ તેના મૂળમાં રહેલી મુસ્લિમ ધર્મસત્તા અને રાજ્યસત્તા વચ્ચેના અકાટ્ય સંબંધના સિદ્ધાંત અને વ્યવહારની

જટિલ સમસ્યા સમજવા જેવી છે. મુસ્લિમો ગમે તે યુગ અને ગમે તે પ્રદેશમાં વસતા હશે, પરંતુ એક અને અખંડ મુસ્લિમ-ધાર્મિક્-સમાજ (ઉમ્મા)ની વિભાવના જ તેમને સાંકળનારું તત્ત્વ છે. આવા આ સમાજની દરેક વ્યક્તિના રોજિંદા જીવનનું અને સમાજનું માર્ગદર્શન આપનાર સૂત્ર-શાસ્ત્ર 'શરિયત' છે. સ્વાભાવિક રીતે જ રાજ્યના કાયદા અને તેનું બંધારણ પણ 'શરિયત'ના માર્ગદર્શનને આધીન જ હોવું જરૂરી છે.

આ 'શરિયત' ઇસ્લામના પાયાના સિદ્ધાંત-ગ્રંથો ઉપર આધારિત છે: (૧) 'કુરાન' એટલે કે અલ્લાએ પોતે તેના દૂત પયગંબર સમક્ષ પ્રગટ કરેલું દૈવી જ્ઞાન; (૨) 'સુન્ના' એટલે કે પયગંબર મોહમ્મદે પોતાના આચારો દ્વારા અને વાણી દ્વારા પ્રગટ કરેલું જ્ઞાન. આ બે મૂળ સ્રોતમાં પાછળથી ઉમેરો થયો છે તે (૩) 'ઈજમા' એટલે કે મુસ્લિમ ધર્મના ન્યાયશાસ્ત્ર સહિતના અઠંગ વિદ્વાનો ઉલેમાઓએ જે તારતમ્યો તારવ્યાં હોય તે; (૪) 'કિયાસ' એટલે કે કાનૂની ક્ષેત્રે સાધર્મ્ય ધરાવતાં તારતમ્યો તારવ્યાં હોય તે. આમાં મોહમ્મદ પછીના તેમના નિકટના સાથી—અનુયાયી એવા ચાર ખલીફાઓની પ્રથમ પેઢી(સલક)નાં જીવન, વ્યવહાર અને ઉપદેશનો સમાવેશ થાય છે જેનું ઘણું મહત્ત્વનું સ્થાન છે.

રાજ્યશાસનના ક્ષેત્ર પૂરતો ધર્મ અને ન્યાયશાસ્ત્રોની તારવણીનો સાર આ છે: અલ્લા સર્વ સત્તાધીશ છે. તેણે પોતાના દૂત—પયગંબર દ્વારા પૃથ્વી પર પોતાનો સંદેશો પાઠવ્યો છે. પયગંબરના પ્રતિનિધિ (વાઇસ-જેરેન્ટ = રીજન્ટ) તરીકે તેણે ખલીફામાં પોતાની સત્તાનું આરોપણ કર્યું છે. ખલીફા(અથવા ઇમામ)ની ફરજ છે કે તેણે શરિયતનો અમલ કરાવવો અને નાસ્તિકો સામે તેનું રક્ષણ કરવું. આથી રાજ્યસત્તા એવી હોવી જોઈએ કે જેમાં આ શક્ય બને.

પરંતુ આપણે જાણીએ છીએ કે અપવાદરૂપ ખલીફાઓ બાદ કરતાં મોટા ભાગના શાસકો આવી કશી ફરજો પાર પાડે એવું હતું જ નહીં. ઔપચારિક કામગીરી તેઓ ઉલેમાઓ (ઇમામો-કાજીઓ અને ધર્મ તથા ન્યાયશાસ્ત્રના અધિકૃત વિદ્વાનો) દ્વારા પાર પાડતા હતા; અને જ્યારે ક્યારેય શાસકો પોતે નિર્ણયો કરતા ત્યારે આ ધર્મશાસ્ત્રીઓનું માર્ગદર્શન તેમને મળતું હતું.

આમાંથી શાસકો અને ઉલેમા-ઇમામો-કાજીઓ વચ્ચે સંઘર્ષ ઊભો થતો હતો. ખાસ કરીને ખલીફ—શાસકો પોતાને જ સર્વેસર્વા માનીને, પોતાના મનસ્વી વ્યવહારની આડે કોઈ ન આવે એની તકેદારી પણ રાખતા હતા. વાસ્તવમાં તો, તેઓ જ ઉલેમાઓમાંથી અમુકને દરબારી તરીકે નીમતા હતા, પોષતા હતા; પગારદાર કાજી તરીકે ન્યાયતંત્રનો વહીવટ સોંપતા હતા અને એમને પોતાની અનુકૂળતા મુજબ રાખવા—સાચવવા—તરછોડવા તથા હાંકી કાઢવાનો કીમિયો અજમાવતા હતા; દાઢમાં રાખી કેદની કે જીવલેણ સજાઓ પણ ફટકારતા હતા. બીજી બાજુ આ ધર્મ-નિષ્ણાતો પણ મોટે ભાગે સંજોગો જોઈ-સમજીને વર્તતા હતા.

આમ, રાજ્યસત્તા અને ધર્મસત્તા વચ્ચે પરસ્પરને લાભદાયી બની રહેવાની વણલખી નીતિ સદીઓ સુધી ચાલતી આવતી હતી. વચમાં વચમાં, ક્યારેક, શાસક ઊંચી કોટિનો આવે ત્યારે કે ધર્મશાસ્ત્રજ્ઞો ઊંચા ચારિત્ર્ય અને નિષ્ઠાવાન હોય ત્યારે, સંબંધો પરસ્પરના માન-સન્માનના જોવા મળતા. બાકી તો, કટ્ટર ઉલેમાઓની જમાત, ધર્મને નામે, ઝનૂની નીતિ અખત્યાર કરાવવા શાસકો ઉપર દબાણ લાવતી, અને શાસક ગરજુ અથવા ઢીલો હોય ત્યારે રાજ્યવહીવટમાંય બેફામ દખલગીરી કરી અનેક ભૂંડાં કામો તેના દ્વારા કરાવી લેતી હતી. તો કોઈ વિરલ ધર્મનિષ્ઠ ઉલેમા-ઇમામ-સૂફી-કાજી, ભલભલાં જોખમો જાણ્યા પછીય, શાસકને સાચી શિખામણ અને ગંભીર ચેતવણી સુધ્ધાં આપી પરિણામ સહન કરી લેતા હતા.

આ એક લાંબો ઇતિહાસ છે. પરંતુ, એકંદરે, જે જોવા મળે છે તે એ કે આ દરમ્યાન કટ્ટર ઉલેમાઓ ધર્મ અંગેની પ્રજાની ઊંડી લાગણીઓને જ ધર્મશ્રદ્ધાને નામે ઉત્તેજીને, જરીપુરાણાં ધર્મસૂત્રોના જડબેસલાક ચોકઠામાં રૂંધી રાખતા. આ રીતે, અંધશ્રદ્ધાળુ પ્રજાને પોતાના પીઠબળ તરીકે રાખીને તેઓ પોતાની પકડ ટકાવી રાખતા. આથી જ્યારે કોઈ ધર્મ સુધારકો આગળ આવતા ત્યારે યુગ અનુરૂપ, સુધારણાનો રાહ

અપનાવવાને બદલે તેઓ તે સુધારકોને ધર્મદ્રોહી, ધર્મભ્રષ્ટ અને નાસ્તિક – કાફર તરીકે બદનામ કરીને પ્રજામાં ઉશ્કેરણી કરતા.

સર્વસાધારણ ચિત્ર આવું હોવા છતાં, ઉલેમાઓનેય જડસુ નીતિ જ પકડીને બેસી રહેવાનું પાલવે એમ ન હતું. મુસ્લિમ રાજાઓ અને મુસ્લિમ પ્રજાજનો ધર્મના આદેશો જાણ્યા છતાં, પલટાતો જીવન વ્યવહાર બને એટલો સરળ કરવાનો કીમિયો અજમાવતા રહ્યા હતા. એ સંજોગોમાં ધર્મની પ્રીતિવાળા ઉલેમાઓ પણ સ્પષ્ટ રીતે ધર્મવિરોધી ન હોય તેવા નવા વ્યવહારનેય ધર્મનું સમર્થન મળતું રહે એ જોતા હતા. કેમ કે અંતે તો, મુસ્લિમ પ્રજાજનો ધર્મને વળગી રહે, અને શાસકો પણ અનુકૂળ થવાનું વલણ જારી રાખે એય જોવાનું હતું. આથી તેઓ જ નવા વ્યવહારો માટેય 'શરિયત'ના આધારો આપતા હતા. આમ, મૂળ ધર્મનું સમગ્ર ચોકઠું ટકાવી રાખવા પુરુષાર્થ કરતા હતા. આમાં કેટલાક ગંભીર અને ચિંત્ય પ્રયોગો જોવા મળે છે.

## ઇબ્ન ખાલ્દુનનો નૂતન અભિગમ

ઈ. આઈ. જે. રોઝેન્થાલે 'ઇસ્લામ ઇન ધ મૉડર્ન નૅશનલ સ્ટેટ' ગ્રંથમાં આવા એક વિશિષ્ટ પ્રયોગ તરફ લક્ષ દોર્યું છે. તેનું વિશેષત્વ એ છે કે આ પ્રયોગમાં ઇબ્ન ખાલ્દુને સંપૂર્ણ રીતે અને સમગ્રતયા 'ધાર્મિક ઇસ્લામી રાજ્ય'ના આદર્શને વરી બેઠેલા વિશાળ મુસ્લિમ સમુદાય (વિદ્વાનો, શિક્ષિતો અને મુસ્લિમ નાગરિકો) સમક્ષ, ધર્મનો ત્યાગ કર્યા વિનાય, સાંસારિક ધર્મનિરપેક્ષ (સેક્યુલર) રાજ્યનો ખ્યાલ રજૂ કર્યો છે. ખાલ્દુનનો હેતુ ઇચ્છા-અનિચ્છાએ પણ જે આકાર અચૂક વિકસી રહ્યો છે ને જેને કારણે ધર્મસત્તા અને રાજસત્તા વચ્ચે વિવિધ સ્તરના સંઘર્ષો-વિગ્રહો થતા રહ્યા છે તે દૂર કરવા સારુ માનસિક-બૌદ્ધિક ભૂમિકા ઊભી કરવાનો છે. આ રીતે ખાલ્દુન ઇસ્લામી વિચારધારામાં એક નવો અભિગમ દાખલ કરે છે, અમુક સ્તરે ધર્મ અને રાજ્ય, અથવા ધાર્મિક અને સાંસારિક ક્ષેત્રો જુદાં પડે ત્યારે એ બેઉનું, તે પૂરતું, સ્વતંત્ર અસ્તિત્વ અને સ્થાન સૂચવે છે.

* આમ, ઇબ્ન ખાલ્દુને અસાધારણ ઊંડાણ અને વૈચારિક મૌલિકતા સાથે, પરંપરાગત ધર્મચિંતનનો આધુનિક રાજકીય ચિંતન સાથે તંતુ જોડી આપ્યો હતો.

ઇબ્ન ખાલ્દુન 'ખલીફા' અને 'મુલ્ક' એવા બે પ્રકારો વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરે છે. આ ભેદમાં વર્તમાનયુગી વિકાસની સમસ્યાને સમજવા માટેની, તેમ જ સાથોસાથ તેના ઉકેલની ચાવી છે.

### સત્તા

**માણસમાં સત્તા અને પ્રભાવકતા તો તેને શક્તિ આપનાર, આગળ ધકેલનાર બળ છે (અહીં બર્ટ્રાન્ડ રસેલ પુરસ્કૃત 'સત્તા'ની યાદ આવે છે.) પરસ્પરનો વિનાશ રોકવો હોય તો માનવીની અશુભ વૃત્તિ કાં તો ધર્મના પ્રભાવથી સંયત કરવી રહી અથવા તો કોઈક શાસકની સત્તાને જોરે. પહેલા કિસ્સામાં દૈવી કાયદાની સત્તા કુદરતી નિયંત્રણ ઉપજાવે છે; બીજામાં માનવીય બૌદ્ધિક શક્તિ ખપમાં આવે છે.**

'મુલ્ક' એટલે કે સત્તા-આધારિત શાસન મનુષ્ય માટે સહજ છે. હા, ધર્મ-આધારિત શાસન એનાથી ચઢિયાતું ખરું, પરંતુ મોહમ્મદના જેવી પયગંબરી શક્તિ કંઈ માનવી માટે સહજ નથી, અને રાજકીય શાસન માટે એ અનિવાર્ય પણ નથી. સામાજિક અને બૌદ્ધિક માણસની જરૂરિયાત જોતાં સત્તાશાસન એને

માટે કુદરતી જરૂરિયાત છે. છેવટે તો, મોટા ભાગની માનવજાતને પયગંબર વિના જ જીવવું પડતું હોય છે. તે ગાળા દરમ્યાન શાસકો સત્તાના જોરે અને/અથવા 'અશબિયા'ના જોરે ટકતા હોય છે. 'અશબિયા' એટલે કે 'જમાતની એકતાની લાગણી' વા 'સમાન બંધન'. આ લાગણી અને બંધનના મૂળમાં લોહીની અને કુટુંબની સગાઈ હોય છે. તેના કારણે સઘનતાની લાગણી જન્મતી હોય છે. એથી કરીને રાજય-ઘડતર તથા વંશ-ઘડતરની અનિવાર્યતા તરફ માણસ ખેંચાતો હોય છે. એની નેમ શાસન – સ્વામિત્વ('મુલ્ક')ની હોય છે.

આરંભે આ નેમ 'અશબિયા' ટોળીના મુખી અને કુળના વડા સાથે સંકળાયેલી હોય છે. પાછળથી સાર્વભૌમ સત્તામાં તેનો વિકાસ થાય છે. દા.ત. પયગંબરના અવસાન પછી ચાર ખલીફાઓની 'શરિયત'-આધારિત રાજયસત્તાનો અંત આવતાં ઉમૈયા સરદાર મુઆવિયાએ સત્તા કબજે કરી (ઈ. સ. ૬૬૧–૮૦) ત્યારથી લોકમતને બદલે, વંશવારસાગત રાજસત્તાની પરંપરા ચાલુ થઈ, એની આધારશીલા ધર્મસત્તા (શરિયત)ને બદલે દંડસત્તા બની. આમ, સર્વ સત્તાધીશ રાજાશાહી(ઍબ્સોલ્યૂટ મૉનાર્કી)નું શાસન વિકસ્યું. આ દુન્યવી રાજયસત્તાનું નામ 'મુલ્ક'.

આ દુન્યવી સત્તા (મુલ્ક) દરમ્યાન પણ, વ્યવહારમાં નહીં પણ સિદ્ધાંતમાં તો ઘણા બધા શાસકોએ એ વાત સ્વીકારી હતી કે ઇસ્લામી શાસનમાં અંતિમ 'વીટો' સત્તા ઉલેમા એટલે કે ધર્મસત્તાને હસ્તક છે; અને આદર્શની દૃષ્ટિએ તો 'શરિયત' મુજબ જ રાજવહીવટ ચાલવો જોઈએ. પરંતુ રાજ્યશાસન જેવી દુન્યવી સાંસારિક બાબતમાં અંતિમ સત્તા શાસક(ખલીફ : ઈમામ)ના હાથમાં રહે તે ઇસ્લામી શાસનના હિતમાં છે. 'શરિયત' મુજબ પણ રાજ્યસત્તાના સ્તરે તો ખલીફ શાસક જ સર્વસત્તાધીશ છે.

*

મૂળ 'ખલીફા'માંથી 'મુલ્ક'માં થયેલું આ રૂપાંતર ઐતિહાસિક રીતે અનિવાર્ય હતું. એક વાર ધર્મસત્તા સંયમ અને નિયંત્રણનું તત્ત્વ મટી જાય ત્યારે 'અશબિયા' (સંગઠન-ભાવના) અને તલવાર તેનું સ્થાન લે એ સ્વાભાવિક છે. અને આરબ પ્રજામાંની 'અશબિયા'ની ભાવના – લાગણી ખતમ થયા પછી તો જે કંઈ શેષ રહ્યું છે તે દંડસત્તા આધારિત શાસન જ.

* ટૂંકમાં, આરંભે શુદ્ધ ખલીફા અસ્તિત્વમાં હોય છે, બીજી કક્ષાએ ખલીફા અને મુલ્કનું મિશ્રણ અને ત્રીજી કક્ષાએ એકલું મુલ્ક. આ કક્ષાએ ખલીફામાંથી અશબિયાનું તત્ત્વ જુદું પડી ગયું હોય છે.

આ પરથી એવા તારતમ્ય પર અવાય છે કે વ્યક્તિ અને તેના સમાજ તથા રાજ્યના કલ્યાણ માટે 'કાયદાનું શાસન' (કાનૂનિન સિયાસિયા) અનિવાર્ય છે. એનો અર્થ એ કે એવું શાસન કે જેમાં 'મુલ્ક'ના વહીવટની સુવ્યવસ્થા માટેના કાયદા હોય, તથા જેની અધિકૃતતાનો આધાર વિજયો અને બળની શક્તિ પર હોય. અને આવા શાસન અને તેની પ્રજા બંને વચ્ચેના સંબંધનું નિયંત્રણ કરનારાય કાયદા હોય. જો રાજ્ય આવા કાનૂની નિયમો અને નિયંત્રણો વિનાનું હોય તો એનો વહીવટ સારો નહીં હોવાનો, અને એની સત્તા પૂર્ણ નહીં બનવાની.

એ ભૂલવું ન જોઈએ કે રાજકીય કાયદાઓ પણ 'શરિયત'નો જ એક ભાગ છે. તેથી જ તો ખલીફામાં ધાર્મિક અને રાજકીય એકતાની વિભાવના સ્વીકારાયેલી છે. અને ઉપર જણાવેલી ત્રણ કક્ષામાંથી વચલી કક્ષા એટલે કે 'મિશ્રિત ઇસ્લામી-મુલ્ક'માં પણ 'મલિક' (સુલતાન) તેની રૈયત(મુસ્લિમ)ના આ જન્મ અને આવતા જન્મ માટેના કલ્યાણને પ્રોત્સાહન આપવાનો ધર્મ બજાવે છે. આમ, ચુસ્તપણે જોતાં, ધાર્મિક બાબતો શાસનની રાજકીય અને સામાજિક જરૂરિયાતોને જ વશ રહે છે ભલેને પછી, મલિકે ખલીફા અગર ઈમામનો ખિતાબ ધારણ કરેલો હોય.

રાજકીય જીવનની વાસ્તવતા અને ખલીફાના આદર્શ ધોરણ વચ્ચેનો વિરોધ અહીં પ્રગટ થાય છે. (આ આદર્શનો અંત મુઆવિયા, ઉમૈયા અને અબ્બાસી શાસનમાં જોવા મળે છે). પરંતુ, ખલીફા માત્ર આદર્શ નથી; ઈસ્લામી રાજ્ય અને સામ્રાજ્યમાં રાજકીય સત્તાનો એ તો મૂળ સ્રોત છે. એની અસરકારક માર્ગદર્શક સત્તા સમય જતાં ઘસાતી ગઈ છે એટલું જ.

રાજ્ય 'ધર્મસત્તાક' હોય કે 'દુન્યવીસત્તાક' (બિનસાંપ્રદાયિક) હોય, એને કુદરતી એવી ચાર સ્થિતિ હોવાની : વિકાસ, ટોચ, ક્ષય અને પતન. એક શાસકવંશનું પતન થતાં બીજો વધુ શક્તિશાળી વંશ એનું સ્થાન લે છે. જો તેનો સ્થાપક મુસ્લિમ હશે તો તે તેના સમર્થકોની 'અશબિયા' (ઐક્ય ભાવના) સાથે ધાર્મિક ઉત્સાહનું સંયોજન કરશે. આનો અર્થ એ છે કે શાસકવંશના જીવન-વર્તુળ-ક્રમ સાથે એક 'સત્તા' તરીકે ધર્મ સંકળાયેલો રહે છે. ઉમૈયા અને અબ્બાસી શાસનો દરમ્યાન આ પ્રક્રિયા જોવા મળે છે.

માનવીય પ્રકૃતિની ઊંડી સમજની સાથોસાથ રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કારિક બળોના આંતરિક પારસ્પરિક વ્યવહારની પણ સમજ જરૂરી છે. વિકાસ અને હ્રાસની પ્રક્રિયા માટે આ અનિવાર્ય છે. ઈબ્ન ખાલ્દુનના મતે, નૈતિકતાના માનદંડથી મૂલ્યાંકન કરવાને બદલે, જે ઘટના અનિવાર્યતયા બનતી હોય ત્યારે તેમાંથી અનુભવગમ્ય તારતમ્યો તારવવાં જરૂરી છે.


જેમ જેમ માનવસંસ્કૃતિ(ઉમરાન)માં ભ્રમણશીલ ટોળીઓ વિકસીને નગરો સ્થાપીને વ્યવસ્થિત સ્થાયી અને સંપન્ન જીવન જીવતી થાય છે તેમ તેમ રાજકીય સંસ્થાની અનિવાર્યતા ઊભી થાય છે. જેમ જેમ નગર જીવનમાં અમુક સગવડો અને સુખવિલાસ ઉપલબ્ધ થાય છે તેવું જ રાજ્ય અને અન્ય સામાજિક વિકાસમાં છે. આ બધા વિકાસમાં શુભ અને અશુભ ભેગાં હોય છે.

*

ટૂંકમાં ઈબ્ન ખાલ્દુન એવા તારતમ્ય પર પહોંચે છે કે જ્યાં લગી 'શરિયત'નો પ્રભાવ રહ્યો ત્યાં લગી ધર્મનિષ્ઠ–જ્ઞાનનિષ્ઠ ઉલેમાઓનું વર્ચસ રહ્યું. અને દુન્યવી સત્તાઓનું અર્થઘટન અને નિયંત્રણ કરવામાં તેમનો ફાળો મોટો રહ્યો. પરંતુ, ધર્મને સ્થાને 'દુન્યા' અથવા 'સુલતાન'નો પ્રભાવ વધ્યો તેમ તેમ સમતુલા ગુમાવાતી ગઈ અને સત્તા આધારિત રાજ્ય એટલે કે 'મુલ્ક'ની કક્ષાઓ પતન થયું. અને જેઓ 'અશબિયા' દ્વારા કે બળ દ્વારા નિયંત્રણ જાળવવા શક્તિમાન હતા એમના હાથમાં વહીવટી સત્તા કેન્દ્રિત થઈ; અને તેટલા પ્રમાણમાં ઉલેમાનું કાર્યક્ષેત્ર સંકુચિત થયું. ખાસ કરીને, ધર્મની બાબતમાં કાનૂનનો સવાલ આવતો ત્યાં તેના 'ફતવા' (વીટો) માટે અવકાશ રહેતો — જોકે, ત્યારેય, એનું કેટલું ઊપજતું એ તો સવાલ છે જ.

ધીમે ધીમે કરતાં ધર્મ અને રાજકારણનાં ક્ષેત્રો સ્પષ્ટપણે જુદાં થયાં. અને તે બંનેના વ્યવહાર માટેના ભિન્ન નિષ્ણાતોનો સ્વીકાર થવા લાગ્યો. અલબત્ત, નાગરિકોનાં માનસ અને જીવન ઉપર ધર્મની અસર પડે તે માટેય તેના જીવનમાં અન્ય પાસાંને ધર્મે લક્ષમાં લેવાં જ રહ્યાં; અને અશબિયા તથા સત્તાની મહેચ્છા માટે ધર્મે સ્થાન કરી આપવું રહ્યું, ધમ જીવંત રહેવું હોય તો આટલું કરવું રહ્યું.

# રજપૂત-મરાઠા પ્રતિકારની પરંપરા




The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line.

## ખંડ-૩

ગુજરાતની ગાદીના છેલ્લા હિંદુ-રજપૂત રાજા કરણઘેલાની વાત જાણીતી છે. એના દેશદ્રોહી પ્રધાન માધવની વાત પણ જાણીતી છે. એણે દિલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીન ખલજીને ગુજરાત પર આક્રમણ કરવા આમંત્રણ પાઠવ્યું. . . પોતે જાતે જઈ તેડી લાવ્યો.

અલ્લાઉદ્દીનના સેનાપતિ અલફખાને લશ્કર લઈ કૂચ આદરી, ઝાલોરના વીર રાજપુરુષ કહાનડદે અને તેનો વીર સપૂત 'વિરમદે' ભવ્ય સંગ્રામ ખેલી ખપી ગયા અને લશ્કર બનાસ થઈ મોડાસા આવી પહોંચ્યું.

દીઠી વાત સમરસી રાવળ આવ્યાં કટક બનાસ
ધુમાટા પહોંતા ગુજરાતે તત્ક્ષણ પડિયો ત્રાસ.
પગરજ ઊડી થયું અંધારું ગગન ન સૂઝે ભાણ!
ચાલી દળ મોડાસે આવ્યાં, ઢમઢમિયાં નિશાણ

અને ગુજરાતના પ્રવેશદ્વાર સમા મોડાસાએ પ્રથમ પ્રહરીને છાજે એવો માથું મૂક્યાંનો પડકાર કર્યો!

ચઢી આવ્યા સુણી મ્લેચ્છ મુંછાળા રણે રાજવટ કીધી
બતડે ભણે : "સામા ઘા લેશું" (અન્ન) આખડી લીધી.
પૂર્વે પૂર્વજને બહુ વિત્યું, છેલ ભણે નવ છાંડું
અસપતિના દળ સ્હામો ચાલ્યો લેઈ ઉઘાડું ખાંડું"

પરંતુ ગમે તેવી વીરતા અને કુરબાની છતાં, ખાનની જંગી ફોજ અને ગંજાવર શસ્ત્ર-સાધનો સામે મોડાસાના થાણાના એક ઠાકોરનું શું ગજું? છતાં એક વાર તો બતડે દુશ્મન ફોજનો ઘાણ વાળી નાખ્યો હતો :

દાટ વાળી દળ કેરો પડતાં બતડ વખાણ્યો ખાને
જયજયકાર થતે સરગાપુરી વિચર્યો ચઢી વિમાને!

બતડ જેવા વીરને ધરણી પર ઢળી પડતો જોઈ દુશ્મન ખાન પણ પ્રશંસા કર્યા વિના ન રહી શક્યો!

('કહાનડદે પ્રબંધ'ના આધારે)

●

# રજપૂત પ્રતિકારની ગૌરવગાથા

રાજસ્થાનના ઈતિહાસ અંગે કર્નલ ટૉડે જે ગ્રંથો લખ્યા છે અને તેમાં હિંદુ રજપૂત રાજાઓની અદ્ભુત વીરતા, ઉદારતા, દેશદાઝ અને સંકલ્પશક્તિ તથા ત્યાગ-કુરબાનીની અનેક રોમાંચક ગાથાઓ આલેખી છે. ખાસ કરીને, મેવાડના રાજવંશી બાપ્પા રાવળથી માંડી રાણા રાયમલ્લ, રાણા સંગ, પૃથ્વીરાજ, જયમલ્લ તથા રાણા ઉદયસિંહ, રાણા પ્રતાપસિંહ, રાણા અમરસિંહ, રાણા રાજસિંહ અને ભીમસિંહ ઉપરાંત જયસિંહ અને રાણા સંગ્રામસિંહ : મેવાડના આ સપૂતોની ગાથાઓમાં ઈતિહાસ ઉપરાંત દંતકથાઓ અને લોકકથાઓનો સંભાર ભારોભાર છે. આપણા ઈતિહાસનાં પાઠયપુસ્તકોમાં મોટે ભાગે એના પરથી ઐતિહાસિક પાઠો લખાતા રહ્યા છે.

*અહીં આપણે ઈતિહાસની માન્ય હકીકતોના આધારે (મોટે ભાગે ભારતીય વિદ્યાભવનના 'ધ હિસ્ટરી ઍન્ડ કલ્ચર ઑફ ધ ઈન્ડિયન પીપલ' ગ્રંથો ૬–૭ના આધારે) મેવાડના રોમાંચક ઈતિહાસનો ટૂંકો પરિચય આ વિશિષ્ટ પ્લેટ રૂપે રજૂ કરીએ છીએ.

શાહબુદ્દીન ઘોરીના હાથે ચૌહાણ વંશી પૃથ્વીરાજ અને કાન્યકુબ્જના જયચંદ્રની હત્યા થઈ; ત્યાર બાદના બરાબર એક સૈકા સુધી મેવાડનું રજપૂત રાજ્ય વચગાળાના ઝંઝાવાતો વટાવીને અડીખમ ઊભું હતું.

અલ્લાઉદ્દીન ખલજી દિલ્હીનો ગાદીપતિ બન્યો (ઈ. સ. ૧૨૯૬). બાદ, તેણે મેવાડનો કબજો લેવા ચિતોડગઢનો ઘેરો ઘાલ્યો (૧૩૦૩). હવે પછીના કપરા દિવસો સમજી જઈને ત્યાંના સામંતોએ ગોહિલ પરિવારના રત્નસિંહને ગાદી પરથી હઠાવીને સિસોદિયા વંશના રાણા લક્ષ્મણસિંહને હસ્તક સુકાન સોંપ્યું. અને લક્ષ્મણસિંહ પોતાના સાત કુમારો સહિત રણમેદાનમાં વીર-શય્યાએ પોઢયો. ચિતોડનો ગઢ પડયો (ઈ. સ. ૧૩૦૩).

પરંતુ મેવાડના રાણાઓએ શરણાગતિ સ્વીકારવાને બદલે સ્વાધીનતા પાછી હાંસલ કરવાનો જંગ સંજોગો અનુસાર જારી રાખ્યો. ઈ. સ. ૧૩૧૪માં આ વંશના વીર હમીરે અરવલ્લીની પહાડીઓમાં પોતાનાં થાણાં નાખી, મેવાડ અને મારવાડ બંને સરહદે દુશ્મનને ભીંસમાં લીધો. સામેથી દિલ્હીપતિ મહમૂદ ખલજી પોતે સૈન્ય લઈ ધસી આવ્યો.

વીર મેવાડેએ દિલ્હીના સૈન્યને પરાસ્ત કરી, ખુદ સુલતાનને ગિરફતાર કરી ત્રણ મહિના ગઢની અંદર પૂરી રાખ્યો. અને સંધિ થતાં રજપૂતોનું ગૌરવ સચવાય એવી શરતોએ સુલતાનને ઝૂકવું પડયું. આ પછીય હમીર એના પ્રદેશને સલામત અને સુદૃઢ બનાવવા જિંદગીના અંત લગી (ઈ. સ. ૧૩૭૮) મથતો રહ્યા.

*

અરધી સદી પછી, વળી આ વંશમાં રાણો કુંભ પાકયો. એણે ગાદીપતિ બનતાં (ઈ. સ. ૧૪૩૩) માળવા અને ગુજરાતના સ્વતંત્ર મુસ્લિમ સુલતાનોની ધોંસ તોડવા જંગ શરૂ કર્યો. રાણાએ આ સુલતાનોનાં સમુદ્ર સમાં ઝંઝાવાતી સૈન્યોને વેરવિખેર કરી નાખ્યાં. રાણો કુંભ "ભારતના મધ્યયુગી ઈતિહાસમાં મહાન રાજ્યપુરુષ" તરીકે અંકિત થઈ ગયો.

રાણા કુંભે તેના શાસન(ઈ. સ. ૧૪૩૩–૬૮)નાં ૩૫ વર્ષમાંથી ૨૪ જેટલાં તો યુદ્ધોમાં વિતાવ્યાં હતાં. છતાં બીજી બાજુ વેદો, ઉપનિષદો, સ્મૃતિઓ, મીમાંસા, વ્યાકરણ અને રાજનીતિ તથા સાહિત્યના ક્ષેત્રે તેની સિદ્ધિઓ અદ્ભુત હતી. તેણે પોતે સંસ્કૃત કવિ જયદેવના 'ગીતગોવિંદ' કાવ્યની ટીકા લખી છે; 'ચંડી શતકમ્'નું વિવરણ કર્યું છે. વળી, મહાન નાટયકાર 'ભરત'ની યાદ આપે એવો એ નાટયકાર હતો. એણે તેનાં ચાર નાટકોમાં ચાર પ્રાદેશિક ભાષાઓનો ઉપયોગ કર્યો છે. એ ઉત્તમ સંગીતકાર હતો અને તેણે સંગીતશાસ્ત્ર ઉપર ગ્રંથો લખ્યા છે (સંગીતરાગ, સંગીત મીમાંસા, સૂર પ્રબંધ).

આ રાણા કુંભના શાસનકાળમાં જ તેના આશ્રિત સ્થાપત્યકાર મંડને સિક્કા અને મકાનો અંગે ગ્રંથો તૈયાર કર્યા છે; મંડનના ભાઈ નાથે અને તેના પુત્ર ગોવિંદે સ્થાપત્યકલા પર અનેક ગ્રંથો લખ્યા છે. મેવાડના ૮૪માંથી ૩૨ ગઢો પણ એના જ શાસન દરમ્યાન બંધાયા હતા; અનેક મંદિરો, જૈન-દેરાં અને કૂવા-વાવો તૈયાર થયાં હતાં.

આવા આ મહામના રાજવીની, તેના પુત્ર ઉદયના હાથે, ગાદીની લાલસામાં, હત્યા થતાં એક તેજસ્વી પ્રકરણનો કરુણ અંત આવ્યો હતો.

*

રાણા કુંભની હત્યા પછી ચાર દાયકે તેનો પૌત્ર રાણો સંગ (ઈ.સ. ૧૫૦૯–૨૮) ૨૭ વર્ષની વયે ગાદીએ આવ્યો અને ૪૬ની વયે અવસાન પામ્યો હતો.

રાણા સંગના શાસનનાં ૧૯ વર્ષમાંથી ૧૫ વર્ષ તો મેવાડને સ્થિર – આબાદ કરવામાં વીત્યાં હતાં. ખાસ કરીને ગુજરાત અને માળવાના મુસ્લિમ સુલતાનો સામેની મોરચાબંદીમાં રાણો સંગ "રજપૂત સત્તાની રક્ષા માટે મરી ફીટનારો અગ્રણી ભારતીય હતો." તેણે માળવાના સુલતાનને ૬ માસ કેદમાં રાખ્યા પછી પોતાને અનુકૂળ સંધિ માન્ય કરી હતી.

રાણા સંગના શાસનના અંત સમયનો, સુલતાન ઈબ્રાહીમ લોદી સામેનો વિજય, તેની "કીર્તિની કલગી-રૂપ" બની ગયો. આ પછીય, લોદીની સત્તાને નામશેષ કરવાના વ્યૂહમાં (દિલ્હી સર કરવાના વ્યૂહમાં?) મદદ મળે એ હેતુથી, કાબુલમાંના મોગલ સુલતાન બાબરને તેણે સંદેશો પાઠવ્યો. બાબર એનો લાભ લઈ ધસી આવ્યો; તેણે પંજાબનો કબજો લઈ, પાણીપતના યુદ્ધમાં ઈબ્રાહીમ લોદીને પરાસ્ત કર્યો (એપ્રિલ, ૧૫૨૬). આ સમયે રાણો સંગ પોતે જ ગુજરાતના સુલતાન સાથેના ઘર્ષણમાં અટવાયો હતો. તેની ગણતરી એવી પણ હતી કે માતબર લૂંટથી સંતોષાઈને બાબર પાછો ચાલ્યો જશે; અથવા તો લોદીઓ અને મોગલો માંહોમાંહે લડીને પાયમાલ થશે!

ઈતિહાસકાર ફરિશ્તા જણાવે છે કે, રાણાને જેવો ખ્યાલ આવી ગયો કે બાબર પાછો ફરનાર નથી કે તરત તેણે એની સામેના જંગની પાકી તૈયારી કરવા માંડી. તેના પહેલા કદમ તરીકે, બાબરે પદભ્રષ્ટ કરેલા ગુજરાતના સુલતાન(પ્રિન્સ બહાદુર)ને સત્તા પર પાછો સ્થાપવા કોશિશ આરંભી.

રાણાનું રજપૂત સૈન્ય આગ્રા તરફ પુરઝડપે ધસી ગયું. રસ્તામાં બાબરના ૧૫૦૦ સૈનિકોનો ઘાણ કાઢી તે આગ્રા તરફ વધી રહ્યું હતું. ફતેહપુર સિક્રી ખાતે અંતિમ સંગ્રામ આવી પડયો (ફેબ્રુઆરી, ૧૫૨૭). ખુદ બાબરના કહેવા પ્રમાણે "રજપૂત સૈન્ય બે લાખનું હતું", ત્યારે પોતાનું માત્ર ૧૫,૦૦૦થી મોટું ન હતું. (સ્મિથના મતે રાણાના સૈન્યમાં ૮૦,૦૦૦ ઘોડેસવારો અને ૫૦૦ ગજસવારો હતા.) છતાં, આ જંગમાં રાણા સંગનો પરાજય થયો.

## નવું પ્રકરણ

મહારાણા સંગની હત્યા પછી મેવાડના ઇતિહાસનું નવું પ્રકરણ શરૂ થયું. મોગલ શહેનશાહ અકબર ગાદીએ આવ્યો (ઈ. સ. ૧૫૫૬) અને એણે કેટલાક રજપૂત રાજાઓને પોતાને પડખે લઈ મેવાડને કબજે કરવાનું નિરધાર્યું. ઉત્તર ભારતનાં હિંદુ રાજ્યોમાં આ એક જ સ્વતંત્ર રહી ગયું હતું. જોકે, ચિતોડનો ગઢ મોગલોના હસ્તક પડ્યો હોઈને રાણા સંગના વારસદાર પ્રતાપસિંહ પોતાની રાજધાની તેના પિતા ઉદયસિંહે વસાવેલી નગરી ઉદયપુરમાં ખસેડી હતી.

અકબરને આશ્ચર્ય એ વાતનું હતું કે પ્રતાપસિંહ મોગલ શહેનશાહત સામે એકલપંડે ઝૂઝતો રહ્યો હતો, અને વારંવાર પરાજય મળવા છતાં એ એની પ્રતિજ્ઞામાં અટંકી હતો. સ્વાધીનતાનો ઝંડો એણે ઝૂકવા દીધો ન હતો.

પ્રતાપસિંહનો જન્મ ઈ. સ. ૧૫૩૯માં થયો હતો. ૩૩ વર્ષની વયે (ઈ. સ. ૧૫૭૨) તે ગાદીએ આવ્યો અને ચાર વર્ષમાં જ (ઈ. સ. ૧૫૭૬) એને હલદીઘાટનું ભીષણ યુદ્ધ મોગલ સમ્રાટ અકબર સામે ખેલવાનું આવ્યું.

અલબત્ત, એણે મેવાડની ગાદી પરનાં આરંભનાં આ ચાર વરસનો ઉપયોગ યુદ્ધની તૈયારી માટે જ કર્યો હતો. એણે પોતાના પ્રદેશના પહાડી ભીલોને ગેરીલા યુદ્ધની તાલીમ આપી હતી; તો ક્ષત્રિયો તરીકે પોતાનું ગૌરવ કરનાર આ રાણાને ભીલોએ વફાદારી આપી હતી. વધુમાં, વ્યૂહના ભાગરૂપે પ્રતાપસિંહે હકીમ સૂર પઠાણ જેવા અફઘાનને પોતાને પક્ષે ખેંચી લીધો હતો.

હલદીઘાટમાં પોતાના વફાદાર અશ્વ ચેતકના સહારે ભારે પરાક્રમભર્યો જંગ ખેલ્યા પછી, પરાજયની સ્થિતિ દેખાતાં, તે કુનેહપૂર્વક ભાગી છૂટ્યો. પોતાના પરિવારને સાથે લઈને જંગલમાં ગુપ્ત થાણું નાખીને પડ્યો. (આ સમયની તેની આત્યંતિક ગરીબીનું આલેખન ઐતિહાસિક નથી.) બીજી બાજુ, પ્રતાપસિંહને માત્ર પરાજિત કર્યાનો સંતોષ અકબરને ન હતો. છેવટે એ પોતે મોટું સૈન્ય લઈ નીકળી પડ્યો ત્યારે રાણાએ જંગલોમાંના રસ્તા ચારે બાજુથી મુશ્કેલ બનાવી દીધા હતા.

અકબર ઉદેપુરમાં થાણું નાખી બેઠો અને રાણાને જીવતો કે મરેલી હાલતમાં પકડી લાવવા અવારનવાર પોતાના ઉત્તમ સરદારો(માનસિંહ, રાજા ભગવાનદાસ, કુતબુદ્દીનખાન, મિર્ઝાખાન, શાહબાઝખાન, મીરબક્ષી, રાજા જગન્નાથ વગેરે)ને મોટાં સૈન્યો સાથે ધકેલ્યા. પરંતુ અકબરના હાથ હેઠા જ પડ્યા. પ્રદેશ આખો સર કર્યા પછીય મહારાણા મુક્ત હતો અને ગેરીલા યુદ્ધો ખેલ્યા કરતો હતો!

ધીમે ધીમે કરતાં, રાણા પ્રતાપે આઠ વરસના ગાળા દરમ્યાન, ખાસો એવો પોતાનો પ્રદેશ પાછો કબજે કરી લીધો હતો. અને એ પ્રદેશમાં મોગલોના એક સિપાહીને સુધ્ધાં દાણા કે બીજી સગવડો ન મળે તેવો પાકો બંદોબસ્ત કરી રાખ્યો હતો. આ માટે ખેડૂતોએ પાક પકવવાનું છોડી દઈ, 'ધીખતી ધરા'નો રાહ સુધ્ધાં અપનાવ્યો હતો! મોગલોને ખોરાકીની સામગ્રીય છેક અજમેરથી મેળવવી પડતી.

બીજી બાજુ, મુસ્લિમ તાબાના માળવામાંથી રાણો પ્રતાપ ૨૫ લાખ રૂપિયા અને ૨૦ હજાર અશરફી લૂંટી લાવ્યો હતો. એક વાર તો, રાજકુમાર અમરસિંહ મોગલ છાવણીમાં ઘૂસી જઈ મિર્ઝાખાન(ખાનખાનાન)ની બીબીને કેદ કરી લઈ આવ્યો હતો; તેને માનભેર રાખીને, સન્માનપૂર્વક પાછી પતિને ત્યાં પહોંચાડી દીધી હતી.

* વનવાસમાં જ પડેલો રાણા પ્રતાપ ૧૫૯૭માં મૃત્યુ પામ્યો ત્યાર પૂર્વે તેણે અજમેર, ચિતોડ અને મંડલગઢ સિવાયનો તમામ મેવાડી પ્રદેશ સ્વાધીન કરી લીધો હતો. અકબર જોવાને લાચાર બનાવ્યો હતો. (અકબર રાણા પ્રતાપની વીરતાથી અંજાઈને ઉદાર વલણ રાખતો હતો, એવું બયાન ઇતિહાસસિદ્ધ નથી.).

**ઇતિહાસકારો રાણા પ્રતાપને બધી રીતે શિવાજી મહારાજના પૂર્વસૂરિ તરીકે પ્રમાણે છે.**

*

મહારાણા પ્રતાપનો પાટવી કુંવર અમરસિંહ ગાદીપતિ બન્યો (૧૫૯૭), પરંતુ અકબર તેનેય જંપીને જીવવા દેવા તૈયાર ન હતો. પોતાના પુત્ર સલીમ(ભવિષ્યના જહાંગીર)ને સૈન્યો લઈ વારંવાર ધકેલ્યો; પણ તેય થાકયો; અકબરે છેલ્લો દાવ નાખ્યો : મહારાણા પ્રતાપના ભાઈ સાગરને ગાદીપતિ બનાવીને અમરનો કાંટો કાઢી નાખવાનો. પરંતુ એ કામ પાર પડે તે પહેલાં શહેનશાહ અકબર જ ફાની દુનિયાથી વિદાય થઈ ગયો...


સલીમ, હવે જહાંગીરના નામે, ગાદીનશીન થયો (ઈ. સ. ૧૬૦૫) તેવો જ તેણે તેના પુત્ર પરવીઝને મેવાડ જીતવા દોડાવ્યો. ૨૦,૦૦૦નું સૈન્ય તથા આસફખાન અને મિત્રતાનો દેખાવ કરનાર સાગરને સાથે લીધા. પરંતુ ત્યારે તો, બાજી પલટાઈ ગઈ હતી : માનસિંહના ત્રણ પિતરાઈઓ અને ભગવાનદાસના પૌત્રો રાણા અમરને પડખે જઈ રહ્યા હતા, તેની જાણ થતાં જહાંગીર પોતે અજમેર ઊપડ્યો. આ દરમ્યાન મેવાડના સૈનિકોની ખોરાકીના માર્ગો કપાઈ ગયા હતા, હથિયારોની પણ ટાંચ હતી; ઉપરાંત, જહાંગીરનો બીજો પુત્ર ખુર્રમ (પાછળથી શાહજહાં) મેવાડી સૈનિકો પર – તેમનાં બાળકો અને સ્ત્રીઓ પર – ઘાતકી અત્યાચાર ગુજારી રહ્યો હતો; સૈનિકો ત્રાસી ગયા હતા. . , .

છેવટે, વરસોથી યુદ્ધમાં રમમાણ રહેલા કુમાર કર્ણસિંહે, મહારાણા અમર સંમત નહીં થાય એમ સમજીને, મોગલો સાથે સમાધાન કરવા સ્વતંત્ર પ્રયાસ કર્યો. અંતે, મહારાણાને જાણ થતાં તેણેય નાછૂટકે સંમતિ આપી. જહાંગીરે ભારે સન્માન સાથે તેમના હસ્તક મેવાડનો આખો પ્રદેશ સુપરત કર્યો.


અમરસિંહ ઈ. સ. ૧૬૨૦માં મૃત્યુ પામ્યો અને કુમાર કર્ણ ગાદીએ આવ્યો. પરંતુ, એવામાં જ ખુર્રમ મોગલ શાસનથી સ્વતંત્ર રીતે પોતાની સત્તા જમાવવા મથતો હતો. તેણે રાજસ્થાનમાં દાખલ થઈ લૂંટ ચલાવી. કર્ણે તેને પોતાને ત્યાં ત્રણ માસ આશ્રય આપ્યો. જહાંગીરના મરણ બાદ ખુર્રમ પોતે, શાહજહાં નામ ધારણ કરી ગાદીએ આવ્યો (ઈ. સ. ૧૬૨૮). એ જ વરસે કર્ણનું અવસાન થતાં તેનો પુત્ર જગતસિંહ ગાદીએ આવ્યો. તેણે શાહજહાં સાથે મેળ સાચવી રાખ્યો. જગતસિંહ દાનેશરી તરીકે પ્રખ્યાત બન્યો, એના પછી રાજસિંહ ૨૩ વર્ષની વયે ગાદીનશીન થયો (૧૬૫૨) પરંતુ, ચિતોડનો ગઢ મરામત કરાવવાના સબબે, આશંકિત થઈ, શાહજહાંએ ૩૦,૦૦૦ના સૈન્ય સાથે આક્રમણ કર્યું. રાજસિંહ શરણે ગયો. પાછળથી રાજકુમાર દારા શિકોહના પ્રયાસોથી સમાધાન થયું. પરંતુ શાહજહાંનો બદવર્તાવ ચાલુ રહ્યો. ગમ ખાઈને બેઠેલા રાજસિંહે શાહજહાંની ગંભીર માંદગી(૧૬૫૭)નો લાભ લીધો. વાસ્તવમાં, તેની માંદગી પૂર્વે જ ઔરંગઝેબે બાપની સામે બંડ ઉપાડ્યું હતું. એણે મહારાણા સાથે સમાધાનનો રસ્તો કાઢ્યો. . . . બીજી બાજુ, ઔરંગઝેબથી ત્રાસેલા ભાઈ દારાએ સહાય માટે રાજસિંહને વિનવણી કરી; ત્યારે અગાઉના તેના ઉપકારનો બદલો વાળવાનું રાજસિંહે નકાર્યું.

—આ પછી મેવાડનો ઈતિહાસ સાવ ઝંખવાઈ ગયો . . . નવમો રાણો સંગ્રામસિંહ ૧૮ વર્ષના શાસનમાં 'ઉમદાચારિત્ર' માટે ખૂબ જાણીતો થયો; પરંતુ, સ્વાધીનતાના સંગ્રામનો સૂરજ આથમી ચૂકયો હતો. . . .

**જોકે, આ અરસામાં જ શિવાજીની યશસ્વી કારકિર્દીનો આરંભ થઈ ચૂકયો હતો. સ્વાધીનતા-ની જ્યોત, વળી પાછી, પહાડી પ્રજાનાં ગેરીલા યુદ્ધો રૂપે ઝળહળવા લાગી હતી.**




રાજગઢ



રાયગઢ →

શિવાજી મહારાજના રાજ્યશાસનના પ્રખ્યાત કિલ્લાઓ




The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line.

# ૯ : મરાઠા સત્તા : શિવાજી ક્રાન્તિનું અનુસંધાન

## પ્રવેશક

મરાઠા ઈતિહાસ વિશે કેટલીક વાતો આરંભથી જ લક્ષમાં રાખવા જેવી છે.

સૌથી પહેલી વાત એ છે કે, અંગ્રેજોએ ભારતનો કબજો મોગલો પાસેથી નહીં પણ મરાઠાઓ પાસેથી મેળવ્યો હતો. મોગલોને તેમ જ દક્ષિણ ભારતનાં મુસ્લિમ રાજ્યને પણ મરાઠાઓએ વેરવિખેર કરી નાખ્યાં હતાં. મહાદજી સિંધિયા (ઈ. સ. ૧૭૭૨) દિલ્હીના બાદશાહ શાહઆલમ ૨-જાનો વકીલ મુતાલિક એટલે કે સર્વોચ્ચ પ્રતિનિધિ હતો. હકીકતમાં બાદશાહ મહાદજીની કૃપાથી બાદશાહ હતો. દક્ષિણમાં મુસ્લિમ રાજ્યો — નિઝામ સુધ્ધાં — મરાઠાઓને હાથે હાર્યાં હતાં અને ચોથ આપવાનું કબૂલ કર્યું હતું. આથી અંગ્રેજોને આ દેશને તાબે કરતાં પહેલાં ખરી ટક્કર મરાઠાઓ સાથે લેવી પડી હતી.

બીજી વાત એ છે કે, મરાઠા પ્રભાવ લગભગ મોગલ પ્રભાવ જેટલા જ સમય સુધી, એટલે કે દોઢસો વર્ષ (ઈ.સ. ૧૬૪૬–૧૮૦૨) સુધી રહ્યો હતો. અને આ પ્રભાવ-ક્ષેત્ર લાહોરથી કલકત્તા અને કાશીથી કાવેરી સુધી ફેલાયેલું હતું. હિન્દુસ્તાનની મોટી મોટી રિયાસતો – ગ્વાલિયર, ઇંદોર, વડોદરા, નાગપુર, કોલ્હાપુર, રેવા, તાંજોર: મરાઠી સત્તાની ડાળીઓ હતી.

ત્રીજી વાત એ છે કે, મરાઠી સત્તાનો ઉદય તે કોઈ સહ્યાદ્રિની ગિરિમાળાનાં ગાઢ જંગલોમાં એકાએક પ્રગટેલી આગ જેવો બનાવ નથી, પણ દક્ષિણ ભારતની હિંદુ સંસ્કૃતિએ અનેક મુશ્કેલીઓ વચ્ચે સાચવી રાખેલ સાંસ્કૃતિક મહત્ત્વાકાંક્ષાનો ક્રમિક વિકાસ છે.

ભારતમાં મુસ્લિમોનો પ્રવેશ વાયવ્ય ખૂણેથી થયો અને ઉત્તર ભારત તેમ જ મધ્ય ભારતમાં તેઓ ઝપાટાબંધ ફેલાયા. દક્ષિણમાં ઈ.સ. ૧૨૯૫માં અલ્લાઉદ્દીન ખલજીએ પહેલવહેલો પ્રવેશ કર્યો. દેવગિરિનું યાદવ રાજ્ય લૂંટી ઈ.સ. ૧૩૨૦ સુધીમાં તો મદુરા ને છેક રામેશ્વર સુધી ધાડો પાડી અનર્ગળ દ્રવ્ય દિલ્હી ભેગું કર્યું.

હિમાલયને અભેદ્ય માનનારા આપણે સફળ ચીની આક્રમણ વખતે જેમ બેબાકળા બની ગયા તેવું દક્ષિણાપથના પ્રવેશદ્વાર સમા વિંધ્ય-સાતપુડાની ગિરિમાળાના રક્ષણને ભરોસે જીવનારા એ વખતના દક્ષિણ તરફના હિંદુઓનું પણ થયું હશે. ડઘાઈને સ્તબ્ધ થઈ ગયા હશે. મુસ્લિમ ઈતિહાસકાર બરાનીએ લખ્યું છે: આ મુલકના લોકોએ મુસલમાનોનું નામ પણ સાંભળ્યું નહોતું. મુસ્લિમોના લશ્કરને હાથે તેમને વેઠવું પડયું નહોતું. મુસ્લિમ બાદશાહ કે કુંવરે ત્યાં કદી પ્રવેશ કર્યો નહોતો. આખો મુલક દેવાલયો, સોનું, રૂપું, મોતી-માણેકથી ઊભરાતો હતો.

પણ તે કાળની વાહન-વ્યવહાર પરિસ્થિતિ પ્રમાણે દિલ્હીથી સમુદ્ર સુધીનું રાજ્ય ચલાવવું અલ્લાઉદ્દીન માટે પણ સંભવિત નહોતું. લાંબા અંતરે પુરવઠો કે સમાચાર પહોંચાડવાનું સમયસર થઈ શકે નહીં. મહંમદ તુઘલુકને આની ઝાંખી થઈ હશે એટલે દિલ્હીને બદલે દોલતાબાદથી સલ્તનત ચલાવવાની તેણે કોશિશ કરી જોઈ પણ તે ચાલ્યું નહીં. દરમિયાનમાં સ્થાનિક લોકો હોશમાં આવી ગયા. તેમણે જોયું કે અત્યાચારીઓ

ભલે ધાડો પાડી જાય પણ ટકીને રહી શકે તેવું નથી. એથી ઠેર ઠેર બળવાઓ થયા કર્યા. આવા બળવા માટે આક્રમકોએ દેવગિરિના હરપાલસિંહની જીવતી ચામડી ઉતરાવેલી તોપણ છેક રામેશ્વર સુધી ભડકા તો થયા જ કર્યા અને તેનું પરિણામ વિદ્યારણ્ય સ્વામીની પ્રેરણાથી વિજયનગરના સામ્રાજ્યની સ્થાપનામાં આવ્યું.



કંઈક અંશે ભુલાયેલા આ મહારાજ્યે સવા બસો વર્ષ (હરિહરથી રામરાય–ઈ. સ. ૧૩૩૬–૧૫૬૫) સુધી મુસ્લિમો જોડે ટક્કર ઝીલી, હિંદુઓના ધાર્મિક સ્વાતંત્ર્યનો ઝંડો ફરકતો રાખ્યો. હિંદુ શાસનપ્રણાલી અને હિંદુ સમાજની સારીનરસી બધી વિશેષતાઓ આ મહારાજ્યે જાળવી રાખી, અને ધાર્મિક સ્વાતંત્ર્યના મુદ્દા પર, પૂરની જેમ બધી જગ્યાએ ફરી વળેલા મુસ્લિમ આક્રમકોને ખાળવામાં ભારે ફાળો આપ્યો. એ યાદ રાખવા જેવું છે કે, વિજયનગરનુ સામ્રાજ્ય મુસ્લિમો રામેશ્વર સુધી પહોંચ્યા પછી ફક્ત સોળ વર્ષે જ ઈ. સ. ૧૩૩૬માં સ્થપાયું. અને ઈ.સ. ૧૫૬૫માં સવા બસો વર્ષે નાશ પામ્યું. પણ આ લાંબા ગાળામાં તેણે બજાવેલી કામગીરીનો વારસો પછવાડે મૂકતું ગયું જે પાછળથી શાહજી અને પછી શિવાજીએ સાચવીને ઊંચકી લીધો.

પહેલાં એવું મનાતું કે, શિવાજીએ મરાઠી સ્વરાજની વાતનાં બીજ રોપ્યાં પણ હિંદુઆત્મ-સન્માનના ઈતિહાસમાં શાહજીનું પણ ખેડાણ હતું. વિજયનગરનું સામ્રાજ્ય ખેદાનમેદાન થતાં મહારાષ્ટ્રના હિંદુ રાજાઓએ મુસ્લિમ બહમની રાજ્ય(ઈ. સ. ૧૩૪૭–૧૫૩૮)ના વિભાજન પછી સ્થપાયેલ પાંચ મુસ્લિમ રાજ્યોમાં એક યા બીજા પ્રકારની નોકરી લીધી. વળી, દક્ષિણમાં વિજયનગરના હરીફ તરીકે સ્થપાયેલ બહમની સલ્તનતને મરાઠી રાજપુરુષો સહાયરૂપ થયેલા. તેને ઈતિહાસકારો અવળી રીતે લે છે. વિજયનગરના પતન પછી તેમની પાસે પસંદગી દિલ્હીની સલ્તનતને દક્ષિણમાં ફેલાવા દેવી કે પાંચ વિભક્ત મુસ્લિમ રાજ્યોનું સમર્થન કરવું તે વચ્ચે હતી.

દિલ્હીની સલ્તનત વધારે સમર્થ હતી. એટલું જ નહીં પણ તેને નવી નવી ભરતી અફઘાનિસ્તાન, ઈરાન, તુર્કસ્તાનમાંથી મળી શકે તેમ હતું. દક્ષિણના મુસ્લિમ રાજ્યને નવી મુસ્લિમ ભરતી કરવાનો લગભગ અવકાશ નહોતો. સ્થાનિક હિંદુઓની શુભેચ્છા અને આધાર પર વિશેષ ભરોસો રાખવો પડે તેમ હતું. આથી આ રાજ્યો દિલ્હીની બાદશાહત જેટલાં ઝનૂની અને બેરહમ સામાન્યત: ન હતાં; તેમ થવું તેમને પરવડે તેમ ન હતું.

સમગ્ર મહેસૂલી વ્યવસ્થા તો હિંદુઓના હાથમાં મૂકવી પડી હતી. સૈન્યમાં પણ મરાઠા હતા, આથી હિંદુ ધર્મ તરફ સારી પેઠે સહિષ્ણુતા બતાવવી પડે તેવી સ્થિતિ હતી. મરાઠા રાજપુરુષો અને અન્ય આગેવાનોએ આ હકીકતનો લાભ લઈને હિંદુ ધર્મને મર્યાદિત રીતે પણ જીવતો રાખવાનું પસંદ કર્યું હતું. આ કામગીરીમાં શિવાજી કરતાં તેમના પિતા શાહજીનો ફાળો ઈતિહાસકારો અને પ્રશસ્તિકારોએ નોંધ્યો છે.

મોગલ આક્રમણ નીચે તૂટતા અહમદનગર અને બિજાપુર–બંને રાજ્યોમાં મોગલો સામે લડવાની જવાબદારી શાહજીએ (ઈ. સ. ૧૬૩૩–૧૬૬૪), મલિક અંબર પછી બીજા નંબરે, ઉઠાવી હતી. નાની ઉંમરના બાદશાહોને ખોળામાં બેસાડી રક્ષણ આપ્યું હતું. શાહજહાં જેવા સમર્થ લડવૈયા સામે વર્ષો સુધી ગેરીલા રણ ખેલ્યું હતું. આથી તો પ્રશસ્તિકારે પ્રશસ્તિરૂપે લખ્યું :

જગદીશ વિરંચિકુ પૂછત હૈ
કહો સૃષ્ટિ રચી રખે કૌન કહાં
કર જોરી કહે જયરામ વિરંચિકો
તીર લોક જહાં કે તહાં
શશી વો રવિ પૂરબ પશ્ચિમમેં
તુમ સોય રહો સિર સિંધુમહાં
ઉત્તર દક્ષિણ રક્ષણ કો હૈ,
ઈત સાહજુ હે ઉત સાહિજહાં.
('રાધા માધવવિલાસ ચંપૂ', પૃષ્ઠ ૨૮૦)

આ નાનકડું કવિત શાહજીને એક મહાન પુત્રના દૃષ્ટિવાન ખડતલ પિતા તરીકે સ્થાપે છે. ઉત્તરમાં શાહજહાં અને દક્ષિણમાં શાહજી થોડાં વર્ષો પછી ગોઠવાયા : ઉત્તરમાં ઔરંગઝેબ, દક્ષિણમાં શિવાજી. બ્રહ્માને પછી સૃષ્ટિ વિશે વિચારવાનું નહીં રહ્યું હોય!

ઈતિહાસમાં એકાએક કશું બનતું નથી. એકાએક બન્યું તેવું લાગે છે પણ તપાસીએ તો કાર્ય-કારણની સાંકળ મળી શકે.

દેવગિરિના હરપાળદેવ (ઈ. સ. ૧૩૦૭–૧૩૧૭), વારંગલના ગજપતિ પ્રતાપરુદ્રદેવ (ઈ. સ. ૧૩૦૮– ?), ગંગાદેવી — મદુરાના મુસ્લિમ સુલતાન સામે ઝૂઝનાર વિજયનગરના કુમાર કંપનની કવિ-પત્ની, જેણે સંસ્કૃતમાં મદુરા-વિજય પર મહાકાવ્ય લખ્યું હતું તે, ચૌદમી સદીના આરંભના હોયસળ રાજા વીર બલ્લાલ, વિજયનગરના પ્રેરણામૂર્તિ સ્વામી વિદ્યારણ્ય અને રાજા કૃષ્ણદેવરાય (ઈ. સ. ૧૫૦૯–૧૫૨૯), મલિક અંબર (અહમદનગર ઈ. સ. ૧૬૦૦–૧૬૩૦) અને શાહજી. આમ ઉત્તરના આક્રમણ સામે પરિસ્થિતિ અનુસાર સામનો કરવાની દક્ષિણની સાંકળ ચાલ્યા કરી છે. શિવાજી તેનો આખરી અને સફળ સામનો કરનાર પુરુષવીર છે.

મરાઠી સત્તાના ઉદય વિશે એક ચોથી વાત પણ લક્ષમાં રાખવા જેવી છે, જે તેની આંતરિક સાબૂતી છે.

મરાઠા સત્તા દોઢસો વર્ષ ચાલી. મોગલો અને અંગ્રેજો બંનેની સામે તેણે ટક્કર લીધી. આ સામના દરમિયાન પહેલાં સો વર્ષમાં ચાર મોટી આફતો આ સત્તા પર આવી પડી.

કોઈ પણ પ્રાણી જીવંત છે કે મરેલું તેનો આધાર તે પરિસ્થિતિનો પડકાર ઝીલી કાંઈ રસ્તો કાઢી શકે તેમ છે કે નહીં તેના પર ગણાય. ઈતિહાસકાર ટૉયન્બીએ આ લક્ષણોને પડકાર અને જવાબની પ્રક્રિયા કહી છે. જીવતી સંસ્કૃતિ આહ્વાન વખતે ઢળી પડી નથી કે કોચલામાં ભરાઈ બેસી આત્મરૂંધણ કરતી નથી. તે ઝૂઝવાના કે વાજબી સમાધાનના રસ્તા શોધી પાર ઊતરે છે. પડકારનો પ્રતિકાર એ જીવંતતાનું લક્ષણ છે. આથી જ કુંતાજીએ જ્યારે તેમને વરદાન માગવાનું કહ્યું ત્યારે વિપત્તિઓ આવતી રહે તેવું માગ્યું.

મહામના રાનડેના મતે આ ચાર આફતો નીચે મુજબની હતી :

૧. શિવાજીને ઔરંગઝેબે કેદ કર્યા તે. (ઈ. સ. ૧૬૬૬ મે)
૨. સંભાજીને પકડી તેની ક્રૂર રીતે કતલ કરી, તેની પત્ની યેશુબાઈ અને પુત્ર શાહજીને બંદીખાને નાખી મરાઠી પ્રજાને નેતાવિહોણી બનાવવાનો ઔરંગઝેબે સંકલ્પ કર્યો તે (ઈ. સ. ૧૬૮૯)
૩. પાણીપતની ત્રીજી લડાઈમાં અહમદશાહ અબદલ્લીને હાથે ભયંકર હાર (ઈ. સ. ૧૭૬૧)
૪. સમર્થ પેશવા માધવરાવ પહેલાનું અકાળ અવસાન (ઈ. સ. ૧૭૭૨) અને તેના કાકા રાઘોબાએ કરાવેલું નવા પેશવા નારાયણરાવનું કરપીણ ખૂન (ઈ. સ. ૧૭૭૩)

આ ચારે આફતો એવી હતી કે મોટી, સ્થિર સત્તા પણ હાલકડોલક થઈ તૂટી પડે.

પણ મરાઠી પ્રજાએ આ ચારે પ્રસંગોએ શાણપણ, ધીરજ ને આંતરિક ખમીર પ્રગટ કર્યું. પરિસ્થિતિને પહોંચી વળે તેવા નેતા અને નીતિ પ્રગટાવ્યાં.

રાનડેએ આ વાતને લક્ષ પર રાખી અદ્‌ભુત રીતે વાત કરી છે:

> "લૂંટારાઓ કે ધાડ પાડનારાઓ પેઢીઓ સુધી ટકી રહેનારું રાજ્ય સ્થાપી શકતા નથી; લુચ્ચાઈ, બેઈમાની કે ચતુરાઈને જોરે એક વિશાળ ખંડનો રાજકીય નકશો પલટાવી નાખનાર લાંબા કાળ માટેનું રાજ્ય ઊભું થઈ શકતું નથી."

*

## મહારાષ્ટ્રધર્મનું વ્યાકરણ

મરાઠાઓએ એક નાની જાગીરમાંથી પેઢીઓ સુધી ચાલનારું રાજ્ય સ્થાપ્યું તે હકીકત છે. પ્રબળ મુસ્લિમ સત્તાનો સામનો કરી છેવટે એ સત્તાને વેરવિખેર કરી પોતાનું રાજ્ય જમાવ્યું, તે વિશે પણ શંકા ઉઠાવી શકાય તેમ નથી. વિચારવાનું એ રહે છે કે આટલો સમય ચાલનારા, આફતો સામે ટકી રહેનારા આ રાજ્યની રચના ક્યા મજબૂત પાયા ઉપર થઈ હતી?

ઇતિહાસકારોને મતે આ પાયો નાખવામાં લગભગ ચાર સદીઓ વીતી હતી—તેરમી સદીના અંતથી તે સત્તરમી સદી સુધી. આ પાયો નાખ્યો હતો, ચક્રધર, જ્ઞાનેશ્વર, એકનાથથી માંડી સ્વામી રામદાસ સુધીના મહારાષ્ટ્રના સંતોએ. આ સમગ્ર પ્રક્રિયામાંથી જે બળ ઊભું થયું તેને સ્વામી રામદાસે એક શબ્દમાં વર્ણવેલ છે. તે છે—'મહારાષ્ટ્ર ધર્મ'.

હિંદુ, જૈન, વૈદિક, અવૈદિક, શૈવ કે વૈષ્ણવ ધર્મ નહીં. આ બધા ધર્મો ખરા; પણ તે તે ધર્મો તે તે જૂથ, મંડલ કે વાડાના હતા; પણ આવનારા મુસ્લિમો એક લઠ્ઠા હતા; ત્યારે આ દેશ આવા વાડા વાડામાં વહેંચાયેલો હતો; એટલું જ નહીં, તેને સાંધનારું કોઈ રસાયણ કે સાંકળ ન હતાં, ઊંચનીચના નામે ભેદ વધારે તેવાં વિપરીત રસાયણો હતાં ખરાં, એટલે આ બધા ધર્મોથી ઊંચો છતાં આ બધા ધર્મોને રક્ષણ આપતો ધર્મ ઊભો થાય તે ઐતિહાસિક આવશ્યકતા કે પડકાર હતો, તેના જવાબરૂપે નીકળ્યો આ 'મહારાષ્ટ્ર ધર્મ'.

આ દેશમાં રાષ્ટ્રીયતાનો ઉદય થયો તે પહેલાંની આ પૂર્વભૂમિકારૂપ પ્રક્રિયા પણ આમાં દેખાય છે. શિવાજી મહારાજના અવસાન પછી સંભાજી વિલાસમાં ગાફેલ થઈ રસ્તો ચૂકી ન જાય તે માટે રામદાસે તેને પત્ર લખ્યો તેમાં આ મહારાષ્ટ્ર ધર્મનું વ્યાકરણ દર્શાવ્યું છે :

> "સકળ લોક એક કરાવે । ગનીમ નિપટોની કઢાવે । બહુત લોક મિળવાવે । એક વિચારે ભરાવેં । કષ્ટેં કરોની ધસરાવે મ્લેચ્છાવરીં ।।
>
> આહે તિતુકેં જતન કરાવે । પુઢેં આણિક મિળવાવે । મહારાષ્ટ્ર રાજ્ય કરાવેં । જિકડે–તિકડે શિવરાયાંચે આઠવાવેં રૂપ ।।

આમાં 'લોક' શબ્દ છે અને તે પણ 'સકળલોક'—બધા વર્ણો, આ બધાને ભેગા કરી ચાલવું. પણ પ્રશ્ન એ કે ભેગા રહે કઈ રીતે? બધાનાં ચિત્ત એક વિચારથી ભરી દેવાં; તો પછી ક્યો વિચાર? મ્લેચ્છોને હાંકી કાઢવાનો, મ્લેચ્છો સામે બધાને એકત્ર કરવાનો.

આ મંત્ર પણ પ્રત્યક્ષ થાય છે કોઈ સાધકપુરુષ દ્વારા. સાધકપુરુષ વિના મંત્ર શબ્દમાત્ર છે: 'ક્રાન્તિ' શબ્દ મંત્ર છે, લેનિનની આગેવાનીમાં તે પ્રત્યક્ષ થાય છે. એટલે રામદાસ સ્વામી કહે છે કે

િવરાયનું સ્વરૂપ અને કૃતિનું વારે વારે સ્મરણ કરવું. વિચારની એકતા પર રચાયેલ સામુદાયિક સંગઠન અને આ સંગઠનનું મૂર્ત સ્વરૂપ છે—શિવરાય.

નાનામોટા બધાનું વિચારની ભૂમિકા પર સંગઠન, પરચક્રનિવારણનો કાર્યક્રમ અને નેતાગીરી શિવાજી જેવી : મહારાષ્ટ્રધર્મના આ ત્રણ પાયા જ્યારે મરાઠાઓ ચૂકી ગયા ત્યારે તેમનું પતન થયું એમ ઇતિહાસનું વગેરું કહે છે. સંતમંડળીઓ ૪૦૦ વર્ષ સુધી જે કામ કર્યું તે સૌથી પહેલાં તો વિપદ્‌ગ્રસ્ત મહારાષ્ટ્રની પ્રજામાં લાગણી અને વિચારની એકતા આપવાનું, બધાને એકદિલ કરવાનું, શિવરાયે આ એકદિલી ટકાવી, વધારી અને મ્લેચ્છોને હઠાવવા આક્રમક કરી.

સંતોએ, તે કાળના મહારાષ્ટ્રીય સમાજની દુર્બળતા છિન્નભિન્નતાનું મૂળ શોધ્યું હતું વૈચારિક અનૈક્ય અને તેમાંથી નિપજતી અસહિષ્ણુતા કે ઉપેક્ષામાં. આથી આ ક્ષેત્રમાં ઐકય કર્તૃત્વ ને જાગરૂકતા લાવવી તે પહેલું કામ હતું.

> રાષ્ટ્રનું ઘડતર અને માત્ર રાજકીય ફેરફાર ભિન્ન વસ્તુઓ છે. માત્ર રાજકીય ફેરફારનું મૂળ સત્તાનું અસમતોલન અને તેમાંથી નીપજતો પલટો છે. અને આ પણ સત્તા હોય ત્યાં સુધી જ ટકે છે. સત્તા જતાં પલટો પણ જતો રહે છે. એટલે દૂરદર્શી પુરુષો રાજસત્તા પાછળ દોડતા નથી. આવે તો પણ લેતા નથી. તેમનું લક્ષ્ય તો હોય છે—સમાજપરિવર્તન.

તુકારામને શિવાજી મહારાજે પાલખી મોકલાવેલી તે તેમણે સાદર પાછી મોકલાવી આપી હતી. રામદાસને પોતાનું રાજ્ય અર્પણ કરવાનું શિવાજીએ ચિંતવ્યું—રામદાસે તેનો સ્વીકાર નહોતો કર્યો. ન્યાયશાસ્ત્રી રામશાસ્ત્રીનાં પત્નીને માધવરાવ પેશવાનાં પત્નીએ પાલખી ને મહામૂલાં વસ્ત્રો, આભૂષણો આપ્યાં, રામશાસ્ત્રીએ તે પાછાં મોકલ્યાં હતાં, કારણ કે વિચારના આધાર પર સામાજિક આચારની ભૂમિકા બાંધવી તે સત્તા પ્રાપ્ત કરવા કરતાં મહત્ત્વની વાત આ બધાને લાગી હતી. સત્તાની સુરક્ષિતાનો તે જ પાયો છે. પણ હરેક કાળે આ માટેની તત્કાલીન પરિસ્થિતિ અને તજજન્ય જરૂરિયાતો જુદી જુદી હોય છે.

આ ચાર શતકોમાં થઈ ગયેલ સંતધારાને તે વખતના હિંદુ સમાજની વૈચારિક એકતા અને તેમાંથી નીપજતા સંરક્ષણાત્મક આક્રમણ માટે કઈ સ્પષ્ટતાઓ ને આચારો જરૂરી હતાં?

સૌથી પહેલી ખામી હતી હિંદુ સમાજમાં રહેલા ઊંચનીચના ભાવે અનેક સ્તરોમાં વહેંચાયેલી સમાજ-વ્યવસ્થામાં. વૈદિક ધર્મ મૂળે ત્રિવર્ણ હતો, તેમાંથી ચતુર્વર્ણ થયો અને તેરમી સદીમાં તો તે અસંખ્ય વર્ણોમાં વહેંચાઈ જઈ સંકુચિત મિથ્યાભિમાનનાં અનેક ખાબોચિયાંમાં આળોટતો હતો.

મુસ્લિમો આવ્યા તે પહેલાં તો જે નીચલી કોમો કે જ્ઞાતિઓ હતી તેને આ વ્યવસ્થા અપમાનજનક અને હીન લાગતાં છતાં સ્વાભાવિક લાગતી હતી. પણ મુસલમાનો આવ્યા અને આ જ્ઞાતિઓ માટે જાણે સ્વમાનનો નવો દરવાજો ખૂલ્યો.

મલેક કાફુર અને મલેક ખુસરૂ અસ્પૃશ્ય હિંદુઓ હતા, પણ મુસલમાન થતાં તેઓની શક્તિ બતાવવાના દરવાજા ખૂલી ગયા. આ જ્ઞાતિઓએ જોયું કે આ અસ્પૃશ્યો જ બાદશાહના જમણાહાથ, કરતા-કારવતા થઈ શકે છે. આથી વ્યક્તિઓ જ નહીં, આખા સમુદાયના સમુદાય મુસલમાન થયા. ન થયા તેમને પણ જે પરિસ્થિતિ પહેલાં ખૂંચતી ન હતી તે હવે ખૂંચવા લાગી. હિંદુ સમાજ સાથે લાગણીની એકતા અનુભવવાનાં કારણો દૂબળાં બની ગયાં.

એટલે, આ આંતરિક અનૈક્ય જે વિચારની ભિત્તિ પર ખડું કરવામાં આવ્યું હતું, તેને તોડવા સિવાય કોઈ સંગઠન શકય ન હતું.

મુસ્લિમોનો આક્રમક સમાજ એક જ દેવની આસ્થા પર ઊભો હતો, તેમને માટે બીજો દેવ જ ન હતો એટલે બીજી વફાદારીનો સવાલ જ ન હતો. આસ્થાજન્ય વિભેદ ત્યાં છે નહીં તેવું સૌઓ જોયું.

તે વખતના હિંદુ સમાજને નિષ્ક્રિય અને તેજોહીન રાખનારું ત્રીજું તત્ત્વ હતું નિવૃત્તિપરાયણતાનું તત્ત્વ-જ્ઞાન. કર્મ કરવાથી બંધન થાય છે, સત્કર્મ પણ બંધનકર્તા છે, એટલે નાછૂટકે કરવાં પડે તેટલાં જ કર્મ કરવાં. બાકી સંસારથી અલગ રહી ધર્મશાળામાં બેચાર રાત રહેનાર મુસાફરની જેમ વર્તવું. જ્યાં સુધી આ વૈચારિક ભૂમિકા હોય ત્યાં સુધી સામાજિક એકતા કે સાંસારિક કર્તવ્યબુદ્ધિને જગાડવાનું કામ ઘણું અઘરું હતું. પોતાની પ્રજાનું રાજ્યનિર્માણ કરવાનું તો સ્વપ્નુંય કેમ સંભવે?

તે વખતના હિંદુ સમાજમાં કર્મકાંડી વૈદિક હિંદુ ધર્મ, જૈન ધર્મ અને નવો ઊભો થયેલો મહાનુભાવ સંપ્રદાય — આ ત્રણ ધાર્મિક બળો હતાં. ચોથું મોટું છતાં વેરવિખેર બળ હતું તે અનેક કનિષ્ઠ દેવદેવીઓની વહેમી ઉપાસનામાં સપડાયેલો મોટો આમવર્ગ.

અલ્લાઉદ્દીને મહારાષ્ટ્રની તે કાળની રાજધાની દેવગિરિ પર આક્રમણ કર્યું. તે કાળે દેવગિરિનો પ્રધાન હેમાદ્રિ હતો. તેણે હિંદુ સમાજને વ્યવસ્થિત કરવાના ખ્યાલથી 'ચતુર્વર્ગ ચિંતામણિ' નામે મોટો ગ્રંથ લખ્યો. તેમાં વર્ષભરનાં બે હજાર વ્રતો અને ક્રિયાકાંડો બતાવ્યાં છે. અને દરેક વ્રતની સાથે શું બ્રહ્મભોજન કરાવવું, ક્યું દાન દેવું તેની વિગતો વર્ણવી છે. તેના હિસાબે રોજનાં સરેરાશ છ-સાત વ્રતો આવે.

બીજા હતા જૈનો, જેમનું ધ્યેય હતું તપસ્યાપ્રધાન નિવૃત્તિમાર્ગ. મહાનુભાવોને જાતિ-પાંતિના ભેદભાવો મંજૂર ન હતા; સંસ્કૃતની શ્રેષ્ઠતા સ્વીકાર્ય નહોતી. પણ તેમનુંય વલણ તો સંન્યાસમાર્ગનું જ હતું. સંતોએ આ ત્રણેથી તરીને ચાલવાનું કર્યું. તેમણે એક એવી વિચારસરણી રજૂ કરી કે જેમાં ઊંચનીચના ભેદભાવ ઓછા થાય. આવી પડેલાં સાંસારિક કર્મોથી ભાગે નહીં પણ તે બજાવવા ઉત્સુક રહે. ક્રિયાકાંડોની જાળમાંથી નીકળી અધ્યાત્મની કોઈ વિશાળ વફાદારીની ગંગામાં સૌ પ્રવેશે. પણ આને માટે જરૂર હતી લોકો સમજે તેવી ભાષામાં ઉપદેશ આપવાની. સંતોએ મરાઠી ભાષાનું નિર્માણ કર્યું અને આ લોકભાષા બધાને જોડનારો પુલ થાય તેવું નજર સમક્ષ રાખ્યું.

ફરી જ્ઞાનદેવને માટે સંસ્કૃતમાં લખવું સુગમ હતું. તેઓ વેદ-વિદ્યા અને યોગ બંનેમાં પારંગત હતા. પણ તેમણે ગીતા ઉપરનું પોતાનું અલૌકિક ભાષ્ય મરાઠીમાં લખ્યું એટલું જ નહીં, ઉમળકાભેર ગાયું :

> "મારી મરાઠી ભાષામાં મારે અરૂપનું રૂપ દર્શાવવું છે. મારે મરાઠી ભાષાના શબ્દોથી એવો ચમત્કાર સર્જવો છે કે વાગ્વલ્લીના વિસ્તાર દ્વારા સંપૂર્ણ વિશ્વ વસંતઋતુની શોભા માણી શકે. મને જે બ્રહ્મસુખ લાધ્યું છે તે શું હું એકલો જ ભોગવું? સૂર્ય ને ચંદ્રનો પ્રકાશ આખા જગતને મળે છે, તેમ હું જે આનંદ અનુભવું છું તે વાણીમાં મૂકું. કારણ કે જગતને દેવા જ તે મને મળેલ છે."
> અને તેમણે વેદોને કૃપણ કહ્યા : "ભલે વેદો સંપન્ન હોય પણ કંજૂસ, કારણ કે સ્ત્રીઓ તથા શૂદ્રોને તેમાં પ્રવેશ કરવાની મનાઈ છે."

એકનાથે તો સંસ્કૃતનો મહિમા ગાનારાને ચાબખો જ માર્યો : "સંસ્કૃત જો દેવોએ આપેલી ભાષા હોય તો મરાઠી શું ચોરોની ભાષા છે?" આમ સમુદાય માટે જ્ઞાનની ભાગીરથી અવતરી. ચોખામેલા, સોયરા-બાઈ જેવાં અછૂતો, કાન્હોપાત્રા જેવી ગણિકા, એકનાથને ત્યાં દળણું દળનારી જનાબાઈ, દરજી નામદેવ જેવાં કેટકેટલાં અને કેવાંકેવાંને મુખે આ વેદતુલ્ય વાણી વહેવા લાગી! તુકારામે તો ગાયું : "વેદ તો અમારી પાસે છે. બીજા તો ફક્ત વેદના ભારવાહી છે."

આ પ્રચંડ આંદોલનને પરિણામે જે ખેડાણ થયું તેને લીધે શિવાજીને નવો રાજ્ય-વ્યવહાર-કોષ કરવાનું, ફારસીને બદલે મરાઠીમાં આજ્ઞાપત્રો લખાવવાનું સહેલું થયું. આને લીધે જ મરાઠી બખરો લખાઈ. આને

લીધે હિંદુસ્તાનના ખૂણેખૂણેથી મરાઠી રાજપુરુષોને રાજયપ્રકરણી પત્રવ્યવહાર ચલાવવાનું શકય બન્યું. તે વાંચતાં મરાઠી ભાષા બોલનારા તે બધા મરાઠા તેવી એક હવા પેદા થઈ. પણ ભાષા આખરે સાધન છે. તેના દ્વારા શું કહેવાય છે તે મહત્ત્વનું છે. આ બધા સંતોએ ક્રિયાકાંડો, મંત્રતંત્ર, યોગ, સમાધિ, યાત્રા, વ્રતો – આ બધાંને સ્થાને ભક્તિને મૂકી. સાદી, સરળ, સર્વસુલભ હૃદયપૂર્વકની ભક્તિ. અને ભક્તિ પણ કોની? ઈંટ પર ઊભેલા સૌ કોઈને ભેટવા ઉત્સુક વિઠોબાની હૃદયથી કરેલી ભક્તિ તે જ તપ, તે જ દાન અને તે જ શ્રેષ્ઠ ક્રિયાકાંડ. આવી ભક્તિ જે કરે તે આદર આપવા યોગ્ય; તે જ મોટો અને તે જ માનનીય, પછી તે ગમે તે વર્ણ કે જાતિનો હોય. વિઠોબાનું શરણ જેમણે લીધું તેની તો જ્ઞાતિ ગઈ. તુકારામના શિષ્ય રામેશ્વરશાસ્ત્રીએ ગાયું : "જે વૈષ્ણવોની જાતિ ગણાવશે તે કુંભીપાક નરકમાં જશે એટલે કોઈએ ઊંચાનીચાની વાત ન કરવી." તુકારામે તો ત્યાં સુધી ગાયું : "બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, ચાંડાલ : બાળક, સ્ત્રી, પુરુષ; અરે! વેશ્યાને પણ છે સમાન અધિકાર. વિષ્ણુમય જગત વૈષ્ણવોનો આ ધર્મ ભેદાભેદ ભ્રમ અમંગલ."

આ વાણીથી પ્રેરિત થઈને મંગળવેઢા ગામની સુંદરી ગણિકા કાન્હોપાત્રાએ બિદરના બાદશાહની આજ્ઞાને વશ થવા કરતાં વિઠોબાના ઉંબર પર પ્રાણ છોડવાનું પસંદ કર્યું. અને પ્રાણ ત્યજતી વખતે પણ ગાયું :

દીન, પતિત, અન્યાયી, શરણ આમી વિઠલા
મીં તો આહે જાતિહીન, ન કળે કાહીં
મુજ અધિકાર નાંહી, ભેટી દઈ વિઠલાસી
ઠાંવ દેઈ ચરણાંપાશી તુમી કાન્હોપાત્રા દાસી.

પહેલાં પોતે "દીન-પતિત છે, જાતિહીન છે, વિઠ્ઠલને ભેટવાનો અધિકાર નથી" કહી તેમાં "તું પતિતપાવન કહેવરાવે છે – પછી મને ચિંતા શાની?"

સિંહાચે ભાતુકેં જંબુક નૈનેતાં
ચોરાચિયાં માથા લાજ વાટે
મ્હણે કાન્હોપાત્રા દેહ સમર્પણે
કરાવી જતન બિદ્રાસાઠી.

"મને ચિંતા નથી. હું તો તારી છું. સિંહને શરણે આવેલીને વાંદરો લઈ જશે તો બિરદ તારું જશે."

ભગવાનને પણ તેનું સ્વાભિમાન જાગ્રત કરવા કહેનારી –– બાદશાહનેય વાંદરો કહેનારી — ગણિકા જે ભક્તિમાર્ગમાંથી પ્રગટે છે તે ભક્તિમાર્ગ નથી નિવૃત્તિમાર્ગ, નથી વેવલો કે નથી પરાવલંબી.

## સકળલોક એકાત્મતા

મંદિરો તૂટતાં હતાં, મૂર્તિઓ ભાંગતી હતી, સ્ત્રીઓનાં ઉઘાડેછોગ અપહરણો થતાં હતાં, બાદશાહની આણ માને તેને તો લાલચો, હોદ્દા, ધન, જાગીર, વાડી-વજીફા અપાતા હતા, અને તે લેનારા બ્રાહ્મણો-ક્ષત્રિયો હતા. તે વખતે સમાજની તુચ્છાતિતુચ્છ મનાયેલી નારી આ પરાક્રમનું બળ જો મેળવી શકે તો બાકીના માટે તો તેનું અનુકરણ કરવું સહેલું જ હતું.

આ મરાઠી સંતોએ માત્ર ઐક્ય અને બળ જ પેદા નથી કર્યું. એકતાનું બળ કયાં વપરાવાનું છે તે પણ કશાય ઢાંકપિછોડા વિના દર્શાવ્યું છે. વિઠોબા કે રામજી ભકતે રોતલ થવાનું જ નથી તેમ તેણે સ્વકેન્દ્રી સુખ તરફ પણ જવાનું નથી, તેમ કહ્યું છે.

જ્ઞાનદેવ જે આ સંતમંડળના આદિનાથ છે તેમણે જ ગાતાં-સમજાવતાં કહ્યું :

હે સકળ લોકસંસ્થા । રક્ષણીય સર્વથા ।
કર્મ ન સાંડાંવે । વિશેષે આચરાવે લાગ્યે ।
નાહીંતર લોકસ્થિતિ આધવી । નાશિલી હોઈલ ।

પોતાને ભાગે આવેલું કર્મ સ્વાર્થ વિના આચરવું તે જ યજ્ઞ. મંત્રતંત્ર–પૂજાપાઠ, તે જ કેવળ ધર્મ નથી:

હે સર્વથા કરાવેં, સ્વધર્મ હી યજાવેં
મ્હણોની જેં જેં ઉચિત । આણિ અવસરેં કરૂંનીં પ્રાપ્ત ।
તે કર્મ હેતુરહિત આચરેં તૂં ।

અવસર-પ્રાપ્ત કર્મ છોડાય જ નહીં, ભગવાને જ આપણને તે સોંપેલ છે તેમ માની તેના વાણોતર-ભાવે તે કરવાં.

ગીતામાં આ નહોતું તેમ નહીં, પણ શંકરાચાર્ય જેવા મહાપુરુષે પણ આ જ શબ્દોમાંથી તર્કપાંડિત્ય બતાવી જ્ઞાનપ્રધાન નિવૃત્તિમાર્ગ બતાવ્યો હતો, એમાં ભિક્ષામાંથી નિવૃત્તિ નહીં, સ્નાન-ખાન-પાન-નિદ્રામાંથી નિવૃત્તિ નહીં, માત્ર સાંસારિક ફરજ બજાવવામાંથી નિવૃત્તિ, આવી સમજદારીને લીધે ઉપલો વર્ગ ઉદાસીન કે દંભી થઈ ગયો હતો. પ્રજા નેતૃત્વહીન હતી.

આ લોકસંસ્થા સર્વથા રક્ષણીય છે, તે માટે કર્તવ્યકર્મ, કર્તાપણાના અભિમાન વિના કરવું તે જ ખરી ઈશ્વરભક્તિ, આવું તો ભક્તોએ કહ્યું જ, પણ તેની વિશેષતા એ છે કે લોકભાષામાં, લોકોને નજરમાં રાખીને કહ્યું : હવે જે લોકસંસ્થા સર્વથા રક્ષણીય હતી તેની સામે કયું સંકટ હતું? વર્ષો સુધી ચારે દિશામાં યાત્રા કરનારા સંતોએ આંખે જોયું હતું કે મ્લેચ્છોના આક્રમણ નીચે દેશની શી દશા હતી.

અલ્લાઉદ્દીન ખલજીએ દક્ષિણ પર આક્રમણ કર્યું (ઈ. સ. ૧૨૯૫), તેને બીજે વર્ષે જ્ઞાનદેવે સમાધિ લીધી. પણ તે પહેલાં તેમણે નામદેવ જોડે ઉત્તર ભારતમાં યાત્રા કરી હતી, અને જોયું હતું કે ઠેરઠેર મંદિરો તૂટી રહ્યાં છે, ગૌવધ થાય છે. આ જ ચાલુ રહ્યું તો હિંદુ ધર્મનો વિધ્વંસ અવશ્યંભાવી છે. નામદેવે તો આ દશા જોઈ કહી નાખ્યું: "પથ્થરના દેવતાઓને મુસલમાનોએ ભાંગી નાખ્યા છે, એમને પાણીમાં ડુબાડી દીધા છે, પણ તે નથી રોતા, નથી ક્રોધ કરતા. અરે! ઈશ્વર, મારે આવા દેવતા નથી જોઈતા." પણ જ્ઞાનદેવના સમયમાં જે વિધ્વંસ માત્ર ઉત્તર ભારત પૂરતો જ હતો તે એકનાથ–તુકારામ–રામદાસના સમયમાં તો દક્ષિણના ઘરઆંગણે આવ્યો હતો.

ભારતભરના પ્રવાસમાં સ્વામી રામદાસે આ પરિસ્થિતિનું ભારે હૃદયદ્રાવક વર્ણન 'પરચક્રનિરૂપણ'માં કર્યું છે :

પદાર્થ માત્ર તિતુકા ગેલા । નુસતા દેશચી ઉરલા ।
લોકેં સ્થાનભ્રષ્ટ ઝાલી । કિતેક તેથેં એ મેલી ।
માણસા ખાવયા ધાન્ય નાંહીત । આંથરૂણ પાંગરૂણ તેહીં નાંહી ।
ઘર કરાવા સામગ્રી નાંહી । કાયે કરતી । કિતેંક જાતિભ્રષ્ટ ઝાલી ।
કિતેંક આક્રંદીલી મુલેબાલે । કિતેક વિષ ઘેતલી । ઐસે ઝાલે વર્તમાન ।
કાહીંચ પાહતાં ધડ નાહીં । વિચાર સૂઝ ન કાંહીં ।
અખંડ ચિંતેચા પ્રવાહી । પડિલે લોક ।

અને આ પરિસ્થિતિથી ઉદ્વેગ પામીને રામદાસે તુળજા ભવાનીને પ્રાર્થના કરી :

એકચી માગણેં આતાં — પરંતુ રોકડે કાંહીં
દ્યાવે તૂં મજ કારણે — ખૂબ સામર્થ્ય દાખવી
તુઝા તૂ વાઢવી રાજા — રામદાસ મ્હણે માઝે
શીઘ્ર આમાંચી દેખતાં — સર્વ આતુર બોલણેં
દુષ્ટ સંહારિલે માગેં — સમાવે તુળજા માતે
અસે ઉદ્દંડ એકતો — ઇચ્છા પૂર્ણચી તે કરી.

રામદાસની આ પ્રાર્થનાનો એવો અર્થ કરી શકાય કે જ્ઞાનેશ્વરના સમયથી જે પરિવર્તન માટેની પ્રક્રિયા — ને એક વિચારના કરવાની — શરૂ થઈ હતી તે હવે એવી હદે પહોંચી હતી કે તેને અમલમાં મૂકવા કોઈ રાજપુરુષની જરૂર હતી. બહુલોકની ઇચ્છા રાજકીય હયાતી રૂપે પ્રગટ થાય તે આવશ્યક હતું. જી આ સમગ્ર ચેતનાનું અજ્ઞાત રાજકીય પ્રાગટ્ય છે. ભક્તમણિ તુકારામે પણ તે માગ્યું હતું. તેમણે ની વ્યાખ્યા કરી હતી:

દયા તિચેં નાંવ — ભૂતાંચે પાલન,
આણીક નિર્દલન કંટકાંચે ।

જીવોનું પાલન કરવું અને તેની આડે આવતા કાંટાને ઉખેડી નાંખવા તેનું નામ દયા. ઇતિહાસનો ભ્યાસ કહે છે કે શિવાજીનું અવતારકૃત્ય આવા કંટકોનું નિર્દલન અને પ્રજાનું — સર્વ પ્રજાનું, પરિપાલન હતું. પ્રજાનું, એમાં સર્વ શબ્દ મહત્ત્વનો છે. રાજ્ય પ્રબંધમાં મામકા: — પોતાનાનું પાલન તો સૌ કરતા ચા છે, નજીકનાને સાચવતા આવ્યા છે. પણ સંતોના ધર્મમાં જે કોઈ ભક્ત થયો તે ભગવાનનો. 'હરિકો સો હરિકા હોઈ,' એમ જે રાજ્ય પ્રજાજન થયા તે સૌ સરખા.

શિવાજીએ મરાઠા-માવળા-પ્રભુ-બ્રાહ્મણ — સૌને સરખા ગણ્યા. ગઢ તે શિવાજીની રાજ્યશક્તિનું મોટામાં સાધન હતું. હરેક ગઢની અંદર તેમણે વ્યવસ્થા એવી ગોઠવેલી કે આ બધી જ્ઞાતિઓને ગઢવ્યવસ્થામાં સેદારી મળે, જેથી તેમને રાજ્ય સાથે આત્મીયતાનો અનુભવ થાય.

બીજી બાજુથી ખુદ પોતાના દીકરા માટે પણ પક્ષપાત ન હતો. જો સંભાજી મહારાષ્ટ્રધર્મથી વિરુદ્ધ વ કરે તો તે પણ બીજા કોઈની જેમ જ સજાપાત્ર હતો.

શિવાજીના દૃઢ નિયમનથી અકળાઈ સંભાજી મોગલ સેનાપતિ દિલેરખાન સાથે ભળી ગયો હતો. અને જણાએ સાથે ભૂપાલગઢ કિલ્લા પર હુમલો કર્યો. કિલ્લેદાર ફિરંગોજી નરસાલા પાસે તોપો હતી, ચલાવે તો મોગલ સૈન્ય હારી જાય તેમ હતું, પણ માલિકના પુત્ર પર ગોળીબાર ન કરવો તેમ માની ોહાથની લડાઈ કરી. ફિરંગોજીએ ભૂપાલગઢ આ કારણે ગુમાવ્યો, તેવું શિવાજીએ જાણ્યું ત્યારે સંભાજી ાને ગોળીથી ઠાર ન કરવા માટે ફિરંગોજીને જાહેરમાં ઠપકો આપ્યો. અને સંભાજી કંટાળીને પાછો આવ્યો ટે પન્હાળાના કિલ્લામાં તેને કેદમાં રાખ્યો (ઈ. સ. ૧૬૭૯, ડિસેમ્બર).

દર દશેરાએ સૈન્ય જ્યારે સવારી કરવા નીકળતું ત્યારે દરેકને ખાસ સૂચના અપાતી કે સ્ત્રી, બાળક, આવેલાને પજવવાના નથી, કુરાન, મસ્જિદનું અપમાન કરવાનું નથી કે ચડાઈમાં મળેલ માલમાંથી કાંઈ રાખવાનું નથી. ત્યારે મોગલ સૈન્ય કે બિજાપુરી સૈન્યના અત્યાચારોનાં પાર વગરનાં વર્ણનો ઠેરઠેર મળે શિવાજીના સૈન્યે આવા કોઈ અત્યાચારો કર્યાની એક પણ બિના નથી. ઊલટાના શરણે આવેલા સૈનિકોની વાર કર્યાના, પકડાયેલી સ્ત્રીઓને માનભેર તેમનાં સગાંવહાલાં પાસે મોકલ્યાના કિસ્સા નોંધાયા છે. ણના સૂબેદારની પુત્રવધૂને "મારી માતા આવી સુંદર હોત તો હું પણ કેવો સુંદર થાત"—એવું કહી પાછી લ્યાનો કિસ્સો તો જાણીતો છે.

* મુસ્લિમ ધર્મ સામે શિવાજીએ વાંધો લીધો નથી. મુસ્લિમધર્મીઓના આક્રમણ સામે એમણે જીવનભર -છાંયે, હારતાં કે જીતતાં યુદ્ધ કર્યું છતાં પોતાના મહેલની સામે જ પોતાના મુસ્લિમ નોકરો માટે મસ્જિદ વી. બીજી બાજુ, પોતાનો જ ભાઈ વ્યંકોજી બિજાપુરના સુલતાનનો સેવક રહે, સમજાવવા છતાં પૈતૃક ન આપે તો તેની પર પણ ચડાઈ કરતાં તેમને આંચકો આવ્યો નથી.

શિવાજીએ મોગલોના દાંત ખાટા કર્યા હતા. શાહિસ્તખાન, બહાદુરખાન, દિલેરખાન, જસવંતસિંહ સેનાપતિઓને હરાવ્યા હતા. બિજાપુર અને ગોવળકોંડાનાં મુસ્લિમ રાજ્યો તો તેમના નામથી પાંદડાંની કાંપતાં હતાં.

## 'છત્રપતિ' શિવાજી : અનોખું વિભૂતિમત્વ

ભારતવર્ષના ઇતિહાસમાં હર્ષવર્ધન પછી પહેલી જ વાર એક સાર્વભૌમ છત્રપતિ તરીકે પોતાનો રાજ્યાભિષેક કરાવી ઔરંગઝેબ જેવાની ઊંઘ શિવાજીએ બગાડી હતી. તેવે વખતે પોતાનો નાનો ભાઈ વ્યંકોજી કે



જેની તાકાત મામૂલી હતી, પોતાના એક સરદાર જેટલી પણ નહીં, તેને જીવનનો હેતુ સમજાવતો જે પત્ર તેમણે લખ્યો તેમાં મહારાજનું ઔદાર્ય જ નહીં, દ્રષ્ટાપણું દેખાય છે. પિતા શાહજીએ છેક દક્ષિણમાં તાંજોરમાં પોતાની જાગીર મેળવી હતી, અને વર્ષોથી શિવાજીનો નાનો ભાઈ વ્યંકોજી તેનો ઉપભોગ કરતો હતો, ત્યારે શિવાજીએ લખેલું :

"આપણી પૈતૃક સંપત્તિના આપણે ભાગ પાડવા જોઈએ. પિતાના મૃત્યુ પછી તમે બધી સંપત્તિનો મને પૂછ્યા વિના યોગ્ય લાગે તેવો વહીવટ કર્યો છે. તમે તમારી ત્રેવડથી જે કંઈ મેળવ્યું હોય તેમાં હું હિસ્સો માગતો નથી. હજુ તમે વધારે ને વધારે મેળવો તેવી ઈશ્વર તમને શક્તિ આપો. પરંતુ પિતા જે મૂકતા ગયા છે તેમાં મારો હિસ્સો છે." વ્યંકોજીએ એક શાહી જમીનદાર તરીકે બિજાપુરની બાદશાહી તેની મદદે આવે તેવી માગણી કરી. પણ બિજાપુરની એવી તાકાત રહી ન હતી. ઊલટું, મોગલોના આક્રમણ વખતે બિજાપુર શિવાજીની મદદ માગે તેવું હતું. એટલે શિવાજીના સૈન્યે તેને સહેલાઈથી હરાવ્યો.

શિવાજીને વધારે ગુસ્સો એ કારણે ચડયો કે એનો ભાઈ મુસલમાનની નોકરી કરવામાં ગૌરવ અનુભવે છે, ને એની મદદથી પોતાને ટકાવી રાખે છે – તે પણ એવે વખતે કે જ્યારે આ મુસલમાની રાજ્યોને પોતે સાવ બોદાં, ખોખલાં કરી મૂક્યાં છે. છતાં તેમણે વ્યંકોજીની હાર પછી પણ સમજાવટથી લખ્યું :

> "દેવી અને દેવતાઓની મારા પર અસીમ કૃપા છે અને એમની જ કૃપાથી હું તુર્કોને હરાવવામાં સફળ થયો છું. આ તુર્કોની મદદથી મને હરાવવાની તારી કલ્પના નકામી છે – તારે મારી સેનાનો વિરોધ નહીં કરવો જોઈએ. તારું મન દુર્યોધન જેવું બની ગયું છે, જેણે વગર કારણે લોહી વહેવરાવ્યું. પણ જે થયું તે થયું, પણ તેમાંથી તારે શિખામણ લેવી જોઈએ. મારી આજીજી એ છે કે આ કુટુંબ-કલહ તું બંધ કરી દે."

સદ્ભાગ્યે વ્યંકોજીની સ્ત્રી દીપાબાઈની સદ્બુદ્ધિ કામ આવી. શિવાજીની ઉદારતાનો ઝળકતો પુરાવો તો એ છે કે પોતાના ભાગનાં પરગણાં દીપાબાઈ અને તેની દીકરીઓની જિવાઈમાં આપ્યાં, સંધિની

શરતોમાં એટલું જ પાકું કર્યું કે : "જે દુષ્ટ પ્રકૃતિના કે હિંદુ ધર્મના શત્રુ હોય તેને રાજ્યમાં ન રહેવા દેવા જોઈએ. આવી વ્યક્તિઓની શક્તિ વધે તેવું કંઈ નહીં કરવું જોઈએ." બીજી મહત્ત્વની શરત એ રાખી કે : "જ્યારે પિતાની મધ્યસ્થીથી મારી અને બિજાપુરી સલ્તનત વચ્ચે સંધિ થઈ ત્યારે જ સ્પષ્ટ શરત હતી કે આપણે (શિવાજી કે વ્યંકોજી) કોઈ એ રાજ્યની સેવા નહીં કરીએ. જરૂર પડશે તો મદદ અવશ્ય કરીશું—સેવકો તરીકે નહીં, શુભચિંતકો તરીકે. ભવિષ્યમાં આનું સંપૂર્ણ પાલન કરવું જોઈએ. વ્યંકોજીએ પોતાને એ રાજ્યના સેવક છે તેમ નહીં માનવું જોઈએ. નિમંત્રણ મળે તો સહાયતા કરવા જરૂર જવું. અંતે, વિશેષમાં કહ્યું કે : "સાત લાખની વાર્ષિક આવક આપનાર તાંજોર અને આજુબાજુનો પ્રદેશ જે અમે જીત્યો છે તે અમારી ઇચ્છાથી વ્યંકોજીને પાછો આપીએ છીએ. તેના પર તેનો અધિકાર રહેશે."

* આખું પ્રકરણ શિવાજીની પાકટ—સ્વસ્થ રાજનીતિનું સચોટ ઉદાહરણ છે. શિવાજીને એટલું જ જોઈએ છે કે મુસ્લિમો અહીં મિત્ર તરીકે રહે, માલિક તરીકે નહીં. જેણે અફઝલખાનનો વધ કર્યો, શાહિસ્ત-ખાનનાં આંગળાં કાપ્યાં અને જે ઔરંગઝેબની કેદમાંથી હાથતાળી દઈને નીકળી આવ્યા, તે પુરુષ બિજાપુરના મુસ્લિમ શાસકો માગે તો સહાય આપવામાં કોઈ વાંધો જોતા નથી—હકને દાવે કશું નહીં. આ મહારાષ્ટ્ર મુલક અમારો છે—તમે મિત્ર હોઈ શકો છો—માલિક હરગિજ નહીં.

પાછળના પેશવાઓ 'સર્વ લોક એક કરાવે'નો અર્થ 'મરાઠા તિતુકા—એક કરાવે' તેમ કરતા થઈ ગયા, પણ શિવાજીમાં મનમાં આ ભાવ ન હતો. તેને જાણ હતી કે હિંદુઓને મન જે હૃદયસમાં તીર્થો છે તેનો મોટો ભાગ ઉત્તર ભારતમાં છે અને તેમને મુક્ત કરવાં હોય તો ઉત્તર ભારતમાંના હિંદુસ્તાનીઓને પોતાના સ્વપ્નામાં સામેલ કરવા પડશે.

એટલે જ્યારે ઔરંગઝેબે શિવાજી સામે મીરજા રાજા જયસિંહને મોકલ્યો ત્યારે તેમને પ્રતિકાર કરતાં પહેલાં જે પત્ર લખ્યો, તેમાં રહેલી દીર્ઘદૃષ્ટિ, તેનાં શાણપણ ને નમ્રતા આજે, આટલાં વર્ષો પછી પણ આજના રાજકારણીઓને ખપનાં છે :

> "મહાન રાજા, તમે આગેવાન ક્ષત્રિય છો, છતાં બાબરના વંશનું વર્ચસ વધારવામાં તમે શક્તિ ખરચી રહ્યા છો, રક્તભૂખ્યા તુર્કોને વિજયી બનાવવા તમે હિંદુઓનું લોહી રેડી રહ્યા છો. તમને એ નથી દેખાતું કે તમારી કીર્તિને આ રીતે તમે કાળપ લગાડી રહ્યા છો? તમે મને જીતવા આવ્યા હો તો મારું માથું તમારા ખોળામાં મૂકવા તૈયાર છું, પણ તમે શહેનશાહના નોકર તરીકે આવ્યા છો એટલે તમારી સાથે કેમ વર્તવું તેની મૂંઝવણમાં પડી ગયો છું. જો તમે હિંદુ ધર્મ વતી લડવા તૈયાર હો તો હું તમારી સાથે જોડાવા, મદદ કરવા તૈયાર છું. તમે બહાદુર અને નિર્ભય પુરુષ છો. તમારે તો એક શક્તિમાન હિંદુ રાજા તરીકે બાદશાહી સામે પડવા આગેવાની લેવી શોભે. ચાલો આપણે દિલ્હી જીતવા ઊપડીએ, આપણે આપણા તરસ્યા વડવાઓને સંતોષ આપવા સારુ, આપણો પુરાતન ધર્મ રક્ષવા માટે આપણું બહુમૂલ્ય લોહી વહાવીએ. મારા મનમાં તમારી સામે દુશ્મનની ભાવના નથી અને તમારી સાથે લડવા પણ ઇચ્છતો નથી. હું તમને એકલો મળવા પણ તૈયાર છું. આ તમને કબૂલ ન હોય તો પછી મારી તલવાર તો તૈયાર છે જ."

પણ, જયસિંહ જે સામાન્ય રીતે દીર્ઘદર્શી મુત્સદ્દી હતો, તેને આ સીધી અને નિષ્કપટ દરખાસ્ત ગળે ન ઊતરી, તેનું કારણ પણ શોધવા જેવું છે. રાજસ્થાન પ્રાચીન કાળથી કેસરિયાં કરનારા ક્ષત્રિયોનો મુલક છે. ધર્મની રખેવાળી કરતાં આ ક્ષત્રિયોએ આહુતિ આપી છે. પણ તે છતાં, ઔરંગઝેબના જુલમો સામે પ્રજાકીય આક્રમણ મહારાષ્ટ્રમાં ઊઠ્યું છે—રાજસ્થાનમાં કેમ નહીં? તેનું કારણ, કદાચ, મહારાષ્ટ્રમાં ચાર સદી સુધી ચાલેલ સંત-આંદોલન હોય—જેણે સામાન્ય પ્રજા અને લડનારા આગેવાનોને એક કર્યા અને લડવા માટેનું એક ધ્યેય આપ્યું.

* રાજસ્થાનમાં માત્ર લડનારા હતા: વિવિધ રાજકલો, સિસોદિયા, કછવા, રાઠોડો, સલુંબરા, ખીચી, હાડા—એક એકને ભુલાવે તેવા શૂરવીરો હતા—પણ પ્રજા નહીં ને ધ્યેય પણ નહીં. જ્યાં ધ્યેય નથી ત્યાં સક્રિય સ્વયંસ્ફૂર્ત જીવન નથી ને સામાવાળા જ્યાં એક થઈ આવ્યા હોય, ભેદાભેદ ન હોય ત્યાં પ્રજાની ભાગીદારી વિના લડવું શક્ય નથી. આથી જ અંગ્રેજોની સામે પણ રાજસ્થાન ઊઠી જ ન શક્યું, લડવાની તો વાત જ શી?

શિવાજી માટે પ્રાણાર્પણ કરનારા સાથીદારો માત્ર જાગીરદારો ન હતા—જાગીરદારોમાંના મોટા મોટાઓ તો એમનો વિરોધ કરી બિજાપુર જઈને રહ્યા હતા. શિવાજીને એવા મોરે, શિર્કે, ઘોરપડેનો કોઈ ને કોઈ રીતે વધ કરવો પડયો હતો.

શિવાજીના ટેકેદારોમાં હતા પ્રભુ-માવળા-કોળી-બ્રાહ્મણો—સૌ કોઈ. બાજી પ્રભુએ વિશાળ ગઢની ઘોડખીણમાં શિવાજીને બચાવવા પ્રાણાર્પણ કર્યું. તાનાજીએ પોતાના દીકરાના વિવાહમાંથી ઊઠી સિંહગઢ સર કરતાં શિર ખોયું. પ્રતાપરાય ગુજરે દુશ્મન સામે લડતાં દેહ આપ્યો. પશ્ચિમ કાંઠાના મહારાજના દૃઢ નિશ્ચય સમા ઊભેલા સિંધુ દુર્ગ, વિજય દુર્ગ જેવા કિલ્લાઓ કોળીઓએ બાંધ્યા ને સાચવ્યા. દિલ્હીના કારાવાસમાં-થી એમને છોડાવનાર હતો એમનો મુસલમાન ફરાસ. બ્રાહ્મણો તો હતા જ—બાલાજી આવજી, હનુમંતે, રામચંદ્ર પંત અમાત્ય, કેટકેટલા હીરા-માણેક-મોતીઓ. મહારાજને મન એ બધાંનું બહુ મૂલ્ય હતું. રઘુનાથ પંત હનુમંતેને તેમણે લખેલા પત્રમાં લીટીએ લીટીએ ખાનદાની અને નમ્રતા ટપકે છે:

> "મારો હંમેશનો પ્રયત્ન રહ્યો છે કે મને જોઈએ તેવી મદદ કરનારા સહાયકોને ઊભા કરું, પણ આપ એ બધાથી જુદી કોટિમાંના છો. આપે અમારા પિતાની પણ સેવા કરી છે. એટલે એમની પેઠે આપનો પણ અધિકાર છે કે આપ અમને સન્માર્ગ પર જ ટકાવો. અમે જ્યાં નક્કી ન કરી શકતા હોઈએ ત્યાં અમને રસ્તો બતાવો. અમારા પ્રશ્નોમાં આપનાથી વધારે પ્રભાવ કોઈ પાડી શકે તેમ નથી. અમે આપને અમારા પૂજ્ય પિતાને સ્થાને જ માન્યા છે. અને આપની સેવાની જેટલી પ્રશંસા કરું તેટલી ઓછી છે."

આવા આગેવાન માટે સર્વસ્વ ન્યોછાવર કરનાર કેમ ન ઊભા થાય? નેતાજી પાલકર તેમનો નાનપણનો મિત્ર હતો. સો સાહસોનો સાથીદાર, અજોડ અશ્વારોહી આગેવાન, પણ કોઈ બાબતમાં તેને કંઈક ખાંગું પડયું. ઔરંગઝેબની સેવામાં ચાલ્યો ગયો, મુસ્લિમ થયો, પરણ્યો, છૈયાંછોકરાં થયાં, છેક અફઘાનિસ્તાન સુધી બાદશાહ વતી લડયો. શિવાજી સાથે બધા હારીને થાકયા ત્યારે ખેલાડી બાદશાહે નેતાજી પાલકર(નવું નામ: મહમ્મદ કુલીખાં)ને શિવાજીને હરાવવા નહીંતર ફસાવવા સૈન્ય સાથે મોકલ્યો, પણ શિવાજી જ આ બાલ-સખાને સામેથી એકાંતમાં મળ્યા ને એક સવારે નેતાજી મોગલ છાવણીમાંથી ગાયબ થઈ ગયો. શિવાજીએ નેતાજીની શુદ્ધિ કરાવી તેને ફરી હિંદુ ધર્મમાં લીધો. પ્રમુખ જાગીરદાર બજાજી નિંબાલકરને આદિલશાહે પરાણે મુસલમાન બનાવેલો. શિવાજીએ તેને પણ શુદ્ધિ કરાવીને ફરી હિંદુ ધર્મમાં લીધો. એટલું જ નહીં, કોઈ એને મહેણું ન મારે કે તેને લઘુભાવ ન રહે એટલે તેના દીકરા જોડે પોતાની દીકરી પરણાવી.

મહારાજાનો હિંદુ ધર્મ બટકણો ન હતો કે જરાક આઘાત લાગતાં તૂટી જાય કે ફરી સંધાય નહીં. તેમનો હિંદુ ધર્મ મહારાષ્ટ્રધર્મને પોષક અને સંરક્ષક હતો.

શિવાજીની દીર્ઘદર્શિતા, ઉદારતા ને હિંમત સાથે તે જ વખતના કેટલાય પુરોહિત બ્રાહ્મણોની કૂપ-મંડૂકતા, શબ્દપંડિતાઈ સરખાવવા જેવી છે. દિલ્હીથી બંદીખાનેથી છૂટી આવ્યા પછી મહારાજને લાગ્યું કે વૈદિક વિધિ પ્રમાણે સાર્વભૌમ રાજા તરીકે તેમનો અભિષેક થાય તે હિંદુસમાજની લઘુતાગ્રંથિ દૂર કરવા માટે જરૂરી છે. કેમ કે સમગ્ર હિંદુસ્તાનના બધા જ હિંદુ રાજાઓ મોગલ શહેનશાહના જાગીરદારો

હતા—પછી તે પાંચ હજારી હોય કે સાત હજારી હોય કે દસ હજારી, પણ તેઓ હતા તો બાદશાહની રહેમ નજર પર ટકેલા જાગીરદારો જ. તેમના કુંવરોને બાદશાહની તહેનાતમાં રહેવું પડતું ને તેમને પોતાને જરૂર પડયે દીવાને આમ કે દીવાને ખાસમાં સલામ કરવા જવું પડતું. કોઈ સાર્વભૌમ ન હતું. સાર્વભૌમ તો એક જ હતો — તે દિલ્હીશ્વર. બધે તેના નામના ખુતબા પઢાતા, તેમના નામે ઢંઢેરા બહાર પડતા.

શિવાજીને મોગલ બાદશાહનો સાર્વભૌમત્વનો દાવો તોડી નાખવો જરૂરી લાગ્યો એટલે જ્યારે વાઘની બોડમાં જઈને વાઘના કાનરા કાપી આવ્યા ત્યારે રાયગઢમાં, પુરાતન ગુપ્ત સમ્રાટોની જેમ, પોતાનો પણ રાજ્યાભિષેક કરાવવાનું ઠરાવ્યું. ત્યારે કૂવાના દેડકા સમા કેટલાક બ્રાહ્મણોએ તેઓ ક્ષત્રિય નથી, ક્ષત્રિયો તો નંદવંશની સમાપ્તિ સાથે જ ખતમ થઈ ગયા છે; અત્યારે તો બે જ વર્ણ છે — બ્રાહ્મણ અને શૂદ્ર, અને શૂદ્રનો તો રાજ્યાભિષેક થઈ ન શકે એવો નિર્ણય આપેલો. ત્યારે શિવાજી મહારાજે બનારસના ગગા ભટ્ટને બોલાવી પોતે ચિત્તોડના સિસોદિયા વંશી રાજવીઓના વંશજ છે તેવું પ્રમાણપત્ર કઢાવ્યું ને હિંદુઓએ એક હજાર વર્ષથી કદી નહીં જોયો હોય તેવો વૈભવપૂર્ણ રાજ્યાભિષેક કરાવ્યો.

સંતોના ચારસો વર્ષના આંદોલન પછી પંડિતોમાં આ સ્થિતિ હતી, તેની સાથે બજાજી નિંબાલકર ને નેતાજી પાલકરને ફરી હિંદુ ધર્મમાં લેવાની અને પોતાની જ દીકરી બજાજીના દીકરાને દેવાની મહારાજની અપૂર્વ હિંમત સરખાવવા જેવી છે.

માર્ક્સના ઇતિહાસ-વિવેચન પ્રમાણે : જગત કેવળ ક્રાન્તિથી નથી ચાલતું — જગત કેવળ ઉત્ક્રાન્તિથી પણ નથી ચાલતું. ઈંડું અંદર તો પાકતું જાય છે પણ પછી ઉપલું પડ તોડવું પડે છે. સંતોએ ઉત્ક્રાન્તિ કરી, શિવાજીએ તેના અનુસંધાને ક્રાન્તિ કરી. તે સમયના પ્રમાણમાં તો એમનાં પ્રશાસકીય, વહીવટી પગલાં ક્રાન્તિકારી હતાં તેમ તેમણે લીધેલાં પગલાંથી સ્પષ્ટ દેખાય તેવું છે.

એમાં સૌથી મહત્ત્વનું પગલું ખેડૂતો સાથે રાજ્યનો સીધો સંબંધ બાંધી નવી જાગીરદારી બંધ કરવાનું ગણાય.

મધ્યયુગ એટલે જ ઠકરાતી વ્યવસ્થા. રાજા તો તેમાં મુખવટો — જાગીરદારો-ભાયાતો જ ખરું ચાલક બળ. તે લોક જ નાનીમોટી જાગીરોનો ઉપભોગ કરી, વહીવટ કરે — ભલે રાજાના નામે, પણ વહીવટ તો ઠાકોરોના હાથમાં. તેમની ફરજ ઊપજનો નિયત ભાગ રાજ્યને આપવો અને નિયત થયા મુજબ સૈન્ય રાખવું ને રાજા બોલાવે ત્યારે સૈન્ય લઈને જવું; બાકી હકીકતમાં પોતાના પ્રદેશનો પોતે જ રાજા. રાજાનું પોતાનું સૈન્ય નહીંવત્. જૂજ ભાયાતો ઠાકોરો વીફરે ત્યારે રાજાની મિલકત કોડીની. શિવાજીના અમાત્યે જ લખ્યું કે : "શત્રુ દ્વારા પ્રલોભન અપાતાં જમીનદારો મોટે ભાગે એમને મળી જાય છે. આવા પક્ષ-ત્યાગીઓને ફંગોળી, દંડ દઈ, બંદી બનાવવા જોઈએ." શિવાજીના જમાઈએ કોઈક નોંધપાત્ર સેવાના બદલામાં નવી જાગીરદારી માગી તો એને પણ શિવાજીએ મીઠાશથી ના પાડી કહેલું કે : "અમારું શાસન કોઈને જમીન-જાગીર રૂપે ઇનામ આપતું નથી."

શિવાજીએ જાગીરદારો પરનું રાજ્યનું પરાવલંબન તોડવા બે પાયાના સુધારા કરેલા : (૧) ખેડૂતો પાસેથી મહેસૂલ સીધું જ ઉઘરાવવું; (૨) રાજ્યના નોકરોને રોકડ પગાર આપવો — જમીન નહીં. આને લીધે રાજ્યે ઘણી કામગીરી હાથ પર લેવાનું બન્યું. પણ વચલા માણસોનું વર્ચસ્વ ખતમ થઈ ગયું.

યાદ રાખીએ કે ઉત્તર, પૂર્વ અને મધ્ય ભારતમાં આ વચલા જમીનદારોને સ્વરાજ આવતાં સુધી અંગ્રેજી સામ્રાજ્યે પણ દૂર નહોતા કર્યા. એ જોઈએ તો શિવાજી કેટલાકના મતે મધ્યયુગના તો શ્રેષ્ઠ પુરુષ ગણાય છે જ. પણ વર્તમાનયુગના પણ તેઓ સ્થાપક પુરુષ હતા તેવું સ્વીકારવું પડે, કારણ કે વર્તમાન-યુગ એટલે ભૂમિનિષ્ઠ ઠકરાતી યુગનો અંત.

પોતાના પંતપ્રધાન, સેનાપતિ, સરનોબત, દરિયા-સારંગ — બધાને પગારો જ આપ્યા — તે જમાનાના પ્રમાણમાં ઊંચા પગારો, પણ રોકડ જ, જાગીર નહીં, મહેસૂલના ઇજારા નહીં, વેરાના અધિકારો નહીં.

મહારાજની આવી બીજી દીર્ઘદૃષ્ટિ ગણાવવી હોય તો તેમણે જે નૌકાસૈન્ય પર ધ્યાન આપ્યું તે. મોગલ શહેનશાહને પણ પોતાની નૌકાસેના ન હતી. હજ પર જનારાં પોતાનાં કુટુંબીજનોને પણ કોઈકના વહાણમાં, કોઈકના રક્ષણ નીચે જ મોકલવાં પડતાં.

મહારાજે દરિયાની દિશામાંથી આવનારી આફત, જાણે, જોઈ લીધી હતી. એટલે તેઓ કોંકણ કાંઠા પરની મુસ્લિમ શક્તિ જંજીરાના સીદીઓ સામે જીવ્યા ત્યાં સુધી સામુદ્રિક અધિકાર માટે, લડતા રહ્યા. અને કલ્યાણથી કારવારના સમુદ્રકાંઠાના રક્ષણાર્થે સિંધુદુર્ગ-વિજયદુર્ગ-સુવર્ણદુર્ગ-કોલાબાના જબ્બર કિલ્લાઓ ઊભા કર્યા. તેમને સાચવવા માટે કાંઠાના કોળીઓની પીઠ થાબડી નૌકાસૈન્ય ઊભું કર્યું. એ વખતે ભારતવર્ષનાં અન્ય રાજ્યો અનુસર્યાં હોત તો સમુદ્ર માર્ગે આવેલી પરદેશી કંપનીઓનું ભવિષ્ય જુદું જ હોત. શિવાજી મહારાજના કાર્યને ઉત્તમ રીતે સમજવા માટે તેમના સમકાલીન અને અમાત્ય રામચંદ્ર પંતે 'આજ્ઞાપત્ર'માં તેમની ને તેમની કામગીરીનું જે વર્ણન કર્યું છે તે સૌથી વધારે સમુચિત છે.

રામચંદ્ર પંત અમાત્યે દસ વર્ષ શિવાજી નીચે કામગીરી કરી હતી. સંભાજીના કરુણ મૃત્યુ પછી રાજારામે તેને સર્વસત્તાધિકારીનું પદ આપી ઔરંગઝેબ સામેનો લોકસંગ્રામ ચાલુ રાખવા સર્વાધિકાર આપ્યા હતા. એ કાળે ભાવિ શાસનકર્તાઓને માટે માર્ગદર્શક થાય તેવો રાજનીતિશાસ્ત્રનો ગ્રંથ 'આજ્ઞાપત્ર' તેમણે લખ્યો.

આરંભમાં જ તેમણે ઉદ્ધૃત કર્યું :

"સંત બોલતાત, રાજે ભ્રષ્ટ યવન ઝાલે,
ઠાંયીં ઠાંયીં દોષ ઘડલે, મગ યાંહી અવતાર ઘેતલે
કલિદોષ હારાવવા"

અને પછી શિવાજીનું સર્વથા અનુકરણીય ચરિત્ર કેવું હતું તે વર્ણવ્યું :

"યુગપ્રવર્તક છત્રપતિ આરંભમાં તો મુસલમાનોના તાબેદાર હતા. પણ પછી પંદર વર્ષની ઉંમરથી જ પૂનાની પોતાની નાની જાગીરને સ્વતંત્ર કરવાના પ્રયત્નો આરંભ્યા. આ મામૂલી આરંભને જ તેમણે પોતાની ભાવિ મહત્તાની આધારશિલા માની. એમાં એમની પોતાની જ આવડત, મહેનત પર આધાર રાખ્યો. તેઓ લોકોમાં ક્યું હીર પડયું છે તે જોઈ લેતા અને પોતાના મહાન કાર્યમાં સહાયક બનવા માટે તેમને પોતાની સેવામાં લેતા. આનું પરિણામ એ આવ્યું કે જે કાર્ય શરૂઆતમાં અસંભવ લાગતું હતું તેમાં તે સફળ થયા. જનતાનાં વેરવિખેર બળોને તેમણે એકત્ર કરી સંગઠિત દળનું નિર્માણ કર્યું.

તેમની આજુબાજુ ત્રણ શક્તિશાળી સત્તાઓ હતી — આદિલશાહી, કુતુબશાહી, નિઝામશાહી. ઉપરાંત, મોગલોના સૂબા પણ હતા, જેમાં દરેક સૂબા પાસે એક એક લાખ સૈનિકો હતા. આ ઉપરાંત, જંજીરાના સીદી, ફ્રાંસિસીઓ, અંગ્રેજ અને ડચો પણ હતા, જેમની અસર નીચે રામનગર, ભિદનગર, મૈસૂર, ત્રિચિનાપલ્લી જેવાં નાનાં રાજ્યો હતાં અને આ બધાં ઉપરાંત દેશમુખો ને પોલીગારો હતા, મોરે, શિર્કે, નિંબાલકર, ઘાટકે.

પોતાના ચાતુર્યથી એમણે ઊલટાના આ બધાયને ઘેર્યા, અને પ્રત્યેકને પરાજય આપ્યો — ક્યાંક ખુલ્લંખુલ્લા, ક્યાંક મીઠા પ્રસ્તાવો દ્વારા, ક્યાંક ઓચિંતો હલ્લો કરીને. શત્રુના

મુલકમાંયે નિર્ભયતાપૂર્વક ગઢો ચણી રક્ષણસ્થાનો ઊભાં કર્યાં. સમુદ્રગઢો ઊભા કર્યા. અજાણ્યાં બંદરોમાં પણ એમનું નૌકાસૈન્ય પ્રવેશ્યું.

આમ, ભિન્ન ભિન્ન ઉપાયોથી એમણે સ્વતંત્ર રાજ્યનિર્માણ કર્યું, જેનો વિસ્તાર ખાનદેશના બાગલાણથી કાવેરી તટના તાંજોર સુધીનો હતો. આ રક્ષણ માટે એમણે સેંકડો ગઢો અને નૌકાસૈન્યો ઊભાં કર્યાં; ૪૦ હજારનું ખડું સૈન્ય ને બોલાવે ત્યારે આવે તેવું ૭૦ હજારનું શિલેદારોનું સૈન્ય જમાવ્યું, બે લાખનું પાયદળ હતું ને ખજાનાની ગણતરી તો કરોડો રૂપિયાએ પહોંચી હતી. એમના મરાઠા રાજ્યમાં ૯૬ જાતિઓ હતી, તેને વૈભવને શિખરે પહોંચાડી છત્રપતિનું પદ ધારણ કર્યું. આ બધુંય હિંદુ ધર્મની રક્ષા માટે હતું. ચોરી અને અન્યાય તો એમના રાજ્યમાં અલોપ થઈ ગયાં. મોગલ સમ્રાટ ઔરંગઝેબને માટે તો શિવાજી માથાના દુખાવા સમાન બની ગયા, એમને કારણે એ દુઃખના સાગરમાં ડૂબતો રહ્યો — વાસ્તવમાં, ભગવાને જ શિવાજી મહારાજને સાધન બનાવી આ ચમત્કાર કર્યો."

આ લગભગ સમકાલીન લેખમાં મરાઠાઓની ૯૬ જાતિઓ કહી છે. આ બધા અંદરઅંદર ક્ષુદ્ર સ્વમાનો કે અલ્પ સ્વાર્થોમાં દસકાઓથી ઝઘડતા હતા. અનુશાસન વિનાના, વાત વાતમાં ઝઘડી પડનારા આ મરાઠાઓને તેમણે એક 'સ્વરાજ'નું ધ્યેય આપ્યું, નેતાગીરી આપી. શિસ્તનું મહત્ત્વ સમજાવ્યું. જન્મભૂમિ માટે એકતા નિર્માણ કરી. ખેડૂતો, પહાડી લોકો, પરદેશી નીચે રહી સેવા આપતા સામંતો, આ બધાને સંયુક્ત કરી એક શક્તિશાળી રાષ્ટ્રીય રાજસત્તા નિર્માણ કરી. એમના અવસાન પછી એમની ગેરહાજરીમાં, ઔરંગઝેબની સમગ્ર શક્તિ સામે સામનો કરીને પ્રજાએ આ હકીકત સાબિત કરી.

આવા મહાપુરુષને ધર્મ-રાજ્યની સ્થાપના માટે ઝંખતા સંતો અંજલિ આપે તેમાં નવાઈ નથી. સમર્થ રામદાસે આપેલી શ્રેષ્ઠ અંજલિ આપી, તેમાં ભાગ્યે જ કોઈ સુધારો-વધારો કરી શકે તેમ છે:

> "નિશ્ચયાચા મહામેરુ । બહુજનાંસી આધારુ । અખંડ સ્થિતિ ચા નિર્ધારુ । નરપતિ, હયપતિ, ગજપતિ, યશવંત, કીર્તિવંત, સામર્થ્યવંત । પુણ્યવંત આણી જયવંત । તીર્થક્ષેત્રે મોડીલી । બ્રાહ્મણ બિઘડલી । સકળતીર્થે આંદોળલી । ધર્મ ગેલા । દેવધર્મ, ગો-બ્રાહ્મણ । કરોવાયાસી રક્ષણ । હૃદયસ્થા જાલા નારાયણ । પ્રેરણા કેલી । મહારાષ્ટ્ર ઉરલાકાંહીં તુમ્હાં કારણે । કિત્યેક દુષ્ટાંસી સંહારિલે । કિત્યેકાંસી ધાક સૂટલે । કિત્યેકાંસી આશ્રય જાલે । શિવકલ્યાણ રાજા ।

મૂર્ધન્ય ઇતિહાસકાર જદુનાથ સરકારે શિવાજીને આપેલી અંજલિમાં બધું સમાઈ જાય છે: "તેણે પોતાના ઉદાહરણથી શીખવ્યું કે હિંદુ જાતિ રાષ્ટ્ર સર્જી શકે છે – રાજ્ય સ્થાપી શકે છે, શત્રુઓને હરાવી શકે છે, તેઓ પોતાનું સંરક્ષણ ગોઠવી શકે છે: સાહિત્ય, કલા, વ્યાપાર-ઉદ્યોગને સંરક્ષે છે, અને પરદેશીઓ જેવું જ નૌકાસૈન્ય રાખી શકે છે."

મૃત્યુ વખતે શિવાજીનું ચિત્ત શાંત ન હતું. એમણે મહાન મોગલ સત્તાને મીનાં ભણાવી હતી. પણ એના અંતઃપુરમાં સુલેહ-શાંતિ નહોતી. તેમના બે પુત્રો: રાજારામ અને સંભાજી. એમાં સંભાજી તો ઉદ્ધત, ઉગ્ર અને ઉન્મત્ત હતો. મોગલો સાથે ભળી જતાં પણ એને આંચકો આવ્યો ન હતો. પોતે સ્થાપેલ ધર્મ-આધિષ્ઠિત રાજ્ય એને સોંપી જવાનું એમને રુચતું નહોતું. ઊલટો, તેને તો પન્હાળામાં અર્ધ-કેદમાં રાખ્યો હતો. રાજારામ નાનો હતો. તેની મા સોયરાબાઈ તેનો હક આગળ કરતી હતી. શિવાજીની ઇચ્છા રાજ્યનો દક્ષિણ ભાગ સંભાજીને અને ઉત્તર ભાગ રાજારામને આપવાની હતી. પણ સંભાજીને તે કબૂલ ન હતું. કંઈક રસ્તો નીકળે તે પહેલાં જ શિવાજીનું અવસાન થયું. સોયરાબાઈએ પોતાના દીકર

રાજારામનો અભિષેક કરાવી દીધો, પણ સંભાજીએ કેદમાંથી છૂટી પહેલું કામ જ સોયરાબાઈને ભીંતમાં ચણાવી દેવાનું અને તેને ટેકો આપવાવાળા શિવાજીના સમયના ડાહ્યા આગેવાનોને કોઈને હાથીને પગે કચડી નાંખવાનું, તો કોઈને કારાગારમાં પૂરી દેવાનું કર્યું.

જે રાજ્યનો આરંભ જ માતૃહત્યા અને શાણા મંત્રીઓની હત્યાથી થયો, તેનો અંત પણ કેવોક આવે? હા, સંભાજીમાં પિતાની બહાદુરી હતી, પણ સંયમ અને શાણપણ વિનાની. એટલે તેણે પોતાના અમલમાં એક જ કામ કર્યું — એકેએક જૂના, વફાદાર અને શિવાજીનું સ્વપ્ન સમજનારા લોકોને હાંકી કાઢવાનું કે મારી નાંખવાનું. શિવાજીએ જેને પોતાના વડીલતુલ્ય ગણેલ તે હનુમંતે ભાઈઓ પણ એમાં આવી ગયા. એક જ રહ્યો કવિકલશ. કનોજનો બ્રાહ્મણ, સંસ્કૃતનો વિદ્વાન પણ મહારાષ્ટ્રમાં જે પુણ્યોદય થયો હતો તેને ન જોનારો, ન સમજનારો, મંત્ર-તંત્રની અને દારૂ-વિલાસની જાળમાં ફસાયેલો. આ 'કવિ-કલશ'ને લોકોએ કહ્યો : 'કવિ કલુષ'.

શિવાજીનું મૃત્યુ સાંભળતાં જ દક્ષિણમાં પોતાની મહાસેના સાથે ઔરંગઝેબ જાતે ઊતરી આવ્યો હતો. જે અલ્લાઉદ્દીન કરી શક્યો નહોતો — જેમાં અકબર, જહાંગીર, શાહજહાં કોઈ ફાવ્યા નહોતા, તે તેને કરવું હતું : પૂર્વ દક્ષિણ વિજય — રામેશ્વરથી માંડીને બદ્રીશ્વર સુધીનું એકચક્રી મુસ્લિમ સામ્રાજ્ય તેને સ્થાપવું હતું. પહેલાં બિજાપુર ગોવળકોંડાને નેસ્તનાબૂદ કરવાં હતાં, કેમ કે એ રાજયો મુસ્લિમ હતાં પણ ઔરંગઝેબના સુન્ની મુસ્લિમ ન હતાં, શિયાપંથી હતાં. તેના મતે મૂર્તિપૂજક હિંદુઓ કરતાં પણ આ શિયા વધારે નાપાક હતા. આ બન્ને રાજ્યો સૈકાઓથી સમૃદ્ધ હતાં — અજિત કિલ્લાથી રક્ષાયેલાં હતાં. તેમને હરાવે પછી કોઈ સામું ઊભું જ ન રહી શકે.

બિજાપુર-ગોવળકોંડાના ઘેરા અને ઘેરાયેલાં સૈન્યોએ મહિનાઓ સુધી કરેલો સામનો, ઇતિહાસનાં રોમાંચક પ્રકરણો છે. શિવાજીના જૂના સાથીદારોએ સંભાજીને આ બંને રાજ્યોને મદદ કરવાની સલાહ આપી. અગાઉ શિવાજીએ આવા વખતે તેમને મદદ આપી જ હતી, કારણ કે આ બેઉ મુસ્લિમ રાજ્ય હોવા છતાં, તે મોગલ સલ્તનત જેટલાં ઝનૂની કે ભયાવહ નહોતાં. ખેર . . . સંભાજી એટલુંય ન સમજ્યો કે આ બે રાજ્યોનો નાશ થયા પછી વારો તો પોતાનો જ આવવાનો હતો. પણ સંભાજીએ આ સલાહને કશી ગંભીરતાથી ન લીધી. પરિણામે બન્યું પણ એમ જ.

બિજાપુર-ગોવળકોંડા ખતમ થયાં ને બાદશાહી સેના સંભાજીને સર કરવા નવરી પડી. એક દિવસ વિલાસ અને દારૂમાં ડૂબી ગયેલા સંભાજીને સંગમેશ્વરમાં દૂતોએ ખબર આપ્યા કે મોગલો આવી રહ્યા છે, પણ તેણે ન માન્યું. ઊલટાનું 'આવા સમાચાર ફરી લાવશો તો જીભ કપાવી નાખીશું' અને 'આવતા હશે તો પણ કવિકલશ તેના મંત્રોથી એ બધાને ભગાડી મૂકશે', તેવું કહી ઘેનમાં ઊંઘી ગયો.

ઔરંગઝેબે માન્યું કે ખરે જ ખુદા તેની મદદમાં આવતો હતો. દરબારમાં સાંકળે બંધાયેલા ડાગલા જેવા સંભાજી અને કવિકલશને જોઈ, સિંહાસન પરથી ઊતરી ભોંયે માથું અડાડી ખુદાની બંદગી કરી પછી ઔરંગઝેબે આવા વિજયો અપાવવા માટે સંભાજીને કહેવરાવ્યું કે તેનો ખજાનો, કિલ્લાઓ સોંપી દે અને પુછાવ્યું કે તેની જોડે કયા કયા મુસલમાન સરદારોએ છૂપો પત્રવ્યવહાર કર્યો છે? અંતે મુસલમાન થાય તો બચાવવાની લાલચ પણ આપી. આવા અપમાનથી સળગી ઊઠેલા સંભાજીમાં આખરે પોતાના મહાન પિતાનું દૈવત ઝળકી ઊઠયું. આવેશમાં આવીને તેણે કુરાન, પયગંબરનેય ગાળો દીધી અને ઔરંગઝેબ એને દીકરી પરણાવે તે દિવસે પોતે મુસલમાન થશે તેમ સામે કહેણ મોકલ્યું. ઔરંગઝેબે તેની આંખો ફોડાવી, ઊંટ માથે ડાગલાની જેમ ઊંધે મોઢે ફેરવી, જીભ ખેંચાવી, અંગેઅંગ કપાવ્યાં. પણ સંભાજીએ આ બધાં અમાનુષી

ક્ષ્ટો ઝનૂની વીરની પેઠે વેઠયાં. સંભાજીના વીર મૃત્યુએ તેની બધી શરમ અને કલંકને ધોઈ નાખ્યાં. મરાઠી પ્રજા તેની દુષ્ટતા, જુલમ, વિલાસ ને અધર્મ વીસરી ગઈ.

ઔરંગઝેબે ઈ. સ. ૧૬૮૧માં દક્ષિણ સર કરવાનો આરંભ કર્યો. સંભાજીની કતલ ઈ. સ. ૧૬૮૯માં થઈ. તે જ વર્ષમાં મરાઠાઓની રાજધાની રાયગઢનું પતન થયું. સંભાજીની રાણી યેસુબાઈ અને પુત્ર શાહુને પકડી બાદશાહી સેનામાં રાખ્યા, ત્યારથી એટલે કે ૧૬૮૯થી માંડીને તે ઔરંગઝેબના મૃત્યુ પછી શાહુ પાછો આવ્યો ત્યાં સુધીનો મરાઠા ઇતિહાસ, મરાઠી પ્રજાનો સૌથી ગૌરવવંતો કાળ છે. ભારતવર્ષમાં જ નહીં, પણ દુનિયાની બીજી કોઈ પણ પ્રજાના ઇતિહાસમાં આટલાં વર્ષો સુધી, નેતાવિહોણી કોઈ પ્રજાએ એક દરિયાસમી સેના અને સૌથી વિલક્ષણ બાદશાહનો સામનો કર્યો હોય તેવું નોંધાયું નથી. ઈ. સ. ૧૬૮૯થી ૧૭૦૮ સુધીનો વીસ વર્ષનો આ ગાળો મરાઠાઓના 'લોકયુદ્ધ'નો છે. ઈ. સ. ૧૬૮૧માં દક્ષિણ વિજય માટે ઔરંગઝેબે ઉત્તર ભારત છોડી અજમેરથી કૂચ આરંભી. અને દક્ષિણમાં જ ૧૭૦૭માં તેનું જર્જરિત, પીડા-કલેશ-ચિંતાગ્રસ્ત ખોળિયું પડયું. તેણે તેની જિંદગીનાં આ બહુમૂલ્ય ૨૬ વર્ષ અને તેનો અનર્ગળ ખજાનો શિવાજીનું કર્યુંકારવ્યું ધૂળ કરવાના મિથ્યા પ્રયાસો પાછળ ખરચ્યાં!

હા, શરૂઆતનાં વર્ષોમાં તેને ઉપરાઉપરી વિજયો મળ્યા, બિજાપુર લીધું; ગોવળકોંડા હાર્યું; સંભાજી પકડાયો, રાયગઢ પડયું – શાહુ અને યેસુબાઈ પણ તેના કબજામાં આવ્યાં. વર્ષોથી ઇચ્છેલો વિજય હાથવત જ દેખાયો, દિલ્હી જલદી પહોંચવાના મનસૂબા સૌએ ઘડયા, પણ ઔરંગઝેબ ફરી દિલ્હીદર્શન ન કરી શકયો. તેનાં સૈન્યો હાર્યાં, તેના સૂબા-સેનાપતિઓની ફજેતી થઈ, આખા હિંદુસ્તાનમાં મોગલાઈનો મોભો તૂટી ગયો. દક્ષિણ તો હાથમાં ન આવ્યું પણ મોગલાઈની ઇજ્જત જતાં ઉત્તરમાં ઠેર ઠેર બળવાઓ થયા, સામ્રાજ્યના સિમાડા ઢીલા પડ્યા ને તૂટું તૂટું થઈ ગયા. છેવટે સામ્રાજ્ય તૂટ્યું.

આનો બધો યશ સંભાજીના અવસાન પછીના લગભગ વીસ વર્ષના મરાઠી પ્રજાના શાણપણ અને ખમીર-વંત 'લોકસંગ્રામ'ને જાય છે. શાણપણ અને ખમીર પ્રજાને બેઠી કરે છે, ટકાવે છે, વિજયી બનાવે છે. ગગનગામી રાજહંસની બે પાંખ સમ આ બેઉ ગુણ : શાણપણ અને ખમીર મરાઠી પ્રજામાં ઝળકયા.

સંભાજીનું મૃત્યુ થયું છે — તેનો બાળક શાહુ હજુ સાત વર્ષનોય નથી; પૂર જેવી મોગલ સેના રાયગઢને વીંટી લઈને બેઠી છે. શિવાજીનાં અનેક સ્મરણોથી અંકિત આ કિલ્લાના પતનની ઘડીઓ ગણાય છે. પણ પ્રજાની પાસે સવાલો બે છે: (૧) સંભાજીના ખાલી આસને હવે કોણ બેસે? (૨) અને કોણ રાજ્ય ચલાવે? શાંતચિત્ત, બુદ્ધિમંતાં, પતિવિહોણાં યેસુબાઈએ ચુકાદો આપ્યો : હમણાં કોઈનો રાજ્યા-ભિષેક કરવાની જરૂર નથી. રાજરામ શાહુના 'પ્રતિનિધિ' બને અને સૌ એની આજ્ઞામાં રહે. તેણે મુખ્ય જરૂરિયાત પર આંગળી મૂકી: "આપણા સેનાપતિઓ બધી બાજુથી મોગલ સૈન્યને હેરાન-પરેશાન કરવા માંડે, જેથી સૌને ખાતરી થાય કે રાજાના મૃત્યુથી મરાઠાઓનો સામનો જરાય મંદ પડયો નથી." પછી, વિલક્ષણ રાજનીતિ-પટુની જેમ દર્શાવ્યું : "રાયગઢ નિઃસંદેહ સબળ સ્થાન છે, ઘણા લાંબા વખત સુધી દુશ્મનો સામે ટકી શકે, પણ મારો પોતાનો મત એવો છે કે બાદશાહનું ધ્યાન બીજે ખેંચવા માટે રાજરામ પોતાની પત્નીઓ, અનુચરો સાથે ઘેરો વધારે સખત થાય તે પહેલાં, અહીંથી બહાર નીકળી જાય. હું મારા નાના શાહુ સાથે અહીં રહીશ અને રાજધાનીની રક્ષા કરતાં જે કંઈ પરિણામ આવે તેની રાહ જોઈશ." રાજરામે તે જ રાત્રે યેસુબાઈને ચરણે ગદ્‌ગદ હૃદયે શિર નમાવી શાહુને ભેટી રાયગઢ છોડયું

* ઇતિહાસ યોગ્ય વ્યક્તિઓ દ્વારા દ્રુત ગતિમાન થાય છે. જે કાળે જેવી વ્યક્તિઓ ઐતિહાસિક મો પર હોય તેવો ઇતિહાસ. યેસુબાઈ ઇતિહાસના એવા મોકા પર છે કે ઇતિહાસ તેના લીધે આલોકિત થ

છે. રાયગઢ પડવાનો છે અને પોતાને લાંબાં વર્ષો મોગલાઈના કારાવાસમાં ગાળવાનાં છે, તેની કલ્પના તેમને છે, પણ તેની ચિંતા તો સામનો ચાલુ ન રહે કે નબળો પડે તેની છે.

આ વીસ-વર્ષીય 'લોકસંગ્રામ' દર્શાવે છે કે યેસુબાઈ અપવાદ ન હતી. મહારાષ્ટ્રધર્મ માટે આહુતિ આપનારાં અનેક નાનાંમોટાં સ્ત્રી-પુરુષો હતાં.

રાયગઢ પડયું. યેસુબાઈ અને શાહુ કેદ થયાં, પન્હાળા પડયું, વિશાળગઢ, પ્રતાપગઢ, સિંહગઢ, ભૂપાલગઢ — એક પછી એક કિલ્લા ખરવા માંડયા.

સંગ્રામ ચાલુ કયાંથી રાખવો? રાજારામે સુઝાડયું : "મહારાજને દિવ્યદૃષ્ટિ હતી, એમણે આવો અવસર કદાચ આવશે તેમ ધારીને જ છેક દક્ષિણમાં તાંજોરમાં આપણું રાજ્ય સ્થાપ્યું." ત્યાં જઈને બધાએ જિંજી પસંદ કર્યું પણ ત્યાં જવું સહેલુ નહોતું. સેંકડો માઈલ – હાલના પોંડીચેરીથીયે ૪૦ માઈલ દૂર સુધી મોગલોની ઊભરાતી છાવણીઓવાળો પ્રદેશ. શિવાજીની તાલીમમાંથી પસાર થયેલા ખંડો બલ્લાળ, કેશવ પુરોહિત, સંતાજી ઘોરપડે, ધનાજી જાદવ, ખંડેરાવ દાભાડે – બધા રામેશ્વર જનારા લિંગાયત સાધુઓના વેશમાં નીકળી પડયા. તાંજોરમાં પણ સંદેશો પહોંચી ગયો, મથકે મથકે આગળ-પાછળ છૂપા રક્ષકો રહે તેવી યોજનાઓ થઈ.

મોગલોને પણ જાણ થઈ ગઈ કે શિકાર (રાજારામ) છટકી ગયો છે. તેમણે પણ ચારે બાજુ કહેવરાવી દીધું. શિવાજી એક વાર દિલ્હીના કેદખાનામાંથી બધાના દાંત ખાટા કરી નીકળી ગયા હતા, તેવું ફરી ન થાય તે માટે ચારે બાજુ જાસૂસો, અસવારો, અફસરો દોડવા માંડયા – કેટલાક પકડાયા, કેટલાક મૂઆ પણ ખરા; અને રાજારામ અનેક વાર તો દોરાવા જેટલા જ અંતરમાંથી બચી ગયા. બેંગ્લોરની ધર્મશાળામાં કોઈકે જોયું કે કેટલાક બાવા એક બાવાના પગ ધોઈને લૂછતા હતા. કોઈકને થયું નક્કી આમાં કંઈ ભેદ છે. જોનારા કાનડી ભાષામાં કહેવા લાગ્યા : "આ જ કદાચ મરાઠી રાજા હોય, ખબર આપી દઈએ તો ન્યાલ થઈ જઈએ." પણ રાજારામના રસાલામાંથી એક જણ કાનડી જાણતો હતો, પેલા લોકો મોગલ સૂબાને ખબર આપવા ગયા ને ખંડો બલ્લાળે સાધુઓના બે ભાગ પાડી રવાના કરી દીધા. પોતે થોડાક સાથીઓ સાથે પાછળ રહ્યો, જેથી પકડવા આવનારને શંકા ન જાય. થોડા જ વખતમાં સૂબાઓ આવીને પકડયો. ખંડો બલ્લાળે તો ભોળાભાવે કહ્યું : "અમે તો રામેશ્વરના જાત્રાળુ છીએ. અમને તો એ લોકો રસ્તામાં ભેગા થયેલા. એ લોકો કઈ બાજુ ગયા હશે તે કેમ જાણીએ?

સૂબાએ ફટકા મરાવ્યા, મોંએ મરચાંનો તોબરો ચડાવ્યો. તાપમાં છાતી પર પહાણા મુકાવી સુવાડયો, પણ કશું મળ્યું નહીં. બંધ કોટડીમાં પૂર્યો. ત્યાંય ખંડો બલ્લાળે ખાધુંપીધું નહીં – કહે : "જાત્રાળુથી જેલમાં ખવાય નહીં." બે-ચાર દહાડે છોડી મૂકયો. જિંજીમાં યેસુબાઈનો સંદેશો રાજારામને મળ્યો કે : "હવે તમે જ રાજ્યપદ લઈ લો, અષ્ટપ્રધાન નીમો, નહીંતર પ્રજાને એમ લાગશે કે અમારો કોઈ રાજા જ નથી, લોકોની હામ ભાંગી જશે."

રાજારામે રાજ્યપદ લીધું, પણ જાહેર કર્યું કે સાચો રાજા તો જેલમાં છે, ને એ પાછો આવે ત્યાં સુધી જ હું રાજા છું અને અષ્ટપ્રધાન મંડળ નીમી ચારે બાજુ શાસનપત્રો મોકલવા માંડયાં.

રાજારામનો પહેલો નિર્ણય રામચંદ્ર પંત અમાત્યને મહારાષ્ટ્રમાં સર્વાધિકારી પ્રતિનિધિ તરીકે નીમવાનો હતો. રામચંદ્ર પંત પાસે બધા અધિકારો હતા, પણ નહોતું સૈન્ય, ન હતું ધન. ઊલટું, એણે જિંજીમાં સૈન્ય અને ધન મોકલવાનાં હતાં. પણ રામચંદ્ર પંત પાસે શાણપણ અને પૂર્વ-ઇતિહાસ હતાં.

એણે સંગ્રામની રૂપરેખા દોરી કાઢી :

(૧) આ ભૂમિ મરાઠાઓની હતી, એટલે મોગલોને હાંકી કાઢવા જે કોઈ તૈયાર થાય અને પોતાના ખર્ચે હાંકી કાઢે, તે ભૂમિ તેને જાગીર તરીકે આપવાની. જાગીરદારે રાજારામની આજ્ઞામાં રહેવાનું અને ઠરાવેલ રકમ તાબેદારી પેટે ચૂકવવાની.

(૨) મહારાષ્ટ્ર બહારની મોગલાઈ નીચેની ભૂમિ પણ હિંદુઓની હતી. મોગલાઈએ મહારાષ્ટ્ર પર આક્રમણ કર્યું હતું, એટલે મોગલાઈએ જીતેલા એ બધા મુલકો પર પણ આક્રમણ કરવું જરૂરી હતું. એના પર આક્રમણ કરનારાને પણ એ જાગીર પેટે મળે અને રાજારામની આજ્ઞામાં રહીને તે ભોગવે.

(૩) કોઈ પણ ઠેકાણે ખુલ્લી લડાઈ આપવાની ન હતી. ગેરીલા—છાપામાર લડાઈ એ જ શિવાજીની શિખામણ હતી, એને જ અનુસરવાનું હતું.

(૪) જે મરાઠાઓ મોગલાઈને મદદ કરતા હતા અને હજુ કરે તેમને મોગલો જેવા જ ગણવા. તેમને પકડવા અને તેઓ ન પકડાય તો તેમનાં સગાંવહાલાંને જામીન તરીકે રાખી મહારાષ્ટ્રને થતું નુકસાન વસૂલ કરવું.

મહારાષ્ટ્રમાં ખૂણેખૂણે વીરતા ને મહારાષ્ટ્રભક્તિ પડ્યાં હતાં, તેને આથી મોકળું મેદાન મળી ગયું. ખૂણેખૂણે તલવારિયા, ભાલાધારી, શિલેદારો, વતનભોગીઓ સેંકડો-હજારોની સંખ્યામાં અધિકારપત્રો લેવા આવવા લાગ્યા, — બ્રાહ્મણ-પ્રભુ-મરાઠા-કોળી — કોઈનો ભેદ ન હતો.

એક લાખની આસપાસનું 'છાપામાર સૈન્ય' તૈયાર થઈ ગયું. તેના આગેવાનો હતા ઘોરપડે, દાભાડે, શિંદે, ભોંસલે, જાદવ, મોરે, બાંદે, હનુમંત, માલિલે.

રામચંદ્ર પંતે ચાર સૈન્યો ઊભાં કરી એકને જિંજીનો ઘેરો ઉઠાવવા માટે બધું કરી છૂટવા આજ્ઞા આપી; બીજાને પોતાની આજુબાજુ – સાલેરથી બેદનૂર — છાપા મારવા રાખ્યું; ત્રીજાને વરાડ, માળવા, ગુજરાતમાં; ચોથાને સરદેશમુખી ઉઘરાવવા મોકલી આપ્યું. આ સ્વયંસ્ફૂર્ત સંગ્રામે સંખ્યાબંધ આપસૂઝવાળા, સ્ફૂર્તિલા નેતાઓ આપ્યા. ગઈ કાલ સુધી જેમને કોઈ ઓળખતું નહોતું, જેમની કોઈ ગણતરી નહોતી તેમાંથી મોગલોને તોબા પોકરાવનારા, મોગલોને છાવણીમાંય ન જંપવા દેનારા સેનાનાયકો પાક્યા. તેમણે પોતાનું ધન, પોતાનું સૈન્ય, પોતાની વ્યૂહકળા નિપજાવવાનાં હતાં. નર્મદાથી નીચેનું સારું હિંદુસ્તાન એમનામાં હિંમત હોય તો, એમનું હતું. આ હજારો છાપામારો મોગલાઈ સૈન્યની આજુબાજુ-પછવાડે ને આગળ મધમાખીની જેમ ભમવા લાગ્યા. ઔરંગઝેબે જિંજીના કિલ્લાના ઘેરા માટે અને મહારાષ્ટ્રના કિલ્લાઓ સર કરવા માટે એનાં મોટાં સૈન્યો અને સેનાપતિઓને દક્ષિણમાં બોલાવી લીધાં હતાં. દક્ષિણના છયે સૂબાના સૈન્યને આખરી ફેંસલો કરવા, પોતાની જ દોરવણી નીચે જંગ આપવા જમાવટ કરી હતી પણ તે તો મહારાષ્ટ્રના સ્ફૂર્તિલા ઘોડેસવારો માટે અનુકૂળ હતું. તેમને રામચંદ્ર પંતની આજ્ઞા હતી કે આ સૈન્યોને મહારાષ્ટ્રની ઝાડી-પહાડો-ઝરણાં-નાળાં-જંગલો ને કરાડોમાં અટવાવા દો. શિવાજી મહારાજે દુશ્મનોની શક્તિ નાણી લીધી હતી કે તેમની તોપો, તેમના હાથીઓ, તેમના જાતવંત અરબી ઘોડાઓ, તેમના તંબૂ-રસાલા-તહેનાતો અહીં કામનાં નહોતાં – ઊલટાં ભારરૂપ હતાં. શિવાજી મહારાજે એમના વખતના આક્રમકોને પત્ર લખી ચેતવણી આપેલી: "મારો મુલક મેદાન નથી, તે તો નાનામોટા પહાડો ને ઘાટોવાળો છે. એમાં સારામાં સારું ઘોડું પણ ચાલે તેમ નથી."

રામચંદ્ર પંતે આ વાત બરાબર પકડી. એટલે મહારાષ્ટ્રની ચિંતા ન કરતાં આ છાપામાર સૈન્યોને ગુજરાત, ખાનદેશ, વરાડ, જ્યાંથી ઔરંગઝેબે સૈન્યો ખેંચી લીધાં હતાં ને જે ઉઘાડા પડી ગયા હતા, ત્યાં – મોગલાઈની પછવાડે છાપા મારી, ચારે બાજુ મરાઠા-શક્તિની ધાક બેસાડી દેવા પ્રેર્યાં; અને મરાઠાઓ નંદરબાર, બાગલાણ બુરહાનપુર, ગોંડવાના, ગુજરાતમાં ફેલાઈ ગયા. જે ઘેરો ઘાલવા નીકળ્યા હતા તે મોગલ શાસકો જ જાણે ઘેરાવા માંડ્યા.

જિંજીનો ઘેરો આઠ વર્ષ ચાલ્યો. ઔરંગઝેબે પોતાના શ્રેષ્ઠ સેનાપતિઓ, પોતાના વજીર અને પુત્ર સુધ્ધાંને મોકલ્યા, પણ અંદર ઘેરાયેલા રાજારામ અને તેના સાથીદારોએ નમતું ન આપ્યું. ઊલટું, મહારાષ્ટ્ર સામંતોને આજ્ઞા આપ્યા જ કરી(ઈ. સ. ૧૬૯૦માં). દેશમુખ બાજી સરજેહાલને લખ્યું :

"કર્ણાટકમાં આવીને અમે ચાળીસ હજાર સવાર અને એક લાખ પચ્ચીસ હજાર પાયદળ સૈન્ય ઊભું કર્યું છે. મરાઠાના ઝંડા નીચે પોલીગરો પણ આવવા માંડયા છે. મહારાષ્ટ્રની મારી જનતાને એક જ સંદેશો છે: 'ધર્મને માટે બલિદાન આપો. જૂના વખતથી મોગલોએ કરેલ અન્યાય તમે ભોગવી રહ્યા છો, હવે ધર્મને માટે બલિદાન દેવાનો સમય આવ્યો છે. મેં સંતાજી ઘોરપડેને સૈન્ય અને કોશ સાથે મહારાષ્ટ્રમાં મોકલેલ છે. તમારે ત્યાં આવે કે તરત તમે તેમની સાથે થઈ આપણા સહિયારા દુશ્મનને હરાવજો. હકીકતમાં દુશ્મનની કંઈ ત્રેવડ નથી. તમારા જેવા લોકોએ જ એને મહત્ત્વ આપી આ હદે પહોંચાડેલ છે. જો આપણા મરાઠા એની સાથે ન હોત તો તેની શી તાકાત હતી? એણે નેતાજી, સાવજી, જાનોજી રાજે અને કેટલાય બ્રાહ્મણોને મુસલમાન બનાવ્યા છે. આપણા રાષ્ટ્રને ખતમ કરવાનો તેનો ઈરાદો છે ... વગેરે."

ઘેરા-બંધ થયા પછી રાજારામ પોતાનું કર્તવ્ય આ રીતે અદા કરતો હતો. તો, બીજી બાજુ, તેના છાપામાર સરદારો બહારથી ઘેરો ઘાલનારને અનાજ-પાણી-બળતણ-દારૂગોળો નાણાં, કશું ન મળે તે માટે નાકાબંધી કરતા હતા. લાંબાં આઠ વર્ષ આમ ચાલ્યું. ઔરંગઝેબની પણ ધીરજ ખૂટી, ધન પણ ખૂટવા લાગ્યું. અકળાઈ જઈને વજીરની નામોશી કરી, પુત્રનો ઊધડો લીધો, ઝુલફિકારને પણ તતડાવ્યો; વધુ નાણાં, વધુ સૈન્ય મોકલ્યાં. પણ જિંજી પડે તે પહેલાં જેને પકડવા આકાશપાતાળ એક કર્યાં હતાં તે રાજારામ છટકી ગયો. અને લાંબો પંથ કાપી ફરી મહારાષ્ટ્રમાં પ્રગટ થયો.

રામચંદ્ર પંતે બધા આગેવાનોને સતારામાં રાજારામની સન્મુખ ભેગા કરી, નવો વ્યૂહ રચી કાઢવા સૂચન કર્યું કારણ કે હવે બાદશાહ વધારે જોરથી મહારાષ્ટ્ર પર ત્રાટકશે. તેણે પોતાના રાજા પાસે હાથ જોડી નમ્રતાથી કહ્યું : "છત્રપતિની મહારાષ્ટ્રમાંની ગેરહાજરીમાં પણ અમે અમારી મામૂલી શક્તિથી આપના રાજ્યને સાચવ્યું છે – સુશાસિત રાખ્યું છે, હવે અમે આપની અનુમતિથી આપનું રાજ્ય આપના હાથમાં મૂકીએ છીએ.

આ ગાળા દરમ્યાન મરાઠાઓએ જે છાપામાર યોદ્ધાઓ જન્માવ્યા હતા તેમાં સંતાજી ઘોરપડે ને ધનાજી જાદવ મુખ્ય હતા. આ બંનેની ધાક મોગલ સૈન્યમાં એવી તો પેસી ગઈ હતી કે કોઈ મોગલનો ઘોડો ઝરણાનું પાણી પીતો અટકી જાય તો કહેતા: "કેમ પાણી નથી પીતો, ત્યાં કોઈ સંતાજી દેખાય છે?" સંતાજીના આત્મવિશ્વાસની કોઈ સીમા નહોતી. એક 'છાપા'માં જ તેણે સવારના પ્રથમ પહોરે બાદશાહની છાવણી લૂંટી, બાદશાહનો તંબૂ રસ્સી કાપી પાડી નાંખ્યો. તંબૂના સોનાના કળશ ઉપાડી આવ્યો. સદ્‌ભાગ્યે તે રાત્રે તેની દીકરીના તંબૂમાં સૂતેલો એટલે બચી ગયો. મોટાં મોટાં સૈન્યો અને સેનાપતિઓને વીજળીવેગે વિખેરી પરાસ્ત કર્યાં, લાખ્ખોની ખંડણી લીધી. તેના પંજામાં સપડાયેલા અફીણી કાસિમખાને તો બેઆબરૂ થવા કરતાં આત્મહત્યા કરવાનું પસંદ કર્યું.

મહારાષ્ટ્રમાં આવ્યા પછી રાજારામ બહુ થોડો વખત જીવ્યો. ૩૦ વર્ષની પણ ઉંમર થઈ નહોતી, પણ ૧૯ વર્ષની ઉંમરે જ ભારે જવાબદારી એણે પોતાની ભાભીની આજ્ઞાથી ઉઠાવી હતી તે પૂરી કરવામાં આયુષ્ય ખરચી નાંખ્યું. જ્યાં પહોંચાયું ત્યાં ધૈર્ય અને આશ્વાસન આપ્યું હતું, ન પહોંચાયું ત્યાં ખેદ દર્શાવ્યો હતો છેલ્લી સવારીમાં——જેમનાં નામ મશહૂર થવાનાં હતાં તે ખંડેરાવ દાભાડે, પરસોજી ભોંસલે, હૈબતરાવ નિંબાળકર, ધનાજી જાદવ——સૌને સાથે લીધા અને શાહુને છોડાવવા શાહી છાવણી પર આક્રમણ કર્યું.

વિજય હાથવેંત દેખાતો હતો ત્યારે જ આ ભલો યુવક રાજા રસ્તામાં જ માંદો પડયો તેથી પાલખીમાં તેને સિંહગઢ પાછો લાવ્યા. ઔરંગઝેબના દેહાંત પહેલાં સાત વર્ષે (ઈ. સ. ૧૭૦૦માં) રાજારામે દેહ છોડયો. બાદશાહે પોતાની છાવણીમાં મીઠાઈ વહેંચી, ખુદાનો આભાર માન્યો ને માની લીધું કે હવે મરાઠાવિગ્રહનો અંત નજીકમાં જ છે. આ કવખતનો આનંદ હતો. મરાઠી પ્રજામાં રહેલ સત્ત્વની ઔરંગઝેબને હજુ જાણ થઈ ન હતી.

રાજારામે પોતાનો અંત નજીક આવ્યો જાણી બધા પ્રધાનો અને સેનાનાયકોને ભેગા કર્યા હતા. અને રાજા શાહુ ન છૂટે ત્યાં સુધી ને મોગલોને મહારાષ્ટ્રમાંથી હાંકી ન કઢાય ત્યાં સુધી સ્વાતંત્ર્યસંગ્રામ ચાલુ રાખવાની આજ્ઞા આપી હતી. રાજારામની રાજમુદ્રા પર કોતર્યું હતું: "પ્રાચીન કાળના રાજવી રામચંદ્રની જેમ રાજારામની આ મુદ્રા પ્રકાશવંત છે. હેતુ બધી પ્રજાને રાષ્ટ્રીય કર્તવ્ય તરફ જાગ્રત કરવાનો છે."

રાજારામની રાણી તારાબાઈએ રામચંદ્ર પંતની સહાયથી બમણા જોરથી યુદ્ધ ચાલુ જ રાખ્યું. ઔરંગઝેબ એક કિલ્લો લે ત્યાં બીજો કિલ્લો તેના હાથમાંથી છૂટી જતો. આમ, ટપલીદાવ જેવી આ યુદ્ધ-રમત ઔરંગઝેબના અંત સુધી ચાલ્યા કરી. કિલ્લાઓ પડતા અને છૂટતા, પણ મરાઠાઓની હિંમત નહોતી છૂટતી – કેવી હિંમત! એક કિલ્લામાં એકસાથે સાતસો સ્ત્રીઓ ચિતા પર ચડવાનું નોંધાયું છે. મહિનાઓ અને વર્ષો વીતતાં ગયાં. આ યુદ્ધનો જાણે અંત જ નહોતો આવતો. બાદશાહની બેગમો-પુત્રીઓ વીનવતી કે : "અમે તો પચ્ચીસ વર્ષથી દિલ્હી જોયું નથી, હવે અમને ત્યાં જવા દો. તેમને ડર હતો કે બાદશાહ ગયા, અને અમે જો રખેને મરાઠાઓના હાથમાં સપડાઈ જઈએ તો અમારા શા હાલ થશે? રજપૂત સરદારો પણ કંટાળ્યા હતા. તેમને આ ઊંચાં જંગલોથી છવાયેલા ડુંગરો કરતાં પોતાનાં રણ સારાં લાગતાં હતાં. પણ બાદશાહ તો હતો ત્યાં જ હતો. મરાઠાઓના હુમલાની બીકે રાત્રે નાસતાં પગ ભાંગી ગયો હતો, કેડમાંથી વળવા માંડ્યો હતો. પણ કૂચમાં સાથે જ રહેતો. ચાર વખત નમાજ પઢતો, જરાક નવરાશ મળતાં ટોપીઓ સીવતો; કુરાનની આયતોમાં જવાબ આપતો, ઓછું ઊંઘતો, ને ચાલુ કૂચે પણ આસામથી અફઘાનિસ્તાન ને કાશ્મીરથી કર્ણાટક સુધી પથરાયેલા દિગંતવ્યાપી રાજ્યના વહીવટ માટેના હુકમો આપતો. હાડમારી તેને લાગતી નહીં, તેને મન આ 'ધર્મયુદ્ધ' હતું –– જાણે ખુદાની બંદગી હતી; પણ સૈન્યને તેવું ન હતું. ખાફીખાને આ વર્ષોનું બહુ રોમાંચક અને મનોરંજક વર્ણન કર્યું છે.

સુલતાનની બધે સત્તા ચાલતી પણ સહ્યાદ્રિની શિલાઓ અને ચોમાસું તેના હુકમો ન માનતાં. વરસાદમાં ને વરસાદમાં વિશાળગઢ પરથી કૂચ કરવા જતાં આંબાઘાટ પાસે સૈન્યની જે દશા થઈ તે આ બધાં વર્ષોમાં મોગલ સૈન્યોએ ભોગવેલી હાડમારીના નમૂનારૂપ છે. ખાફીખાન લખે છે:

> "ઔરંગઝેબે પોતાના રાજ્યકાળના ૪૫મા વર્ષે ખેલણા (વિશાળગઢ) જીતવા માટે પોતાની સેના સાથે પ્રયાણ કર્યું. પહેલેથી છેલ્લે સુધી આ પ્રવાસ ભયંકર સંકટોથી ભરેલો રહ્યો –– રસ્તો કઠિન, વાટમાં જંગલ, જંગલોમાં ઝેરી ઝાડો, અરણ્યો, ભૂંડાં હવાપાણી હતાં. આ ચઢાઈમાં બાદશાહી સૈન્યના બૂરા હાલ થયા. તેનું વીગતવાર વર્ણન કરું તો વાચકોનાં કુમળાં મનને ભારે ધક્કો લાગે. એટલે સારાંશ જ લખું છું. બે દિવસમાં જે મજલ પૂરી થાય તેણે બાર દિવસ લીધા – આંબાઘાટ પ્રસિદ્ધ છે –– ત્યાં એ વખતે એવો ભારે વરસાદ થયો કે એક તંબૂમાંથી બીજા તંબૂમાં જવાનું જ શક્ય ન રહ્યું, પછી આગળ કૂચ કરવાનો સવાલ જ ક્યાં રહ્યો?"

પેડેગાંવ આગળની આવી જ બીજી કૂચનું ખાફીખાને વર્ણન કર્યું છે :

> "મોગલ સૈન્ય એક નાળાના કાંઠે પહોંચ્યું, નાળામાં પૂર આવ્યું હતું, હાથી મહામહેનતે પાર કરી શકે તેવું હતું. બીજી સવારી કે વાહનોની તો વાત જ કરવી નકામી. બાદશાહ અને મોટા મોટા અમીરોના સામાન હાથી પર ચડાવીને લઈ ગયા. બાદશાહે નાળાનું પૂર જોઈ હુકમ કર્યો કે લશ્કરીઓની બાઈઓ અને સામાન સરકારી અમીનોના હાથી પર લઈ જાઓ – બાઈઓ સાથે ન હોવી જોઈએ તેવી બાદશાહની તાકીદ હતી – તોપણ જે હતી તે હજારેક તો હતી. આ બુરખાધારી બાઈઓ જે ઊંટ કે ઘોડા વાપરતી એ તો (સરસામાન સાથે) મરી પરવાર્યાં હતાં. એટલે આ બાઈઓ તો પગથી ગળા સુધી ઉઘાડી હતી. કેટલીયનાં અંગોએ મોંઘાં ઘરેણાં હતાં. એ ઘૂંટણપૂર કાદવમાં ઊભી હતી – કકળીને હાથીના મહાવતને રૂપિયાને બદલે સોનામહોરો લઈને સામે પાર લઈ જવાનું કહેતી હતી.

કોઈ તો અંગ પરના દાગીના દઈ દેતી. જેનું મરણ આવ્યું હતું અને હાથી પર જગ્યા ન મળી તે પાણીમાં તણાઈ ગઈ. નાળું તો જાણે પ્રલયની જેમ ઊછળતું અને ફેલાતું જતું હતું — ખાવાપીવાની તો વાત જ શી? વજીર અસદખાને નાળું ઓળંગ્યું. તેની પાસે એક નાનો તંબૂ હતો, પણ ક્યાં ઊભો કરવો? કોરી જમીન જ નહોતી. નિરુપાય થઈ કાદવમાં જ તંબૂ નાખ્યો, પણ ખૂંટીઓ તો સરખી પેઠી જ ન હતી. રાત્રે જોરથી વરસાદ પડવા માંડયો અને રાવટી તેના માથા પર જ પડી. તેના નોકરો રાત્રિ આખી રાવટીનો થાંભલો પકડી ઊભા રહ્યા. બાફવા-રાંધવાનું ધાન્ય ન હતું. અમીર અસદખાનની આ સ્થિતિ હોય તો સામાન્ય લોકની શી હશે તે તો કલ્પના જ કરવાની. લશ્કરનો સામાન કાદવકીચડમાં પડયો હતો. તેને બહાર કાઢનાર કોઈ માણસ ન હતો.

સામાન્ય ઋતુમાં તો નાળું સાવ નાનું લાગે. પણ વર્ષાઋતુમાં ભયંકર બની ગયું હતું. તેને પાર કરવા હાથીના મહાવતો સોનામહોર સિવાય તો વાત જ ન કરે. લોકના શા હાલ થયા તે કેમ વર્ણવું!

મરેલા ઘોડાનાં ખોગીર — જીન કે મરી ગયેલા માણસોના સામાન સળગાવી લોકોએ ટાઢ દૂર કરવા મહેનત કરી.

નાળાને કાંઠે પગલે પગલે માણસ કે જનાવરોનાં શબો પડયાં હતાં, તેની એટલી દુર્ગંધ આવતી હતી કે જીવતા માણસોને જીવ નીકળી જવા જેવું લાગતું.

ખેલણાથી નીકળ્યા પછી ૨૪ દિવસે બાદશાહ અને તેનું સૈન્ય આ નાળું પાર કરી શક્યા. બાદશાહ માટે માંડ એક તંબૂ ઊભો કરી શકેલા, તે જ અદાલત અને તે જ તસ્બીખાનું. સાડા ત્રણ મહિના સુધી સૂરજ દેખાયો નહીં. ચાર કોશનો રસ્તો આડત્રીસ દિવસે પૂરો થયો. મોગલ સૈન્ય માટે આ એક જ વખતનો અનુભવ નહોતો — વીસ ચોમાસાં તેમનાં આવાં ને આવાં ગયાં, વધારામાં મરાઠા છાપામારોનો ભય."

પચ્ચીસ વર્ષની આટલી હાડમારીઓ અને ખુવારી પછી ઔરંગઝેબે પાછા ફરવાનું નક્કી કર્યું.

મરાઠા છાપામારો વરુનાં ટોળાંની જેમ પાછળ ને પાછળ છાપા મારતા ને લૂંટતા જ રહ્યા. એક વાર તો છેક બાદશાહની પાલખી પાસે પહોંચી ગયા.

અહમદનગર પહોંચતાં તો તેની શક્તિ ખૂટી ગઈ, તાવે તેને ઘેર્યો.

તાવમાં, પોતે પોતાના પિતાને જે રીતે કેદમાં પૂરેલ, ભાઈઓની કતલ કરેલ, એ બધું નજર સામે તરવા લાગ્યું. એના પોતાના છોકરાઓ આવું કરશે કે શું? — એ બીકે તેની આંતરિક સ્વસ્થતા હરી લીધી.

સૌથી મોટા છોકરા અકબરે તો રજપૂતો સાથે મળીને બાપ સામે બળવો કર્યો હતો. પણ ઔરંગઝેબનું નસીબ પાધરું કે સાંભાજીએ જાગૃતિ નહોતી બતાવી. જોકે અકબરને સલામતી માટે મક્કા નાસી જવું પડયું અને બીજાને પણ બંદીવાસ ભોગવવો પડયો. બહેન જહાંનઆરા, દીકરીઓ, દીકરાના દીકરા નજર સામે મૃત્યુ પામ્યાં હતાં. હવે નેવું વર્ષે મૃત્યુએ તેના મનનો કબજો લીધો. આ છોકરાઓ મને તો કેદમાં નહીં પૂરી દે ને? અંદરઅંદર ઝઘડીને મેં મહામહેનતે मुस्लिम साम्राज्य ઊભું કર્યું છે તે તો રોળીટોળી નહીં નાખે ને?

બીજી બાજુ આ મરાઠાઓ પચ્ચીસ વર્ષના અવિશ્રાંત ઘોર સંગ્રામ પછી પણ એવા ને એવા હતા. શિવાજી મૂઓ, સંભાજી મૂઓ, રાજારામ ગયો, શાહુ આટલાં વર્ષથી કેદમાં છે છતાં ઔરંગઝેબના સલાહકારોએ શાહુને મુક્ત કરી પોતાના દક્ષિણના પ્રતિનિધિ તરીકે માનભેર મોકલવાની વાત કરેલી અને મરાઠાઓ પણ, વચ્ચે વચ્ચે, જો શાહુને મુક્ત કરવામાં આવે અને દક્ષિણના છ સૂબાઓમાં ચોથ-સરદેશ-મુખીના હક માન્ય થાય તો સમાધાન માટે તૈયાર હતા. પણ ઔરંગઝેબ શાહુને મુક્ત કરવા તૈયાર ન થયો.

હવે મૃત્યુ પછી શું થશે? પોતાના પુત્રોને લખેલ આખરી પત્રોમાં આ મહાશક્તિશાળી શહેનશાહની આવી નિરાધારતાનું હૂબહૂ વર્ણન છે:

"વૃદ્ધાવસ્થાએ મને ઘેરી લીધો છે. નબળાઈ મારા પર સવાર થઈ છે. અંગોમાં કશીય તાકાત રહી નથી. હું એકલો આવ્યો હતો અને એકલો જાઉં છું. મને રાજ્ય ચલાવતાં આવડયું નથી. ખેડૂતોનું ભલું કર્યું નથી.

"સિપાહીઓ નોધારા બની ગયા છે. મારી જેમ આભા અને મૂંઝાયેલા છે. આવ્યો ત્યારે હું કંઈ લાવ્યો નહોતો, અને મારા પાપનું પોટલું સાથે લઈ જાઉં છું.

"જ્યાં જોઉં છું ત્યાં ખુદા સિવાય કોઈ આ સંઘનો રાહબર દેખાતો નથી. લશ્કર અને તેની પછવાડે ચાલનારાઓની ચિંતાઓ મારા મનને ભાંગી નાખ્યું છે. અને છેલ્લી ચિંતાથી ભય મને ઘેરી વળ્યો છે. જ્યારે મારામાં શક્તિ હતી તે વખતે મેં એમનું રક્ષણ કર્યું નહીં અને હવે તો મારુંય હું રક્ષણ કરી શકું તેમ નથી.

"સંસારી લોકો ધુતારા છે, તેમના ભરોસે કોઈ કામ કરતો નહીં."

૨૦ ફેબ્રુઆરી, ૧૭૦૭ને દિવસે ઔરંગઝેબે છેલ્લો શ્વાસ લીધો. મરાઠા સામેના પચ્ચીસ વર્ષના આ સંગ્રામના સરવૈયામાં શું રહ્યું? એક યુરોપિયન તવારીખનવેશે નક્કર સરવૈયું કાઢયું છે:

"ઔરંગઝેબે અહમદનગર તરફ પ્રયાણ કર્યું. તેની પછવાડે આ પ્રદેશમાં ઝાડપાન વિનાનાં ખેતરો રહ્યાં. ઝાડપાનની જગ્યાએ માણસ અને પશુઓનાં હાડકાં વેરાયેલાં હતાં. મુલક એટલો વેરાન અને વસ્તી વગરનો બની ગયો છે કે ત્રણ-ચાર દહાડાની મુસાફરી પછી પણ ક્યાંયે દીવો દેખાતો નથી. આ વિશાળ સૈન્યે દર વર્ષે એક લાખ માણસો ખોયાં છે. બળદ-ઊંટ-હાથી-ઘોડા તો દર વર્ષે ત્રણ લાખ જેટલાં."

વધુમાં, ઈ.સ. ૧૭૦૨–૧૭૦૪માં દુકાળમાં દક્ષિણમાં ૨૦ લાખ માણસો મૂઆ હતા.

મોગલ સેનામાં તો બે પેઢીઓ તંબૂમાં જ જન્મી હતી અને તંબૂમાં જ મોટી થઈ હતી. તેમણે છાપરું જોયું ન હતું. બાદશાહ તેમને પાછા ફરવાની રજા આપતો ન હતો. એટલે પોતાનાં કુટુંબોને સાથે જ તંબૂમાં વસાવ્યાં હતાં.

અને જેમ દક્ષિણમાં વધુ સૈન્યો ઠલવાતાં હતાં તેમ મરાઠાઓ માટે બાકીના પ્રદેશો વધારે ઉઘાડા પડતાં, લૂંટવા લાયક બની ગયા હતા. તેમની લૂંટ અને ધાડોને પરિણામે ખેડૂતોએ ખેતી મૂકી દીધી હતી અને જાગીરદારો મરાઠાદળના સહાયકો બની ગયા હતા.

કહે છે કે મરાઠાઓની છાવણીમાં દર અઠવાડિયે મીઠાઈ વહેંચાતી અને પ્રાર્થના થતી કે 'ઈશ્વર, બાદશાહને લાંબું આયુષ્ય આપો', કેમ કે તેણે જ મરાઠાઓને સમૃદ્ધ અને સંગઠિત થવાની તક આપી હતી.

# ૧૦ : મરાઠા યુગ: નવો અધ્યાય

ઔરંગઝેબનું અવસાન થતાં જ તેના વચલા પુત્ર આઝમે છાવણીનો કબજો લીધો. ઉત્તરમાંના પોતાના ભાઈ શાહઆલમને હરાવવા કૂચ કરી. બંદીવાસ વેઠી રહેલો શાહુ, તેની મા, તેની પત્ની, કાકા, નોકરો પણ સાથે હતાં. જેમ જેમ સૈન્ય ઉત્તર ભણી જતું તેમ તેમ શાહુને માટે મહારાષ્ટ્ર આઘું ને આઘું જતું હતું. વર્ષોના બંદીવાસ પછી તેને માટે આ છેલ્લી તક હતી. સેનાપતિ ઝુલફિકારખાને બાદશાહ આઝમશાહને શાહુને છોડી મૂકવા સલાહ આપી, જેથી મરાઠાઓમાં આંતરકલહ શરૂ થાય. કેમ કે રાજારામની પત્ની તારાબાઈએ પોતાના દીકરાને ગાદીએ બેસાડયો હતો. તેના નામે જ સંગ્રામ ચાલતો હતો. શાહુ જેવો પહોંચે તેવો જ અંદરઅંદર વિગ્રહ થવાનો જ, એવી ગણતરી હતી. આઝમનેય પોતાના ભાઈઓ સાથે પતાવટ કરવી હતી, એટલે શાહુ જાય અને મરાઠાઓ આંતરિક ઝઘડાઓમાં ફસાયેલા રહે તે તેના લાભમાં હતું. પણ તેણે હા ન પાડી, ના પણ ન પાડી. પણ શાહુના સલાહકારોએ તેને છૂપી રીતે નીકળી જવા સલાહ આપી. યેસુબાઈ વગેરેએ કેદમાં ચાલુ રહેવાની ખાતરી આપી કે જેથી બાદશાહને ધરપત રહે. ૧૮ વર્ષના બંદીવાસ પછી થોડા ઘોડેસવારો સાથે શાહુ બાદશાહી છાવણીમાંથી સરકી ગયો અને મરાઠા ઈતિહાસમાં નવો અધ્યાય શરૂ થયો.

નવા અધ્યાયનાં બે લક્ષણો છે: (૧) પેશવાઈનો આરંભ, (૨) જાગીરદારો કે સરંજામી પદ્ધતિનો મરાઠા ઈતિહાસમાં કાયમી પ્રવેશ.

શાહુ મહારાષ્ટ્રમાં આવવા નીકળ્યો પણ તેની પાસે નહોતું ધન, નહોતું સૈન્ય. થોડા ડઝન ઘોડેસવારો તેની પાસે હતા. લાંબા કારાવાસે એને નરમ અને મિલનસાર બનાવ્યો હતો. તેની સહીસલામતીનું કારણ ઔરંગઝેબની દયાળુ પુત્રી જિન્નત ઉન્નીસા હતી. વચમાં ઔરંગઝેબે શાહને મુસ્લિમ બનાવી દેવાનો નિર્ણય કર્યો ત્યારે જિન્નત ઉન્નીસાએ વચ્ચે પડી બાપને અટકાવ્યો હતો. અપરિણીત જિન્નત ઉન્નીસાને મન શાહુ પુત્રવત્ હતો. આથી શાહુના મનમાં મોગલ શહેનશાહ માટે ઋણભાવ હતો. જ્યારે બહાર રહેલ તારાબાઈ અને તેના સરદારોએ મરદાઈપૂર્વક સંગ્રામ ચલાવ્યો હતો, સંકટો વેઠયાં હતાં ને અંતે યશનાં અધિકારી બન્યાં હતાં. એટલે શાહુનો સિંહાસન પરનો અધિકાર તારાબાઈએ તો એ નકલી શાહુ છે તેમ કહી ઠુકરાવી દીધો. પણ બીજા મરાઠા સરદારોના મનમાં શાહુના અધિકાર વિષે શંકા રહી જ રહી.

આ 'ઘરેલુ-યુદ્ધ'માં શાહુને કોઈએ સિંહાસનાધિષ્ઠ કર્યો હોય તો તે બાલાજી વિશ્વનાથે. બાલાજીએ રામચંદ્ર પંત અમાત્ય નીચે કારકુન અને વહીવટદાર તરીકે તાલીમ લીધી હતી. લાંબા કારાવાસ દરમ્યાન તેણે જ યેસુબાઈ અને બહારના ધનાજી જાદવ અને બીજા આગેવાનો વચ્ચે કડીની જેમ કામ કર્યું હતું. બાલાજીએ પહેલાં ધનાજીને ખાતરી કરાવી. આ વૃદ્ધ અને શાણા સેનાપતિનું વલણ બદલાતાં વાતાવરણ બદલાયું, ને તારાબાઈનો પરાજય થયો. એમાં શાહુની પરિસ્થિતિની સમજ, શાલીનતા અને અજાતશત્રુતાએ પણ મોટું કામ કર્યું. તેનામાં તારાબાઈનું સાહસ ન હતું—તો તારાબાઈની ઉદ્ધતાઈ અને હઠીલું હુંપદ પણ ન હતું.

શંકરજી નારાયણ તારાબાઈના પક્ષનો સમર્થક ને સચિવ હતો. રોહીડામાં તેને ઘેરીને તાબે થવા શાહુએ કહેવડાવ્યું. શંકરજીને માટે એ શક્ય ન હતું. તેણે આત્મહત્યા કરી. શાહુએ રોહીડા પર ચડાઈ કરી જોઈ તો નદીકાંઠે કોઈને અગ્નિદાહ દેવાતો હતો. જાણ્યું એટલે ત્યાં જ ઊતરી શંકરજી નારાયણની પત્ની પાસે જઈ ખેદ દર્શાવી તેના એક વર્ષના પુત્રને સચિવપદ આપ્યું. આ ડહાપણે એને ઘરેલુ લડાઈ કરતાં રાજ્યની વહેચણીનો રસ્તો લેવાનું સુઝાડયું. કૃષ્ણાની દક્ષિણનો ભાગ પોતાના કાકાના દીકરા ભાઈ શંભુજીને આપ્યો ને ઉત્તર ભાગ પોતે રાખ્યો. આ ભાગ એટલે વાસ્તવિક રીતે બે જ જિલ્લા, સતારા અને પૂણે. પણ જેને પરાક્રમ કરવું છે તેને કયાં પૃથ્વીનો તોટો છે! સમજણ કરીને શંભુજીએ દક્ષિણ તરફ મરાઠા સત્તા વિસ્તારવી, શાહુએ ઉત્તર તરફ—એવું ગોઠવ્યું.

આમ, બાલાજીના ચાતુર્યે અને શાહુના સૌજન્યે નવા મરાઠા યુગનાં પગરણ માંડયાં.

પચ્ચીસ વર્ષથી આ હજારો મરાઠા સૈનિકો, સેંકડો સેનાનાયકો છાપા મારવા, લૂંટ ચલાવવી, કર ઉઘરાવી નાસી જવું તેમાં જ સમજ્યા હતા. તેમને હવે પાછા શાંત અને સ્થિર જીવન તરફ વાળવા તે શક્ય નહોતું. તેમ જ તેમણે આ વર્ષોમાં રાજારામ, તારાબાઈને હાથે જે જાગીરો મેળવી હતી તે પાછી લેવાનું પણ શક્ય નહોતું.

મરાઠી રાજપુરુષો જાણી ગયા હતા કે મોગલાઈ તૂટતી હતી તે ફરી ઊભી થાય તેમ ન હતું. તે સમયનો લાભ લઈ હિંદુ-પદ-પાદશાહી શા સારુ ન સ્થાપવી?

આ તૂટતી હવેલીને લૂંટવાનું બીજા તો કરવાના જ હતા. અવ્યવસ્થા, અંધેરનો અંક શરૂ થવાનો હતો જ, તો આપણે જ તેનો લાભ લઈ, દિલ્હી પર કબજો કેમ ન જમાવવો? બાલાજીના પુત્ર, જુવાન અને તરવરિયા બાજીરાવનું આ સ્વપ્ન હતું. 'મૂલે કુઠાર : : ઝાડ સડી ગયું છે, તેનાં ડાળાં-પાંદડાં કાપવાનું કરો. મૂળમાંથી જ ઉખેડી નાખો.'

પરંતુ શાહુએ એના ઉત્સાહી પેશવાઓની લગામ ખેંચી કહ્યું : "મેં મરતા બાદશાહ ઔરંગઝેબને વચન આપ્યું છે કે તેના રાજ્ય પર આફત આવશે ત્યારે હું મદદમાં ઊભો રહીશ. આ વચન હું પાળીશ. અને પછી તેના સ્વભાવગત ડહાપણથી કહે: "એક જૂની હવેલીને તોડી પાડી નવી કરવા કરતાં તેમાં આપણા ગમતા જરૂરી ફેરફારો કરવા તે વધારે યોગ્ય છે." મોગલાઈના અંત સુધી આ નીતિ રહી.

બાલાજીથી તે મહાદજી સિંધિયા સુધી મરાઠાઓએ દિલ્હીના રાજકારણમાં રસ લીધો, અસર પાડી. અધિકારો, હકો લીધા, તેનું જરૂર પડયે—જરૂર લાગ્યે રક્ષણ કર્યું. પણ તે સિંહાસન પર બેસી હિંદુ-પદ-પાદશાહી સ્થાપવાનું ન કર્યું. આ ઠીક હતું કે તે ઠીક હતું તે વિવાદનો વિષય થઈ શકે છે, પણ જોવા જેવું એ છે કે અંગ્રેજોએ પણ છેક ૧૮૫૭ સુધી મોગલ બાદશાહના નામે જ આરંભમાં દીવાની લઈને અને પાછળથી સહાયકો બનીને, બાદશાહને નામે રાજ્ય ચલાવ્યું હતું. તો પેશવાઓ બાદશાહને દૂર કર્યા વિના તેના પ્રતિનિધિ તરીકે શાસન કરવાની નીતિ વિચારે તો એમાં કંઈ નવાઈ નથી.

આ નવા પ્રયાણની જે એક બીજી ખાસિયત છે તે જાગીરદારી કે સરંજામી પદ્ધતિ ચાલુ રાખવી. તેણે આરંભમાં 'લોકયુદ્ધ' વખતે જરૂર અર્થપૂર્ણ ફાળો આપ્યો હશે, પણ તેણે મરાઠી સત્તાના વિભાજનમાં, અશક્તિમાં, આંતરવિગ્રહમાં ફાળો આપ્યો. શિવાજીએ બધાની સેવાનો બદલો રોકડ રકમમાં આપવાનું ઠરાવેલું. તેમનો તીવ્ર આગ્રહ—કઠોર સંકલ્પ હતો કે રાજ્યસત્તાની સામે પેટા સત્તાઓ ઊભી થવા ન દેવી. શાહુ ને પેશવાઈના સમયમાં આ સંકલ્પ બાજુ પર મુકાયો. તેના લીધે હોલકર, સિંધિયા, ગાયકવાડ, ભોંસલે, પવાર જેવા સમર્થ—પૂણે (પૂના) કરતાંયે સમર્થ—સરંજામદારો પેદા થયા. આમ, મરાઠી સત્તા ને સંસ્કૃતિ વિસ્તાર પામ્યાં. પહેલા ચાર પેશવાઓના સમયમાં માધવરાવ સુધી આનું નુકસાન ન દેખાયું. દિલ્હી સુધી ડંકો વાગ્યો, પણ જેવા નબળા પેશવાઓ આવ્યા કે તરત જ આ બધા જાગીરદારો મન ફાવે તેમ વર્તવા

લાગ્યા એટલું જ નહીં, પણ ખુદ પૂણેઓ, ઇન્દોરના હોલકર ને ગ્વાલિયરના સિંધિયાનાં સૈન્યોને લૂંટ્યાં. પણ એ સમય હજુ દૂર હતો.

## પેશવાઈ પ્રભાવ

બાલાજી, બાજીરાવ, બાલાજી બાજીરાવ ને માધવરાવ—એક એકને ભુલાવે તેવા પેશવા આવ્યા. ને મરાઠી સત્તાનો પ્રભાવ દેશમાં ચારે ખૂણે પહોંચાડયો. ઉત્તર ભારતનાં તીર્થોને મુક્ત કર્યાં. મોગલાઈને સાવ પાંગળી, લગભગ ધરાશાયી કરી. આ પાંગળી મોગલાઈ પણ મરાઠાની મદદને આશરે જ ટકી રહી. એનો આરંભ બાલાજી વિશ્વનાથના વખતમાં જ થયો. હુસેનઅલી ને તેનો ભાઈ બંગાળ-બિહારના સૂબેદારો હતા, મલોખાના હાથી જેવા બાદશાહોને લાલ કિલ્લામાં જોતાં જ પોતાના ઉમેદવાર ફરુખશિયરને શહેનશાહ બનાવ્યો. ફરુખશિયર એમનો જ કાંટો કાઢી નાખવા ખટપટ કરે છે એ જાણતાં જ હુસેનઅલી જે એ વખતે દક્ષિણનો સૂબો હતો તેણે મરાઠાઓની મદદ માગી. શાહુએ એ તક ઝડપી લીધી અને શિવાજી મહારાજના સમયથી મરાઠાઓનો જે દાવો હતો તે સ્વીકારાવ્યો.

(૧) મરાઠી મુલકનું સ્વતંત્ર રાજ્ય.

(૨) દક્ષિણના છ સૂબાઓમાં ચોથ અને સરદેશમુખીનો અધિકાર.

(૩) માતા યેસુબાઈની મુક્તિ.

(૪) શહેનશાહ તરફથી સામંતગીરીનો સ્વીકાર અને એ પેટે દર વર્ષે દસ લાખ રૂપિયા આપવાની કબૂલાત.

(૫) શહેનશાહને મદદ કરવા ૧૫,૦૦૦ સૈનિકનું ખડું સૈન્ય આપવાની તૈયારી.

હુસેનઅલીએ આ સ્વીકાર્યું ને મરાઠા સૈન્યને લઈ દિલ્હી સર કર્યું. બાદશાહનો વધ કર્યો.

દિલ્હીની એ પછીની બાદશાહીની કહાણી વ્યથાનો ઢગલો જ માત્ર છે. સરદારો, ઉમરાવો, પઠાણો, તુર્કો, રોહિલા,—આ બધાની અંદર અંદરની મારામારી ને લૂંટાલૂંટ, બાદશાહો બેસાડવા, ઉઠાડવા, કેદ પૂરવા, તેમને આંધળા કરવા, કતલ કરવી ને ફરી પાછું એનું એ ચક્ર—લોહિયાળ ને ગુનાહિત ચક્ર.

મરાઠાઓને લાગેવળગે છે ત્યાં સુધી આ બધા સમય દરમ્યાન તેમણે પોતાના અધિકારોની સુરક્ષા ને મોગલાઈના બધા મુલકો પર—માત્ર દક્ષિણના છ સૂબાઓ પર નહીં—સરદેશમુખી ને ચોથના અધિકારોનો વિસ્તાર. માળવા-ગુજરાત, બિહાર-ઓરિસા, રોહિલખંડ, પંજાબ—બધા જ સૂબા પર આ અધિકારો જમાવવા-ખોવા, વળી જમાવવાનું કર્યું. આ અરસામાં જ નાદિરશાહે દિલ્હીના શાસનની જે થોડીઘણી શાન-સત્તા હતી તે કત્લેઆમ કરી પૂરી કરી.

આ રીતે, દિલ્હી સલ્તનત તૂટી જતાં પેદા થયેલ અરાજકતા, અંધાધૂંધીમાં કોણ નિયમન કરે તે પ્રમુખ રાજકીય સવાલ હતો.

મરાઠાઓએ પહેલા ત્રણે પેશવાઓના સમયમાં આવું કંઈક નિયમન દાખલ કરવા પ્રયત્ન કર્યો. બાલાજી ને બાજીરાવ તો જાતે દિલ્હી સવારીમાં ગયેલા. તેમને તો ખાતરી થઈ ગયેલી કે આ શાસનની મૂર્છા નથી, મૃત્યુ જ છે એટલે મરાઠાઓ ઇચ્છે કે ન ઇચ્છે, વચ્ચે પડવું પડે તેમ છે. મોગલ સરદારો મુમૂર્ષુ—મરવા પડેલ શાહી શાસનનો કબજો લેવા ઝઝૂમતા હતા. અને બાદશાહો તો આ બધા વચ્ચે ખેંચાતા–રહેંસાતા બચ્ચા જેવા હતા.

આ બધું દક્ષિણમાં જોતા હતા મરાઠાઓ ને ઉત્તર વાયવ્યમાં (અફઘાનિસ્તાનમાં) જોતો હતો નાદિરશાહનો અનુગામી અહમદશાહ અબ્દાલી. દિલ્હીનું એક દળ મરાઠાઓને બોલાવતું હતું, બીજું દળ અબ્દાલીને.

દિલ્હીના બાદશાહ પાસેથી સનદો લીધી ત્યાર પછી, અને તે વંશને મદદરૂપ થવાની શાહુની સ્પષ્ટ રાજાજ્ઞા પછી, દિલ્હીની ખટપટથી દૂર રહેવાનું પેશવા માટે સંભવિત નહોતું. એટલે ત્રીજા પેશવા બાલાજી બાજીરાવે પોતાના ભાઈ રાઘોબાને ઉત્તરનો આ બખેડો શમાવવા સૈન્ય લઈને મોકલ્યો.

રાઘોબા અઢાર વર્ષનો બિનઅનુભવી ને ફાંકેબાજ અવસ્થાનો યુવક હતો. સત્તાનો કેફ અને ઉત્સાહ હતો પણ આવડતનો અભાવ હતો તે તેના પાછલા ચારિત્ર્યથી પુરવાર થાય છે. પોતાના જ ભત્રીજાનું કરપીણ ખૂન કરવામાં તેણે પોતાની દુષ્ટ પત્નીને મૂંગો મૂંગો સાથ આપ્યો હતો તે રામશાસ્ત્રીના ચુકાદાએ પુરવાર કર્યું. આ રાઘોબા દિલ્હી સલ્તનતનો રક્ષણકર્તા થવા નીકળ્યો હતો. દિલ્હીમાં ગાઝીઉદ્દીન સાથે મળી તેના મળતિયા બાદશાહને ગાદીએ બેસાડી તેણે પંજાબમાં પ્રવેશ કર્યો. શીખો તો અબ્દાલીના સૂબા સામે ઝઘડતા જ હતા, તેનો રાઘોબાને લાભ મળ્યો. અબ્દાલીના અફઘાન પઠાણોને હરાવતો હરાવતો તે ઠેઠ અટક સુધી પહોંચ્યો, ત્યાં મરાઠી ઝંડો ફરકાવ્યો.

કોઈ પણ વિજય એની પછવાડે વ્યવસ્થા ન હોય તો, ક્ષણજીવી જ નીવડે છે. અને વ્યવસ્થાની શક્તિ રાઘોબામાં તો નહોતી જ, પણ મરાઠા રાજ્યમાં પણ નહોતી. ઔરંગઝેબે દક્ષિણનો કબજો લેવા જતાં પોતાની પુરવઠાની હરોળ લંબાવી ને છેવટે તે હાર્યો હતો. દિલ્હીથી બિજાપુર ને બેદનૂર સુધી સમયસર પુરવઠો પહોંચાડવાની સલ્તનતની ત્રેવડ ન હતી. રાઘોબાએ તેનાથી પણ લગભગ બેવડી હરોળ લંબાવી. પૂણેથી દિલ્હી જેટલું દૂર તેટલું જ દૂર તે પછી અટક છે. આટલી લાંબી હરોળ હજુ ઊભી થતી કોઈ પણ સત્તા માટે કાર્યક્ષમ રાખવાનું શક્ય જ નહોતું. એટલે રાઘોબાની પીઠ ફરતાં જ અબ્દાલીના સહાયકો ને સેનાએ મરાઠી થાણાં ઉઠાડી મૂક્યાં. એટલું જ નહીં, દિલ્હી સુધી આવી દિલ્હીનો કબજો લઈ, મરાઠાના સહાયકો પાસેથી ભારે દંડ વસૂલ કર્યો. મથુરા-હરિદ્વારમાં ઔરંગઝેબના સમયને તાજો કરે તેવી કતલો કરાવી. મૂર્તિઓ અને મંદિરો તોડયાં. એક જણે લખ્યું છે તેમ "હોળીને દિવસે મૂર્તિપૂજકોના લોહીથી હોળી રમવા અને મૂર્તિના ટુકડાઓને માંસ વેચનારાઓને તોલા તરીકે વાપરવા ફરજ પાડી." અને મરાઠાઓના ઊગતા વીર નેતા દત્તાજીનો ૧૭૬૦માં વધ કર્યો.

આ બધા સમાચારો જત્રાળાની જેમ મહારાષ્ટ્રમાં ફેલાઈ ગયા. મરાઠાઓ આ સમાચાર વખતે નિઝામ સાથેના યુદ્ધમાંથી તાજા જ પરવાર્યા હતા. ઉદ્‌ગીરમાં એ જ વખતે પેશવાના નાના ભાઈ સદાશિવરાવે નિઝામને ઘોર પરાજય આપી નામના મેળવી હતી.

બાલાજીરાવે સદાશિવભાઉને ઉત્તરમાં જઈ અબ્દાલીને હરાવવા આજ્ઞા આપી. સાથે પોતાના પુત્ર વિશ્વાસરાવને પણ મોકલ્યો. મરાઠી પ્રજાએ આવી જબરદસ્ત સેનાનું ઉત્તર ભારત તરફનું પ્રયાણ આ પહેલાં કદી જોયું નહોતું. તેમાં સિંધિયા, હોલકર, સુરનામ, જાટ જેવા અનુભવી સરદારો હતા. દિલ્હી પહોંચતાં આ સૈન્યની સંખ્યા બે લાખ જેટલી થઈ ગઈ. દિલ્હી લીધું, અબ્દાલીના સહાયકોને નસાડી મૂકયા. પણ વર્ષા-ઋતુ હજુ વીતી નહોતી, યમુનાની સપાટી ન ઘટે ત્યાં સુધી સામે પાર પડેલ અબ્દાલીની સેના પર આક્રમણ થાય તેવું ન હતું.

આવી મોટી સેના સાથે દિલ્હીમાં બે મહિના પડયા રહેવું પડયું. દિલ્હી આજુબાજુમાં આ સૈન્યે કયાંય ખાવાની ચીજ રહેવા ન દીધી. ધન અને અન્ન બંનેની તંગી વરતાવા માંડી. અર્ધભૂખ્યા રહે તેવી સ્થિતિ આવી હતી. ઘોડાઓને દાણો આપવાની વાત જ ન રહી. દક્ષિણમાંથી ધન મંગાવ્યું તે પણ આવ્યું નહીં. કોઈ શાહુકારો પણ ધીરવાની સ્થિતિમાં ન હતા. આથી મૂંઝાઈને દીવાને-ખાસની છત તોડી નાંખીને તેમાંથી ત્રણ લાખ રૂપિયા મળ્યા. પણ જરૂરિયાતના પ્રમાણમાં એ કાંઈ ન હતું.

યમુનાના આ કાંઠે કુંજપુરમાં અબ્દાલીએ ધન અને ધાન્યનો સંગ્રહ કર્યો હતો, તે સમાચાર મળ્યા. પરંતુ યમુના ઓળંગી શકાય તેવી ન હતી. અન્નાભાવ, ધનાભાવ તો હતો જ, એટલે સદાશિવ ભાઉએ

કુંજપુર તરફ સેના ઉપાડી. એ વખતે હોલકરે ભાઉને સૈનિકો સિવાયના સૌને દિલ્હીમાં રાખવાની સલાહ આપી. સાથે સ્ત્રીઓ, નોકરચાકરો, અરે, કેટલાક તો ઉત્તર ભારતની તીર્થયાત્રાએ આવેલાં સગાંવહાલાં હતાં, તેમનો બોજો ઓછો કરવાનો આગ્રહ કર્યો. પણ ભાઉએ તે ન માન્યું. થોડા જ મહિનામાં બધાને ખાતરી થઈ કે હોલકરની સલાહ કેટલી અમૂલ્ય હતી અને તેને અવગણીને ભાઉએ કેવી જીવલેણ ભૂલ કરી હતી. મરાઠાઓને કુંજપુરમાં બે લાખ મણ ઘઉં અને દસ લાખ રૂપિયા મળ્યા. ત્રણ હજાર ઘોડા, થોડી તોપો મળી. પણ આગળ આવનારા દિવસો માટે આ પૂરતું ન હતું.

દરમિયાનમાં, અબ્દાલીએ યમુના પાર કરવા માટેનું એક સ્થળ શોધી કાઢ્યું. મરાઠા દળોને ખબર પડે તે પહેલાં નદી પાર કરી કુંજપુર તરફ આગળ વધવાનું શરૂ કર્યું. ભાઉ લશ્કર સાથે કુંજપુર છોડી આગળ જતો હતો. તેના મનમાં પણ દાણોપાણી મેળવી નદી પાર કરવાની વાત હતી. ત્યાં તેને ખબર પડી કે અબ્દાલીએ નદી પાર કરી છે. ભાઉએ સૈન્યને પાછું વાળ્યું. બંને પાણીપતના મેદાન પાસે એકબીજાની નજરે ચઢ્યા.

ભાઉને માટે હવે દિલ્હીનો રસ્તો બંધ થઈ ગયો. પાછળ પંજાબ બાજુ મુસ્લિમો પથરાયેલા હતા. તે બધા અબ્દાલીના કબજામાં હતા. તેનીય પછવાડે અટક, અફઘાનિસ્તાન હતાં. એ બાજુથી કંઈ મદદ આવે તેવો સંભવ નહોતો. સામે દુશ્મન, પછવાડે દુશ્મન, જમણી બાજુ દૂર રાજસ્થાનનાં રજવાડાં હતાં, પણ તેની જોડે સિંધિયા, હોલકર, રાઘોબાએ ચોથની સતામણી કરીને સંબંધો બગાડ્યા હતા. તેઓ મરાઠાઓની ચોથ ઉઘરાણીથી ત્રાસી ગયા હતા.

ઉપાય તુરત જ આક્રમણ કરવાનો હતો, પણ એ આક્રમણ પણ હોલકરની ઢબે થાય તેવું ન હતું, કારણ કે સાથે ભારે તોપખાનું હતું. વફાદાર એકવચની ઈબ્રાહીમ ગાર્દીના તોપખાનાએ ઉદ્‌ગીરમાં નિઝામને આ તોપખાનાથી જ પરાસ્ત કર્યો હતો. ભાઉને શ્રદ્ધા હતી કે અબ્દાલી જો એક વાર મેદાનમાં આવે તો તેને મુશ્કેલ ન હતું, અબ્દાલી પણ એક કુશળ સેનાપતિની જેમ આ વાત સમજી ગયો હતો. મરાઠાઓની જ પદ્ધતિએ તેણે મરાઠાઓને હરાવવાનું નક્કી કર્યું. બહાર લડવા નીકળવાની ઉતાવળ કરી જ નહીં. પાણીપત ગામની ઓથાણે ખાઈઓ ખોદીને પહેલાં મરાઠાના વિશાળ સૈન્યને ભૂખે મારીને પરાજિત કરવાની વ્યૂહરચના જ સાચી હતી. તેને પોતાને તો જમુનાને સામે કાંઠેથી રોહિલાઓ જરૂરી સાધનસામગ્રી પહોંચાડી શકે તેમ હતા. દિલ્હી બાજુથી કંઈ ભય ન હતો, કારણ કે મરાઠાઓએ ત્યાં સૈન્ય રાખ્યું નહોતું. પુણે-સતારા તો દૂર દૂર હતાં. ત્યાંથી ધન-અન્ન આવવાનું તો ઠીક સંદેશો આવતાંય મહિનો વીતે તેવું હતું. અબ્દાલીએ માત્ર એક જ કામ કરવાનું હતું: મરાઠાઓની છાવણીમાં અનાજ કે ધન કશું જવા ન દેવું.

ભાઉએ ગોવિંદપંત બુંદેલાને અફઘાનોની ચોકી વીંધી અનાજ પહોંચાડવાનું કામ સોંપ્યું હતું. ગોવિંદપંતે આ કામ કેટલોક વખત કર્યું પણ જેમ વખત જતો ગયો તેમ અફઘાનોની પકડ મજબૂત થતી ગઈ. એક-દહાડો અનાજની વાટ જોતા મરાઠા સૈન્યમાં અફઘાનોએ પહોંચાડ્યું ગોવિંદપંતનું માથું. મરાઠાઓની છાવણીમાં હતાશા ફેલાઈ ગઈ.

ઑક્ટોબર(૧૭૬૦)ના છેલ્લા દિવસોમાં મરાઠાઓએ પાણીપતમાં મોરચો બાંધ્યો હતો. બે લાખ માણસો અને તેટલાં જ પશુઓ – આ બધાંને સમાવવા છ માઈલ લાંબી ને બે માઈલ પહોળી વિશાળ છાવણી ખડી કરી હતી. પચ્ચીસ ગજ લાંબી ને છ ગજ પહોળી ખાઈ ગાળી તેના બંધ પર તોપો ચઢાવી હતી. છૂટક છૂટક ઝપાઝપી થતી રહી. પણ સેનાઓ મેદાનમાં ન આવી. મરાઠાઓ માનતા હતા કે તેમણે અબ્દાલીનો પોતાના વતન અફઘાનિસ્તાન જવાનો માર્ગ બંધ કરી દીધો છે. લડ્યા સિવાય ક્યાં જશે? અબ્દાલી સમજતો હતો કે તેણે મરાઠાઓનો પોતાના વતન જવાનો રસ્તો બંધ કર્યો છે. લડશે નહીં તો ક્યાં જશે?

નવેમ્બર-ડિસેમ્બર, લાંબા લાંબા મહિના આમ રાહ જોવામાં વીત્યા. અબ્દાલીને તો રોહિલખંડ અને દિલ્હીના મુસ્લિમો તરફથી મદદ મળી જ રહી. પણ મરાઠાઓએ શા માટે યુદ્ધમાં આટલું મોડું કર્યું તેનો

કોઈ ખુલાસો મળતો નથી. તેઓ જોતા હતા કે તેમને મળતી મદદ ક્ષીણ થતી જતી હતી – લગભગ બંધ થઈ ગઈ હતી. ભાઉસાહેબને શું એવી આશા હતી કે બાલાજીરાવનું સૈન્ય આવી પહોંચશે અને તે પછી બંને બાજુથી અફઘાનોને પોતે ભિડાવી શકશે?

૨૭મી ડિસેમ્બરે તો પેશવા છેક પૈઠણમાં નવ વર્ષની બાલિકા સાથે લગ્ન કરવામાં પડયા હતા. વીર પુરુષો પણ ભૂગોળને અવગણી શકતા નથી અને ત્યાંથી હજારેક માઈલ દૂર પાણીપતમાં મરાઠી છાવણીમાં નહોતું અન્ન, નહોતું ધન. અન્ન મળે તો પણ ધન નહોતું, એટલે બધાં સ્ત્રીપુરુષોએ ઘરેણાં ગાળી સિક્કા બનાવવાની ટંકશાળ નાખી હતી. સિક્કાના નામ આપ્યાં હતાં : ભાઉશાહી, જનકોશાહી, મલ્હારશાહી. પણ આ ગાળેલા રૂપિયા બે અઠવાડિયાં પૂરતા ખર્ચ જેટલા નીકળ્યા.

આ બધાથી મૂંઝાઈ ભાઉએ સંધિની વાટાઘાટો ચલાવી જોઈ. એક વખત મુસ્લિમોના આગેવાન શુજા-ઉદ્દૌલ્લાએ સંધિની વાત કરી જોઈ હતી. તેની દરખાસ્તનો અર્ક એ હતો કે અબ્દાલીને દિલ્હીનું તખ્ત નથી જોઈતું. તેને સરહિંદની પેલી બાજુનું પંજાબ જોઈએ છે. પોતાના રક્ષણ માટે સરહદી રેખા તેને આપવી અને દિલ્હીના બાદશાહના વજીરની પસંદગી મરાઠા ને અબ્દાલી બંનેને અનુકૂળ હોય તેવાની કરવી. બાકી મરાઠા દક્ષિણ-ઉત્તર બધે ચોથ ભલે ખુશીથી ઉઘરાવે, પણ ત્યારે મરાઠા આગેવાનોએ આ વાત કાને ધરી નહોતી. તેમને તો હિંદુ ધર્મનો ઝંડો અટક પર સ્થાપિત કરવો હતો.

હવે મરાઠાઓ તરફથી એટલી જ માગણી હતી કે તેમને સહીસલામત દક્ષિણમાં જવા દેવા. તેનોય ખર્ચ આપવા તેઓ તૈયાર હતા, પણ રોહિલા આગેવાને હવે તેને ઠુકરાવીને અબ્દાલીને સલાહ આપી : "ધર્મના યુદ્ધમાં કાફરોનો સંહાર કરવાનું ફરી ક્યારે મળવાનું હતું?"

એક વાર હિંદુ ધર્મનું ઝનૂન હતું, બીજી વાર મુસ્લિમ ધર્મનું. ૩૧મી ડિસેમ્બરે પેશવાએ ભાઉની મદદે આવવા પૈઠણથી પ્રયાણ કર્યું. ૧૪મી જાન્યુઆરી(૧૭૬૧)એ સવારે નવ વાગ્યે પાણીપતનું ત્રીજું ખોફનાક યુદ્ધ શરૂ થયું ને બપોરે ચાર વાગ્યે પૂરું પણ થઈ ગયું.

૧૮મી જાન્યુઆરીએ બાલાજીરાવે નર્મદા પાર કરી. ૨૪મી જાન્યુઆરીએ તેને માળવા-ભિલસામાં આ ઘોર પરાજયના સમાચાર મળ્યા. કોઈક શરાફે પત્રમાં ખબર આપ્યા હતા કે – "બે મોતી ગળી ગયાં છે. ૨૫ સોનામહોરો ખોવાઈ ગઈ છે, અને ચાંદી-તાંબાના ખોવાયેલા સિક્કાની તો ગણતરી જ થઈ શકે તેમ નથી."

કેવી રીતે આ બન્યું? સદ્‌ભાગ્યે સ્થળ પર હાજર હોય તેવાનાં વર્ણનો મળી શકે તેમ છે. નાના ફડનવીસ આ ઘમસાણ વખતે હાજર હતા અને માંડ બચેલા હતા. શુજાઉદ્દૌલ્લા પાસે કાશીરાજ હતો જે બંને વચ્ચે સંધિ કરાવવા આતુર હતો. તેણે પણ ત્યારે ચિત્રાત્મક અહેવાલ લખ્યો છે. અબ્દાલીએ પોતે પણ યુદ્ધ પછી ખબરો લખ્યા છે. તેમાંથી જે ચિત્ર ઉપસી આવે છે તે આ છે—

ગોવિંદપંત બુંદેલાના કરુણ મૃત્યુ પછી ૨૧મી ડિસેમ્બરથી ૧૪મી જાન્યુઆરી સુધી મરાઠાની સ્થિતિ બગડતી ને બગડતી ચાલી હતી. પાણીપત ગામમાં તો ઘર ઘર ખૂંદી વળ્યા હતા – નહોતો રહ્યો દાણો, નહોતું ઘાસ. અગાઉ જ વારંવાર બધું લૂંટી લીધું હતું.

દુર્ઘટના બનવાની હોય છે ત્યારે સવળા પાસાયે અવળા પડે છે. ગોવિંદપંતે ચાર લાખ રૂપિયા એકઠા કરી ભાઉને પહોંચાડવાની વ્યવસ્થા કરેલી. એમાંના ત્રણ લાખ રૂપિયા પારાશર દાદાજીની ટુકડીને સોંપેલા. દરેક સિપાઈને પાંચસો રૂપિયા સોંપેલા. આ લોકો રાત્રે રાત્રે જ સફર કરતા પરંતુ અફઘાનોએ પાકી સીમાબંધી કરેલી છે તેની પૂરી જાણ ન હોવાથી એક રાત્રે (૪થી જાન્યુઆરી) આ બધા એક અફઘાન સંત્રીઓની ટોળીમાં ફસાઈ ગયા. મોટા ભાગના કતલ થઈ ગયા.

સ્થિતિ એટલી હદે પહોંચી કે કેટલાય મરાઠાઓ આમ ભૂખે મરવા કરતાં, ખાઈઓ ઓળંગી ભાગતાં ભાગતાં લડતાં લડતાં મરવાનું પસંદ કરવા લાગ્યા. ઘોડા-હાથી એટલાં મરતાં ચાલ્યાં કે તેમનાં સડતાં ટોળાંની

દુર્ગંધથી વાતાવરણ ઊભરાઈ ગયું. સ્વચ્છ હવાનો શ્વાસ લેવાનું પણ મુશ્કેલ બની ગયું. છાવણીનાં બાળક-વૃદ્ધ, નાયકો, સૈનિકોએ ભાઉસાહેબને વીનવ્યા કે આના કરતાં જે કાંઈક શક્તિ છે તેના જોરે અમને લડી લેવા દો. મરવું છે તો ભૂખથી શા માટે મરવું? સંક્રાંતિનો દિવસ ધામધૂમથી ઊજવી જેટલી ભોજનસામગ્રી હતી તે છૂટથી વાપરી, લડાઈ માટેના આદેશો કાઢ્યા. સ્ત્રીઓ, બાળકો ને ઘરડાંને સાચવવાની વ્યવસ્થા કરી. બીજી બાજુ ભાઉસાહેબે છેલ્લે સંધિની વાતો કરનાર કાશીરાજને લખ્યું : "પ્યાલું છલોછલ ભરાઈ ગયું છે, હવે તેમાં ટીપુંયે સમાય તેવું નથી. સમાધાન માટેનો છેલ્લો જવાબ મોકલવા મહેરબાની કરો."

કાશીરાજે અવધના નવાબ પાસે પત્ર મૂક્યો, તેને અબ્દાલી પાસે લઈ જવા કહ્યું. અબ્દાલીએ કહ્યું : "એકાદ દિવસ રાહ જુઓ. કેમ આનો ફેંસલો કરવો તે વિચારીએ." એકાદ દિવસ!! મરાઠાઓ તો તે દિવસે સૂર્યનારાયણની સાક્ષીએ ખાઈઓમાં કેસરિયાં કરીને નીકળ્યા હતા. ઇબ્રાહીમ ગાર્દીની તોપો દાગવાની તૈયારીઓ થતી હતી. અબ્દાલીએ જોયું કે આ કંઈ રોજ ચાલતી ઝપાઝપી કે ધિંગાણું ન હતું. આ પાર કે પેલે પારનો જીવન-મરણનો સંગ્રામ હતો.

બંને સેનાઓમાં લગભગ સરખી જ – ૬૦થી ૭૦ હજારની સંખ્યા – જણ્યા હતા, પણ મરાઠાઓ દિવસોથી અધભૂખ્યા હતા. તેમના ઘોડાઓએ અઠવાડિયાંઓથી દાણો ભાળ્યો ન હતો : અબ્દાલીએ સાવચેતીપૂર્વક પાંચ હજાર ઘોડેસવારોને અનામત રાખ્યા હતા. મરાઠાઓ પાસે મજબૂત ભારે તોપખાનું હતું, તેનો માર અફઘાનોને ભારે પડે તેવો હતો. અબ્દાલી પાસે પણ તોપો હતી. દોઢ હજાર, પણ નાની તોપો – ઊંટ પર મૂકી ગમે ત્યાં ફેરવાય તેવી.

ધાર્યા પ્રમાણે વ્યૂહ રહ્યો હોત તો ઇબ્રાહીમ ગાર્દીના તોપખાનાએ અફઘાનોનો કચ્ચરઘાણ વાળ્યો હોત. પણ કેસરિયાં કરીને નીકળેલા મરાઠાઓ ઉત્સાહમાં ને ઉત્સાહમાં આગળ વધી ગયા ત્યારે આ તોપમારો ઊલટો શાંત રાખવો પડ્યો. કેટલીક ભારે તોપોના ગોળાઓ તો નિશાનથીયે આગળ નીકળી ગયા. આ ભારે તોપો ફેરવવી, આઘીપાછી કરવી તે તો શક્ય જ ન હતું. ઊલટપક્ષે, અબ્દાલીની ઊંટ પરની નાની તોપો ગમે ત્યાં ફેરવી શકાય તેવી હતી. એ નાની હતી, જ્યાં જરૂર પડે ત્યાં તેને ખપમાં લઈ શકાય તેમ હતું. પણ મરાઠાઓ મરણિયા હતા. મૃત્યુનો ભય તેમણે ખાઈમાં જ મૂકી દીધો હતો. એટલે પહેલા બે પહોરમાં તો મરાઠા સેનાના શૌર્યે અફઘાન સેનામાં હાહાકાર વર્તાવી દીધો. શાહના સેનાપતિ વલીખાનની હરોળને વેરણછેરણ કરી નાંખી. વલીખાન ભાગતા સૈનિકોને પોકાર કરતો જ રહ્યો : "અરે, દોસ્ત ભાગીને ક્યાં જાઓ છો? કાબુલ દૂર છે. તમે ભાગીને ત્યાં કેમ પહોંચવાના? વળી, અબ્દાલીએ આ ખબર સાંભળતાં જ પોતાની અનામત સેનામાંથી મદદ મોકલી. સમગ્ર હરોળ પર દેખરેખ રાખીને અબ્દાલીએ ત્રણ વાગ્યા સુધી આ જ કર્યું – ટકી રહો, કોઈ પણ રીતે ટકી રહો.

ત્યારે ભૂખે નિર્બળ કરેલા, કેટલાક તો નિરાહાર એવા આ વીર મરાઠાઓ પાંચ કલાકથી અવિરત લડી રહ્યા હતા. હવે થાકનાં ચિહ્ન દેખાતાં હતાં. અબ્દાલીએ અનામત રાખેલ સૈનિકોને મેદાનમાં ઉતાર્યા. ત્રીજે પહોરે એક ગોળી વિશ્વાસરાવને વીંધી ગઈ. ઘોડા પરથી ઊછળીને હેઠા પડતા વિશ્વાસરાવને જોઈ ભાઉની ધીરજ તૂટી ગઈ. પોતાના ભત્રીજાના શબને હાથીના હોદ્દા પર મૂકી ભાઉ આઘુંપાછું જોયા વિના પોતાના અંગરક્ષકો સાથે અફઘાનોના દળમાં ધૂસી ગયા. મરાઠાના ભગવા ઝંડાની આજુબાજુ ઘમસાણ મચ્યું. પણ દૂર લડતા સામાન્ય મરાઠા સૈનિકોએ હોદ્દા પર ભાઉ કે વિશ્વાસરાવ કોઈને ન જોતાં, હામ ખોઈ અને ભાગાભાગી શરૂ થઈ. મલ્હારરાવ હોલકર, દામાજી ગાયકવાડ પોતાના સૈન્ય સાથે નાસી છૂટ્યા. પણ આ મહાસૈન્ય અને તેના આશ્રિતો કે અનુચરોનો મોટો ભાગ પઠાણો – અફઘાનોને હાથે કતલ થયો. છાવણી-ખાઈઓ શબોથી ભરાઈ ગઈ. બીજે દિવસે પણ આ ભાગાભાગી અને કતલ ચાલુ રહી.

બીજે દિવસે કાશીરાજે ૩૨ ઢગલા ગણ્યા તો ૨૮ હજાર લાશો નીકળી. બીજી અગણિત લાશો તો ચારે બાજુ પડી હતી. બીજા ૩૫ હજાર માણસોને બંદી બનાવી નિઃસંકોચ રીતે કતલ કરી નાંખ્યા. અનુમાન એવું છે કે ૭૫ હજાર મરાઠાઓ આમાં માર્યા ગયા. ઘાયલ થઈને કોઈ તંબૂમાં સંતાઈ ગયેલા, ઈબ્રાહીમ-ખાન ગાર્દી અને જનકોના સિંધિયાને શોધી કાઢી વધ કર્યો. અવધના નવાબે કાશીરાજ અને ગુસાંઈ આગેવાનો પાસે સદાશિવરાવ ભાઉ તથા વિશ્વાસરાવનાં શબો ખોળાવી વિધિસરના અગ્નિસંસ્કાર કરવા અબ્દાલીની અનુમતિ માગી. તેણે ત્રણ લાખ રૂપિયા લઈને સગવડ આપી.

એમાં શંકા નથી કે પાણીપતના આ યુદ્ધે બાલાજીરાવની હામ ભાંગી નાખી. આ ધક્કાના માર્યા થોડા જ દિવસમાં તેમનું અવસાન થયું. મહારાષ્ટ્રમાં કોઈક જ એવું ઘર હશે કે જેને આ યુદ્ધનો આઘાત ન લાગ્યો હોય. ઘડીભર આખું મહારાષ્ટ્ર જાણે હતબુદ્ધ થઈને થંભી ગયું. વિજેતાને પણ આ યુદ્ધ ભારે પડયું હતું. તેણે જ આપમેળે પેશવા જોડે સંધિ કરવાની દરખાસ્ત મોકલી. દિલ્હીનું તખ્ત તો તેને જોઈતું ન હતું. મરાઠા છાવણીમાંથી તો તેને કંઈ મળ્યું ન હતું, મરાઠા રાજ્ય તો ક્યાંનું ક્યાંય દૂર હતું. અબ્દાલીએ પેશવાને જે પત્ર લખ્યો તે તેનું ડહાપણ દર્શાવે છે. (૧૭૬૧ એપ્રિલ) :

> "મારી અને તમારી વચ્ચે દ્વેષભાવ ઉત્પન્ન થવાનું કોઈ કારણ ન હતું. જોકે એ સાચું છે કે આ દુર્ભાગ્યે આપના ભાઈ તથા પુત્રોનો વધ થયો છે, પણ એનું મૂળ કારણ ભાઉસાહેબ છે. મારે તો આત્મરક્ષા માટે લડવું પડયું, કારણ કે એ સિવાય મારી પાસે બીજો રસ્તો ન હતો, તોપણ એમના મૃત્યુનો અમને ખેદ છે. દિલ્હીની શાહી વ્યવસ્થા હું આપના પર છોડવા તૈયાર છું. શરત એટલી જ કે સતલજ નદી સુધી પંજાબ પર મારો અધિકાર છે તેવું સ્વીકારો. આ દુર્ભાગ્યની ઘટના જે બની ચૂકી છે તેને તમે ભૂલી જાઓ ને અમારી સાથે સ્થાયી મિત્રતા રાખો તેવી હું આગ્રહપૂર્વક યાચના કરું છું."

(તાત્કાલિક તો આનું કશું પરિણામ નથી દેખાતું, પરંતુ ૧૭૭૪માં સ્વમાનભર્યું સમાધાન શક્ય બન્યું હતું.)

પાણીપતનું આ યુદ્ધ મરાઠાઓના ઉત્કર્ષની સંધ્યા છે તેવું કેટલાકને લાગે છે, પણ હકીકતમાં આ ભારે વિનાશક સંગ્રામની અસરમાંથી તેઓ મુક્ત થઈ શક્યા હતા. તેનો પુરાવો પેશવા માધવરાવનો શાસન-કાળ છે. મરાઠી ઈતિહાસકારો શિવાજી પછી માધવરાવને સૌથી યોગ્ય પુરુષ ગણે છે, જેનામાં મરાઠી સ્વરાજની સમજ અને હિંમત બંને હતાં. મૂર્છામાંથી માણસ બેઠો થાય તેમ મહારાષ્ટ્ર એના સમયમાં ફરી બેઠું થયું. તેમણે મોટા પ્રતિસ્પર્ધી નિઝામ, હૈદર જેવાને હરાવ્યા. ઘરઆંગણાના બળવાખોરોને નશિયત કરી અને દિલ્હીમાં જે પ્રતિષ્ઠા ગઈ હતી તે મહાદજી મારફત પાછી જમાવી. બાર વર્ષના ટૂંકા ગાળામાં તેમણે મરાઠાઓમાં રહેલ સંગઠનશક્તિ અને મહારાષ્ટ્ર ભાવનાને જાગ્રત કરી. અંદરના તેમ જ બહારના વિગ્રહોમાં વિજય મેળવ્યો. જે પ્રતિષ્ઠા બાલાજી વિશ્વનાથે અને બાજીરાવે મેળવી હતી, અને 'જેને પાણીપતના મેદાને ઝાંખી કરી હતી તેને વધુ પ્રતિષ્ઠિત કરી. આ દર્શાવે છે કે પાણીપતનું પરિણામ તે મરાઠી સત્તાનો સંધ્યાકાળ નથી, પરંતુ પાણીપતના યુદ્ધે ભારતની રાજકીય સમતુલા પર એક બીજી અસર પહોંચાડી જેના પર જોઈએ તેટલું ધ્યાન ખેંચાયું નથી અને તે છે ઉત્તર ભારતમાં અંગ્રેજોને ફેલાવા માટે ઊભી થયેલી મોકળાશ.

બે પ્રબળ સત્તાઓ મરાઠા અને મુસ્લિમ પાણીપતમાં લડીને દુર્બળ બની ગઈ. એને લીધે ઉત્તર ભારતમાં એકે સત્તાનું ચલણ ન રહેતાં અવકાશ ઊભો થયો. આ અવકાશનો લાભ અંગ્રેજોને મળ્યો. પાણીપત પછી ચાર વર્ષે ક્લાઈવે બિહાર-બંગાળ-ઓરિસાની દીવાની મેળવી.

પાણીપત પછી બીજા વર્ષે બક્સરના યુદ્ધમાં મીરકાસિમ, શુજાઉદ્દૌલા અને મોગલ સત્તાના ત્રેવડા સંગઠનને અંગ્રેજોએ હરાવ્યું. પછીથી તેણે શહેનશાહને પોતાના રક્ષણ નીચે લઈ અલ્લાહાબાદ ને કોરા પ્રાંતો પર સત્તા જમાવી.

પાણીપતનું યુદ્ધ થયું જ ન હોત તો મરાઠાઓ દિલ્હીમાં મજબૂત થઈ, બિહાર-બંગાળ તરફ આગળ વધ્યા હોત.

## જય-પરાજયનાં લેખાં

બાલાજી : (ઈ. સ. ૧૭૧૩થી ૧૭૨૦), બાજીરાવ : (ઈ. સ. ૧૭૨૦થી ૧૭૪૦), બાલાજીરાવ : (ઈ. સ. ૧૭૫૦થી), માધવરાવ : (ઈ. સ. ૧૭૬૩થી ૧૭૭૨) – આ પહેલા ચારે પેશવાઓનો સાઠ (ઈ. સ. ૧૭૧૩થી ૧૭૭૨) વર્ષનો કાળ વિવિધ વિપત્તિઓ વચ્ચે પણ યશસ્વી રહ્યો. તેમાં શાહની ડહાપણભરી દોરવણીનો ફાળો હતો, પણ ચારે પેશવાઓમાં રહેલ મરાઠી સત્તાના ધ્યેય વિશેની સમજ અને તેમાંથી ફલિત થતી ઉદારતા અને મક્કમતાનો સુમેળ પણ હતો. સમગ્ર રાજનીતિશાસ્ત્રનો કેન્દ્ર પ્રશ્ન આ છે : જેના હાથમાં સત્તા છે તેને ડહાપણ આવવાનો અથવા જેનામાં ડહાપણ છે તેને સત્તા મળે તે જોવાનો. પહેલા ચારે પેશવામાં – તેમાંયે બાલાજી, બાજીરાવ અને માધવરાવમા આ વિરલ સુમેળ હતો. તેઓ મક્કમ હતા અને મરાઠી ઉત્કર્ષનું મૂળ પારખવા જેટલા ડાહ્યા હતા.

ઈર્ષા, લોભ, ખેંચાખેંચી, પ્રતિશોધની ભાવના એ વખતે પણ હતાં જ, ઉપરના પેશવાઓમાં પણ નહોતાં તેવું નહીં, પણ તેના પર ડહાપણ અને મક્કમતાની બેવડી લગામ હતી. શાહુએ એક વાર બાલાજીના વિરોધીઓની કાનભંભેરણી ને દબાણથી બાલાજીનું રાજીનામું માગ્યું. બાલાજીએ ક્ષણનાય વિલંબ વિના તે મોકલી આપ્યું. શાહુને યાદ પણ ન આપી કે એક દિવસે અજાણ્યા અને આધાર વિનાના શાહુને પોતે સત્તા પર લાવેલ છે. રાજીનામું આપ્યા પછી કંઈ કાવતરાં કે ખટપટ પણ ન કર્યાં. બે મહિનાને અંતે શાહુ અને બાલાજીના વિરોધીઓને ખાતરી થઈ કે બાલાજી મરાઠી સત્તાનો મોટો હિતસ્વી છે અને તેના હાથમાં મરાઠા હિતો સલામત છે.

બાજીરાવ અને સેનાપતિ દાભાડેના પુત્ર ત્ર્યંબકરાવ વચ્ચે આંતરકલહ ફાટી નીકળ્યો. દાભાડેએ નિઝામ સાથે મેળ કરી બળવો કર્યો. શાહુની આજ્ઞાથી જ્યારે ડભોઈ આગળ બાજીરાવે દાભાડેને ભિડાવ્યો ત્યારે ચાલતા યુદ્ધે પણ બાજીરાવે કહેવડાવ્યું : “છત્રપતિના બે સેવકોએ આ રીતે સંઘર્ષમાં ઊતરવું તે ઉચિત નથી – છત્રપતિની રૂબરૂ બેઉ જણના મતભેદનો શાંતિપૂર્વક નિકાલ કરીએ.” પણ ત્ર્યંબકરાવે ન માન્યું. છતાં, ડભોઈની ચાલુ લડાઈએ ફરી, સાંઢણી-સવાર દ્વારા શ્વેત ધજા સાથે કહેવરાવ્યું : “તમારા જેવું શૂરાતન છત્રપતિના દુશ્મનો સામે દાખવવું જોઈએ. આપણે લડાઈ બંધ કરીએ અને સમાધાનનો રસ્તો ખોળીએ.”

ત્ર્યંબકરાવનું આ યુદ્ધમાં મૃત્યુ થયું. ત્ર્યંબકરાવની માતા ઉમાબાઈ બહુ જ તેજ બાઈ હતી. પોતાના પુત્રના મૃત્યુથી તે નારાજ થઈ – પેશવાને દંડ આપવાની શાહુ પાસે માંગણી કરી. શાહુને લાગ્યું કે આ સેનાપતિ અને પેશવા વચ્ચેનો આંતરકલહ આગળ વધે તે ચિંતાજનક છે. એણે દાભાડેના વતન તલેગાંવમાં બંને પક્ષોને દરબારમાં બોલાવ્યા. બાજીરાવને ઉમાબાઈને સાષ્ટાંગ પ્રણામ કરવાનું કહી, ઉમાબાઈને હાથમાં તલવાર આપીને વેરજ્વાળા શમાવવા બાજીરાવનું ડોકું ઉડાવી દેવાની અનુમતિ આપી. દિલ્હી, પાલખેડ-માળવા, બુંદેલખંડ, ગુજરાત ચારે દિશાના વિજેતા બાજીરાવે ઉમાબાઈના પગમાં માથું મૂકી ક્ષમા માગી. આની સામે મરાઠા રાજ્યને ગણ્યાંગાંઠ્યાં વર્ષમાં નાશને પંથે લઈ જનાર રાઘોબા, બાજીરાવ, દોલતરાવ સિંધિયા, યશવંતરાવ હોલકરનાં વર્તનો સરખાવીએ એટલે સ્પષ્ટ દેખાઈ આવશે કે મનની મોટાઈ વિના રાજ્યની સરહદો વિસ્તરતી કે ટકતી નથી.

આ ચારે પેશવાઓમાં સર્વશ્રેષ્ઠ માધવરાવ ગણાય. પાણીપતની ભયંકર ખુવારી પછી અઢાર વર્ષની ઉંમરે તેણે પેશવાનો અધિકાર સંભાળ્યો. પણ તેના કાકા રાઘોબાને આ મંજૂર નહોતું. ખટપટ, બંડ, ખુદ પેશવાને ગિરફતાર કરી સત્તા હાથ કરવા સુધીના પ્રયત્નો રાઘોબાએ કર્યા. કંઈ ન બને તો રાજ્યની વહેંચણી કરાવવા ધમપછાડા કર્યા. માધવરાવે કાકાને જાગીર-વર્ષાસન-ખાનપાન આપવા તૈયારી બતાવી, પણ રાજ્યના

ભાગલાની વાતનો ઘસીને ઈન્કાર કર્યો. માધવરાવના આ વિચારો ચિરકાળ સુધી રાજપુરુષોએ મઢાવી રાખવા જેવા છે :

"આપણું રાજય ઘણું વિસ્તીર્ણ છે. એટલે બધા નાના કે મોટાઓ તેનું રક્ષણ કરવું જોઈએ. પણ દાદાસાહેબની ભાગલા પાડવાની મૂર્ખતાભરી માગ સાથે કદી સંમત નહીં થાઉં. પ્રાચીન પરંપરા પ્રમાણે શાસનની સંપૂર્ણ શક્તિ એક વ્યક્તિમાં આરોપવામાં આવે છે, અને એ વિચારપૂર્વક બધાની યોગ્ય સંભાળ રાખે છે.

દાદાસાહેબની માગણીનો અર્થ એવો છે કે ચિરકાળથી ચાલી આવતી આ પરંપરાનો ત્યાગ કરી દેવો. એની માગણી છે કે ગુજરાત અને કેટલાક જિલ્લાઓ તેમને સર્વસત્તા સાથે સોંપી દેવાય. હકીકતમાં આ ઢબે રાજયને આપણે એકસૂત્રે બાંધી નહીં શકીએ. હું તો એમ ઇચ્છું છું કે રાજયના આ રીતે ભાગ પડે તેના કરતાં બધું જ દાદાસાહેબને સોંપી દેવાય અને હું આ સાર્વજનિક ફરજોથી છૂટો થઈ કોઈ દૂરના સ્થળે ચાલ્યો જાઉં. ત્યાં રહ્યો-રહ્યો દાદાસાહેબની ઇચ્છા પ્રમાણે મારાથી જે બનશે તે સંતોષથી કરીશ. મારા મત પ્રમાણે હાલની સંકટભરી પરિસ્થિતિનો આ જ સર્વોત્તમ ઉપાય છે."

આ શાણી અને સ્વસ્થ સલાહ તેણે બળવાખોર ભોંસલેને પણ પહોંચાડી કે : "આપણે બંનેએ આ રાષ્ટ્ર માટે મળીને કામ કરવું જોઈએ."

સંતોએ જે શિખામણ આપી હતી તેમાંની એક હતી, પરલોક કે સ્વર્ગાદિની ચિંતા કર્યા સિવાય આ સંસારમાં આવી પડે તે કાર્યો નિઃસ્પૃહ ભાવે બજાવવાં : "આ લોક સર્વથા રક્ષણીય છે. સહુએ પોતાનાં સ્વકર્મો દ્વારા ઈશ્વરસેવા કરવાની છે. બીજા ક્રિયાકાંડોની જરૂર નથી. આ શીખને શિવાજીથી છેક ચારે પેશવા સુધી અનુસરવાની કોશિશ થઈ અને તેથી જ પેશવાઓ મૂળે પંડિત (પંત) હતા, તેમણે જયારે રાજયાધિકાર સંભાળ્યો ત્યારે 'રાવ' નામ રાખ્યાં."

માધવરાવને પણ એક વાર પૂજાપાઠ, ધ્યાન, મંત્રાદિમાં રસ લાગી ગયો. અને જાહેર દરબારમાં આવવાનું ઓછું થયું. લોકોની ફરિયાદો વધવા લાગી. પણ માધવરાવને કોણ કહે? ન્યાયાધીશ રામશાસ્ત્રી એક વાર આ વાત સમજાવવા ગયા તો કહેવરાવ્યું કે : "પેશવા પૂજાપાઠમાં બેઠા છે."

રામશાસ્ત્રી થોડી વાર રોકાઈ પાછા ગયા અને પોતાનું રાજીનામું મોકલી આપ્યું. પેશવાને મન તો રામશાસ્ત્રી ગુરુ સમા હતા, એટલે બોલાવ્યા. રામશાસ્ત્રીએ કહ્યું : "હું નિવૃત્ત થઈને કાશીવાસ કરવા માગું છું." પેશવાએ કહ્યું : "આ જવાબદારી છોડી દો તો ન્યાય વિભાગનું શું થાય?" "આપ પેશવા છો, આપને પોષણ – વેતન પેશવાની કામગીરીને કારણે મળે છે. આપ તે ન કરો તો પ્રજાની ફરિયાદોનું શું થાય? આપને પૂજાપાઠ, ધ્યાન કરી બ્રાહ્મણ બનવું હોય તો આ પદ છોડો. હું પણ તમારી જોડે કાશીએ આવવા તૈયાર છું. પણ પેશવા રહેવું અને તેમાંથી ઊભી થતી ફરજો બજાવ્યા વિના પૂજાપાઠ કરવા તે યોગ્ય નથી." માધવરાવ બીજા દિવસેથી કચેરીએ આવવા લાગ્યા.

પહેલા ચારે પેશવાઓમાં વારસાગત કર્તવ્યભાન હતું – માધવરાવમાં વિશેષ. પોતાના પ્રવાસના હિસાબો, દિવેલ-ઘાસતેલ પાછળ ખર્ચાતા પૈસા બે પૈસા પણ તે લખતા. પોતાની સેનાની હલચલને લીધે ખેડૂતોને થતું નુક્સાન તુરત દઈ દેવાની પ્રથા તેમણે પાડી હતી. વેઠપ્રથા તેમણે જ નાબૂદ કરી હતી. અંતિમ ઇચ્છા-પત્ર (વીલ)માં પણ આજ્ઞા આપી હતી: "જરૂર પડયે મારા ખાનગી કોશમાંથી ધન ઉપાડીને પણ મારા હાથે થયેલ દેવું ચૂકવી દેવું."

એમાંયે વધુ આશ્ચર્યકારક સૂચન એ હતું કે : "મહેસૂલ વસૂલ કરવા માટે ઇજારા આપવાની પ્રથા પ્રજાને કષ્ટપ્રદ છે. એટલે તેમાં ઊંડા ઊતરીને આ પ્રથા બદલવી."

માધવરાવનું નિયમન કઠોર હતું — ત્રાજવાની દાંડીની જેમ સમ અને સ્થિર. દા.ત., તે પોતાના ગુપ્તચરોને પુછાવતા કે "નાના ફડનવીસ માલિકની જેમ વર્તે છે કે સેવકની જેમ?"

પોતાનો મૃત્યુકાળ પાસે આવ્યો જાણી માધવરાવે રાજ્યના આગેવાન અને નોકરિયાતોને પોતાની પાસે આવેલા ગુપ્ત અહેવાલોનો નાશ કરવા જણાવ્યું. સખારામ બાપુને આની જાણ થઈ ત્યારે આમ ન કરવું ઘટે તેમ કહેવા લાગ્યા. પેશવા માધવરાવ તો પથારીવશ હતા. એમણે સખારામ બાપુને એક પેટી ખોલી નીચેનું કવર કાઢી પત્ર વાંચવા કહ્યું. એ બધા પત્રો સખારામ બાપુએ કરેલ ખટપટ ને કાવતરાંના અહેવાલો હતા, જેમાં તેનો અપરાધ સ્પષ્ટપણે પુરવાર થાય તેમ હતો. પણ માધવરાવે આજ લગી એ વિશે શબ્દ પણ ઉચ્ચાર્યો ન હતો. આ પછી ગુપ્ત હેવાલોના નાશથી સખારામ બાપુને ધરપત થઈ હશે.

સ્પાર્ટાના સર્જક લાઇકરગસને કોઈકે પૂછ્યું : "રાજ્યનું રક્ષણ કરવા શું જરૂરી છે?" લાઇકરગસે કહ્યું : "મજબૂત હૃદય." એણે કહેવું જોઈતું હતું : "મજબૂત અને વિશાળ હૃદય."

—ચારેય પેશવાઓમાં આ પાયાના ગુણ હતા. તેથી મરાઠી ઉત્કર્ષ સધાયો.

## અંતિમ અધ્યાય

ભૌતિક બળાબળોને જ ઇતિહાસમાં ચાલકબળો ગણનારા ઇતિહાસવિદો એ વાત સ્વીકારવા રાજી નથી હોતા કે મહાપુરુષો, દૈવ કે અકસ્માત ઇતિહાસને વળાંક આપે છે પણ વૉલ્ટેરે જગતનો પહેલો નોંધપાત્ર ઇતિહાસ લખ્યો અને એના અનુભવે કહ્યું : "ઇતિહાસમાં મોટામાં મોટો સેનાપતિ અકસ્માત છે." "કસ્માત્" — ક્યાંથી થયું તે જાણી ન શકાય તેવાં બળોનો સમૂહ તે અકસ્માત.

માધવરાવ પેશવાની વય નાની હતી. તેની યોગ્યતા ઉચ્ચતમ હતી. શા સારુ તેનું નાની વયે અવસાન થયું? ગ્રાંટ ડફે લખ્યું છે કે "પાણીપતના મેદાનથી મરાઠાઓને એટલો ફટકો નથી પડયો જેટલો માધવ-રાવના અકાળ અવસાનથી પડયો." કોઈ એ જ વાત આગળ લંબાવી કહી શકે કે માધવરાવના અકાળ અવસાનથી મરાઠી સત્તાને એટલું નુકસાન નથી થયું જેટલું રાઘોબાના લાંબા જીવનથી થયું.

રાઘોબા માધવરાવનો કાકો, મરાઠામાં તે ભાગેડુ રાઘોબા કહેવાયો. યોગ્યતા નહીંવત્ અને આકાંક્ષા પાર વગરની. માધવરાવના મૃત્યુથી તે ફરી જાગી ઊઠી. બાલાજી વિશ્વનાથના ત્રીજા પુત્ર નારાયણરાવ પેશવા. ઉંમર નાની ને ઉગ્ર મિજાજી. રાઘોબાએ તેની સત્તાનો સ્વીકાર ન કર્યો. પણ ખટપટ ચાલુ જ રાખી ને છેવટે મહેલમાંના ગાર્દીઓ પાસે ખૂન કરાવ્યું. મોગલોમાં ભાઈભત્રીજાનાં આવાં ખૂનો સહજ હતાં. મરાઠા ઇતિહાસમાં એ પહેલી જ વાર બન્યું જ્યારે કાકાએ ઊઠીને ગભરુ બાળક જેવા નિર્દોષ ભત્રીજાને કપાવી નાખ્યો હોય — સતી થતી વખતે માધવરાવની જુવાન પત્ની રમાબાઈએ જેની સાચવણી કરવાની શપથપૂર્વક આજ્ઞા કરી હતી, તેને જ વાઢી નાખ્યો! મહારાષ્ટ્ર સહન કરી શકે તેવું આ ન હતું. ન્યાયાધીશ રામશાસ્ત્રીએ જાહેરમાં રાઘોબાને પોતાના ભત્રીજાના ખૂન માટે દોષિત ગણાવી નિવૃત્ત થવા જણાવ્યું. અને નાના ફડનવીસ, હરિવંત ફાકે ને બીજા આગેવાનોએ રાઘોબાને પદભ્રષ્ટ કરી નારાયણરાવના ગર્ભસ્થ શિશુને પેશવા તરીકે જાહેર કરી "બારભાયા"નો કારભાર શરૂ કર્યો (ઈ. સ. ૧૭૭૫).

આ આંતરવિગ્રહમાંથી જ અંગ્રેજોને પૂણેના રાજવહીવટમાં દાખલ થવાની અનુકૂળતા સાંપડી ને પહેલો અંગ્રેજ-મરાઠા વિગ્રહ શરૂ થયો (ઈ. સ. ૧૭૭૪). નાના ફડનવીસની કુશળતાથી અંગ્રેજો આ વિગ્રહમાં ફાવ્યા નહીં. પણ પૂણેમાં રાઘોબાને નિમિત્તે પેઠા તે પેઠા. ૧૭૮૨માં પ્રથમ અંગ્રેજ-મરાઠા વિગ્રહનો અંત આવ્યો. સાલબાઈની સંધિ થઈ હતી જેમાં અંગ્રેજો પર મરાઠી સત્તાની સરસાઈ પ્રગટ થાય છે. પણ માત્ર વીસ વર્ષ પછી એ જ રાઘોબાના પુત્ર બાજીરાવ પેશવા(ઈ. સ. ૧૭૯૬–૧૮૫૧)એ મરાઠાનું — સ્વાતંત્ર્ય ૧૮૦૨માં વસઈની સંધિ દ્વારા અંગ્રેજોને વેચી માર્યું; પોતાના રક્ષણ માટે કાયમી બ્રિટિશ સેના માગી; પોતાના જ અંગ જેવા સરદારો હોલકર, ગાયકવાડ વિરુદ્ધ આ સેના વાપરવાની ગણતરી

રાખી. મરાઠા સંઘના અન્ય ભાગીદારો સાથેના મતભેદમાં પણ અંગ્રેજ મધ્યસ્થી સ્વીકારીને બીજા કોઈ પરદેશીઓને નહીં રાખે ને બીજાં રાજ્યો જોડે સંબંધ પણ નહીં બાંધે તેવી બાંયધરી આપી. સત્તા મેળવવા પિતાઓ કરવાનું તે પુત્રે પૂરું કર્યું. આ પછી અઢાર વર્ષે (ઈ. સ. ૧૮૨૦) બાકી રહેલી તેમની સત્તા ગુમાવી. બાજીરાવ પેશવા બ્રિટિશ-આશ્રિત પેન્શનર બન્યો.

માત્ર વીસ જ વર્ષમાં આ કેમ બન્યું? ઈતિહાસ કંઈ ગણિત નથી જેથી આવા કટ પ્રશ્નોના ચોક્કસ ઉત્તર ભાગ્યે જ આપી શકે. એ કેમ કહી શકે કે શાથી મહારાષ્ટ્રના રહ્યાસહ્યા ડહાપણવાળા બધા જ આગેવાનો મહાદજી, અહલ્યાબાઈ, નાના ફડનવીસ, પરશુરામ ભાઉ, રામશાસ્ત્રી વગેરે મરાઠાઓના અનુભવસંચિત સમજદારીના પ્રતિનિધિઓ — આ ટૂંકા ગાળામાં એક પછી એક ગયા અને તેને બદલે ત્રણે અલ્પવયસ્ક, ઉદ્દંડ દોલતરાવ, બાજીરાવ ને યશવંતરાવના હાથમાં મરાઠા હિતાહિતની લગામ આવી હતી.

આવું ન બન્યું હોત તો મરાઠી સત્તાનો અંત આટલો ઝડપી ન થયો હોત. આ ત્રણ મૂર્ખ, ઉદ્ધત જુવાનોએ મળી પોતપોતાની રીતે મરાઠી સત્તાને શિખર પરથી તળેટીએ પહોંચાડી. આ એક જ સમયે, એક મહાન સત્તાના કર્ણધાર તરીકે આવા લોકો આવ્યા, ને કોઈ ડાહ્યો માણસ ન રહ્યો તેને અકસ્માત કહેવો કે ભવિતવ્યતા?

પેશવાઈના કફનમાં છેલ્લા ખીલા ઠોકનાર એલ્ફિન્સ્ટને આ વિધિવક્રતા સરસ રીતે બતાવી છે:

> "અંગ્રેજોનાં 'સદ્ભાગ્ય' કે બાજીરાવ રાઘવજી (પેશવા) કે સિંધિયા બેમાંથી એકેયમાં સંકટમય અવસ્થામાં વીરતાપૂર્વક સામનો કરવાનું સાહસ કે બળ નહોતાં — જો એ સમયે આ પેશવાને સ્થાને એનાથી વધારે વીર પુરુષ હોત તો અંગ્રેજોની શી દશા થાત તેની કલ્પના કરવી મુશ્કેલ નથી. સફળ યુદ્ધ માટેનાં વિપુલ સાધનો એટલે કે સેના, ધન, અસ્ત્રશસ્ત્ર, મરાઠા પાસે હતાં — બધું હતું, પણ નહોતો નેતા. દક્ષિણમાં બાજીરાવ ને ઉત્તરમાં દોલતરાવ બંને પોતાના દેશના દ્રોહીઓ હતા, એટલે યુદ્ધમાં હારી ગયા."

આમાં મહત્ત્વનું વાક્ય 'બંને પોતાના દેશના દ્રોહીઓ હતા' — તે છે. યશવંતરાવ, દોલતરાવ, બાજીરાવ — ત્રણે અગ્રણીઓ, ત્રણે મૂર્ખ, જુઠ્ઠા અને અલ્પ દૃષ્ટિવાળા. ત્રણેયને પોતાનો જ સ્વાર્થ સાધવો હતો. એમના પૂર્વજોએ મહારાષ્ટ્ર ધર્મ અને હિંદવી સ્વરાજને નજર સામે રાખ્યાં હતાં અને તે માટે લડયા હતા, અને છેવટ સુધી જીતતા રહ્યા હતા. ત્યારે આ ત્રણેએ પોતાનો નર્યો સ્વાર્થ જ નજર સામે રાખ્યો, અંદર અંદર લડયા અને છેવટે બૂરે હાલે હાર્યા.

યશવંતરાવ હોલકરના મોટાભાઈને બાજીરાવે, સિંધિયાની ઉશ્કેરણીથી, હાથીને પગે કચડાવ્યો, બે દિવસ સુધી શબને રઝળાવ્યું. આ અપમાનનો બદલો લેવા હોલકરે સિંધિયા અને બાજીરાવનાં સૈન્યને હરાવ્યાં. પૂણે લીધું. બાજીરાવે ભાગી વસઈમાં અંગ્રેજોને શરણે જઈ મરાઠાઓનું સ્વાતંત્ર્ય વેચી માર્યું. તેમાં સિંધિયા, હોલકર, ભોંસલે — ત્રણેએ પોતાની સત્તાના અવસાનના પડઘા ભાળ્યા.

સિંધિયાએ પહેલાં શસ્ત્રો ઉઠાવ્યાં. અંગ્રેજોએ પણ પહેલાં સિંધિયાને જ ભીંસમાં લેવાનું યોગ્ય ગણ્યું, કારણ કે એની પાસે જ કસાયેલી, કવાયતી સેના હતી. સિંધિયાએ હોલકરનો સાથ માગ્યો. હોલકરે સિંધિયા અને બાજીરાવે પોતાને કરેલ અન્યાયો પહેલાં દૂર કરે તેવું માગ્યું. સિંધિયાએ 'હા' પાડી. દરમ્યાનમાં સિંધિયાએ બાજીરાવને લખેલ પત્ર પકડી પાડી અંગ્રેજોએ જ હોલકરને ભેટ મોકલ્યો. એ પત્રમાં લખ્યું હતું: "એની માંગણીઓ સ્વીકારવાનો આ તો આપણો ઢોંગ છે. યુદ્ધ પતી ગયા પછી આપણે બેઉ આનો પૂરો બદલો લઈશું." યશવંતરાવે લડાઈમાં એક આંખ ખોઈ હતી, પણ આ કાગળથી તેની બેઉ આંખો ખૂલી ગઈ. તેણે સિંધિયાને મદદ ન કરી.

૧૮૦૨માં પેશવાએ અંગ્રેજોનું શરણ સ્વીકાર્યું. ૧૮૦૪માં સિંધિયાએ—ભોંસલેએ ઉત્તર ભારત અને રજપૂતાનાનું ને ઓરિસ્સા પરનું પોતાનું વર્ચસ અંગ્રેજોને આપી શરણ સ્વીકાર્યું.

માત્ર બે વર્ષમાં મરાઠી સંઘના બે થાંભલા ખરી પડ્યા. અંગ્રેજ ગવર્નર-જનરલ વેલેસ્લીએ યશવંતરાવ હોલકરને લખ્યું : "મને આપને એ ખબર આપતાં આનંદ થાય છે કે સિંધિયા અને ભોંસલે સાથે મિત્રતા-સંધિ કરવામાં હું સફળ થયો છું. આ ઝઘડાથી આપ દૂર રહ્યા તે માટે આપને ધન્યવાદ આપું છું. આપે દૂર રહી મારી આ સફળતાને શક્ય બનાવી છે. આપને હું આશ્વાસન આપું છું કે જ્યાં સુધી આપ કંપની, અને તેના મિત્રોનાં ન્યાયી હિતોમાં હસ્તક્ષેપ નહીં કરો ત્યાં સુધી આપના માર્ગમાં કોઈ અડચણ ઊભી કરવાનું ઇચ્છીશું નહીં."

પણ હોલકરનું માન કંઈ દૂર નહોતું. કંપનીના મિત્રોમાં રજપૂતાના, જયપુર, જોધપુર, કોટા જેવાં રાજ્યોનો સમાવેશ હતો. સિંધિયાએ છોડેલ અધિકારોને દાવે તે અંગ્રેજોના આશ્રયે આવ્યાં હોવાનું કંપની માનતી હતી. જ્યારે યશવંતરાવને મન સિંધિયા પાસેથી જ નહીં, ભારતના બીજા રાજાઓ પાસેથી પણ ચોથ ઉઘરાવવાનો અધિકાર પોતાનો હતો. કંપનીના સેનાપતિ લેઈકે આ માગણી લઈ આવનારા હોલકરના પ્રતિનિધિઓને પોતાની છાવણી બહાર કાઢી મૂક્યા અને કહેવરાવ્યું કે "કોઈ વાજબી વાત લખી મોકલો." યશવંતરાવે જવાબમાં લખ્યું : "રણમેદાન પર બ્રિટિશ તોપખાનાનો સામનો હું નહીં કરી શકું પણ સેંકડો જોજનના મુલકની ખાનાખરાબી કરી શકું છું. હું આ પ્રદેશો લૂંટીશ, બાળીશ અને લાખો મનુષ્યોનાં લોહી, આંસુ વહેવડાવીશ." અને યશવંતરાવે પોતાનો સમય આવતાં બ્રિટિશોને હાંકી કાઢવા સંયુક્ત મોરચો રચવામાં સિંધિયાને સાથ દેવા વિનંતી કરી. બીજાં રાજારજવાડાંના દેશભક્તોને આવાહન કર્યું.

એકાએક યશવંતરાવ પોતાના ૮૦ હજાર ઘોડેસવારો ને પીંઢારાઓ સાથે વીજળીવેગે સતલજના શીખપ્રદેશથી માંડી ઉજ્જૈન, મંદસોર સુધી તૂટી પડ્યો. લૉર્ડ લેઈક જેવો સેનાપતિ પણ ઘડીભર હાલકડોલક થઈ ગયો પણ કોઈ યશવંતરાવની મદદે ન આવ્યું. આખરે થાક્યો અને ૧૮૦૫માં અંગ્રેજો સાથે સંધિ કરી. ૧૫મી ફેબ્રુઆરી, ૧૮૦૬માં એણે ભોંસલેને લખ્યું : "વિદેશીઓએ મરાઠી સત્તા પોતાની મૂઠીમાં પકડી લીધી છે. ઈશ્વર જ જાણે છે કે આના આ આક્રમણનો વિરોધ કરવા ગયાં અઢી વર્ષ મેં કેટકેટલું બલિદાન દીધું છે; ઘડીનાય વિશ્રામ લીધા વિના હું લડતો રહ્યો છું. પણ દોલતરાવે (સિંધિયાએ) મને દગો દીધો. પરસ્પરના સહકારથી આપણા પૂર્વજો મરાઠા રાજ્યનું નિર્માણ કરી શક્યા હતા. પરંતુ હવે આપણે સ્વાર્થમાં ડૂબી ગયા છીએ. જ્યારે મેં જોયું કે બધાએ મારો સાથ છોડી દીધો છે, ત્યારે બ્રિટિશ પ્રતિનિધિઓની દરખાસ્ત મેં સ્વીકારી, યુદ્ધ પૂરું કર્યું."

આપણે બધા સ્વાર્થી બની ગયા છીએ. આપણા પૂર્વજો આવા નહોતા. આ એનો સાર હતો.

સાલબાઈની સંધિ(ઈ. સ. ૧૭૮૨)થી તે પેશવાઈના વિનાશ સુધીનો મરાઠા ઈતિહાસનો આ સાર છે. સંઘ રચવો છે, પણ વફાદારી તો પોતાના તરફ જ રાખવી. પરિણામે સંઘ પણ નહીં, પોતે પણ નહીં, પણ મરાઠી સત્તાના પતનનું કારણ કેવળ આગેવાનોની સ્વાર્થવશતા જ હતી તેવું કહેવું પણ વધારે પડતું છે.

માની લઈએ કે અહલ્યાબાઈ જેવી પવિત્ર વહીવટકર્તા બધા જ ઘટકોમાં હોત તો શું મરાઠી સત્તા અંગ્રેજો સામે ટકી શકી હોત? એમાં શંકા નથી કે શિવાજી અને રામદાસે જે 'સ્વધર્મ' અને 'સ્વરાજ'ની ભાવના ઊભી કરી હતી, તેનો માધવરાવ પેશવા સુધી પ્રવાહ રહ્યો અને પછીથી તેને સ્થાને સંકુચિત સ્વાર્થ-ભાવનાએ સ્થાન લીધું હતું. ખાલી કોથળો જેમ ઊભો રહી શકતો નથી, તેમ કોઈક સામાજિક ધ્યેય માટેની ત્યાગભાવના વિના સંકટ વખતે કોઈ સમાજ ટકી શકતો નથી.

પરંતુ ધ્યેય હોત તો અંગ્રેજો સામે મરાઠા વિજયી થયા હોત?

મરાઠી ઈતિહાસાચાર્ય રાજવાડેએ આનો સચોટ જવાબ આપ્યો છે. એઓ કહે છે: "બીજા બાજીરાવ પેશવા(૧૭૯૬)ના અંગ્રેજો સામેના યુદ્ધમાં નાસતા સૈનિકોને કોઈએ પૂછ્યું હોત કે તમે શા સારુ ભાગી રહ્યા છો? શાના ભયે નાસો છો? તો જરાય વિલંબ વિના જવાબ આપ્યો હોત કે તેમને બે પગવાળા

ગોરાની બીક નથી પણ તેના હાથમાં લાંબા અંતર સુધી બાર કરનારી બંદૂક છે તેનાથી ડરું છું. વૈજ્ઞાનિક સંચાલનથી પ્રાપ્ત થયેલી યુદ્ધસજ્જતાથી ડરવાની વાત એ કહેત."

સિંધિયા પાસે આધુનિક ઢબે સજ્જ દળ હતું. તેની ચિંતા અંગ્રેજોને હતી, પણ તે દળને તાલીમ આપનારા ને દોરનારા ડી'બોઈન કે પેરોં જેવા પરદેશીઓ જ હતા. અને આ પરદેશીઓએ દગો દેતાં આ કવાયતી દળ પણ અશક્ત સાબિત થયું. એમની જગ્યા લેનારા તત્કાળ ન નીકળ્યા.

આ હકીકત પર બે ખૂણેથી વિચારવાનું પ્રાપ્ત થાય છે: તાલીમ આપનારા શા માટે ન નીકળ્યા? તેનું પહેલું કારણ તો આપણી જ્ઞાતિ-વ્યવસ્થા. કોઈ ઉચ્ચ જ્ઞાતિના લોકો આવા કામમાં પડે જ નહીં. પડ્યા પણ નહીં. તેમનું એ કામ નહોતું. જ્ઞાતિભ્રષ્ટ થવાય ને? પણ તેનાથી વધારે સમજવાનું એ રહે છે કે લશ્કરી વિજ્ઞાન એ સામાન્ય વિજ્ઞાનનો એક ભાગ છે. સામાન્ય વિજ્ઞાનની પ્રતિષ્ઠા કે વ્યાપ્તિ સિવાય પ્રજામાં લશ્કરી વિજ્ઞાનની ઝંખના જાગે કે વિકાસ થાય તે સંભવિત નથી. વિજ્ઞાન એ દૃષ્ટિ અને પદ્ધતિ બેઉ છે. જે વિજ્ઞાન માણસને પોતાની પ્રકૃતિ તથા વિશ્વના સંબંધોની ગતિવિધિ જાણવાની ઉત્સુકતા, શ્રદ્ધા અને કાર્યદિશા આપે છે તેને અંધવિશ્વાસ, વહેમ કે ગતાનુગતિકતા જોડે બનતું નથી. સમાજનાં બધાં અંગોમાં આ વિજ્ઞાનનું ચલણ થવું જોઈએ. જ્યાં પ્રગતિ થઈ ત્યાં આમ જ થયું છે.

મરાઠાઓ પાસે પોતે રહેતા હતા એ મુલકના પણ સાચા અને શુદ્ધ નકશા ન હતા. તેમની પાસે અદ્યતન શસ્ત્રોનાં કે દારૂગોળાનાં કારખાનાં પણ ભાગ્યે જ હતાં. નાના ફડનવીસ મોટો મુત્સદ્દી ગણાયો, પણ એણે શસ્ત્રાસ્ત્રોનાં કારખાનાં કાઢવા કરતાં હથિયારો સીધાં અંગ્રેજો પાસેથી ખરીદવાનું યોગ્ય ગણેલું. માનવું મુશ્કેલ લાગે છતાં હકીકત છે. વળી, નાના ફડનવીસને આઠ સ્ત્રીઓ હતી. તેના અવસાન વખતે તેની છેલ્લી સ્ત્રી માત્ર નવ વર્ષની હતી. વારાણસી પાસે પુલ બંધાવવા જતાં પાણી નીકળ્યું ત્યારે નાનાએ પાણીને હઠાવવા માટે વરુણને આરાધતો યજ્ઞ કર્યો હતો. ડી' બોઇન કે પેરોંની પાસે કવાયતી લશ્કર તૈયાર કરાવનાર મહાદજીએ માંદગી વખતે પોતાને મારવા પોતાના વિરોધી ગોસાંઈએ મારણવિદ્યા અજમાવી છે તેમ માની વૃન્દાવનથી એક મંત્ર-સાધિકાને પકડી હતી.

આનો સાદો અર્થ એ કે તમે સમાજનાં બધાં અંગોને અવૈજ્ઞાનિક કે વહેમમાં રાખી એકલા લશ્કરી વિજ્ઞાનમાં આગળ ન વધી શકો, કારણ કે એમાં પણ આખરે માણસો દ્વારા જ કામ લેવાનું છે. વહેમી કે રૂઢિચુસ્ત આગેવાનો વૈજ્ઞાનિક કે મૂર્તિભંજક, આમૂલાગ્ર ચિંતકોને લશ્કરના કે રાજ્યના આગેવાનો તરીકે શિરોમાન્ય નહીં ગણે.

નાનાનું અવસાન ઈ. સ. ૧૮૦૦માં થયું અને મહાદજીનું ૧૭૯૪માં. અહલ્યાબાઈનું ૧૭૯૫માં. આમ, મરાઠાઓનું પરંપરાગત ડહાપણ પણ આ વર્ષોમાં ગયું હતું. આ જ વર્ષોમાં ઈંગ્લંડ, ફ્રાંસ, જર્મનીમાં થયેલ વિજ્ઞાનીઓ, સમાજશાસ્ત્રીઓ, રાજનીતિજ્ઞોની યાદી કરવામાં આવે તો વિજ્ઞાનનો આદર, ઝંખના અને વિકાસ ખ્યાલમાં આવે. અર્થશાસ્ત્રમાં ઍડમ સ્મિથ અને રિકાર્ડો થઈ ગયા હતા. વૉલ્ટેરનાં લખાણો બધાં બુદ્ધિશાળી-ઓનો રોજનો ખોરાક બની ચૂક્યો હતો. હેગેલનો સૂરજ મધ્યાહ્નને તપતો હતો. ઈંગ્લૅન્ડ ફ્રાંસમાં રાજાઓનો વધ કર્યાને પણ દસકાઓ વીતી ગયા હતા. અમેરિકન સંસ્થાનો સ્વાતંત્ર્યવિગ્રહ કરી છૂટાં પડી ગયાં હતાં. વૉરન હેસ્ટિંગ્ઝ પર પાર્લમેન્ટમાં લાંબો કેસ ચાલી શક્યો હતો. વેલેસ્લી જેવાની પાસે ખુલાસો મંગાતો હતો.

આ બધી હવામાંથી પ્રેરણા પામેલા માલ્કમ, એલ્ફિન્સ્ટન, મનરો, ક્લોઝ મેલેટ, ગ્રાંટ ડફ, જેન્કિન્સ જેવાઓ મરાઠાઓ સામે સંગ્રામમાં હતા. નાના ફડનવીસ કે યશવંતરાવ હોલકર, બાપુ ગોખલે અને અહલ્યા-બાઈમાં પશ્ચિમના જેવું સામાજિક ચિંતનનું સ્વપ્ન નહોતું.

શિવાજી મહારાજના સમયનો મુસ્લિમ રાજ્યગ્રાહ્ય ધર્માંધતા સામેનો ઉદાર હિંદુ ધર્મનો આ સંઘર્ષ નહોતો. આ સ્પર્ધા વિજ્ઞાન અને રૂઢિગતતા વચ્ચે હતી. પ્રાગતિક ચિંતન અને પરંપરા વચ્ચે હતી. અને તેમાં રૂઢિગ્રસ્ત પરંપરાગત સમાજ હાર્યો.

# ૧૧ : ભક્તિ-આંદોલન અને સૂફીમત (રૂપરેખા)

ભક્તિભાવ સનાતન અને સાર્વત્રિક છે. તેનાં દર્શન બધી સંસ્કૃતિઓમાં અને માનવ-ઇતિહાસના બધા તબક્કાઓમાં થાય છે. એ તો માનવ મનની પ્રવૃત્તિ છે. આથી સનાતન તત્ત્વોની બાબતમાં અન્યત્ર મૂળ શોધવાં વ્યર્થ છે. દરેક પ્રજા એના વિવિધ તબક્કે ભક્તિનું વલણ ધરાવતી હોય છે. એનાં સ્વરૂપ ભિન્ન હોય છે. માનવહૃદયમાં ભક્તિનું તત્ત્વ નિહિત છે. ભક્તિ એ પરિવર્તનશીલ તથ્ય હોઈ ભિન્ન ધર્મોમાં એનું ભિન્ન સ્વરૂપ હોય છે, તેની પરિભાષા પણ ભિન્ન હોય છે, સિદ્ધાંતો પણ ભિન્ન હોય છે. સામાજિક ઊથલપાથલો, ધાર્મિક સંઘર્ષો અને રાજકીય આંદોલનો એના સ્વરૂપને ઘડે છે. ટૂંકમાં જેમ જીવન વિકસે છે તેમ વિચાર પણ વિકસે છે.

ભારતીય સંસ્કૃતિમાં પણ ભક્તિ-સંપ્રદાયનાં મૂળ ઊંડાં છે—સિંધુ સંસ્કાર જેટલાં ઊંડાં છે. અને ત્યાર બાદ, "એક સૂત્ર કરતાં એક મનોભાવ તરીકે તેનું વિશેષ સ્થાન છે. આ મનોભાવની જીવનશક્તિ એટલી બધી છે કે સમગ્ર માનવ ઇતિહાસની સાથે એ અનુપ્રમાણિત થઈ ચૂકી છે." ભારતમાં ભક્તિનું મૂળ વેદમાં હોવાનું વિદ્વાનો જણાવે છે; એકેશ્વરવાદમાં તે જોવા મળે છે. જોકે, ઉપનિષદોની બૌદ્ધિક અને તર્કશીલ પદ્ધતિ સાર્વજનીન સંતોષ ન આપી શકી. તેમાંથી સાધારણ પ્રજાને આધ્યાત્મિક અને નૈતિક સંતોષ ન લાધ્યો. ત્યારે ભક્તિ એ વ્યક્તિની લાગણીને પોષતું માધ્યમ બન્યું. આમ, ઉપનિષદમાંના એકેશ્વરવાદના વિચારને ભક્તિ દ્વારા અભિવ્યક્તિ મળેલી જોઈ શકીએ છીએ.

ભગવદ્ગીતાનો 'એકાન્તિક ધર્મ' 'ઈશ્વરની પ્રેમભક્તિ એટલે મોક્ષપ્રાપ્તિ'ના સિદ્ધાંત ઉપર આધારિત છે અર્થાત્ સ્વાર્થી પ્રવૃત્તિઓથી આત્માને મુક્ત કરવો અને તે સારુ વાસુદેવની ભક્તિ કરવી. આમ, ભગવદ્ગીતા એક તરફ ઇષ્ટદેવની વિભાવના વ્યક્ત કરે છે તો બીજી બાજુ ઉપનિષદના તત્ત્વજ્ઞાનની પરંપરાને પણ સ્વીકારે છે. ભગવદ્ગીતાનો આશય હિંદુ તત્ત્વજ્ઞાનની વિવિધ શાખાઓ વચ્ચે સંવાદ સાધવાનો છે, જેનું કેન્દ્રબિંદુ ભક્તિ છે. ટૂંકમાં, ભગવદ્ગીતા ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગના વિચારોને મોક્ષપ્રાપ્તિના બે માર્ગો ગણે છે. It is an exposition at once theist, pantheist, emotional and speculative.

મહાકાવ્યો અને પુરાણોમાં—સૌથી ઉત્કૃષ્ટ ભાગવત પુરાણમાં—તેનો મહિમા ગવાયો છે. બધા શ્રેષ્ઠ વિચારકોએ, બધા ધર્મસુધારકોએ તથા બધા નિષ્ઠાવાન ભક્તોએ પૂર્વસમયમાં એક જ ઈશ્વરની વાતનો સ્વીકાર કર્યો છે; છતાં સંખ્યાબંધ દેવદેવીઓ ત્યારેય અસ્તિત્વમાં હતાં. એમના અનુયાયીઓમાં ભેદભાવનો અભાવ હતો. તેમણે ધાર્મિક વિધિઓ કરતાં પ્રામાણિક શ્રદ્ધામાં વધારે નિષ્ઠા મૂકેલી. તેમણે ધર્મને સરળ બનાવવાના પ્રયત્નો કરેલા.

આઠમી સદીથી શરૂ થયેલી ભક્તિ-આંદોલનની ભૂમિકા જોઈ લઈએ. મુસલમાનો ભારતમાં આવ્યા ત્યારે હિંદુ સમાજ બે પ્રવાહોમાં વિભાજિત હતો : એક બૌદ્ધિકોનો વર્ગ. તેઓ માનતા કે જ્ઞાનમાર્ગથી મોક્ષ મળે છે. બ્રાહ્મણ ધર્મ આથી મુખ્યત: બૌદ્ધિક સિદ્ધાંત જેવો બન્યો, જેમાં હૃદયને—લાગણીને ગૌણ સ્થાન



શિવ નટરાજ (તામ્રમૂર્તિ) (તાંજોર) ૧૦મી સદી ચૌલવંશ

# ખંડ - ૪

# ધર્માચાર્યો



બ્રાહ્મણધર્મીય
પ્રજ્ઞાવાન-દાર્શનિક

શંકરાચાર્ય
(ઈ. સ. નવમી સદી)



રામાનુજાચાર્ય ( ૧૧-૧૨મી સદી )

વૈષ્ણવ-આચાર્ય
(અદ્વૈત તત્ત્વજ્ઞાન)
શ્રીરંગ મઠના વડા



વલ્લભાચાર્ય ( ૧૬મી સદી )

રહ્યું. બીજો શૈવ-વૈષ્ણવ શક્તિમાં માનતો; મૂર્તિપૂજા, ક્રિયાકાંડ, વિધિવિધાન, યજ્ઞયાગાદિ (બલિ સહિત) કરતો વર્ગ. પરંતુ, લાગણી, મન અને નીતિનો સહારો શોધનાર માટે ઉપરના બેઉ માર્ગોમાં કશું પ્રેરણાદાયી — આશ્વાસનરૂપ ન હતું. આ સંજોગોમાં ભક્તિના ઉદ્‌ભવને યોગ્ય વાતાવરણ પ્રાપ્ત થયું.

આમ, ભૂમિકા તૈયાર થઈ ચૂકી હતી, ત્યાં ઇસ્લામનું આક્રમણ થયું. આથી એમ કહી શકાય કે મુસ્લિમોના આગમનને કારણે 'ઈશ્વર એક છે' એવી ભાવનાને – વિચારને વિશેષ બળ મળ્યું. બલિદાનની વિધિને સ્થાને, ધર્મગ્રંથોના જ્ઞાન કે જાણકારીના સ્થાને, ભક્તિમાર્ગનું વલણ વધ્યું, તેની શ્રેષ્ઠતા વરતાતી થઈ. કર્મકાંડ તથા વિધિવિધાનને ગૌણ સ્થાન આપવા ઉપર ભાર મુકાયો.

ઉત્તર ભારત માટે આઠમી સદીથી શરૂ થયેલો યુગ એટલે રાજકીય અનૈક્યનો, જેને લીધે ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે ઠીક ઠીક અવ્યવસ્થા જન્મી. પણ દક્ષિણ ભારતમાં રાજકીય અંધાધૂંધીનો ખાસો અભાવ હતો. કારણ ચોલ (નવમી સદીથી) અને વિજયનગર(ચૌદમી સદી)નાં હિંદુ રાજ્યો મૂળ પ્રભાવ-શાળી હતાં. આથી ઉત્તર ભારતની રાજકીય અનૈક્યની પરિસ્થિતિને કારણે ધાર્મિક સુધારણાની નેતાગીરી અને એની પ્રારંભિક જવાબદારી દક્ષિણ ભારતને લેવી પડી. પરિણામે આઠમીથી દસમી સદી સુધી દક્ષિણ ભારત ધર્મસુધારણાનું મહત્ત્વનું કેન્દ્ર બની રહ્યું. એણે ભારત માટે ધાર્મિક વિકાસ અને સુધારાની તક પૂરી પાડી. આ સમય દરમિયાન મલબાર અને કોરોમંડલના કિનારે ઇસ્લામી પ્રજાનો સંપર્ક વિકસી રહ્યો હતો, જેણે ત્યાંના હિંદુ સમાજને સુધારણાના માર્ગે ધક્કો માર્યો. આથીય ધાર્મિક ક્રાંતિને વેગ મળ્યો. આ ક્રાંતિની ઉત્તેજના એટલી વ્યાપક અને પ્રભાવશાળી હતી કે ધર્મજાગૃતિનો ચેપ ઉત્તર ભારતને પણ સ્પર્શી ગયો. જૈન અને બૌદ્ધ ધર્મોના આચારવિચાર વધારે મર્યાદિત બનતા જતા હતા.

આમ સમગ્રતયા આ કાળ દરમિયાન સાર્વત્રિક (રાજકીય, સામાજિક, ધાર્મિક) પરિસ્થિતિ એટલી ધૂંધવાયેલી હતી કે પ્રજાને ધર્મરક્ષણ માટે જાગ્રત કરવાની જરૂર જણાઈ. આ માટે ભક્તિમાર્ગનું માધ્યમ સરળ બન્યું. પરિણામે પ્રથમ સહસ્રાબ્દીના છેલ્લા ચરણના આરંભમાં ભારતે ભક્તિનું પ્રભાવશાળી મોજું અનુભવ્યું, અને અભિનવ સ્વરૂપે ભક્તિ-આંદોલનનો પ્રસાર થયો.

પ્રસ્તુત આંદોલનમાં કેન્દ્રસ્થાને રહ્યા શિવ અને વિષ્ણુના ઉપાસકો. શૈવ અને વૈષ્ણવ ભક્તોએ અભિનવ ધાર્મિક વિચારણાના પ્રવાહને વહેવડાવ્યો. એમનો તાત્કાલિક આશય, અગાઉ, જૈન અને બૌદ્ધ ધર્મમાં ગયેલા લોકોને હિંદુ ધર્મમાં પાછા ખેંચવાનો હતો. આ માટે તેમણે ધર્મને હૃદય સાથે સાંકળ્યો અને લાગણીસભર પદો દ્વારા જનભાષાનો વિનિયોગ કરી ભક્તિનું સરળ સ્વરૂપ વહેતું મૂક્યું. આમ શિવ અને વિષ્ણુ ઉભયના અનુયાયીઓએ ભક્તિની જ્યોત જલાવી.

દક્ષિણમાં શૈવ ભક્તો નાયણારો તરીકે અને વૈષ્ણવ ભક્તો આલ્વારો તરીકે ઓળખાતા હતા. શૈવ સંતો હતા : તિરુનવુક્કરસુ, તિરુજનમ, સંબંદર, સુંદરમૂર્તિ, માણિક્કવાચકર, તિરુમૂલર અને નકીરાર નાંબિયાકર. વૈષ્ણવ સંતોમાં મુખ્ય હતા : પય્યન, ભત્તાર, પેય, તેરુમલીક્સાઈ, તિરપ્પન, તોન્ડારદીપોદાઈ, પેરિયલ્વાર, આંડાલ, નામ્મલવાર, મધુર કવિ વગેરે.

દક્ષિણ ભારતમાં શૈવ નાયણારોના આચાર્ય તિરુમૂલરે 'તિરુ મંદિરમ' કૃતિમાં શૈવ આગમ(=શાસ્ત્ર)ની મહત્તાનું પ્રતિપાદન કરીને શૈવ સિદ્ધાંતનું તાત્પર્ય સમજાવ્યું છે. સામાન્ય તત્ત્વનું નિરૂપણ વેદાંત કરે છે, જ્યારે વિશિષ્ટ તત્ત્વને સ્ફુટ કરે છે સિદ્ધાંત, એમ કહીને તિરુમૂલરે વેદ અને આગમ વચ્ચે સંવાદિતા સાધવાનો અપૂર્વ પ્રયાસ કર્યો છે. તિરુમૂલર પછી એક સૈકે માણિક્કવાચકર થયા. મદુરા પાસેના વાદવુરના નિવાસી હોઈ તિરુવાદવુરર તરીકે પણ જાણીતા હતા. આ શૈવ સંતની કાર્યભૂમિ ચિદમ્બરમ હતી. સિલોનથી આવેલા બૌદ્ધ આચાર્યોને વાદવિવાદમાં એમણે પરાજય આપ્યો હતો. તેમનો ગ્રંથ 'તિરુવાચકમ્' તમિળ ધર્મ અને સાહિત્યમાં ઉપનિષદના જેવું મહત્ત્વ ધરાવે છે. એમના મત મુજબ શિવ દરેક ભક્તના હૃદયમાં

રહેલા છે. આથી એમને પામવા તલસતા ભક્ત ઉપર અનુગ્રહ કરવા તે એની પાસે ગુરુ સ્વરૂપે આવે છે. 'તિરુવાચકમ્' વાચકને હૃદયશુદ્ધિ અને પરમ ભક્તિની અજબ પ્રેરણા આપે છે.

અપ્પર હર્ષવર્ધન અને પુલકેશી તથા મહેન્દ્રવર્માના સમકાલીન હતા. અપ્પર શિવનાં ત્રણ સ્વરૂપ દર્શાવે છે: (૧) ત્રિમૂર્તિમાંનું સંહારક શિવસ્વરૂપ, (૨) શિવશક્તિનું પરમ જ્યોતિ સ્વરૂપ, અને (૩) કૈવલ્યમય સ્વરૂપ. અપ્પરના મતે શિવ નિર્ગુણ, નિરાકાર અને અવર્ણનીય છે. સ્થિર ધ્યાન અને અવિચળ ભક્તિ દ્વારા એમને પામી શકાય છે. સંબંદર શૈશવકાળથી શિવના પરમ ભક્ત હતા. તેમણે મદુરામાં પાંડ્ય રાજાને ઉપદેશ આપી જૈન ધર્મમાંથી શૈવ સંપ્રદાય તરફ પાછો વાળ્યો હતો. તેઓ સોળ વર્ષની વયે નિર્વાણ પામ્યા. અતિ અલ્પ આયુ દરમિયાન એમણે સેંકડો સ્તોત્ર રચ્યાં. તેમના મતે શિવ જ્યોતિર્મય છે, નિરાકાર છે અને અગોચર છે. સંબંદરની જેમ સુંદરર પણ (આઠમી સદીના પૂર્વાર્ધમાં) અઢારની વયે શિવમાં વિલીન થયા. દક્ષિણ ભારતના શૈવ ભક્તોમાં એ લોકપ્રિય હતા. એમણે નાની વયે રચેલાં સ્તોત્ર અદ્યાપિ શિવ-મંદિરોમાં અને મઠોમાં ગવાય છે. સ્થૂળ દેહે અલ્પાયુ નીવડ્યા, પણ શબ્દદેહે ચિરંજીવ બની ગયા. એમના સ્તોત્રમાં સખાભક્તિનું સ્વરૂપ ખાસ નોંધપાત્ર છે.

## રામાનુજ (ઈ. સ. ૧૦૧૬ થી ૧૧૩૭)

મદ્રાસ પાસેના શ્રીપેરુમ્બુદુર ખાતે જન્મ, અગિયારમી સદીના આરંભમાં. આ સમયના વૈષ્ણવ આચાર્યોમાં મહામાનવ એવા રામાનુજે કાંચીના યાદવપ્રકાશ પાસે રહી અદ્વૈત તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો પણ ગુરુ સાથે મતભેદ પડતાં ગુરુનો ત્યાગ કર્યો અને યમુનાચાર્યના ઉપદેશથી આકર્ષાઈ એમને ગુરુ ગણ્યા. યમુનાચાર્ય પછી રામાનુજ શ્રીરંગમ મઠના વડા નિમાયા.

રામાનુજ ભક્તિ આંદોલનના સમર્થ પ્રભાવક પુરુષ હતા. ભારતીય ધર્મ અને સંસ્કાર ઉપર વિશેષ પ્રભાવ પાડનારા તેઓ અગ્રણી વૈષ્ણવાચાર્ય હતા. એમની વિચારસરણી મુજબ ઈશ્વર અને આત્મા એક જ પદાર્થના બનેલા છે. આત્માને ઈશ્વરે સર્જ્યો એમ કહેવા કરતાં તે તેમાંથી છૂટો પડ્યો એમ રામાનુજ કહે છે. એટલે એના આશીર્વાદ એના સાંનિધ્યમાં બેસવાથી પ્રાપ્ત થાય છે, એનામાં ભળી જવાથી નહીં. ભક્તિ આત્માને મોક્ષ માટે સહાય કરશે અને. ઈશ્વરની હાજરીમાં સનાતન સુખ પ્રાપ્ત થશે એમ રામાનુજ માનતા હતા.

રામાનુજનાં બધાં લખાણો સંસ્કૃતમાં છે એટલા પૂરતી એમની વિચારસરણી એમના કાળ દરમિયાન જનસમૂહ પ્રત્યક્ષ થઈ નહીં; પણ એમના શિષ્યોએ એમના વિચારોને લોકો સુધી પહોંચાડ્યા. 'વેદાંતસંગ્રહ' અને 'ભગવદ્ગીતા' એમના ગ્રંથો છે. શંકરની વિચારધારાનો એમણે આ ગ્રંથોમાં અસ્વીકાર કર્યો છે, અને એથી વિપરીત એવી વિચારધારા 'વિશિષ્ટાદ્વૈત'નું પ્રતિપાદન કર્યું છે.

રામાનુજે માત્ર ઉચ્ચ વર્ણના લોકો જ વેદનું પઠન-પાઠન કરી શકે એ પરંપરાને અનુમોદન આપ્યું, પણ એમણે બીજાઓ માટે પ્રપત્તિ – શરણાગતિનો માર્ગ બતાવ્યો અને ગુરુજ્ઞાનમાં પૂર્ણ શ્રદ્ધા રાખવા સૂચન કર્યું. અસ્પૃશ્યોને ગુલામીમાંથી મુક્ત કરાવવાનો એમણે પ્રયત્ન કર્યો અને વર્ષના અમુક દિવસોએ એમને માટે મંદિરપ્રવેશની છૂટ અપાવી. હોયસળ રાજા વિષ્ણુવર્ધનને એમણે જૈન ધર્મ છોડાવ્યો અને મેલ-કોટમાં એક મઠ સ્થાપ્યો.

આમ, ભક્તિની ગંગોત્રીને વહેવડાવવાનું અપૂર્વ કાર્ય રામાનુજે કર્યું.

ઈશુની પ્રથમ સહસ્રાબ્દીના છેલ્લા ચરણમાં પ્રાદુર્ભાવ પામેલા ભક્તિ-આંદોલને પાયાનાં કેટલાંક લક્ષણોનું બીજારોપણ કરી દીધું હતું. ઈશ્વરજિજ્ઞાસુ કોઈ પણ વ્યક્તિ વય, લિંગ, જ્ઞાતિના ભેદભાવ વિના ભક્તિમાર્ગમાં જોડાઈ શકતી હતી. નમ્મલવાર અને તિરુનવુક્કરસુ બંને વેલ્લાલ હતા. તિરુમંગઈ લૂંટારુ હતા.

આંડાલ સ્રી હતાં, કુલશેખર શાહી કુટુંબના હતા. તિરુપ્પન આલવાર ને નંદનાર બંને અસ્પૃશ્ય હતા. સુંદરમૂર્તિ બ્રાહ્મણ હતા.

ટૂંકમાં ભક્તિમાર્ગે મર્યાદિત ક્ષેત્રની સમાનતા દ્વારા સામાજિક જાગૃતિ અને માતૃભાષા દ્વારા વૈચારિક ક્રાન્તિ લાવવાનો અપૂર્વ દીપ પ્રગટાવ્યો. આથી જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ સામે ટકી રહેવા ભક્તિમાર્ગે હિંદુ ધર્મને સક્ષમ બનાવ્યો, પ્રજાને ભક્તિભાવથી વિભોર બનાવી એનામાં ધાર્મિક ચેતના પ્રગટાવી. ઉપરાંત બીજી સહસ્રાબ્દીના પ્રથમ અને દ્વિતીય ચરણમાં આવનાર આપત્તિઓના એંધાણના ઓળા માટે પાણી પહેલાં પાળ બાંધવાનું કાર્ય રામાનુજ ઇત્યાદિ ભક્તસંતોએ કર્યું.

એકંદરે, ભક્તિ-આંદોલનનાં મુખ્ય લક્ષણો આ રીતે તારવી શકીએ :

(૧) ઈશ્વર વિશેનો એકેશ્વરવાદી વિચાર વધારે પ્રચલિત બન્યો; (૨) વિધિવિધાન, ગ્રંથજ્ઞાનની (કે વાચનની) સાથે ભક્તિની શ્રેષ્ઠતા પ્રસ્થાપિત થઈ; (૩) ઈશ્વરની સાધના અંગે શિષ્યનું માર્ગદર્શન કરવા ગુરુની આવશ્યકતા ઉપર વિશેષ ભાર મુકાયો, જેથી યોગ્ય પદ્ધતિ અને જ્ઞાનમાર્ગ દ્વારા જિજ્ઞાસુ ભક્તિના માધ્યમથી ઈશ્વરને ઓળખી શકે.

આવા ભક્તિ-આંદોલને સંસ્કૃત ધર્મગ્રંથોને લોકભાષામાં રૂપાંતરિત કરવાની અમૂલ્ય સેવા બજાવી. આથી જનસમુદાયમાં ચેતનાશક્તિ જાગ્રત થઈ. વળી, ભક્ત બનવા સારુ જન્મ, જ્ઞાતિ, વય, લિંગ અવરોધ-રૂપ ન ગણાયાં. તરછોડાયેલા અને તિરસ્કૃત લોકોને પવિત્ર કરી શકાય તથા આધ્યાત્મિક જ્ઞાન પીરસી શકાય એવો ખ્યાલ વ્યાપક બનાવાયો.

નિર્વ્યાજ પ્રેમનો માર્ગ એટલે ભક્તિ. પરમ તત્ત્વને શરણે જવું એટલે ભક્તિ. ઈશ્વર સાથેનો સખી-ભાવ એટલે ભક્તિ. ક્રિયાકાંડ, મૂર્તિપૂજા, તપ:સાધના, વિધિવિધાનનો અભાવ ભક્તિમાં છે. માત્ર હાથ, ચિત્ત અને હૃદય દ્વારા જેની ઉપાસના કરી શકાય તે ભક્તિમાર્ગ. આ એક એવો માર્ગ છે, જેમાં કોઈ ભેદભાવ નથી, જેમાં ખાસ કશાં બાહ્ય ઉપકરણોની કોઈ આવશ્યકતા નથી. ભક્તિનાં મહત્ત્વનાં સાધનો છે — ઝંખના અને પ્રાર્થના. ભાષા એનું માધ્યમ છે. આમ પ્રેમ અને સેવાની ભાવનામાંથી ભક્તિની ભાગીરથી વહી.

તેરમી સદીથી ભક્તિ-આંદોલનનું એક નવું પર્વ આરંભાયું. આ અરસાથી મુસ્લિમ સૂફી-સંતોની અસર સમગ્ર ભારતમાં દેખાતી થઈ. અપમાનિત હિંદુ કોમોએ એમના પ્રચારને આવકાર્યો. ધર્માંતરિત થવું એટલે પોતાના હલકા ગણાતા વર્તમાન સામાજિક મોભાને ઊંચો બનાવવો, સમાનતાનો ભાવ અનુભવવો અને આર્થિક નિર્બળતા અમુક અંશે દૂર કરવી. બ્રાહ્મણો આ પડકારને સમજી શક્યા નહીં. એમનું જડત્વ આ પડકારને પહોંચી શકે તેમ ન હતું. આ કામ ભક્તિમાર્ગે કર્યું. સમાનતા દ્વારા સામાજિક ક્રાંતિ, માતૃભાષા દ્વારા વૈચારિક ક્રાંતિ અને ભાષાઓ દ્વારા સાહિત્યિક ક્રાંતિ એ ભક્તિનું ધ્યેય બન્યું.

આમ, ભક્તિની ચેતનાએ સમગ્ર ભારતને આવરી લીધું. લોકોની અંતશ્ચેતનાને ભક્તિસાહિત્યે ઐક્યની ભાવના પ્રેરી. ભક્તિસાહિત્યે પ્રદેશ-ભાષાઓના વિકાસની તકને મોકળાશ કરી આપી. ભક્તિમાર્ગી સંતોએ—પ્રચારકોએ દેશમાં સામાજિક અને ધાર્મિક ક્રાંતિને મજબૂત ભૂમિકા પૂરી પાડી. તેરમીથી સત્તરમી સદીના સમય દરમિયાન ઘણા સંતો થયા. મહત્ત્વના સંતો — આચાર્યોનાં કાર્યોનો અને એમની ફિલસૂફીનો મિતાક્ષરી પરિચય કરી લઈએ.

## રામાનંદ (ઈ. સ. ૧૩૬૦?–૧૪૭૦?)

રામાનંદ ઉત્તર ભારત અને દક્ષિણ ભારતના ભક્તિ ચળવળની સાંકળ સમાન હતા. ભક્તિ-આંદોલનના એ અગ્રણી પુરસ્કર્તા હતા.

એમનો જન્મ પ્રયાગમાં કાન્યકુબ્જ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. એમના જીવનકાળની માહિતી અપ્રાપ્ય હોઈ એમના જન્મ-મૃત્યુ દિનાંક વિશે નિશ્ચિતપણે કહેવું અઘરું છે. પરંતુ તેમના બાર શિષ્યોમાં કબીર એક

હોઈ એમ કહી શકાય કે રામાનંદ ચૌદમી સદીના છેલ્લા ચરણમાં અને પંદરમી સદીના પ્રથમ ચરણમાં વિદ્યમાન હોઈ શકે. એમણે ઔપચારિક શિક્ષણ બનારસમાં લીધું હતું; પણ એમની જ્ઞાનદૃષ્ટિ વિકસી ભારતયાત્રા દરમિયાન. સંસ્કૃતના તેઓ અભ્યાસી હોવા છતાંય હિંદીના પરમ ચાહક હતા. આથી હિંદીના માધ્યમનો પ્રયોગ એમણે ભક્તિપ્રચાર માટે કર્યો.

અદ્વૈત શાખાના વેદાંતી તરીકે એમણે ભક્તિ-પ્રચારનો કાર્યારંભ કર્યો હતો. પણ થોડા સમયમાં તેઓ રામાનુજ સંપ્રદાયના રાઘવાનંદના શિષ્ય થયા. દેશની યાત્રા દ્વારા વિચાર અને દૃષ્ટિની વિશાળતા કેળવી. બનારસના મુસ્લિમ વિદ્વાનોના સંપર્કથી સંકુચિત સિદ્ધાંતોના ત્યાગની દૃષ્ટિ કેળવી. આથી સાંપ્રદાયિકતા અને વિધિવિધાનનો એમણે સખત વિરોધ કર્યો.

વૈષ્ણવાચાર્યોમાં ભક્તિના વિચારકોમાં રામાનંદ મુખી ગણાય છે. ઈશ્વરજ્ઞાન સંબંધી માન્યતામાં એમણે વિષ્ણુને સ્થાને રામની પૂજાનો આગ્રહ રાખ્યો. તેઓ રામના પરમ ભક્ત હતા. આમ ભક્તિ-આંદોલનમાં રામભક્તિના તેઓ પ્રવર્તક હતા. એમના શિષ્યો 'અવધૂત' તરીકે ઓળખાતા હતા; કારણ તેઓ પોતાની જાતને બધા સામાજિક-ધાર્મિક રિવાજોથી પર ગણતા હતા. કોઈ પણ જાતના ભેદભાવ વિના ભક્તિનો ઉપદેશ એમણે ચારેય વર્ણના લોકોને આપ્યો. પોતાના પંથમાં લિંગ-વય-જાતિના ભેદ વિના રામાનંદે બધા લોકોને પ્રવેશ આપ્યો. મુસ્લિમો પણ એમના શિષ્યપરિવારમાં હતા.

છતાં, રામાનંદે પરંપરાને સંપૂર્ણ તિલાંજલિ આપી ન હતી. ભક્તિજ્ઞાનની વાત કરી અને ભેદભાવ ન રાખ્યા, તોય 'આનંદભાષ્ય'માં શૂદ્રો સંબંધી પ્રકરણમાં રામાનંદે વેદપઠનનો હક શૂદ્રોને નથી એમ લખ્યું છે. સામાજિક રિવાજોમાં પણ હિંદુઓને મુસલમાનોથી અને બ્રાહ્મણોને શૂદ્રોથી ચડિયાતા ગણ્યા છે. દક્ષિણના આચાર્યોની જેમ રામાનંદને સંપૂર્ણ સામાજિક સમાનતા અભિપ્રેત ન હતી. ખોરાક વિશે પણ પૂરી છૂટછાટના તેઓ હિમાયતી ન હતા.

રામાનંદને બાર શિષ્યો હતા : કબીર (વણકર), રૈદાસ (મોચી), ધરણ (જાટ), સેના(વાળંદ), પીપા(રજપૂત), અનંતાનંદ, સુખા(નંદ), સુરાસુર (સુરાનંદ), સુરાસુરની પત્ની પદ્માવતી, નરહરિ : આ સૌએ લોકોની ભાષામાં પ્રેમનો ભક્તિ-સંદેશ લોકો સુધી પહોંચાડયો એ એમનું મુખ્ય પ્રદાન. હલકી વર્ણને ધર્મપૂજાનો અધિકાર આપ્યો એ એમનું બીજું પ્રદાન. હિંદીને રાષ્ટ્રભાષા તરીકે મહત્ત્વ આપ્યું એ એમનું ત્રીજું પ્રદાન. ધર્મ પૂરતી જ્ઞાતિપ્રથાની નાબૂદી એ એમનું ચોથું પ્રદાન.

રામાનંદના ઉપદેશમાંથી બે શાખાઓ ઉદ્ભવી : રૂઢિચુસ્ત (પરંપરિત) અને ક્રાંતિકારી (ઉદારમતવાદી).

જેમણે પરંપરાકથિત વચનો સ્વીકાર્યાં અને વેદની પ્રમાણભૂતતા સ્વીકારી તેઓ રૂઢિચુસ્ત વર્ગના કહેવાયા. તુલસીદાસ આ શાખાના અગ્રણી રહ્યા. ઉપરાંત 'ભક્તમાલા'ના લેખક નાભાદાસ, કૃષ્ણભક્તિના ગાયક નિમ્બાર્ક, વલ્લભાચાર્ય અને ચૈતન્યનો આ શાખામાં સમાવેશ થાય છે.

હિંદુ-મુસ્લિમ ઉભયને સમાવી શકે એવી સ્વતંત્ર પદ્ધતિના અનુયાયીઓ ક્રાન્તિકારી શાખાના ગણાયા. કબીર આ વર્ગના મુખી હતા. આ મતના આગ્રહીઓ સંપૂર્ણ એકેશ્વરવાદી હતા. વેદોની શ્રદ્ધેયતા વિશે એમણે શંકા ઉપજાવી. ધાર્મિક ગ્રંથો અમાન્ય ગણ્યા. જ્ઞાતિપ્રથાની સંપૂર્ણ નાબૂદીની હિમાયત કરી.

## કબીર (ઈ. સ. ૧૪૪૦ – ૧૫૧૮)

કબીર હિંદુ-મુસ્લિમ એકતાના પ્રખર હિમાયતી હતા. સંસારી હોવા છતાં સ્વભાવે અને કર્મે સંન્યાસી હતા. બ્રાહ્મણ વિધવાના આ અનાથ પુત્રનાં પાલક માતાપિતા હતાં બનારસના વણકર કુટુંબનાં નીરુ અને નીમા. પાલક વણકર કુટુંબ ગરીબ હોઈ કબીરને ઔપચારિક શિક્ષણ પ્રાપ્ત ન થયું અને નાનપણથી જ વણકરીનો વ્યવસાય અપનાવી લેવો પડયો. કબીરના જન્મ, જીવન અને મૃત્યુ વિશે વિગતો પ્રાપ્ય નથી; છતાં હિંદુ- (પરંપરા), મુસ્લિમ (સંતચરિત્રો) અને શીખ (આદિગ્રંથ) સાહિત્યમાં એમના વિશે ઓછાવત્તા નિર્દેશો પ્રાપ્ત છે.

કબીરે ગુરુની શોધ માટે પરિભ્રમણ કરેલું. છેવટે રામાનંદને એમણે ગુરુ બનાવ્યા અને કાશીમાં એ પ્રબુદ્ધ બન્યા. આથી કબીર માને છે કે સાચા ગુરુ વિના જ્ઞાન મળતું નથી. કબીરના મતે સાચો ગુરુ એ છે કે જે આકાર વિનાની આકૃતિ દોરે છે અને એને પામવાની સરળ પદ્ધતિઓ શીખવે છે.

રામભક્તિના પ્રચારક, પ્રેમભક્તિના ગાયક ભક્તકવિ, હિંદુ-મુસ્લિમ એકતાના ઉદ્‌ગાતા, રાષ્ટ્રીય અસ્મિતાના પુરસ્કર્તા અને રામાનંદના ઉદારમતવાદી શિષ્ય કબીરે હિંદુ અને મુસ્લિમ બંને ધર્મોના સિદ્ધાંતોને સમજવાનો પુરુષાર્થ કર્યો હતો; છતાં એમણે પોતાની કોઈ ફિલસૂફી (ધર્મસંદેશ) ન આપી કે ન કોઈ ધર્મસંપ્રદાય બાંધ્યો. એમણે તો કેવળ ભક્તિના વિચારને લોકપ્રિય બનાવ્યો અને ઈશ્વરની પ્રેમલક્ષણા ભક્તિ પ્રબોધી. આથી કોઈ પણ ધર્મના અનુયાયીને જે પ્રેમલક્ષણા ભક્તિનો સ્વીકાર કરે છે તે સૌને કબીરે આવકાર્યા. આમ એમણે એક એવું જૂથ રચ્યું જેમાં બધા ધર્મો અને બધી જ્ઞાતિના પ્રતિનિધિઓને પ્રવેશ મળે.

બીજી બાજુ, કબીરે હિંદુ ઓના કર્મકાંડ, યજ્ઞ, મંત્રતંત્ર, જપ, ઉપવાસ, મૂર્તિપૂજા, અનેકેશ્વરવાદ, જ્ઞાતિ-ભેદભાવ, અસ્પૃશ્યતા વગેરે બધા રિવાજોને વખોડયા; તો કુરાન, મક્કાની યાત્રા, પયગંબરમાં અંધ વિશ્વાસ, નમાજ, વ્યક્તિપૂજા જેવી મુસ્લિમ રીતિનીતિઓને પણ વખોડી. એમણે બંનેને પ્રાણીહિંસા છોડી દેવાનો બોધ આપ્યો અને પ્રાણીઓને સન્માનવા કહ્યું; જન્મ કે પદનું ગૌરવ ત્યજવા જણાવ્યું અને સંન્યસ્ત પ્રથાનો અસ્વીકાર કરવા સૂચવ્યું.

ઈશ્વરની વિભાવનામાં કબીર અદ્વૈતવાદને અનુસરે છે. એમને મન રામ અને રહીમ, મહાદેવ અને મોહમ્મદ, હરિ અને હજરત, કૃષ્ણ અને કરીમ, નમાજ અને પ્રાર્થના, કરમ અને કલિમા બધું એક છે. વેદો, પુરાણો, કુરાન એ તો વર્ણનની ભિન્ન ભિન્ન પદ્ધતિઓ છે. આથી ધર્મગ્રંથોની ઉપાસનામાં કબીરને અશ્રદ્ધા છે. તેઓ કાજી અને પંડિતની પણ અવગણના કરે છે. મૂર્તિપૂજા અને ક્રિયાકાંડનો વિરોધ કરે છે. એમની દૃષ્ટિએ વિધિવિધાનોના અનુકરણથી મોક્ષ મળતો નથી. આથી ધર્મચિહ્‌નોના સ્વીકારની મના કરે છે. "માળાના મણકા એ લાકડું છે, ઈશ્વર એ પથ્થર છે અને ગંગાજમના પાણી છે. પથ્થરને પૂજવાથી જો ઈશ્વર દેખાય તો હું પર્વતને પૂજું" એવું કહેનાર કબીર કહે છે કે હૃદય એ શ્રદ્ધાનું રહેઠાણ છે. આથી એમણે ધાર્મિક વિતંડાવાદ અને ઢોંગનો વિરોધ કર્યો છે. બાહ્યોપચારને તેઓ ધ્યાન કેન્દ્રિત કરવાના સાધન તરીકે સ્વીકારે છે. જ્યારે કોઈ પણ સાધનની સહાય વિના સાધના શક્ય બને છે ત્યારે બાહ્યોપચારની મહત્તા ઘટે છે અને ત્યારે ઈશ્વરનો નાદ પોતાના હૃદયમાં સંભળાય છે.

કબીરને મતે ઈશ્વર નથી મંદિરમાં કે નથી મસ્જિદમાં, નથી કાબા(મક્કા)માં કે કાશીમાં, નથી વિધિમાં કે પાઠપૂજામાં; તે તો છે તમારી (ભક્તની) નજીક (હૃદયમાં). આથી જ કબીર જાતઅનુભવની શ્રદ્ધા ઉપર રચાયેલા ધર્મનો ઉપદેશ આપે છે. ધાર્મિક આદેશ કે સત્તાના વળગાડથી દૂર રહેવાનું સૂચવે છે. એમનું સ્વપ્ન હતું અસત્ય, અવ્યવસ્થા, અસમાનતા, અશિસ્ત અને અસ્વચ્છતાના ખ્યાલોને નિર્મૂળ કરવાનું.

કબીર નથી આશાવાદી, નથી નિરાશાવાદી. નીતિ માટે ઝઝૂમવું તેમને ગમે છે, સદાચારનો ઝંડો ફરકાવવો તેમને પ્રિય છે. તેમને મન ભક્તિ વિનાનો ધર્મ એ ધર્મ જ નથી; અને ભજન વિનાનાં વૈરાગ્ય, ઉપવાસ અને દાન નિરર્થક છે. આમ, કબીર ભક્તિ અને ભજનનો મહિમા ગાય છે. એટલે જ એમને મન મક્કા એ કાશી બન્યું અને રામ રહીમ બન્યા. કબીરના મતે મોક્ષ પ્રાપ્ત થાય છે ભક્તિથી, જ્ઞાન કે કર્મથી નહીં. બધી વસ્તુઓના સર્જક અને સંરક્ષક ઈશ્વર છે. માનવી પણ ઈશ્વરનું સર્જન હોઈ એણે એની ભક્તિ કરવી જોઈએ. આત્માને પરમાત્માથી જે તત્ત્વ છૂટું પાડે છે તે કબીરના મતે પાપ છે. આથી જ ઈશ્વર એક છે એ કબીરનો પ્રધાન સિદ્ધાંત રહ્યો છે.

કબીરનાં ભજનોની સંખ્યા વિપુલ છે. એમની રચનાઓ બધી કંઠોપકંઠ ચાલી આવી છે. ભાગોદાસે સંપાદિત કરેલા 'બીજક' અને શ્રુત ગોપાલદાસે સંપાદિત કરેલા 'સુખનિદાન'માં કબીરની રચનાઓ સંગૃહીત છે. કબીર આમજનતાના કવિ હતા. કબીરનાં લખાણોમાં સૂફી-સંત કવિઓની અસર જણાય છે.

સમયબળે મુસ્લિમો કરતાં કબીર હિંદુઓના સંત તરીકે વિશેષ ખ્યાતિ પામ્યા. જોકે આજે હિંદુ અને મુસ્લિમ બંને કોમોમાં એમના અનુયાયીઓ છે.

## ગુરુ નાનક (ઈ.સ. ૧૪૬૯–૧૫૩૮)

શીખ સંપ્રદાયના સ્થાપક, કબીરના સમકાલીન, પયગંબરના પ્રેમી અને હિંદુ-મુસ્લિમ એકતાના ભક્ત ગુરુ નાનકનો જન્મ પંજાબના એક ખતરી કુટુંબમાં થયો હતો. સત્તરની વય સુધીમાં હિંદી, સંસ્કૃત અને ફારસી ભાષાઓનો અભ્યાસ કર્યો. અઢારમા વર્ષે પરણ્યા. બે પુત્રો – શ્રીચંદ્ર અને લક્ષ્મીદાસના પિતા બન્યા. ત્રીસની વયે ગૃહત્યાગ કર્યો. ફકીર થયા. મુસ્લિમ ગવૈયાનો સાથ લઈ સાધુ અને વિદ્વાનની શોધમાં ભમ્યા. ભારત, સિલોન, ઈરાન અને અરબસ્તાનનાં પવિત્ર સ્થળોની યાત્રા કરી આવ્યા.

ગુરુ નાનકે કબીરના ધર્મસંદેશને ઝીલ્યો અને શીખ સંપ્રદાયમાં સમાવી દીધો. આમ, કબીર નાનકના આધ્યાત્મિક ગુરુ હતા. કબીરની જેમ નાનક પણ વ્યવહારુ અગમ્યવાદી હતા; તથા હિંદુ-મુસ્લિમ એકતાના આગ્રહી હતા. નાનક ઉપર ઇસ્લામી લખાણોની વિશેષ અસર રહી છે. 'આદિગ્રંથ'માં નાનકનાં ઉપદેશ-વચનો સંગૃહીત છે. શીખ સંપ્રદાયનો આ ધર્મગ્રંથ છે. આ ગ્રંથનું સંપાદન ગુરુ અર્જુને કર્યું હતું. નાનકના અવસાન પછી પચાસ વર્ષે 'જનમશાખી'માં નાનકની સૂફી સંતો સાથેની મુલાકાતનો સાર સચવાયો છે.

હિંદુ ધર્મ અને ઇસ્લામ નાનકને મન ઈશ્વરપ્રાપ્તિના બે માર્ગો છે; જ્યારે મૂર્તિપૂજા, જ્ઞાતિપ્રથા વગેરે એનાં અવરોધક બળો છે. ઈશ્વરેચ્છા અને ઈશ્વરની કૃપાદૃષ્ટિ વિશેની નાનકની લાગણી ઇસ્લામી ઋણનું સૂચન કરે છે; પરંતુ એમના વિચારોનો અંતરંગ હિંદુ છે. નાનકના મતે નિરાકાર ઈશ્વર દરેકના હૃદયમાં વસે છે. પ્રામાણિક રીતે મજૂરી કરી જે સંસારી જીવે છે તે ઢોંગી સાધુ કરતાં વધારે શ્રેષ્ઠ છે એમ નાનકનું માનવું છે. 'સમાજના ઘા રુઝાવો અને ધર્મના સંઘર્ષ મિટાવો' એ નાનકનો ધ્રુપ-ઉપદેશ ગણાય છે. નાનકનો ઝોક એવો છે કે પરસ્પરને ચાહવું એ માનવીઓ માટેનો જીવનકાનૂન બને અને પ્રેમાળ ભક્તિ દ્વારા ઈશ્વરને પ્રાપ્ત કરવો રહે.

એમના અનુયાયીઓ કાળબળે એક સાંપ્રદાયિક જૂથ(શીખ)ના સભ્યો તરીકે ઓળખાયા; પરંતુ નાનકનાં વચનો હિંદુ-મુસ્લિમ ઐક્યનાં દ્યોતક છે.

## તુલસીદાસ (ઈ. સ. ૧૫૨૭–૧૬૨૩)

'રામચરિતમાનસ' જેવી અતિ લોકપ્રિય અને ચિરંજીવ કૃતિના સર્જક તુલસીદાસ 'ઇસ સંસારમેં ભાત ભાતકે લોગ'ના અજોડ સમન્વયકાર હતા. એમનો પ્રસ્તુત ગ્રંથ એ માત્ર રામાયણનું કેવળ હિંદી અવતરણ નથી; પણ ગીતા, ભાગવત-પુરાણ અને રામાયણના શ્રેષ્ઠ નીતિ-ઉપદેશોને આલેખતો અદ્‌ભુત ગ્રંથ છે. ઈ. સ. ૧૫૭૪ના માર્ચની ૩૦મીએ 'રામચરિતમાનસ'નો આરંભ થયો ત્યારથી આજ સુધી સમગ્ર ભારતમાં અને ખાસ કરીને ઉત્તર પ્રદેશના ગામેગામ એનું પઠનપાઠન નિરંતર થતું રહ્યું છે એ જ એની સનાતનતાનો દ્યોતક પુરાવો છે. આધ્યાત્મિક મહત્ત્વ તરીકે જો વાલ્મીકિ રામાયણ મહાન છે, તો ભાવાવેગની દૃષ્ટિએ તુલસી-રામાયણ હૃદયવેધી છે.

તુલસીદાસ રામભક્તિની રૂઢિચુસ્ત શાખાના અગ્રણી પ્રતિનિધિ ગણાય છે. એમના ઉપર રામાનંદના ઉપદેશોની ઘણી પ્રબળ અસર છે. રામાનંદના વૈષ્ણવી ઉપદેશને ઘેર ઘેર ગુંજતો કરવાનો યશ તુલસીદાસને ફાળે જાય છે.

અગાઉ જણાવ્યું તેમ રામાનંદનો ભક્ત સમુદાય પાછળથી બે શાખાઓમાં વિભાજિત થયો : રૂઢિચુસ્તો રામને ઈશ્વર તરીકે ભજે છે, તો ઉદારમતવાદીઓ ઈશ્વરને રામ તરીકે પ્રાર્થે છે. તુલસીદાસ પહેલા જૂથના નેતા હતા. અબદુલ રહીમ ખાન-ઈ-ખાનનો તુલસીદાસે આશ્રય પ્રાપ્ત કર્યો હતો.

અકબરના સમકાલીન તુલસીદાસે ભક્તિના ધર્મને સાહિત્યિક ઓપ આપ્યો. એમની કવિતાઓ રામભક્તિને કોટિકોટિ ભારતવાસીઓના હૃદયમાં સ્થાપિત કરી. રામાનુજી શાખાના ધુરંધરોએ રામસંકીર્તન દ્વારા લોકોનું નૈતિક બળ ઉન્નત કર્યું.

ઈશ્વરની ભક્તિમાં જ્ઞાતિપ્રથા અવરોધરૂપ બનવી જોઈએ નહીં એવું તુલસી માનતા હતા અને આચરતા હતા. રામનો નામજપ કરવાથી કોઈ પણ કોમ – વ્યક્તિ પવિત્ર બની શકે છે. પશ્ચાત્તાપ અને ભક્તિથી પાપી પણ સાધુ બની શકે છે.

તુલસીદાસે એમના સમયને 'કાલયોગ' (અંધારો યુગ) કહ્યો છે, જે ધર્મને ગળી ગયો, જેમાં ધર્મગ્રંથોનો નાશ થયો, જેમાં બ્રાહ્મણો વેદોને વેચે છે; શાસકોને નીતિ જેવું કશું નથી. ખેડૂતો, મજૂરો, વેપારીઓ, ભિખારીઓ બધા પેટ ભરવા ઉત્સુક છે. તેમનું સારું કે નરસું પ્રત્યેક કાર્ય સ્વાર્થપરાયણ – લોભી છે. માટે પાપમાંથી છૂટવું હોય તો રામને ભજો. ભૂખની જ્વાળા અગ્નિ કરતાં વિશેષ પ્રજ્વલિત છે, જે માત્ર રામનામથી બુઝાવી શકાય છે. તુલસીનો આ ઉપદેશ છે.

બંગાળમાં મુસ્લિમોનું આગમન થતાં અને શાસન સ્થપાતાં બંગાળી ભાષાના વિકાસને તક પ્રાપ્ત થઈ; સાહિત્યની ભાષા તરીકેનું સ્થાન મેળવવાના સંજોગો ઊભા થયા.

મુસ્લિમ શાસન નીચે રામાયણ-મહાભારતના બંગાળી અનુવાદો થયા. ફારસી ગ્રંથો પણ બંગાળીમાં અનૂદિત થવા લાગ્યા. આ પ્રયત્નોથી હિંદુમુસ્લિમ સંબંધો મૈત્રીપૂર્ણ થવા લાગ્યા. પણ સાથે સાથે મુસ્લિમોની વટાળપ્રવૃત્તિને કારણે મૈત્રી-પ્રયાસને ઝાઝી સફળતા ન મળી.

બૌદ્ધ ધર્મનું વિલોપન થઈ ગયું હતું. બ્રાહ્મણ ધર્મ વિશેષ જડસુ બનવા લાગ્યો હતો. ક્રિયાકાંડની વિધિઓ વધારે જટિલ બની હતી. પરિણામે ક્રાન્તિ માટેની ભૂમિકા તૈયાર થઈ હતી.

## ચૈતન્ય (ઈ. સ. ૧૪૮૫–૧૫૩૪)

ઉપર્યુક્ત વિવરણથી સ્પષ્ટ થાય છે કે ભક્ત-સંત-નાયકના ઉદ્ભવનું વાતાવરણ તૈયાર થઈ રહ્યું હતું. માત્ર 'સંભવામિ યુગે યુગે'ની જરૂર હતી. ચૈતન્યે યુગપ્રવર્તક બનીને ભક્તિની ચેતના રેલાવી – કબીર વગેરે સંતોથી ભિન્ન રીતે.

વૈષ્ણવ ભક્તિપ્રવાહના ગાયક ચૈતન્યનો જન્મ ૧૪૮૫માં નાદિયા(બંગાળ)માં બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. અઢારની વયે એમનું લગ્ન થયું. વીસની વયે અધ્યયન કાર્ય આરંભ્યું. કોઈ અલૌકિક તત્ત્વને કારણે જેમ ઘણા હિંદુ સંસારીઓએ સંન્યસ્ત અપનાવ્યું હતું તેમ ચૈતન્યે પણ કર્યું. પચીસની વયે એમણે ગૃહત્યાગ કર્યો. કૃષ્ણનું એમને ઘેલું લાગ્યું. કૃષ્ણની પ્રેમની ભક્તિનાં ગીત ગાતાં ગાતાં ચૈતન્યે દેશનું પરિભ્રમણ કર્યું. યાત્રા દરમિયાન સાધુફકીરોનો સંપર્ક થયો.

બ્રાહ્મણોની ક્રિયાકાંડની પદ્ધતિને ચૈતન્યે વખોડી. એમના મતે ઈશ્વરોપાસના માટે પ્રેમભક્તિ બસ છે; નૃત્ય-ગાન બસ છે. બધા માણસો આ કરી શકે. તેમાં જાતિભેદ કે જ્ઞાતિભેદનો અવરોધ નથી. કબીરની જેમ ચૈતન્યે જ્ઞાતિપ્રથાનો વિરોધ ન કર્યો; અને છતાં બધી જ્ઞાતિના લોકોને આવકાર્યા. વિધિપૂર્વક વટલાયેલા હિંદુઓને તેમણે પુનઃ હિંદુત્વ બક્ષ્યું. તો વળી, ચૈતન્યનો શિષ્ય હરિદાસ મુસ્લિમમાંથી હિંદુ થયો હતો. ચૈતન્યે બીજલીખાનને પણ વૈષ્ણવ બનાવ્યો હતો. આમ, મુસલમાનો પણ ચૈતન્યના શિષ્ય બન્યા. વ્યાકરણ અને તર્કના અભ્યાસી ચૈતન્યે વ્યવહારુ દૃષ્ટિએ ભક્તિની ગંગા વહેવડાવી હતી.

જ્ઞાતિપ્રથાનું આધુનિકીકરણ, કૌટુંબિક જીવનનું શુદ્ધીકરણ, સ્ત્રીઓની સ્થિતિનું ઊર્ધ્વીકરણ, માનવતાવાદનો પ્રચાર, સહિષ્ણુતાનો પ્રચાર, ઇસ્લામ સાથે આંશિક સુમેળ, વિધિઓ ક્રિયાઓને ગૌણ સ્થાન, ક્રિયાકાંડ-યાત્રા-ઉપવાસ–વ્રતને ઓછું મહત્ત્વ, પ્રેમ અને શ્રદ્ધાનો સ્વીકાર તથા રાષ્ટ્રના ઉત્થાનનો પ્રયાસ, પશ્ચિમ ભારતમાં — ખાસ કરીને વર્તમાન મહારાષ્ટ્રમાં — અનેક સંતોએ કર્યો.

મુસ્લિમ શાસન દરમિયાન દક્ષિણનાં આદિલશાહી (બિજાપુર) અને કુતુબશાહી (ગોવલકોંડા) રાજ્યોમાં મરાઠી ભાષા રાજભાષા તરીકે અપનાવાઈ. મહેસૂલી અધિકારી અને લશ્કરી સેનાપતિ તરીકે મરાઠાઓની ભરતી વિશેષ થઈ હતી. કુતુબશાહ પોતે ઉદાર હતો. કવિ હોઈ ભાષાના વિકાસ માટે જાગ્રત હતો. ફારસી-હિંદીના મિશ્રણવાળી દખણી ભાષામાં એનાં લખાણો છે. આમ પ્રજા અને ભાષાના આંતરકાર્યને કારણે મહારાષ્ટ્રમાં પણ સાંસ્કૃતિક વિનિમયનું લક્ષણ ઊપસ્યું. બંગાળની જેમ અહીં પણ મરાઠી સંતો અને ગાયકોએ હિંદુ-મુસ્લિમ ધર્મોના સંયોજનની અસર પ્રવર્તાવી. આમાં મુખ્ય રહ્યા : જ્ઞાનેશ્વર, નામદેવ અને તુકારામ.

## મહારાષ્ટ્રી સંતો

મહારાષ્ટ્રમાં ભક્તિ-આંદોલનનો ઇતિહાસ જ્ઞાનેશ્વરથી આરંભ થાય છે. તો મહારાષ્ટ્રમાં ભક્તિની પ્રવૃત્તિ વિઠોબા આસપાસ કેન્દ્રિત થઈ છે. ભીમા નદીના કિનારે પંઢરપુરમાં વિઠોબાનું સ્થાનક છે અર્થાત્ આ એક જ પ્રતિમા અને એક જ મંદિરની આસપાસ મહારાષ્ટ્રની ભક્તિ સંકળાયેલી છે; છતાં એનું લક્ષણ મૂર્તિપૂજકતા નથી. જ્ઞાનેશ્વરે ભગવદ્‌ગીતાની મરાઠી ટીકા ૧૨૯૦માં પૂરી કરી. મહારાષ્ટ્રની ભાષા અને વિચાર ઉપર જ્ઞાનેશ્વરનાં લખાણોની ગાઢી અસર થઈ હતી.

મહારાષ્ટ્રને પુરોહિત પરંપરામાંથી છોડાવી લોકોની શ્રદ્ધામાં પરિવર્તન લાવનાર અને પ્રજાને સંકુચિત મનોદશામાંથી બહાર ખેંચી સ્વતંત્રતા અને પ્રેમની લાગણીનો અભિગમ આપાવનાર જે કોઈ સંત હોય તો તે નામદેવ. એમનું વિભિન્ન દર્શનગ્રાહિત્વ કબીરના જેવું. નામદેવે પણ ઉભય ધર્મોની વિધિઓને અવગણી ભક્તિની ગંગા વહેવડાવી. કબીર આદિ સંતોની જેમ જ્ઞાતિપ્રથા અને મૂર્તિપૂજાને તરછોડી. મહારાષ્ટ્રના બધા સંતો નામદેવને ગુરુ ગણે છે.

એમના અનુયાયીઓમાં થોડા મુસલમાન, થોડી સ્ત્રીઓ, અડધા જેટલા બ્રાહ્મણો અને શેષ કણબી, દરજી, માળી, કુંભાર, સોની, વેશ્યા, ગુલામ છોકરીઓ અને અસ્પૃશ્ય મહારનો પણ સમાવેશ થાય છે.

જ્ઞાનેશ્વરની જેમ નામદેવના ઇષ્ટદેવ વિઠોબા છે. વિઠોબાના ભક્તપરિવારનો ત્રીજો મહાસંત તુકારામ. લોકાદર પામેલા એવા આ સંતનો જન્મ ૧૬૦૮માં પૂણે નજીક થયો હતો. કૌટુંબિક વ્યવસાય વેપારનો હોઈ તુકારામે તે સ્વીકાર્યો; પણ સ્વભાવે ઉદાર અને દિલનો દાની હોઈ ગરીબોને મદદ કરતો. એક તબક્કે અનુભવેલા દુકળસર્જિત પરિણામથી અકળાઈને વેપાર ત્યજી ભક્તિનો પંથ સ્વીકાર્યો. સેવા અને દયાથી એની ખ્યાતિ વધી. શિવાજીના સમકાલીન આ ભક્તે લોકોને સમાનતાના પાઠ શીખવ્યા. મરાઠી પ્રજાને સંગઠિત કરવામાં તુકારામનો મહત્ત્વનો ફાળો છે. એમના ભક્તિપ્રચારની મહારાષ્ટ્ર ઉપર વ્યાપક અસર નોંધાઈ છે.

'અભંગ' એના ઉપદેશનો લોકપ્રિય સંગ્રહ છે. ધર્મના પ્રત્યેક પ્રશ્નને તેણે સ્પર્શ્યો છે : ઈશ્વરનું લક્ષણ, ઈશ્વર અને માનવીનો સંબંધ, એની કૃપા, માનવીનું પ્રારબ્ધ, સાક્ષાત્કારની પદ્ધતિ, સદ્‌ગુણોનું ધોરણ, સાધુત્વનાં લક્ષણો, ઉપદેશકારની જરૂર, સામાજિક સમાનતા વગેરે. એનો ઉપદેશ છે : ઉજવણી કરવી નહીં. બલિની આહુતિ બંધ કરવી, ધર્મસ્થળોની મુલાકાતે જવું નહીં. પથ્થરને પૂજવો નહીં, સાધુતાનો અંચળો ઓઢવો નહીં, ઉપવાસ કરવા નહીં, ભક્તિનો માર્ગ સ્વીકારવો.

## દક્ષિણ ભારત

દક્ષિણ ભારતના મહાન ભક્ત માધવ તેરમી સદીમાં થઈ ગયા. જીવનના આરંભમાં એમણે સંન્યસ્ત ગ્રહણ કર્યું હતું. દક્ષિણના હોવા છતાં ઉત્તર ભારતની યાત્રા કરી હતી અને ઈરાનના મુસ્લિમ ભક્તોને સંબોધ્યા હતા. કૃષ્ણભક્તિના ગાયક માધવે એક જ શ્રેષ્ઠ દેવની ભક્તિની હિમાયત કરી, જેને હરિ, વિષ્ણુ કે નારાયણથી ઓળખાવી શકાય.

મોક્ષ માટે માધવ કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગના માર્ગ સૂચવે છે. મનને શુદ્ધ કરવા ઉપર માધવ વિશેષ ભાર મૂકે છે અને આ માટે આઠ માર્ગો દર્શાવે છે: સત્ય બોલવું, અહિંસા આચરવી, અપરિગ્રહ રાખવો; શુદ્ધિ જાળવવી, સંતોષી બનવું, અભ્યાસી રહેવું, ઉપવાસ કરવો, આત્મસંયમી બનવું, પરિશ્રમ કરવો અને ઈશ્વરભક્તિ. આ પ્રકારનું આચરણ ડહાપણ તરફ લઈ જાય છે; કેવળ પુસ્તકપઠનથી આ શક્ય નથી.

માધવને મન ઈશ્વર સર્વથી પર છે, તેને કોઈની સાથે સરખાવી ન શકાય. જગતનાં બંધનોમાંથી ઈશ્વરની અમીદૃષ્ટિ આપણને છોડાવે છે. કેવળ જ્ઞાનથી એને મેળવી શકાય નહીં, તે સાથે પુરુષાર્થ (કર્મ) જરૂરી છે અને ભક્તિ પણ જરૂરી છે. ભક્તિ એટલે ઈશ્વર પ્રત્યેની અપાર મમતા. પણ ગુરુ વિના ભક્તિ શક્ય નથી, માટે ગુરુ પાસેથી જ્ઞાન મેળવી ઈશ્વરને પામી શકાય છે.

બારમી સદીમાં શૈવ સંપ્રદાયની એક શાખા – લિંગાયતનો દક્ષિણમાં ઉદ્‌ભવ થયો. આ શાખાના સ્થાપકના સંદર્ભમાં બે પ્રવાહો છે: એક મત મુજબ, બસવ એના સ્થાપક ગણાય છે. બીજા મત મુજબ અબલૂરના એકાંતદ શમય્યા એના સ્થાપક. બસવ એના સ્થાપક હોય કે ન હોય પણ તેઓ લિંગાયત પંથના શક્તિશાળી પ્રચારક અને આશ્રયદાતા હતા.

બસવ કલ્યાણીના કલચુરિ રાજા બિજ્જલ(ઈ. સ. ૧૧૫૬–૧૧૬૭)ના પ્રધાન હતા. બિજ્જલના દરબારમ જૈન અને બ્રાહ્મણ અસર પ્રગાઢ હતી અને બસવ આ બંનેની વિચારસરણીના વિરોધી. આથી રાજા અને પ્રધાન વચ્ચે વિચારભેદ ઉદ્‌ભવ્યો.

લિંગાયતના અનુયાયીઓ એક ઈશ્વરના પૂજકો છે. આ પંથમાં ગુરુનો મહિમા છે. 'નમ: શિવાય' એમનો મંત્ર છે. આ પંથનો આદેશ છે: ઈશ્વર એક છે. ઈશ્વર સનાતન છે. પ્રાયશ્ચિત્તમાં શ્રદ્ધા ન રાખો. બલિની આહુતિ અને યજ્ઞ ન કરો. જ્ઞાતિપ્રથામાં ન માનો. ફળની ઇચ્છા વિના કાર્ય કરો. ઈશ્વરને શરણે જાઓ. પૂર્ણ મોક્ષની સ્થિતિની ઝંખના કરો.

આ પંથ સમાજસુધારા વિશે જાગ્રત હતો. તેણે લગ્નની સ્વતંત્રતા સ્વીકારી અને કન્યાની પૂર્વસંમતિ જરૂરી માની. બાળલગ્નોની પ્રથાનો અસ્વીકાર અને છૂટાછેડાનો સ્વીકાર કર્યો. વિધવાવિવાહની છૂટ આપી, વિધવાને સન્માની. મરણોત્તર ક્રિયાનો પ્રતિબંધ, પુનર્જન્મની માન્યતાનો વિરોધ, લગધારી અનુયાયીઓનું સમૂહભોજન (જ્ઞાતિના બાધ વિના), આંતરલગ્નો અને સમૂહમાં એકતાપૂર્ણ જીવનનો આગ્રહ સેવ્યો.

લિંગાયતો પરમ ધાર્મિક, વીરયોદ્ધા જેવા (તેથી 'વીરશૈવ' પણ કહેવાયા) અને સદાચારી. કન્નડ અને તેલુગુ ભાષા બોલતા વિસ્તારોમાં આ પંથની વિશેષ અસર છે. (૩૫ ટકા લિંગાયતો બેલગામ, બિજાપુર અને ધારવાડ જિલ્લાઓમાં વસે છે. ૧૦ ટકા વસ્તી મૈસૂર અને કોલ્હાપુર રાજ્યોમાં વસે છે.)

બસવ પછી એમના ભત્રીજા છન્ન બસવે આ પંથનો પ્રચાર કર્યો.

## દાદુ દયાલ (૧૫૩૩ – ૧૬૦૩)

અકબરના સમકાલીન ભક્ત દાદુ (દયાલ) સોળમી સદીમાં (ઈ.સ. ૧૫૪૪–૧૬૦૩) વિદ્યમાન હતા. પીંજારાનો આ પુત્ર એક મતે ગુજરાતી છે તો બીજા મતે રાજસ્થાની. સંભવત: એનો જન્મ અમદાવાદમાં થયો અને સાડત્રીસ વર્ષે તે રાજસ્થાન (મારવાડ વિસ્તારના નાયરાના) ગયો. દાદુએ મોટા ભાગની જિંદગી રજપૂતાનામાં વિતાવી. અજમેર, દિલ્હી, અંબર અને અન્ય સ્થળોની એમણે મુલાકાત લીધી હતી. ૧૬૦૩માં નાયરાનામાં અક્ષરધામ પામ્યા, જ્યાં તે દિવસની યાદમાં વાર્ષિક મેળો ભરાય છે.

કબીર પંથના અગ્રણી દાદુ હિંદુ-મુસ્લિમ એકતાના હિમાયતી હતા. કબીરની જેમ દાદુએ હિંદુ-મુસ્લિમ ધર્મગ્રંથોની શ્રદ્ધેયતા નકારી. પુરોહિત પરંપરાનો અસ્વીકાર કર્યો. દાદુ સૂફીમતની વિચારધારાની વધુ નજીક હતા. તેઓ સૂફી સંતોના સતત સંપર્કમાં રહેતા હતા. ઈસ્લામી ઉપદેશનો બિનમુસ્લિમોમાં વધારે પ્રચાર

દાદુએ કર્યો. એમનું ચરિત્ર અને એમના ગ્રંથો એમના મુસ્લિમત્વની ચાડી ખાય છે; છતાં એમના વિશેષ અનુયાયી હિંદુ છે.

ઈશ્વર, સૃષ્ટિ અને મનુષ્ય વિશેના દાદુના વિચારો એમના પુરોગામીઓથી ભિન્ન નથી. તેમને મન ઈશ્વરનું ઐક્ય મહત્ત્વનું છે. ઈશ્વર પરિવર્તનશીલ નથી. તે અમૃત છે, પ્રકાશિત છે, સમૃદ્ધ છે, પૂર્ણ છે. તે બધાંનાં હૃદયમાં છે. દાદુ વેદ કે કુરાન ગ્રંથ કરતાં ગુરુને મહાન ગણે છે.

એમનાં ભજનોની સંખ્યા ૫,૦૦૦ જેટલી છે. રાજસ્થાની અને વ્રજ ભાષાના મિશ્રણની આ રચનાઓ છે. થોડાંક ભજનો ફારસી અને પંજાબીમાં પણ છે. હિંદી-ગુજરાતીનો પણ વિનિયોગ એમણે કર્યો છે.

દાદુના અવસાન પછીની સદીઓમાં હિંદુઓ અને મુસ્લિમોમાં ભેદભાવની વૃત્તિઓ દાખલ થઈ આથી તેમણે પોતાના સહિયારા સંતોનાં જીવન અને કવનમાં પોતપોતાને અનુકૂળ ફેરફારો કર્યા. મુસ્લિમોએ કબીર, દાદુ વગેરેને છોડયા; તો હિંદુઓએ તેમને તેમના સંત બનાવ્યા અને એમનું ઈસ્લામી કુળ બદલી નાખ્યું. દાદુ વિશે પણ એમ જ થયું. એમના આરંભના હિંદુ અનુયાયીઓ એમના મુસ્લિમત્વથી છંછેડાયા ન હતા. પણ પછીના ભક્તોને એમનું મુસ્લિમ કુળ ખૂંચ્યું અને તેથી અઢારમી સદીમાં એમના બ્રાહ્મણત્વની વાત પ્રચારમાં આવી અને અમદાવાદના નાગર બ્રાહ્મણ કુટુંબના નબીરા ગણાવાયા. ૧૮૦૦માં લખાયેલા 'ભક્તમાલા'ની ટીકામાં પ્રથમ આ વિચાર વહેતો મુકાયો.

જયતીર્થ (ચોદમી સદી) માધ્વના અનુગામી વૈષ્ણવ સંત હતા. માધ્વના 'સૂત્રભાષ્ય' ઉપર એમણે ટીકા લખી 'ન્યાયસુધા' નામની. આ ટીકાંમાં તેમણે દર્શાવ્યું છે કે ઈશ્વર પ્રત્યેનો સાતત્યપૂર્ણ પ્રેમ એટલે જ ભક્તિ, જે કોઈ અવરોધથી રોકી શકતો નથી અને જે સ્વપ્રેમ કરતાં અનેકગણો મહાન છે. આવી ભક્તિ માનવીને વૈરાગ્ય તરફ લઈ જાય છે. જો ભક્ત તાલીમ માટે યોગ્ય ગુરુ પામી શકે છે તે યોગ્ય સમયે ઈશ્વરનો સાક્ષાત્કાર પામી શકે છે. ગુરુ વિના ઈશ્વરપ્રાપ્તિ શકય નથી. ગુરુની કૃપાથી જ ભક્ત ઈશ્વરી દૃષ્ટિ મેળવે છે અને ત્યારે બધી શંકાઓ નિર્મૂળ બને છે, બધાં બંધનો છૂટે છે અને એવા ભક્તને પછી સ્વર્ગની જરૂર રહેતી નથી કે જ્ઞાતિનાં બંધનો નડતાં નથી.

તુલસીદાસે રામભક્તિનો સિદ્ધાંત પ્રગટાવ્યો તો એમના સમકાલીન અને આગ્રાના અંધભક્ત કવિ સુરદાસ વલ્લભાચાર્યના શિષ્ય બન્યા અને અકબરના રાજ્યમાં ટોડરમલના મહેસૂલી અધિકારી હતા. પણ પછી તેમણે નોકરી છોડી, સાધુ થયા અને વૃન્દાવનની નજીક મથુરામાં રહ્યા.

ઉત્તર હિંદમાં તુલસીદાસ અને સુરદાસ ભક્તિસંપ્રદાયના લોકપ્રિય સંતો હતા તો દક્ષિણ હિંદમાં પૂરણધરદાસ અને કનકદાસ ભક્તિ ચળવળના મુખી હતા. અકબરના સમકાલીન વિજયનગરના રાજા કૃષ્ણદેવરાયના આશ્રિત સાધુ વ્યાસરાયના પૂરણધર શિષ્ય હતા. આમ તો, હીરાના મોટા વેપારી પૂરણધર સંસારી હતા. તેમને ચાર પુત્રો હતા, પણ તેમણે સંસાર અને સમૃદ્ધિનો ત્યાગ કર્યો, વતન (પૂણે પાસેનું) છોડયું અને વિજયનગરના હમ્પીનિવાસી વ્યાસરાયનું ગુરુપદ સ્વીકાર્યું. પૂરણધર ઉત્તમ ગાયક હતા અને શ્રોતાઓને મુગ્ધ કરતા. ગુરુની સહાયથી પૂરણધર પ્રબુદ્ધ બન્યાની નોંધ ભજનોમાં છે. હજારો ભજનો એમણે રચ્યાં છે. એની લોકપ્રિયતાથી અંજાઈ ખુશ થયેલા ગુરુએ એમનાં ભજનોને 'પૂરણધર ઉપનિષદ' કહ્યાં છે.

કનકદાસ શિકારી કોમના હતા. છતાં એમને ઈશ્વરદૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી, ગુરુ વ્યાસરાયની કૃપાથી 'હરિભક્તિસાર' નામના એમના ગ્રંથમાં કનકદાસ પ્રજાને વીનવે છે કે અસંખ્ય દેવદેવીઓને ભજો નહીં, પશુ-બલિદાન કરો નહીં. સાચો ઈશ્વર સચરાચર છે, સર્વત્ર છે.

એકસો આઠ વર્ષનું લાંબું આયુષ્ય (ઈ.સ. ૧૫૭૪ થી ૧૬૮૨) ભોગવનાર અને અકબરના સમકાલીન ભક્ત મલૂકદાસ અલ્લાહાબાદ જિલ્લાના કારા ગામના વતની હતા. પરિણીત હતા. એક દીકરી હતી. સાધુત્વનાં

લક્ષણો વિનાનો આમજનતાનો પંથ મલૂકદાસે સ્થાપ્યો હતો. કારા, જયપુર, ગુજરાત, મુલતાન, પટણા, કટક,. દખ્ખણ, કોલ્હાપુર, નેપાળ અને કાબુલમાં એમનાં પંથનાં મંદિરો છે. પુરોગામી ભક્ત-સંતોના જેવા સિદ્ધાંતો મલૂકદાસના હતા. એમણે યાત્રા, મૂર્તિપૂજા વગેરેને વખોડયાં. એમને મતે સાચો ધર્મ એટલે આત્મશ્રદ્ધા—આંતરચેતના. માયા એ માનવીની દુશ્મન છે. ઈશ્વરના સ્મરણથી માયાવી પાશમાંથી છૂટી શકાય છે. વિશ્વ તો પરિવર્તનશીલ છે અને તેથી ભૌતિક સંબંધો કોઈ કામના નથી. માનવી ધૂળમાંથી જન્મ્યો છે અને ધૂળમાં પાછો જવાનો છે. જેઓ આધ્યાત્મિક જીવનને અનુસરતા નથી તેઓ કૂતરા જેવા છે. અભિમાનને દૂર કરી મોક્ષ મેળવી શકાય. ઘમંડને ત્યજી મોક્ષ મેળવી શકાય. લાગણીઓને કાબૂમાં રાખી મોક્ષ મેળવી શકાય. ગુરુ ઉપર શ્રદ્ધા રાખી, ઈશ્વરને ચાહીને મોક્ષ મેળવી શકાય. મલૂકદાસના મતે સાચા ભક્તનાં આ લક્ષણો હોવાં જોઈએ.

સુંદરદાસ દાદુના શિષ્ય હતા. ૧૫૯૬માં જયપુર નજીક દેવાસમાં વણિક કુટુંબમાં જન્મ્યા હતા. સુંદરદાસ છ વર્ષના હતા ત્યારે દાદુ દેવાસ ગયેલા અને બાળકની સુંદરતાથી મોહ પામી ગયા. ત્યારથી એ બાળક સુંદર તરીકે ખ્યાત થયો.

સંત અને કવિ તરીકે સુંદરની ખ્યાતિ ચોમેર ફેલાઈ હતી. દાદુ સાથે તેમણે નાયરાનામાં નિવાસ કર્યો. પણ ૧૬૦૩માં ગુરુના અવસાન પછી સુંદર વતનમાં પાછા ફર્યા. થોડોક સમય દેવાસમાં રહી બનારસ ગયા, જયાં ૩૦ની વય સુધી અધ્યયનમગ્ન રહ્યા. વતનમાં પાછા આવ્યા અને પ્રાણદાસ તથા રજબ નામના શિષ્યોની મદદથી ભક્તિનો પ્રચાર કર્યો.

સુંદરદાસ પાછળથી ફતેહપુર શેખાવતીમાં વસ્યા અને ત્યાંના નવાબ અપીફખાન સાથે મૈત્રી બાંધી. નવાબ પોતે હિંદી કવિ હતા. સુંદરદાસે પંજાબ અને રજપૂતાનામાં ઘણો પ્રવાસ કર્યો. ૧૬૮૯માં મૃત્યુ પામ્યા.

સંસ્કૃતના વિદ્વાન સુંદરદાસ ફારસી પણ શીખ્યા હતા. તેમનો ગ્રંથ 'સુંદરવિલાસ' ચોવીસ પ્રકરણોમાં વિભાજિત છે; જેમાંનાં કેટલાંક પ્રકરણો ષડ્દર્શનો સંબંધી છે. અન્ય કેટલાંક પ્રકરણો જ્ઞાનમાર્ગ અને કર્મ-માર્ગની મીમાંસા કરે છે.

આમ, વિશિષ્ટ સંજોગોમાં વહેતી થયેલી સંત-કવિ-ભક્તિની ગંગાએ દેશને સંખ્યાબંધ નિઃસ્વાર્થી ભક્તોની ભેટ આપી, જેમણે ઇષ્ટદેવમાં અપ્રતિમ શ્રદ્ધા દર્શાવી. ભક્તિમાં આ બધા સુધારકોની એકસરખી શ્રદ્ધા આ ચળવળનું મુખ્ય લક્ષણ હતું. જ્ઞાતિપ્રથાની જડતા અને સામાજિક અસમાનતાનો આ બધાએ એકસરખો વિરોધ કર્યો. ભક્તિના ક્ષેત્રે, ઈશ્વરની નજરે બધા સરખા છે એવો સનાતન ઉપદેશ પ્રબોધ્યો. ક્રિયાકાંડ, યજ્ઞયાગ, વ્રત-ઉપવાસ વગેરે બાહ્યોપચારને બધા સંતોએ નિરર્થક ગણ્યા. શુદ્ધ—નિર્મળ હૃદયની ભક્તિને વધારે પ્રાધાન્ય આપ્યું. ગુરુનો મહિમા પ્રસ્થાપિત કર્યો. માતૃભાષાની જરૂરિયાત પિછાણી. ભજનોની ભાગીરથી વહેવડાવી. કોમી એખલાસનો આચાર પ્રચાર્યો. એક ઈશ્વરનો સિદ્ધાંત ફેલાવ્યો. પ્રત્યેકની સાધના અલગ અલગ હતી, રજૂઆત ભિન્ન ભિન્ન છતાં અનુયાયીઓ ઉપર અસર એકસરખી થઈ : ઇષ્ટદેવની આરાધના અને ભક્તિની ખેવના.

એ તો હકીકત છે કે ધાર્મિક વલણોમાંના ફેરફારથી સામાજિક પ્રક્રિયાનાં પાયાનાં લક્ષણો પણ પરિ-વર્તન પામે છે. ભક્તિ-ચળવળથી હિંદુ સમાજની કેટલીક ત્રુટીઓ નાશ પામી. આમ તો, આ ચળવળ સંપૂર્ણ સ્વદેશી હતી છતાં મુસ્લિમોના આગમને એમાં વેગ જરૂર આણ્યો. આ ચળવળથી ભિન્ન ધર્મોના અનુયાયીઓ વચ્ચે સંવાદની ભૂમિકા રચાઈ. જ્ઞાતિપ્રથાનાં બંધનો અને રૂઢિચુસ્ત વલણો ઢીલાં કરવા, પ્રજાની વિચારસરણી પ્રગતિશીલ બનાવવા, કોમી એકતા અને એખલાસનું વાતાવરણ સર્જવાની દિશામાં તથા પરંપરિત પ્રથાઓથી ભિન્ન એવા સમાજની રચનાના પ્રયાસમાં ભક્તિ-આંદોલને સમાનતા, ભાઈચારો, ન્યાય અને ભક્તિ દ્વારા એક વિશિષ્ટ પ્રયાસ કર્યો હતો.

# સૂફીમત : ભારતીય સંદર્ભમાં

પ્રત્યેક ધર્મમાં રહસ્યવાદ કોઈ ને કોઈ સ્વરૂપે જોવા મળે છે. આ દૃષ્ટિએ સૂફીમતનું પ્રાકટ્ય ઇસ્લામમાં પણ જોવા મળે છે. જોકે ઇસ્લામના સ્વાભાવિક વિકાસમાં રહસ્યવાદને સ્થાન નથી. પરંતુ, આધ્યાત્મિક બેચેનીમાંથી વિશિષ્ટ શાખા-પંથો-સંપ્રદાયો ઉદ્ભવે છે. એ રીતે, જેમને રહસ્યવાદી ઈશ્વરચિંતન, ઈશ્વરસામીપ્ય અને ઈશ્વરસમાધિમાં શ્રદ્ધા હતી તેવા મુસ્લિમો ઔપચારિક બંધનમાંથી ખસી જઈ સૂફી થયા.

મુસ્લિમ રહસ્યવાદીઓ, ખાસ કરીને હિજરી સંવત (મોહમ્મદ પયગંબર મક્કાથી હિજરત કરી મદીને ગયા ત્યારથી – ઈ. સ. ૬૨૨થી – શરૂ થયેલી સાલ)ની આરંભની બે સદીઓના, વૈરાગી હતા, ધર્મપુરુષો હતા; તેમણે 'તઉબા' (પશ્ચાત્તાપ) અને 'તવક્કુલ' (ઈશ્વરનિષ્ઠા)ના સિદ્ધાંતો ઉપર વિશેષ ઝોક આપ્યો. હિજરી સંવતની ત્રીજી સદીના આરંભથી ઇસ્લામી સૂફીવાદે એકેશ્વરવાદી થિયૉસૉફીનું સ્વરૂપ ધારણ કર્યું. ઈશ્વરનો ભય અને કયામતનો દિન એનાં મુખ્ય તત્ત્વો હતાં. જોકે તે સાથે પ્રેમસ્તુતિનું તત્ત્વ પણ અનુસ્યૂત હતું.

આરંભના સૂફીઓના વૈરાગી સ્વભાવે 'તસવ્વુફ'ને જન્મ આપ્યો, હિજરી સંવતની ત્રીજી સદીના આરંભમાં, પરમ તત્ત્વ તરફ જોવાનો ભક્તિમાર્ગી અભિગમ એટલે 'તસવ્વુફ'. તસવ્વુફ 'હાલ' (આંતરિક વ્યવસ્થા) છે, પરંતુ 'કાલ' (દલીલ, ચર્ચા) નથી. ઈશ્વરની પ્રેમાળ ભક્તિ એનું મૂળ તત્ત્વ છે.

ઇબ્ન અલ અરબી નામનો તત્ત્વચિંતક સૂફી ચડતી ક્રમિક શ્રેણીનું માળખું ચાર તત્ત્વો ઉપર ચણે છે : (૧) અલ-સમત (મૌન), જીભ અને હૃદય એમ બે પ્રકારનું મૌન ઈશ્વર તરફ દોરી જાય છે; (૨) અલ-ઉઝલહ (એકાંત), જે જીભના મૌનની ખાતરી કરાવે છે અને વિશ્વજ્ઞાન તરફ લઈ જાય છે; (૩) અલ-જુ (ક્ષુધા), જે વડે સેતાનના સ્વભાવની જાણકારી પ્રાપ્ત થાય છે; (૪) અલશહર (જાગૃતિ), જે ચક્ષુ કે હૃદય માટે હોય છે અને જે આત્મજ્ઞાન તરફ દોરે છે.

'સૂફી'નો અરબી અર્થ છે 'બકરીના વાળ'; જ્યારે એનો ફારસી અર્થ છે 'બકરાં કે ઘેટાંના વાળ.' આમ, સૂફી એટલે 'વાળનાં – ઊનનાં કપડાં પહેરનાર' વ્યક્તિ. અર્થાત્ સૂફી એટલે હૃદયને દુનિયાના મેલથી મુક્ત – પાક અને સાફ રાખે તેવો વૈરાગી, જેના દિલમાં ખુદા સિવાય કોઈનો દીવો પ્રગટતો નથી.

આથી સૂફીઓ પોતાને 'આશક' અને અલ્લાહને 'માશૂક' ગણે છે; 'ઇશ્ક'(પ્રેમની ભાવના)ના માધ્યમ વડે અદ્વૈત કેળવી શકાય છે. ઇશ્કના બે પ્રકાર છે : 'ઇશ્કે હકીકી' એટલે અલ્લાહ માટેનો પ્રેમ. હક એટલે સત્ય(અલ્લાહ); (૨) 'ઇશ્કે મજાઝી' એટલે માનવપ્રેમ.

સૂફીવાદનું ધ્યેય આ પ્રમાણે છે : જીવાત્મા અને વાસનાને દૂર રાખવાં – દૂર કરવાં; દુન્યવી ચીજોની નિરર્થકતાની જાણકારી મેળવવી; એક જ અલ્લાહ(ઈશ્વર)માં મન પરોવી તેની સાથે સાયુજ્ય કેળવવું. અર્થાત્ કોઈ ખોફ કે આશાથી નહીં પણ નિષ્કામ, નિર્વ્યાજ, નિર્મળ પ્રેમથી અલ્લાહની ઇબાદત (ઉપાસના) કરવાનું ધ્યેય સૂફીવાદનું છે. આથી સૂફી આશકે ક્રમશ: પોતાનામાંથી તમામ વાસનાઓને નિર્મૂળ કરી, આસપાસના તમામ સંયોગો અને વ્યવહારથી દૂર રહી શુદ્ધ હૃદયે માશૂકનું સાન્નિધ્ય મેળવવા મથવાનું છે. ધાર્મિક ક્રિયાકાંડ કરવા કરતાં નિખાલસ દિલનાં પ્રેમ અને ભાવનાથી માશૂક ખુશ થાય છે. સૂફીઓ માને છે કે અલ્લાહ શુદ્ધ સત્ છે, સર્વવ્યાપી છે. તેથી સૂફીવાદીઓએ અલ્લાહમાં રચ્યાપચ્યા રહેવાની ભાવના કેળવવી જોઈએ. સૂફીસંતો ભાવનાને 'મકામાત' (મંજિલ, ભૂમિકા) કહે છે.

સૂફીવાદનું તત્ત્વજ્ઞાન આ પ્રકારનું છે :

(૧) અસ્તિત્વ કેવળ પરમાત્માનું હોય છે. તે પ્રત્યેક વસ્તુમાં નિહિત છે.

(૨) દુનિયાની બધી ચીજો પરમાત્મામાંથી ઉદ્ભવી છે. એના વિના કોઈ વસ્તુનું કશું અસ્તિત્વ નથી.

(૩) બધા સંપ્રદાયો વ્યર્થ છે; જોકે બધા ધર્મો સત્ય પ્રતિ અંગુલિનિર્દેશ કરે છે.

(૪) પુણ્ય અને પાપમાં કોઈ ભેદ નથી; કારણ કે બંનેની સૃષ્ટિનું સર્જન તો પરમાત્માએ કર્યું છે.

(૫) મનુષ્યને એનાં કર્મો માટેની પ્રેરણા પરમાત્મા કરાવે છે. અર્થાત્ મનુષ્ય પોતાનાં કર્મોમાં સ્વાધીન નથી, બલકે પરમાત્માને અધીન છે.

(૬) મૃત્યુ પછી જ આત્મા પરમાત્માને પ્રાપ્ત કરે છે.

(૭) સૂફીનું મુખ્ય કર્તવ્ય છે: ધ્યાન અને સમાધિ; પ્રાર્થના અને નામસ્મરણ, જે વડે તે પરમાત્માનું મિલન પામી શકે છે.

સૂફીમતનાં લક્ષણો આટલાં છે:

(૧) સંસાર જે કંઈ દૃશ્ય છે તે એક જ સત્તાનો વિસ્તાર છે. પ્રકૃતિનાં બધાં સ્વરૂપો એક જ સત્યનાં ભિન્ન ભિન્નિ પાસાં છે.

(૨) સત્યનું જ્ઞાન પ્રેમમય બુદ્ધિથી થઈ શકે છે, તર્કબુદ્ધિથી નહીં. વાસ્તવિકતાનું બધું જ્ઞાન તર્કથી પ્રાપ્ય નથી. આથી એનું સંપૂર્ણ જ્ઞાન મેળવવા સારુ બુદ્ધિની અપેક્ષાએ ભાવના અને અનુભૂતિ વિશેષ વિશ્વસનીય ગણાય.

(૩) મનુષ્યનું મૂળ લક્ષ્ય છે ધાર્મિક અનુભૂતિઓ દ્વારા અંતિમ સત્યનો સાક્ષાત્કાર અને એ સત્ય સાથે આત્મસાત્ થવું તે.

(૪) પ્રેમ એ ધાર્મિક અનુભૂતિ છે. પ્રેમની અંદર સત્યનું જ્ઞાન નિહિત છે. પ્રેમ વિના નીતિ અને ધર્મ ઉભય વ્યર્થ છે. પ્રેમના પ્રકાશ વિના બુદ્ધિ અંધારામાં અટવાય છે.

સૂફીઓ ધ્યાન-ચિંતન તરફ વિશેષ ઢળેલા હોવા છતાંય જીવનની વાસ્તવિકતાઓથી અભિજ્ઞ રહ્યા નથી. રોટલો એ જીવનની વાસ્તવિકતા છે, જેની ઉપેક્ષા સામાજિક ન્યાય અને સામાજિક શાંતિના ભોગે જ સંભવી શકે છે. આથી સૂફીઓએ જિંદગીનાં સામાજિક-નૈતિક પાસાંને છોડી દીધાં નથી. એટલે તેમણે ન્યાય અને ઉદારતાનો આચાર અનુયાયીઓ માટે સંયોજિત કર્યો. દાન અને ઉદારતા ઈસ્લામના સિદ્ધાંતોમાંનાં મહત્ત્વનાં લક્ષણો છે. રાજ્યના આશ્રયથી કાર્ય અને મનની સ્વતંત્રતા દૂષિત થતી હોઈ સૂફીઓ એથી દૂર રહ્યા છે.

માનવીનું મન કેટલીક બાબતોમાં નબળો વર્તાવ કરતું હોઈ એને કેટલાંક ધ્યેય હાંસલ કરવા સારુ માધ્યમની જરૂર રહે છે. આમેય કોઈ પણ ધ્યેયની સિદ્ધિ માટે સાધન આવશ્યક ગણાયું છે. સાધક તે વિના સાધ્યને પામી શકતો નથી. સૂફીવાદમાં ઈશ્વરની પ્રાપ્તિ માટે પાંચ માધ્યમોની વાત સ્વીકારાઈ છે: તૌહીદ, સલાત, સૌમ, ઝકાત અને હજ. સૂફીમતની ઈમારતના આ પાંચ સ્તંભો છે.

તૌહીદ એટલે અલ્લાહ સિવાય અન્ય કોઈ ઈશ્વર નથી. સલાત એટલે નમાજ. સૌમ એટલે રોજો (ઉપવાસ). ઝકાત એટલે પવિત્ર દાન (રૈયત પાસેથી ૨½ ટકા વાર્ષિક આવક ભાગ). હજ એટલે પવિત્ર સ્થળ(મક્કા કે મદીના)ની યાત્રા.

આમ તો, સૂફીઓ તસવ્વુફને વિશેષ મહત્ત્વ આપતા હોઈ આ પંચ-સાધનોની આવશ્યકતા સૂફી સાધક માટે અનિવાર્ય નથી; પણ સૂફીનો જન્મ ઈસ્લામ સાથે સંબંધિત હોઈ એનો સ્વીકાર ઋણ સ્વરૂપે થયો છે.

વૈષ્ણવ અનુયાયીઓ પ્રભુપ્રેમના ભજનમાં – ગાનતાનમાં – નૃત્યમાં લીન હોય છે તેમ સૂફી આશકો પણ માશૂકની પ્રત્યક્ષ ગાનારા અને નાચનારા હોય છે, જેને 'સમા' (સંકીર્તન) કહેવાય છે.

'અનલહક' (હું સત્ છું, હું અલ્લાહ છું) એ अहम् ब्रह्मास्मिના મંત્રને મળતો સૂફી મંત્ર છે. હિંદુઓની જેમ 'ગુરુ વિના જ્ઞાન નહીં'ના સિદ્ધાંતને સૂફીઓ પણ અનુસરે છે.

સૂફીવાદના ઇતિહાસમાં મહત્ત્વનું પ્રદાન ઈરાની સૂફીઓનું છે. તે પછી સીરિયન સૂફીઓ અને મિસરી સૂફીઓનું પ્રદાન નોંધપાત્ર છે: હજરત અબુ હાશિમ અને હજરત ઇબ્રાહીમ બિન અદ્હમ (બંને આઠમી સદી); હજરત ફુઝેલ અને હઝરત મારૂક કરખી (બંને નવમી સદી); હજરત ઝૂન્નૂન મિસરી અને હજરત અબુ યઝીદ ઉર્ફે બાયઝીદ બિસ્તામી (બંને નવમી સદી); અબુલ હુસેન નૂરી, જુનૈદ બગદાદી, મન્સૂર હલાજ, અબુ બક્ર શિબલી અને શેખ અબુલ હસન ખરકાની (પાંચેય દસમી સદી); ગઝ્ઝાલી, શેખ મુહ્યુદ્દીન અબદુલ કાદિર ગીલાની અને શેખ મુહ્યુદ્દીન બિન અરબી (ત્રણેય અગિયારમી-બારમી સદી અને સૂફીમતના ક્ષેત્રે મહાન ત્રિપુટી).

ઇસ્લામી સૂફીમતના આમ તો ચૌદ પ્રકારો છે, જે ઇસ્લામની પશ્ચિમ એશિયાઈ ભૂમિમાં પાંગર્યા હતા. ભારતમાં આમાંના માત્ર ચાર પ્રકારોનો પ્રભાવ વિશેષ રહ્યો: (૧) ચિશ્તીય, (૨) સુહરાવર્દીય, (૩) કાદિરી અને (૪) નક્શબંદી. આ ચારે પંથો પરસ્પરથી ભિન્ન કે ચુસ્ત નથી. ભારતમાં વિકસેલા આ ચારે પંથો તરફ ઊડતી નજર નાખી લઈએ :

**[૧]** ચિશ્તી સૂફી સંપ્રદાયના સ્થાપક હતા ખ્વાજા અબુ અલી ઇશ્ક સમી ચિશ્તી. એશિયા માઈનોરના આ વતની મધ્ય એશિયામાં આવેલા ખુરાસાનમાં ચિશ્ત ગામે સ્થિર થયા, તેથી તેમનો પંથ ચિશ્તીય ગણાયો.

ભારતમાં આ વિચારસરણીને લઈ આવવાનો યશ અજમેરના ખ્વાજા મુઇનુદ્દીન ચિશ્તીને ફાળે જાય છે. ખ્વાજા ઉસ્માન હરૂનીના આ શિષ્યનો જન્મ સિસ્તાનમાં ૧૧૪૩માં થયો હતો. ૧૧૯૨માં તેમનું ભારતમાં આગમન થયું. ૧૨૩૬માં અજમેરમાં એમનું અવસાન થયું. અજમેરમાં એમની દરગાહ છે. અકબર આ દરગાહની જિયારતે પગપાળા જતો. ભારતીય સૂફીમતના આ મહાન સંતે થોડા વખતમાં એવી ખ્યાતિ ફેલાવી કે 'સુલતનુલ હિંદ'નું બિરુદ તેઓ પામ્યા.

આ પંથનાં મુખ્ય લક્ષણો હતાં : પ્રભુ પ્રત્યે અપ્રતિમ પ્રેમ (ઇશ્ક). પ્રેમને તીવ્રતમ બનાવવા મોટે અવાજે જપનામ. મોટો અવાજ હૃદયમાં ઉષ્મા પ્રેરે છે અને પ્રેમની જ્યોત પ્રજ્વાળે છે.

મુઇનુદ્દીનનું ગરીબો અને તિરસ્કૃત થયેલાઓ માટેનું કાર્ય જાણીતું છે. આ સિલસિલામાં દેશના રિવાજો અને જરૂરિયાતોને અનુરૂપ થવાની શક્તિ હોઈ એનો ઝડપી પ્રસાર શક્ય બન્યો. મુસ્લિમ ધર્મ અનુસાર સંગીત વર્જ્ય હોવા છતાં ચિશ્તી ગૂઢવાદીઓ સંગીતનું આધ્યાત્મિક મૂલ્ય સમજતા હતા; અને જ્ઞાતિભેદની પરવા કર્યા વિના શક્તિશાળી વ્યવસાયી સંગીતકારોને આ પંથે આશ્રય આપ્યો.

ખ્વાજા કુતબુદ્દીન બખત્યાર કાકી મુઇનુદ્દીનનો મુખ્ય વારસદાર હતો. ઇલ્તુત્મીશને કાકી પ્રત્યે માન હતું. આથી તેમણે કાકીને દરબારી આશ્રય આપ્યો. પરંતુ સ્વતંત્ર અને સ્વમાની વ્યક્તિત્વવાળા કાકીએ દરબારમાં રહેવાની વાત નકારી કાઢી. દિલ્હીમાં એમનું મૃત્યુ ૧૨૩૬માં થયું.

આ સિલસિલાનો સૌથી પ્રખ્યાત સૂફી સંત શેખ નિઝામુદ્દીન ઓલિયા, ઉર્ફે મહબૂબે ઇલાહી (મૃ. ઈ. સ. ૧૩૨૫, દિલ્હી). દિલ્હી સલ્તનતના સાત સુલતાનોના શાસનના સાક્ષીસમા ઓલિયાસાહેબ એટલા સ્વમાની હતા કે એકેયના દરબારની મુલાકાત એમણે લીધી ન હતી. સૂફી તરીકે એમણે એમ કરવાનું મુનાસિબ માનેલું નહીં; કારણ સૂફીવાદના મૂળ ધ્યેયનું એક લક્ષણ એ હતું કે રાજ્યાશ્રય સ્વીકારવો નહીં. જલાલુદ્દીન ખલજીએ શેખને વિનંતી કરેલી કે તેઓ સુલતાનને મુલાકાત આપે. અમીર ખુસરોની વગ પણ નિરર્થક નીવડી.

શેખસાહેબનો અભિગમ ઉદાર હતો. તેઓ સંગીતપ્રેમી પણ હતા. આથી રૂઢિચુસ્ત ઉલેમાઓનો વિરોધ પણ વહોરવો પડ્યો હતો. 'મહબૂબ-ઇ-ઇલાહી' (ખુદાના પ્યારા)ના પ્રિય નામે તેઓ ખ્યાત. ભારતના મુસ્લિમ ઇતિહાસમાં નૈતિક બળ અને સચ્ચાઈનું પ્રતિનિધિત્વ એટલે શેખ. એમના શિષ્યો સમગ્ર દેશમાં

ફેલાયા. ભારતમાં ચિશ્તી સિલસિલાને લાવવાનો યશ મુઇનુદ્દીન ચિશ્તીને તો તેના વ્યાપક પ્રસાર-પ્રચારનો યશ નિઝામુદ્દીન શેખને ફાળે.

જગતનાં ભૌતિક સુખોથી અલિપ્ત રહી ઈશ્વરનો પ્રેમ પ્રાપ્ત કરવાની પ્રેરણા શેખસાહેબે આપી. એમણે શિષ્યોને વ્યવસ્થિત જીવન જીવવાનો અનુરોધ કર્યો. 'ફવાઈદુલ ફૂવાદ'માં આ ઉપદેશ સંગૃહીત છે. વ્યવહાર-ગમ્ય રહસ્યવાદની જાણે નિયમાવલિ છે. માનવપ્રેમ એ નૈતિક આદર્શ છે એવી ભાવના શેખે એમના શિષ્યોમાં પ્રેરી.

ગુજરાતમાં શેખ સૈયદ હુસેન, શેખ હિસામુદ્દીન અને શાહ બરકુલ્લાહે પ્રેમ અને માનવતાનો સંદેશ ફેલાવ્યો. આ ઉપરાંત ખ્વાજા ફરીદુદ્દીન મસૂદ ગંજશંકર ઉર્ફે બાબા ફરીદ (મૃ. ઈ. સ. ૧૨૬૫), અલાઉદ્દીન અહમદ સાબિર (મૃ. ઈ. સ. ૧૨૯૧), શેખ સલીમ ચિશ્તી (મૃ. ઈ. સ. ૧૫૭૨ ફતેહપુર સિક્રીમાં.) અકબરના સમકાલીન અને ગુરુ. તેમની પ્રાર્થનાથી અકબરને પુત્રપ્રાપ્તિ થઈ હતી તેથી જહાંગીરનું નામ સલીમ રાખેલ. ખ્વાજા નસિરુદ્દીન મુહમ્મદ ચિરાગ-ઈ દિલ્હી, સૈયદ મોહમ્મદ અને અમીર ખુસરો ભારતીય સૂફી-મતના ચિશ્તીય પરંપરાના અગ્રણી સંતો હતા.

[૨] સુહરાવર્દીય શાખાનો ઉદ્ભવ ઈરાનમાં થયો હતો. ઈરાનમાં હમદાન અને ઝંઝાન વચ્ચેનું સ્થળ તે સુહરાવર્દ. શાહબુદ્દીન ઉમર, એના ગુરુ શેખ દિયોદ્દીન અને શેખના પીર શેખ વજુહુદ્દીન આ સ્થળના નિવાસી હતા. તેથી આ પંથનું નામ સુહરાવર્દીય પડયું. આ પંથના સ્થાપક હતા શાહબુદ્દીન ઉમર (ઈ. સ. ૧૧૪૪થી ૧૨૩૪).

ભારતમાં આ પરંપરાના પ્રવર્તક હતા શેખ બહાઉદ્દીન ઝકરિયા સુહરાવર્દી. વાયવ્ય ભારતમાં પ્રસ્થાપિત થનાર આ પંથના અન્ય સંત હતા : શેખ હમિઉદ્દીન નાગોરી. સંગીતના શોખીન નાગોરી લેખક પણ હતા : 'તવાલી ઉસ શમ્સ' અને 'લવઈહ' એમના ગ્રંથો છે. શેખ કુતબુદ્દીન બખત્યાર કાકીના તેઓ પરિચિત હતા.

[૩] કાદિરી પરંપરાના સ્થાપક હતા શેખ અબદુલ કાદિર જીલાની. તેઓ કાસ્પિયન સમુદ્રની દક્ષિણે આવેલા જીલાન ગામના વતની હતા, જ્યાં એમનો જન્મ ૧૦૭૭માં; ૧૧૬૬માં અવસાન થયું. કાદિરી પરંપરાના સ્થાપકના અવસાન બાદ ત્રણેક સદી પછી એમનું ભારતમાં આગમન થયું. નેમતુલ્લાહ અને મખદૂમ મોહમ્મદ ગીલાની નામના બે સૂફીઓએ આ પરંપરાને ભારતમાં ફેલાવી. સિંધમાં સૌ પ્રથમ એનો ફેલાવો થયો ૧૪૮૨માં. ત્યારથી આજ સુધી આ પંથની અસર અહીં રહી છે.

શાહજહાંનો પુત્ર દારા શિકોહ કાદિરી પંથનો મહાન ભક્ત હતો. દારાએ પિતાની સાથે લાહોર સ્થિત ઈ.સ. મિરાન મીર (ઈ.સ.૧૫૫૦–૧૬૩૫)ની મુલાકાત લીધી હતી. મિરાન મીરની સાધુતાથી દારા પ્રભાવિત થયો હતો. દારાની મુલાકાતના વર્ષે જ મીરાન મીરનું અવસાન થયું અને એમની જગ્યાએ મુલ્લાહ શાહ બદક્ષી ખલીફા તરીકે આવ્યા. દારા બદક્ષીનો શિષ્ય બન્યો. કાદિરી સંપ્રદાયનું ગૂઢ જ્ઞાન પામી દારાએ 'સફિનતુલ ઓલિયા' અને 'સકિનતુલ ઓલિયા' નામના બે ચરિત્રગ્રંથો લખ્યા, જેમાં સૂફી સંતોનાં જીવનકવનની વિગતો નિરૂપાઈ છે. ગૂઢવાદની મીમાંસા કરતા દારાના આ સિવાયના ગ્રંથો છે : 'સિસાલે હકનુમા', 'મજ્મઉલ બહરીન' અને 'હસનતુલ આફરીન'.

[૪] નકશબંદી પંથના સ્થાપક ખ્વાજા બહાઉદ્દીન (મૃ. ઈ. સ. ૧૩૮૯) નકશબંદ – કિનખાબ બનાવવાના ધંધાદારી હતા. આથી તુર્કસ્તાનના આ વતનીનો વ્યવસાય કિનખાબ બનાવવાનો હોઈ એમનો પંથ નકશબંદી તરીકે ઓળખાયો.

ભારતમાં આ પંથનો પ્રચાર કરનાર હતા ખ્વાજા મોહમ્મદ બકી બિલ્લાહ (ઈ. સ. ૧૫૬૩–૧૬૦૩, દિલ્હી). ભારતમાં પ્રચાર પામેલા સૂફી પંથોમાં આ છેલ્લો હતો. આ પંથના મુખ્ય કર્તાહર્તા હતા શેખ અહમદ સરહિંદી (ઈ. સ. ૧૫૬૩–૧૬૨૪).

આ પંથનું મુખ્ય કાર્ય રહ્યું રૂઢિચુસ્ત ઈસ્લામ સામે ભારતમાં વિભિન્નદર્શન-ગ્રાહી (એકલેક્ટિક)ના પ્રચારથી જે ભય ઉદ્‌ભવ્યો એને પડકારવાનું. આરંભથી આ સંપ્રદાયે પયગંબરનો ઉપદેશ અપનાવ્યો. ઈશ્વરની એકતાના પ્રચારથી ઈસ્લામ સામે જે ખતરો ઊભો થયો તેને ખાળવાનું કામ બિલ્લાહના શિષ્ય શેખ અહમદ સરહિંદીએ કર્યું.

ઔરંગઝેબનો સમકાલીન અને ગુજરાતનો સૂફી સંત શેખ મુહિયુદ્દીન અબુ યુસુફ યાહ્યા હતો. સંગીતના શોખીન એવા શેખે અમદાવાદમાં સંગીત મંડળો પરના પ્રતિબંધનો અનાદર કર્યો હતો. ટૂંકમાં, મોટા ભાગના સૂફી-સંતો રાજ્યની કોઈ દખલગીરી સહન કરતા નહીં અને રાજ્યનો આશ્રય ઝંખતા નહીં.

આ બધા સૂફી સંપ્રદાયોએ ભારતમાં હિંદુઓ પ્રત્યે સરખો અભિગમ રાખ્યો હતો – જે દુશ્મનાવટથી આરંભાયો, સહઅસ્તિત્વના તબક્કામાંથી પસાર થયો અને અંતે સહનશીલતા અને સમજણમાં પરિણમ્યો. સત્તરમી સદીમાં કાદિરી વિશેષ સહનશીલ બન્યો, દારા શિકોહ અને જહાનઆરાની અસર નીચે અઢારમી સદીમાં હિંદુ ધર્મનો કટ્ટર પંથ નકશબંદી પણ થોડો ઉદાર બન્યો અને કૃષ્ણને તેણે ઓલિયાઓમાં સ્થાન આપ્યું.

ઉપરના વિવરણથી એટલું તો સ્પષ્ટ થાય છે કે સૂફીમતનો પ્રાદુર્ભાવ ભારતની બહાર થયો હતો; અને ભારતમાં મુસ્લિમોના આગમન સાથે તેનું આગમન થયું. આરંભમાં એનાં દર્શન દક્ષિણ ભારત, સિલોન, લખદીવ અને માલદીવ ટાપુઓમાં થયાં. પરંતુ મુસ્લિમોની સત્તા સ્થપાયા પછી સૂફીપંથની મહત્તા પ્રવર્તવા લાગી. ખાસ કરીને, ખલજીવંશના અમલથી સૂફીઓની પ્રતિષ્ઠા જામવા લાગી. સૂફી સંતોની અસર હિંદુ અને મુસ્લિમ ઉભય ઉપર થઈ. જોકે કુતુબુદ્દીન ઐબક, મુબારક ખલજી અને ગ્યાસુદ્દીન તુઘલુક જેવા સુલતાનોને સૂફી સંતોનો વિસ્તરતો પ્રભાવ ખૂંચતો હતો. પરંતુ, મોગલ શાસન દરમિયાન સૂફીમતે ભારતના સાંસ્કૃતિક ઈતિહાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી. અકબરના સમયથી સૂફીમત આ દેશમાં ઝડપથી પ્રસરવા લાગ્યો. આથી હિંદુ-મુસ્લિમ ભક્તો અને વિદ્વાનો માટે મિલનની ભૂમિકાનું વાતાવરણ સર્જાયું, જેને લીધે કોમી એખલાસ સધાયો. સૂફી સંતો હિંદુ અને મુસ્લિમો વચ્ચેનું અંતર ઘટાડવા ઉત્સાહી હતા. સૂફીઓ ઉભયને એક ધર્મ – આત્માનો ધર્મ કે માનવતાનો ધર્મ – આપવાની મહેચ્છા ધરાવતા હતા.

બીજી વાત એ સ્પષ્ટ થઈ જવી જોઈએ કે, સૂફીવાદના આગમન પછી, અથવા તેની શેહમાં ભારતનો ભક્તિસંપ્રદાય પ્રગટયો હતો એ ખ્યાલ ગલત છે. હકીકત એ છે કે ભારતમાં પૂર્વકાળથી રહસ્યવાદની ભાવના અસ્તિત્વમાં હતી. હિંદુ ધર્મમાં ગૂઢવાદનાં તત્ત્વો નિહિત હતાં. શંકર, રામાનુજ અને તેમના શિષ્યોના અગમ્યવાદી વિચારો પૂર્ણતયા હિંદુ છે. આ વિભાવનાથી ભારતની પ્રજા સુપરિચિત હતી. આમ, ભારતીય ગૂઢવાદ સંપૂર્ણ રીતે દેશી લક્ષણો ધરાવતો હોવા છતાં, એમ કહી શકાય કે, ઈસ્લામ અને/અથવા ખ્રિસ્તે આધ્યાત્મિક ઉત્તેજનાનું વાતાવરણ ઊભું કરવામાં સહયોગ આપ્યો; જે હિંદુઓ ધર્માંતરિત થયા તેમણે સ્વાભાવિક સૂફીવાદનો આશરો લીધો.

ભારતના ભક્તિપંથ અને ઈસ્લામના સૂફીપંથ વચ્ચેની આંતરિક એકતા પણ છે. સૌંદર્યથી પ્રેમ અને પ્રેમથી મુક્તિ એવી સૂફી ભાવના છે; આ માટે યતિવૃત્તિ, વૈરાગ્ય સાધના, યોગસંયમ વગેરે ઉપર સૂફીમતે ભાર મૂકયો છે. સૌંદર્ય અને પ્રેમ સાથે સંગીતની આવશ્યકતા પણ સૂફીઓએ સ્વીકારી. સૂફીઓનો ઉદ્દેશ માશૂક માટે ફનાગીરીનો છે. આ માટે ગુરુજ્ઞાનને એમણે આવશ્યક ગણ્યું છે. તો બીજી બાજુ, સૌંદર્ય, પ્રેમ, મોક્ષ, ગુરુ, સંગીત, વૈરાગ્ય, સાધના વગેરે લક્ષણો હિંદુ ધર્મના ગૂઢવાદી પંથોમાં પણ નિહિત છે.

ઉપર્યુક્ત વિવરણથી એટલું કહી શકાય કે ઈસ્લામી સૂફીમત ભારતમાં ઈસ્લામની સાથે બહારથી આવ્યો, ઈસ્લામની જેમ તેનો અહીં પ્રચાર થયો અને આજે ભારતમાં એ એની ભાવનાઓ સાથે પ્રચલિત છે. તેથી તે પૂર્વેથી ચાલ્યા આવતા ભારતીય ગૂઢવાદને કશી પ્રભાવક અસર નથી થઈ. બંને મતો પોતપોતાની શક્તિ અને ગતિ પ્રમાણે પ્રચારમાં રહ્યા છે. વળી, કોમી એખલાસનું વાતાવરણ સર્જવાની દિશામાં ભક્તિ-આંદોલને ગતિ કરી દીધી હતી, તેમાં સૂફીવાદનું પ્રદાન નોંધપાત્ર રીતે ઉમેરાયું એ એનું મહત્ત્વ છે.

# ૧૨ : મધ્યકાલીન સંતો : ઐતિહાસિક અર્પણ

## [૧]

જીવતું ઝાડ કપાય તોપણ મરી જતું નથી. ડાળપાંખડાં કાપી નાંખ્યાં હોય, થડ પર કુહાડા માર્યા હોય તોપણ તેને નવી નવી ડાળીઓ બમણા જોરથી ફૂટે છે.

જીવંત સંસ્કૃતિનું પણ આ લક્ષણ છે. સંસ્કૃતિ પર બહારના કે અંદરના આઘાત થાય ત્યારે જે સંસ્કૃતિનું ચેતન નાશ ન પામ્યું હોય, તે આઘાત ઝીલી, કોઈ વાર ઘડીભર મૂર્છામાં સરી જઈ, ફરી બમણા જોરથી નવી ડાળીઓ, નવાં પાન-ફૂલ પ્રગટાવે છે.

ભારતીય સંસ્કૃતિ ગઈ કાલની સાંજ સુધી પોતાના પર આંતરબાહ્ય આઘાત થતાં છતાં પરાજિત નથી થઈ, ગાંધી તેનો શ્રેષ્ઠ પુરાવો છે. પશ્ચિમની સુસજ્જ સંસ્કૃતિના રાજદ્વારી, આર્થિક કે યાંત્રિક આક્રમણ નીચે કચડાઈ ગયેલી પ્રજાને તેણે દેશની મૂળ સાંસ્કૃતિક મૂડી વાપરી મુક્તિ અપાવી. કરોડોના જનસમૂહને અવૈરભર્યા પ્રતિકારના માર્ગે તેમની અસલિયતનું કાંઈક ભાન કરાવી સ્વાધીન કર્યા.

ગાંધીજીને બહુ લોકોએ સંત કહ્યા છે. જોકે પોતે તો હમેશાં નમ્ર સત્યશોધક હોવાનો જ દાવો કરતા પણ લોકોની સૂક્ષ્મ સમજે તેમનામાં સંતપણાનો ચરમોત્કર્ષ જોયો. આ સૂઝ તે જ સાંસ્કૃતિક પ્રેરણા.

સંતની વ્યાખ્યા કરતાં સંત નરસૈંયાએ ગાયું છે (કેટલાંકે આને ભક્ત નિરાંતનું પદ કહ્યું છે.) :

—'ભાઈ મારા શાંતિ પમાડે તેને તો સંત કહીયે.'

બધી રામાયણ જ મનની અશાંતિ, ઊથલપાથલની છે: આમાં સુખ નહીં, પેલામાં સુખ નહીં, આ લીધું, હવે પેલું લઉં, આવા ચકડોળ પર ચડેલ મનને શાંતિ કયાંથી હોય? અને અંદર અજંપો હોય ત્યાં સુધી બીજાનેય જંપવા કેમ દે? શાંતિનો અનુભવ થયો કે રંજાડ કરવાનું બંધ થઈ ગયું. એકને, બીજાને, સૌને શાંતિ. અરે, ગાંધીજીના દાવા પ્રમાણે વિરોધીને પણ શાંતિ. કારણ કે સંતોને તો વિરોધી હોતા જ નથી. ભારત સ્વતંત્ર એવી રીતે થાય કે અંગ્રેજોને પણ છેવટે તો શાંતિનો જ અનુભવ થાય. વૈદિક ઋષિઓનો શાંતિ-શાંતિરેવ શાંતિ : મંત્ર બધે પ્રવર્તે. આવી મહાન કામગીરી માટે જે નીકળ્યા તે સંત. આથી જ ઋષિએ કહ્યું :

'સંતો ભૂમિમ્ તપસા ધારયન્તિ.'

આ પૃથ્વી નથી શેષનાગે ધારણ કરી, કે નથી તે ન્યૂટનના સિદ્ધાંતના કારણે ટકી રહી, તે તો સંતોના તપના કારણે ટકી રહી છે.

*

ભારતવર્ષનો મધ્યયુગ – ઈસુની સદી બારમીથી અઢારમી સુધીનો યુગ સંતોની વસંત છે. જ્યાં જુઓ ત્યાં કોઈ ને કોઈ સંતની ઝાલરી વાગે છે; વેદવાણી નહીં, પણ વેદોના સારવાળી સરલ સંતવાણી. દરબારી નહીં પણ લોકોની બોલચાલ-વાણી.

આ વાણી પાનારાઓમાં વેદકાળની જેમ સ્ત્રીઓ પણ છે. કાશ્મીરની લલ્લાદે, દક્ષિણની આંડાલ, ઉત્તર ભારતની સહજોબાઈ, રાજસ્થાનની મીરાં, સૌરાષ્ટ્રની ગંગા સતી, મહારાષ્ટ્રની બહિણાબાઈ, જનાબાઈ, મુક્તાબાઈ, ચોખામેલા મહારની ઘરવાળી સોયરાબાઈ.

વેદકાળની જેમ આમાં પણ ઊંચનીચના ભેદો ઓગળી ગયા છે. એક વૈદિક ઋષિએ ગાયું છે :

'મારી મા દળણું દળે છે, મારા પિતા વૈદ છે, અને હું કવિ છું.

'ચણવા ગયેલાં પંખીઓ સાંજે માળામાં ભેગાં થાય તેમ અમે મળીને રહીએ છીએ.'

સંતમંડળના વડેરા કબીર વણકર છે. નાનક વણિક, નામદેવ દરજી, મીરાં ક્ષત્રિયાણી, કાન્હોપાત્રા ગણિકા, તુકારામ વૈશ્ય, ગોરો કુંભાર, ભાણુ લુહાણા, દાસી જીવણ ચમાર, અને આ હારમાળાના મુગટમણિ સમા જ્ઞાનેશ્વર બ્રાહ્મણ પણ ભ્રષ્ટ સંન્યાસીના સંતાન છે.

સ્વપુરુષાર્થે કેળવેલી યોગ્યતાવાળી આ જમાત, અંધારા ભેદના મશાલચીમંડળ સમી છે. તેઓ ભેરી વગાડીને સૂતેલાને સંભળાવે છે :

જાતિ ન પૂછો સાધુકી, પૂછ લીજીએ જ્ઞાન
મોલ કરો તલવારકા, પડા રહન દો મ્યાન.

આપ, કોનું દૂધ?' 'શું કામ છે ભાઈ, એનું? બધા દેહ સરખી રીતે જન્મે છે, સરખી રીતે જાય છે. મ્યાનની ચર્ચા છોડો. અંદર કેવી ધારદાર તલવાર છે તે તપાસો, મખમલના મ્યાનમાં બુઠ્ઠી તલવાર હોય, તો મ્યાન થોડું જ આફત વખતે બચાવી શકવાનું છે?'

વેદકાળના ઋષિઓની જેમ જ આ સંતમંડળના ઘણાખરા ગૃહસ્થીઓ છે. તેઓ નિ:સંકોચપણે પ્રાર્થી શકે છે :

સાંઈ, ઈતના દીજિયે, જામેં કુટુંબ સમાય.
મૈં ભી ભૂખા ના રહૂં, આરૂ સાધુ ન ભૂખા જાય.

સંસાર છોડીને ભાગેલા આ લોકો નથી. નાનકદેવ એક વાર ઊંચા પર્વત પર સાધના કરતા યોગીઓને મળવા ગયેલા. વાતવાતમાં યોગીઓએ પૂછ્યું : 'નીચે કેમ ચાલે છે?'

નાનકે કહ્યું : 'આપના જેવા મહાપુરુષો જગતથી સંતાઈને ઉપર રહેતા હોય ત્યારે જગતને પાર તો કોણ ઉતારે?'

'સિધ છીપ બૈઠે પરવતી
કોણ જગત કઉ પાર ઉતારૂ'

બરાબર ગાંધીજીની જ વાત. તેઓ વારે વારે કહેતા: "મારું ધ્યેય ધાર્મિક છે, પણ માનવમાત્ર સાથે એકરૂપ થયા વિના ધર્મપાલનનો કોઈ માર્ગ જોતો નથી. મનુષ્યની બધી પ્રવૃત્તિઓ અને ચેષ્ટાઓ એકાકાર છે. સમાજ અને રાજનીતિથી ધર્મને અલગ રાખવાનું શકય નથી. જે ધર્મ મનુષ્યના રોજ-બરોજનાં કાર્યોથી અલગ રહે છે તેની સાથે મારે કોઈ સંબંધ નથી."

લગભગ આવી જ માન્યતા હોવાથી આ બધા સંતોએ વણ્યું, ખેતી કરી, વ્યાપાર ચલાવ્યો, ચામડાં પકાવ્યાં, ચાકડો ચલાવ્યો; આમ, સમાજના ધારણપોષણનાં બધાં સહજ કાર્યો કરતાં કરતાં પોતાને તથા લોકને ઘડવાનું કામ કર્યું. એટલે સુધી કે ઇતિહાસકારોએ નોંધ્યું કે શિવાજી માટે તુકારામ અને રામદાસે સ્વરાજનો રસ્તો સરળ કર્યો.

વસંત આવે છે ત્યારે વૃક્ષની કોઈ એકાદ ડાળીને જ ફૂલ બેસે છે તેવું નથી હોતું. આખું ઝાડ મોરી ઊઠે છે. ઊંચે, નીચે, મધ્યે, ઉત્તર, દક્ષિણ – બધી દિશાએ ફૂલોથી છવાઈ જાય છે. વૃક્ષની નસેનસમાં વહેતા રસનું ફૂલમાં પરિવર્તન થઈ જાય છે.

મધ્યયુગની આ સદીઓના પ્રવાહનું પણ આવું જ છે. પૂરાં છ શતકો સુધી ભારતનું લોકજીવન સંતસુવાસથી મહેકી ઊઠયું હતું.

આસામમાં શંકરદેવ–માધવદેવ, બંગાળ-ઓરિસામાં ચૈતન્ય પ્રભુ, ગુજરાતમાં નરસિંહ-મીરાં, સૌરાષ્ટ્રમાં સ્વામી પ્રાણનાથ, કાશ્મીરમાં લલ્લાદે, પંજાબમાં નાનકદેવ અને શીખ ગુરુઓ, રાજસ્થાનમાં દાદુ, ગરીબદાસ,

સુંદરદાસ રજ્જબ, ઉત્તર ભારતમાં કબીરથી માંડી ભીખા, બુલ્લાસાહેબ, ગુલાલસાહેબ, જગજીવનસાહેબ, દરિયાદાસ, કાળઝાળ ઔરંગઝેબની જોડે બાખડનારા સતનામીઓ પેદા થયા.

મહારાષ્ટ્ર તો સંતોનું જાણે પિયર. નામદેવે પંજાબ સુધી ડંકો વગાડયો. શીખોના ગ્રંથસાહેબમાં નામદેવની વાણી સંઘરાઈ; કર્ણાટકમાં બસવેશ્વર, પુરંદરદાસ પાકયા.

આંધ્ર-તમિળ દેશમાં વૈષ્ણવ આલવારોએ વૈષ્ણવભક્તિનો તો શૈવ નાયણારોએ શિવભક્તિનો ભરી-ભરીને રસ પાયો; અને રામાનુજ-રામાનંદે તેની છૂટે હાથે ખેરાત કરી. આથી જ કહેવાયું :

'ભક્તિ દ્રાવિડ ઊપજી લાયે રામાનંદ.'

સંતયુગ દેશના કોઈ એક ખૂણાની નીપજ નથી. બધી દિશાએ ફેલાયેલો પ્રકાશ છે. તે કોઈ આકસ્મિક ઘટના નથી. અસલી સંસ્કૃતિને ધક્કો વાગતાં મહાન ઇતિહાસવિદ ટૉયન્બીની ભાષામાં 'ચૅલેંજ'નો થયેલો વળતો પ્રાણોદ્રક – 'રિસ્પૉન્સ' છે.

કોનો ધક્કો લાગ્યો હતો આ દેશની સંસ્કૃતિને? મુસ્લિમ આક્રમણનો.

## [૨]

આ દેશ પર મુસ્લિમ આક્રમણ થયું તે પહેલાં બીજી જાતિઓનાં આક્રમણો થયાં હતાં. ગ્રીકો, હૂણો, શકોએ હુમલા કર્યા હતા. ગ્રીકો દેશના પૂર્વ ખૂણા સુધી આવ્યા અને ત્યાં જ તેમને થંભાવી દેવામાં આવ્યા. શકો, હૂણો મધ્યપ્રદેશ અને પશ્ચિમ ભારતમાં ફેલાયા, પણ તેમને આ દેશના સમાજે પોતામાં જુદા જુદા સ્વરૂપે સમાવી લીધા; તેઓ સમાઈ ગયા.

મુસ્લિમ આક્રમણનો અનુભવ જુદો જ થયો. આગલાં આક્રમણો મુખ્યત્વે પ્રાદેશિક લૂંટ કે વિજય માટે હતાં. તેમણે દેશના ધર્મ, સામાજિક રીતરિવાજો, કે ઐહિક, પારલૌકિક જીવનવિષયક માન્યતાઓ પર આક્રમણ કર્યું નહોતું. કરવેરા લેવા જુલમો કર્યા હશે. પણ લોકોના સાંસ્કૃતિક જીવન પર રાજસત્તાના જોરે હુમલો કે બળજબરી કર્યાં નહોતાં. ઊલટું કેટલીક બાબતોમાં દેશની સંસ્કૃતિને આક્રમકોએ અપનાવી હતી. બેસનગર(વિદિશા)ના ગ્રીક હેલિયોદોરસે દેવોના દેવ વિષ્ણુપ્રીત્યર્થ જે ગરુડસ્તંભ ઊભો કર્યો તે આ સંસ્કૃતિના સ્વીકારનો નમૂનો છે. તેમાં હેલિયોદોરસે પોતાને ભાગવત ગણાવેલ છે. ઈ. સ. પૂર્વે બીજી સદીનો આ સ્તંભ વિદેશીઓ દેશની સંસ્કૃતિ અપનાવતા હતા તેનો પુરાવો તો છે, પણ ભક્તિમાર્ગ તે વખતે પણ પ્રચલિત હતો તેની સાબિતી છે.

મુસ્લિમ આક્રમણ માત્ર રાજકીય નહોતું. મુસ્લિમ ધર્મના ઉલેમાઓએ તે ધર્મના સિદ્ધાંતોનું જે રીતે અર્થઘટન કર્યું છે તે મુજબ મુસ્લિમ રાજ્ય મુસ્લિમ ધર્મના પ્રચાર માટેનું સાધન છે. રાજ્યે શરિયત પ્રમાણે ચાલવાનું છે અને વિશેષમાં આ ધર્મનું લક્ષણ બીજા ધર્મોના ઇન્કારમાં અને અન્ય ધર્મીઓની હીનતાના પુરસ્કારમાં હતું. જે મોહમ્મદને માનતા નથી, કે મૂર્તિપૂજા કરે છે, જે ઇસ્લામી શરિયતથી જુદા ચાલે છે, તે બધાંને કાં તો નાબૂદ કરવાના છે, કે મુસલમાન બનાવવાના છે. બહુમાં બહુ તો કોઈ કિસ્સામાં તેમને 'જિમ્મી' ગણી મુસ્લિમ શાસકોને મદદરૂપ થવાના જામીન આપે તો અપમાનજનક રીતે જીવવાની રજા આપ-વાની છે. પણ બીજા ધર્મો, ને તેમાંયે જે બહુદેવોમાં, મૂર્તિપૂજામાં માનવાવાળા છે, તેમને ફાલવાફૂલવા દેવાના નથી જ, કારણ કે તે સાચા નથી. આવી સ્વયંપ્રતીતિના આધારે જ ઔરંગઝેબ બીજા ધર્મ તરફ સમભાવ રાખનાર પોતાના ભાઈ દારા શિકોહની ટાઢે કોઠે હત્યા કરી શકયો અને મુસ્લિમસમૂહે તે સ્વીકારી લીધી.

તત્કાલીન હિંદુ ધર્મ આ આક્રમકો જોડે સમાધાન કરવા ઇચ્છતો નહોતો તેવું ન હતું. સહિષ્ણુતા, તેના પરિણામે બહુદેવવાદ, ઈશ્વરપ્રાપ્તિ માટે વિવિધ સાધનામાર્ગોમાં માનનાર હિંદુ ધર્મ માટે મોહમ્મદના ધર્મ જોડે સહઅસ્તિત્વ અશકય ન હતું. કોઈકે અલ્લોપનિષદ પણ રચ્યું. અને હિંદુ ધર્મની આ ખાસિયતને કારણે નાનક, કબીર, દાદુની હિંદુમુસ્લિમ એકતાની આરજૂ કે અઝાન(બાંગ) પ્રગટી હતી. પણ આક્રમકોને

પોતાની પાસેના કે પોતે માનેલા સત્ય વિશે એટલું ઝનૂન હતું કે આવા કોઈ પ્રયાસો આ સદીઓમાં સફળ ન થયા.

દેશ પરનું સાંસ્કૃતિક સંકટ અને રાજકીય, આર્થિક વિટંબણાઓ વધતાં જ ચાલ્યાં. કોઈ નિર્ભય સત્ય-શોધકને માટે મૂગા રહી બધું ચલાવી લેવાનું કે ઉપાયો નહીં શોધવાનું અશક્ય બની ગયું.

બધા સંતોમાં બધી જ બાબતોમાં એકસરખા વિચારો છે તેવું નથી. મુખ્ય બાબતો વિશે બધા સંતો એકમત છે. પણ તેમાંયે સગુણ ભક્તિ પર ઝોક દેનારા, સગુણ-સાકારમાં માનનારા, નિર્ગુણ ભક્તિનો મહિમા ગાનારા, આવા ત્રણ ચોખ્ખા વિભાગો છે. તુલસીદાસજી સગુણ સાકાર સંતભક્તોના અગ્રણી છે; તો કબીર નિર્ગુણ ભક્તિના; વચમાં ઊભેલા પણ ઘણા છે; કાયાશોધન, મનોમારણ પર ઝોક દેનારા ભક્તોનો માર્ગ પણ છે. પણ આ બધાએ તત્કાલીન દેશસ્થિતિ, વિદેશી, વિધર્મી, શાસકોના અત્યાચારો વિશે પોતાની વાણીમાં સરખી જ વેદના પ્રગટ કરી છે.

નાનક, તુલસી, સમર્થ રામદાસ આ સંતસમાજના ત્રણ વિશિષ્ટ પ્રવાહધારાના અગ્રણીઓ છે. તેમને જ સાંભળીએ. ભારતમાં પ્રવેશ કરનારા મુસ્લિમો માટે પંજાબ માર્ગમાં જ આવે. એટલે એ પ્રદેશને મુસ્લિમ આક્રમકોનો, ગઝનવી, ઘોરી કે પઠાણ-મોગલ ગમે તે હોય, બધાનો અનુભવ થતો રહ્યો છે. નાનક-દેવની કામગીરી લોદીવંશના અંતકાળ અને બાબરના રાજ્યારંભ વચ્ચેની છે. લોદી રાજકર્તાઓએ મંદિરો તોડવાનું, મૂર્તિઓ ભાંગવાનું કર્યું જ હતું. સૈયદ મહમ્મદ લતીફના પંજાબના ઈતિહાસનું ઉદ્ધરણ આની સાહેદી છે: 'સિકંદર લોદીએ અગણિત મંદિરોનો નાશ કર્યો, મૂર્તિઓ ભંગાવી, તેની જગ્યાએ મસ્જિદો ઊભી કરી. તહેવારો અને મેળાના પ્રસંગે હિંદુઓને દાઢી, માથાના વાળ કપાવવાની મનાઈ કરી.'

દોલતખાનના નિમંત્રણથી બાબરે ભારત પર આક્રમણ કર્યું ત્યારે નાનક સૈદપુરમાં પોતાના શિષ્ય લાલા જોડે પકડાયેલા. તેમને બાબરના લશ્કરમાં ગુલામ બની ચક્કી પીસવી પડી હતી; સરસામાન ઊંચકનારા મજૂર થવું પડયું હતું. સૈદપુરના હિંદુ વ્યાપારીઓ અને ઠાકોરો પોતાની સ્ત્રીઓ અને જમીનજાગીરનું રક્ષણ કરવા બાબર સામે લડયા. બાબરે નારાજ થઈ બધાની કતલ કરવાનું ફરમાન કર્યું. પુરુષોની કતલ થઈ, સ્ત્રીઓ ગુલામડી બની અમાનુષી અત્યાચારનો ભોગ બની. નાનકની આંખ સામે આ બન્યું. નાનકદેવે આ બધું અનુભવી ઈશ્વરને ફરિયાદ કરતા હોય તેમ કવિતા રચી; એ કવિતા 'નથી તરફડતું હૃદય' છે : (અલગ પ્લેટ પા. ૧૪૫ પર)

તુલસીદાસજીએ રામાયણ લખ્યું છે રામમહિમા ગાવા, પણ તત્કાલીન પરિસ્થિતિનું વર્ણન તેમાંય થઈ જાય છે. કારણ રાવણ તો રોજ રોજ સામે નગ્નનૃત્ય કરી રહ્યો છે. લોકોને આંગળી ચીંધવાપણું રહ્યું નથી. તેમણે વર્ણવેલો રામાવતાર છે.

વિપ્ર, ધેનુ, સુર, સંત લિન્હ મનુજ અવતાર.

પણ 'વિનયપત્રિકા'માં તો તેમણે સ્પષ્ટરૂપમાં જ દેશકાલની સ્થિતિ વર્ણવી છે.

ખેતી ન કિસાન કો
ભિખારી કો ન ભીખ મલિ!
વનિકકો વનિજ ન, ચાકરકો ચાકરી.
જીવિકાવિહીન લોક સીધમાન શોચમાન
કહે એક એકન સોં કહાં જાઈ, કયા કરી?
દારિદ્ર દશાનન દબાઈ દુની દીનબંધુ
કરિત વહન દેખી, તુલસી હહાકાર કરી.

"ખોરાસાન, બાબરનું વતન, તેનું તેં રક્ષણ કર્યું. પણ હિંદુસ્તાનના હૃદયને તેં ભયથી ફફડતું કરી મૂક્યું. બાબરના રૂપમાં તેં સ્વયં યમરાજાને મોકલ્યો. ભયાનક કત્લેઆમ! હે મારા અન્નદાતા, લોકોની રુદનભરી ચીસોએ તારા મનમાં કશીય દયા ન જન્માવી? હે વિધાતા! તું તો સાર્વભૌમ રક્ષક છો – બધા દેશના માણસોનો. તું વિચાર તો કર, એક બળિયો બીજા બળિયા પર ઘા કરે તેનું તો દુ:ખ શું? પણ ગરીબ ઘેટા પર ભયાનક વાઘ ઝપટ મારે, તે વખતે પણ તેનો રખેવાળ ભરવાડ ચૂપ રહી જોયા કરે? જવાબ તો આપ આનો?

'રતન જેવું રાજ્ય રફેદફે થઈ ગયું – કૂતરાની તીણી રાક્ષસીઓથી. કોઈ આંસુય પાડતું નથી આના ઉપર!

'છતાં હે, પરમ વિધાતા! તું નિર્લેપ કેમ છો? જે સ્ત્રીઓના સેંથામાં સિંદૂર પૂરેલું હતું, તેમના કેશ કાતરી નાખ્યા, માથામાં ધૂળ ભરી, મહેલોમાં જે સુખથી રહેતી હતી તે વધૂઓ સડક પર ભીખ માગે છે. તેનું કોઈ શરણ નથી!

'ધન્ય છે તને! કોણ જાણી શક્યું છે તારી લીલા? મૂંડેલા મસ્તકવાળી એ નારીઓ વિવાહ સમયે કેવી સુંદર લાગતી હતી! ગજદંતની પાલખીઓમાં બેસી પતિ સાથે નિજઘેર આવી ત્યારે પવિત્ર જલભરી ગાગરોથી તેમના શિરે શુભ જલવર્ષા થઈ હતી, સુસજ્જ પંખાઓ તેઓના મસ્તક પર ઝૂલતા હતા. એક લાખ મહોર ગૃહપ્રવેશ વખતે વેરાતી, બીજી લાખ મહોર વેરાતી જ્યારે માતા બનતી ત્યારે, ને!

'જે આસને એ બેસતી તે બની જતાં સુંદર.

'ગળામાં દોરડાં નાંખી તેમને પશુની જેમ ખેંચી રહ્યાં છે આજે.

'ગળાના હાર તૂટયા છે, મોતી વેરાઈ ગયાં છે. એમનું સૌંદર્ય અને ધન આજે એમનાં વેરી બન્યાં છે.

'બર્બર સિપાહીઓએ તેમને બંદી બનાવી અને લાજ લૂંટી! કેટલીયે ખોવાઈ ગઈ છે સદાને માટે... જે બચી છે તે રુએ છે.

'–માણસ કેટલો બધો નિરાધાર છે, નાનક!"

દોહાવલીમાં મુસ્લિમ શાસન વિશે કહ્યું :

ગોડ, ગંવાર નૃપાલ મહિ, યવન મહામહિપાલ.
સામ, ન દામ, ન ભેદ કવિ; કેવલ દંડ કરાલ.

'કેવલ કરાલ દંડ' લોક પર ઝીંકી, પરશાસન ચાલી રહ્યું છે!

આ બધા સંતો થોડે કે વધુ અંશે પરિવ્રાજકો હતા. સ્થિર થતાં પહેલાં તો બને તેટલું તીર્થનિમિત્તે ફરી લેતા. રામદાસ સ્વામી આવામાં મુખ્ય છે. લગ્નમંડપમાંથી નાસી ગયા અને સાધના કર્યા પછી પણ તેમણે ફર્યા કરેલું. એક યાત્રા તો તેર વર્ષ ચાલેલી. રામેશ્વરથી બદ્રિનાથ અને કાશ્મીર, કાશી પગતળે કાઢી નાખેલાં. લોકસ્થિતિની દુર્દશા, દુર્બળતા અને અધઃપતનનું તંતોતંત દર્શન થયું હોય જ. તેમના 'આસમાની સુલતાની' પ્રકરણમાં તેમણે આ ઉદ્ધ્વસ્ત થઈ ગયેલા સમાજનું હૃદયદ્રાવક વર્ણન કર્યું છે.

> 'વિધર્મીનાં ધાડાં આવતાં બેઉ બાજુના સૈનિકો લોકોની જ લૂંટફાટ કરે છે. પછી તે મુસલમાન હોય કે પોર્ટુગીઝ. લોકોના દેવધર્મ પર હલ્લો કરી લોકોનાં મન ભાગી નાંખ્યાં છે. ઘરમાં સંતાયેલી જુવાન કન્યાઓને ઢસડી ભ્રષ્ટ કરે છે. અન્ન ન મળતાં લોકો ધર્મપલટો કરે છે. કુળવાનો ધર્મનિષ્ઠા જાળવવા આત્મહત્યા કરે છે. નદીમાં પડી ડૂબી મરે છે. ચારે બાજ લૂંટાલૂંટ! કોઈ ઉપાય દેખાતો નથી.'

'મોઠી ફજીતી, ફજીતી, સાંગાવે તે કિતી.' ત્રાસીને બોલી ઊઠે છે: "દાસ મ્હણે રે ભગવંતા । કિતી ધરાસી સત્ત્વ । હાય વાંચોની વાંચોની । ને પરતેં જીવિતા ॥ (જીવવાનો કશો અર્થ નથી રહ્યો, દેવ, આ જીવતર પાછું લઈ લે તું.) "પરચક્રવિરૂપાણાંત" પ્રકરણમાં ફરી કહે છે: "કાંહીચ પાહિતાં ઘડવાંહિ । વિચાર સૂઝે ના કાંહી । અખંડ ચિંતેચા પ્રવાહી પડલે લોકા ॥'

મુસલમાની આક્રમણે જે દારુણ પરિસ્થિતિ પેદા કરી છે તેની અસરમાંથી, કોમલ પદાવલિ રચવામાં મગ્ન કવિ વિદ્યાપતિ પણ, બચ્યા નથી. પોતાના ગ્રંથ 'કીર્તિલતા'માં એક સ્થળે મુસ્લિમ રાજ્ય જોનપુરને લક્ષમાં લઈ વર્ણન કર્યું છે:

'તુરક લોક હિંદુઓનું અપમાન કરવાનું ચૂકતા નથી. બ્રાહ્મણ બટુકોને પકડી તેના માથા પર ગાયના માંસની હાંડી ચડાવે છે. તેની જનોઈ તોડી નાખે છે. કપાળનું તિલક ભૂંસી નાખે છે.'

ગુજરાતને પુષ્ટિમાર્ગની ભક્તિથી રંગી દેનાર વલ્લભાચાર્ય કરુણાર્દ્ર શબ્દોમાં કહે છે:

'મ્લેચ્છોએ આક્રમણ કરેલ આ પ્રદેશ પાપનો અખાડો બની ગયેલ છે. લોકો વ્યગ્ર અને વ્યથિત છે. સત્પુરુષો પીડાય છે. તીર્થસ્થાનો દુષ્ટોના અધિકારમાં છે. દેવતાઓ પણ સંતાઈ ગયા છે. મંત્રો પ્રભાવહીન કે નષ્ટ થયા છે.'

ફક્ત છેક દક્ષિણનો ભાગ બાદ કરીએ તો આખા દેશમાં સંતોએ આ દશા જોઈ, અનુભવી છે. રખે આને કોઈ કાવ્યકલ્પના ગણે. હકીકતમાં, સંવેદનશીલ અને નિર્ભય કવિ પોતાની સામેના જનસમૂહની જે વેદના વ્યક્ત કરે તેની સચ્ચાઈ દરબારી ઈતિહાસકારો કરતાં વધારે મહત્ત્વની છે. કારણ કે તેમને દરબારી માન-સન્માનની પડી નથી. ફરિશ્તા કે બરાની કોઈ પણ અગાઉના બાદશાહોની ટીકા કરે, પણ પોતે જેના સમયમાં કે આશ્રયે જીવે છે તેની ટીકા તે કરી શકે નહીં. જ્યારે આ સંતો પછી તે દાદુ હોય, તુકારામ કે કુંભનદાસ હોય, તેમને પોશાક કે પાલખીની કશીય ખેવના નથી. તે તો કહેવાના: 'સંતકો સીકરીસે કયા કામ?' –(સંતને અકબરની ફતેહપુર સિક્રી જઈને શું કરવું છે?) આ અર્થમાં તુલસીરામાયણ, એકનાથનું ભાવાર્થ રામાયણ, દાસબોધ કે તુકારામે સિપાહીઓને સંબોધીને ગાયેલા અભંગો, તે વખતની લોકસ્થિતિનું સાચું દર્શન કરાવે છે.

ઈતિહાસના પુરાવાય ખપના છે. મુસ્લિમ આક્રમકોએ આ દેશની જે દુર્દશા કરી તે સૌને આકુળ-વ્યાકુળ કરી મૂકે તેવી હતી, તેમ ઐતિહાસિક નોંધો પરથીય સ્પષ્ટ દેખાય છે.

મહમૂદ ગઝનવીએ સોમનાથનું મંદિર તોડયું ત્યારથી તે ઔરંગઝેબે અકબરે બંધ કરેલ જજિયાવેરો ચાલુ કર્યો, કાશી વિશ્વેશ્વર અને મથુરાનાં મંદિરો તોડયાં ત્યાં સુધીનાં આશરે સાડી છસો વર્ષોમાં, દેશના મૂળવાસીઓને ધૂળના રજકણથીયે તુચ્છ ગણવાના પ્રયાસોની નોંધો મળી શકે છે.

* તુઘલુકવંશી ફીરોજશાહને કેટલાક ઈતિહાસકારો સારો બાદશાહ ગણે છે. કેમ કે તેણે નહેરો ખોદાવી, દિલ્હીને બગીચાઓથી રૂપાળું બનાવ્યું. પણ આ દેશના મૂળ દેશવાસી હિંદુઓ માટેનું તેનું વલણ તેના જ શબ્દોમાં લઈએ :

> 'પેગંબરે દર્શાવેલ કાનૂનની વિરુદ્ધ જઈને આ લોકો નવાં મંદિરો બાંધતા હતા, મેં તે મંદિરો ભાંગ્યાં ને આગેવાનોની કતલ કરી. કોઈ જિમ્મી મુસલમાની રાજયમાં આવી નાપાક રીતો અખત્યાર ન કરી શકે, તેવી ચેતવણી આપવા મેં એ મંદિરો તોડી ત્યાં મસ્જિદો બંધાવી.
>
> 'મેં મારી રૈયતને મુસ્લિમ ધર્મમાં આવવા ઉત્તેજન આપ્યું. મેં જાહેર કર્યું કે જે કોઈ કલમા પઢશે ને મુસલમાન થશે, તેનો જજિયાવેરો માફ થશે. રોજ સેંકડો લોકો ખૂણે ખૂણેથી આવવા માંડયા.'

ફીરોજે નગરકોટનું પ્રસિદ્ધ જ્વાલામંદિર તોડયું. ફરિશ્તાએ નોંધ્યું છે કે 'સુલતાને મૂર્તિના ટુકડા કર્યા, ગોમાંસ સાથે ભેળવ્યા અને બ્રાહ્મણોને મોંએ તેના તોબરા બાંધી ફેરવ્યા.'

* તૈમૂરની સવારીનો એક જ કિસ્સો સાંભળીએ. તેનો ઈતિહાસકાર લખે છે :

> બે અમીરોએ તૈમૂર પાસે જઈ કહ્યું કે 'આગલે દિવસે દુશ્મનોએ આપણા પર હુમલો કર્યો ત્યારે કેદીઓ અમારી સાથે જેમતેમ બોલતા હતા, દુશ્મનોની ફતેહના સમાચાર સાંભળી ભેગા મળી નાસી જઈ દુશ્મનોમાં ભળી જવાનો વિચાર કરતા હતા.' તૈમૂરે શું કરવું તેની સલાહ પૂછી. અમીરોએ કહ્યું : 'લડાઈના ખરા પ્રસંગે આ એક લાખ કેદીઓને સરસામાન સાથે સાચવી ન શકાય. ઈસ્લામના આ દુશ્મનોને છૂટા પણ ન મૂકી શકાય. તલવારની ધારે ઉતાર્યા સિવાય બીજો કોઈ રસ્તો નથી.' તૈમૂરે પોતાની છાવણીમાં ફરમાન બહાર પાડયું કે જેના કબજામાં મૂર્તિપૂજક કેદીઓ હોય તેમની કતલ કરવાની છે, અને જે નહીં કરે તેનીય કતલ થશે! એ દિવસે એક લાખ વિધર્મી કેદીઓને રહેંસી નાખવામાં આવ્યા. × × × મૌલાના નસીરુદ્દીન ઉમરે તો એની આખી જિંદગીમાં હોલુંય માર્યું નહોતું, પણ હુકમના અનુસંધાને તેણેય પંદર હિંદુઓનાં માથાં ઉડાડી દીધાં.

* જજિયાવેરો લઈને મૂર્તિપૂજકોને અમુક શરતોએ અમુક સલામતી આપવી, તેવું પણ બધા શાસકો માનતા નહોતા. આવી છૂટ ફક્ત યહૂદી અને ખ્રિસ્તીઓને અપાવી જોઈએ તેવું પણ માનનારા હતા. બરાની જેવા ઈતિહાસકારને જજિયાવેરો લઈને આ મૂર્તિપૂજકોને આવી છૂટ અપાય તે રુચતું નથી. તે કહે છે : "જજિયાવેરા રૂપે થોડા સિક્કા આપે તેથી આ નાપાકોને પોતાની નાસ્તિકતા પ્રદર્શિત કરનારી વિધિઓ કરવાની કે તેવું સાહિત્ય વાંચવાની છૂટ આપવી, તે શું વાજબી ગણાય? તો પછી સાચો ધર્મ કેવી રીતે ઉપર આવે? ઈસ્લામનું નિશાન કેવી રીતે ઊંચું રહે?"

* પોતાની 'ફતવા ઈ જહાંદારી'માં બરાની આ ઉકળાટ રોકી શકતો નથી: "મહમૂદ ગઝની એક વધુ વાર હિંદુસ્તાનમાં આવ્યો હોત તો તેણે હિંદના બધા બ્રાહ્મણોનો તલવારની ધારે શિરચ્છેદ કર્યો હોત. બ્રાહ્મણોને લીધે જ આ વિશાળ મુલકમાં મૂર્તિપૂજકોનું બળ અને નાસ્તિકતા ચાલુ રહ્યાં છે. તેણે બે-ત્રણ લાખ હિંદુ આગેવાનોનાં માથાં ઉડાવી દીધાં હોત, આખું હિંદુસ્તાન મુસલમાન ન બને ત્યાં સુધી તલવાર મ્યાન ન કરી હોત; કારણ કે મહમૂદ શફાઈ હતો. અને ઈમામ શફીના કહેવા મુજબ 'હિંદુઓ કાં મરે ને

કાં મુસલમાન થાય.' તેમની પાસેથી જજિયાવેરો લેવાની છૂટ શરિયત મુજબની નથી. આ માત્ર ઈતિહાસકારનો બળાપો નથી. કેટલાય બાદશાહો – સૂબા, સેનાપતિઓનું આચરણ હતું.

* સિકંદર લોદી જે લોદીવંશનો છેલ્લો બાદશાહ હતો તેના વિશે એક મુસ્લિમ ઈતિહાસકાર લખે છે : "તેણે મથુરાનાં મંદિરોને ધૂળ ભેગાં કર્યાં, મૂર્તિના પથ્થરના ટુકડા ટુકડા કરી કસાઈઓના તોલમાપના સાધન તરીકે વાપરવા વહેંચ્યા."

* આ ઈતિહાસકારોએ કદાચ પોતાના આશ્રયદાતાઓનું ગૌરવ વધારવા ક્યાંક વધારે પડતું લખ્યું હોય, તેવું માનીએ. પણ ઈબ્ન બતૂતા તો પ્રવાસી હતો, વિચક્ષણ અને ચકોર પ્રવાસી હતો, બહુ વર્ષો અહીં રહ્યો હતો. દિલ્હીની ઈદ ઉજવણીનો જલસો વર્ણવતાં તે લખે છે : 'તે પછી દાખલ થાય છે ગાયકો. પહેલી ટુકડી છે નાસ્તિક હિંદુ રાજાઓની કેદ પકડાયેલી કન્યાઓની. તેઓ ગાય છે, નાચે છે, અને પછીથી બાદશાહ તેમને પોતાના અમીરો વચ્ચે વહેંચી દે છે. બીજી આવે છે, તેમને પોતાનાં સગાંવહાલાં અને મલિકોને આપી દે છે.'

બીજી એક જગ્યાએ ઉલ્લેખ કરે છે : 'એ વખતે કેટલીક હિંદુ સ્ત્રીઓ પકડાઈને આવેલી, મને પણ દસ મોકલી. એક મેં લાવનાર આદમીને આપી; ત્રણ જુવાન છોકરીઓને મારા સાથીદારો લઈ ગયા; બાકીનીનું શું થયું તે યાદ નથી.'

જેમને ભય નથી, સંસારના સ્વાર્થ નથી, બીજાને દુ:ખે દુ:ખી થવું જેમને મન સહજ છે, તે સંતો આ જોઈને દુ:ખી દુ:ખી થઈ જાય, અને ઉકળાટમાં ભગવાનનેય બેઅદબ પ્રશ્નો પૂછી બેસે તેમાં નવાઈ છે શું?

## [૩]

કોઈ પણ બે સંસ્કૃતિનો મુકાબલો થાય છે ત્યારે બે પ્રક્રિયા અમલમાં આવે છે. પહેલી પ્રક્રિયા મુકાબલા માટે સંગઠિત થવાની, પોતામાં ખૂણેખાંચરે રહેલી શક્તિને સાચવી, થાબડી એકત્રિત કરવાની. બીજી પ્રક્રિયા ચાલે છે આવનારી સંસ્કૃતિના સદંશો તપાસી, તેને પોતામાં ઉમેરી સમન્વયનો કોઈ રસ્તો શોધવાની. આના જ પેટાભાગ રૂપે પ્રક્રિયા ચાલે છે સ્વયં આત્મશોધન કરી પોતાના દોષો દૂર કરવાની. કોઈ પણ જાગ્રત સમાજ, જો તે મરણાસન્ન ન હોય તો એ બેઉ પ્રક્રિયામાંથી પસાર થાય છે.

મધ્યયુગના સંતોમાં આ બંને પ્રક્રિયાઓ દેખાય છે. હિંદુ ધર્મના શ્રેષ્ઠ અંશો બહાર લાવી, સંગઠિત કરી આક્રમકો સામે ઝૂઝવા પર ભાર દેનારા સંતોના શિરોમણિ ગુસાંઈજી મહારાજ તુલસીદાસજી અને સમર્થ સ્વામી રામદાસ છે. રામભક્તિનો ઉત્તુંગ મહિમા ગાઈ તેમણે મુસ્લિમ આક્રમણો સામે વેરવિખેર થઈ ગયેલા હિંદુસમાજને એકત્રિત કરવાનું રસાયણ આપ્યું છે. તુલસીદાસજી અને રામદાસ સ્વામી, કબીર વગેરેની સરખામણીમાં અવશ્ય સ્થિતિચુસ્ત છે. પણ બીજી બાજુ, સાંસ્કૃતિક કશમકશમાં જે લોકો આત્મબળ બતાવ્યા વિના સમન્વયની વાત કરે છે, પોતાના દોષોનું શોધન કરવા પર જ વધારે ભાર મૂકે છે તેમની વાત સાચી હોવા છતાં, આક્રમકો વિજયના કેફમાં સમન્વયની વાત સ્વીકારતા નથી. વાસ્તવમાં, સમન્વયનો તબક્કો સમતોલ બળ જોયા પછી આવે છે, ઈતિહાસમાં સામૂહિક માનસની એ ગતિવિધિ છે.

અંતે તો, જે પોતાના દોષો અને આક્રમકના ગુણો જોતો જ નથી, તેની વાત પણ લાંબા ગાળે ટકતી નથી. દોષવાળું શરીર સડે છે અને પડે જ છે.

જે સમાજવ્યવસ્થા પોતાના દોષો બતાવનારને આંખથી આઘા કરે કે અવગણે તે કદાચ મિથ્યાભિમાનના જોશ પર થોડી વાર લડી શકે પણ ટકી ન શકે.

મધ્યયુગના સંતોનું જો ઐતિહાસિક અવતારકૃત્ય હોય તો આ બેઉ પ્રક્રિયાને પોતામાં પ્રમાણસર સમાવ-વાનો એક મહાન પ્રયાસ કરવામાં છે. અને વિશેષે કરી પોતાનું સાંસ્કૃતિક સાતત્ય જાળવી રાખીને તેમણે આ કર્યું તે જોઈએ તો આપણું માથું અહોભાવે નમ્યા સિવાય રહે નહીં.

ઈતિહાસકારોની એક શાખાએ વર્ષો સુધી મધ્યયુગના આ સંતોની શીખ કે કામગીરી બહારના કે મુસ્લિમ કે ખ્રિસ્તી ધર્મના સંપર્કના પ્રતાપે જન્મી છે કે કેમ તેનો વિવાદ ચલાવ્યો છે. આ સંતોની શીખ કે કામગીરી શી હતી તે પહેલાં તપાસીએ, પછી તેનું અનુસંધાન ભારતીય જનજીવનના ઐતિહાસિક પ્રવાહ સાથે હતું કે નહીં તેનો ઉત્તર મેળવવા કોશિશ કરીએ.

આ બેઉ પ્રવાહના સંતોની લગભગ સર્વસ્વીકૃત બાબતો આવી છે :

(૧) નિજી – સ્વયં અનુભવ પર આધારિત ઉપદેશ; (૨) ભક્તિ સાધન પર શ્રદ્ધા; તેમાંય નામસ્મરણ પર ઝોક; (૩) ભક્તિના ક્ષેત્રમાં ભેદાભેદ, ઊંચનીચપણાનો અસ્વીકાર; (૪) ચમત્કાર, મંત્ર-તંત્ર કે તામસી દેવદેવતાનો નિષેધ; (૫) કહેણીકરણીમાં મેળનો મહિમા; (૬) લોકભાષામાં ઉપદેશનો આગ્રહ; (૭) સાધનામાં બાહ્ય વેશભૂષાના ઠઠારા તરફ અભાવ.

આ બધા સંતોનાં વચનોનું કે જીવનનું મનન કરનાર પર ન વીસરાય તેવી એક છાપ પડે છે તેમના નિજી અનુભવની. મૂળે તે બધા અનુપમ અલૌકિક સર્વવ્યાપી, સર્વસમર્થ છતાં જેને ઈચ્છા હોય તેને સુલભ એવા પરમતત્ત્વના અનુભવાર્થીઓ હતા. આ અનુભવ થોડો કે વધારે મળ્યે તેઓ ગાઈ ઊઠે છે પણ તેનો મૂળ આધાર છે પોતીકો અનુભવ. માણસ બીજાના અનુભવની વાત કરી શકે છે અને જગતના બધા કવિ-ઓએ તે અત્યંત સચોટ રીતે કહેલ છે, પણ મધ્ય યુગના સંતોની વિશેષતા એ છે કે તેમણે બીજાની વાત કરી નથી. કબીરે આ રીતે વર્ણવ્યું : 'લિખાલિખીકી બાત નહીં દેખાદેખીકી બાત' (ફલાણાએ આ કહ્યું છે તેવી ા વાત નથી, આ તો જાતે જોયાની વાત છે.) કારણ? —

મિસરી મિસરી કીજીયે મુખ મીઠા નહીં હોય,
મીઠા તબહી હોઈબે છિટકાવે મુખ માંહીં.

(સાકર સાકર કર્યા કરવાથી કંઈ મોં ગળ્યું થતું નથી. તે માટે તો સાકર મોંમાં નાખવી જોઈએ.)
'બાતોં હી પહોંચો નહીં.' (વાત કરવાથી પહોંચાતું નથી)

મલૂકદાસે, વળી આથીયે ચોટદાર રીતે કહ્યું :

બાતોં તિમિર ન ભાજઈ દીવા, બાતી, તેલ.

(અરે બંદા, વાત કરવાથી કાંઈ અંધારું દૂર થતું નથી. તેને માટે તો તેલ, દિવેટ અને દીવાસળી જોઈએ.) પણ વાત કરવી સહેલી છે. અને કામ કરવું તો અઘરું છે. અને તેમાંય અગમ અરૂપને પામવા નીકળી પડવું તે તો બહુ અઘરું છે!

કથની મીઠી ખાંડસી, કરની વિષકી લોય;
કથની તજી કરની કરે, વિષસે અમૃત હોય.

સંતો આ કરણી વિશે સહજ રીતે જ અત્યંત આગ્રહી છે. કહેવાય છે કે જ્ઞાનેશ્વર પાસે એક માતા પોતાનો દીકરો વધારે પડતો ગોળ ખાય છે, એટલે ગળપણ સહેજ ઓછું ખાય તેવો ઉપદેશ આપો તેવું કહેવા ગઈ. જ્ઞાનેશ્વર એ વખતે જમતા હતા. બીજે દિવસે આવવા કહ્યું. બીજે દિવસે માતા અને બાળક ગયાં ત્યારે બાળકને ગોળ ન ખાવા માટે ઉપદેશ આપ્યો. ત્યારે માતાએ કહ્યું : 'આ તો આપ કાલે કહી શકયા હોત, આજે ફરી આવવાનું શા સારુ કહ્યું?' જ્ઞાનેશ્વર શાંતિથી કહે 'તે વખતે હું જ ગોળ ખાતો હતો.'

સંતોનો આવો આગ્રહ તે કાળે ધર્મજીવનમાં વ્યાપેલા દંભ પર આઘાત કરવામાં, જીવનને નિર્દંભ ને સરળતા તરફ લઈ જવામાં ભારે અસરકારક થયો છે.

લોકોનું જીવન દંભરહિત તો કદી હોતું નથી પણ એ સમયે દેશના ઉપલા અને એમાંયે ઉપલા બે વર્ણોમાં દાંભિકતાનો દોરદમામ હતો. એ વાત ઉઘાડી છે કે કોઈ પણ દંભ તે કાયરતાની નિશાની છે.

પ્રજાજીવનને નિર્ભય કરવા માટે આ ઉપલા વર્ગોના બેહદ દંભને રોકવા કે ઉઘાડો પાડવાની સામાજિક જરૂરિયાત હતી. સંસારવહેવારમાં દાંભિકતા કંઈકે ક્ષમ્ય હતી પણ ધર્મ કે જેનું કર્તવ્ય સુધારવાનું છે ત્યાં દંભનું ચલણ પ્રજાના ચારિત્રને નીચું પાડનારું હતું. બધા સંતોએ આની સામે જાણે જેહાદ ઉપાડી :

'પાની મિલે ન આપકો ઔર ન બકસત છીર.'

(પોતાની પાસે તો પાણી પણ નથી અને બીજાને દૂધ પીરસવા નીકળી પડયા છે!)

દાદુ સામાન્યત: અનાક્રમક છે. પણ તેય સહેજ ઊંચા સૂરે ફરિયાદ કરે છે :

કરને વાલે હમ નહીં કહનેમેં હમ સૂર
કહીબા હમસે નિકટ હૈ, કરીબા હમસે દૂર.

અમે કરતા કાંઈ નથી. ફક્ત કહેવામાં જ શૂરા છીએ.

પદજોડે સાખી કહૈં વિશૈ ન છાંડે જીવ
પાની ઘાલી વિલોઈએ ક્યોં કર નિકલે ઘીવ.

(જ્ઞાન-વૈરાગ્યનાં પદો રચે પણ વિષય તો છોડતા નથી. તેથી શું વળે? પાણી વલોવવાથી ઘી થોડું નીકળશે?)

અરે પદરચના કે પદપ્રકાશથી અહંભાવ અને વિકારોની ફોજ થોડી જ ભાગે છે?

મસી-કાગજકે આસરે ક્યોં છૂટે સંસાર!

શાહી ને કાગળની હોડીને આશરે કાંઈ સંસારસમુદ્ર તરી જવાય ભલા? શબ્દાધારે હોડી ન ચાલે, એ તો બાવન બહાર નીકળવું જોઈએ : 'રામ વિના છૂટે નહીં દાદૂ મર્મવિકાર.'

નાનકદેવે પણ આ જ કહ્યું :

લેખ અસંખ્ય લિખી લિખી માનું
મતિ માનીએ સચુ સુરતિ સખાનુ.
કથની વદતિ પડી પડી ભારૂ
બાધા છૂટે નામુ સમ્હાલી.

અસંખ્ય લખાણ લખી લખીને ફુલાય છે પણ જીવનમાં તલ્લીનતા આવે તો ને? કહેણીને પાઠ તો ભારરૂપ છે. "નામ સંભારે તો બંધ છૂટે." પણ તે વખતના બ્રાહ્મણો, ગુરુ, પંડયા-પુરોહિતો તો કરણીથી સેંકડો જોજન દૂર હતા. ગુસાંઈજી તો વર્ણાશ્રમ-ધર્મ-સમર્થક સંત હતા. તેમનેય કહેવું પડયું :

પર ઉપદેશ કુસલ બહુતેરે
જે આચરહીં તે નર ન ઘનેરે

સંસારની લાલચોથી દૂર રહેવાની તીવ્રતા એટલી છે કે એ બધાને રાજા, મહારાજા, શાહ, શહેનશાહ કોઈનીય ખુશામત મંજૂર નથી. જેણે એક રામ ધણી ધાર્યો તેને બીજાની પરવા શા સારુ હોય?

આ સંતોમાં બહુ ઓછા લોકોએ દરબારી આશ્રય લીધો. હા, વિરોધ ઘણાએ કર્યો હશે.

કુંભનદાસે કહ્યું :

સંતકો સિકરીસે કયા કામ?
આવન-જાવન પનૈહ્યા તૂટી
બિસરી ગયો હરિનામ.

ગુસાંઈજીએ ગૌરવભેર કહી દીધું :

હમ ચાકર રઘુવીરકે પઢયોં લિખ્યો દરબાર,
તુલસી હમ કયોં હોઈએ નરકે મનસબદાર.

(અરે, તુલસીએ આભ-ધરતીના ધણી રઘુવીરની ચાકરી સ્વીકારી પટ્ટો લઈ લીધો છે તે વળી, નરનો નોકર કેમ થાય?)

*

આ નિશ્ચલ નિજી અનુભવનો સાર શું હતો? દુનિયાના બધા ભક્તો રહસ્યવાદીઓ અને મરમીઓને છે એ જ : આકાશ બધે એક જ છે. એને કોઈ જીવ-શિવની એકતા કહે, બ્રહ્માનુભવ કહે, વિષ્ણુ કે કૃષ્ણસંબંધ કહે, પુત્ર દ્વારા પિતાનું મિલન કહે, ભગવતલીલા કહે, જે કહે તે; વાત એક જ છે કે માણસમાં એક એવું પરમ તત્ત્વ પડેલું છે કે જેના અનુભવ પછી માણસ અક્ષુબ્ધ અડોલ રહી પ્રસન્નતાની પરમાવધિએ પહોંચી શકે છે. આવી સ્થિતિમાં હોઈ દૂજેભાવ, અલગ અસ્તિત્વ રહેતું નથી. જે બહાર છે તે જ અંદર છે. અંદર ને બહાર બધું એકાકાર છે. તો 'કાસોં બૈર કરોં?'

– જે ઘડીએ આ ભાન થયું તે જ ઘડીએ બધી દ્વિધા, બાધા, રાગદ્વેષ ઓગળી ગયા. દ્વૈતભાવ જ નાશ પામ્યો.

આ સ્થિતિએ પહોંચવા ઈન્દ્રિયો અને મનની દોડાદોડી, ચંચળતા અને સ્થૂળ રસોમાંથી નીકળી જવું તે જરૂરી છે. આ નીકળવા માટે કોઈ સતત સાધનાની અવશ્ય આવશ્યકતા છે :

યહ તો ઘર હૈ પ્રેમકા, ખાલાકા ઘર નાહીં
શીશ કાટી ભૂંઈ પર ધરે, તબ પૈઠે ઘર માંહી.

(આ કોઈ સહેલી વાત નથી, આ તો સાચી પ્રેમિકાનો નિવાસ છે, જે પોતાનું માથું જાતે ઉતારી દે તે આ ઘરમાં પેસી શકે.)

સિર રાખે સિર જાત હૈ, સિર કાટે સિર હોય.
જૈસે બાતી દીપકી, કટી ઉજિયારા હોય.

(જે પોતાની દેહાશ્રિત જાતને સાચવવાનો લોભ રાખે છે તે શિર ખુએ છે પણ જે માથું ઉતારી દે છે તેનું જ માથું સલામત રહે છે. દીવાની વાટ કાપી નાખ્યા પછી ઊલટું ઝાકમઝોળ અજવાળું થાય છે.)

ઈશુએ આ જ કહ્યું હતું : 'જે પોતાની જાતને સાચવશે તે ખોશે, પણ જે મારે માટે પોતાની જાતને સસ્તી કરશે તે અમરધામે પોગશે.'

## [૪]

આ સાધનાપથ એવો હોવો જોઈએ કે જે સૌને માટે હાથવગો હોય, થોડા સિદ્ધિમંતો કે બુદ્ધિમંતો જેનો લાભ લઈ શકે તેથી બધાનું શું? ભગવાન તો સૌમાં બેઠા છે. સંતોને હઠયોગ, કુંડલિનીયોગ જેવા માર્ગો તો પસંદ નથી જ પણ તીર્થયાત્રા, આકરાં તપો, સંન્યાસ, ગરીબોને ન પરવડે તેવાં દાન-દક્ષિણામંત્રો,

મંદિરોનો ઠઠારો, જ્ઞાનમાર્ગ કશુંય પસંદ નથી. ગરીબમાં ગરીબ, છેલ્લામાં છેલ્લો, નિરાધારમાં નિરાધાર માણસ પણ જો સંકલ્પબળથી ઇચ્છે તો ચાલી શકે તેવો રસ્તો જોઈએ.

ધ્યેય — નિશાન અને માર્ગ બંને વિશે આ સંતોએ જે સ્વાનુભવે દર્શાવ્યું તેણે એ કાળે ભારે સામાજિક પરિવર્તન માટેનાં બારણાં ખોલ્યાં. તે આ સદીનો ઐતિહાસિક નિષ્કર્ષ છે. શું છે આ નિશાન?

સબ ઘટ મેરા સાંઇયાં સૂની સેજ ન કોઈ

(બધે જ મારો સાંઈ, મારો સાહેબ છે. કોઈ પથારી એના વિનાની ખાલી નથી જ.) પણ

વા ઘટકી બલિહારિયાં, જો ઘટ પરગટ હોઈ —

(એ દેહ ધન્ય ધન્ય છે જેમાં તે પ્રગટ થાય છે.)

પાવકરૂપી સાંઇયાં સબ ઘટ રહા સમાઈ
ચિત્ત ચકમક લાગૈ નહીં તાતે બુઝબુઝ જાઈ.

(અરે! મારો સાંઈ તો બધાના દેહમાં પવિત્ર અગ્નિ જેવો બેઠો છે, પણ મન રૂપી ચકમક તેની જોડે બેસતું નથી, એટલે રહી રહીને ઓલવાઈ જાય છે — આ દિવ્ય અગ્નિ.)

પણ તે સહેલ નથી, એકહાર્ટ પશ્ચિમનો મોટો મરમી થઈ ગયો. તેણે આ જ વાત આ રીતે મૂકી છે:

ઈશ્વરનું બીજ માણસમાં છે. જો બુદ્ધિશાળી ખેડૂતની જેમ ભારે શ્રમપૂર્વક એનો ઉછેર થાય તો એ ખાસું ઊગી, વધીને ઈશ્વરનું ફળ પ્રાપ્ત કર્યા વિના ન રહે — કેમ કે એ બીજ ઈશ્વરનું છે. સફરજનનું બીજ સફરજન આપે છે. આખરોટનું બીજ આખરોટ. એવું જ ઈશ્વરના બીજનીય પ્રકૃતિ છે.

જૉર્જ ફૉક્સ સત્તરમી સદીમાં ક્વેકર પંથના સ્થાપક થઈ ગયા. તેમને પણ સ્થાપિત પંડ્યા-પુરોહિતો સાથે, સ્થાપિત રાજસત્તા સાથે આપણા સંતોની જેમ જ મીઠો ઝઘડો કાયમ રહ્યો. 'નિજી અનુભવના આધારે — શાસ્ત્રાધારે કે શબ્દ પ્રામાણ્યાધારે નહીં — તેને પોતાને આ સ્વયંભૂ અનુભવ થયો ત્યારે શું અનુભવ્યું?

— ઈશુના દૈવી પ્રકાશથી દરેક માનવી પ્રબુદ્ધ થઈ ચૂક્યો છે. 'દૈવી પ્રકાશ' કહ્યો : 'પાવક રૂપી સાંઇયાં ઘટઘટ રહ્યા સમાઈ'

'અને મેં એને સર્વમાં પ્રકાશતો જોયો. કોઈ મનુષ્યની મદદ વિના મેં એને ઉજાસના શુદ્ધ ઉઘાડમાં જોયો ત્યારે મને એનીય જાણ ન હતી કે એને ક્યાં શોધું — ધર્મગ્રંથમાં હશે કે નહીં. જોકે પાછળથી શોધતાં એ મને ધર્મગ્રંથમાં લાધ્યો. . . '

અને આ પરમપ્રભુ કાંઈ દેહમાં જ છે તેવું નથી, બહાર પણ તે જ છે:

"ખાલિક ખલક, ખલક મેં ખાલિક" : (સબ ઘટ રહ્યા સમાઈ. ખલક – ખલ્ક – જગત ખાલિકમાં છે, અને ખાલિક ખલકમાં છે.)

આ વારે વારે બુઝાઈ જતા સાંઈ રૂપી પાવકમાં દર્શન કેમ થાય?

સંતોએ તેનો અફર જવાબ આપ્યો : અહૈતુકી, એકાગ્ર ભક્તિ વડે, તેને માટે યોગ, તપ-તીરથ, યજ્ઞ, ઉત્સવ, ક્રિયાકાંડો, કશું કરવાની જરૂર નથી. એ બધાં તો ઊલટાં ગૂંચવાડામાં નાખે તેવાં છે. યોગ શક્તિ આપશે પણ મુક્તિ કેમ આપશે? તીરથ, યજ્ઞ, અનેકવિધ દાનવિધિવાળા ક્રિયાકાંડો આબરૂ, મોટપ આપશે, પણ મુક્તિ તો છેટી જ રહેવાની. આ બધાં હોય છતાં પેલો પ્રિયતમ ન હોય! અને બધાં અકિંચનો, દુર્બળો, સ્ત્રી-બાળકો કમ બુદ્ધિવાળાં તે કરી પણ કેમ શકે? બધા પાસે એટલો સમય — ધન ક્યાં? બુદ્ધિનો આંક પણ ક્યાં છે? બીજા માર્ગો નથી તેવું પણ નથી. પણ તે સુલભ નથી. ગીતાએ બારમા અધ્યાયના આરંભમાં જ કહ્યું છે કે વ્યક્ત કે અવ્યક્ત બંનેની ભક્તિ એક જ ઠામે પહોંચાડે છે પણ અવ્યક્તની ભક્તિ મુશ્કેલ અને ક્લેશભરી છે:

'ક્લેશઃ અધિકતરઃ તેષાં, અવ્યક્તાસક્ત-ચેતસામ્ ।

રામકૃષ્ણદેવ ભક્તિને વાંદરા તથા મીંદડીના બચ્ચાંનો દાખલો આપી સમજાવતા. વાંદરાનું બચ્ચું પોતાના બળે માને વળગી રહે છે; પણ કોઈ વાર એની પકડ છૂટી જતાં પડી પણ જાય છે. મીંદડીનું બચ્ચું જ્યાં હોય ત્યાં જ પડયું રહે છે—માત્ર સતત મ્યાઉં મ્યાઉં કર્યા કરે છે. એટલે મા આવી તેને ઊંચકી જાય છે.

ભક્તિ આ મીંદડીના બચ્ચાંની વાત જેવી છે. માત્ર એકાગ્રભાવે, સતત 'મ્યાઉં મ્યાઉં' કરવાનું, મા આવીને ઠેકાણે પહોંચાડી દેશે. એટલે સંતોએ તો સાદું સાધન આપ્યું, નામસ્મરણ જ. અહીં સ્મરણનો વિશિષ્ટ અર્થ છે: માળાના મણકાના આધારે ચાલતું સ્મરણ નહીં, એમ હોત તો કહેવાયું ન હોત:

માળા તો કરમ ફરે, જીભ ફિરે મુખ માંહી;
મનુઆ તો ચહુદિશ ફરે, સોઈ તો સુમિરન નાહીં.

સ્મરણ સ્મૃતિ સાથે સંકળાયેલું છે. સ્મૃતિ રહેવી જોઈએ, પછી માળા હાથમાં હોય કે નહીં. 'પતિ-વ્રતા પિહર બસે, સુરતિ રહે પિયુ માંહી'—(પતિવ્રતા પિયરમાં રહેતી હોય, પણ તેનું મન—સ્મૃતિ તો દૂર વસતા પિયુમાં રહે, તેમ.)

આ સ્મૃતિને તે લોકોએ 'અજપાજાપ' પણ કહેલ છે. જપ કરવા બેઠા ત્યારે જાપ ચાલે તેમ નહીં, હરતાંફરતાં, રાંધતાં, પીરસતાં, દળતાં, ખાંડતાં, ખેડતાં, બધાં રોજિંદાં કામો કરતાં આ સાંઈનું સ્મરણ રહી શકે તે જ સહજ સમાધિ.

જહં જહં ડોલૌં સો પરિકરમા, જો કછુ કરૌં સો સેવા;
જબ સોવૌં તબ કરૌં દંડવત, પૂજૌં ઔર ન દેવા!
આંખ ન મૂંદૌં, કાન ન રૂંધૌં, તનિક કષ્ટ નહિ ધારૌં;
ખુલે નૈન પહિચાનો હંસિ હંસિ, સુંદર રૂપ નિહારૌં.
શબદ નિરંતરસે મન લાગા, મલિન વાસના ત્યાગી;
ઊઠત, બૈઠત, કબહુ ન છૂટૈ, ઐસી લગની લાગી.

આ ભક્તિમાર્ગ નરપતિથી માંડી ગણિકા સુધી સૌને માટે ખુલ્લો હતો, કશું ગુહ્ય, કશું એકાધિકાર-યુક્ત ન હતું.

આ માર્ગે રાજરાણી મીરાં, ગણિકા કાન્હોપાત્રા, દળણું દળી પેટ ભરનારી જનાબાઈ, મુસ્લિમ રજબ, ચમાર રૈદાસ, ક્ષત્રિય સુંદરદાસ, મુસ્લિમ બુલ્લાસાહેબ, દીનદરવેશ, દરિયાદાસ, સહજોબાઈ, દયા-બાઈ, જગજીવનદાસ, દુલ્હનદાસ, વીર સ્વામી પ્રાણનાથજી, વિરહે બાવરા બાઉલો, બધા ચાલ્યા.

સમાજના થરેથરમાંથી અમૃત સરવાણીઓ પ્રગટી, કારણ મુક્તિના આ માર્ગને મંદિરો કે મસ્જિદોએ ઢાંકી દીધો ન હતો; તેને કોઈ જન્મ-જાતિ કે વર્ણાશ્રમવ્યવસ્થા સાથે સ્નાનસૂતક નહોતું; તેને સંબંધ હતો અહૈતુકી ભક્તિ સાથે. ભક્ત પાસે ગુસાંઈજીએ યાચના કરાવી:

ધરમ ન અર્થ, ન કામ રૂચી, ચાહું ન પદ નિર્વાણ;
જનમ જનમ રતિ રામપદ, માગૂં હું યેહિ વરદાન.

નરસિંહે ગાયું હતું:

ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહિ રે . . .
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોર્યાસી માંહી રે . . .
ધન વૃન્દાવન ધન એ લીલા, ધન એ વ્રજના વાસી રે . . .
એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુક જોગી રે . . .

આ ભક્તિ પાસે વૈકુંઠ તુચ્છ છે.

હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે;
નિત સેવા નિત કીર્તન ઓચ્છવ, નીરખવા નંદકુમાર રે.

આને જ અનુસરી દયારામે ગાયું :

વૈકુંઠે નથી જાવું, ત્યાં મુજ નંદકુંવર ક્યાંથી લાવું રે?

પણ આ બધાં પ્રતિપાદનો અને ઉપપત્તિઓએ તે કાળે દેશના ચ' ખૂણે ખળભળાટ પણ મચાવી દીધો; એનો કોઈ સો ટકા સ્વીકાર કરે તે તે વખતના સમાજને કે રાજ્યને પરવડે તેવું ન હતું. કારણ કે એક વાર એ પ્રતિપાદન સ્વીકારો કે બધાંમાં પાવક સાંઈ વસી રહ્યો છે, એટલે બધાને માટે તેના મેળાપ સારુ પુરુષાર્થનાં બારણાં ખુલ્લાં રાખવાં જ જોઈએ. પરમ સૌખ્ય કે નિરવધિ આનંદનો ઈજારો કોઈ અમુકનો જ હોય તે મૂળ પ્રતિપાદન સાથે બંધબેસતું નથી. અને આ દરવાજા ખુલ્લા રાખવા હોય તો ત્યાં પહોંચવાના માર્ગો પણ સુલભ અને સહજ હોવા જોઈએ. પહોંચવાના માર્ગ પર વિવિધ પહેરેગીરો કે અવ-રોધો હોય તે ન્યાયી નથી.

વળી, ઉપરની ઉપપત્તિઓની જોડે જ એ ઉપપત્તિ પણ નીકળે જ કે જો બધામાં રામ હોય તો કોઈના પર જુલમ કરવો, કોઈનો પ્રાણઘાત કરવો, અરે કોઈનોય તુચ્છકાર કરવો તે ધર્મસંગત નથી; કારણ કે બધાંને સરખી જ પીડા થાય છે. ગાંધીજીએ પાછળથી સત્યની જોડે અહિંસાનું મિલન કર્યું તે ઉપલી ઉપપત્તિના કારણે જ. માનેલા સત્યને માટે પણ જુલમને અવકાશ નથી; કારણ કે રામ કે રહેમાન સર્વત્ર એકરસ છે. એટલે જ્યારે જુલમ થાય છે ત્યારે રામ કે રહેમાન પર જ થાય છે — છેવટની સ્થિતિમાં જુલમ કરનાર પર જ જુલમ થાય છે.

આ વાત સાથે વર્ણની ઊંચનીચતાના ખ્યાલો; અમુક ક્રિયાકાંડો, મંદિરો, મૂર્તિઓ, તીર્થો, અમુક જ વેશભૂષા, આવા કોઈ અનિવાર્ય વિધિનિષેધોનો મેળ ખાય તેવું ન હતું. આથી આ બધા સંતોને — સગુણ કે નિર્ગુણ, સાકાર કે નિરાકાર — બધાને તે વખતના હિંદુઓ અને મુસલમાન બંને ધર્મના પ્રચલિત વ્યવ-હારોનો ઓછોવત્તો વિરોધ કરવાનું આવ્યું. એ અર્થમાં મોટા ભાગના સંતો શૂર કે વીર સંતો છે. તેમની ભાષામાં ધારદારપણું અને નિર્ભયતાનું તેજ છે. આંતરબાહ્ય બંને સંગ્રામ માટે તેમણે હથિયાર ઉપાડ્યાં છે.

## [૫]

કોઈ પણ સમાજ પોતાના આંતર કે બાહ્ય દોષો ચાલુ રાખે છતાં નીરોગી અને સ્વસ્થ રહે તે શક્ય નથી, તેનું આ સંતોને ભાન છે. તેથી આ દોષો સમાજ-શરીરમાંથી નીકળે તે તેમનો એક મોરચો છે : 'શૂર સંગ્રામકો દેખ ભાગે નહીં.'

ગગન દદામા બાજીયા, પડ્યા નિસાને ઘાવ;
ખેત બુહારા સુરી પૈં, મુઝ મરણે કા ચાવ.

સુંદરદાસને સાંભળીએ :

તરફડે સૂર નિશાન ધાઈ પડે, કોટની વોટ સબ છોડી ચાલૈ;
સ્યામકે કાળ કૌ લૌટ અરૂ પોટકે, નિકસી મેદાનમેં ઓટ માલૈ
કડકડે વીર ગજરાજ હય હડહડૈ, ધડહડે ધરની બ્રહ્માંડ ગાજે ॥

સંગ્રામ પાંચ અને પચીશ આંતરિક રિપુઓ સામે છે, હરિના કાજે છે; પણ છે તો સંગ્રામ જ.

તુકારામના પાઈક સૈનિકને સંબોધીને સ્થાપેલા અભંગોમાં આવા વીરરસનો ઉદ્રેક છે :

પાઈકા વાંમુન નવ્હે કધીં સુખ, પ્રજા મધ્યે દુ:ખ ન સરે પીડા॥
પાઈક તો પ્રજા રાખો નિયાં કુળ, પારળિયા ખૂબ છેદી દુષ્ટ॥

સૈનિક તો 'જીવાચે ઉદાર' જોઈએ.

યેતાં ગોળ્યા, બાણ સારિભે ભડમાર,
સ્વામી પૂછેં વ્હાવે પડતાં ભાંડણ
મગ ત્યાં મંડન શોભાદાયી॥

શિવાજીના માવળા સૈનિકોમાં આવા અભંગો સાંભળી બળસંચાર થતો એમ નોંધાયેલું છે. પણ સંતોનો મુખ્ય મોરચો તો ભક્તિ આડે આવતા હિંદુમુસ્લિમ બેઉ ધર્મોના પંડયા, પુરોહિતો, ઉલેમાઓ, મૌલાના મુલ્લાંઓ સામે છે. એ બધા રસ્તો રોકીને બેઠા છે. બારણાં ખૂલવા દેતા નથી.

પોતાનાં જીવન અને વાણી બંને વડે આ સંતોએ સંગ્રામ ખેલ્યા છે. કોઈ વાર બેઉ બાજુનો રોષ વહોર્યો છે. છતાં ભક્તિ જ રાજમાર્ગ છે, અને તે ક્ષેત્રમાં બધા સમાન છે એ બાબતમાં નમતું મેલ્યું નથી. તુલસીદાસજી જેવા, જેમની ઈચ્છા વર્ણવ્યવસ્થા શુદ્ધ સ્વરૂપમાં લાવવાની છે તેમણે પણ ચારિત્રહીન બ્રાહ્મણ કરતાં ચારિત્રવાન ચાંડાલ ભક્ત ચડિયાતો છે તેમ કહ્યું :

તુલસી ભગત સુપચ (શ્વપચ) ભલો, ભજૈ રૈની દિન રામ
ઊંચો કુલ કેહી કામકો, જહાં ન હરિકો નામ?

આ પ્રતીતિએ જ એમની પાસે શબરી, હનુમાન, જટાયુનો મહિમા ગવરાવ્યો.

શીખ ધર્મે તો પ્રસ્થાપિત ધર્મ તરીકે જ જ્ઞાતિવ્યવસ્થાને સમાજવ્યવહારમાં પણ તિલાંજલિ આપી. નાનક જ નહીં, તે પછીના બધા ગુરુઓએ આ બાબતમાં કશી માંડવાળ કરી નહોતી, પોતાના અનુગામીની પસંદગી, તેમણે નજીકના, દૂરના, ઊંચા કે નીચાના ભેદ સિવાય કરેલી. શીખ ગુરુદ્વારામાં સૌએ એક પંક્તિમાં જ બેસવાનું હતું. સહુ કોઈ સરખા. બાદશાહો પણ કોઈ વાર આવી ચડયાના કિસ્સા છે.

શીખ ગુરુઓના મતે આરંભમાં ન કોઈ મુલ્લાં હતા, ન કોઈ કાજી; ન કોઈ રૈયત, ન કોઈ રાજા. અરે, વેદ, કુરાન, પુરાણ કશું નહોતું.

ફક્કડુ જાતિ, ફક્કડુ નાંઉ, સામના જીઆ ઈકા છાઉ.

(ફોગટ છે જાતિ, ફોગટ છે નામ. બધા જીવ એક જ છત્ર નીચે છે.)

તીરથ નાવણ ન જાઉં, તીરથ નામુ હૈં

(તીર્થસ્નાન કરવા શા સારુ જાઉં? નામ મારું તીર્થ છે.)

મિહર મસીદુ, સિદકુ મુસલા, હકુ હલાલુ કુરાણુ
કરણી કાબા, સચુ પીરૂ, કલમા, કરમ નિમાજ —
કરણી કલમ, આમિ કેતા મુસલમાણુ કહાઉ

(દયા તારી મસીદ, આસ્થા તારી મુસલ્લા (સાદડી) અને હકની કમાણી તે જ કુરાન છે. નેક કરણી તે કાબા, સત્ય તે કલમા, અને તેની દયાની અરજ તે નમાજ છે. તું સત્ કર્મના કલમા પઢ પછી મુસલમાન કહેવડાવ.)

દાદુએ પણ આ જ કહ્યું :

મુસલમાન જો રાખે ઈમાન, એ મોમીન, જો મોમદિલ હોઈ.

(મુસલમાન તો એ છે જે ઈમાન રાખે, અને મોમીન તો જેનું મીણ જેવું દિલ હોય તેને કહેવાય.)
સૌ ખુદાનાં દર્શન કરવા આ બધી ધમાલ કરે છે?

'તસબી ફેરોં પ્રેમકી, દિલમેં કરો નમાજ;

પણ મનમાં પ્રેમ ન હોય તો?

ઉજુ પાક કિયા, મુંહ ધોયા, ક્યા મસ્જિદ સિર નાયા,
દિલમેં કપટ, નમાજ પઢે કયા, કયા હજ, કાબે જાયા.
(રૈદાસ)

(જેના હૈયામાં કૂડકપટ ભર્યાં છે તે વજુ કરે કે મસ્જિદમાં જઈ સો વાર માથું નમાવે તેથી શું વળે? એની નમાજ નકામી, ને હજ એળે ગઈ.)

આ બધા સંતોને મૂળગામી પરિવર્તન કરવું છે. બહારનો ક્રિયાકાંડ કરવો તે સહેલ છે. દંભી, લોભી, લાલચુ, સૌ તે કરી શકે.

સો કાફર જો બોલે કાફ, દિલ અપણા નહીં રાખે સાફ॥

(ને કાફર તે જે ઈશ્વરથી ડરતો નથી.)

સાંઈકા ફરમાન ન માને, કહીં પીવ? ઐસે કહી જાપે॥

(ઈશ્વરી ફરમાનને તો ગણતો નથી, ઊલટો ગાજે છે: ક્યાં છે તારો ઈશ્વર?)

સો કાફિર દોજખમેં જાઈ.

સંતો સમદૃષ્ટિ છે, નિષ્પક્ષ છે એટલે લોભી-લાલચુ બ્રાહ્મણોનેય ફટકારતાં તેમને સંકોચ થતો નથી. ચરણદાસે ચટ દઈને કહી નાખ્યું:

સો બ્રાહ્મણ જો બ્રહ્મ વિચારે.

(એ જ બ્રાહ્મણ જે સતત બ્રહ્મનો જ વિચાર કરતો હોય)

બાહર જાતા, ભીતર માને॥

(જે (ઇન્દ્રિયો) બહાર જાય છે તેને અંદર તરફ વાળો.)

દયા જનેઉ અંતર રાખે

(બહારની જનોઈની જરૂર નથી—બ્રાહ્મણને અંતરમાં દયા રાખે તે જ યજ્ઞોપવીત.)

આતમ વિદ્યા પઢે પઢાવૈ.

(આત્માની સમજ મેળવે અને આપે.)

પણ અહીં તો બ્રાહ્મણો યજ્ઞમાં મનુને નામે પશુહિંસા કરાવે છે. કબીરનો રોષ આ જોઈને હાથમાં રહેતો નથી. એવાને તે કહે છે:

જો તોહરા તો બ્રાહ્મણ કહીએ, કાકો કહિયે કસાઈ?

(અરે, તારા જેવાને બ્રાહ્મણ કહીએ તો કસાઈ કોને કહેશું?)

અને પોતાના ફક્કડ મિજાજથી સંભળાવી દે છે:

બ્રાહ્મન હો ગુરુ જગતકા । ભગતનકા ગુરુ નાંહિ ।
ઉરઝી ઉરઝીકે પચ મુઆ । ચારહું વેદની માંહિ ।।

બ્રાહ્મણ પોતે ભલે પોતાને જગત આખાનો ગુરુ ગણાવે પણ ભક્તોનો તે ગુરુ નથી. એ મિથ્યાભિમાનીને તો ચારે વેદની જાળમાં જ ફસાઈને મરવા દો.

આ જ વાત મુલ્લાં, મૌલવી, સૌ શબ્દ-પંડિતો, ઘાણીના બેલની જેમ ચાલતા ચીલાચાલુઓને લાગુ પાડે છે.

બુલ્લાશાહે ભારે માર્મિક રીતે કહી નાખ્યું :

મુલ્લાં ઔર મસાલચી, દોઈઆં ઈકકો ચિત્ત ।<br>
લોકાં કર દે ચાંદના । આપ અંધેરે બીચ ।।

(મુલ્લાં અને મશાલચી બંનેની કામગીરી એક રીતે સરખી છે. લોકોને અજવાળું આપવા જાય છે, પોતે અંધારામાં રહીને!)

સંતોને ખબર છે કે બહુ પંથો નીકળ્યા, બહુ તીર્થો કર્યાં, બહુ મંદિરો બાંધ્યાં, નિશાનો જમાવ્યાં, વાદો ઊભા કર્યા, માળા, તસબી, મંત્ર, તંત્ર, લોકોએ તે લીધાં, ચાલ્યાં ઘેટાંની જેમ, એકબીજાનું પૂછડું પકડીને; ન કોઈએ સ્વતંત્ર બુદ્ધિ ચલાવી, ન કોઈએ સ્વતઃ અનુભવ લીધો. આથી વૈદો બદલાયા, પણ દરદ ન મટયું. દરદ હટવાનો ભ્રમ કોઈક વાર થયો ખરો. પણ માણસ તો એનો એ રહ્યો—જરાક ચામડી ઉતરડો તો એનો એ જંગલી. વાડામાં પૂરનાર અને પુરાનાર.

એ વખતે હિંદુ અને મુસલમાન એમ બે વાડા મુખ્ય હતા, એટલે એ બે વાડાને ભાંગી જમીન-દોસ્ત કરી બેઉ પાંજરામાં પુરાયેલાને છૂટા કરી હેતપ્રીતથી મેળવવા કોશિશ કરી, ફળી નહીં પણ કોશિશ અવશ્ય કરી.

કબીરે કહ્યું :

હિંદૂ તુરક્કા કરતા એક, બ્રહ્મબીજકા સકલ પસારા.

કોઈક વાર ચિડાઈને કહ્યું :

કહે કબીર સંત રે ભોંદૂ, બોલનહારા તુરક ન હિંદૂ.

(અરે મૂરખ, જો તો ખરો, જે તારી મારફત બોલી રહ્યો છે તે નથી હિંદુ, નથી તુરક.)

દાદુએ શીખ આપી :

દોનોં ભાઈ હાથપગ, દોનોં ભાઈ કાન;<br>
દોનોં ભાઈ ભાઈ હૈ, હિંદુ-મુસલમાન.

બુલ્લાશાહે કહ્યું :

દૂર કરો, દૂર કરો, કોઈ સોર નહીં,<br>
હિંદૂ તુરક કોઈ ઔર નહીં.

કારણ? કબીરે હાથમાંના આમળાની જેમ બતાવ્યું :

વહી મહાદેવ, વહી મુહમ્મદ, બ્રહ્મા આદમ કહીએ;<br>
કો હિંદુ, કો તુર્ક કહાવે, એક જમીં પર રહીએ;<br>
પઢૈં કિતેબ વે મુલ્લાં કહીએ, વેદ પઢૈ વે પાંડે;<br>
બેગરિ બેગરિ નામ ધરાયે, ઈક મટિયા કે ભાંડે;<br>
ગહના એક કનક તે ગહના, ઈન મહિં ભાવ ન દૂજા;<br>
કહત-સુનત કો દૂઈ કરી થાપે, સોઈ નમાજ, સોઈ પૂજા.

પણ નમાજ એ જ પૂજા છે, અને વેદ તે જ કુરાન છે, ઘરેણું તે સોનું, અને સોનું તે ઘરેણું; માટી તે ઘડો અને ઘડો તે જ માટી—તેની સમજ તો જે ઊંડા ઊતરે, જાતે અનુભવ લે, ગ્રંથ કે પંથ-પ્રામાણ્યમાંથી નીકળી જાય તેને પડે ને? આથી જ કોઈ વાર થાકીને દાદુ દયાળે કહી નાખ્યું હશે :

ના હમ હિંદૂ હોઇયે, ના હમ મુસલમાન ।
પટદરસનમેં હમ નહીં, હમ રાતે રહમાન ॥

કહે છે કે કબીર સામે એક વાર લોદી બાદશાહના દરબારમાં ફરિયાદ થઈ કે આ નાસ્તિક અમારા ધર્મની નિંદા કરે છે, હિંદુઓએ પણ કરી, મુસલમાનોએ પણ કરી. કચેરીનું તેડું આવ્યું. કબીરે અદાલતમાં દાખલ થઈને જોયું તો ફરિયાદીના પાંજરામાં મૌલવીઓ અને પંડિતો એકસાથે ઊભેલા. આ જોઈ કબીર ખડખડાટ હસી પડ્યા. અદાલતે જરા કડકડાઈથી આ બેઅદબીનું કારણ પૂછ્યું ત્યારે કહે :

'માફ કરજો, મારે બેઅદબી કરવી નહોતી, પણ, આ મૌલવી અને પંડિતોને એકીસાથે એક જગ્યાએ એકઠા થઈ મારી સામે ફરિયાદ કરવા ઊભેલા જોયા ત્યારે હસી પડ્યા વિના ન રહેવાયું. આખરે હું એટલો જ ઉપદેશ આપતો રહ્યો છું કે હિંદુમુસલમાન એક છે, એક થાઓ. આ વાત તેમને ધર્મની વિરુદ્ધ લાગે છે એટલે ફરિયાદ કરે છે, પણ ફરિયાદ કરવા માટે પાછા એક થઈ શકયા છે! મારે એટલું જ કહેવાનું છે કે આ મુલકના બાદશાહની અદાલત તો ટૂંકી છે. ત્યાં જો તમે એક થઈ શકયા, તો ખુદાની જાગીર તો અનંતગણી વિશાળ છે તેમાં ભેગા ન રહી શકો? એમની અણસમજ પર મને હજુય હસવું આવે છે. હસવું કે રડવું? રાજસભા જવાબ આપે.'

સંતોએ ઈસપની પેલી લાકડીની ભારીવાળી વાત વાંચી હતી કે નહીં તે કોણ જાણે, પણ એક એક લાકડી ભાંગી જાય છે, પણ લાકડીનો ભારો ભાંગી શકાતો નથી તેનું અંતર્જ્ઞાન એમને હશે જ. એટલે એમણે આધ્યાત્મિક રીતે જે જૂઠ હતું અને સામાજિક રીતે અનિષ્ટ હતું તે ન્યાત-જાતના ઊંચનીચના ભેદભાવ વિશે કરણી-કથનીથી વિરોધ કર્યો.

શીખોમાં એક પંગતે જ જમવાનું હતું. કબીર ને બીજા નિર્ગુણિયા સંતોના મઠોમાં પણ ભેદભાવ ન હતો. સગુણ સંતોએ પણ ભક્ત મંડળમાંથી ભેદને હાંકી કાઢ્યો જ હતો. ચૈતન્યદેવે મુસલમાનોને પણ શિષ્ય બનાવ્યા, દાદુપંથી, રજ્જબપંથી, સતનામીઓ, રવિ-ભાણના અનુયાયીઓ ક્યાંયે ઊંચનીચની ગંધ સુધ્ધાં ન હતી. એકનાથે તો પોતાને ત્યાં શ્રાદ્ધમાં હરિજનોને જમાડી તે વખતના સમાજમાં ખળભળાટ મચાવી મૂક્યો હતો. સમાજસુધારાના સ્પષ્ટ ખ્યાલથી નહીં હોય, માત્ર કરુણાથી; જે કરુણાથી તેમણે ગોદાવરીની તપતી રેતીમાં ઊભેલા રડતા મહાર-બાળને ઊંચકી લીધો હતો, તે જ કરુણાભાવ જ્યારે હરિજનોને પોતાના ઘર આગળથી પસાર થતાં, શ્રાદ્ધ-ભોજનની સુવાસનાં વખાણ કરી, 'આવાં ભોજન તો આપણાં ભાગ્યમાં ક્યાંથી હોય?' બોલતા સાંભળ્યા, ત્યારે જાગી ઊઠ્યો, અને પાછળ જઈ તેડી આવ્યા, હોંશે હોંશે જમાડ્યા — બ્રાહ્મણો ભલે રહ્યા પાછળ, તેમને ઘણુંય ભોજન મળે છે.

આમ, ભલે મૂળ પ્રેરણા કરુણાની હોય પણ એક વાર દરવાજો તૂટ્યા પછી પ્રવેશનારા કાંઈ ચોકમાં અટકી જતા નથી, તેઓ દીવાનખાનામાં પણ પ્રવેશ મેળવે છે; વિચારને એક જ ઓરડામાં રોકી રાખી શકાતો નથી.

ભક્ત ચોખામેળા પ્રત્યે પ્રગટેલી કરુણા આગળ ચાલતી બધા અસ્પૃશ્યો, બધા દુખિયારાં સુધી પહોંચે છે; વખત અવશ્ય જાય છે આ લાંબી મજલ કાપતાં આ કરુણા પ્રવાહને, પણ બંધ તોડનારાને ધન્યવાદ છે, સંતો સમાજના ચિત્તપ્રવાહને રૂંધી રાખનારા નાનામોટા બંધો તોડનારા હતા.

# [૬]

મધ્યયુગીન ભારતની સામે મોટામાં મોટી સમસ્યા મુસ્લિમ આક્રમણની હતી.

કુતુબુદ્દીન ઐબક દિલ્હીનો બાદશાહ બન્યો તે પછી ગણતરીનાં વર્ષોમાં છેક બંગાળ અને નીચે માળવા સુધી મુસ્લિમ શાસન ફેલાયું હતું. પણ તેરમી સદીમાં તો અલાઉદ્દીન અને મલેક કાફુરના વિજયો છેક રામેશ્વર સુધી પહોંચ્યા, દક્ષિણમાં બહમની મુસ્લિમ રાજ્ય થયું. સિંધ, ગુજરાત મુસ્લિમ આણ નીચે આવી ગયાં. મુસ્લિમ રાજ્ય ધર્મના ફેલાવા માટેનું રાજ્ય હતું. એ ન હતું સામાન્ય છત્રપતિનું રાજ્ય, ન હતું કેવળ અમીરોનું પણ. રાજ્યસત્તા મોહમ્મદના ધર્મનો ફેલાવો કરવા માટે હતી. આથી એ હિંદુ રાજ્યો, હિંદુ રાજનીતિ જ નહીં પણ હિંદુ સંસ્કૃતિ પરનું આક્રમણ નીવડયું. હિંદુ સમાજે આ પ્રકારનું રાજ્ય જોયું ન હતું. રાજાઓ જતા, આવતા, ભાયાતો બદલાતા, પણ તેમનાં ઘરો, તેમનાં પૂજાઅર્ચના, તેમનાં દેવદેવતાઓ, તેમનાં જન્મ-મૃત્યુના ઉત્સવો, તેમનાં મંદિર, મેળા, વિવાહ, શ્રાદ્ધ, તેમના ષોડશ સંસ્કારો, કથા, પારાયણો — ટૂંકમાં કહીએ તો તેમનું જીવન અક્ષુણ્ણ રહેતું : જનજીવન જૈન હોય, વૈષ્ણવ હોય કે શૈવ તેને આ રાજકીય ફેરફારો સ્પર્શ કરતા ન હતા. મોહમ્મદ ગઝનવી અને મહમૂદ ઘોરીએ આક્રમણ કર્યાં હતાં પણ વા વંટોળની જેમ આવીને ચાલ્યા ગયેલા. તેરમી સદી પછી, પઠાણ, તુઘલુક, ખલજી, લોદી બાદશાહો હિંદમાં રહ્યા અને મુસ્લિમ રાજ્ય જ નહીં, મુસ્લિમ માન્યતાઓ સત્તાના જોર અને સત્તાના જુલમથી દેશવાસીઓ પર ઠોકવા માંડયા. સામાન્ય રીતે શાંત હિંદુઓએ તેમનો સામનો કર્યો, તેમાં ભલે હાર્યા પણ તે બીકણ હતા તેમ ન કહેવાય.

એ ધ્યાન રાખવા જેવું છે કે, મોહમ્મદ બિન કાસિમના હુમલા પછી સિંધમાંનો મુસ્લિમ ધર્મ, ત્રણ સદી સુધી પશ્ચિમ દિશામાં આગળ નહોતો વધી શકયો. જે મુસ્લિમો એક જ સદીમાં આજનાં મધ્યપૂર્વ, ઈરાન, ઉત્તર આફ્રિકામાં ફરી વળ્યા હતા, તેમને બાપ્પા રાવળના ઉદાહરણને તાજું રાખી રજપૂતોએ ત્રણ સદી સુધી થંભાવી રાખ્યા હતા અને ગઝનવી અને ઘોરીઓને પણ ઈંચેઈંચ જમીન પર થોભાવનારા બહાદુરો નીકળ્યા હતા, ખાસ કરીને રજપૂતાનામાં; પણ મુસ્લિમ સત્તા કાયમી થતાં આ સંકટ વધ્યું.

હારેલા અને હારતા હિંદુઓને એવું પણ દેખાયું કે, જાત-પાંતમાં વહેંચાઈ દુર્બળ થઈ ગયેલા સમાજમાંના નીચલા વર્ગો, જે ધર્મ બધાંને સમાન ગણે છે તેમાં દાખલ થતા જતા હતા. રાજસત્તાની લાલચો તો તેમાં હતી જ. મુસ્લિમ થનારે જજિયાવેરો નહોતો ભરવો પડતો. તે કરતાંય વધારે તો તેમનું ગૃહજીવન — સમાજ જીવન આક્રમણોથી સુરક્ષિત થઈ જતું હતું — આક્રમકોના ધર્મભાઈઓ બની જાય એટલે ચિંતા નહીં. વળી, રાજ્યની નાનીમોટી નોકરીઓ એમને મળે તેમ હતું. જગન્નાથનું મંદિર ભાંગનારા કાળા પહાડ કે મલેક કાફુર કે મલેક ખુસરૂની જેમ મોટા સેનાપતિ પણ થઈ શકતા.

આથી હિંદુ સમાજના નીચલા વર્ગોએ મુસ્લિમ આક્રમણ, જાણે તેમને હિંદુ સમાજના અપમાનજનક વર્તાવમાંથી છોડાવવા માટે, ઈશ્વરે જ મોકલ્યું હોય તેમ કયાંક માન્યું હોય તો નવાઈ નહીં. ઈ. સ. ૧૯૬૨માં ચીની કમ્યુનિસ્ટ લશ્કરોએ ભારત પર આક્રમણ કર્યું ત્યારે, અહીંના ગરીબ લોકોના પોતે 'મુક્તિદાતા' છે તેવો જ પ્રચાર કર્યો હતો ને?

આ મનોદશાનું ચટાકેદાર વર્ણન 'શૂન્યપુરાણ'માં રમાઈ પંડિતે કર્યું છે. રમાઈ પંડિત મુસલમાન તો નથી, તે છતાંયે તત્કાલીન હિંદુ સમાજ તરફ તેમને સ્નેહ હોય તેવું ભાસતું નથી. ઊલટું મુસલમાનો તેમને આવકાર્ય અને ઈશ્વરપ્રેરિત હોય તેમ લાગે છે. તે લખે છે :

> 'બધા દેવતાઓએ એકમત થઈ ઈજાર પહેરી લીધી, બ્રહ્મા મુહમદ બની ગયા. વિષ્ણુ બન્યા પયગંબર, મહાદેવે આદમનો વેશ લીધો, ગણેશ થયા ગાઝી, અને કાર્તિક થયા કાઝી, સ્વયં ચંડિકાદેવી હાવા બીબી બની. આમ બધા દેવો મુસલમાન બની જાનપુર આવ્યા અને દેવાલયો તોડવા લાગ્યા

અને પરાણે અપહરણ કરી મોજ કરવા લાગ્યા. રમાઈ પંડિત ધર્મનો પગ પકડી ગાય છે કે આ તો ભારે વિમાસણ ઊભી થઈ છે.'

સોમનાથનું પ્રસિદ્ધ મંદિર તૂટયું ત્યારે પૂજારી અને સમગ્ર ભક્તસમાજને આવું થયું હશે. મોહમ્મદે જ્યારે શિવલિંગ તોડવા ડાંગ ઉગામી ત્યારે પૂજારીઓએ આજીજી કરી શિવલિંગ ન તોડતાં, જોઈએ તેટલું ધન લેવા કહેલું. પણ મોહમ્મદે જવાબ આપેલો કે 'હું ધર્મને વેચવાવાળો નથી, હું મૂર્તિઓ તોડવા અને મુસ્લિમ ધર્મ ફેલાવવા આવ્યો છું.'

મોહમ્મદના પ્રહારથી જ્યારે સોમનાથના જ્યોતિર્લિંગના ટુકડા થયા ત્યારે લાખો-કરોડોની શ્રદ્ધાના પણ ટુકડા થયા હશે જ. ત્રિલોચન કે જેણે અનેક રાક્ષસોને – અરે! ખુદ કામદેવને – બાળીને ભસ્મ કર્યા હતા તેમણે પોતાનું ત્રીજું લોચન આ વખતે કેમ ન ખોલ્યું? કે ખરેખર એ પથ્થર જ હતો? – અને અમે સદીઓથી કોઈ ભયંકર ભ્રમમાં હતા? નવ સદી પછી ટંકારામાં એક બ્રાહ્મણ બટુકને – સ્વામી દયાનંદને – મહાશિવરાત્રિને દિવસે શિવલિંગ પર ઉંદરડાને દોડતા જોઈ જે પ્રશ્ન થયા તે ઈ.સ. ૧૦૨૬માં સોમનાથના વિનાશ પછી ઘણા હિંદુઓને થયા હશે. તેમની શ્રદ્ધાની દીવાલ ધસી પડી હશે. યા તો ખોખલી તો અવશ્ય થઈ હશે.

સંત નામદેવે આ વેદનાને વાચા આપી છે: 'પથ્થરના આ દેવ તો બોલતા નથી.'

> પાષાણાચા દેવ । બોલેચ ના કધિ । હરીભવ વ્યાધિ । કૈસવાદે ।।
> દગડાચી મૂર્તિ । માનીણ ઈશ્વર । પરિ તો સાચાર । દેવ ભિન્ના
> પ્રસ્તરાચા દેવ બોલત ભક્તાંને સાંગતે, એક તે મૂર્ખ દોઘેં ।।
> એ સેતે હે દેવ ફોદીલે તરકી । ધાતિલે ઉદકી બોલતીના!
> તો દેવ નામયા હૃદર્યી દેખીલા – ખેમરાજે કેલાં ઉપકાર હા ।।

તુર્કોએ ભાંગીને પાણીમાં ફેંકી દીધેલ દેવને બદલે નામદેવે હૃદયમાં જ તે દેવોને જોયા છે.

માણસ શ્રદ્ધારૂપ છે. જેની જેવી શ્રદ્ધા તેવો તે બને છે તેવું શ્રુતિકથન છે.

બીજી બાજુ શ્રદ્ધા વિના તે રહી શકતો જ નથી. બુદ્ધિના પ્રખરમાં પ્રખર હિમાયતીને પણ કોઈક ને કોઈક પ્રકારની શ્રદ્ધા તો જોઈએ જ. શ્રદ્ધા જ હજારો ટનના ડબા ખેંચી જનારા એન્જિનની વરાળ છે, શ્રદ્ધા જ કારાગારે પુરાનારા કે ક્રૂસ પર ચડનારાનું ભાથું છે. ખાલી કોથળો ઊભો રહી શકતો નથી.

સંતોએ આ તૂટી જતી, ખોખલી બનેલી શ્રદ્ધાને ફગાવી દઈ નવી શ્રદ્ધાનું નિર્માણ કરવાનો પુરુષાર્થ કર્યો છે અને આ પુરુષાર્થની કેડીએ જ તે પછી સમાજ કે ધર્મસુધારકો, રાજા રામમોહન રાયથી મહાત્મા ગાંધી સુધીના ચાલ્યા છે તેવું એ કેડીનું પગેરું શોધનારા કહી શકશે.

સંતોએ કહ્યું કે, પથ્થર તે દેવ નથી. શાસ્ત્રોએ પણ આ પૂર્વે કહ્યું જ હતું:

> ન દેવો વિદ્યતે કાષ્ઠે, ન પાષાણે ન મૃણ્મયે;
> ભાવો હિ વિદ્યતે દેવ:, ભાવો સર્વસ્ય કારણમ્ ।।

દેવ આપણા મનોભાવમાં વસે છે અને મનમાં આપણે તેને રાખીએ તો કોણ તેને દૂર કરી શકશે? એટલું જ નહીં આપણામાં જ આ દેવ વસે છે, એ જ સાચો મહાદેવ છે. એને જાતિ, રૂપરંગ, દેશ-કાળ કશું જ સ્પર્શતું નથી. તે અકાલ છે: 'સત્ શ્રી અકાલ'. તેને ભરોસે જે જીવે, તેનો આશરો જે લે તેને અભય જ છે. તે એકડો, બાકી બધાં મીંડાં; અને તે તો તમારી પાસે જ. દૂર તો તમે છો.

ગોરખે કહ્યું હતું:

> પથ્થર પૂજે હરિ મિલે, તો મૈં પૂજું સારા પહાડજી.

વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું,
જોઉં પટંતરો, એ જ પાસે;
ભણે 'નરસૈંયો' એ મન તણી શોધના
પ્રીત કરું પ્રેમથી પ્રગટ થશે.



નરસિંહ (૧૫મી સદી)

"ખરચૈ ન ખૂટે વાકો ચોર ન લૂંટે,
દિન દિન બઢત સવાયો
પાયોજી મૈંને રામ રતન ધન પાયો."



મીરાંબાઈ (૧૬મી સદી)

## ગુજરાતી ભક્ત-સંતો

વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે. (ધ્રુવ)

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ, કાછ, મન નિશ્ચલ રાખે, ધનધન જનની તેની રે. (૧)

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે. (૨)

મોહ, માયા વ્યાપે નહીં જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામશું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે. (૩)

વણલોભી ને કપટ રહિત છે, કામક્રોધ નિવાર્યાં રે;
ભણે 'નરસૈંયો' તેનું દરશન કરતાં કુળ એકોતેર તાર્યાં રે. (૪)

-નરસિંહ મહેતા

ના, રે, ના – હરિ નથી કાશીમાં, નથી કાબામાં; મંદિર કે મસ્જિદ ક્યાંયે તે નથી; તે છે આપણા હ્રદયમાં અને બહાર છે તો બધે જ છે; પણ તેનાં દર્શન પહેલાં તો હ્રદયમાં થાય.

મૂર્તિ તૂટી તેથી શ્રદ્ધા તૂટવાની જરૂર નથી અને મૂર્તિ તોડનારાઓ પાછા મસીદ બાંધવાના હોય તો તે પણ વળી તૂટશે. શું કરશું એ વખતે?

માટે, ઘટ ઘટ વ્યાપક રામને નામથી અનુભવો :

ઘટ ઘટ ગોપી ઘટ ઘટ કાન્હ;
ઘટ ઘટ રામ અમર અસ્થાન.

(ઘટમાં બિરાજતા રામનું સ્થાન અનશ્વર છે.)

નાનકે આનંદવિભોર થઈ ગાયું :

કાહે રે બન ખોજન જાઈ
સર્વ નિવાસી સદા અલેપા
તોહી સંગ સમાઈ

ભીખાએ સૂર પુરાવ્યો :

'એક સંપદા સબદ ઘટ એક દ્વાર સુખસંચ
ઈક આત્મા, સબ ભેષઓં; દૂજો જગ પરપંચ.

તમારા ઘરમાં જ કહાન છે, અને તમે જ તેની ગોપી છો. ઉપનિષદની જૂની બે પંક્તિ ફરી વૈષ્ણવ વાતાવરણમાં સજીવ થઈ: 'એક પંખી ખાય છે અને બીજું સાક્ષીરૂપે જોયા કરે છે.' એક ગોપી એક કહાન. જવાપણું છે જ ક્યાં? – હા જવાપણું છે અંદર. આમ, મૂર્તિ ને મંદિરોને તૂટતાં જોઈ તૂટી જતી લોકશ્રદ્ધાને ફરી એક નવી નોળવેલ આપી. જે સૂંઘે તેને ઝૂઝવાની તાકાત આવે.

આ રસ્તો સૌને માટે ખુલ્લો, હાથવગો ને સરળ હતો :

યહ ઘટ ભીતર સાત સમંદર, યહીમેં નદી નારા;
યહ ઘટ ભીતર ચંદ સૂર હૈ, યહીમેં ઠાકુર દ્વારા.

અને તેનો અનુભવ સાદા નામસ્મરણથી હરકોઈને થઈ શકે છે. એ રસ્તે ચાલ્યો તે ભક્ત; જેને અનુભવ થયો તે સંત; અને સંતવાણી તે જ શાસ્ત્ર.

આ સાદાં અનુભવજન્ય પ્રતિપાદનોએ પોતાના જ અંગભૂત હલકા ગણાતા, વર્ષોથી અલગ રહી બલહીન બનેલા હિંદુ સમાજને ઊગરવાનો રસ્તો બતાવ્યો. બ્રાહ્મણશ્રેષ્ઠ જ્ઞાનેશ્વર કે તુલસી અને બીજી બાજુએ ચમાર રોહીદાસ, જાટ ધનો, મુસ્લિમ રજબ કે બુલ્લાશાહ, વણિક નાનક, ખેડુ, મોચી, દરજી, બધાને એક પંગતે બેસાડયા અને બીજી બાજુએ શિવાજીને માવળા, પ્રભુ જેવી જ્ઞાતિના સૈનિકો આપ્યા. ગુરુ ગોવિંદ-સિંહ શીખ ખાલસાને સિંહ સમા શૂરવીર ખેડૂત સમર્પ્યા.

એ વાત કદી વીસરવા જેવી નથી કે મુસ્લિમ સલ્તનતને જમીનદોસ્ત કરનારાં ચાર બળો — શિવાજી મહારાજ, છત્રસાલ બુંદેલા, નારૌલના સતનામીઓ અને પંજાબના ગુરુ તેગબહાદુર, ગુરુ ગોવિંદસિંહ, વીર બંદો. આ ચારે પરિબળોને પ્રેરણા આ સંતોના અમૃતની હતી. શિવાજી અને તેના 'મરાઠી સ્વરાજ'ની પછવાડે હતા : તુકારામ, એકનાથ, સ્વામી રામદાસ. છત્રસાલની પછવાડે હતા સ્વામી પ્રાણનાથજી. સતનામીના બળવાના આદિપુરુષ હતા જગજીવનદાસજી, અને શીખોને માથાં સમર્પણ કરવાની પ્રેરણા આપી હતી નાનકદેવ, ગુરુ અમરદાસ, ગુરુ હરગોવિંદ, અર્જુનદેવે; બધા જ સંતો. ઘણા ગૃહસ્થી અને બધા જ જીવનની વચ્ચે રહીને

નિર્ભય નામને જપનારા. ચાર દિશાએથી આ પ્રતિ-આક્રમણો ન થયાં હોત તો મુગલાઈ ભાગ્યે જ તૂટી હોત તે નોંધ્યા વિના ચાલે તેવું નથી.

## [૭]

મધ્ય યુગના આ ભક્તિપ્રવાહ અંગે આપણે એ વિચારવાનું રહે છે કે આ તળભૂમિનો સ્રોત હતો કે મુસ્લિમ કે ખ્રિસ્તીઓના આગમને જન્મ આપેલ ઝરણું હતું?

વિદેશી ઇતિહાસકારો અને તેમની અસર નીચે આવેલા દેશી ઇતિહાસકારોએ આ મુદ્દો ચર્ચ્યો છે અને ભક્તિ દ્વારા ઈશ્વરની પ્રાપ્તિ જાણે કોઈ બહારનો પ્રવાહ હોય તેવાં વિધાનો કર્યાં છે. કોઈ પણ વિદેશી રાજ્યકર્તા કે તેની અસર નીચે આવેલાઓ આવું વિધાન કરે તેમાં નવાઈ નથી. કારણ કે પોતે જેના પર શાસન ચલાવવા આવ્યા છે, તેનામાં મૌલિકતા કે સ્વયંભૂ જ્ઞાન નથી તેવું તેમણે ઠસાવવું પડે છે. આમ કરવાથી પોતાનું ચડિયાતાપણું અને શાસિતનું દુર્બળપણું સાબિત થાય છે. પરિણામે રાજ્ય કરનારામાં આત્મવિશ્વાસ અને તાબે થનારમાં લઘુતાગ્રંથિનો ઉમેરો થાય છે.

અહીં જ નહીં, બધે ઇતિહાસ-કેળવણી-સંશોધનમાં આવું બને છે. અહીંના દેશવાસીઓમાં ઊણપો હતી, તેનો બચાવ કરવામાં દેશનું ભલું નથી તે વાત દેશના ચાહકો પણ સ્વીકારે છે. ઊણપો ન હોય તો સદીઓ સુધી વિદેશીઓ ફાવતા ક્યાંથી રહ્યા હોત? પણ ઊણપો ને ઊણપોથી જ આ દેશ ભર્યો હતો તેવું નથી.

ભક્તિપ્રવાહ તે આ દેશની ઊણપનું નહીં પણ દેશના આત્માની સમૃદ્ધિ અને જાગૃતિનું નિશાન છે. તેને માટે મુસલમાન કે ખ્રિસ્તી ધર્મના ઓશિંગણ થવાની જરૂર ન હતી. ભક્તિમાર્ગનો અર્ક શું છે? પોતે માનેલા ઇષ્ટદેવનું સર્વભાવે શરણ, પ્રપત્તિ અને તેની સાધનાનો મુખ્ય પ્રકાર : નામસ્મરણ કે કીર્તન. પરિણામે ભક્ત પર ભગવાનની કૃપા કે પ્રસાદ. ખ્રિસ્તીઓ જેને ગ્રેઇસ (અનુગ્રહ) કહે છે. ગમે તેટલું નિચોવીએ તોપણ આ સિવાય બીજો અર્ક તેમાંથી નહીં નીકળે.

વિદેશી પ્રચારથી અંજાયેલાઓના મતે, આ એક ઇષ્ટદેવની અનન્ય ઉપાસના હિંદુ ભક્તિમાર્ગી સંતોએ જાણે મુસ્લિમ સૂફી-પંથીઓ કે મુસ્લિમ ધર્મ પાસેથી લીધી; અને ભગવત્કૃપાનો સિદ્ધાંત ખ્રિસ્તીઓના 'ગ્રેઇસ'ના સિદ્ધાંતના આધારે અપનાવ્યો.

કોઈ પણ બે સંસ્કૃતિ પાસે પાસે આવે છે ત્યારે પરસ્પર કાંઈક અસર નથી થતી તેવું કહેવાનું નથી. સૂફી સંપ્રદાય તેનો નમૂનો છે. વિશેષે કરીને નાનકદેવ અને અમુક અંશે કબીર પર મુસ્લિમ સૂફીઓ-ઓલિયાઓની અસર થઈ તે ઉઘાડું છે. સામે પક્ષે સૂફીઓ પર હિંદુ તત્ત્વજ્ઞાનની અસર થઈ તે પણ સ્પષ્ટ છે. મુસ્લિમો પાસેથી આપણે કેટલુંક પામ્યા. છતાં તેની વકીલાત જોઈએ તે કરતાં વિશેષ ઉત્સાહથી ડૉ. તારાચંદ વગેરેએ કરી છે. તેના જવાબો પણ અપાયા છે. પણ ભક્તિના મૂળભૂત સિદ્ધાંત માટે આપણી તે કાળની સંસ્કૃતિએ ત્યાં સુધી જવાની જરૂર નહોતી. આ સિદ્ધાંત પ્રાચીન કાળથી પ્રમાણિત થયેલો છે : બહુજન-સમાજને ગીતા તો જાણીતી છે – સદીઓથી હિંદુ સમાજની તે આધ્યાત્મિક માર્ગદર્શિકા રહી છે.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં વિવિધ બાજુએથી અનેકવિધ ચર્ચા કર્યા પછી આખરે પોતાના ભક્ત અને સખા અર્જુનને શું કહ્યું?

> સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ
> અહં ત્વા સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચ:
> છોડીને સઘળા ધર્મો મારું જ શરણું ધર,
> હું તને સર્વ પાપોથી છોડાવીશ નચિંત થા.

ભક્તિનો સિદ્ધાંત આથી ટૂંકામાં, સચોટ રીતે કોણે કહ્યો છે? તેમાં ભગવાને બધું એના પર છોડી, મનથી એમની ભક્તિ કરવાથી બધું પ્રાપ્ત થશે, નક્કી પ્રાપ્ત થશે જ, બીજી કોઈ સાધનાની જરૂર નથી, એવું વચન આપ્યું છે.

આવી ભક્તિની વિશેષતા સમજાવવા માટે ગીતાએ ભક્તિયોગનો સ્વતંત્ર બારમો અધ્યાય આપ્યો છે. એમાં બીજા જ શ્લોકમાં કહ્યું :

"મારામાં મન પ્રોઈને નિત્યયુક્ત થઈ મને
ભજે પરમશ્રદ્ધાથી તે યોગી ચડતા ગણું."

ફરી છઠ્ઠા શ્લોકમાં બાંયધરી અપાઈ છે :

મારામાં ચિત્ત પ્રોતા તે ભક્તોનો ભવસાગરે
વિના વિલંબ ઉદ્ધાર કરું છું પાર્થ હું સ્વયં.

એટલું જ નહીં; અર્જુનનો મૂળ પ્રશ્ન એ છે કે તમને એટલે કે સગુણ સાકાર શ્રીકૃષ્ણને ભજે કે અવ્યક્તને ભજે, આ બેમાંથી કયો ભક્ત ચડે?

ભગવાને બંને ભક્તો સમાન છે તેમ કહ્યું. પણ સગુણ સાકારની ભક્તિ વધારે સરલ છે, અને અવ્યક્તમાં ચિત્તને ચોંટાડવું વધારે મુશ્કેલ છે તેમ સ્પષ્ટ મત આપ્યો. આવી જ રીતે ગીતાએ બીજી બાબતો પણ કહી કે 'સ્ત્રીઓ, વૈશ્યો અને શૂદ્રો પણ ભક્તિને આધારે પરમગતિ પામી શકે છે.' અને 'ભક્ત ભગવાનને શું ધરે છે તે મહત્ત્વનું નથી. પત્ર-પુષ્પ, ફલ, જલ – તીવ્ર ભક્તિભાવે અને સમર્પણબુદ્ધિથી આપે તે ભગવાનને રીઝવવા પૂરતું છે.

હવે, ગીતા કમમાં કમ ઈસવી સન પૂર્વે આઠમી સદીની રચના ગણાય છે. જે વખતે ખ્રિસ્તી કે ઈસ્લામ એકે ધર્મનો જન્મ નહોતો થયો. પણ અભ્યાસીઓ તો ભક્તિમાર્ગનો સિદ્ધાંત તેથીયે આગળ સ્થાપે છે. મહાભારતનો નારાયણીય ધર્મ ભક્તિનો સિદ્ધાંત સાંગોપાંગ ચર્ચે છે. જિજ્ઞાસુને તેની વિગતો 'ગીતારહસ્ય'-માંથી મળી રહેશે, પણ જેને ખ્રિસ્તી ધર્મમાં ગ્રેઈસ(અનુગ્રહ)નો સિદ્ધાંત કહ્યો છે તેનાં મૂળ ઉપનિષદમાં છે. દા. ત.

નાયમાત્મા પ્રવચનેન લભ્યો
ન મેધયા, ન બહુના શ્રુતેન
યમેવૈષ વૃણુતે તેન લભ્ય-
સ્તસ્યૈષ આત્મા વિવૃણુતે તનૂ સ્વામ્ !

આ આત્માની પ્રાપ્તિ પ્રવચનથી વા બલહીનને થતી નથી, બુદ્ધિમાન કે બહુશ્રુતને પણ થતી નથી, પણ આત્મા જેના પર પોતે પ્રસન્ન થાય છે તેની આગળ પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે. ઉપનિષદને યજ્ઞો પર શ્રદ્ધા નથી તે ઉઘાડી વાત છે. યજ્ઞ સિવાય પણ આત્માનો આ કૃપામાર્ગ ખુલ્લો છે તે તરફનો આ ઈશારો છે.

વસ્તુત: ભગવાન શ્રીકૃષ્ણ આ માર્ગના અધિદેવતા છે. પાણિનિએ તેનો ઉલ્લેખ કર્યો છે. છાંદોગ્યમાં દેવકીપુત્ર શ્રીકૃષ્ણે હિંસાત્મક યજ્ઞને બદલી ભાવરૂપ યજ્ઞમાં ફેરવ્યાનું નોંધ્યું છે. અને ઈ. પૂ. બીજી સદીમાં તો નારાયણીય ધર્મમાંથી નીપજેલો ભાગવત ધર્મ એટલો વ્યાપક હતો કે ગ્રીક એલચી હેલિયોદોરસે વિદિશામાં એક ભાગવત તરીકે દેવદેવ વાસુદેવની સ્મૃતિમાં મોટો ગરુડસ્તંભ ઊભો કર્યો. વળી, ઈ. પૂ. પહેલી સદીમાં નાસિક વિભાગમાં ભાગવત ધર્મ વિસ્તર્યો હતો તેમ નાનાઘાટના શિલાલેખ પરથી દેખાય છે : અને કૃષ્ણા જિલ્લાના

ઈ. સ. બીજી શતાબ્દીના શિલાલેખ પરથી એથી પણ નીચે દક્ષિણમાં ભાગવત ધર્મ ફેલાયો હતો તેવો નિર્દેશ નીકળે છે. ઈ. સ. ચોથી સદી પછીના ગુપ્ત સમ્રાટો ચંદ્રગુપ્ત, કુમારગુપ્ત, સ્કંદગુપ્ત પોતાને પરમ ભાગવત તરીકે ઓળખાવે છે. વસ્તુત: ગુપ્ત સમ્રાટોએ પોતાને પરમ ભાગવત કહ્યા છે એટલું જ નહીં, ભાગવત ધર્મનો ફેલાવો તે કાળે જ વધારે થયો.

દક્ષિણના બાર આળવારો જેમની પાસેથી રામાનુજાચાર્યે ભક્તિ સંપ્રદાયનો દીવો ઊંચકી લીધો તે બધા ઈ. સ. ત્રીજીથી ઈ. સ. નવમી સદી વચ્ચેના છે. તેમાં ખેડૂત છે, રાજા છે, અસ્પૃશ્યો પણ છે. અરમ્મૈયા અને આંડાલ જેવી સ્ત્રીઓ પણ છે. આ આળવારોનાં હજારો ભજનો સ્વાનુભવ પર ઊભાં છે, તેનું લાલિત્ય, મીરાં કે સુરદાસ જેવાં કવિજનોની કોટિનું છે. એટલે ગુપ્તયુગ ખતમ થયા પછી પણ ભક્તિની ધારા સુકાઈ ગઈ નહોતી પણ ઈ. સ. ત્રીજી સદીથી તે દક્ષિણમાં જાત-પાંતના ભેદ સિવાય વહેવા લાગી છે. એક આળવાર કહે છે : 'મારો જન્મ દ્વિજકુલમાં નથી થયો, ન હું ચાર વેદ ભણેલો છું, ઈન્દ્રિયોને મેં હજુ જીતી નથી, એટલે હે ભગવાન, તમારાં તેજેભર્યાં ચરણો સિવાય મારી પાસે શેનુંય બળ નથી.'

રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય કે રામાનંદના ભક્તિસંપ્રદાયોનું મૂળ આ વૈષ્ણવ આળવારો અને શૈવ નાયણારોના ભક્તિગાનમાં છે. એટલે જ ભાગવતમાં ભક્તિ કહે છે : 'ઉત્પન્ના દ્રાવિડે ચાહં.'

મુસ્લિમ આક્રમણો દક્ષિણમાં તેરમી સદીના અંતમાં આવ્યાં. પ્રથમ પ્રવેશ સિંધમાં આઠમી સદીમાં થયો અને ત્યાં ત્રણ સદી સુધી થંભી ગયા. આળવારોએ તો ભક્તિમહિમા ઈ. સ. ત્રીજી સદીથી ગાયો હતો, ખુદ મુસ્લિમ ધર્મ સાતમી સદીમાં ઉદય પામ્યો.

આમ, ભક્તિ આ દેશનો મૂળ પ્રવાહ છે. ઈશ્વર એક છે તે વાત માટે કોઈ બહારનાં ધામો પર આધાર રાખવાની અહીં જરૂર ન હતી. વેદોએ કહ્યું જ હતું કે :

> 'વિદ્વાનો આ સત્‌ને ઈન્દ્ર, વરુણ, મિત્ર અથવા અગ્નિને નામે ઓળખે છે અને આ જ પાંખવાળા દિવ્ય ગરુડ પણ છે. આ જ તત્ત્વને વિપ્રો અનેક પ્રકારે વર્ણવે છે. એટલે આ એક સત્‌ અગ્નિ, યમ, માતરિશ્વાને નામે ઓળખાય છે.'

આમ, આખરે બધા દેવોમાં છેવટે એક જ દેવ છે, અને તે ભાવ-ભક્તિના ભૂખ્યા છે, આ પરંપરા વેદકાળ જેટલી જૂની છે.

## [૮]

મધ્યકાળના સંતોની બીજી વિશેષતા છે વર્ણાશ્રમ અને જાત-પાંતનો અસ્વીકાર; વેશ, મંત્ર, તીર્થસ્નાન, યોગ, આસન વગેરેનું અવમૂલ્યન. તે પણ ભારતીય વિચારધારાનો જ અવિચ્છિન્ન ભાગ છે. આ મંથન વસિષ્ઠ, વિશ્વામિત્રના મતભેદોથી ચાલતું આવતું જ હતું.

કોઈ પણ બુદ્ધિશાળી માણસ એ પ્રશ્ન પૂછી શકે તેમ હતો જ કે જો બધામાં બ્રહ્મ છે, બ્રહ્મ સિવાય કશું નથી તો પછી જન્મથી જ શૂદ્રો નીચા, બ્રાહ્મણો ઊંચા આ કેવી રીતે બુદ્ધિયુક્ત છે?

મહાભારતના વનપર્વમાં આ ચર્ચા આવે છે. યુધિષ્ઠિરને પુછાયું છે કે 'જો બ્રાહ્મણના આચારો હલકા હોય, અને જો શૂદ્રના આચારો ઉત્તમ હોય તો તેને શું કહેવાય? જાતિ જન્મથી નક્કી થાય કે કર્મથી?' સત્યવાદી યુધિષ્ઠિરે બેધડક જવાબ આપ્યો છે કે 'લાકડાનો હાથી જેમ હાથી નથી તેમ આવો બ્રાહ્મણ તે બ્રાહ્મણ નથી.'

પણ આ પ્રશ્ન પર જો કોઈએ અપૂર્વ આંદોલન ઉપાડયું હોય અને તત્કાલીન નીચલા વર્ણોમાં અભૂતપૂર્વ તેજ પ્રગટાવ્યું હોય તો તે ભગવાન તથાગતે. પોતાના સંઘમાં તેમણે સૌ વર્ણોને દાખલ કરેલા.

ઉપાલિ નાયી હતો પણ તે સંઘનો મુખ્ય સ્થવિર હતો. તેમનો બ્રાહ્મણ વાસિષ્ઠ સાથેનો સંવાદ વાંચીએ. વાસિષ્ઠ જાતિભેદે કરીને બ્રાહ્મણો ઊંચા છે તેવું પ્રતિપાદન કરે છે. તથાગત તેને કહે છે :

'હે વાસિષ્ઠ, વૃક્ષ-વનસ્પતિમાં, કીડી-મંકોડામાં, પશુ-પંખીમાં અનેક જાતો છે, તેમાં જુદી જુદી જાતોનાં અલગ ચિહ્‌ન પણ દેખાઈ આવે છે, પણ તે માણસના (ઊભા કરેલા) જાતિભેદમાં જણાતાં નથી. માણસોમાં બધા અવયવો સરખા આવે છે એટલે જાતિભેદ નક્કી કરવો શક્ય નથી; પરંતુ કર્મથી મનુષ્યની જાતિ નક્કી કરવી તે શક્ય છે. કોઈ બ્રાહ્મણ જો ગાયોનું પાલન કરીને પોતાનું પેટ ભરતો હોય તો ગોવાળિયો કહેવાશે. જે વેપાર કરે તે વાણિયો અને જે યુદ્ધકળા પર ગુજારો કરે તે યોદ્ધો. કમલપત્ર પરનાં પાણીનાં ટીપાંની જેમ જે આ લોકના વિષયોથી પર રહે તેને જ હું બ્રાહ્મણ કહું છું. ખેડૂત કર્મથી થાય છે, કારીગર કર્મથી થાય છે, ચોર કર્મથી થાય છે, રાજા સુધ્ધાં કર્મથી થાય છે.'

આશ્વલાયન નામે એક વેદપાઠી જોડે ભગવાન તથાગતને આ જ પ્રશ્ન પર સંવાદ થયેલો તે વધારે પઠનીય છે.

આશ્વલાયન : હે ગૌતમ, બ્રાહ્મણો માને છે કે બ્રાહ્મણો ઊંચા છે અને બીજા વર્ણો નીચા છે. બ્રાહ્મણોને જ મોક્ષ મળે છે અને બીજાને મળતો નથી; બ્રાહ્મણો જ બ્રહ્માના મુખમાંથી ઉત્પન્ન થયા છે. આ બાબતમાં તમારી શી માન્યતા છે?

તથાગત : આશ્વલાયન, બ્રાહ્મણોની સ્ત્રી બીજાં વર્ણોની જેમ જ ઋતુગામી થાય છે, ગર્ભ ધારણ કરે છે, જન્મ આપે છે, બ્રાહ્મણ બાળકો બીજાં બધાંની જેમ જ માતાના ઉદરમાંથી ઉત્પન્ન થાય છે, તો – બ્રાહ્મણો બ્રહ્માના મુખમાંથી જન્મ્યા એમ કોઈ કહે તો નવાઈ જેવું નથી લાગતું?

આશ્વલાયન : આ ગમે તે કહો, બ્રાહ્મણોને તો પોતે બ્રહ્માના વારસ છે તેવો અચલ વિશ્વાસ છે.

તથાગત : ભલે, પણ કોઈ ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર ચોરી કરે, વ્યભિચાર કરે, દ્વેષ કરે, તો તે નરકે જાય ને જો બ્રાહ્મણ એવું કરે તો નરકે ન જાય એમ શું તને લાગે છે?

આશ્વલાયન : આવાં કામ જે કરે તે નરકમાં જાય.

તથાગત : અને કોઈ બ્રાહ્મણ હિંસા ન કરે, ચોરી ન કરે, વ્યભિચાર ન કરે, દ્વેષ ન કરે તો સ્વર્ગને પામે. પણ બીજા વર્ણના લોકો પણ આવાં પાપો ન કરે તો શું તેઓ સ્વર્ગે નહીં જાય એમ તને લાગે છે?

આશ્વ૦ : ગમે તે વર્ણનો માણસ પાપ ન કરે તો સ્વર્ગે જાય.

તથાગત : હે આશ્વલાયન, એક રાજા બધી જાતના માણસોને ભેગા કરી તેમાં ક્ષત્રિય અને બ્રાહ્મણને કહે શાલ અને ચંદન ઘસી અગ્નિ પેદા કરો, અને ચાંડાલ નિષાદ જેવાને કહે એરંડાના બે કટકા ઘસીને અગ્નિ ઉત્પન્ન કરો; હે આશ્વલાયન, ઊંચા વર્ણોએ ઉત્પન્ન કરેલ અગ્નિ વધારે તેજસ્વી કે નીચા વર્ણોએ ઉત્પન્ન કરેલ અગ્નિ ઓછો તેજસ્વી હશે ખરો?

આશ્વ૦ : હે ગૌતમ, સારા કે નરસા ગમે તે લાકડાથી ગમે તે જગ્યાએ અગ્નિ ઉત્પન્ન કરીએ તો તે સરખો જ હશે ને સરખાં જ કામ આપશે.

તથાગત : કોઈ ક્ષત્રિય બ્રાહ્મણ કન્યા સાથે પરણે કે બ્રાહ્મણ ક્ષત્રિય કન્યા સાથે પરણે તેમનાં સંતાનો બંને જેવાં થશે કે જુદી જાતનાં?

આશ્વ૦ : સંતાનો મા-બાપ જેવાં મનુષ્યો થશે.

તથાગત : પણ આશ્વલાયન, ઘોડા અને ગધેડીના સંબંધથી જે સંતતિ પેદા થશે તેને આપણે શું કહીશું?

આશ્વ૦ : હે ગૌતમ, તે ત્રીજી જ જાતનું પ્રાણી હશે, તેને આપણે ખચ્ચર કહીએ છીએ, પણ બ્રાહ્મણ અને ક્ષત્રિય સંબંધથી ઉત્પન્ન થયેલ સંતાનમાં આવો ફેરફાર નજરે પડતો નથી.

તથાગત : સારું, હવે ધાર કે બે બ્રાહ્મણમાં એક વેદપાઠી, અને બીજો ઓછું ભણેલો છે તો બેમાંથી યજ્ઞમાં કોને બોલાવીશું ?

આશ્વ૦ : જે ભણેલો હશે તેને.

તથાગત : હવે, માન કે જે વિદ્વાન છે તે દુરાચારી છે ને જે ઓછું ભણેલ છે તે સદાચારી છે તો કોને આમંત્રણ આપશું ?

આશ્વ૦ : જે સદાચારી હોય તેને જ બોલાવવો જોઈએ. દુરાચારીને દાન આપ્યે શું વળે ?

તથાગત : હે આશ્વલાયન, પહેલાં તેં જાતિને મોટી ગણી, પછી વેદપાઠ(જ્ઞાન)ને મોટું ગણ્યું, પણ હવે તું શીલને મોટું ગણે છે એટલે કે હું ચારે વર્ણની જે શુદ્ધિ કરવાનું સમજાવું છું તેનો તું સ્વીકાર કરે છે.

આશ્વલાયને તથાગતની વાતનો સ્વીકાર કર્યો હશે, પણ બૌદ્ધ ધર્મની આ વાતોનો પુરોહિતો – બ્રાહ્મણોએ સ્વીકાર ન કર્યો અને બૌદ્ધ ધર્મની અવનતિ થતાં તથાગતનાં ઉપદેશ અને આચરણથી આશાવાન, ઉત્સાહી અને સમાજ સાથે એકરસ થવા તત્પર નીચલા વર્ણોને ઊલટા નિરાશ કરી, નીતિબંધનોને વધુ સખત કર્યાં; યજ્ઞ તથા ક્રિયાકાંડોની જાળ વિસ્તારી. બૌદ્ધ ધર્મનો અસ્ત થતાં જે બૌદ્ધો હિંદુ ધર્મમાં ન ભળ્યા કે ન ભળી શકયા તેઓએ તથા જૈન ધર્મે જાતિગત શ્રેષ્ઠતા અવૈજ્ઞાનિક છે તે કહેવાનું ચાલુ રાખ્યું.

નાથપંથીઓ આમાંના એક હતા. તેમાંના સરહપા, તિલોપ્પા, ગોરખનાથ વગેરેએ જાતિપ્રથા સામે, બાહ્ય ક્રિયાકાંડો સામે હુમલા ચાલુ જ રાખ્યા.

સરહપાએ કહ્યું : 'બ્રાહ્મણોને રહસ્યની ખબર નથી. તે નકામા જ વેદપાઠ કરે છે. માટી, જલ કે દર્ભ લઈ મંત્ર રટયા કરે છે. હોમના કડવા ધુમાડાથી આંખો બગાડે છે.' સરહપા નિષ્પક્ષ, નિષ્કપટ છે એટલે તે પોતાના પંથના જોગીઓ, શ્રામણો, મહાયાનીઓ બધાની ખબર લઈ નાખે છે. જેનાથી ચિત્તશુદ્ધિ કે અક્ષુબ્ધાવસ્થા પ્રાપ્ત ન થાય તેવાં બધાં બાહ્યકર્મો તેને મન નિરર્થક વ્યાયામ છે.

જૈન મુનિ રામસિંહને આ વિષયમાં ન ભૂલી શકાય. અગિયારમી સદીના આ સાધુએ કહ્યું : 'તેં શિર તો મૂંડાવ્યું પણ ચિત્તનું મુંડન કર્યું નથી. સંસારનું ખંડન તો જે ચિત્તનું મુંડન કરે તેનું થશે.' × × × 'દેવળમાં તો પથ્થર છે, તીર્થમાં છે જળ, એક તીર્થથી બીજે તીર્થ ભટકવાથી કશું ફળ મળતું નથી, તેનો બહારનો મેલ જાય છે પણ અંદર તો હતા તેના તે જ રહે છે.'

આમ, છેક વેદ, ઉપનિષદ, ગીતાથી શરૂ થયેલો – ભાગવત ધર્મમાં સમાવાયેલો જાતિભેદની નિરર્થકતાનો વિચાર છેક અગિયારમી સદી સુધી પહોંચે છે. બારમી સદીના આ સંતોએ વિવિધ રીતે આ પ્રવાહને ઝીલી લીધો છે; મુસ્લિમોના આક્રમણે આ ધર્મવિચારના આધારે સામનો, સંશોધન અને સમન્વય કરવામાં વધારે જોશ કે જાગૃતિ અવશ્ય આપ્યાં છે, પણ સમન્વય કે સામના કે સંશોધન માટેની વિચારણા તૈલધારાવત્ સદીઓથી ચાલી આવી છે. શ્રીકૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ગુપ્ત સમ્રાટો, આળવારો, રામાનુજ અને રામાનંદે તેનું જતન, સંવર્ધન કરી; કબીર, નાનક, તુલસી, દાદુ, બસવેશ્વર, જ્ઞાનોબા, નામદેવ, તુકારામ, એકનાથ, રામદાસના સમર્થ હાથોમાં સમર્પિત કરી છે.

## [૯]

છેક બુદ્ધ-મહાવીરથી ચાલ્યું આવતું બીજું લક્ષણ પણ આ સંતોએ ઉપાડી લીધું હતું : તે હતું ઉપદેશ કે સ્વાનુભવને લોકવાણીમાં જ વર્ણવવાનું. બુદ્ધના બે મહાન શિષ્યો સારિપુત્ત અને મોગ્ગલ્લાને રજા માગેલી ભગવાનની કે 'આપનો અમૂલો ઉપદેશ સંસ્કૃતમાં ઉતારીએ?' બુદ્ધે તેમને કહ્યું : 'સાધુઓ, એમ ન કરશો.

તથાગતની વાણી, લોકો સમજે છે તે ભાષામાં જ સંઘરજો.' આ લોકાનુકંપાને કારણે બુદ્ધવાણી પાલિમાં સંઘરાઈ, અને સૌને તે અમૃત પહોંચ્યું.

બુદ્ધના અવસાન પછી બ્રાહ્મણોએ સંસ્કૃતમાં જ બધું ચલાવવા પ્રયત્ન કરેલો, અને ઘણે અંશે સફળ પણ થયેલા. રામાનુજભાષ્ય પણ સંસ્કૃતમાં જ છે ને? ભલે રામાનુજનો હેતુ વૈષ્ણવ ધર્મ સૌને માટે વિસ્તારવાનો હોય.

જ્ઞાન જ્યાં સુધી થોડાને જ જાણીતી ભાષામાં રહે ત્યાં સુધી તાળાકૂંચીમાં જ રહે છે, ભાષાનો પ્રશ્ન માત્ર ભાષાનો નથી. અલ્પસત્તાવાદ કે બહુસત્તાવાદનો છે. લોકો જે ભાષામાં જીવનવ્યવહાર ચલાવતા હોય તે ભાષાની હિમાયત બહુસત્તાવાદની છે. સામે પક્ષે લોકો જે ભાષામાં પોતાનો વ્યવહાર ચલાવતા નથી, થોડા ચલાવે છે, તેની હિમાયત તે અલ્પસત્તાવાદીઓની છે. સંતો તો સાચવી રાખવા નહીં, વહેંચવા નીકળેલા; તેમને તો બહુજનસમાજને અજ્ઞાનના દાસત્વમાંથી મુક્ત કરવો હતો, પોતાના આનંદાનુભવમાં ભાગીદાર કરવો હતો. તેમને સંસ્કૃતનું ચલણ કેમ પોસાય? આથી સગુણ-નિર્ગુણ કે સાકાર ગમે તે ભક્તિમાં માનતા સૌ સંતો આ બાબતમાં પૂર્ણતયા સંમત હતા કે જ્ઞાન અને ધર્માનુભવ સૌની સંપત્તિ બનાવવાં હોય તો તે લોકભાષામાં જ અપાવાં જોઈએ – ભલે એ લોકભાષા કાચી, ખરબચડી, ગ્રામ, સૂક્ષ્મ ભાવોને વહન કરવા અસમર્થ હોય; પણ જો આ અનુભવ અને વિચાર નીચે સુધી પહોંચાડવા હોય તો નીચેનો માણસ જે ભાષામાં બોલતો હોય તે જ ભાષામાં ધર્માનુભવ વર્ણવવો જોઈશે. આમાંથી જ પ્રાકૃત અને પછીથી બધી પ્રાંતભાષાઓનો વિકાસ થયો. ભારતની બધી ભાષાઓ — કાશ્મીરથી કન્યાકુમારી કે આસામથી દ્વારિકા સુધીની બધી ભાષાઓ — પોતાના વિકાસ અને આત્મભાનભર્યાં સ્થાન માટે આ સંતોની ઋણી છે. તુલસી કે કબીર બંનેને માટે 'સંસ્કરિત હૈ કૂપ જલ, ભાષા બહતા નીર' છે.

સંસ્કૃત બોલચાલની ભાષા હતી ત્યાં સુધી એ પણ વહેતા નીર જેવી હતી, લોકાનુભવ તેમાં અભિવ્યક્ત થતો હતો. ભાષા સમૃદ્ધ થતી હતી. પણ તે બોલચાલની ભાષા મટી ગઈ, એટલે કૂવાનું બંધિયાર પાણી બની ગઈ. તુલસીએ તો ત્યાં સુધી કહ્યું :

'કયા ભાષા કયા સંસ્કરિત, ભાવ ચાહિયે સાંચ;
કામજુ આવે કામરી, કયા લૈ કરે કુમાચ.'

(કુમાચ = દુશાલો.)

'ભાવ ચાહિયે સાંચ' : સાચો ભાવ પ્રગટ થવો જોઈએ ભાષા મારફત. પણ જે ભાષા જ લોકબોલી નથી રહી તેમાં લોકના હૃદયનો ભાવ આવે કેવી રીતે?

એકનાથે તો સંસ્કૃતના હિમાયતીઓને રોષથી પૂછ્યું છે : 'સંસ્કૃત ભાષા દેવોએ પેદા કરી છે તો પ્રાકૃત શું ચોરોએ પેદા કરી છે? બધી ભાષા દેવોએ જ પેદા કરી છે. ગમે તે ભાષામાં સ્તુતિ કરો દેવને જ પહોંચે છે.'

પછી, સ્વાભિમાનપૂર્વક કહે છે : 'માઝી મરાઠી ભાષા ચોખડી, પરબ્રહ્મ ફળલી.'
(મારી મરાઠી સમર્થ છે. બ્રહ્મકલા રસથી ફૂલીફાલી છે.)

સંસ્કૃત વાણી દેવે કેલી, પ્રાકૃત તરી ચોરા પાસુન ઝાલી?
દેવાસી નાહીં વાચાભિમાન, સંસ્કૃત પ્રાકૃત તયા સમાન;
જા વાણી જાહલે બ્રાહ્મકથન, ત્યા ભાષા શ્રી કૃષ્ણ સંતોષે.

મહારાષ્ટ્રીય સંતોના ધર્મમણિ જ્ઞાનેશ્વરે તો જ્ઞાનેશ્વરીના આરંભે જ કહ્યું : 'જ્ઞાનેશ્વરી દ્વારા હું મરાઠી ભાષામાં બ્રહ્મવિદ્યાનો સુકાળ ફેલાવવા માગું છું.' તેમને તો, જે વેદ-ઉપનિષદમાં સર્વ વિદ્યાઓમાં શ્રેષ્ઠ બ્રહ્મવિદ્યા છુપાયેલી છે તેના દરવાજા અંત્યજ પર્યન્ત સૌ માટે ખુલ્લા કરવા હતા. વળી તેમણે અવર્ણ્ય, અગમ્ય અનુભવને ભૂતદયાથી પ્રેરાઈ મરાઠી ભાષામાં એવી રીતે ઉતાર્યા કે ભાષા પુરબહારમાં મોરી ઊઠી :

યે મરાઠિચિયે યા નગરિ। બ્રહ્મવિદ્યેયા સુકાળ કરી। ઘેણે દેણેં સુખ ચીવરી। હો દેઇયા જગા।।

તેણેં કારણે મી બોલેન। બોલી અરૂપા મેં રૂપ દાવીન। અતીન્દ્રિય પરિ ભોગવીન। ઇંદ્રિયાં કરવી॥
માઝી મરાઠયાચિ। બોલ કૌતુકે। પર અમૃતાંનેહિ પૈજા। જિંકે ઐસી અક્ષરેં રસિક। મેળવીન॥

જ્ઞાનેશ્વર ન હોય તો આજની મરાઠી ભાષાનો આવો ઉત્કર્ષ ન હોય. તેમને જ પગલે નામદેવ, એકનાથ, તુકારામ, રામદાસ, ચાલ્યા. – આ સૌનાં શિષ્ય-શિષ્યાઓએ પોતાની ભક્તિનો રંગ ભાષાના ખૂણે ખૂણે છાંટી દીધો.

જનાબાઈ તો નામદેવને ત્યાં દળણું દળનારી, નામદેવને પ્રતાપે એની જીભે દૈવી વૈખરી પ્રગટી. આજે મહારાષ્ટ્રમાં ઘેર ઘેર દળણું દળતાં તેના અભંગો, પ્રભાતમાં જાણે પારણું ઝુલાવતું હોય તેમ ગવાય છે.

જની દળણું દળી । પાંડુરંગ જાતં ઝાડી ॥
એકા પાયી ઝાલી આઢી । જની દળણ દળી ॥

વળી ભગવાનને પ્રશ્ન કર્યો : 'ઘેર અંબર કસ્તૂરી, સોનાની ત્રાંબાકૂંડી છે, તે તને ગમતું નથી; તે જનીને (જનાબાઈને) ઘેર જાય છે તું ? અરે, રુકિમણીને પણ જનીની ઈર્ષા આવવા માંડી.

બોલે રૂકમણી રાગાંત, વિઠ્ઠલા કા નાહીં લાજ?
સાંગા જનીયચા વાડાલા, કશાલા હી જાતો રોજ?
દેવ વિઠોબા બોલલા । નકો ગડે અસેં બોલું ॥
જની અપંગ બીચારી । હોય આપણે લેકરું ॥

આવું જ કબીરે ખડી બોલી માટે, નાનકે પંજાબી માટે, નરસિંહે ગુજરાતી માટે, શંકરદેવે આસામી માટે કર્યું.

જે ભાષાઓના સામર્થ્ય અને સૌંદર્ય વિશે લઘુતાભાવ હતો, જે અસંસ્કારી, અડાણી લોકો જ બોલે તેમ મનાતું તે ભાષાઓમાં વેદ-ઉપનિષદ-રામાયણ-મહાભારત-શાસ્ત્ર-પુરાણની રેલ ચાલી, એટલું જ નહીં, તુકારામ જેવાએ તો હિંમતપૂર્વક કહી નાખ્યું :

વેદાંચા તો અર્થ આમ્હાંસી
યેરાંની વાહાવા ભાર ॥ માથા ॥

વેદનો અર્થ તો અમારી પાસે છે. બીજા તો છે માત્ર ભાર વેંઢારનારા. અને તે કેમ ન કહે? વેદ-ઉપનિષદમાં એવી કઈ વાત હતી, જે આ સંતોએ લોકભાષામાં નથી કહી? જ્ઞાન-કર્મ-ભક્તિ-સાંખ્યયોગ— બધામાં જાણે એમની સહજ સરલ ગતિ હતી, આથી તેમની વાણીમાં સરલતા ને સચોટતા આપોઆપ પ્રગટયાં છે.

અધ્યાત્મનો વિષય જ ગૂઢ છે. તેનો અનુભવ ઇન્દ્રિયોની હદ પૂરી થયા પછીનો છે. વાણી જ્યાં શરમાઈ જાય છે ત્યાં પહોંચ્યાનો મામલો આ સંતોએ વર્ણવવાનો છે. ઇન્દ્રિયો અને મનને થતા અનુભવો પણ ઊંડાણથી સચોટ રીતે રજૂ કરવા મુશ્કેલ છે. એથી જ તો કવિતા ઘણા કરે છે પણ કવિ તો થોડા જ થઈ શકે છે.

સ્થૂલ કે મનોગત અનુભવો વિશે આ હકીકત હોય તો મનનો લય થયા પછીના જે અનુભવો થાય છે તે રજૂ કરવા એ કેટલું કઠિન કામ છે?

સંતોએ આ અચિંત્ય, અપ્રત્યક્ષ અનુભવોને કાવ્યમાં પ્રત્યક્ષ કરવામાં અનુપમ સિદ્ધિ મેળવી છે.

આ સંતોની અન્ય કામગીરી કેટલે અંશે ફળદાયી થઈ તે વિશે ભલે મતભેદ હોય, પણ કશાય સંકોચ વિના એટલું તો તત્કાલ કહી શકાય તેમ છે કે આજની પ્રાંતીય ભાષાઓમાં તેમણે બહુમૂલાં મોતી-માણેક, હીરા, ઝવેરાત અર્પણ કર્યાં છે. આ કાવ્યરાશિ અને તેની આડકતરી અસરોને જો બાદ કરીએ તો આ બધી પ્રાંતભાષાઓ દરિદ્ર બની જાય.

આખરે ભાષા જ જીવે છે. વ્યક્તિઓ નાશ પામે છે તે બીજી વ્યક્તિઓને મશાલ આપતી જાય છે. પણ મશાલ સળગતી નથી, જ્યાં સુધી ભાષાની ચિનગારી એને સ્પર્શેલી નથી, માના ખોળામાં, પારણામાં તે હાલરડાં સાંભળતાં જીવનની રસ-વ્યાપ્તિનો સ્વાદ અનુભવે છે. અને આગળ પણ જીવનની સંકુલતા, ગૂઢતા કે સર્વોચ્ચ શકયતાની ઝાંખી ભાષાની મદદથી થાય છે. સંતોએ એ પિછાન્યું છે. એટલે સંત કવિ સુરદાસના 'મૈયા મોરી મૈં નહીં માખન ખાયો'થી માંડીને જીવનને રસાળ કરતી મૂળદાસની 'સુંદરવરણી ચૂંદડી' સુધીનાં ગીતો, પદો દેશી ભાષામાં રચાયાં, કંઠે ચડયાં, ગવાતાં રહ્યાં.

ભાષાને શણગારવાની, બહેલાવવાની, કદી તીર સમ વેધક કે કદી માતાના હાથની જેમ ચંદનસમી શીતલ, કદી પ્રચંડ ઓઘવતી તો કદી અદૃશ્ય થતી ગુપ્તગંગાની સરવાણી સમી, કદી દાહક તો કદી શામક, કદી વીર વાણીમાં ઢંઢોળતી તો કદીક ચમચમતા વ્યંગો કરતી, કદીક ઈશ્વરનેય ચેતવતા આત્મવિશ્વાસવાળી, તો કદીક નમ્રતાના પરમનિધિ સમી કેટકેટલી કરામતો તેમણે સિદ્ધ કરી છે!!

આશ્ચર્યજનક બીના એ છે કે સંસ્કૃતજ્ઞ તુલસી અને દાદુ-રજ્જબ અલગ સ્તરના ભક્તો છે. પણ તેમની ભાષાસિદ્ધિ એકસરખી છે. આવા જાણીતા સંતોએ જ નહીં, સૌરાષ્ટ્રના કોઈ ખૂણે કમલ-પરાગ સમું જીવતર જીવી ગયેલાં હરિજન ભક્ત દાસી જીવણ, શવો, વીરભક્ત ભાણ, યોગસાધક ગંગાસતી : આ બધાંએ જે વાણી રચી, તેણે ભારતીય ગ્રામજીવનને સંસારના રગડા, બળાપા, કલેશથી, દસ આંગળ ઊંચું રાખ્યું છે. અજાણ ગામડિયાઓએ રાતની રાત આ નોળવેલના પ્રતાપે દિનભર સંસાર-સર્પ સામે ઝઝૂમવાનું બળ પ્રાપ્ત કર્યું છે. એટલું જ નહીં, છેક વેદકાળથી વર્તમાનકાળ સુધીનું સાતત્ય પોતાની નાડીઓમાં આ અનન્ય વાણીના આચમનથી જ અનુભવ્યું તે નોંધવા જેવું છે.

વેદનો 'અણોરણીયાન્ મહતો મહીયાન્' શ્લોક જાણીતો છે. તુકારામ બુવાનો અભંગ જુઓ :

આણુરણીયાં થોડૂકા । તુકા આકાશા એવ ॥  
લામુતિ સાંડિલે કલેવર । ભવ ભ્રમાચા આકાર ।  
સાંડિલી ત્રિપુટી । દીપ ઉજ્જમલા ધરીં ।  
તુકા મ્હણે આતાં । ઉરલો ઉપકાર પુરમો ॥

(ઝીણામાં ઝીણું વળી મોટું મસ આકાશ, તેમાં વળી છોડયું શરીર, ભવભ્રમનો આકાર છોડી માયા સામટી, દીપ પ્રગટયો ઘટમાંય, કહે તુકો જીવવું હવે કેવલ ઉપકારાર્થ.)

ઉપનિષદમાં યાજ્ઞવલ્કયે પરમ અવસ્થાનું વર્ણન કર્યું છે :

'જ્યાં સુધી જાણનાર અને જાણવાનો પદાર્થ એવું દ્વૈત કાયમ રહે ત્યાં સુધી એક-બીજાને જુએ, સૂંઘે, સાંભળે પણ જ્યારે સર્વ આત્મરૂપ થાય ત્યારે કોણ કોને અને શા વડે જુએ, સૂંઘે, સાંભળે, જાણે? અરે, જે પોતે જ્ઞાતા છે, તેને જાણનારો બીજો કયાંથી લાવવો?'

અને ઈશ-ઉપનિષદમાં કહેવાયું : 'આ પ્રમાણે, સર્વ આત્મભૂત થયા પછી તે ઠેકાણે ભય, શોક અથવા સુખદુ:ખ જેવાં દ્વંદ્વો રહી શકતાં નથી. મીઠાનો ગાંગડો ઓગળ્યા પછી તે પાણીમાંનો

અમુક ભાગ ખારો અને અમુક ભાગ ખારાશ વગરનો એવો ભેદ રહેતો નથી, તે પ્રમાણે બ્રહ્માત્મૈક્ય જ્ઞાન થયા પછી સર્વ બ્રહ્મમય થાય.'

પણ બારમી, પંદરમી કે સત્તરમી સદીમાં કોને આ અનન્ય તર્કશુદ્ધ જ્ઞાન મળતું હતું? —સંસ્કૃત જ વાંચવાનું ન હતું ત્યાં! સંતોએ આ શોક, મોહ, ભયને દૂર કરનારું જ્ઞાન સામાન્ય જનની ભાષામાં તેમનાં ઘરઆંગણાં સુધી લાવી દીધું. ભગીરથનું ગંગાવતરણ જ કહો ને!

ઉપનિષદની ઉપલી વાતને તુકારામ, નરસિંહ વગેરેઓ મૂળનેય ભુલાવે તેવી ભાષામાં ઉતારી છે:

| | |
|---|---|
| ગોડપણ જૈસા ગુડ! તૈસા દેવ ઝાલા સકળ। | (ગળપણમાં જેમ ગોળ તેવું દેવ થયું સકળ, |
| આતાં ભજો કોણે પરી । દેવ સબાહ્ય અંતરી। | પછી ભજે કહો કેમ? દેવ બાહ્ય–ભીતર; |
| ઉદકાવેલા ન વેદ તરંગ નિરાળા | જલ વિણ જેમ નવ હોય તરંગ કદી જુદા, |
| હેમ અલંકાર નામી। તુકા મ્હણે મેલે આમ્હીં। | ભૂષણ નામે હેમ કહે તુકો તેવા અમે.) |

નરસિંહ તેની ચિત્રાત્મક રસમય શૈલીમાં આ જ વાત ગાઈ:

ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.
વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ સાથ દે, કનકકુંડળ વિષે ભેદ ન્હોયે.
ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોયે.
બત્તી વિણ તેલ, તેલ વિણ સૂત્ર જો અચલ ઝળકે સદા અનલ દીવો
નેત્ર વિણ નીરખવો, રૂપ વિણ પરખવો વણજિહ્વાએ રસ સરસ પીવો!

જ્ઞાનેશ્વરની પણ જાણે આ જ પ્રતિજ્ઞા છે. જે બ્રહ્મને અચિંત્ય, અનિર્વચનીય, છતાં સર્વવ્યાપી કહ્યું છે તેનો રસ લોકને પાવો છે:

દિસો પરતત્ત્વ ડોળા। પાહો સુખાચી સોહળા॥
રિઘો મહાબોધ સુકાળા। માઝી વિશ્વ ।
તૈસા વાગ્વિલાસ વિસ્તારું। ગીતાર્થે મી વિશ્વભરું
આનંદાચા આવારા। માંડુ જગા!

ઉપનિષદના ગહનતમ તત્ત્વજ્ઞાનનો સાર આટલો જ કહેવાયો: 'બ્રહ્મ સત્યં, જગત્‌મિથ્યા, જીવો બહ્મૈવ નાપરઃ'. વિનોબાજીએ તેમાં સુધાર્યું: 'જગત સ્ફૂર્તિ, જગત મિથ્યા નથી પણ બ્રહ્મની જ સ્ફૂર્તિ' છે. નરસિંહ આ અઘરી વાત સહેલી અને સુંદર કરી બતાવી છે:

વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું,
જોઉં પટંતરો એ જ પાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.

નરસિંહનાં પદ પણ જે લોકો સુધી પહોંચે એમ નથી, એવે સ્થળેય અનામી, નામી, સંતોની ભજન-મંડળીમાં ગવાયું:

'ધૂળના ઢગલામાંય જ્યોત જલત રૈ
અંધાર મટયો કાલાદલકો,
એને અજવાળે રામ અગમ ન બૂજ્યો જેને
ભેદ મળ્યો નહીં એના ઘેર કો.'

(માટીના ઢગલામાં જ દેહમાં પ્રકાશપુંજ છે; અંધારના ઢગલાને ઓગાળી નાખનારું આ તેજ પોતાના જ ઘરમાં છે, એમ જેણે નથી જાણ્યું, તેના પોતાના ઘરનો જ ભેદ હાથમાં નથી આવ્યો.)

રવિદાસે સ્વાનુભવે ગાયું :

સખિ, ઊંચું જોઉં તો હરિ આસમાનમાં
હેરીને, જોઉં તો હરિ હેઠા રે,
સખિ જોઉં તો, સળકે સોડયમાં,
જાગીને જોઉં તો તખત પર બેઠા રે.

સૃષ્ટિનો આરંભ કઈ રીતે થયો હશે તે જિજ્ઞાસા — દા. ત. વિજ્ઞાની, ભક્ત, યોગી કોઈની ટળતી નથી. વેદનું નાસદીય સૂક્ત આવા ચિંતનનું ગૌરીશંકર શિખર છે.

નહોતું અસત્ નવ હતું સત્ કંઈ સમે તે,
ના અંતરિક્ષ, નવ વ્યોમ હતું, પરે જે.
ના રાત, કે દિવસ, કાંઈ કળાય એવું,
ને શ્વાસ લેતું નિજશક્તિથી વાયુ વિણ.
તે તત્ત્વ એક પ્રગટયું તપના પ્રભાવે,
કો જાણનાર, નહિ કો સમજાવનાર.
આ સર્વસૃષ્ટિ વિવિધ પ્રગટી જ જેવી
તે ધારનાર અથવા ધરનાર નાંહિ.
અધ્યક્ષ જે પરમ વ્યોમ વિષે વિરાજ્યા
તે જાણતા કદી હશે, નવ જાણતા વા !

સંતવાણીમાં આ જ કોયડો કેમ રજૂ થયો છે જોઈએ.

નહિ રે મેરુ, ને નહિ મેદની; નો'તાં તે દી ધરણી, અંકાશ.
ચાંદો ને સૂરજ જે દી કોઈ નો'તા; ધણી મારો તે દી આપોઆપ
હાડ ને માંહે, રોમરાઈ નહિ, નો'તાં કાંઈ રુધિર ને માંસ;
પિંડ પડમાં અધ્ધર રિયું, નો'તા કાંઈ સાસ ને ઉસાસ.

અને એ પ્રથમ મહા મહિમામય પુરુષે શું કર્યું આરંભે?

હાં હાં રે જમીં આસમાન બાવે
મૂળ વિના માંડયાં જીરે
એ જ થંભ વિના આભ ઠેરાયો...

જીવ, આત્મા, ઈશ્વર અને બ્રહ્મના પરસ્પર સંબંધો અને સ્થાન વિશે વિવિધ કલ્પનાઓ અને ઝીણી ચર્ચાઓ થયા કરી છે, પણ કોઈક અજાણ્યા સંતે આ વિશે સરલ લોકગમ્ય ભાષામાં કહ્યું છે તે નવાઈ પમાડે તેવું તો છે જ. પ્રશ્ન છે:

કૌન રામ દશરથ ઘર ડોલે? કૌન રામ ઘરોઘર બોલે?
કૌન રામકા જગત પસારા? કૌન રામ હૈ સબસે ન્યારા?

ઉત્તર મળ્યો:

જીવ રામ દશરથ ઘર ડોલે, આતમરામ ઘરોઘર બોલે;
જ્યોતિ રામકા સકલ પસારા, ઔર નિર્ગુણ રામ હૈ સબસે ન્યારા.

જ્ઞાનેશ્વરે પરમતત્ત્વને લોકભાષામાં પ્રત્યક્ષ કરવાની જે પ્રતિજ્ઞા લીધી, તે જાણે આ સૌ સંતોએ સાંભળી છે; અને એના પરિણામે નેસડા, ગામડાં, કસબા, મંદિર, મેળા સર્વ સ્થળે, એક નિરભિમાની, સહિષ્ણુ છતાં સુદૃઢ આત્મસંશોધન કરનારી સંસ્કૃતિ કરમાતાં કરમાતાં બચી ગઈ.

## [૧૦]

અંતે, જરૂર પુછાવું જોઈએ કે આ સંતોની કામગીરી આખરે કેટલી સફળ થઈ?

વગર અચકાયે કહી શકીએ કે 'પૂરી નહીં.' કારણ કે પૂરી થઈ હોત તો ઊંચનીચના ભેદભાવ, જ્ઞાતિ-વ્યવસ્થાનું જડત્વ, અર્થહીન મૂર્તિપૂજા અને બ્રાહ્મણોના એકાધિકાર સામે રાજા રામમોહન રાય, કેશવ સેન, જ્યોતિરાવ ફૂલેને મોરચા માંડવા ન પડયા હોત. હિંદુ-મુસ્લિમના ઘાતક અણબનાવે જે વસમું ભીષણરૂપ લઈ ગાંધીજીનું બલિદાન લીધું તે ન બન્યું હોત. એ નોંધવું જોઈએ કે તે વખતે સંત યુગમાં પણ ઉચ્ચ વર્ણના સમાજમાંના બધાએ કાંઈ સંતોની વાત સ્વીકારી નહોતી. તુકારામની પજવણી એટલી હદે થઈ હતી કે તેમને પોતાના અભંગો ઈન્દ્રાયણી નદીમાં નાખી દેવા પડયા હતા. અને તે પાછા મેળવવા તેમણે કાંઠે બેસી તેર ઉપવાસ કર્યા હતા. મરાઠીમાં લખાયેલ એકનાથના ભાગવતનો સ્વીકાર પૈઠણના પંડિતોએ નહોતો કર્યો. ખુદ તુલસીદાસજીના 'રામચરિતમાનસ'નો સ્વીકાર પણ સંસ્કૃતના પંડિતોએ નહોતો કર્યો. મધુસૂદન સરસ્વતી જેવા મહાવિદ્વાને તેને પ્રમાણપત્ર આપ્યું ત્યારે બ્રાહ્મણો બોલતા બંધ થયેલા.

રાધાના અવતાર સમા ઘોઘાવદરના હરિજન સંત દાસી જીવણના શબને સવર્ણોએ ગામ વચ્ચેથી કાઢવા નહોતું દીધું. જ્ઞાનેશ્વર અને તેમનાં ભાંડરડાં તો તપ્ત શુદ્ધ સુવર્ણ જેવાં. પણ સંન્યાસીનાં છોકરાં. એટલે અસ્પૃશ્યથીયે અસ્પૃશ્ય. છોકરાંનો સમાજમાં સ્વીકાર થાય તેટલા માટે માબાપ નદીમાં આપમેળે ડૂબી મૂઆં, તે પછી પણ સ્વીકાર તો ન જ થયો; માત્ર સહન કરી લીધાં!

આવા નઠોર અને અંધ સમાજ સામેના વિગ્રહમાં સંતોને પૂરી સફળતા ન મળી તેમાં નવાઈ શી? મહાત્મા ગાંધીના સર્વમેધ યજ્ઞ પછી પણ હજીયે અસ્પૃશ્યતા પૂરી ગઈ નથી, પણ જેટલી ગઈ છે તેટલી તેમના પ્રતાપે જ ગઈ છે.

વળી, ઈતિહાસના પ્રવાહમાં વ્યક્તિઓના પુરુષાર્થનું મૂલ્ય આંકવા માટે તે કાળના કાંઠે કે તે પછીના કાળમાં ઊભા રહેવાથી પ્રાપ્ત થતું નથી. તે કાળના મધ્ય પ્રવાહમાં જઈને તેમના પુરુષાર્થનું પારખું થાય, તો દેખાય કે તેમનો પુરુષાર્થ કેટલો પ્રચંડ હતો અને કેટલો પરિણામદાયી થયો. સાબિતી એ છે કે આલમગીરની હિંદુ ધર્મનું નામોનિશાન મિટાવવા માટેની ઝનૂની જહાંગીરી સામે જો કોઈએ પડકાર ફેંકયો હોય તો તુકારામ અને રામદાસની વાણીનું અમૃતપ્રાશન કરેલ શિવરાય, જોગીદાસ અને જગજીવનદાસજીના અનુયાયી સતનામીઓએ, સ્વામી પ્રાણનાથજીના શિષ્ય રાજા છત્રસાલે.

પ્રાણનાથજીએ રાજા રાણાઓને કરેલ હાકલના નમૂના જોઈએ :

ધર્મ જાતા રે. કોઈ દૌડો
જગતને જોધાર ઊઠ ખડે રહો
નિંદ નિગોડી રે છોડો!
ટૂટત હે રે ખર્ગ છીત્રિયોંસે
ધર્મ જાત હિંદુસ્તાન ।

સત ન છોડો રે સતવાદિયોં
જોર બઢયો તુરકાન
ત્રૈલોકીમેં હૈ ઉત્તમ ખંડ ભરતકો
તે મેં ઉત્તમ હિંદુ ધરમ
તાકે છત્રપતિયાંકે શિર
આયે રહી ઈત સરમ.

ભારતીય ઈતિહાસના એ કાલખંડમાં મોગલાઈના આ ધર્મઝનૂનને આહ્‌વાન કરનાર ત્રણ દસ્તાવેજો છે : જજિયાવેરા સામે ગંભીર ચેતવણી આપતો શિવાજીનો પત્ર, ગુરુ ગોવિંદસિંહનું 'ઝફરનામા' અને સ્વામી પ્રાણનાથજીએ પોતાના શિષ્ય લાલદાસજી મારફત મોકલેલો 'હિંદવી' સંદેશો. વિનય અને ઓજસ્વિતાના આ નમૂના છે. આનું પુનરાવર્તન સવાબસો વર્ષ પછી દાંડીકૂચ વખતે ગાંધીજીએ વાઈસરૉય પર પત્ર લખીને કર્યું હતું. આપત્કાળમાં ફસાઈ, હારેલી, નિરાશ થયેલી સંસ્કૃતિને પ્રથમ જોઈએ છે પ્રાણાર્પણ. ન્યોછાવરીનો કસુંબી ઉમંગ, બીજું બધું પછી. આ ઉમંગી શૂરવીરતાનું અચલ આસન છે — ઈશ્વરાર્પણવૃત્તિ; ભાષાભક્તિ, વાદભક્તિ, પ્રતિમાભક્તિ, પ્રતીકભક્તિ, દેશભક્તિ આ બધાં વહેલાં કે મોડાં સરકી પડે છે, પણ સર્વશક્તિમાન, સર્વક્ષેમંકર સર્વગોચર ઈશ્વર પ્રત્યેનો નિરતિશય નિર્હેતુક અનુરાગ કોઈથી હારતો નથી.

આવી શ્રદ્ધા, અનુરાગને બળે ગુરુ ગોવિંદસિંહના પુત્રો જીવતા ભીંતમાં ચણાયા, કાન્હોપાત્રાએ બિદર-(દક્ષિણ ભારતમાં)ના બાદશાહને વશ થવા કરતાં પંઢરપુરના મંદિરને ઉંબરે પ્રાણાર્પણ કરવાનું પસંદ કર્યું. આના જોરે જ દિલ્હીના ચાંદની ચોકમાંથી મોગલાઈના દાંત ખાટા કરી, ગુરુ તેગબહાદુરનું રઝળતું શબ ઉઠાવી જવાનું સામર્થ્ય સામાન્ય જનોમાં પ્રગટ્યું. ગુરુ તેગબહાદુરે કહ્યું હતું તેમ 'હોલાએ બાજ સામે જ ટક્કર લીધી.' સંતોની આ ભક્તિધારાએ તેમાં નાહનારાને પ્રાણ સસ્તો કરવાની શક્તિ આપી. કારણ કે સંતોનો ભગવાન મૂર્તિ ભાંગતાં ભાંગી જતો નહોતો. તે તો ભાંગ્યાનો ભેરુ થવા અદૃશ્ય છતાં અવિચલ ઊભો હતો. સ્ટોઈકની પરિભાષામાં તે "ઘટના પાછળના ગોઠિયા રૂપે" હતો. (ઘટઘટમાં વ્યાખ્યો સખા સ્વરૂપ.)

સંતોએ ધર્મસાધનામાં ઊંચનીચના ભેદો કાઢી નાખ્યા, તેની અસર આખા સમાજ પર લાંબા કાળ સુધી ભલે ન રહી, પણ તે કાળે અવશ્ય થઈ.

સ્વરાજ માટેની પહેલી શરત — આક્રમણ સામે એક થઈને ઊભા રહેવું, તે ઠીક ઠીક અંશે પૂરી પડી. ઉપલા અને નીચલા વર્ગો વચ્ચેની ખાઈ પુરાવાની શરૂઆત થઈ. ગુરુ તેગબહાદુરનું રઝળતું શબ ચાંદની ચોકમાંથી ઉઠાવી જનારા લોકો કહેવાતા નીચલા વર્ણના હતા. દક્ષિણમાં મેલકોટના મંદિરની વિષ્ણુમૂર્તિ દિલ્હીના જનાનખાનામાંથી ઉપાડી લાવનારો એક હરિજન હતો.

છતાં, એવું દેખાય છે કે સંતોની શીખ એ કાળે લીધી, અને મુખ્યત્વે સંતધર્મ પૂરતી જ લીધી. સમાજમાં તેનો અમલ ન કર્યો, મન મનાવ્યું કે 'સંતો તો પરમહંસ કહેવાય. તેઓ ન્યાતજાત ન પાળે, વર્ણાશ્રમધર્મનું ઉલ્લંઘન કરે તો ચાલે. પણ આપણે ક્યાં પરમહંસ છીએ? શંકર ઝેર પીએ, પણ આપણે પીવા જઈએ તો મરી જઈએ.' આવી દલીલો કરી સમાનતા તરફી પ્રવાહને સંસારવહેવારમાં દાખલ થતો રોક્યો. આગળ જતાં સંતોનો આ ધર્મ પણ એક અલગ વાડો બની ગયો. કબીરના મઠોમાં, વારકરીના મેળામાં કે કોઈ એકલદોકલ સ્થળે મૂળ લક્ષણો રહ્યાં. કેટલીક વાર અલગ ન્યાત કે પંથ બની ગયાં. સમાજ હતો તે ચીલે ચડી ગયો. ગાંધીએ જ્યારે ધર્મને માત્ર વાડામાં ન રાખી સમાજજીવનના એકેએક ક્ષેત્રમાં દાખલ કરવાનું આંદોલન ચલાવ્યું ત્યારે એ સંતો ફરી જીવતા થયા. ફરી તેમની વાણી સાર્થક થવા તરફ વળી. એટલું જ નહીં તેમનાં જીવન ઉદાહરણરૂપ મનાયાં. વણકર કબીર, ચમાર રોહીદાસ, દરજી નામદેવ, જાણે ગાંધી-વિનોબાના પૂર્વજો હોય તેવું લાગ્યું, કારણ કે તેમનો પાયો પણ ગાંધી કહેતા હતા તે જ હતો :

> જે કાં રંજલે ગાંજલે । ત્યાસિ મ્હણેં જો આપુલે ।।
> તો ચિ સાધુ ઓળખાવા । દેવ તેથે ચિ જાણાવા ।।
>
> 'દેહીસે ઉદ્યમ કરે, સુમીરન કરે વિદેહ.'

રજબની આ શીખ વિનોબાએ ઉપાડી લઈ કહ્યું : 'હોઠે રામ, હાથે કામ ।'

અગાઉ પણ કહેવાયું જ હતું : 'જગાચા કલ્યાણ । સંતા ચિ વિભૂતિ । દેહ કષ્ટાવતિ ઉપકારે ॥

ગાંધીના હાડમાં આ હતું. તેમણે કાંતતાં-પીંજતાં-મહાસફાઈ કરતાં હરિનું સ્મરણ કર્યું — કરાવ્યું. અને બધા તરફ સમદૃષ્ટિ રાખતાં છતાં જ્ઞાનેશ્વરે વર્ણવ્યા મુજબ અધર્મની સામે લોકસંગ્રહ સારુ પ્રાણપર્યંત ઝૂઝયા.

સંતોના પુરુષાર્થની આ શું જેવી તેવી ફલશ્રુતિ છે?

> હી સકલ લોકસંસ્થા । રક્ષાણીય સર્વથા ॥
> મ્હણોની કર્મ ન સાંડાવે । વિશેષ આચરાવેં । લાગે સંતિ॥
>
> *
>
> "લોકસ્થિતિ આધવીં । નાશિલી હોઈલ ॥
> આતાં કોદંડ ઘેઉની હાતીં, આરૂઢયાં ઈચેરથ
> દેહ આલિંગન વીરવૃત્તિ । સમાધાનેં ॥
> યેથા લારાપાસૌની સોડવી । મેદિની રે ॥
>
> — જ્ઞાનેશ્વર

## [૧૧]

મહારાષ્ટ્રના સંતો વિશે થોડું અલગ લખવું ઉચિત ગણાશે. એનું મુખ્ય કારણ એ છે કે મુસ્લિમ શાસન પર સખતમાં સખત હુમલો મહારાષ્ટ્રે કર્યો, સફળતાપૂર્વક કર્યો.

મહામના રાનડેએ સાચું જ દર્શાવ્યું છે કે અંગ્રેજોએ આ દેશની સત્તા મુસલમાનો પાસેથી નહીં, મરાઠા પાસેથી લીધી છે. મુસલમાની સલ્તનતને તો મરાઠાઓએ ક્યારની ખોખલી, નિસ્તેજ અને લગભગ જમીનદોસ્ત કરી નાખી હતી. ભારતના મોટા ભાગ પર પ્રભાવી સત્તા તેમણે જમાવી હતી. આ મરાઠી સત્તાના ઉદય પાછળ મરાઠી સંતોની કામગીરી છે, એવું રાનડેએ પ્રતિપાદિત કર્યું અને આજે બધા સમજુ ઈતિહાસકારો તેનું તથ્ય સ્વીકારે છે. કોઈ પણ નોંધપાત્ર રાષ્ટ્રીય જાગૃતિ લોકમાનસના ફેરફારની અપેક્ષા રાખે છે : નવાં માનવી — નવો સમાજ.

મહારાષ્ટ્રમાં જે લોક હતું તે જ હતું. શિવાજી, સંભાજી, રાજારામના કે બાજીરાવના વખતમાં કોઈ નવા લોક ન હતા. પણ લોકનો મિજાજ બદલાયો હતો. જે મિજાજે તેમને ઔરંગઝેબની સામે અનવરત લડવાનું સંકલ્પબળ અને બલિદાનવૃત્તિ આપ્યાં, જળોની જેમ દક્ષિણમાં વળગી રહેલાં ઔરંગઝેબનાં સૈન્યોને દાણાદાણ કરી નાખ્યાં, અને છેવટે ઔરંગઝેબની કબર પણ દક્ષિણમાં જ થઈ, ફરી દિલ્હી દેખી ન શક્યો.

નોંધપાત્ર તો એ છે કે પ્રજાના સામૂહિક રણયજ્ઞે આ સિદ્ધ કર્યું. શિવાજી આગ્રામાં કેદમાં હતા, પછી સંભાજી બૂરે હાલ મરાયો હતો. રાજારામ છેક દક્ષિણમાં ઘેરાયો હતો. આ બધા કઠિન પ્રસંગોમાં હાર-જીતનાં ઝૂલણાં વચ્ચે લોકોમાં તરઘાયો ઢોલ બજતો જ રહ્યો.

આ અથાક પ્રાણશક્તિદાતાઓમાં મહારાષ્ટ્રી સંતોનું અલાયદું સ્થાન છે. મહારાષ્ટ્રના સંતો ઉત્તર કે પૂર્વ, પશ્ચિમ ભારતના સંતોની જેમ જ ભક્તિની સર્વોપરીતામાં માને છે. નામસ્મરણનો મહિમા તેમણે અધિક ગણ્યો છે. માણસનું મૂલ્ય જન્મથી નહીં, કર્મથી — ખાસ કરીને ભગવદ્‌ભક્તિથી થાય તે તેમને પણ સ્વીકાર્ય છે. આ ભક્તિ કરવાનો અધિકાર સૌ કોઈને છે. તુકારામે નિઃસંકોચપણે કહી નાખ્યું :

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ને શૂદ્રનો
છે અધિકાર ચાંડાલ કેરો ।
બાલનો, વૃદ્ધનો, નર અને નારનો
હોય વેશ્યા નહિ બાદ તેનો ।

આ માત્ર અભંગમાં ન રાખ્યું. બહિણાબાઈને બ્રહ્મજ્ઞાનની અધિકારિણી કરી, પોતાનો વરદ હસ્ત તેના પર મૂકી તેને કવયિત્રી બનાવી. જ્ઞાનેશ્વરે મુક્તાબાઈને, નામદેવે જનાબાઈને અને સમર્થ રામદાસે વેણુબાઈને પુરુષોને ઉપદેશ આપતી કરી. વેણુબાઈએ ખુદ શિવાજી મહારાજને કથા સંભળાવ્યાનો ઉલ્લેખ છે.

ગણિકા કાન્હોપાત્રા પણ તુકારામની કૃપાપાત્ર થયેલી. બિદરના બાદશાહના જનાનખાનામાં જવા કરતાં તેણે વિઠોબાના ઉંબરે ગાતાં ગાતાં પ્રાણોત્સર્ગ કર્યો :

મી તો આહેં જાતિહીન, ન કળે કાંહી આચરણ
દીન, પતિત, શરણ આલેં વિઠામાઈ
મજ અધિકાર નાંહિ ભેટી દેઈ વિઠામાઈ
ઠાવ દેઈ ચરણાંપાશીં, તુઝી કાન્હોપાત્રા દાસી ॥
પતિત પાવન મ્હણવિસી આધીં, તરી કા ઉપાધિ ભક્તા માગે
સિંહાચે ભાતુકે જંબુક નેતાં
થોરા મિયા માથા લાજ વાટે
મ્હણે કાન્હોપાત્રા દેહસમર્પણે, કરાવા જતન બ્રીદાસાઠીં ॥

દેવ! હું તો દીન, પતિત, જાતિહીન, મને તો ભેટવાનોય અધિકાર નથી; મને, આ તારી દાસી કાન્હોપાત્રાને તારા ચરણે સ્થાન આપ. તું તો પતિતપાવન, પછી ભક્તોને ઉપાધિ શી? ભલા, સિંહનું ભોજન વાંદરો ખેંચી જવા આવ્યો છે, તેમાં આબરૂ તો મોટાની જશે. કાન્હોપાત્રાએ તને દેહ સમર્પણ કર્યો છે, તું તારા બિરદ સામું જોજે.

પ્રાણ ન્યોછાવર કરવાનું આત્મબળ હોય તે વર્ણાશ્રમ પ્રમાણે ક્ષત્રિયમાં હોય. અહીં તો, સમાજ જેને તુચ્છાતિતુચ્છ ગણતો હતો તેણે, જૂનું કપડું ઉતારી નાખે તેમ, પ્રાણ કાઢી દીધો! તુકારામનાં જીવન અને વાણીના પ્રતાપે, બાજી પ્રભુ દેશપાંડે કે તાનાજી માલુસરે જેવા શૂરવીરો નીચલા થરમાંથી ધર્મરક્ષણ માટે પેદા થાય તેમાં નવાઈ નથી.

નવી મનોભૂમિકા એટલે મહારાષ્ટ્રધર્મને રક્ષવાની ભૂમિકા. જ્ઞાનેશ્વરથી માંડી રામદાસ સુધી—સાડા ત્રણ સદી આ અમૃતપ્રવાહ વહ્યો.

સમાજમાંથી જન્મગત, મિથ્યા ઊંચનીચપણાના વિરોધમાં આ સંતો અન્ય સંતોની સાથે છે. કબીરે આ કૃત્રિમ ભેદને તકલાદી બતાવતાં કહ્યું : 'કાળી, પીળી કે લાલ ગમે તે ગાયનું દૂધ તો ધોળું જ હોય છે. કાળું, પીળું કે લાલ હોતું નથી.' બરાબર આ જ વાત આ જ ઢબે મહાર સંત ચોખામેળાએ કહી : 'વાંકી શેરડીનો રસ વાંકો નથી હોતો. ધનુષ્ય વાંકું હોય પણ બાણ વાંકું નથી હોતું. નદી વાંકી હોય છે પણ પાણી વાંકું નથી હોતું. ચોખો અસ્પૃશ્ય છે પણ તેનું અંતઃકરણ અસ્પૃશ્ય નથી.'

એકનાથે પશ્ચિમ તરફ મોં રાખી નમાજ પઢનાર મુસલમાનને પૂછયું : 'પશ્ચિમ તરફ કેમ નમન કરો છો?' મુસલમાન કહે, 'તે તરફ અલ્લાહનું ધામ છે.' 'તો પૂર્વમાં કોનું ધામ છે? ઉત્તર દક્ષિણમાં શું શેતાન વસે છે?' આ વ્યંગ કબીર કે નાનક કરતાં ઓછો ચોટદાર નથી. આથીયે વધારે માર્મિક કટાક્ષ એકનાથે સ્પર્શ્યાસ્પર્શ્યથી જન્મતા ઊંચનીચ ભાવ વિશે પોતાના 'ભાવાર્થ રામાયણ'માં કરેલ છે :

રામચંદ્રજીની જાન જોવા માટે લોક ઊમટયું છે. ગિરદીનો કોઈ સુમાર નથી. સૌને રામજીનાં દર્શન કરવાં છે. આ ગિરદીમાં એક સંન્યાસી પણ છે. ગિરદી જોઈ તેને થાય છે કે હલકા લોકો આમાં તો મને અડી પડી અભડાવી મારશે! એટલે પોતાનું પોટકું લઈને ગિરદી બહાર નીકળી જવા કોશિશ કરે છે. ભીડાભીડમાં એ ભટકાઈ પડે છે — કોઈ વૈશ્ય, શૂદ્ર સાથે નહીં, પણ ગણિકા સાથે. આ જોતાં તેનો ગુસ્સો કાબૂમાં રહેતો નથી: 'રાંડ જોતી નથી, કોને તેં ભ્રષ્ટ કર્યો?' કહી ડંડો મારે છે. ગણિકા તો માર વેઠીનેય હસતાં હસતાં કહે છે: 'હું રામજીના દર્શનના તાનમાં હતી, મારું ધ્યાન રામજીમાં હતું. પણ તમે મને ડંડો માર્યો તેથી મારું તો પાપ ગયું, તમારો મારા પર ઉપકાર ચડયો. દેવનાં દર્શન સારુ કોઈક રીતે તો આ લોકમાં ચાલતો ભેદભાવ જવો જોઈતો જ હતો. હવે તમારી બગલમાંથી આ ભેદાભેદની તમારી પોટલી લઈને ભાગો છો તે ઠીક જ છે.' પણ સંન્યાસી આ વિનોદ કે વ્યંગ સમજે તો તો જોઈએ જ શું? એ તો ઊલટો કહે: 'મારા કરતાં ડાહી બની પાછી શિખામણ દે છે? મને અભડાવીને પાછી માથાફોડ કરાવે છે?' આવા સંન્યાસીને એકનાથે સંભળાવ્યું છે:

> અહો, તુમ્હીં સંન્યાસી ઝાલા,
> કાળક્રોધ જવળિચા નાંહિ ગેલા।
> વ્યર્થ કાં વિનાશ કેલા। સાવધ હોઈ॥

આવા વર્તનને જ એકનાથે 'સચેતનનો દ્વેષ', 'અચેતનની પૂજા' કહેલ છે. જીવંત લોકોનો અનાદર અને જડ પથ્થરની પૂજા!

આ 'ભાવાર્થ રામાયણ'માં એક જગ્યાએ તેમણે ભિક્ષુક બ્રાહ્મણોની ભારે ઠેકડી કરી છે:

પંચવટીમાં રામ વસ્યા. એટલે દાન મેળવવા બ્રાહ્મણો ત્યાં આવ્યા. રામને રાક્ષસ જોડે સંગ્રામ શરૂ થતાં રામ કદાચ હારે, અને પોતે રામ ભેગા હતા એટલે રાક્ષસો ત્રાસ આપે, એ બીકે રામનો સંગાથ છોડી દીધો. રામે રાક્ષસોને હરાવ્યા, એટલે આ બ્રાહ્મણોએ રાક્ષસોની સ્ત્રીઓને લૂંટી. પાછું રાક્ષસોનું મોટું સૈન્ય રામ પર ચઢી આવતું ભાળી બ્રાહ્મણો પેલું લૂંટેલું ધન રાક્ષસોની સ્ત્રીઓને હવાલે કરવા દોડયા. જઈને કહે: 'આ તો અમે સાચવી રાખવા લીધું હતું. હવે, રાક્ષસો તમારું રક્ષણ કરશે; તેમની પાસે અમારી આ સેવાની થોડી સિફારસ કરશો જેથી અમે હેરાન ન થઈએ.' આવી કાકલૂદી બ્રાહ્મણોએ રાક્ષસોની સ્ત્રીઓ પાસે કરી તેવું એકનાથે વર્ણવ્યું છે. એકનાથના રાક્ષસો દાઢીવાળા છે, એથી સૂચન મુસ્લિમ આક્રમકો માટે છે તે સ્પષ્ટ છે. આ આક્રમકોથી ગભરાઈને એ વખતે પણ વારંવાર પક્ષપલટો થતો હશે, અને આમાં પંડિતો વધારે પાવરધા હશે તેવું એકનાથનું સ્વયં નિરીક્ષણ છે, કારણ કે વાલ્મીકિએ તો ક્યાંય આવો અણસારો દર્શાવ્યો નથી.

આવા પતિત બ્રાહ્મણો કે ક્ષત્રિયો પ્રત્યે સમર્થ રામદાસ પોતે શુદ્ધ વર્ણવ્યવસ્થાના સમર્થક હોવા છતાં તેમને રોષ છે. સાડા ત્રણ શતક સુધી ચાલેલી આ સંજીવની ધારાએ આખા સમાજને એક થવાનું કેન્દ્રબિંદુ આપી સ્વધર્મ રક્ષા માટે લડતો કર્યો, કારણ કે જ્યાં સુધી કોઈ એક બિંદુ પર સૌ એક ન થાય ત્યાં સુધી સંઘરક્ષા થઈ ન શકે. અને એના પાયામાં કોઈ તત્ત્વાધિસ્થિત, સર્વવ્યાપી વિચારણા ન હોય ત્યાં સુધી સંઘભાન ન જાગે, ટોળાંભાવ જ રહે. સંગ્રામની વ્યુત્પત્તિ જ એ છે કે જેમાં આખું ગામ સંયુક્ત રહે છે તેવો પ્રસંગ. મહારાષ્ટ્રના સંતોની કામગીરીએ, પરચક્ર આઘાતે, એક વેરવિખેર આંતરવિરોધી સમાજને સુસંગઠિત કરનારી ધર્મવિચારણા આપી.

'મૂળ તત્ત્વ' એક છે. તેનું દર્શન તે જ જીવનનું ધ્યેય છે. મૂળ તત્ત્વ બધામાં છે તેમ તો વૈદિક કાળથી કહેવાતું આવ્યું હતું. પણ વ્યવહારમાં આ અધિકાર — તેને અમલી બનાવવાનાં સાધનો આપવાની ઉદારતા — આર્યો અને પછીના હિંદુ સમાજમાં જોઈએ તે પ્રમાણમાં નહોતી.

અગાઉની વિચારણાની બીજી વ્યાપક ઊણપ એ હતી કે આવું દર્શન જે ઘર છોડીને સંન્યાસી થાય તેને જ લભ્ય છે તેવું મનાતું હતું. સંસારમાં રહીને પણ આ અવસ્થાની પ્રાપ્તિ થઈ શકે છે તે માન્યતાને વજન ન હતું. ખુદ બુદ્ધ જેમણે જન્મગત અધિકારવાદનો વિરોધ કર્યો, તેમણે પણ જે અનાગાર (ઘર છોડી સંન્યાસી થાય) થાય તેને જ નિર્વાણ મળી શકે તેમ કહ્યું હતું, અને તે હિસાબે જ સાધુસંઘ ઊભો કર્યો હતો.

ગરીબ, કચડાયેલાં, દરિદ્ર, રોજનું રોજ રળનારાં, કશી બચત વિનાનાં પોતાની પાછળનાંને કયે ભરોસે મૂકી ચોથા આશ્રમમાં પ્રવેશી શકે? બધા ભારતીય સંતોએ, અને વિશેષે કરીને મહારાષ્ટ્રી સંતોએ, અનેક સદીઓથી ચાલ્યા આવતા આ કોયડાઓનો જનોઈવાઢ ઉચ્છેદ કરી નાખ્યો, તે માટે દૃઢ તાત્ત્વિક ભૂમિકા લોકભાષામાં સમજાવી.

બધામાં એક જ તત્ત્વ વિલસે છે. માણસમાં ને જીવમાત્રમાં. આજની લોકશાહી, બહુ બહુ તો માણસની બિરાદરીમાં માને છે. પણ સંતોનો સ્નેહ તો જીવમાત્રના બંધુત્વ—બંધુત્વ જ નહીં, એકતામાં માને છે. આથી તો રામેશ્વરને ચડાવવા માટેનું ગંગાજળ તરસ્યા ગધેડાને ધરી દેતાં એકનાથને ઘડીનીય વાર લાગતી નથી કે નામદેવને ઘી વિનાની કોરી રોટલી ઉપાડી જનાર કૂતરાની પછવાડે ઘીની લોટી લઈ દોડતાં બીજો વિચાર આવતો નથી. શૂદ્ર, ચાંડાલ કે વેશ્યા જ નહીં કૂતરાંગધેડાં પણ તેમના માટે જીવનવ્યાપ્તિમાં સમાઈ જાય છે. તુકારામ ગાય છે :

જેં જેં ભેટે ભૂત ।
તેં તેં માની જે ભગવંત ।।
હા ભક્તિયોગ નિશ્ચિત ।
જાણ માઝા ।।

અને બધે જ જો ઈશ્વર છે તો તીર્થે જઈને શું? ઠામ બદલીને શું? જ્યાં છીએ ત્યાં ઈશ્વર જ છે, તો વર્ણવ્યવસાયના ફેર માટે દોડાદોડીનો શો અર્થ? ઘર છોડવાનું નથી. પ્રાપ્ત વ્યવસાય છોડવાનો નથી, છોડવાની ચીજ છે માયા, મમતા, અહંકાર. ભગવાં પહેરો કે ધોળાં, મૂળ વાત માંયલા અહંકારને પ્રભુ-સ્મરણના સાધનથી ક્ષીણ કરવાની છે. આથી મહારાષ્ટ્રના ઘણાખરા સંતો કંઈ સંન્યાસી નહોતા. યોગીથીયે વધારે ઊંચી દશાએ પહોંચ્યા છતાં પ્રચલિત અર્થમાં જોગી નહોતા. તેઓ વેપારવણજ, ખેતી, ઘરેણાં ઘડવાનું, સીવવાનું, દળવાનું, હરકોઈ પ્રાપ્તકર્મ કર્યા કરતા. તેમનો વ્યવસાય તેમની ચિત્તશુદ્ધિ કે હરિમિલનનો માર્ગ હતો.

આથી સૌ સંસારીઓ માટે, જો તેણે સંસારમાં રહીને ભગવદ્‌ભક્તિ કરવી હોય, તો માર્ગ ખુલ્લો થતો હતો.

જ્ઞાનેશ્વર તો યોગીવર હતા. ગોરખ-મત્સ્યેન્દ્ર-ગહનીનાથની પરંપરાના, પણ તેમણેય જ્ઞાનેશ્વરીમાં સાફ શબ્દોમાં સૌને દર્શાવ્યું :

તુમ્હાં વર્ણવિશેષ વશેં । આમ્હીં યજ્ઞ, સ્વધર્મ
વિહિલા અસો। એયાંતે ઉપાસામગ આપૈસે પુરતી કામ॥
મ્હણૂની સ્વધર્મ જો સાંડિલા। તથા તે કાલ દંડિલા,
હે સંપત્તિ જાત આઘવેં।
હવન દ્રવ્ય માનાંવે।
મગ સ્વધર્મ યજ્ઞે અર્પાવેં આદિ પુરુષીં
તુમ્હી વ્રત નિયમ ન કરાવે।

શરીરાંતે ન પીડાવેં ।
યોગાદિક સાધાનેં, સાકાંક્ષી આરાધને ।
મંત્ર તંત્ર વિધાનેં (કરું નકા) ઝણીકર ।
દેવતતાંતરાન ન ભજાવેં
હે સર્વથા કાંહી ન કરાવેં
તુમ્હી સ્વધર્મ યર્ઝા યજાવેં ।
અનાયાસે મ્હણોંની જે જે ઉચિત । આણી અવસરેં કરુની પ્રાપ્ત
તે કર્મ હેતુરહિત । આચરે તુ ।

અને પોતે મૂળે નાથપંથી યોગી પરંપરાના હતા, તે ગૃહસ્થી પ્રધાન વારકરી સંપ્રદાયમાં ભળી ગયા. ચક્રો, નાડીઓ, આસનો, ઊલટપ્રવાહ, સહસ્ર કમલ માત્ર જાણતા નહીં, બધાંની આરપાર નીકળેલા હતા. પણ તે ચકરાવો છોડયો. ચાંગદેવ જેવા યોગીને શરમાવી નિરતિશય ભક્તિનો મહિમા સમજાવ્યો. અને આમ કરીને ચમત્કારોથી રીઝતી કે ભય પામતી અજ્ઞ પ્રજાની મોટી સેવા કરી.

પણ મહારાષ્ટ્રના આ સંતોની ઉત્તર ભારતના નિર્ગુણિયા સંતો કરતાં જે વિશેષતા છે, તે હિંદુ ધર્મના કલેવરનો નાશ ન ઇચ્છતાં તે દેહનું રાસાયણિક પરિવર્તન કરવાની રીતમાં છે.

કબીર જેવા સંતોની વાણીમાં મુસ્લિમ અને હિંદુ બંનેની સામે અક્કડ આક્રમક વલણ ચાલુ છે:

દૂઈ જગદીશ કહાં તે આયા? કહ કઉને ભરમાયા ।
મસિત સંવારે માણસા, તિસકું કરે સલામ ।
એન યાપ પૈદા કિયા, સો ઢારે મુસલમાન॥
તુમ કત બ્રામન, હમ કત સૂદ
હમ કત લોહુ તુમ કત દૂધ
જો તુમ બ્રામન બ્રામની જાપે
અવર રાહતે કાંહી ન આપે

તું બતાવ તો ખરો કે તું બ્રાહ્મણ કઈ રીતે? અને અમે શૂદ્ર શા સારુ? અમારા દેહમાં તો લોહી છે – તો તારામાં શું દૂધ વહે છે? બ્રાહ્મણને પેટે અવતર્યો માટે તું બ્રાહ્મણ છે તેવું તું કહે છે. શૂદ્ર પણ એ જ રસ્તે જન્મ લે છે. તું ઊંચો હો, તો બીજી રીતે જનમવું હતું ને?

તત્ત્વત: તેમની વાત ખોટી નથી, પણ આ ઢબે કામ લેવાથી નથી હિંદુ તેમના થતા, નથી મુસલમાન નજીક આવતા, અને સૌને કઠતું પરશાસન તો એમનું એમ રહે છે. માત્ર દવા શોધ્યે ચાલતું નથી. દરદીની અવસ્થા જોઈને માત્રા ઠરાવવી પડે છે. ગુસાંઈ (તુલસીદાસજી) આ બાબતમાં નિર્ગુણિયા સંતોથી જુદા પડે છે. તેમને થાય છે કે નિર્ગુણિયાઓનો આવો આગ્રહ જલદ દારૂ છે. માપ નહીં રહે તો પીનારને બાળી નાખશે. એટલે કોઈક આવા ચલમિયા યોગી, નાશપંથી કે નિર્ગુણિયાને તેમણે ફટકાર્યા છે :

હમ લખ હમહીં હમાર લખ, હમ હમાર કે બીચ
તુલસી અલખહીં કા લિખૈ, રામ નામ જયુ નીચ.

જ્ઞાનેશ્વરના અંતકાળ વખતે મુસ્લિમ આક્રમણનાં નગારાં વાગી ચૂકયાં હતાં. જેમનાં પોતે ભારે વખાણ કર્યાં હતાં તે દેવાગિરિનો યાદવ રાજા અને હિંદુ સમાજ માટીપગો સાબિત થયો, નગરી લૂંટાઈ, રાજલક્ષ્મી અલ્લાઉદ્દીનને હાથે ભ્રષ્ટ થઈ, મલેક કાફૂરે તો છેક રામેશ્વર જઈ મંદિર તોડયું. દક્ષિણમાં મુસ્લિમ શાસનના પ્રત્યાઘાતરૂપે વિજયનગરનું પ્રણાલિકાગત હિંદુ રાજ્ય થયું.

એકનાથના સમયમાં મહારાષ્ટ્રના મધ્યભાગમાં પાંચ મુસ્લિમ રાજ્યો હતાં. એકનાથના ગુરુ જનાર્દન સ્વામી મુસ્લિમોના નોકર હતા. આમાંથી નીકળવા માટે સંતોએ પહેલી શરત એ રાખી કે લોકોને દોષો બતાવવા છતાં પોતાની સંસ્કૃતિ કે સમાજમાં વિશ્વાસ જ ન રહે, ગૌરવ જ નષ્ટ થઈ જાય તે હદે ન જવું. દોષો બતાવવા, પણ મૂળ વાત લક્ષમાં રાખી. આ દોષો દૂર કરવાય આત્મવિશ્વાસ તો જોઈશે ને? અને આ પરશાસકોના ધર્મમાં પણ ક્યાં દોષો ન હતા? અને બીજી ખબરદારી એ રાખી કે સમાજમાં જેટલા બની શકે તેટલાને એકઠા કરવાનું લક્ષ ન ચૂકવું.

રામદાસે સંભાજીને કહ્યું :

**'જેટલા મરાઠા હોય તે બધાને એકત્ર રાખો.' મરાઠા – મહારાષ્ટ્રમાં રહેવાવાળા બધા, તેમનું રક્ષણ ને સંગઠન તેનું નામ મહારાષ્ટ્ર ધર્મ.**

રામદાસ આ મહારાષ્ટ્ર ધર્મના સંગઠનના સમર્થ ઉદ્‌ગાતા અને રામભક્તિનું જાગરણ તેમનું વાહન. અધઃપતિત, બીકણ, લઘુતાભાવે પીડાતા, સંકુચિતતા અને કુઆચારમાં ફસાયેલા સમાજને માટે રામ કરતાં ચડિયાતો આદર્શ એ વખતે કયો હતો? આદર્શ પુત્ર, આદર્શ ભાઈ, આદર્શ પતિ, આદર્શ રાજા અને આદર્શ માનવી. દૃઢ છતાં દયાળુ, શક્તિવંત છતાં વિનયી, ઉચ્ચ કુળના છતાં શબરી અને વાનરોનેય પોતીકાં ગણનારા. આવા રામને ગુસાંઈજીએ ભજ્યા, લોકપ્રત્યક્ષ કર્યા, સમર્થ રામદાસે પણ એ જ કેડી પકડી.

જર્જરિત, ભીરુ અને વિલાસી સમાજ માટે રામની હનુમાનસમ ભક્તિ જ તરણોપાય છે તેમ માન્યું અને મનાવ્યું. તેમણે ઠસાવ્યું :

હરિકથા નિરૂપણ । દૂસરેં તે રાજકારણ
રાજકારણ બહુત કરાવેં ।

સ્વામી રામદાસ સંગઠન-પુરુષ છે, ભાવનું કર્મમાં પરિવર્તન થાય તેટલું પૂરતું નથી. કર્મ સંગઠનમાં પરિણમવું જોઈએ. આથી તેમણે ઠેરઠેર મઠો ઊભા કર્યા, તેમાં મારુતિ અને રામચંદ્રની ઉપાસના, પૂજા, પ્રતિષ્ઠા કરી. સાધુના મઠો છતાં વેણુતાઈ અને આક્કા જેવી લાયક સ્ત્રીઓને પણ પ્રવેશ આપ્યો. "હું જિતેન્દ્રિય બ્રહ્મચારી ઊઠીને સ્ત્રીઓને સંન્યાસદીક્ષા આપું છું તેને મોટા મનના રામ માફ કરશે' તેમ પોતે કહ્યું. અચલાયતન તોડવું છે તેની આ ખાતરી. આ મઠોએ લોકોમાં સંગઠિત ચૈતન્ય ફેલાવ્યું. તેનો બહુધા આડકતરો, અને કાંઈક અંશે સીધો લાભ શિવાજી મહારાજને મળ્યો.

સમર્થ (રામદાસ સ્વામી) દક્ષ વ્યવહારપુરુષ છે. તેમની સાધના જ પ્રપંચને પરમાર્થમાં ફેરવવાની છે, એટલે સૂચના ઝીણવટથી જ આપે : 'લખાણ અર્થવાળું હોવું જોઈએ, અક્ષર રૂડા કરવા જોઈએ, દયાળુ થવું પણ ભોળાભટાક ન થવાય. ધીટ સાથે ધીટ થવું અને બધી પ્રવૃત્તિનું અધિષ્ઠાન ભગવાનને સમજવા.' 'મહંતો, સાધુઓએ વચમાં વચમાં ધ્યાનધારણા કરવી, અધિષ્ઠાન ચૂકી તો નથી ગયા તે જોવું પણ કામકાજ વિશે ખબરદારી કેળવવી.'

ગુરુઓ કેવા છેતરામણા હોય છે તેનું તેમણે મજેદાર વર્ણન કર્યું છે :

કોઈ કહે છે મારા ગુરુ આકાશમાં ઊડી શકે છે, કોઈ કહે છે ગુરુ માટીની સાકર બનાવી દે છે, તો કોઈ કહે છે તેઓ સમાધિ લઈ ભોંયમાં દટાઈ જાય છે. કોઈ છાણ ખાઈને રહી શકે છે, કોઈ અદૃશ્ય થઈ શકે છે તેવું કહે છે, કોઈના ગુરુ વાઘ પર બેસી સૂર્યનો ચાબુક રાખે છે, પણ રામદાસ કહે છે : 'લોક આંધળું છે. વાતો પર વિશ્વાસ રાખી રત્ન છોડી છાણનાં ગોળા લે

છે. જ્યાં જોઈએ ત્યાં ભ્રષ્ટ, અનાચારી, ગુસાંઈઓ છે, ખરા પરમાર્થનું જ્ઞાન નથી. લોકો ફસાઈ જાય છે. પણ ચમત્કાર કરવો તે કાંઈ પરમાર્થસિદ્ધિનું લક્ષણ નથી.'

રામદાસ સ્વામી બ્રાહ્મણ તરફી છે તેવું કહેનારા માટે એ ધ્યાનમાં રાખવા જેવું છે કે સમર્થે પતિત બ્રાહ્મણો અને તેવા ગુરુઓની નિંદા કરી છે અને બ્રાહ્મણો સુધરે તો સમાજ સુધરે તે માન્યતાથી બ્રાહ્મણોને ખરા બ્રાહ્મણ બનાવવા પુરુષાર્થ પણ કર્યો છે. તે માટે તેઓ ઉત્સાહી છે. આ ઉત્સાહ પ્લેટોના સ્વપ્નને મળતો છે. પ્લેટોએ તત્ત્વજ્ઞાનીઓને ઘડી તેમની મારફત સમાજને ઘડવાનું સાંગોપાંગ ચિત્ર રજૂ કર્યું છે, તેમાં તેનો હેતુ સમાજને સ્વસ્થ, ન્યાયી બનાવવાનો છે. તેના અવ્યવહારુપણા વિશે ઘણાએ શંકા ઉઠાવી છે, પણ હેતુ વિશે (ક્રૉસમૅન જેવા અપવાદ બાદ કરતાં) કોઈએ ટીકા કરી નથી. વિચારવાનું એ છે કે પ્લેટો કે સમર્થ જેવાની — સ્વપ્નો કે આદર્શનગર-ઘેલાની — પરંપરા કેમ ચાલી છે? સમાજને સૌ સૌના સ્થાને ન્યાય આપવાની વાત પ્લેટોના બીજમાં પડેલી છે તેની ના પાડી શકાશે? હકીકતમાં આજ સુધી બધા જ સમાજો પાસે બે વિકલ્પો રહ્યા છે. એક, બધાને જ્ઞાન અને શક્તિસંપન્ન બનાવવા જેથી કોઈ કોઈને રંજાડવા ઇચ્છે નહીં કે રંજાડી શકે નહીં, અને બીજું, આ શક્ય ન હોય તો થોડાને તત્ત્વજ્ઞાની, વૈરાગી, ચરિત્રસંપન્ન છતાં કાર્યદક્ષ બનાવી તેમને સમાજનાં ધારણ-પોષણ, સત્ત્વસંશુદ્ધિનું કામ સોંપવું.

બધા સમાજો આજ સુધી એટલા સમૃદ્ધ નથી થયા કે બધાને સરખા જ્ઞાની, શક્તિસંપન્ન બનાવવાનું શક્ય હોય. તેથી થોડાને ચરિત્રસંપન્ન કરવા, જે અનાસક્તભાવે લોકસંગ્રહ-બુદ્ધિથી કાર્ય કરે તેવી અપેક્ષા રાખવી તે જ માર્ગ બહુધા ઉઘાડો રહ્યો છે. સમર્થ રામદાસે પણ આવું માન્યું હોય તો એમાં કશુંય નવાઈ જેવું નથી. પણ સમર્થનું સામર્થ્ય, તો સમાજને અને શિવરાય(શિવાજી)ને પરચક્રનિવારણ, અને તે નિવારણ થયે કેવી સમાજવ્યવસ્થા હોય તે વિશે, આલેખ આપનારું વિવરણ કરવામાં છે. મુસલમાનોને પરાસ્ત કરવામાં જ તેમનો પુરુષાર્થ સીમિત થયો નથી.

આપણે ઈતિહાસ અને રાજનીતિશાસ્ત્ર વિશે ઉદાસીન છીએ એવો મત છે. સામાન્ય રીતે ઐહિક જગતના બનાવો કે ગતિવિધિ વિશે આપણને રસ ઓછો છે. અને 'આ સંસાર તો પ્રપંચ કહેવાય. આપણે આપણા આત્માનું કલ્યાણ કરો. દુનિયાની ભાંજગડ કરવાની શી જરૂર છે?' — આવું સારા સારા પુરુષો કહેતા આવ્યા છે. આના લીધે હર્ષવર્ધન પછીના હજાર વર્ષના કાળમાં રાજનીતિ કે સમાજની ગતિવિધિ વિશે કોઈ નોંધ-પાત્ર ગ્રંથ લખાયો નથી. રામદાસ સ્વામીનો 'દાસબોધ' એકમાત્ર તેમાં અપવાદ ગણી શકાય. સમર્થને માત્ર વૈયક્તિક ઉન્નતિથી સંતોષ નથી. તે કાળના કોઈ રામદાસીને નથી. વેણુબાઈ પણ રામરાજ્ય સ્થપાતાં પ્રજા માટે માગે છે :

બહુકષ્ટાંને પાવલોં જિ સ્વદેશ— મના સારિચેં મેઘવૃષ્ટિ વહાવેં
પ્રજા બોલતી કૌલ દે રાઘવેશ. મનાચી અપેક્ષા પુરે બેલગાડી
ભૂમિનેં કદી પીક સોડૂ નયે રે ઘરીં દૂઝતી કામધેનુ જ પાહેં.

પણ 'દાસબોધ' આવી પ્રાર્થના નથી. તેમાં સ્વસ્થ રાજ્યજીવન અને પ્રજાજીવનના પાયા વિશે વિચાર કરવાની કોશિશ છે. ભાષા ટંકશાળમાંથી નવા જ બહાર પડેલા સિક્કા જેવી ખણખણતી, એક પણ અક્ષર બોદો નહીં, કે મનમાં ગરબડ રહી જાય તેવી વાત નહીં. તેમના વિચારો વિશે વાંચનારને મતભેદ થાય, પણ વિચાર ન પકડાય તેવું નહીં.

ધર્મસંસ્થાપન વિશે સ્પષ્ટ હોવાથી જ તેમણે તુળજાભવાનીને પ્રાર્થના કરી : 'એકચ માગણેં આતા । દ્યાવે તું મજ કારણે । તુઝા ચ વાઢવે રાજા । શીઘ્ર આમ્હાંચી દેખતાં । દુષ્ટ સંહારિલે માગેં । ઐસે ઉદ્દંડ ઐકતોં । પરંતુ રોકડે કાંહિ । મૂળ સમર્થ્ય દાખવી ।।

આ મહાપ્રાણ પુરુષે શિવાજીમાં પોતે કલ્પેલ ધર્મનિષ્ઠ, કર્મયોગી રાજવીનું ઉદાહરણ ભાળ્યું.

સમર્થે તેમની મુલવણી બરાબર કરી હતી એ તો જગતે જ્યારે શિવરાયે પોતાનું રાજ્ય સમર્થની ઝોળીમાં સમર્પિત કર્યું ત્યારે જોયું. જરી પતાકાને બદલે આ મરાઠી સ્વરાજમાં સંન્યાસીનો ભગવો ઝંડો સ્થપાયો. આ છે મહારાષ્ટ્રના સંતકાર્યની સિદ્ધિ.

## [૧૨]

સંસ્કૃતિ આનુવંશિક પેદાશ નથી. માતપિતાના વાળ કે આંખો જેમ વારસામાં ઊતરે જ, તેમ સંસ્કારિતા ઊતરતી નથી. એ તો પ્રાપ્ત સંસ્કારનિધિ છે. એટલે કોઈ પેઢી એ વિશે ઉદાસીન થઈ જાય તો સંસ્કૃતિ ઢઢળીને હેઠે પણ પડે. સમર્થને આનો ખ્યાલ હતો. એટલે તેમણે સંભાજી વિલાસગ્રસ્ત થયાનું જાણ્યું ત્યારે કહેવરાવ્યું :

બહુત લોક મિળવાવેં । એક વિચાર કરાવેં ।
કષ્ટ કરોની ઘસરાવે । મ્લેચ્છાંવરી ॥
શિવરાજાસ આઠવાવેં । જિવીત તૃણવત્ માનવાવેં ।
ઈહ પરલોકીં રહાવે । કીર્તિરૂપે ॥
શિવરાજાચા આઠવાવેં રૂપ । શિવરાજાચા આઠવાવેં પ્રતાપ ।
સકલ સુખાંચા ત્યાગ । કરૂની સાધિજે તો યોગ । તરીચ મ્હાણાવેં પુરુષ ।

સંસારથી ભાગી સંન્યાસ લેનાર ભૂલે છે. હરેક મનુષ્ય પોતાના પ્રાપ્તકર્મને જ યોગ માને તેમ જ્ઞાનેશ્વરે કહ્યું હતું. આ પ્રાપ્તકર્મનો સામાજિક યોગ નિપજાવવા સમર્થ જીવનભર મથ્યા, તેમના જ શબ્દોમાં કહીએ :

ઉમજણેં સમજણેં આધીં । પ્રવૃત્તિ નિવૃત્તિ કડે ।
ભાગ્યશ્રી મોક્ષશ્રી હોતે । વિવરતાં વિવરતાં પુઢે ॥

(પ્રવૃત્તિ અને નિવૃત્તિ જોડાયાં, એટલે ભાગ્યશ્રી અને મોક્ષશ્રી જોડાઈ ગયાં.)

શિવાજીકાલીન પોર્ટુગીઝ લેખક કાસ્મ દ ગાર્દાએ સમર્થ અને તેમના મઠો વિશે જે લખ્યું છે તે તત્કાલીન પરદેશીએ આપેલી અંજલિ અને સાહેદી છે :

"આ પ્રાંતમાં એક બ્રાહ્મણ છે, નામે રામજી. તેની પાસે ઘણી જમીન-જાયદાદ છે. હિંદુ-મુસલમાન સૌને તેના વિશે ઘણો આદર છે. આ વિભાગમાં યુદ્ધો તો રોજની વાત છે. પણ કોઈ પણ ધર્મનો કે જાતિનો સિપાહી તેમની જમીન-જાયદાદને નુકસાન કરતો નથી. આ આશ્રમમાં હિંદુસ્તાનભરના લોકો સલાહસૂચના મેળવવા આવતા હોય છે. એને પૂજ્ય ન માનતો હોય તેવો કોઈ પણ માણસ નથી. જગતમાં તેને અદ્વિતીય ગણે છે. શિવાજી પહેલી વાર તેમના મઠમાં ગયા ત્યારે મઠની પરોણાગત લેવાનું કહેવરાવ્યું. પણ શિવાજીએ ના પાડી એટલે રામજીએ પોતાના માણસ સાથે સીધું મોકલી ઠપકો આપ્યો કે : 'દુનિયા આખી ગરીબ છે; તું પોતાને શ્રીમંત ન સમજ; મોકલેલું સીધું સ્વીકારજે. આ ધન મારું નથી. સૌનું છે.' જે પ્રદેશ આવા વીર, સમદૃષ્ટિ સાધકને જન્મ આપે તે ધન્ય છે."

*

કાર્લ માર્ક્સે કહ્યું છે કે સમાજ પોતાનાથી ઉકેલાય તેવા કોયડા જ હાથ પર લે છે. મરાઠી સંતોએ વ્યવહારમાં છેવટ સુધીની શુદ્ધ તાર્કિક છલંગ ન મારી. હિંદુ ધર્મની બદીઓની અસંગતિની ટીકા કરી, પણ ખુદ હિંદુ ધર્મની નહીં. તે ધર્મના સનાતન અંશોને બહાર આણી લોકોને પચે તેવો નવો અર્થ કાઢયો. આથી મહારાષ્ટ્રમાં લોકજાગૃતિ આવી.

પણ જેણે મોગલોને છક્કડ આપી, તેઓ અંગ્રેજોને હાથે કેમ પરાજિત થયા? સંતોની શીખ તેમાં કેમ કામ ન આવી?

એક તો, બ્રાહ્મણ પેશવાઓ તે શીખનો અર્થ ભૂલી ગયા. કાન્હોપાત્રા, ચોખામેળા કે ગોરા કુંભારને સ્થાન આપનારા લોકો બાજીરાવના મસ્તાની જોડેના પ્રામાણિક પ્રણયને સહન કરી ન શકયા; બંનેને ભાંગેલા હૃદયે મરવું પડયું તે ઐતિહાસિક બીના છે : શિવાજીએ પ્રભુઓની સેવા જોઈ તેમને જનોઈ પહેરવાનો અધિકાર અપાવ્યો હતો તે પેશવાએ ઝૂંટવી લીધો. અને પ્રભુઓની પારાવાર પજવણી કરી. આને પરિણામે પ્રભુઓ નારાજ થયા. પેશવા નારાયણરાવનું ખૂન કરનારાઓમાં પ્રભુઓ પણ હતા. સંતોની શીખ ભૂલી ગયાની આ નિશાની છે.

બીજું એ કે સવા સદી પછી અંગ્રેજો જે પ્રશ્નો લઈને આવ્યા તેના ઉત્તરો આ સંતોએ ચિંતવ્યા ન હતા, ચિંતવે તે શકય પણ નહોતું. પણ એ વાત સાચી કે સંતોના આ અમૃતોપદેશ પર નવી કલમ, નવો ઉન્મેષ કોઈ ન ચઢાવી શકયું. શા માટે આમ બન્યું?

મહામના રાનડેએ મરાઠી સંતોની કામગીરીને પંદરમી-સોળમી સદીમાં યુરોપમાં જે ધર્મ-જાગૃતિ આવી તેની સાથે સરખાવેલ છે. કેટલીક રીતે સરખામણી યોગ્ય પણ છે. દા. ત. શબ્દ-પ્રામાણ્યને બદલે અનુભવ-પ્રામાણ્યનું મહત્ત્વ, પુરોહિતોના વર્ચસનો વિરોધ, સ્થાનિક ભાષાઓમાં ધર્મોપદેશ વગેરે. પણ બંને વચ્ચેનો એક મહત્ત્વનો તફાવત ધ્યાન રાખવા જેવો છે. અને સંતોની શિખામણને પછીથી મર્યાદિત કરનારું એ જ તત્ત્વ છે.

યુરોપમાં ધર્મસુધારણા યુગ (રેફર્મેશન) નવજાગરણ(રેનેસાં)ના જમાના પછી આવ્યો હતો. ઇટાલીમાંથી જે નવજાગરણ શરૂ થયું તે ખ્રિસ્તી પહેલાંના ગ્રીક અને લૅટિન ગ્રંથોની શોધમાંથી — અભ્યાસમાંથી જન્મ્યું હતું. અને આ અભ્યાસજન્ય ચિંતનની અસર ધર્મસુધારણા પર રહી હતી.

આ રેનેસાંનો અર્ક શો હતો? ધર્મ કે અધ્યાત્મને જીવનના કેન્દ્રસ્થાને મૂકવાને બદલે મનુષ્યને તેની સઘળી વિશેષતાઓ સાથે કેન્દ્રસ્થાને રાખવો. આ ફેરફાર કોપરનિકસ અને તેના અગાઉના ખગોળશાસ્ત્ર વચ્ચેના ફેરફાર સમો, દિવસ-રાત જેવો હતો. કોપરનિકસ પહેલાંના લોકો પૃથ્વીને કેન્દ્રમાં ગણી સૂર્ય તેની આજુબાજુ ફરે છે તેવું માનતા. જ્યારે કોપરનિકસે સિદ્ધ કરી બતાવ્યું કે પૃથ્વી આપણે ધારીએ છીએ તેટલી મહત્ત્વની નથી. તે સૂર્યની આજુબાજુ ફરે છે, સૂર્ય તેની આજુબાજુ ફરતો નથી.

યુરોપમાં ખ્રિસ્તી ધર્મના ફેલાવા પછીથી મનુષ્યનું અસ્તિત્વ જાણે ધર્મ માટે જ હતું. ધર્મને કેન્દ્રમાં રાખીને જ તેણે જીવવાનું હતું. બધાં સૂત્રો, નિયમો આ માટે હતાં. રેનેસાંએ ખ્રિસ્ત પૂર્વના ગ્રીક તત્ત્વજ્ઞો, કવિઓ, કલાકારો, લૅટિન વિદ્વાનો અને વિચારકોના મુગ્ધ પરિચયે માણસને કેન્દ્રમાં મૂકવાનું અદ્વિતીય સાહસ આરંભ્યું. જીવનની બધી દિશાઓમાં આ નવો માનદંડ બુદ્ધિયુક્ત છે તેમ ઠસાવ્યું. આથી પાછળના ધર્મ-સુધારણા યુગમાં ઇરૅઝમસ (ઈ. સ. ૧૪૬૬–૧૫૩૬) અને ટૉમસ મોર (ઈ. સ. ૧૪૭૮–૧૫૩૫) જેવા ધર્મ-પ્રાણ જે વિદ્વાનો થયા, તેમણે મનુષ્યને જકડી, હીનતેજ, હીનપ્રાણ કરનારા ધાર્મિક વિદ્વાનોનો, ભારે જોખમ ખેડીનેય, વિરોધ કર્યો. મોરનું 'યુટોપિયા' અને ઇરૅઝમસનું 'મૂર્ખાઈનાં ગુણગાન' રેનેસાંની હવાનાં સર્જનો છે.

મરાઠી સત્તાને હરાવનારા જે પરદેશીઓ અહીં આવ્યા તેઓ આ બંને યુગમાંથી પસાર થયેલા, બંનેનો રસ પીધેલા લોકો હતા. એમને મન ધર્મ જ એક માત્ર ઉત્તમતા ન હતી. બધી ઉત્તમતાઓનું મૂળ મનુષ્ય

હતો. અને તેની ઘણી ઉત્તમતાઓમાંની એક ઉત્તમતા ધર્મજિજ્ઞાસા હતી. પણ જેની ધર્મજિજ્ઞાસા ન જાગી હોય કે તીવ્ર ન હોય, તેનું શું કશું જ મૂલ્ય ન હતું? જે ઉત્તમ કવિ છે, ઉત્તમ સેનાપતિ છે, ઉત્તમ રાજનીતિજ્ઞ છે, અરે જે માત્ર સહૃદય સજ્જન રૂપે સૌને આનંદ આપતો જીવે છે તેનું શું મહત્ત્વ જ નથી? રૅનેસાં યુગના આ પ્રશ્નો અને પ્રતિપાદનો હતાં.

મધ્યયુગના સંતોએ જે કામગીરી બજાવી તેની તે કાળે ઉપયોગિતા હતી તેની શંકા નથી. ધર્મનો મહિમા અપાર છે, પણ તે માટે મનુષ્યના અન્ય મહિમાને ઢાંકવા કે અવગણવાની જરૂર નથી. ધર્મનું શરણ લઈને આવે તેમના માટેના ભેદભાવો દૂર કરવાનો સંતોનો પુરુષાર્થ હતો જ. પણ જેમને આ કે તે ધર્મની હૃદયપૂર્વકની તીવ્ર જિજ્ઞાસા ન હતી, સંસારરસ જેને વિવિધ રીતે ચાખવો, માણવો હતો, અવ્યક્ત કે અગમ્યમાં જેને જવું ન હતું, તેના અધિકારો, તેની આત્માભિવ્યક્તિ, તેનાં સ્વમાન-સન્માનનું શું? સંતો પાસે, તેમની પ્રકૃતિ જોતાં, આવા જવાબની આશા ન રખાય. કારણ કે સંસાર સાથે તેમને ધર્મવ્યાપ્તિ પૂરતો જ રસ હતો. પણ તેથી અન્ય વિશાળ જનસમુદાયની આ આકાંક્ષાઓ કે વિશેષતાઓનો થોડો જ લોપ થઈ જાય છે!

હિંદુ સમાજે આનો ઉપાય વિચારના જૂના માળખાની બહાર જઈને શોધવાનો હતો. અને તે માટે થઈને ધર્મને કેન્દ્રમાંથી દૂર રાખી, માણસને કેન્દ્રમાં રાખનારા પરંપરામુક્ત, શુદ્ધ, સ્વાયત્ત નવજાગરણની જરૂર હતી. આનું ચિંતનવિવેચન તે કાળે ગર્ભમાં પણ ન હતું. યુરોપમાં વિકસેલું હતું. ભારતમાં આવનારા તેના પ્રતિનિધિ હતા. આથી, જૂનાં હથિયારો વડે લડનારા બહાદુર હોય છતાં હારે તેવું આપણું થયું.

પણ આથી સંતકાળની વસંત-સૌરભની શોભા કે સુગંધ ઘટતાં નથી.

# ૧૩ : વિદેશી સત્તા : સંઘર્ષ : સંરક્ષણ અને સહકાર

## સંઘર્ષનું સ્વરૂપ

બે ભિન્ન સંસ્કારો ધરાવતી, ભિન્ન ધર્મની અનુયાયી અને ભિન્ન સંસ્કૃતિઓથી રસાયેલી પ્રજાઓનો સહવાસ થતાં સંઘર્ષો ઉદ્ભવે એ તદ્દન સાહજિક છે; ખાસ કરીને બંને પ્રવાહો સમન્વયની સાહજિક પ્રક્રિયાથી દૂર રહે તેવા હોય ત્યારે. ભારતમાં મુસ્લિમોના, ચોકસ હેતુ સાથેના, આગમન પછી સંઘર્ષના આવા અનુભવોનો ગુણાકાર થતો રહ્યો છે. ઈસ્લામનો અર્થ શાંતિપૂર્ણ ધર્મ છે. એનું સ્વરૂપ ઘણું ઓજસ્વી છે. એકંદરે, ઈસ્લામ જે ઐતિહાસિક પરિસ્થિતિ અને આવશ્યકતાને કારણે ઉદ્ભવ્યો એ પછીની એક જ સદીમાં તો તે પૂરવેગે પ્રસરી ગયો હતો. જગતની એક મહાન – પ્રભાવક રાજ્ય સત્તારૂપે તેનો વિકાસ થઈ ચૂકયો હતો. આ અદ્ભુત સિદ્ધિ પાછળ અનેક પરિબળો કારણભૂત હતાં. (જુઓ 'જ્ઞાનગંગોત્રી' ગ્રંથ ૨૦) પરંતુ ઈસ્લામ જ્યાં જ્યાં ગયો ત્યાં તેણે ત્રણ વિકલ્પો રાખ્યા હતા : (૧) કાં તો કુરાનને સ્વીકારો અને ઈસ્લામને અપનાવો; (૨) કાં તો જજિયાવેરો આપો અને અધીનતા અપનાવો; (૩) કાં તો ઉભયનો અસ્વીકાર અને તલવારનો ચમત્કાર. ત્રણેય વિકલ્પો ભારતમાં એકસાથે કામ કરી ગયા.

મુસ્લિમોનું રાજકારણ ઈસ્લામી કાનૂનોથી પ્રતિબદ્ધ હોઈ સંઘર્ષનું મૂળ તેમનાં ધાર્મિક વલણોમાં રહેલું છે તે તો સ્પષ્ટ છે. ભારતમાં સંઘર્ષની પરંપરાને જન્માવનાર અને વિકસાવનારાં ચાર મુખ્ય કારણો તપાસીએ.

મુસ્લિમોના ભારત-આગમનનું મૂળ કારણ સૈદ્ધાંતિક દૃષ્ટિએ જેહાદ (ધર્મયુદ્ધ) છે. જેહાદનું મુખ્ય લક્ષણ રાજકીય વિસ્તાર અને લશ્કરી પ્રભુત્વ. સદીઓ સુધી વિસ્તરેલ આક્રમણોના મૂળમાં ઈસ્લામનો ફેલાવો કરવાનું મૂળ પ્રયોજન અનુસ્યૂત ખરું. માટે જ તો, પ્રત્યેક જેહાદ દરમિયાન ઘણી મોટી સંખ્યામાં તેણે મંદિરો ધરાશાયી કર્યાં, મૂર્તિઓ તોડી, હજારોનું સામૂહિક સ્થળાંતર કરાવ્યું. સાથોસાથ અન્ય આક્રમણોની જેમ અઢળક ધનદોલતની લૂંટ, ગજબ મોટી સંખ્યામાં બાળકો, સ્ત્રીઓ સહિત યુદ્ધકેદીઓનો ગુલામો તરીકે વેપાર.

હિંદુઓ માટે બીજું એક અત્યંત અપમાનજનક અને સતામણીરૂપ, શિક્ષાત્મક અપ્રિય તત્ત્વ બન્યું તે જજિયાવેરો. હકીકતે, આ પણ ઈસ્લામી શાસકો માટે ધાર્મિક પ્રકારની જ પ્રવૃત્તિ હતી. બિનમુસ્લિમોએ પોતાની જિંદગી, મિલકત અને હકના રક્ષણાર્થે ભરવાનો કર તે જજિયાવેરો. રાજ્ય-સંચાલનમાં ભાગીદાર થવાની અશક્તિ દર્શાવનારાઓએ જ તથા લશ્કરમાં ન જોડાનારા હિંદુઓએ જ આપવો પડતો આ વેરો ન હતો. અવારનવાર તેમાંથી સ્ત્રીઓને, બાળકોને, અપંગોને અને બ્રાહ્મણોનેય મુક્તિ અપાઈ હતી. અને બધા જ મુસ્લિમ શાસકો માટે વ્યવહારમાં આ કર ઉઘરાવવાનું શકય પણ રહ્યું ન હતું. દા. ત. સૌ પ્રથમ આ કર મોહમ્મદ બિન કાસિમે નાખ્યો હતો. આવકના ધોરણે એણે ત્રણ પ્રકાર પાડયા હતા. બ્રાહ્મણોને એણે મુક્તિ આપી હતી. એટલું જ નહીં કર ઉઘરાવવાની જવાબદારી પણ બ્રાહ્મણોને સોંપી હતી. અલાઉદ્દીન ખલજીએ ભૂમિ-ઉત્પાદન અને પશુઓ ઉપર વેરો નાખ્યો હતો, જેથી હિંદુઓની આર્થિક સમૃદ્ધિ મર્યાદિત રાખી શકાય અને તે દ્વારા હિંદુઓ ઉપર રાજકીય પ્રભુત્વ સ્થાપી શકાય. ગ્યાસુદ્દીન તુઘલુકે જજિયાવેરાનો અમલ એવી રીતે કર્યો કે જેથી હિંદુઓ બહુ પૈસાપાત્ર ના બને તેમ જ ગરીબ પણ ના



જ્ઞાનદેવ (૧૩મી સદી)




કબીર (૧૫મી સદી)



ચૈતન્ય (૧૫મી સદી)

ભારતીય સંત-પરંપરા



સુરદાસ (૧૫-૧૬મી સદી)



એકનાથ (૧૬મી સદી)




તુલસીદાસ (૧૬-૧૭મી સદી)



તુકારામ (૧૭મી સદી)

ખંડ-૫

## દક્ષિણ ભારતના સંતો (૭ થી ૯મી સદી)



તિરુનવુક્કરસુ (અપ્પર)



માણિક્કવાચર



નામ્મલવાર



આંડાલ

બને (ગરીબ બને તો સરકારી વેરાની આવક ઘટે). ફીરોઝ તુઘલુકે જજિયાવેરા અંગે કડક વલણ અખત્યાર કર્યું હતું. એણે બ્રાહ્મણો ઉપર સૌ પ્રથમ જજિયાવેરો નાખ્યો, ત્યારે અકબરે જજિયાવેરો સંપૂર્ણ નાબૂદ કર્યો હતો, તો વળી ઔરંગઝેબે એનો કડક અમલ કરાવ્યો.

રાજ્યના સંચાલન માટે કોઈ પણ શાસક વત્તાઓછા કરવેરા નાખે, અમુક પ્રકારના ભેદભાવ પણ દાખવે એ સમજાય એવી ઘટના છે. શાસિત પ્રજામાં રાજ્ય પ્રત્યેની વફાદારીની ભાવના કેળવાય તથા કાયદો અને વ્યવસ્થાની શિથિલતા દૂર કરી શકાય, એવી દૃષ્ટિ પણ સમજાય એવી છે. પરંતુ જજિયાવેરા પાછળ ધર્મભેદ હોઈને, પરિણામે, સંઘર્ષોને ઉત્તેજન મળતું રહ્યું હતું.

ત્રીજું એક અણગમતું તત્ત્વ હતું વટાળપ્રવૃત્તિનું. આ પ્રવૃત્તિનો આરંભ તો સાતમી સદીથી થઈ ચૂકયો હતો. દક્ષિણ ભારતના પશ્ચિમી દરિયાકાંઠાના વિસ્તારોમાં અરબ વેપારીઓ દ્વારા ધર્માંતરની પ્રવૃત્તિઓની શરૂઆત થઈ હતી. પરંતુ ત્યારે, તમામ ધર્મો પ્રત્યે સમભાવ રાખનારા અને પોતાના જ કુળમાં વિવિધ ધર્મો પાળનારા, ઉપરાંત ધર્માંતર સુધ્ધાં કરનારા હિંદુ રાજાઓને આમાં કશું અજુગતું ન લાગ્યું. તેમણે એ પ્રવૃત્તિને નિર્દોષ સમજી વિના રોકટોક ચાલવા દીધી હતી. સાતમી-આઠમી સદી દરમિયાન અરબ વેપારીઓ દ્વારા તેમ જ ઈસ્લામી સૂફીઓ દ્વારા સહજભાવે આ ઘટના બની. (હકીકતે, આ સમયે દબાણપૂર્વક મોટા પ્રમાણમાં ભારતીયોને મુસલમાન બનાવવાની ક્રિયા બની હોવાનું જણાતુંય નથી.) તો વળી, ઉત્તરમાં મુસ્લિમ સૈન્યનું કારણ ઉમેરાયું. મોહમ્મદ બિન કાસિમ સાથે આવેલા લશ્કરમાં સ્ત્રીઓ ન હોઈ સિંધમાં વસતા અરબોએ હિંદુ સ્ત્રીઓ સાથે લગ્નસંબંધો બાંધ્યા. અરબો પછી તુર્ક-અફઘાન-મુસ્લિમોએ પણ આ પ્રથા ચાલુ રાખી. આમ, હિંદુ સ્ત્રીઓને પરણવાની પ્રથા મુસ્લિમો માટે સામાન્ય પ્રક્રિયાના અંશ જેવી બની રહી. ધીમે ધીમે કરતાં આ પ્રકારનાં લગ્નો સમાજના ઘણા બધા વર્ગોમાં થયાં. આટલે અંશે ભારતીય સ્ત્રીઓનાં મૂળ કુટુંબોમાં ઈસ્લામનો પ્રવેશ સ્વાભાવિક બન્યો.

તેરમી સદી બાદ વટાળ પ્રવૃત્તિએ વેગ પકડયો. કુરાનના આદેશ મુજબ તો બળપૂર્વકનું ધર્માંતર પ્રોત્સાહિત કરી શકાય નહીં. 'ધર્મમાં જબરજસ્તી ન હોય' એ તો કુરાનનો ઉપદેશ છે. સમજાવટ અને પ્રચારથી ધર્માંતર થઈ શકે એવું કુરાનનું સ્પષ્ટ મંતવ્ય હોવા છતાંય એના અનુયાયીઓએ ભારતમાં એની ઠીક ઠીક ઉપેક્ષા કરી એ આપણો અનુભવ છે. વટાળપ્રવૃત્તિમાં જોરજુલમીનું તત્ત્વ વિશેષ હોય છે, જ્યારે ધર્મપલટામાં ચોકસ હેતુઓ હોય છે : મુખ્યત્વે, આર્થિક પ્રલોભન તથા ધાર્મિક અસમાનતા; અપમાન અને ત્રાસમાંથી મુક્તિ; ઉપરાંત રાજ્યશાસનમાં ભાગીદારીની વૃત્તિ. ઈસ્લામના સંદર્ભમાં આ બધી પ્રક્રિયા એક સાથે ચાલી. રાજકીય અને ધાર્મિક દૃષ્ટિએ શાસકો તરફથી વટાળ પ્રવૃત્તિ ચાલી, તો આર્થિક અને સામાજિક દૃષ્ટિએ, હિંદુ પ્રજાના નીચલા સ્તરોમાં તથા છેક ઉપરના સ્તરના રાજ્યાશ્રયથી ટેવાયેલા કે એવી વૃત્તિવાળા (દા. ત. કાયસ્થ, નાગર આદિ) સમૂહોમાં ધર્મપલટાની પ્રવૃત્તિ વધી. વધુમાં, હિંદુ ધર્મના પ્રત્યાઘાતમાંથી જન્મેલા અને સમાનતાના ધોરણે વિકસેલા મધ્યમમાર્ગી બૌદ્ધ ધર્મની પ્રભાવક અસરની જ્યાં ઓટ વર્તાઈ તેવા પ્રદેશમાં ઈસ્લામ ઝડપી ગતિએ ફેલાયો.

* એકંદરે ધાર્મિક સિદ્ધાંતોના આકર્ષણ કરતાં સામાજિક અસમાનતા અને પતનમાંથી છટકવાની વૃત્તિએ અને સત્તાસ્થાનો અને આર્થિક પ્રલોભને વટાળપ્રવૃત્તિને જોમ આપ્યું. આમ, કેવળ તલવારના જોરે મુસ્લિમોએ વટાળ પ્રવૃત્તિ કરી એમ કહી શકાય નહીં. (જોકે ગઝનવી-ઘોરીનાં આક્રમણો દરમ્યાન હજારો યુદ્ધકેદીઓને એકસામટો ધર્મપલટો કરવો પડતો હતો.)

ધર્માંતરની પ્રવૃત્તિનું એક વિશિષ્ટ પાસું પણ સમજવા જેવું છે. કટ્ટર સુન્ની ઉલેમાઓ દ્વારા ધર્માંતરની પ્રવૃત્તિ ચાલતી રહી હતી. સૂફી ગણાતા સંતોમાં પણ ઘણા એવા હતા કે જેઓ કટ્ટર

ઉલેમાઓની જેમ રાજ્યના દબાણમાં આ પ્રવૃત્તિને વેગ આપતા રહ્યા હતા. આ ઈસ્લામી પ્રચારકોમાં શાસ્ત્રવેત્તાઓ કરતાં સૂફી-સંતો જનતાની વધુ નજીક હતા. શિક્ષિત મુસ્લિમો વિશેષત: શહેરોમાં વસતા, ત્યારે સૂફી-સંતો શહેરો, નગરો ઉપરાંત ગામડાં સુધી પ્રચારાર્થે જતા હતા. પરિણામે, દક્ષિણ ભારતમાંના આજના મોપલા, લેબે, નવાઈટ વગેરે, ગુજરાતમાંના પીંજારા, મેમણ, વહોરા, ખોજા વગેરે મુસ્લિમોમાંથી કેટલાક સૂફી અસર નીચે ધર્માંતરથી અસ્તિત્વમાં આવ્યા હતા. જોકે, સાચા અધ્યાત્મવાદી સૂફી-સંતો તો સર્વધર્મસમાનતામાં માનનારા હોઈ આવી પ્રવૃત્તિમાં પડતા નહીં. પરંતુ કટ્ટર ઉલેમાઓ અને પ્રચારક સૂફીઓ તો આવા સાચા શુદ્ધ સૂફી-સંતોનેય ધર્મભ્રષ્ટ ગણીને તેમના પર પણ તરેહ તરેહના ત્રાસ ગુજારતા – ગુજારાવતા.

ચોથું પરિબળ તે મૂર્તિખંડનની પ્રવૃત્તિ. આ પ્રવૃત્તિએ ખાસ કરીને હિંદુમુસ્લિમ વચ્ચે કઠોર સંઘર્ષની લાંબી ભૂમિકા ઊભી કરી, જેણે સદીઓ પર્યંત કડવાશનું વાતાવરણ જાળવી રાખ્યું. મુસ્લિમ શાસન સમયના ભારતમાં મંદિરોની વિશાળ સંખ્યાને કારણે મૂર્તિખંડનની નીતિનો વ્યાપક રીતે અમલ થવા વિશે શંકા ઉપસ્થિત કરવામાં આવે છે. પરંતુ, બહારથી આવનારા ઈસ્લામી આક્રમકો તો વારંવારની ચડાઈઓ દરમિયાન સેંકડો નહીં, હજારો મંદિરો અને મૂર્તિઓનું ખંડન-ભંજન કરતા રહ્યા હતા. જોકે, ભારતમાંના ઘણા મુસ્લિમ રાજાઓની સૈદ્ધાંતિક નીતિ એવી હતી કે નવાં મંદિરોનાં નિર્માણની યોજનાને મંજૂરી ન આપવી તથા જૂનાં મંદિરોના જીર્ણોદ્ધારને ઉત્તેજન ન આપવું. મૂર્તિપૂજાની વ્યાપક વિભાવનાને ક્રમશ: નિર્મૂળ કરવાની મુસ્લિમ શાસનની આ પણ એક યુક્તિ હતી.

> પયગંબર સાહેબના સમયના કોઈ ઈતિહાસલેખકે શાંતિના સમયમાં એમણે કોઈ મંદિર તોડયાની વિગતો આપી નથી. જોકે કેટલાક મુસ્લિમ સુલતાનો અને સેનાપતિઓ મૂર્તિખંડનને જેહાદનો એક સદ્‌ગુણ ગણતા. એમ કહી શકાય કે આક્રમકોના આત્મવિશ્વાસ માટે અને લશ્કરની ચેતના જીવંત રાખવા માટે, ઈસ્લામની આજ્ઞાની ઓથે આવાં કૃત્યો કરાવવાં જરૂરી હતાં.

* કેટલાક મુસ્લિમ શાસકોની ઉદાર નીતિને કારણે તેમના શાસનકાળમાં મંદિરોનાં નિર્માણ અને નવનિર્માણ થતાં રહ્યાં હતાં. અકબર, જહાંગીર, દારા શિકોહ, કાશ્મીરના સુલતાન વગેરેએ ખુલ્લી રીતે મંદિરો બાંધવાની મંજૂરી આપી હતી. એટલું જ નહીં કેટલાક મુસ્લિમ શાસકોએ હિંદુ મંદિરોને અનુદાન પણ આપ્યાં હતાં. આથી વિપરીત, જ્યાં હિંદુઓ જીત્યા અને હિંદુ શાસન સ્થપાયું ત્યાં હિંદુઓમાંના જે કેટલાકે મસ્જિદોને ધરાશાયી કરવાની પ્રવૃત્તિ ચલાવી તેને મુસ્લિમ ધર્માંધતાની સમાંતર પ્રવૃત્તિ તરીકે ઓળખાવી શકાય. દા. ત. મહિપાલે લાહોરમાં મુસ્લિમોની કતલ કરી, મસ્જિદો તોડી મંદિરો બંધાવ્યાં. પંદરમી સદીમાં માળવા અને દિલ્હીના હિંદુ જમીનદારોએ મસ્જિદોને મંદિરોમાં પરિવર્તિત કરેલી. રાણા કુંભાએ ઘણી મુસ્લિમ સ્ત્રીઓનાં અપહરણ કરેલાં અને મસ્જિદો તોડેલી. રાયસેનના આદેશથી ચંદેરી, સારંગપુર અને રણથંભોરમાં મસ્જિદોનો ઉપયોગ છાણાં થાપવા માટે થતો બાબરે જોયો હતો. ટૂંકમાં, મુસ્લિમ શાસન દરમિયાન યુદ્ધ સમયનું આ એક વિશિષ્ટ અપલક્ષણ હતું.

જેહાદ (ધર્મયુદ્ધ), જજિયાવેરો, વટાળપ્રવૃત્તિ અને મૂર્તિ-મંદિરના ખંડનની પ્રવૃત્તિઓ ધર્મ-રાજ્ય વિસ્તારના સંદર્ભની સામૂહિક પ્રક્રિયા હતી. તેવી જ રીતે, હિંદુઓ પર ઘોડેસવારી, પોશાક, હથિયારો, રહેવાનાં મકાન, પાન ખાવું અને ઉત્સવોની ઉજવણી જેવી અનેક સામાજિક બાબત અંગેની મર્યાદાઓ પણ, ઓછેવત્તે અંશે, આ આખા કાળ દરમિયાન લાદવામાં આવી હતી. આ ઉપરાંત, મુસ્લિમ શાસકોનાં વ્યક્તિગત વલણોએ પણ બળતામાં ઘી હોમ્યું હતું. જહાંગીરે શીખ ગુરુ અર્જુનનો વધ કરાવ્યો હતો. ઔરંગઝેબે નવરોજની ઉજવણી બંધ કરાવી હતી. (એણે તો મોટા પાયા ઉપર મંદિરો ધરાશાયી કરાવ્યાં હતાં.) ફીરોઝ તુઘલુકે બ્રાહ્મણો ઉપર જજિયાવેરો નાખ્યો હતો.

## સંરક્ષણનું સ્વરૂપ

આપણે સંઘર્ષનું ચિત્ર જોયું. હવે સંરક્ષણની પ્રવૃત્તિનું ચિત્ર જોઈએ :

મુસ્લિમોના રાજકીય પ્રભુત્વની અસર સૌ પ્રથમ અને સૌથી વિશેષ બ્રાહ્મણવર્ગને આભડી ગઈ. મુસ્લિમોના આગમન પૂર્વેની સદીઓ પર્યંત બ્રાહ્મણોનું સમાજમાં સર્વશ્રેષ્ઠ સ્થાન હતું. તેઓ પ્રત્યેક કાનૂનથી પર ગણાતા. કર પણ તેઓને આપવાનો હતો નહીં. રાજ્યનું કે સમાજનું એકેય પાંદડું બ્રાહ્મણની ઉપસ્થિતિ વિના ફરકતું નહીં. વિધિવિધાનના તેઓ પુરસ્કર્તા હતા. આથી ધર્મપરસ્ત પ્રજાને મન બ્રાહ્મણો દેવ સમાન હતા. પણ મુસ્લિમ શાસન સ્થપાતાં બ્રાહ્મણોને પોતાના વિશેષાધિકારો ગુમાવવા પડયા. બીજી તરફ હિંદુ સમાજના નિમ્ન સ્તરના લોકોએ મુસ્લિમોને આવકાર્યા (તેનાં કારણો આપણે જોઈ ગયા છીએ). આ પરિસ્થિતિમાં પ્રજાના અને ધર્મના રક્ષણ માટે કટિબદ્ધ થવાની જરૂર ઊભી થઈ. અર્થાત્ વિજેતા ઈસ્લામની સામે પરાજિત હિંદુ ધર્મે રક્ષણાત્મક વ્યૂહ અપનાવવો પડયો. પરિણામે નિયમોની કડકાઈ, પરદાપ્રથા, બાળ-લગ્નો, છૂતાછૂતની ભાવના, રોટીબેટી-વ્યવહારનાં બંધનો, મુસ્લિમ-સ્પર્શયુક્ત વસ્તુઓનો ત્યાગ વગેરે અભિગમ વ્યાપક બન્યો.

* સંરક્ષણનું સામાજિક કાર્ય એક તરફ બ્રાહ્મણવગ ઉપાડી લીધું, તો બીજી બાજુ શારીરિક-ભૌતિક રક્ષણનું કાર્ય ક્ષત્રિય વર્ગે. સાતમી અને આઠમી સદી દરમિયાન ચૌલુકયો અને પલ્લવોએ દક્ષિણ ભારતમાં હિંદુ ધર્મના પુનરુત્થાનનો શંખ ફૂંકયો હતો. રજપૂતોની રાજપૂતીએ ૪૦૦ વર્ષ સુધી સંરક્ષણનું કાર્ય જારી રાખ્યું હતું. મેવાડના રાજપૂત રાજ્યે ચૌદમી સદીના અંત સુધી રાજકીય પ્રભુત્વ જાળવી રાખ્યું હતું. હમ્મીરે અલ્લાઉદ્દીન ખલજીનો સખત સામનો કરી વિજય પ્રાપ્ત કર્યો હતો. રાણા પ્રતાપે અકબરની સામે ટક્કર ઝીલી હતી. રાણા કુંભાનું કાર્ય વિશેષ દાયિત્વશીલ હતું. ઉત્તર ભારતમાં હિંદુ પુનર્જાગૃતિનો તે અગ્રણી પ્રતિનિધિ હતો. તો દક્ષિણ ભારતમાં હિંદુ પુનરુત્થાનની જ્યોત જલતી રાખી કૃષ્ણદેવ રાયે. બંને પ્રતાપી રાજાઓ હતા. કવિ, વિદ્વાન, ઉત્તમ લેખક, શિક્ષણના આશ્રયદાતા હતા. આથી એમના સમયમાં ધાર્મિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓને વેગ મળ્યો, જે વડે સમગ્ર ભારતમાં રાજકીય અસ્મિતાને સાચવવામાં બળ પ્રાપ્ત થયું.

વળી, સામાજિક અને ભૌતિક સંરક્ષણ ઉપરાંત સાંસ્કૃતિક સંરક્ષણનું કામ ઉપાડી લીધું હિંદુ પંડિતોએ. હિંદુ સામાજિક સંસ્થાને દૃઢતર કરવાનું કાર્ય પણ આ સમયે થયું. બંગાળી વિદ્વાન કુલ્લુક ભટ્ટે 'મનુસ્મૃતિ' ઉપર ટીકા લખી હિંદુ સમાજને સંરક્ષવાનું કાર્ય કર્યું. બિહારના ચંડીશ્વરે સ્મૃતિઓને એકત્રિત કરી પ્રજા-પ્રત્યક્ષ કરી. આથી પ્રજાને સામાજિક નિયમોનો વ્યાપક પરિચય થયો, જે વડે સંરક્ષણની ભાવના પ્રસરી. આમ દેવલ અને મેધાતિથિથી ટોડરમલ સુધીના કાળ દરમિયાન હિંદુ કાનૂનોનું સતત અર્થઘટન થતું રહ્યું. આ પ્રવૃત્તિનો આશય સુસ્પષ્ટ હતો : સામાજિક બંધનો દૃઢશ્રદ્ધ બને અને ધર્મને રક્ષણાત્મક હથિયાર પ્રાપ્ત થાય.

આટલું પૂરતું ન હતું. રક્ષણાત્મક પ્રક્રિયાની સાથે સાથે દૂષણોને નિર્મૂળ કરવાનું કાર્ય પણ એટલું જ આવશ્યક હતું. એટલે હિંદુ ધર્મે અભિનવ સિદ્ધાંતોનો સ્વીકાર કર્યો તથા ધર્માનુભવ માટે નવા માર્ગો અપનાવ્યા. આ કાર્ય મહદંશે દક્ષિણ ભારતના શંકર, રામાનુજ, માધવ, વલ્લભ, નિંબાર્ક વગેરે આચાર્યોએ કર્યું. તો પ્રાદેશિક સંતોએ ભક્તિના માર્ગે એમાં પ્રાણ પૂર્યો. ઉત્તર ભારતમાં જયદેવ, રામાનંદ અને કબીરે, તો પૂર્વ ભારતમાં બંગાળમાં ચૈતન્યે, મહારાષ્ટ્રમાં જ્ઞાનેશ્વર, નામદેવ, તુકારામે અને પશ્ચિમ ભારતમાં મીરાં-બાઈ તથા નરસિંહ મહેતાએ પુનરુત્થાનના કાર્યને વેગ આપ્યો. પુનર્જાગૃતિ માટે સુધારાની પ્રવૃત્તિ એવી રીતે અમલમાં મુકાઈ કે ઉદ્ભવતા અન્ય સંપ્રદાયો પણ એક જ ચોકઠામાં રહી શકે અને પરિણામે એકતાને સુદૃઢ બનાવવામાં એમનો સહયોગ પ્રાપ્ત થઈ શકે.

સમગ્ર દેશમાં ધાર્મિક પુનરુત્થાનનું અસરકારક કાર્ય થયું તેમાં પ્રભાવક સહયોગ સંસ્કૃત ભાષાનો હતો. દેશની, ધર્મની અને સમાજની રાષ્ટ્રીય અસ્મિતા સાચવી રાખવામાં સંસ્કૃતે અગત્યનો ભાગ ભજવ્યો. હિંદુ માનસ ઉપર સંસ્કૃતનો સારો પ્રભાવ હતો. રાજસ્થાન, ગુજરાત, વિજયનગરમાં તથા પંદરમી સદીથી ગંગા-જમનાનાં મેદાનોમાં સંસ્કૃતે એનું પ્રભુત્વ બેરોકટોક જાળવી રાખ્યું, ખાસ કરીને ધાર્મિક સાહિત્યની અભિ-વ્યક્તિના માધ્યમ તરીકે. આ કાળ દરમિયાન સંસ્કૃત સાહિત્ય – ગુણવત્તા અને સંખ્યાની રીતે – ટીકા અને વિવેચન સ્વરૂપે સર્જાતું રહ્યું. મૌલિકતા ઓછી થઈ હતી પણ સંરક્ષણના અભિગમને કારણે મીમાંસા દ્વારા સાહિત્ય સચવાતું ગયું. બુક્કરાયના દરબારમાં સાયણે રચેલી ટીકા વૈદિક અભ્યાસને ઉપકારક નીવડી.

છતાં, પ્રદેશભાષાઓના ફાળાનું મહત્ત્વ લોકજાગૃતિ માટે અનન્ય ગણાય. ભક્તિના આંદોલને પ્રાદેશિક ભાષાઓના ઉદ્‌ભવ અને વિકાસને ભૂમિકા પૂરી પાડી. ભક્તોએ અને સંતોએ સ્થાનિક ભાષામાં ભક્તિગીતો રચી પ્રજામાં ધર્મભાવના પ્રગટાવી. એક રીતે કહીએ તો ભાષાઓનો વિકાસ પુનર્જાગૃતિની મહાન ચળવળનો એક અગત્યનો તબક્કો હતો. પ્રદેશ-ભાષાઓમાં હિંદુ ધર્મશાસ્ત્રો, સ્મૃતિઓ, પુરાણો, મહાકાવ્યો અવતરવા લાગ્યાં. આથી સામાન્ય પ્રજા એનાં લક્ષણોથી પરિચિત થતી ગઈ, જેણે તેમનામાં ધર્મ અને સમાજના સંરક્ષણની ચેતના પ્રગટાવી.

આમ, ઈસ્લામે ઊભી કરેલી કટોકટી દરમિયાન હિંદુ ધર્મ અને પ્રાદેશિક સાહિત્યને એક તરફ લોકપ્રિય થવાની તક પ્રાપ્ત થઈ, તો બીજી તરફ સુધારાઓને અપનાવી જડત્વને દૂર કરવાનો અભિગમ પ્રસારવાનો વ્યાપાર શરૂ થઈ શક્યો. આ પૂર્વે સંસ્કૃતનો અભ્યાસ અને ધાર્મિક બાબતોનું અધ્યયન એ માત્ર અમુક વર્ગનો ઈજારો હતો. આ સાંસ્કૃતિક જાગૃતિએ ધર્મને લોકપ્રિય બનાવ્યો, પ્રદેશભાષાઓને સમૃદ્ધ બનાવી તથા રાષ્ટ્રીય એકતાને જાળવી રાખી.

* આમ, મુસ્લિમ શાસનનાં પાંચસો વર્ષ દરમિયાન રાજકારણ વત્તાઓછા પ્રમાણમાં વિદેશી પ્રજાના હાથમાં રહ્યું. પરંતુ શાસકોની કે શાસક પ્રજાની મુખ્ય નીતિરીતિએ સંઘર્ષની જે ભૂમિકા સર્જી એણે સંરક્ષણની પ્રક્રિયા જન્માવી જે વડે દેશની રાષ્ટ્રીય અસ્મિતાને સુગ્રથિત રાખી શકાઈ. એમ કહી શકાય કે આ ગાળા દરમિયાન દેશે આઘાત-પ્રત્યાઘાતના જે અનુભવો સંચિત કર્યા, એણે દેશની સાંસ્કૃતિક એકતા સાચવી રાખવાની પ્રક્રિયાને ભૂમિકા પૂરી પાડી. અને લાંબા સહવાસે સહકારની ભૂમિકા ઊભી કરી.

## સંઘર્ષમાંથી સહકાર

ભારતમાં મુસ્લિમ સત્તા સ્થપાતાં ઈસ્લામ અંગીકાર કરનાર સ્ત્રીપુરુષોની સંખ્યા અગાઉ જણાવેલ અનેક કારણો અને જરૂરિયાતને લીધે ક્રમશઃ વધતી રહી. બીજી બાજુ મૂઠીભર મુસ્લિમ શાસકોનેય પ્રજાના સહકાર વિના છૂટકો ન હતો. આ પ્રકારના ઈચ્છા-અનિચ્છાના સહ-અસ્તિત્વથી પણ સંપર્ક વધ્યો. આમ સંઘર્ષ > સંપર્ક > સંરક્ષણ > સહવાસને કારણે વિચારોની, રીતરિવાજોની, સંસ્કૃતિની અસરો પરસ્પરની પ્રજાઓને થવા લાગી.

* હિંદુમુસ્લિમ સંપર્ક-સહવાસના પ્રશ્ને પરસ્પરને સમજવાની જરૂર કેટલાક મુસ્લિમ શાસકો, વિચારકો અને સૂફીઓને જણાઈ હતી. તેમના મતે, માનવીની ધર્મભક્તિ અને રાષ્ટ્રપ્રેમ પરસ્પરને વિરોધી નથી. અમીર ખુસરો, જાયસી, અકબર, દારા શિકોહ અને અબ્દુર્ રહીમ ખાનખાના મુસલમાન હતા, તે સાથે ભારતભક્ત પણ રહ્યા. આથી ન તો તેઓ ઈસ્લામી મટી ગયા કે ન ભારતીય.

મોગલ શાસન હેઠળ હિંદુત્વની અસર વિશેષ રૂપે જોવી પ્રાપ્ત થાય છે; ખાસ કરીને ઉત્સવોના સંદર્ભમાં. ભારતીય સંસ્કારોની ગાઢ અસર હેઠળ તથા બંને પ્રજાને એકબીજાની વધુ નજીક લાવવાના આશયથી મુસ્લિમોએ કેટલાક હિંદુ ઉત્સવો અપનાવ્યા હતા અને તેમને દરબારી કૅલેન્ડરમાં સ્થાન આપ્યું હતું. હુમાયુંએ

તુલાદાનની પ્રથા સ્વીકારી હતી. અકબરે તે ઉપરાંત અગ્નિપૂજા, ઝરૂખાદર્શન, હોળી, દશેરા, વસંતની ઉજવણી પણ અપનાવ્યાં હતાં. જહાંગીર અને શાહજહાંએ આ દરબારી પરંપરા સાચવી હતી. તાજિયા અન્ય કોઈ મુસ્લિમ દેશમાં ઊજવાતા નથી. માત્ર ભારતમાં તે પ્રથા છે. જગન્નાથ મંદિરની રથયાત્રા અને કૃષ્ણ-લીલા સાથેનું એનું સામ્ય હિંદુ અસરનું દ્યોતક ઉદાહરણ છે. રથયાત્રાની જેમ તાજિયા વખતે મીઠાઈનો પ્રસાદ વહેંચાય છે. અખાડાઓ, નૃત્યો, રોશની વગેરે પણ તેમાં સંકળાયેલાં છે.

* નવરોજ એ મોગલકાલીન ભારતનો શ્રેષ્ઠ રાષ્ટ્રીય તહેવાર હતો. ઈરાની અસરયુક્ત આ તહેવાર અહીં ૧૯ દિવસ સુધી ઊજવાતો. મોગલ સમ્રાટ અને દરબારીઓ એની ઉજવણીમાં ભાગ લેતા.

અકબરે હિંદુપ્રથા મુજબ પોતાના જન્મદિનની ઉજવણી આરંભી. તે સૌર પંચાંગ અને ચાંદ્ર પંચાંગ અનુસાર બે વાર જન્મતિથિ ઊજવતો હતો. જહાંગીરે પણ બે વાર ઉજવણીની પ્રથા જાળવી રાખી. શાહજહાં અને ઔરંગઝેબે એક વાર ઊજવવાની પ્રથા ચાલુ રાખી.

અબીપાશાન હોળીના જેવો તહેવાર હતો. જહાંગીરે એનો આરંભ કરાવેલો. મોગલ દરબારમાં એની ઉજવણી થતી. સામાન્ય રીતે વર્ષાના આરંભની યાદમાં એ ઊજવાતો હતો. વસંતપંચમીની ઉજવણી પણ મોગલ દરબારમાં થતી. રક્ષાબંધનના તહેવારને અકબરે રાષ્ટ્રીય પર્વ તરીકે સ્વીકાર્યો. અકબર પોતાના હાથે રક્ષા બંધાવતો. જહાંગીરે હિંદુ અમીર અને જ્ઞાતિના વડાના હાથે રાખડી બંધાવવાનું જાહેર કરેલું. દશેરાની ઉજવણી પણ મોગલ દરબારમાં થતી. અકબરને દિવાળીના ઉત્સવમાં ખૂબ રસ હતો. ઉજવણીમાં અકબર ભાગ લેતો અને ગૌદાન પણ કરતો. જહાંગીર આ નિમિત્તે જુગારની રમતમાં ભાગ લેતો. શિવરાત્રિના ઉત્સવમાં પણ અકબર અને જહાંગીર ભાગ લેતા હતા.

વધુમાં, ઈચ્છા-અનિચ્છાએ હિંદુ જ્ઞાતિપ્રથાની અસર મુસ્લિમ સમાજ ઉપર થઈ. સૈયદ, શેખ, પઠાણ, મલિક, મોમીન, મન્સૂર, રાઈન, કસબ વગેરે ઘણાં પેટાજૂથો હતાં. તેમણે મુસ્લિમોને લગભગ જ્ઞાતિપ્રથામાં વિભાજિત કર્યા. આંતરવર્ગીય લગ્નોનો મુસ્લિમોમાં પ્રતિબંધ ન હતો છતાં મહદંશે લગ્નો હિંદુઓની જેમ તે તે પેટા-જૂથોમાં માંહોમાંહે થવા લાગ્યાં. હિંદુ સમાજની જેમ ભંગીને પણ મુસ્લિમ સમાજમાં ઊંચું સ્થાન ન હતું. ઘણાં મુસ્લિમ કુટુંબોએ વારસાનો કાનૂન હમણાં સુધી જાળવી રાખ્યો હતો. હિંદુ અને મુસ્લિમ રિવાજોમાં કેટલુંક સરખાપણું નોંધપાત્ર છે. બંને પ્રજાઓમાં નાની વયે લગ્નો થતાં. પરદાપ્રથા (ભિન્ન રીતે પણ) બંનેમાં અસ્તિત્વ ધરાવતી હતી. વહેમોનું બંનેના સમાજમાં સ્થાન હતું. બહુપત્નીત્વનો રિવાજ બંને કોમોના પૈસાપાત્રોમાં પ્રચલિત હતો.

ખાસ કરીને, ગ્રામવિસ્તારોમાં જન્મ, લગ્ન અને મરણની ઉજવણી અને વિધિઓ બંને કોમોમાં સરખી જોવા મળે છે. માનવજીવનના આ ત્રણ મહત્ત્વના પ્રસંગોની પ્રક્રિયાનું સામ્ય સામાજિક સમન્વયનું દ્યોતક ઉદાહરણ ગણાવી શકાય. બાળકના જન્મ સમયે હિંદુઓની જેમ મુસ્લિમો પણ ગીતો ગાય છે. નિશ્ચિત દિવસો સુધી સુવાવડી સ્ત્રીને તેઓ અસ્પૃશ્ય ગણે છે. ઈસ્લામ અનુસાર લગ્ન એ પવિત્ર કરાર છે. હિંદુ ધર્મ અનુસાર એ ધર્મવિધિ કે પ્રતિજ્ઞા છે. છતાં વરઘોડો, મિજબાની, ઉજવણી, ગીતો, ભેટસોગાદ, ચીજવસ્તુઓનું પ્રદર્શન વગેરે ક્રિયાઓ બંને કોમોમાં જોવા મળે છે. ઉત્તર ભારતનાં કેટલાંક મુસ્લિમ કુટુંબોમાં વિધવાવિવાહનો સ્વીકાર નથી.

મુસ્લિમો ઘણા હિંદુ ઉત્સવોમાં ભાગ લેતા; ખાસ કરીને જન્મ અને લગ્નના પ્રસંગોએ પરસ્પરને નિમંત્રણ આપતા હતા. ગામડાંમાં ખાસ કરીને હિંદુ-મુસ્લિમનો પહેરવેશ ઘણી બાબતોમાં સરખો રહેતો. ધોતી અને પાયજામો તથા ઝભ્ભો પુરુષો માટે તથા સાડી સ્ત્રીઓ માટે બંને કોમમાં જોવા મળતાં. સ્ત્રીઓનાં આભૂષણો પણ સરખાં હતાં.

* તે સમયની અર્થવ્યવસ્થામાં ગામડું સ્વાવલંબી હતું. એટલે કે ગામની જરૂરિયાત ગામના લોકો વડે પૂરી થતી. પરિણામે પ્રત્યેક ગામમાં સુથાર, લુહાર, મોચી, દરજી, ધોબી, વાળંદ, કુંભાર, ઘાંચી, મહેતર, ચમાર, ગાંધી, ખેડૂત વગેરેનાં કાર્યો ગ્રામપ્રજામાંથી થતાં. આથી ગામની કોઈ પણ પ્રકારની ઉજવણીમાં આ બધા વર્ગોનો ઓછોવત્તો સહયોગ હમેશાં રહેતો. આ વર્ગોમાં કેટલાક હિંદુઓ, તો કેટલાક મુસ્લિમો હતા. છતાંય બંનેનો સહકાર – સહયોગ બધી પ્રવૃત્તિઓમાં રહેતો. આ જોતાં ગામડું સામાજિક સમન્વયનું મજબૂત એકમ બની રહ્યું હતું.

વધુમાં, ભારતમાં શાસનપદે આરૂઢ થયેલા રાજાઓની વહીવટી નીતિ તપાસતાં જણાય છે કે, આરંભે આવેલા અરબોની નીતિ સ્થાનિક વહીવટી પ્રણાલીને જાળવી રાખવાની હતી. આથી દીવાની અને મહેસૂલી વહીવટ કાં તો હિંદુઓ કાં તો ધર્માંતર કરીને મુસ્લિમ બનેલાઓના હાથમાં રાખ્યો. એમના લશ્કરમાં પણ હિંદુ સૈન્યની ભરતી વિશેષ રહેતી. મોહમ્મદ બિન કાસિમના લશ્કરમાં સુંદર, નાથ અને તિલક નામના ત્રણ સેનાપતિઓ હતા. મહમૂદ ઘોરીની સત્તા નીચે સમગ્ર ઉત્તર ભારતમાં હિંદુ વહીવટી પદ્ધતિ અમલમાં રહી. મોહમ્મદ તુઘલુકના સમયમાં પણ હિંદુ વહીવટદારો હતા. સિંધનો સૂબો હિંદુ હતો. ફીરોઝના સમયે પણ નાણાં અને મહેસૂલના વિભાગો હિંદુ અધિકારીઓને હસ્તક હતા. આમ સલ્તનતકાલીન ભારતમાં દેશની મહેસૂલી પદ્ધતિ અને વેપાર મહદંશે હિંદુઓના હાથમાં હતાં. આથી સ્વાભાવિક જ હિંદુ લક્ષણોની અસર વહીવટમાં થઈ હોય. દા. ત. મહેસૂલના દસ્તાવેજો ભારતીય ભાષામાં રખાતા. ફક્ત મુખ્ય મથકે ફારસીમાં સચવાતા.

અકબરની સૌથી મોટી વહીવટી સિદ્ધિ હતી રાજપૂત મુખીઓની ભરતી. પૃથ્વીરાજ ચૌહાણથી રાણા સંગ સુધીના રાજપૂતોએ ભારતમાં મુસ્લિમ સત્તા સ્થિર ના થાય તેવા અવિરત પ્રયત્નો કર્યા છતાંય અકબરની નીતિ અમલમાં રહી. રાજા માનસિંગ ૭,૦૦૦ ઘોડેસવારોનો ઉપરી હતો. ટોડરમલ મહેસૂલી પ્રધાન હતો. જહાંગીર અને શાહજહાંના સમયમાં પણ સરકારી સેવા માટે હિંદુઓની ભરતી થતી રહી. દક્ષિણના આક્રમણ સમયે જહાંગીરને ઉદાજી રાવે સહાય કરેલી. શાહજહાંનો વિશ્વાસુ રક્ષક મહેશદાસ હતો. ઔરંગઝેબને ગાદી મેળવવામાં રાજપૂત સેનાપતિ જયસિંહની સહાય મળી હતી, જેણે શિવાજી સામે મોગલ લશ્કરની આગેવાની પણ લીધી હતી. હિંદુઓને ઊંચા હોદ્દા ન આપવાની નીતિ ઔરંગઝેબની હોવા છતાંય વ્યવહારમાં યોગ્ય શક્તિશાળી હિંદુઓને એણે મનસબદાર બનાવ્યા હતા.

એકંદર, વ્યવહારદક્ષ શાસકોએ હિંદુ રાજાઓ, ઉમરાવો, પંડિતો અને શક્તિશાળી ગૃહસ્થોનો વિશ્વાસ પ્રાપ્ત થતાં લાભ લીધો હતો, પરંતુ રાજકીય સત્તાના નિર્ણાયક સ્તરે નહીં.

## વ્યવહારુ અનિવાર્યતા અને ઉદારતા

લાંબા કાળના પરસ્પરના સંઘર્ષ છતાં, આપણે જોઈ ગયા તેમ, સામાજિક-સાંસ્કારિક સહજીવન દ્વારા સાચા સમન્વયની દિશા ઊઘડી રહી હતી અને, અગાઉ જોયું તેમ મુસ્લિમ શાસકો અને તેના સાંપ્રદાયિક ધર્મગુરુઓ (ઉલેમા – મૌલવી – મૌલાનાઓ) મહદંશે ઈસ્લામને નામે જે વિઘાતક – વિસ્ફોટક ભાગ ભજવતા રહ્યા તે તેમણે ન ભજવ્યો હોત તો, સમન્વયની દિશા રૂંધાઈ ન ગઈ હોત એવી ધારણા નિરાધાર નથી. બલકે એમ કહેવું યોગ્ય ગણાશે કે મુસ્લિમ શાસકો અને ધર્મગુરુઓએ વિઘાતક ભાગ ભજવ્યો તે છતાં, ભારતમાંના મુસ્લિમ અને બિન-મુસ્લિમ પ્રજાજનો વચ્ચે, સામાજિક ઉપરાંત સાંસ્કારિક-સાંસ્કૃતિક સમન્વયની દિશામાં આશાસ્પદ પ્રગતિ સધાઈ હતી. આ ઘણી મૂલ્યવાન પ્રક્રિયા ઉપર દૃષ્ટિપાત કરી લઈએ.

જોકે, બંને પ્રજાજૂથોનાં વર્તન અને માન્યતાઓનાં મૂળ વિશે ઓછી જાણકારી તથા પરસ્પરની અસરોના અભ્યાસની સામગ્રીની અધકચરી વિગતોને કારણેય ઉભય પ્રજાઓની એકતાના આંતરકાર્યને મૂલવવાનું કામ મુશ્કેલ રહ્યું છે.

એ ભૂલવું ન જોઈએ કે, સત્તાબળનો લાભ લઈને ભારતમાં ઈસ્લામનો ફેલાવો કરવાની કોશિશો છતાં મુસ્લિમ સત્તાનાં રાજકીય કેન્દ્રો(દિલ્હી, અમદાવાદ, લખનૌ, અહમદનગર, બિજાપુર વગેરે)માંય મુસ્લિમ વસ્તીનું પ્રમાણ ૧૫થી ૨૦ ટકા કરતાં વધારે રહ્યું નથી. ટીપુએ ધર્માંતરની ફરજ પાડી હોવા છતાંય તે પ્રદેશમાં મુસ્લિમોનું પ્રમાણ માત્ર ૫ ટકા છે; જ્યારે મલબાર કાંઠે મુસ્લિમો રાજકીય દૃષ્ટિએ મજબૂત હતા નહીં છતાં ત્યાં ભારતની કુલ વસ્તીના ૩૦ ટકા મુસલમાનો છે. આનાં અનેક કારણોમાંનું એક મુખ્ય કારણ એ છે કે હિંદુ ધર્મનાં મૂળ તત્ત્વો અને એના પાયારૂપ વર્ણવ્યવસ્થાનાં મૂળિયાં એટલાં ઊંડાં હતાં કે હિંદુઓએ (ખાસ તો અવદશામાં જીવતા લોકોએ પણ) બહુ મોટા પ્રમાણમાં ધર્માંતર કર્યું નથી.

બીજી બાજુ, હકીકતમાં ગુલામ વંશના આરંભથી (તેરમી સદી) મોગલ સામ્રાજ્યના લગભગ અસ્ત (અઢારમી સદી) સુધીના અનેક કટ્ટર મુસ્લિમ શાસકોનીય વ્યવહારુ અને શાણી નીતિએ સમન્વયની પ્રક્રિયાને જરૂરી બળ પૂરું પાડયું હતું. દા. ત. મૂર્તિભંજક મોહમ્મદ ગઝનવી જેવાએ એની રાજધાનીમાં હિંદુઓને એમના વિસ્તારમાં મૂર્તિપૂજાની છૂટ આપી હતી, તો અનેકે શાણપણભરી નીતિ અપનાવી તેનું પરિણામ પણ ફળ્યું હતું. દા. ત. કાશ્મીરમાં સુલતાન ઝૈન ઉલ આબિદીને સિકંદરની નીતિ ઉલટાવી હદપાર કરેલા હિંદુ-ઓને કાશ્મીરમાં પુન: વસાવ્યા હતા. તેણે જજિયાવેરો ઉઠાવી લીધો હતો. ગાયની કતલ બંધ કરાવી હતી. સતીપ્રથાનો પ્રતિબંધ ઉઠાવી લીધો હતો. હિંદુ અને જૈન ધર્મના કેટલાક સિદ્ધાંતોથી આકર્ષાઈને એણે આમ કર્યું હતું, તો વળી બહલોલ લોદીના શાસન દરમ્યાન (ઈ. સ. ૧૪૫૧–૧૪૮૮) મુસ્લિમ ગુરુની સલાહથી કુરખેતમાંના હિંદુઓના તળાવમાંથી પાણી વાપરવાની મુસલમાનોની અરજીનો બહલોલે પોતે અસ્વીકાર કર્યો હતો. શેરશાહે (ઈ. સ. ૧૫૩૯–૧૫૪૫) હિંદુઓની લાગણીને માન આપી રાજમાર્ગો ઉપર અલગ ધર્મશાળા અને કૂવા બંધાવ્યાં હતાં.

કેટલાક કિસ્સાઓમાં હિંદુ ધર્મ-સંસ્થાઓને મુસ્લિમો તરફથી અનુદાન પણ પ્રાપ્ત થયાં હતાં. દક્ષિણ ભારતના ઈતિહાસમાંથી આ પ્રકારનાં ઘણાં ઉદાહરણો પ્રાપ્ત થાય છે. આદિલશાહી, કુતુબશાહી અને આસફ-શાહી રાજવંશોએ બ્રાહ્મણોને કરેલાં દાન જગજાહેર છે. બોધગયાના લાલગીર મહંતને દિલ્હીના મોહમ્મદશાહે (ઈ. સ. ૧૩૯૯–૧૪૧૨) એક ફરમાન દ્વારા મુસ્તીપુર નરહીદનું એક ગામ દાનમાં આપેલું, જેની વાર્ષિક આવક લાખોની હતી. અકબરે (ઈ. સ. ૧૫૫૬–૧૬૦૫) એક ફરમાન દ્વારા દરભંગાની સૌથી મોટી જાગીર એક વિદ્વાન બ્રાહ્મણને આપી હતી. હિંદુ પ્રજામાં શિક્ષણનો વિકાસ થાય તે માટે શેરશાહે તેમને વકફનું અનુ-દાન કરેલું અને એની વ્યવસ્થામાં સ્વતંત્રતા બક્ષેલી. એની ઉદાર નીતિને કારણે બધા ધર્મો અને જ્ઞાતિના લોકો એને ચાહતા હતા. કાશ્મીરના સુલતાન ઝૈન ઉલ આબિદીન વારંવાર અમરનાથ અને શારદાદેવીના મંદિરની મુલાકાત લેતા હતા. યાત્રાળુઓની સગવડ માટે એમણે ત્યાં ધર્મશાળા બાંધેલી. હૈદરાબાદની દરગાહના મુત-વલ્લી તરીકે એક બ્રાહ્મણ કુટુંબની નિમણૂક થઈ હતી. નિઝામે આ દરગાહના નિર્વાહ માટે મોટી જાગીર પણ બક્ષેલી. નિઝામના શાસકોએ હિંદુ મંદિરો અને શીખોના ગુરુદ્વારાને ઘણાં અનુદાન આપ્યાં હતાં. આજેય મંદિરો અને ગુરુદ્વારોને આપેલાં આ મુસ્લિમ અનુદાન ચાલુ છે અને તેની માલિકી હિંદુઓની છે. ઔરંગઝેબ જેવાયે (ઈ. સ. ૧૬૫૯–૧૭૦૭) એક ફરમાન દ્વારા મહેશ્વરનાથના પ્રખ્યાત મંદિરના પુરોહિતોને અને બસ્તી ગામના પંડિતોને અનુદાન આપેલાં. અઢારમી સદીના ઉત્તરાર્ધમાં મજીબાબાદના પઠાણોએ હિંદુ યાત્રાળુઓ માટે હરદ્વારમાં ઘણી ધર્મશાળાઓ બંધાવેલી, જે આજેય મોજૂદ છે અને જેની માલિકી હિંદુઓની છે.

# ૧૪ : વિદેશી સત્તા : સમન્વયની દિશા

## સાંસ્કૃતિક સમજણનો પ્રયાસ

વાસ્તવિક વ્યવહારમાં મોકળાશભર્યું વાતાવરણ ઊભું થતાં તે દરમ્યાન ભારતીય સંસ્કૃતિને સમજવા અને સમજાવવાના પ્રયોગો-પ્રયત્નો મુસ્લિમો તથા હિંદુઓ તરફથી થયા. મુસ્લિમ સત્તાની સ્થાપના પૂર્વે ઘણા ગ્રંથોના અરબી-ફારસી અનુવાદો થયા હતા. પણ સત્તાની સ્થાપનાથી એની ઉપાદેયતાની પ્રતીતિ થઈ. પઠાણ (અફઘાન) કાલમાં આ પ્રવૃત્તિ જોકે મંદ ગતિની રહી. પણ સલ્તનતની સ્થાપનાથી એ ગતિએ વેગ પકડ્યો. મહાભારતનો બંગાળી અનુવાદ સૌ પ્રથમ નાસિરશાહે (ઈ. સ. ૧૨૮૨–૧૩૨૫) કરેલો. તેણે ભારતીય ભાષાઓને પ્રોત્સાહન આપ્યું હતું. પરંતુ અનુવાદની વિશેષ પ્રવૃત્તિ મોગલકાળમાં થઈ. આ માટેનું વિશેષ શ્રેય અકબરને ફાળે જાય છે. પંડિત ફૈઝીએ યોગવાસિષ્ઠ, લીલાવતી, નળદમયંતી અને સિંહાસન બત્રીસીને ફારસીમાં અનૂદિત કર્યાં. હાજી ઈબ્રાહીમે અથર્વવેદનો અનુવાદ કર્યો. રામાયણ અને મહાભારતના અનુવાદ તો ઘણા થયેલા, જેમાં કેટલાક હિંદુ-મુસ્લિમ સંયુક્ત સાહસના પરિણામરૂપ હતા. અબદુર કાદિર બદાયુનીએ અથર્વવેદનો અનુવાદ સંમિલિત પ્રયાસોથી કરાવેલો. શાહજહાંના પુત્ર દારા શિકોહે શ્રીમદ્‌ભાગવત, ગીતા અને ઉપનિષદોના અનુવાદ પોતાની સીધી દેખરેખ નીચે કરાવેલા. આમ, સત્તાની સ્થાપનાને કારણે શાસિત પ્રજાની સંસ્કૃતિને સમજવાના પ્રયાસો થતા રહ્યા.

૧૨૫૮માં બગદાદના વિનાશ પછી પૂર્વના મુસ્લિમો માટે દિલ્હી મુખ્ય સાંસ્કૃતિક કેન્દ્ર બની રહ્યું. જ્યારે મોંગોલ આક્રમણકારોએ મધ્ય અને પશ્ચિમ એશિયાનાં સંસ્કારકેન્દ્રોનો નાશ કર્યો ત્યારે ત્યાંના ઈસ્લામી કવિઓ, વિદ્વાનો અને સાહિત્યકારો મુસ્લિમ ભારતમાં ભાગી આવવા લાગ્યા, અને આશ્રય પામ્યા. બલ્બને આવા વિશિષ્ટ શરણાર્થીઓને આવકાર્યા હતા તેમાં કશી નવાઈ નથી. પરંતુ અલાઉદ્દીન ખલજીના શાસન દરમિયાન રાજકીય સ્થિરતા સ્થપાતાં તથા આર્થિક સમૃદ્ધિ વધતાં રાજાઓ ઉપરાંત અમીર-ઉમરાવો પણ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના આશ્રયદાતા બનવા લાગ્યા; આથી વિદ્વાનો અને સાહિત્યસ્વામીઓ માટે દિલ્હીનું આશ્રયસ્થાન આશીર્વાદ સમાન બન્યું, એ નોંધપાત્ર છે.

આ સાથોસાથ બીજી નોંધપાત્ર ઘટના એ પણ છે કે ભારે જોખમો છતાંય, સાચા ધર્મનિષ્ઠ વિદ્વાનોએ વિદેશી સત્તાના અસ્તિત્વને ગણકાર્યા વિના, સંસ્કૃત ભાષામાં સાહિત્યસર્જનની પ્રવૃત્તિ ચાલુ રાખી. પરિણામે હિંદુ ધર્મ અને બુદ્ધિવાદની ચેતનાને સતેજ રાખી શકાઈ. ખાસ કરીને દક્ષિણનાં હિંદુ રાજ્યોમાં અને ઓરિસામાં રાજપૂત રાજ્યોના આશ્રયે પુરાણો ઉપરનાં ભાષ્યો અને પરંપરિત બ્રાહ્મણ લખાણો વિકસતાં રહ્યાં. ધર્મશાસ્ત્રોનાં ભાષ્યો પણ લખાતાં રહ્યાં. સંસ્કૃતમાં બિનસાંપ્રદાયિક લખાણો લખાયાં, અને આ પ્રવૃત્તિને પણ કેટલાક મુસ્લિમ શાસકોનો આશ્રય પ્રાપ્ત થતો રહ્યો હતો.

જેમ સંસ્કૃતિને સમજવાનો પ્રયાસ થયો તેમ હિંદુ જ્ઞાન-વિજ્ઞાનના અભ્યાસનો પણ પ્રયત્ન થયો. આની શરૂઆત સિંધ પરના અરબ આક્રમણથી થયેલી. અરબોએ હિંદુ વિજ્ઞાન(ખાસ કરીને ગણિત, ખગોળ, જ્યોતિષ અને ઔષધ)ના અભ્યાસમાં રસ દાખવ્યો. તેમણે ભારતીય વૈદોને બગદાદ નિમંત્ર્યા અને સન્માન્યા.

અરબ વૈદ્ય ઇબ્ન અલ તનૂખી નવમી સદીમાં આરોગ્યશાસ્ત્રના અભ્યાસ સારુ ભારત આવ્યો હતો. પ્રસ્તુત વિજ્ઞાનના ગ્રંથોના અરબી અનુવાદો પણ એમણે કરાવ્યા. બ્રહ્મગુપ્ત અને આર્યભટ્ટના ગ્રંથોના અરબી અનુવાદ થયા. અરબ વિજ્ઞાન ઉપર ગણિતની ભારે અસર છે. ગણિતજ્ઞ ખ્વા રિઝમી(ઈ. સ. ૭૮૦–૮૪૦)એ સંસ્કૃત અંકોને અરબી શુદ્ધ-જોડણી-વિચાર (ઑર્થોગ્રાફી) માટે સ્વીકાર્યા. પંચતંત્ર, હિતોપદેશ, અર્થશાસ્ત્રના પણ અરબી અનુવાદો થયા પણ બગદાદનું રાજકીય મહત્ત્વ ઘટતાં અને સિંધ સાથેના સાંસ્કૃતિક સંબંધો શિથિલ થતાં આ પ્રવૃત્તિ થોડોક સમય સ્થગિત થઈ.

* આ પછી ઐબકથી (ઈ. સ. ૧૨૯૬) સિકંદર (ઈ. સ. ૧૩૯૪) સુધીના બધા સુલતાનોએ જ્ઞાનસાધનાની પ્રવૃત્તિને આશ્રય આપ્યો હતો. દિલ્હી દરબાર હકીકતે સંસ્કારપીઠ બની રહ્યો; અર્થાત્ દિલ્હી સલ્તનતે બૌદ્ધિક વિકાસ માટે જાણે દિલ દઈ દીધું. આથી તત્કાલીન જ્ઞાનની કોઈ શાખા-પ્રશાખા ખેડાણ વિનાની રહી નહીં. કોઈ વિદ્વાન પણ અજાણ્યો ન રહ્યો. સલ્તનતના શાસકોમાં ફીરોઝનો નિર્દેશ મહત્ત્વનો ગણાય. કાયદો અને વ્યવસ્થા જાળવવાનો કાર્યભાર વિશેષ હોવા છતાંય પ્રજાના બૌદ્ધિક વિકાસ સારુ બધા પ્રયત્નો એણે કર્યા. જીર્ણ સંસ્કારપીઠોને સમારી, તેમના નિર્વાહ માટે વિશેષ અનુદાન આપ્યાં. સંસ્કૃત ભાષાના અભ્યાસમાં એણે ઘણો રસ દાખવ્યો. એની ઈચ્છાને પરિણામે વિજ્ઞાન અને કલાના ઘણા સંસ્કૃત ગ્રંથોને ફારસીમાં અનૂદિત કર્યા. 'કિતાબ-ફીરોઝશાહી' પદાર્થવિજ્ઞાનને લગતો ઉત્તમ ગ્રંથ છે.

જ્ઞાન અને બુદ્ધિના વિકાસ સાથે પુસ્તકાલયોનો વિકાસ પણ થયો. હુમાયુંનું ફરતું ગ્રંથાલય આનો શ્રેષ્ઠ નમૂનો છે. મોગલ સમયમાં મોટાં શહેરોમાં પુસ્તકાલય હતું. ફાધર મેનિકની નોંધ મુજબ આગ્રાની લાઈબ્રેરીમાં ૨૪,૦૦૦ પુસ્તકો હતાં અને એની કિંમત ૬૫ લાખ પાઉંડ જેટલી હતી.

### સાહિત્યિક આદાનપ્રદાન

ભાષાકીય અને સાહિત્યિક પ્રવૃત્તિઓમાં મુસ્લિમોનું પ્રત્યક્ષ પ્રદાન પ્રમાણમાં ઘણું ઓછું રહ્યું; પરંતુ પ્રવૃત્તિના વિકાસમાં આશ્રયદાતા તરીકે એમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. શરૂઆતમાં સંસ્કૃતના વિકાસમાં મુસ્લિમોના સહયોગની કામગીરી જોઈએ.

મોહમ્મદ ગઝનવીથી મુસ્લિમ આશ્રયનો આરંભ થયો હતો. એણે કલિંજરના પરાજિત રાજા ચંદેલાને પોતાની પ્રશંસાત્મક હિંદી કવિતા લખવા બદલ ઘણા કિલ્લાઓ ભેટ આપી સન્માન્યો હતો. જલાલ અલ દીન ખલજી (ઈ. સ. ૧૨૯૦–૯૬) દિલ્હીનો પહેલો મુસ્લિમ સુલતાન હતો, જેણે હિંદુ જ્ઞાન અને સંસ્કૃતના અભ્યાસ પ્રત્યે બૌદ્ધિક અભિરુચિ દાખવી હતી. મોહમ્મદ બિન તુઘલુકની હિંદુ જ્ઞાન અંગેની બૌદ્ધિક જિજ્ઞાસા સીમાચિહ્નરૂપ હતી. યોગીઓનો સત્સંગ તેને ગમતો હતો. જૈન મંદિરોને તે આશ્રય આપતો. ઝીઆ અલ દીન નસબીએ ૧૩૩૦માં 'તૂતીનામ' શીર્ષકથી બાવન વાર્તાઓનો સંસ્કૃતમાંથી ફારસીમાં અનુવાદ કર્યો હતો. મોહમ્મદ તુઘલુકના રાજ્યઅમલની એ અપૂર્વ સિદ્ધિ ગણી શકાય. ફીરોઝ તુઘલુકની રાજ્યનીતિ કટ્ટર ઈસ્લામી હોવા છતાંય સંસ્કૃતના અભ્યાસના ઉત્તેજનાર્થે અપાતી સરકારી સહાય તેણે ચાલુ રાખી હતી. ઔષધવિજ્ઞાનના સંસ્કૃત ગ્રંથોના ભાષાંતર માટે એણે કમિશન નીમ્યું હતું. સંગીત અને મલ્લકુસ્તી અંગેના ગ્રંથોના પણ ફારસી અનુવાદ કરાવ્યા. 'દલા ઈલ ઈ ફીરોઝશાહી' નામનો ગ્રંથ હિંદુ જ્યોતિષવિદ્યા અને ખગોળવિદ્યા વિશેનો છે. સુલતાન ઝૈન ઉલ આબિદીન(કાશ્મીર, ઈ. સ. ૧૪૨૦–૭૦)ના સમયથી સંસ્કૃતના અભ્યાસનો ચેતનવંતો કાલ ગણી શકાય. તેણે મહાભારત અને 'રાજતરંગિણી'નાં કાશ્મીરી ભાષાંતર કરાવ્યાં.

અકબરના સમયથી સંસ્કૃતના અભ્યાસમાં મુસ્લિમોની સહાય વિશેષ રહી તથા તેમનો સહયોગ પણ આરંભાયો. એના દરબારના હિંદુ ઉમરાવોએ સંસ્કૃત અને ફારસી ઉભયનો વિનિયોગ સાહિત્યાલેખન માટે કર્યો. ભાગવત પુરાણનો ફારસી અનુવાદ રાજા ભગવાનદાસે કર્યો. મુસ્લિમ ઉમરાવો — અબદુલ રહીમ

ખાન-ખાનાન, અબુલ ફઝલ અને ફૈઝી — સંસ્કૃતના અભ્યાસી હતા અને સંસ્કૃતના ફારસી અનુવાદ તેમણે કર્યા : મહાભારત, રામાયણ, હરિવંશ, અથર્વવેદ, રાજતરંગિણી, નળદમન, પંચતંત્ર, સિંહાસનબત્રીસી, બીજગણિત અને લીલાવતીસાર. બદાયુનીએ પણ હિંદુ પંડિતોની સહાયથી સંસ્કૃત ગ્રંથોને ફારસીમાં અનૂદિત કર્યા.

અકબરે સંસ્કૃતમાંથી ફારસી અનુવાદ કરાવ્યા; ઉપરાંત અરબી, તુર્કી અને કાશ્મીરી અનુવાદને પણ પ્રોત્સાહન આપ્યું. ફૈઝી, અબુલ ફઝલ, હાજી ઈબ્રાહીમ, બદાયુની, નકીબખાન, મુલ્લાશાહ અને મુહમ્મદ સુલતાન થાણેશ્વરને અનુવાદપ્રવૃત્તિમાં સહાયરૂપ થવા કિશન જોશી, ગંગાધર, મહેશ મહાનંદ, દેવી મિશ્રા, મધુસૂદન મિશ્રા, ચતુર્ભુજ અને ભવનને અકબરે રોક્યા હતા. આ સંયુક્ત સાહસને પરિણામે રામાયણ, મહાભારત, પુરાણો, હિતોપદેશ વગેરે અનેકાનેક હિંદુ ગ્રંથોના ફારસી અનુવાદ થયા. અકબરે જૈન સાહિત્યનો વિકાસ પણ કરાવ્યો. જૈન સાધુઓ અકબરના દરબારની મુલાકાત લેતા હતા. દેવવિમલનું 'હીર સૌભાગ્ય' જૈનો સાથેના અકબરના સંબંધોનું વિવેચન કરે છે.

* આમ, અકબરના દરબારમાં પરસ્પરની સહાયથી હિંદુ અને મુસ્લિમ એમ બે બૌદ્ધિક પણ સ્વતંત્ર પરંપરાઓ વિકાસ પામી, જેને પરસ્પરનો સહયોગ પણ સાંપડ્યો.

હિંદુ ધર્મ, હિંદુ વિજ્ઞાન, હિંદુ સંસ્થાઓ, વિશ્વવિદ્યા, ભૂગોળ, જૈન અને અન્ય સંપ્રદાયો વિશે અબુલ ફઝલનો અહેવાલ દર્શાવે છે કે પાંચસો વર્ષના સમયગાળા બાદ હિંદુ અભ્યાસની મુસ્લિમ પરંપરા પ્રસ્થાપિત થઈ.

જહાંગીરના હિંદુ સમાજ વિશેનાં લખાણોમાં હિંદુ બુદ્ધિવાદના સાન્નિધ્યનો પડઘો સંભળાય છે; ખાસ કરીને ચાર આશ્રમો, ચાર વર્ણો, સતીપ્રથા, વેદાંતનું સૂફીવાદ સાથે સામ્ય વગેરેમાં. એણે અનુવાદની અકબરી નીતિને ચાલુ રાખી.

શાહજહાંના સમયનું હિંદુ વિદ્વત્તાનું અસાધારણ સાહસ કમલકર ભટ્ટના 'નિર્ણયસિંધુ' તથા નીલકંઠ ભટ્ટનાં લખાણોમાં વ્યક્ત થાય છે. હિંદુ કાયદાકાનૂન વિશેનાં આ શ્રદ્ધેય પુસ્તકો હતાં. શાહજહાંના સમયમાં જે હિંદુ સાહિત્ય સર્જાયું તે તે સમયની હિંદુ ધર્મની વ્યાપકતાનું દ્યોતક છે. સુંદરદાસ અને ચિંતામણિ જેવા કવિઓ, કવીન્દ્રાચાર્ય જેવા ઋગ્વેદના ટીકાકાર અને જગન્નાથ મિશ્રા શાહજહાંના દરબારના હિંદુરત્નસમા હતા. જગન્નાથની 'ગંગાલહરી' પ્રસિદ્ધ ઊર્મિકાવ્ય છે, જેમાં હિંદુ-મુસ્લિમ સમન્વયની પ્રક્રિયાનું પ્રતિબિંબ સુંદર રીતે વ્યક્ત થયું છે.

* અકબરે સમન્વયની પ્રક્રિયાને સાહિત્યપ્રવૃત્તિઓ દ્વારા જરૂર ઉત્તેજી; પરંતુ એનું પોતાનું બૌદ્ધિક પ્રદાન ઘણું ઓછું. આ ખોટ દારા શિકોહે પૂરી.

* દારા પોતે શ્રેષ્ઠ સંસ્કૃતજ્ઞાતા હતો, ભારતીય સંસ્કૃતિનો ઉદ્‌ગાતા હતો અને રાષ્ટ્રીય અસ્મિતાનો પુરસ્કર્તા હતો. ટૂંકમાં, સાહિત્ય, અધ્યાત્મ અને બૌદ્ધિક ચળવળનું તે કેન્દ્ર હતો. ઈસ્લામી સૂફીમત અને હિંદુ વેદાંત વચ્ચેના સમન્વયના એના પ્રયાસો જાણીતા છે. એના મત મુજબ સત્યની શોધમાં હિંદુ એકેશ્વરવાદીઓ અને મુસ્લિમ સૂફીઓ એક માર્ગના પ્રવાસી છે. આથી એણે "મઝ્મ ઉલ-બહરીન" (બે સાગરોનો સંગમ)નો સંસ્કૃત અનુવાદ કરાવ્યો. ભગવદ્‌ગીતાનો ફારસી અનુવાદ એણે પોતે કર્યો. યોગ વાસિષ્ઠનો અનુવાદ પણ એણે કરાવ્યો. 'સિર-ઈ-અકબર' એ ઉપનિષદોનો ફારસી અનુવાદ છે, જેમાં તે શંકરના મતને વિશેષ અનુસર્યો છે.

હિંદુ સંતો અને કવિઓનો સમાગમ દારાનો પ્રિય વ્યાસંગ હતો. દા. ત. કવિ હરિરામ, પંચરાજ, ફતનમિશ્રા વગેરે. બનારસ અને અલ્લાહાબાદનાં યાત્રાધામોમાં હિંદુઓ પાસેથી લેવાતો યાત્રાવેરો દૂર કરવા માટે કવીન્દ્રાચાર્યની આગેવાની હેઠળ હિંદુ પંડિતોના પ્રતિનિધિમંડળને દારા શિકોહે સાનુકૂળ સહાય કરી હતી. એની વીંટી ઉપર 'પ્રભુ' નામ અંકિત થયેલું હતું.

**એકંદરે દારાનું સમન્વયાત્મક વલણ ઇસ્લામથી દૂર જઈ હિંદુત્વના સ્વીકારની કેવળ હલચલ ન હતી; પરંતુ ઉભયમાં જે સમાન છે તે જુદું તારવવાના પ્રામાણિક પ્રયત્નો હતા.**

હિંદુ સંસ્કાર પ્રત્યે ઔરંગઝેબનો અભિગમ વિરોધાત્મક હતો. છતાં એના દરબારમાં હિંદુ વિદ્વાનો, કવિઓ(દા. ત. સામંત, ઇન્દ્રજિત ત્રિપાઠી)ને સ્થાન મળ્યું હતું.

મુસ્લિમ આશ્રય, પ્રત્યક્ષ સહયોગ અને સહવાસને કારણે સંસ્કૃત અને અન્ય હિંદુ સાહિત્યમાં જે એક અભિનવ ક્રિયા-પ્રકારનો જન્મ થયો તે ઐતિહાસિક સાહિત્યના લેખનનો. 'રાજતરંગિણી'નાં છેલ્લાં પ્રકરણો પછી મુસ્લિમ આશ્રય હેઠળ લખાયેલું બીજું પુસ્તક છે 'સર્વદેશવૃત્તાંતસંગ્રહ', જેમાં અકબરના અમલ સુધીનો મોગલ વહીવટનો ઇતિહાસ સંગૃહીત છે.

## ફારસી સાહિત્યમાં ભારતીય પ્રદાન

હવે ફારસી સાહિત્યમાં ભારતીય પ્રદાનની નોંધ લઈએ. આમ તો, ભારતમાંના શાસક મુસ્લિમ વર્ગે વહીવટ અને સંસ્કાર માટે માધ્યમ તરીકે ફારસી ભાષાનો ઉપયોગ કર્યો. પરંતુ સિકંદર લોદીએ (ઈ. સ. ૧૪૮૯–૧૫૧૭) ફારસી ભાષામાં વહીવટ શરૂ કર્યો. ત્યારથી તે સાહિત્યની અસરો વેગીલી બની. વહીવટમાં સહયોગ કરવા માટે હિંદુઓએ ફારસી ભાષા અપનાવી. જહાંગીરના સમયમાં કાયસ્થ બ્રાહ્મણોએ 'ઇન્શા'(એપિસ્ટોલોગ્રાફી)ની બાબતમાં ઊંચી ગુણવત્તા પ્રાપ્ત કરેલી. ઈરાનથી બોલાવેલા ફારસી મુનશીઓનું આગમન અટક્યું પછી પણ ફારસીની જાણકારી વધી પડી. મુનશી હરકરણથી આરંભી મુનશી ચંદ્રભાણ સુધીના કાયસ્થોનું આ ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન રહ્યું. ગુજરાતમાં નાગર બ્રાહ્મણો ફારસીના અભ્યાસીઓ હતા.

ચંદ્રભાણ પહેલો હિંદુ-ફારસી કવિ હતો. 'ચહારચમન' અને 'દીવાન' ગ્રંથો એણે ફારસીમાં આલેખ્યા. 'ચહારચમન'માં ચંદ્રભાણે અબુલ ફઝલના 'આઈને અકબરી'નું અનુકરણ કર્યું છે. હિંદુ ઇતિહાસલેખનના વિકાસમાં આ ગ્રંથ સીમાચિહ્ન ગણાય.

ભગવંતદાસનું 'શાહજહાંનામા' પણ ફારસીમાં લખાયેલું છે. ઈશ્વરદાસ નાગર ઔરંગઝેબનો માનીતો ઈતિહાસકાર હતો, જેણે તેના વિજયો આલેખ્યા 'ફુતુહાત-ઈ-આલમગીર'માં.

અઢારમી સદીના હિંદુ-ફારસી કવિઓમાં આનંદરાય, લાલા અમાનતરાય (જેમણે રામાયણ, ભગવદ્ગીતા, વેદાંતમાંથી ભક્તિવિષયક વસ્તુઓ ઉપર કવિતા રચી), લાલા હુકમચંદ (જેમણે ફારસીમાં ભગવદ્ગીતાનો સમશ્લોકી અનુંવાદ કર્યો), અને શ્રી ગોપાલ મુખ્ય છે. હિંદુ કવિઓએ લખેલી ફારસી કવિતાઓમાં હિંદુ ધર્મના વિષયવસ્તુઓનો વિનિયોગ થયો છે.

* મુસ્લિમ શાસન દરમિયાન ફારસી બુદ્ધિજીવીઓની પ્રિય ભાષા બની રહી. ઈરાન કરતાં પણ ભારતના ફારસી સાહિત્યની ગુણવત્તા ઘણી ઊંચી હતી. સલ્તનતકાલમાં વિશેષત: કવિતાક્ષેત્રે પ્રદાન રહ્યું તો મોગલ શાસન દરમિયાન ઈતિહાસ અને ચરિત્રનિર્માણના ક્ષેત્રે. વળી, ફારસી સાહિત્યે પ્રાદેશિક સાહિત્યના ઘડતર અને આકાર ઉપર પણ અસર પહોંચાડી છે. ભારતની લગભગ બધી પ્રદેશભાષાઓમાં ફારસી શબ્દોનો વિનિયોગ થયેલો જોવા મળે છે. વિચારોના ક્ષેત્રે પણ ફારસીનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. આમ, મુસ્લિમ ભારતના સાંસ્કૃતિક ઈતિહાસનો અતિ મહત્ત્વનો પાયો કોઈ હોય તો તે છે ફારસી સાહિત્યનો વારસો.

## હિન્દી–ઉર્દૂ–સાહિત્યમાં પ્રદાન

હિંદી પણ મુસ્લિમ શાસનની સમન્વયકારી ભાષા રહી એમ કહેવું જોઈએ. ફારસી અને સંસ્કૃત સામાન્યત: બુદ્ધિજીવીઓની, સંશોધનની, લેખનની ભાષા રહી; તો હિંદી આમજનતાની ભાષા રહી, બોલચાલની ભાષા રહી, ભક્તિની ભાષા બની રહી. આથી હિંદી સાહિત્ય અને મુસ્લિમ સહયોગનું વિવરણ કરવું ઉપયોગી જણાય છે.

મોગલ દરબારે ફારસી પછી બીજું સ્થાન હિંદીને આપ્યું હતું. અકબરના સમયથી ફારસી કવિ સાથે હિંદીનાં કવિરાયને દરબારમાં સ્થાન પ્રાપ્ત થયું (દા. ત. બિરબલ), જે રિવાજ ઔરંગઝેબના સમય પર્યંત પણ ચાલુ રહ્યો હતો. ઔરંગઝેબના બે પુત્રો (આઝમ અને મુઆઝમ) પણ હિંદીના આશ્રયદાતા હતા. અબદુર્રહીમ ખાનખાનાએ પણ ઘણા કવિઓને આશ્રય આપી હિંદીને વિકસાવી. જાયસી અને કબીરે પણ હિંદીને સમૃદ્ધ કરવામાં ફાળો નોંધાવ્યો. તુલસીદાસ આ કાલના સર્વશ્રેષ્ઠ હિંદી કવિ હતા. જહાંગીર અને શાહજહાંએ પણ હિંદી વિદ્વાનોને આશ્રય આપવાની પરંપરા ચાલુ રાખી હતી. અકબર અને શાહજહાં પોતે હિંદીમાં રચના કરતા હતા.

ભૌતિક પરાજયના પડછાયામાંથી છટકવા ભક્તિકાવ્યો દ્વારા ધાર્મિક ચેતના જાગ્રત કરવાનો જે પ્રયોગ થયો તેનું વાહન હિંદી હતું. તુલસીનું વિશિષ્ટ પ્રદાન આ ક્ષેત્રે રહ્યું, 'રામચરિતમાનસ' એમનો પ્રસિદ્ધ ગ્રંથ છે. આદર્શ માનવી તરીકે રામને અને આદર્શ રાજ્ય તરીકે રામરાજ્યને તુલસીદાસે પ્રસ્થાપ્યું, જે વિભાવના ભારતની આઝાદી દરમિયાન ગાંધીજીને કારણે હિંદી-હિંદવી રૂપે પુનર્જીવિત થઈ.

મુસ્લિમ કવિઓય ફારસી કવિતાની સાથે સાથે આનંદ ખાતર હિંદીમાં રચનાઓ કરતા થયા. સૌ પ્રથમ ગણનાપાત્ર હિંદી પુસ્તક મુસ્લિમે લખ્યું હોય તો તે હતું 'મૃગાવતી', લેખક હતા કુતબન (ઈ. સ. ૧૫૦૦). 'મૃગાવતી'નું વિષયવસ્તુ પૂર્ણતયા હિંદી છે, ભૂમિકા ભારતીય છે. મનજહતના 'મધુમાલતી'નું વસ્તુ પણ કંઈક આવું છે. જાયસીનું 'પદ્માવત' અવધી બોલીમાં ફારસી લિપિમાં છે. ઉથમાન તેના 'ચિત્રાવલી'માં 'પદ્માવત'ના વિષયવસ્તુને દોહરાવે છે. ઉપરાંત શેખનબી (જ્ઞાનદીપક, ઈ. સ. ૧૬૧૯), કાસિમ શાહ (હંસજૌહર, ઈ. સ. ૧૭૩૧), અને નૂર મોહમ્મદ (ઈન્દ્રાવતી, ઈ. સ. ૧૭૪૪) હિંદીના પ્રસિદ્ધ લેખકો હતા.

* હિંદુમુસ્લિમ સંસ્કૃતિઓના સમન્વયનું શ્રેષ્ઠ ઉદાહરણ તે ઉર્દૂ. બે ભિન્ન સંસ્કારોવાળી પ્રજાઓના વ્યવહારના માધ્યમ તરીકે આ ભાષાનો જન્મ થયો. હકીકતે, સ્થાનિક કક્ષાએ આંતર-વ્યવહારની રોજિંદી જરૂરિયાતમાંથી એનો વિકાસ સંભવિત બન્યો હતો.

મોંગોલ ભાષાના આ શબ્દ 'ઉર્દૂ'નો અર્થ છે લશ્કરની છાવણી. તૈમૂરને શરણે ગયેલા ખિજરખાને દરબાર અને લશ્કરમાં ઉર્દૂ અપનાવ્યું. બાબરની ચડાઈ પછી બાદશાહી છાવણી માટે એનો ઉપયોગ આરંભાયો. પણ દરબારી ભાષા તરીકે મોગલ સામ્રાજ્યના અંત સુધી એને કોઈ પ્રોત્સાહન સમ્રાટો તરફથી પ્રાપ્ત ન થયું. દક્ષિણના સૂફી-સંતો અને કેટલાક દખણી રાજાઓએ ઉર્દૂની પદ્ધતિસરની ખિલવણી કરી. એનાં વિવિધ નામ શરૂમાં પ્રયોજાયાં હતાં. અમીર ખુસરો અને અબુલ ફઝલે 'હિંદવી' અને 'દહેલવી' નામ પ્રયોજ્યાં હતાં. દક્ષિણમાં એને 'દકની' કે 'દખ્ખની' તરીકે અને ગુજરાતીમાં 'હિંદી' 'ગુજરી' કે 'ગુજરાતી' તરીકે ઓળખતા. સંભવ છે કે ઉર્દૂ તરીકે એનું નામકરણ શાહજહાં અને ઔરંગઝેબના સમયમાં દૃઢ થયું. સત્તરમી સદીના અંતમાં અને અઢારમીના આરંભમાં ઉર્દૂ અને દખ્ખાણી એ બે નામ અનુક્રમે ઉત્તર ભારત અને દક્ષિણ ભારત માટે નિર્માયાં.

દક્ષિણની મોગલ જીત પછી, અને બિજાપુર ગોવલકોંડાનાં રાજ્યોના મુસ્લિમ અગ્રવર્ગે એને અપનાવી લીધા પછી, એકતાની દ્વિમાર્ગી પ્રક્રિયા આરંભાઈ. ઉત્તરના લોકોએ ફારસીને સ્થાને દખણી પરંપરામાં કવિતા રચવી શરૂ કરી તો દક્ષિણની પ્રજાએ ફારસીનો વિનિયોગ કર્યો. આમ સમન્વયની ભાષા તરીકે એનું મહત્ત્વ સ્વીકારાયું.

સૂફી સંતોએ આ ભાષાનો ઉપયોગ ગંભીર રીતે કર્યો. ઇસ્લામના પ્રચારના સંઘર્ષમાં ધર્માંતરિત થવા ઉત્સુક અને ધર્માંતરિત નહીં થયેલા લોકોને આના પ્રયોગથી નજીક લાવવાની પ્રક્રિયા થઈ શકી. ગુજરાતમાં તેરમી સદીમાં સૂફી પ્રચારને કારણે ઉર્દૂનો પ્રવેશ થયો બહા અલ દીન બાજનનાં લખાણોથી. તે પછી અલી ગામધની અને ખૂબ મોહમ્મદ ચિશ્તીનાં લખાણો વડે ઉર્દૂનો પ્રચાર ચાલુ રહ્યો. 'બહરામ મૂર અને હુશ્ન બાનૂ' નામની એકમાત્ર બિનસાંપ્રદાયિક કવિતા ગુજરાતમાં લખાયેલી.

દક્ષિણમાં ઉર્દૂનો વિકાસ સંગઠિત પ્રક્રિયાનું પરિણામ ગણી શકાય. સ્વતંત્ર મુસ્લિમ રાજ્યોની (જે મુખ્યત્વે ઉત્તરના આક્રમણકારોના વારસદાર હતા અને ઉર્દૂને દક્ષિણમાં લાવ્યા હતા) સ્થાપનાને કારણે ઉર્દૂના વિકાસને પ્રોત્સાહન મળ્યું. દક્ષિણમાં ફારસીનું સ્થાન હિંદીએ લીધું. બહમની રાજ્યોમાં હિંદીને રાજભાષાનું સ્થાન પ્રાપ્ત થયું. મરાઠી, તેલુગુ, કન્નડ ભાષાઓવાળા મુસ્લિમ શાસકોવાળા વિસ્તારોમાં ઉર્દૂનો વિનિયોગ વિશેષ અનુકૂળ રહ્યો, મુસ્લિમ સંસ્કારોનાં મૂલ્યોના સંરક્ષણની દૃષ્ટિએ. ગોવલકોંડા અને બિજાપુર રાજ્યોની ઉદાર આશ્રયનીતિને કારણે ઉર્દૂએ સંસ્કૃત, મરાઠી અને તેલુગુમાંથી શબ્દો ઉછીના લીધા.

દરબારી ભાષા તરીકે ઉર્દૂને સ્થાન પ્રાપ્ત થયું અઢારમી સદીમાં. ૧૭૩૯માં ઈરાનના મુસ્લિમ રાજા નાદિરશાહે ભારત ઉપર ચડાઈ કરી અને ભારે કત્લેઆમ કરી. આથી ભાષાસહિત બધા મુસ્લિમ-ઈરાનીઓ સામે વિરોધ જાગ્યો. ફારસી સાહિત્યમાંના પ્રતિવાદને કારણે પણ ઉર્દૂની પ્રક્રિયા ગતિશીલ બની. જરૂર હતી શક્તિશાળી લેખકોની.

ઉર્દૂમાં સૌ પ્રથમ ઊર્મિકાવ્યો લખ્યાં હૈદરાબાદ શહેરના સ્થાપક અને ગોવલકોંડાના રાજા સુલતાન મુહમ્મદ કુલી કુત્બશાહે (ઈ. સ. ૧૫૮૧–૧૬૧૧). વર્તમાન ઉર્દૂ કવિતાનો આરંભ ગુજરાતના કવિ વલી (ઈ. સ. ૧૬૬૭–૧૭૪૧)થી આરંભાયો. ઉત્તરની નાજુક અને ચંચળ ભાષા સાથે દક્ષિણી અને ગુજરાતી રૂઢિપ્રયોગોનો વિનિયોગ થયો. ઉપરાંત મઝહર (ઈ. સ. ૧૬૯૯–૧૭૮૧), સૌદ (ઈ. સ. ૧૭૧૭–૧૭૮૦), સૂફી કવિ દર્દ (ઈ. સ. ૧૭૧૯–૧૭૮૫) અને મીર (ઈ. સ. ૧૭૨૪–૧૮૦૮) ઉર્દૂ કવિતાના સુપ્રસિદ્ધ કવિઓ હતા.

આમ, હિંદી અને ઉર્દૂ ભાષાઓ સમન્વયકારી ફાળો આપી રહી હતી. (જોકે, મૂળ ઉર્દૂ બોલચાલની ભાષા હતી તે લખાતી થઈ ત્યારે દેવનાગરી અને ફારસી બંને લિપિમાં લખાતી હોવા છતાં ભાષા તરીકે એકરૂપ હતી.)

બંને ભાષાના આવા વિકાસ દરમિયાન, હિંદુ લેખકોએ હિંદીને સંસ્કૃતપ્રચુર રૂપ આપ્યું, તો મુસ્લિમ લેખકોએ ઉર્દૂને અરબી-ફારસીના ભારણવાળી બનાવી દીધી. પરિણામે હિંદી અને ઉર્દૂએ સમાન રૂપ ધારણ કર્યું હતું અને જે હિંદી-હિંદુસ્તાની-હિંદવી-ઉર્દૂ જેવા વિવિધ નામે, પરંતુ સમાન રૂપે, પ્રચલિત બની હતી તેને બદલે હિંદી અને ઉર્દૂ વચ્ચે જ વૈમનસ્ય જામ્યું અને જતે દિવસે હિંદી એ હિંદુઓની અને ઉર્દૂ એ મુસ્લિમોની ભાષા એવા ગલત – કૃત્રિમ ભાગલા પડયા.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં હિંદી-ઉર્દૂ વિવાદની આવી તીવ્રતાને કારણે ઉર્દૂમાં લખતા કેટલાક હિંદુઓએ હિંદીમાં લખવું શરૂ કર્યું. હિંદુ બૌદ્ધિકોના મુખ્ય પ્રવાહે ઉર્દૂને સ્થાને હિંદી અથવા સંસ્કૃત અથવા પ્રદેશભાષા અભિવ્યક્તિના માધ્યમ તરીકે પસંદ કરી. જ્યારે કેટલાક હિંદુઓએ માતૃભાષા તરીકે અથવા અભિવ્યક્તિની ભાષા તરીકે ઉર્દૂનો સ્વીકાર કર્યો. કેટલાકે તો હિંદુ ધર્મગ્રંથો, હિંદુ સાહિત્ય અને વિજ્ઞાનને ઉર્દૂ ગદ્યમાં રૂપાંતરિત કર્યું. ભગવદ્‌ગીતાનો ત્રણ વાર ઉર્દૂ અનુવાદ થયો, ભર્તૃહરિનો બે વાર, વેદોનો એક વાર. ઉર્દૂ સાહિત્યના વિકાસમાં હિંદુ સહયોગમાં મુખ્યત્વે કાયસ્થ ખતરી અને કાશ્મીરી બ્રાહ્મણોએ વિશેષ ફાળો નોંધાવ્યો હતો.

### લલિત કળાઓમાં પ્રદાન

સાહિત્ય જેમ સમાજના આઘાત-પ્રત્યાઘાતને પ્રતિબિંબિત કરે છે તેમ લલિત કલાઓ પણ સમાજનાં રસ-રુચિ અને સમૃદ્ધિને અભિવ્યક્ત કરે છે. સાહિત્ય દ્વારા જેમ સમન્વયમાં પ્રોત્સાહન મળે છે તેમ લલિત કલાના વિનિયોગથી પણ સમન્વયની પ્રક્રિયાને વેગ મળે છે. આગંતુક મુસ્લિમ શાસકો પોતાની સાથે કારીગરો કે કલાવિદો લઈને આવ્યા ન હતા. આ માટે એમને સ્થાનિક સહયોગ ઉપર આધાર રાખવો પડે એ સ્વાભાવિક હતું, જે સહજભાવે મળી ગયો.

ભારત-આગમન પૂર્વે મુસ્લિમ પ્રજાઓએ સ્થાપત્યની સરસ શૈલી વિકસાવી હતી, જેમાં તેમણે પશ્ચિમ અને મધ્ય એશિયા તથા ઉત્તર આફ્રિકા અને દક્ષિણ-પશ્ચિમ યુરોપની કલાશૈલીનાં લક્ષણો અપનાવ્યાં હતાં. ભારતમાં મુસ્લિમો આવ્યા તો તેમને સ્થાનિક શૈલીના વિવિધ રંગો અનુભવવા મળ્યા. એમણે જોયું કે હિંદી કલાશૈલી પણ સક્ષમ અને સુંદર છે. આથી બંનેના સમન્વયની ભૂમિકા સર્જાઈ. કેટલાંક કારણોસર એ સમન્વયે ગતિ પકડી : આગંતુક મુસ્લિમો પાસે લશ્કરી અને વહીવટી નિષ્ણાતો હતા, પણ કલાવિદો ન હતા. સત્તાની સ્થાપનાને લીધે વહીવટ કરવા, ધર્મપ્રચાર કરવા અને નિવાસ માટે મકાનોની જરૂર ઊભી હતી. પરિણામે, સ્થાનિક કલાકારોનો સહયોગ અનિવાર્ય જણાયો. આથી મુસ્લિમ આક્રમણકારોએ આરંભથી ભારતીય સ્થપતિઓને પ્લાન, રચના, બાંધકામ માટે નોકરીએ રાખ્યા. સ્વાભાવિક રીતે જ બંધાવનારાની જરૂરિયાત અને બાંધનારની આવડતનો સમન્વય શરૂ થયો. બંધાવનારાનાં રસ, રુચિ, દૃષ્ટિકોણ, અભિગમને ધ્યાનમાં રાખી બાંધનારાઓએ પોતાની શૈલીનો વિનિયોગ કર્યો. દા. ત. સઘનતા (સૉલિડિટી) અને લાવણ્ય (ગ્રેસ) હિંદુ લક્ષણો તો કમાન, ઘુમ્મટ, મિનારા, ભૌમિતિક આકૃતિઓ મુસ્લિમ લક્ષણો. હિંદુઓની રૂપકર સમૃદ્ધિયુક્ત (પ્લાસ્ટિક એક્ઝ્યુબરન્સ) શૈલી સાથે ઈસ્લામી સાદાઈનો સમન્વય થયો.

* આરંભમાં મુસ્લિમોની આવશ્યકતાને કારણે જે સ્થાપત્યો રચાયાં તેમાં ભારતીય અસર વિશેષ રહી; તો લાંબા વસવાટને કારણે સંપર્કમાંથી હિંદુ સ્થાપત્યો મુસ્લિમ અસરવાળાં બંધાવા લાગ્યાં.

મુસ્લિમોને સહુ પ્રથમ વિશેષ જરૂર પડી ધર્મગૃહોની. સાદાઈ, ભવ્યતા, મોકળાશ, ઉદાત્તતા, વિશુદ્ધતાના વાતાવરણને પોષક મકાનો એ મુસ્લિમની જરૂરિયાત. આ લાગણી મસ્જિદોમાં અભિવ્યક્ત થયેલી જણાય છે. અણીદાર કમાન, વિશાળ ઘુમ્મટ, ઊંચા મિનારા, મોટા દરવાજા, સ્તંભાવલિયુક્ત પ્રાર્થના ખંડ, શિલ્પોનો અભાવ, ઓછામાં ઓછાં આકાર-આકૃતિ છતાં બાહ્ય સપાટી ઉપર અરબી પદ્ધતિનાં અલંકરણો, ભૌમિતિક આકૃતિઓ, સુલેખનયુક્ત લખાણો, વ્યવસ્થિત પ્રમાણયુક્ત ટાઈલ્સથી શોભતો બહારનો વિસ્તાર —આ બધું ધર્મપરાયણ મુસ્લિમ આત્માની ઈચ્છાઓ અને ઝંખનાઓને પરિપૂર્ણ કરે છે, તો તે સાથે હિંદુ સ્થપતિઓની કલાને અભિવ્યક્ત કરે છે.

આમ, ભારતમાં બે તદ્દન ભિન્ન સંસ્કાર પરિપાટીના સંયોજનમાંથી એક અભિનવ પ્રવાહનો કલા-ક્ષેત્રે આરંભ થયો, જેમાં પરસ્પરની પ્રમાણસરની અસર ઊપસેલી જોઈ શકાય છે. મુસ્લિમ સ્થાપત્યો નથી સંપૂર્ણ ઈરાની ઢબનાં કે નથી સંપૂર્ણ મધ્ય એશિયાઈ પ્રકારનાં કે નથી સંપૂર્ણ ઈજિપ્તશાહી સ્વરૂપનાં કે નથી સંપૂર્ણ ભારતીય શૈલીનાં. તેવી રીતે આ સમયનાં હિંદુ મકાનો કે મંદિરો પણ પૂરેપૂરાં સ્વદેશી પરંપરાનાં ન હતાં.

* એકંદરે, ભારતમાંનાં આ કાલનાં હિંદુમુસ્લિમ સ્થાપત્યોમાં એની કારીગરી, અલંકરણોની પ્રચુરતા અને સામાન્ય આયોજન હિંદુ પદ્ધતિનાં રહ્યાં; તો એનાં કમાનદાર સ્વરૂપ, સાદા ઘુમ્મટ, સુંવાળી ભીંતો અને વિશાળ પ્રાર્થના ખંડ મુસ્લિમ અસરનું સૂચન કરે છે. તેરમી સદી પછી બંધાયેલાં હિંદુમુસ્લિમ સ્થાપત્યોની કલાત્મક ગુણવત્તા એકસરખી રહેવા પામી. જોકે જરૂરિયાત અને ઉપયોગના હેતુ અનુસાર ભિન્નતા ઉમેરાઈ અને સ્થાનિક પરંપરા કે પ્રાદેશિક લાક્ષણિકતા પ્રમાણે શૈલી પણ વિવિધ રહી.

અકબરના ઉદાર શાસન દરમિયાન હિંદુમુસ્લિમ સંસ્કારોના સંયોજન ઉપર વિશેષ ભાર મુકાયો. ફતેહપુર સિક્રી એવા સમન્વયનું શ્રેષ્ઠ ઉદાહરણ ગણી શકાય. 'પંચમહલ' એ તો અલ્લાહ-ઉપનિષદનો કલાત્મક અનુવાદ ગણાય છે.

વૃંદાવનનાં ત્રણ મંદિરો અને ગોવર્ધનનું એક મંદિર અકબરના સમયમાં એના પ્રોત્સાહનથી બંધાયાં હતાં. અકબરના સેનાપતિ અને સૂબા રાજા માનસિંહ કચવાએ ઈ. સ. ૧૫૯૦માં વૃંદાવનમાં ગોવિંદદેવનું મંદિર બંધાવ્યું હતું. આ મંદિરની રચના પૂરેપૂરી ઈસ્લામી સ્વરૂપની : તલમાન સ્વસ્તિકાકાર, પ્રવેશખંડ ઘુમ્મટથી

રક્ષિત અને દેવળનો મધ્યભાગ સરખી લંબાઈ-પહોળાઈના. વૃંદાવનનું જુગલકિશોરનું મંદિર ઈ. સ. ૧૬૨૭માં બંધાયું હતું. તેની સાદી ભીંતો, શણગાર વિનાનો શંકુ આકારનો મિનારો, કમાનયુક્ત ગોખલા અને શિલ્પોનો અભાવ સ્પષ્ક દર્શાવે છે કે ઈસ્લામી સૌંદર્યલક્ષી અસરનું એ દ્યોતક ઉદાહરણ છે. મદનમોહનનું મંદિર અને ગોપીનાથનું મંદિર પણ ઈસ્લામી અસર સૂચવે છે.

સોળમી-સત્તારમી સદીના સોનગઢ(બુંદેલખંડ)નાં જૈન મંદિરો, પદ્ધતિની ભિન્નતા છતાંય, મુસ્લિમ અસર સૂચવે છે : શણગાર વિનાનું શિખર, અગાશી પરની હવેલી, ઘુમ્મટો, કમાનદાર દરવાજો અને શિલ્પોનો અભાવ. વરાડમાં આવેલા ગાવલીગઢનાં મુક્તાગિરિનાં મંદિરો સોનગઢની જેમ ઘુમ્મટાકારનાં મુસ્લિમ અસરયુક્ત છે.

મદ્રાસના હિંદુ રાજાઓનાં વહીવટી મકાનો, વિજયનગરના રાજમહેલો, ચંદ્રગિરિ, મદુરા અને તાંજોરનાં મકાનો પણ મુસ્લિમ સ્થાપત્યકલાની અસર સૂચવે છે.

મદુરાના તીરુમલાઈ નાયકનો સત્તરમી સદીનો રાજમહેલ હિંદુમુસ્લિમ પદ્ધતિનો સુંદર સમન્વયિત નમૂનો છે. આ રાજમહેલની રચનામાં વચ્ચે ખુલ્લો ચોક, ફરતે ખંડો અને કમાનને ટેકારૂપ સ્તંભોનો સમાવેશ થાય છે.

ઉત્તર ભારતમાં સત્તરમી સદીમાં રજપૂતાના, બુંદેલખંડ, અંબર, ઉદેપુર, બુંદી, દાંતિયા અને ઓરચામાંના હિંદુ શાસકોની હવેલીઓ મુસ્લિમ અસરનું સૂચન કરે છે. સમન્વયિત પ્રકારનાં આ મકાનો સનાતન સ્વરૂપ ધારણ કરતાં ગયાં જેથી અમુક સ્થાપત્ય મુસ્લિમ છે કે હિંદુ તે કહેવું મુશ્કેલ છે.

બંગાળનું મંદિર મુસ્લિમ શાસન દરમિયાન (ઈ. સ. ૧૭૦૪ અને ઈ. સ. ૧૭૨૨ વચ્ચે) બંધાયેલું પહેલું હિંદુ મકાન. તેમાં ગૌડ અને માલ્ડાની મસ્જિદોનું અનુકરણ છે. ચોરસ આકાર, ત્રણ માળ, શિખરયુક્ત પિરામિડ, શિલ્પનો અભાવ વગેરે મુસ્લિમ અસર સૂચવે છે.

ઓગણીસમી સદીનાં મકાનો, યાદગીરી પૂરતી ખાલી કબરો, મંદિરો — જે જામનગરની પશ્ચિમે બંધાયાં હોય કે કલકત્તાની પૂર્વે બંધાયાં હોય કે પંજાબમાં શીખોએ બંધાવ્યાં હોય કે મધ્ય ભારતમાં જૈનોએ બંધાવ્યાં હોય, તે બધાં જ હિંદુમુસ્લિમ સ્થાપત્યશૈલીની ઉત્તમ કૃતિઓ છે : દા. ત. બનારસનું વિશ્વેશ્વરનું મંદિર, અમૃતસરનું સુવર્ણમંદિર, ગ્વાલિયરનું સિંધિયા માતાએ બંધાવેલું મંદિર, કલકત્તાનાં બૌદ્ધ ચૈત્યગૃહો, જામનગરના રાવનો મહેલ, છત્રપુરના રાજાનો મહેલ, મહારાજા રણજિતસિંહની સમાધિ, લાહોરના રાજા રણજિતસિંહના રાજમહેલો, અલવરના મહારાજા બખ્તાવરસિંહ અને કોટાના મહારાજા ઉમેદસિંહની સમાધિ ઉદેપુરના સંગ્રામસિહ અને ભરતપુરના રાજા રણધીરસિંહની સમાધિ, અમદાવાદનું હઠીસિંગનું જૈન દેરાસર વગેરે.

સંસ્કાર સંયોજનની આ અસરકારક પ્રક્રિયાનું પ્રભાવી પરિણામ એ આવ્યું કે હિંદુઓ પણ 'કબરો' ('મહાસતી' અને 'છત્રીઓ') બાંધવા લાગ્યા અર્થાત્ દાટવાની ક્રિયા અને ઉપર ચણતરની વિભાવના સ્પષ્ટતઃ મુસ્લિમ અસર સૂચવે છે. તો શાહજહાંએ બંધાવેલો તાજમહાલ હિંદુ-મુસ્લિમ-ઈરાની શૈલીના સમન્વયનો અદ્‌ભુત નમૂનો છે, બલકે પથ્થરમાં કંડારેલું સૌજન્યપૂર્ણ સંયોજનનું શ્રેષ્ઠ કાવ્ય છે.

*

ઈસ્લામમાં મૂર્તિપૂજા અને મૂર્તિપ્રતિષ્ઠાનનો રિવાજ ન હોઈ શિલ્પકળાના વિકાસને પ્રસ્તુત સમય દરમિયાન ઝાઝી અનુકૂળતા સાંપડી નહીં; તેમ જ મસ્જિદો માનવ-પ્રાણી-દેવદેવીઓની આકૃતિઓ વિનાની હોઈ મૂર્તિવિધાનના ક્ષેત્રે સમન્વયની ક્રિયા સંભવી શકી નહીં. પરંતુ ચિત્રકલાના ક્ષેત્રે મુસ્લિમ શાસન દરમિયાન વિશેષ કરીને મોગલ સમ્રાટોના શાસન દરમિયાન આદાનપ્રદાનની પ્રક્રિયા પ્રાપ્ત થાય છે. ઈસ્લામના

આગમન પૂર્વે ભારતીય ચિત્રકળાનો ઈતિહાસ એટલે ભારતીય સ્થાપત્યનો ઈતિહાસ એવું સમીકરણ રજૂ થઈ શકે; કારણ કે ભારતીય સ્થાપત્ય સાથે ચિત્રની પ્રવૃત્તિ અનુસ્યૂત રહેતી; અર્થાત્ ચિત્રનું માધ્યમ પથ્થર હતું. મુસ્લિમોના આગમન પછી આ પ્રથા ચાલુ રહી અને તેનો મુસ્લિમોએ સ્વીકાર કર્યો; સાથે સાથે તેમણે કાગળનું માધ્યમ ચિત્રને આપ્યું. આથી ચિત્રકલાના વિકાસને વધુ જોમ અને વધુ મોકળાશ પ્રાપ્ત થઈ. ચિત્રકલાના ક્ષેત્રે મોગલો આશ્રયદાતા તરીકે દુનિયાને માટે જે સ્થાયી સૌંદર્યનો વારસો મૂકી ગયા તેને કારણે તો ચિત્રકલાને મોગલ-ચિત્રકલા કહેવાય. જોકે એની છાયામાં પ્રાદેશિક શૈલી વિકસી, જેમાં મહત્ત્વની રાજપૂત શૈલીઓ હતી. આમ, ચિત્રકલાએ ભિન્ન સંસ્કાર અભિગમવાળી પ્રજાઓને પરસ્પર વધુ નજીક લાવવામાં ઉમદા તક પૂરી પાડી.

ભારતીય ચિત્રકળા એટલે વિવિધ લાગણીઓની સંયોજિત અભિવ્યક્તિ. વિરોધી વલણોની સમતુલા પણ તે જાળવે છે. દા. ત. આનંદ અને ઉદ્વેગ, સુખ અને દુ:ખ, આશા અને નિરાશા વગેરે. ભારતીય સંસ્કાર વિશેષ ધાર્મિક ઓપવાળા અને ઓછા ભૌતિક અસરયુક્ત છે એમ કહી શકાય નહીં; પણ ધર્મ-ચિંતનનું અંતર્વસ્તુ અને સદ્‌ગુણો ભિન્ન હોઈને બાહ્ય દેખાવ આવો જણાય.

ચિત્રકલાના વિકાસનો આરંભ આમ તો બાબરથી થયેલો. એના દરબારમાં ચિત્રકારો હતા પરંતુ અલ્પશાસન અને રાજકીય રોકાણોને કારણે એ તરફ વિશેષ ધ્યાન એનાથી આપી શકાયું નહીં. હુમાયુંએ આ ક્ષેત્રે સારું પ્રદાન નોંધાવ્યું. એણે ચિત્રકારોને તૈયાર કર્યા અને ચિત્રશાળા સ્થાપી, જેને પરિણામે અમીર હમઝહની 'દાસ્તાન' બાર ગ્રંથોમાં સચિત્ર તૈયાર થઈ. ખ્વાજા અબદુલ સમદ અને મીર સૈયદ અલી જેવા પ્રખ્યાત ચિત્રકારોને હુમાયું ભારત લઈ આવ્યો હતો. આથી ફારસી (ઈરાની) શૈલીનું આગમન થયું. ભારતીય ચિત્રશૈલી સાથે એનું સંયોજન થતાં મોગલ ચિત્રકલા ઉદ્‌ભવી.

અકબરે એના ફતેહપુર સિક્રીના રાજમહેલોની ભીંતોને ચિત્રોથી શણગારી. બિકાનેર અને ઉદેપુરના મહારાજાઓએ પણ અકબરનું અનુકરણ કર્યું. આમ હિંદુ અને મુસ્લિમ શાસકોએ એકસાથે ચિત્રકલાને રાજ્યાશ્રય આપ્યો. 'આઈ-ને-અકબરી'માં ઘણા ચિત્રકારોનો નિર્દેશ જોવા મળે છે: દશવંત, બસાવન, કેશોલાલ, મુકુંદ, માધો, જગન્નાથ, મહેશ હરિબન્સ વગેરે. આ કલાકારો મુખાકૃતિ અને દૃષ્ટાંતચિત્રોમાં નિષ્ણાત હતા. અકબરના સમયથી સચિત્ર ગ્રંથો અને સચિત્ર હસ્તપ્રતો વિશેષ પ્રમાણમાં પ્રાપ્ત થવા લાગ્યાં.

અકબરી પરંપરા જહાંગીરે ચાલુ રાખી. ચિત્રકલા વિશે એનાં રુચિ, અભ્યાસ, દિલચસ્પી અદ્‌ભુત હતાં. એના સમયમાં ભારતીય કલાકારોએ ચિત્રોની હૂબહૂ નકલ કરવાની ઉસ્તાદી વિકસાવી. ટૉમસ રોએ સવારે આપેલાં ચિત્રોની નકલો સાંજે તૈયાર થઈ હતી. કળા એટલી તો હસ્તગત કે અસલ અને નકલનો ભેદ પારખવો મુશ્કેલ.

શાહજહાંના સમયમાં ચિત્રકલાની પ્રવૃત્તિ ચાલુ રહી પણ દરબારી કલાકારોની સંખ્યા ઘટી; કેમ કે શાહજહાંને સ્થાપત્યનો શોખ વિશેષ હતો. દારા શિકોહ ચિત્રકલાનો આશ્રયદાતા હતો. કાશ્મીરના સૂબા ઝફરખાને ઘણા ચિતારાઓને આશ્રય આપેલો.

આમ, મોગલ સમ્રાટોના અમલ દરમિયાન ભિન્ન શૈલીઓ પરસ્પર નજીક આવી, અરસપરસ અસર પ્રવર્તાવી; અંતે એમાંથી અભિનવ શૈલીનું નિર્માણ થયું. અજંટાની રૂપક્ષમતા ઉપર સમરૂપતા, સપ્રમાણતા અને અંતરો(સ્પેસિંગ)નાં તત્ત્વો(સમરકંદ અને હેરાતનાં)એ અસર કરી. આથી ઉભય શૈલીની કેટલીક ગતિશીલતા જોખમાઈ, બરડપણું જરૂર પ્રવેશ્યું પણ રંગોની સમૃદ્ધિ અને રેખાઓની નજાકત આવ્યાં.

## સંગીત

સ્થાપત્ય અને ચિત્રની સરખામણીએ સંગીતે સમન્વયની અદ્વિતીય ભૂમિકા રચી. પ્રથમ બે કલાઓ વિશેષ ખર્ચાળ છે, જ્યારે સંગીત પ્રમાણમાં ઓછું ખર્ચાળ હોઈ સમગ્ર પ્રજા માટે એનો ઉપયોગ કે સમૂહ-ઉપભોગ શક્ય બન્યો. સંગીતનું માધ્યમ ઊંચ-નીચ, ધનિક-અકિંચન સહુ માટે એકસરખું. ભારતમાં પૈસા-પાત્રો અને અકિંચન બંને સંગીતના શોખીન. સંગીતની તો આ ભૂમિ. સાંસ્કૃતિક વાતાવરણ સંગીતમય. પરંતુ મુસ્લિમ આગંતુકો સંગીતકલાથી અનભિજ્ઞ. આથી સંગીતક્ષેત્રના સમન્વયનું મહત્ત્વ વિશેષ ગણાય. આ ક્ષેત્રે મૌલિક ઉપયોગ કર્યો અમીર ખુસરોએ. ફારસી અને ભારતીય સૂરનું સંયોજન કરી ભારતીય સંગીતને સમૃદ્ધ કરનાર સૌ પ્રથમ ભારતીય-મુસ્લિમ અમીર ખુસરો હતો. ધ્રુપદને સ્થાને ખ્યાલ-સંગીતને આકાર આપવાનું માન એને ફાળે જાય છે. કવ્વાલી પણ એનું પ્રદાન ગણાય છે. અમીર અને તાનસેને સ્વરાવલીઓ (મૅલોડીઝ) દ્વારા પ્રજાકીય સંગીતનો પાયો નાખ્યો. ભારતીય વીણા અને ઈરાની તંબૂરાના સંયોજનથી શોધેલી સિતાર અમીર ખુસરોનું અદ્ભુત પ્રદાન છે. મૃદંગને તબલાનું રૂપ પણ એણે આપ્યું. આમ, અમીર ખુસરોએ સામાજિક સામંજસ્ય અને રાષ્ટ્રીય એકતા માટે સંગીતનો સુંદર વિનિયોગ કર્યો.

તાનસેન અકબરના સમયનો શ્રેષ્ઠ સંગીતકાર હતો. ભારતીય સંગીતમાં અમીર ખુસરોએ આરંભેલું કાર્ય તાનસેને પૂર્ણ કર્યું. ઈરાની અને ભારતીય શૈલીની એકતાના નિર્માણમાં એને સફળતા મળી.

આમ તો, અરબોના આગમન પછી 'ખ્યાલ-સંગીત' વિકસવા લાગ્યું પણ એનો ભાવ કૃષ્ણ-ગોપીના સાયુજ્યમાં જોઈ શકાય છે.

લગભગ બધા મોગલ સમ્રાટો સંગીતના શોખીન હતા. આથી સંગીતને એમણે ઉદારતાથી આશ્રય આપ્યો. અકબર પોતે સંગીતજ્ઞ હોઈ આ દિશામાં એનું પ્રદાન દિશાસૂચક રહ્યું. અબુલ ફઝલે ચાળીસ જેટલા સંગીતકારોનાં નામ નોંધ્યાં છે. ગ્વાલિયર, કાશ્મીર, માળવા અને ઈરાનથી ગવૈયાઓ અકબરના દરબારમાં આવતા હતા. તેના દરબારમાં 'ધ્રુપદ'ની પરંપરાનું ખેડાણ વિશેષ થયું. 'બિલાસતોડી'ના સર્જક બિલાસખાને પણ ધ્રુપદની પરંપરા ચાલુ રાખી હતી. ઔરંગઝેબે પોતે સંગીતનો અભ્યાસ કર્યો હતો પણ એના ધાર્મિક સ્વભાવે એ બંધ કરાવ્યો.

મોગલ સામ્રાજ્યના અસ્ત પછી પ્રાંતોમાં સંગીતને ઉત્તેજન મળવા લાગ્યું. પણ શાહી આશ્રય ઓછો થતાં શાસ્ત્રીય સંગીતની બોલબાલા ઘટી અને લોકરંજન રૂપે સંગીત વ્યાપક બન્યું. લખનૌ આગળ પડતું કેન્દ્ર બન્યું. ગઝલ, ઠુમરી, દાદરા વગેરે હિંદુસ્તાની સંગીતની આગવી ભાત ગણી શકાય. એકંદરે, બે પ્રજાઓ અને બે માનસોનું એ પ્રતિનિધિત્વ કરે છે.

*

આ ઉપરાંત ખાનપાન, રહેણીકરણી, પહેરવેશ, રીતરિવાજોના સંદર્ભમાં સમન્વયનાં સંખ્યાબંધ પ્રમાણો ઉપલબ્ધ છે.

ઉપર્યુક્ત વિવરણથી સ્પષ્ટ થાય છે કે હિંદુ અને મુસ્લિમ બંને પ્રજાઓ સમન્વયિત એવી ભારતીય સંસ્કૃતિના નિર્માણની પ્રક્રિયામાં ઠીક ઠીક આગળ વધી રહી હતી. પરિણામે, ભારતીય મુસ્લિમ જગતના અન્ય મુસ્લિમથી ઘણી બધી રીતે જુદો તરી આવતો હતો. પરંતુ સર્વાંગી સમન્વયની ઈષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થઈ શકી નહીં.

# ૧૫ : ઔરંગઝેબ પછી : મુસ્લિમ માનસ અને સમસ્યા

ઔરંગઝેબના અવસાન પછી ફરી પાછું ભારત છિન્ન અવસ્થામાં ફેંકાઈ ગયું હતું. જેમતેમ તાબામાં રાખેલા સામંતી સૂબાઓ હવે વશ રહે એમ ન હતા. ઘણા બધા તો સ્વતંત્ર બની ગયા હતા. બીજી બાજુ, ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ બંગાળમાં પોતાનું શાસન સ્થાપી દીધું હતું અને જાટો તથા મરાઠાઓએ માથું ઊંચક્યું હતું. આવી સ્થિતિમાં ઈ. સ. ૧૭૩૯માં નાદિરશાહે ઉત્તર ભારત અને દિલ્હી પર ચડાઈ કરી ત્યારે કેન્દ્ર સત્તા કેટલી બધી નિર્બળ બની ગઈ છે એ ખુલ્લું થયું.

આવી ગૂંચવાયેલી સ્થિતિમાં શાહ વલીઉલ્લા દહેલવી(ઈ. સ. ૧૭૦૩–૧૭૬૩)એ ધાર્મિક સુધારણા ઉપર ઝોક આપ્યો. એ વિખ્યાત ધર્મપુરુષ શાહ અબ્દુર રહીમનો દીકરો હતો. ધર્મશાસ્ત્રોના અઠંગ અભ્યાસી તરીકે એણેય નામના મેળવી હતી. એણે કુરાનનું ફારસીમાં ભાષાંતર કર્યું, આથી કટ્ટર જુનવાણી ઉલેમાઓનો એણે ખોફ વહોરી લીધો હતો — તે તરજુમાના અર્થઘટન બાબત ભારે ઊહાપોહ જગાવીને એને ખાસો હેરાન કરવામાં આવ્યો હતો.

આ સમયે શાહ વલીઉલ્લાએ એ વિચ્છિન્ન બનેલી મુસ્લિમ શક્તિને નવેસરથી એકત્ર કરવા બીડું ઝડપ્યું. એનો ખ્યાલ એવો હતો કે રાજસત્તા, વહીવટ અને સૈન્યોમાં રોકાયેલા મુસ્લિમો ભાષા અને પંથના ભેદભાવોને કારણે આંતરિક વિખવાદના ભોગ બન્યા છે. તેમને ધર્મની ધરી ઉપર એકત્ર કરવા જરૂરી છે. તે એમ માનતો હતો કે લશ્કરમાં જે વ્યાપક અશિસ્ત અને સર્વસાધારણ મુસ્લિમોમાં ધર્મ અંગેની જે બેપરવાઈ જોવા મળે છે તે દૂર થાય તો જ પરિસ્થિતિમાં ઘણો ફેર પડે એમ છે. આવી શિસ્તની સ્થાપનાનો કોઈ બીજો ઉપાય ન જડતાં એણે હૈદરાબાદમાં નિઝામ રોહિલાના મુસ્લિમ રાજાને મરાઠા, શીખો અને પરદેશીઓના દબાણ સામે મોગલ સામ્રાજ્યને પડખે ઊભા રહેવા કહેણ મોકલ્યું. પરંતુ એમાં કશું ન ઊપજતાં તેણે મુસ્લિમ પંથો વચ્ચે ઐકય સાધી તેના પાયા પર નવી ઈમારત ચણવાનો ખ્યાલ સેવ્યો.

મુસ્લિમ સમાજને શક્તિશાળી બનાવવાનો ઉપાય વિચારતાં એને એવું સત્ય (!) લાધ્યું કે ઈસ્લામનું ભારતમાં જે નૈતિક પતન થયું છે તે તેના હિંદુ સમાજ સાથેના સંપર્કને કારણે ખાસ કરીને, વટલાયેલા હિંદુઓના કારણે. એના મત મુજબ :

મુસ્લિમો હિંદુસ્તાની બન્યા અને આંતરરાષ્ટ્રીય મુસ્લિમ દુનિયાથી અળગા પડી ગયા!

આવી માન્યતાને કારણે તેણે 'ભારતમાં ઈસ્લામ ભયમાં'નું સૂત્ર વહેતું મૂક્યું. તેના મતે, બધા જ ધર્મોનું પતન (!) મૂળ ધર્મમાં નવા નવા સુધારા-વધારા કરવાથી જ થયું હતું. દુનિયામાં મુસ્લિમ ધર્મ તેમાંથી ઘણે અંશે બચી ગયો હતો. પરંતુ, હિંદુસ્તાનમાં હિંદુઓના સંપર્કને લીધે ઈસ્લામમાં બિનમુસ્લિમ રિવાજો અને રીતભાતો પ્રવેશવાને કારણે તેનું પતન થઈ રહ્યું હતું. આમાંથી બચવા માટેનો ઉપાય એને એ સૂઝયો કે —

* હિંદુસ્તાનના મુસ્લિમોએ પોતાને ભારતીય સમાજના એક ભાગ તરીકે ગણવા ન જોઈએ. તેમણે એ ભૂલવું ન જોઈએ કે તેઓ એક વિસ્તૃત મુસ્લિમ વિશ્વના અંતર્ગત અંશ છે. માટે એમનો જીવંત સંબંધ એ બહારનાં કેન્દ્રો સાથે રહેવો જોઈએ; અને 'વિશ્વ-ઈસ્લામ'ની પરંપરાઓ પુનર્જીવિત કરવી જોઈએ.

*

# સમર્થ પેશવા રાજાઓ



બાજીરાવ પહેલો



બાજીરાવ બીજો




મહાન માધવરાવ



બાલાજી બાજીરાવ

ખંડ-૬




The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line

ભારતમાં હિંદુઓની વચ્ચે જિંદગી ગુજારનારા મુસ્લિમો માટે ભારતના રાષ્ટ્રીય પ્રવાહથી બહાર રહેવાનું શકય બનાવવા તેના મતે, એક જ કવચ હોઈ શકે; અને તે મુસ્લિમ રાજસત્તા ટકાવવી અને વધુ દૃઢ બનાવવી. પરંતુ કેવળ દિલ્હીની સલ્તનતને મજબૂત કર્યે કામ પતે નહીં. બલકે, તેના મતે દિલ્હી માટેની અંધ વફાદારીને કારણે મુસ્લિમોએ પહેલ કરવાની શક્તિ ગુમાવી દીધી હતી. માટે સાચો ઉપાય તો એ છે કે 'વિશ્વખિલાફત' પુન: સ્થાપિત કરવી, જે દુનિયાભરની મુસ્લિમ રાજસત્તાઓ ઉપર કાબૂ રાખે.

આવો વ્યૂહ અમલી બનાવવાના પ્રથમ પ્રયાસ રૂપે વળી તેમણે હૈદરાબાદ અને રોહિલાના મુસ્લિમ શાસકો પાસે ધા નાખી. પરંતુ આમાંથી એકેને આવો કશો વ્યૂહ ગળે ઊતર્યો નહીં. અંતે, અફઘાનના રાજા અહમદશાહ અબ્દાલીને ભારત પર ચડાઈ કરવા સમજાવવાનો એક જ રસ્તો વલીઉલ્લાએ રોહિલાના સુલતાનને લખી જણાવ્યો અને રોહિલા અફઘાનની મદદે ઊભું રહે એવું સૂચવ્યું.

વલીઉલ્લાએ, આ ઉપરાંત, પોતે સીધા પત્રો અફઘાન શાસકને પાઠવ્યા હતા.

## ઇસ્લામ ખતરામાં

**[વલીઉલ્લાના અફઘાન રાજા અહમદશાહ અબ્દાલી ઉપરના એક પત્રમાંથી]**

"આજે મુસ્લિમ શાસકોમાં એવું કોઈ દૂરદર્શી અને રણનીતિમાં અનુભવી નથી કે જે સત્તા અને અધિકારપૂર્વક આગળ આવી શકે, નાસ્તિક અને દુશ્મનબળોને કચડી નાખી શકે. નક્કી, તમારા ઉપર એ ફરજ આવી પડી છે. તમે હિંદુસ્તાન ઉપર કૂચ લઈ આવો અને મરાઠા પ્રભુત્વને વિચ્છિન્ન કરી બિનમુસ્લિમોના સકંજામાંથી મુસ્લિમોને મુક્ત કરો. જો કાફરોનું પ્રભુત્વ ચાલુ જ રહેશે તો પરિણામે આ મુસ્લિમ રાષ્ટ્ર ઈસ્લામને તરછોડશે અને મુસ્લિમો માટે એવા સંજોગો ઊભા થશે કે તેમને માટે ઈસ્લામ અને બિનઈસ્લામ એવા ભેદો પાડવાનું શકય નહીં રહે. આ એક મહાન આફત હશે. તમારા સિવાય આ આફતને ટાળી શકે એવું બીજું કોઈ નથી.

"અમે તમને ખુદાને નામે અરજ ગુજારીએ છીએ કે તમે તમારું ધ્યાન આ તરફ વાળો અને જેહાદ આરંભી દઈ નાસ્તિકોના હાથમાંથી મુસ્લિમોને બચાવી લીધાનો યશ હાંસલ કરો. હા, નાદિરશાહે હિંદુસ્તાન પર ચડાઈ કરી હતી (ઈ. સ. ૧૭૩૯) પરંતુ એણે મુસ્લિમોનો નાશ કરીને મરાઠા તથા જાટોને સલામત રહેવા દીધા હતા! એવી ચડાઈનું પુનરાવર્તન તો ન જ થવું જોઈએ. મને ભય છે કે જો મુસ્લિમો વધુ કમજોર બનશે તો એક દિવસ એવો આવશે જ્યારે ઈસ્લામનું નામનિશાન નહીં રહે."

વલીઉલ્લાએ એક બાજુ આ પત્ર લખ્યો, બીજી બાજુ મુસ્લિમ ઉમરાવો તથા રોહિલાના સુલતાનને પત્રો લખ્યા. ઉપરાંત પોતાના શિષ્યો દ્વારા મુસ્લિમોમાં સંદેશો પહોંચાડયો કે અફઘાન સુલતાન આવે ત્યારે તેને સત્કારવા સૌ મુસ્લિમો તૈયાર રહે.

હકીકતે, અફઘાનનો સુલતાન અબ્દાલી ચડાઈ લઈ આવ્યો જ. રોહિલાના નજીબ-ઉદ્-દૌલાએ આગળ પડી પૂરી સહાય આપી. ઈ. સ. ૧૭૬૧માં પાણીપતના યુદ્ધમાં અબ્દાલીનો વિજય થયો. પરંતુ એય એક રીતે નાદિરશાહના પગલે જ ચાલ્યો : આવ્યો, જીત્યો ને લૂંટ સાથે પાછો ફર્યો.

આ ઘટના પછી પારાવાર હતાશ બનેલા વલીઉલ્લાનું બીજે વરસે અવસાન થયું. આ પછીનાં ચાર વર્ષમાં (ઈ. સ. ૧૭૬૬ સુધીમાં) ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ મોગલ સામ્રાજ્યનો પૂર્વ પ્રદેશ કબજે કર્યો. એની મદદથી ઔંધે રોહિલાને પરાજય આપ્યો.

બીજી બાજુ, ઈ. સ. ૧૭૮૨માં મરાઠાઓએ દિલ્હી પર વિજય મેળવ્યો. પરંતુ ત્યાર બાદ દિલ્હીની ગાદીએ છેલ્લો મોગલ બાદશાહ હોવા છતાં સાચી સત્તા તો ઈસ્ટ ઈન્ડિયા કંપનીના હાથમાં આવી પડી.

આમ, એક બાજુ ઈસ્લામી શાસન (નામનું) હતું : બીજી બાજુ વિદેશી વિધર્મી અંગ્રેજનું શાસન લદાઈ રહ્યું હતું.

સમસ્યા બહુ કૂટ હતી. ભારતના મુસ્લિમોને સાચું ધાર્મિક માર્ગદર્શન આપવાની બાબતમાં મુસ્લિમ ધર્માધિકારીઓ અને સુધારકો ભારે વિમાસણ અનુભવતા દેખાય છે.

વલીઉલ્લાના પુત્ર શાહ અબ્દુલ અઝીઝે (ઈ. સ. ૧૭૪૬–૧૮૨૪) એક ફતવો કાઢયો કે હિંદુસ્તાન દર-અલ-હર્બ (બિન-મુસ્લિમ અપવિત્ર દેશ) છે. એ ફતવામાં એ એવાં રોદણાં રડયો હતો કે — આ દિલ્હી શહેરમાં મુસ્લિમ ઇમામની કશી સત્તા નથી. ખ્રિસ્તી આગેવાનોનું જ ચલણ છે. વહીવટ, કરવેરા, ખંડણી, જકાત, ગુનેગારોને સજા વગેરેમાં કાફરો (ખ્રિસ્તી)ના કાયદાનો અમલ ચાલે છે. મુસ્લિમોને નમાજ, ગૌહત્યા વગેરેની છૂટ છે એટલું જ. પરંતુ બીજી બાજુ મસ્જિદોનો નાશ કરવામાં આવે છે; એમના (ખ્રિસ્તીઓના) વસવાટોમાં બિન-ખ્રિસ્તીને પાસ વિના પ્રવેશવા દેવામાં આવતા નથી. કલકત્તા, હૈદરાબાદ, રામપુર, લખનૌ વગેરે શહેરો ઉપર પણ સીધી કે આડકતરી રીતે એમનો જ કાબૂ છે.

* ટૂંકમાં, અબ્દુલ અઝીઝના મતે મોગલ સામ્રાજ્યના પતનના સમયે ભારતમાં 'કાફર હિંદુઓ'ની મુખ્ય વસ્તી હોઈને તે 'અપવિત્ર બિન-મુસ્લિમ દેશ' બન્યો હતો. ત્યાર બાદ કાફર ખ્રિસ્તીઓનું વર્ચસ વધતાં તે 'અપવિત્ર બિન-મુસ્લિમ દેશ' જ રહ્યો હતો. એટલે એની સામે મુસ્લિમોએ 'મુસ્લિમ ધાર્મિક રાજ્યસત્તાના પતનને ખાળવા 'દર-અલ-અમન'ની જેહાદ જગાવવી જોઈએ. ટૂંકમાં છેલ્લા નામ માત્રના મોગલ બાદશાહને બચાવવા જેહાદ જગાવવી જોઈએ. . . .'

બીજી બાજુ, શાહ ઈસ્માઈલ શહીદ(ઈ. સ. ૧૭૮૧–૧૮૩૧)ના લાંબા નિવેદન ઉપરથી એવું જણાય છે કે, ઉપર મુજબની દલીલ, તે સમયની સડેલી મુસ્લિમ સત્તા સામેની લડત લડવા ઇચ્છનારા અને નૈતિક વીરતા ધરાવનારાઓને નાસીપાસ કરનારી હતી. તેના કહેવાનો સાર હતો કે –

* જે સુલતાનને અલ્લાનો ભય નથી હોતો, એને માણસની શરમ નથી હોતી; જેને શરિયત (ધર્મશાસ્ત્ર) અને રિવાજ કશાની ગરજ નથી, એને હું 'આપખુદ' ગણું છું. આવા શાસકના અમલમાં અનીતિખોર, બેશરમ, શઠ અને ગાવા-બજાવનારાઓ દરબારમાં પોતાનું સ્થાન જમાવી બેસે છે. પ્રજાને લૂંટીને આવા લોકોનાં ખિસ્સાં તર કરવામાં આવે છે. ન્યાય જેવું કશું રહેતું નથી.

> આવા શાસકો(મુસ્લિમ)ની સત્તા એ તો મુસ્લિમ પ્રજા માટે શાપરૂપ છે. આથી આવા શાસકોથી શાણા અને સાચા માણસોએ દૂર રહેવું જોઈએ. આવા શાસકો પોતાને માટે સુલતાન, શાહ, મલિક, હુજુરઈ – અકદાસ કહેવડાવવા છતાં, બીજા એવો ઈલકાબ ધરાવે તો તેમને સજા કરે છે. અરે, આ લોકો તો પોતાને ખુદા અને પયગંબર તરીકે સુધ્ધાં ઓળખાવે છે.

આટલું બધું, ઉદ્દામ વિધાન કરી નાખ્યા પછી શાહ ઈસ્માઈલ 'વ્યવહાર'ની વાત કરે છે : આ પ્રકારના આપખુદ શાસકોમાં પણ બે પ્રકાર છે. એક : જેને ધર્મની થોડીકે લાગણી હોય છે ને જે થોડાંકે સારાં કામો કરતો હોય છે તે. હા, શરિયત અનુસાર તો એ નથી જ કરતો, પરંતુ એનો હેતુ ખુદાની રહેમ મેળવવાનો તો હોય છે. એક બાજુ એ વૈભવ ભોગવે છે, સંપત્તિ સંતાડી રાખે છે; બીજી બાજુ, એ સુંદર, ભવ્ય, સ્વચ્છ, સુઘડ મસ્જિદ બંધાવવા પૈસા ખર્ચે છે. ધન થકી એ અલ્લાની પૂજા કરવા ધારતો હોય છે. જોકે મસ્જિદની દૃષ્ટિએ તો આ ઉડાઉગીરી જ છે. છતાં, એ અલ્લાને નામે ખર્ચ કરતો હોઈ – 'જેમ વધારે ખર્ચ કરું તેમ એની વધારે ભક્તિ થશે', એવી સમજણથી કરતો હોઈ – ક્ષમ્ય છે. . . .

બીજા પ્રકારના 'આપખુદ'ને તો અલ્લાનો ભય જ નથી. એ શરિયતનો ઉપયોગ પણ ઈરાદાપૂર્વક પોતાની સત્તા, પોતાની કીર્તિ, પોતાનો દબદબો વધારવા માટે જ કરે છે. પહેલા પ્રકારને હૃદયમાં ભાવના છે,

એ માટે એ કંઈક મથે છે. આથી એ ધર્મની બાબતમાં નમ્ર છે. જોકે આવો શાસક ઠપકાને પાત્ર તો છે અને તેની આગળ સત્ય કહી નાખવું જોઈએ. પરંતુ એવાની સામે બંડ કરવા સુધી ન જવું જોઈએ, કેમ કે 'ઈમામ' (નેતા – નાયક – વડા) ઉપર આક્રમણ કરવાની સંમતિ શરિયતમાં નથી.

બીજા પ્રકારનો તો ઉદ્દંડ છે. એ તો શરિયત વિરોધી કાયદા બનાવે છે; એ પોતાની મનસ્વી રીતે સજાઓ ફરમાવે છે; શરિયત વિરોધી ખિતાબો ધરાવે છે અને ઉત્સવો – મિજબાનીઓ કરે છે.

આવો શાસક જાતજાતના ગ્રંથો લખાવે છે ને પોતાની નામના વધારાવે છે. દા. ત. 'આઈને અકબરી'; અથવા 'વસ્ત્રો માટે રેશમનો ઉપયોગ'. ટૂંકમાં શાસકની પોતાની નીતિ તે ધર્મ એવું વલણ તે રાખે છે. આવો શાસક ઈસ્લામી તો ન જ હોઈ શકે.

અહીં લેખકે અકબરના ધર્મવિચારો ઉપરાંત શિયા તથા ખારીજીઓ સામે તીર તાકયું છે. પરંતુ, હવે સવાલ અકબરનો નથી; મોગલ બાદશાહ શાહઆલમની બ્રિટિશ તાબેદારીનો છે. આ સમજીને 'ઉદ્દામ' ટીકાકાર ફેરવી તોળે છે –

> આપણે નિશ્ચિતપણે એમ નથી કહી શકતા કે આવા સુલતાનો કાફર બની ગયા છે. માટે, જે માણસ પોતાનાં કૃત્યો કાયદેસરનાં રાખવા માગે છે તેણે સુલતાન સામેના બંડમાં કે આક્રમણમાં પહેલ ન કરવી જોઈએ; પરંતુ જો કોઈ એવાં પગલાં ઉઠાવતો હોય તો એને ગુનાપાત્ર પણ ન ગણવો જોઈએ. 'ગેરરસ્તે ગયેલા' ઈમામ સામે બંડની મનાઈ છે; આથી કરીને આ બીજા પ્રકારના સુલતાનોનેય એક પ્રકારના ઈમામ જ ગણવા રહ્યા. (!)

એક બાજુથી તે મુસ્લિમ શાસકનો આવો બચાવ કરે છે; બીજી બાજુ, મુસ્લિમોમાં જ એવાઓની સામે પ્રવર્તતા રોષને લક્ષમાં લઈ ઉમેરે છે કે જેને ગેરકાનૂની સરકાર વારસામાં મળી હોય; અને આ જાણ્યા છતાં તે મૂળભૂત રીતે બદલવાની તાકાત કે હિંમત ન હોઈને તેને વળગી રહ્યો હોય તેવા 'મુકાલિદ' સુલ-તાન કોઈ 'બંડ' કરે તો તેનો તિરસ્કાર ન થઈ શકે, પરંતુ તે અસ્થાને લેખાય. હા, એવી ખાતરી હોય કે આવી સરકાર ઉથલાવી પાડયા પછી પવિત્ર ખિલાફત અથવા ન્યાયી રાજ્યની સ્થાપના થવાની છે તો, લોહિયાળ વિદ્રોહનો વાવટો ફરકાવીને નાસ્તિક તથા ગેરમાર્ગે વળેલા સુલતાનને સત્તાચ્યુત કરવાથી પ્રજાનું (મુસ્લિમ) કલ્યાણ થવાનું હોય તો, તેવું પગલું યોગ્ય છે. એમ ન હોય તો વિદ્રોહ કરવાથી સુલતાન અને પ્રજા બેઉને નુકસાન છે.

* એક વાત સ્પષ્ટ થાય છે કે ઉપરના ફતવા અનુસાર આપખુદ સુલતાનોના ત્રણે પ્રકારો સામે બંડ કરવાની સલાહ નથી. માત્ર શાસ્ત્રની વફાદારી જાહેર કરવા પૂરતી 'સંપૂર્ણ કાફિર' સામે બંડ કરવાની વાણી ઉચ્ચારી છે. . . .

ખેર, શબ્દો ગમે તે વપરાયા છતાં દેશની પરિસ્થિતિમાં જ્યારે મુસ્લિમ – મોગલ સત્તા નામની જ બની રહી હતી ત્યારે કેવળ અંધાધૂંધી જન્માવવાનું કામ આ ફતવાએ કર્યું હતું.

મુખ્ય સમસ્યા હિંદુઓની બહુમતી, શીખોની વધતી તાકાત અને અંતે, અંગ્રેજના હાથમાં શાસનનો સાચો દોર ચાલ્યો જતો હતો તે વાસ્તવિકતામાં કેવું વલણ ધરાવવું એ હતી. શાહ ઈસ્માઈલે સૈદ્ધાન્તિક જવાબ સૂચવ્યો તે સ્પષ્ટ હતો.

* હિંદુસ્તાન એકંદરે તો 'દર-અલ-હર્બ' છે; પરંતુ, આવા પ્રદેશમાં 'નાગરિક' તરીકે રહીને વિદ્રોહ કરી ન શકાય. હિંદુસ્તાનમાં જ કોઈક એવો પ્રદેશ શોધવો જોઈએ કે જે 'દર-અલ-અમન' (ધર્મયુક્ત શાંતિનો પ્રદેશ) હોય, ત્યાં હિજરત કરી જઈને તે સ્થળને 'જેહાદ' માટેનું થાણું બનાવી શકાય. એમને ઉત્તર-પશ્ચિમનો સરહદી પ્રદેશ એવો જણાયો હતો.

*

પરંતુ અંગ્રેજો પ્રત્યેના વલણ અંગે મુસ્લિમ ધર્મચુસ્તો અને સુધારકો વચ્ચે ખાસો એવો મતભેદ હતો. એકંદરે સમજ એવી હતી કે હિંદુઓ બહુદેવવાદી અને મૂર્તિપૂજક હોઈ હિંદુસ્તાન ને 'દર-અલ-હર્બ' કહેવો તે બરાબર છે; પરંતુ, ખ્રિસ્તીઓ કંઈ ધર્મદૃષ્ટિએ ઇસ્લામના દુશ્મન ન ગણાય. આથી એમને કારણે હિંદને દર અલ-હર્બ ગણવો એ અયોગ્ય છે. આથી એમની સાથે બંડ બગાવતનો ખ્યાલ આપોઆપ 'ગુનો' બની જાય છે. કેવળ રાજકીય ગુનો નહીં, ધર્મદૃષ્ટિએ 'પાપ' પણ. . . .

વધુમાં કેટલાક મુસ્લિમ સુધારકોની એવી પણ દલીલ હતી કે અંગ્રેજો મુસ્લિમ ધર્મના આચાર-વિચાર-વ્યવહારમાં કશી દખલ કરતા ન હોઈને હિંદુસ્તાન પોતે જ 'દર-અલ-અમન' (ધર્મશાંતિ કેન્દ્ર) છે; એટલું જ નહીં, બ્રિટિશ સરકાર દુશ્મન ન હોઈને સ્થાપિત થયેલી સરકાર હોઈ તેની સામે બંડ કે બેઅદબીનો ઝંડો ફરકાવવો એ પોતે જ (ધર્મદૃષ્ટિએ) કાનૂનભંગ છે. દા. ત. મૌલવી નઝીર અહમદના શબ્દોમાં : "અલ્લાહને તાબે થાઓ, પયગંબરને તાબે થાઓ, અને તમારામાંથી જે સત્તામાં બેઠા હોય એમને તાબે થાઓ. . . ."

આ ત્રીજી વાતમાં ખાસી તકલીફ હતી. અંગ્રેજો મુસ્લિમોમાંના એક ન હતા. પરંતુ તેનો લાંબોલચક બચાવ પણ કરવામાં આવ્યો : (૧) આજના જમાનામાં જે સ્થિતિ છે તેવી કોઈ પયગંબરના કે તે પછીના તરતના જમાનામાં હતી નહીં; કુરાન કે અન્ય ધર્મગ્રંથોમાં આજના હિંદુસ્તાની મુસ્લિમોને લાગુ પડે એવા આદેશો જોવા મળતા નથી; (૨) બ્રિટિશ સરકાર માટેની તાબેદારી એક હકીકત તરીકે સ્વીકારી લેવી જોઈએ. એ એવા એક કરાર ઉપર આધારિત છે કે તેના બદલામાં આપણને સલામતી અને શાંતિ મળી રહે; (૩) શરિયતના કાનૂનો એકસામટા લાગુ પડાતા ન હતા; એમાંના ઘણા તો વ્યવહારમાં અભરાઈએ ચડાવવામાં આવેલા હતા; (૪) રાજકર્તા માટેની તાબેદારી ફરમાવીને, હિંદુસ્તાની મુસ્લિમોને લાગેવળગે છે ત્યાં લગી તો, શરિયતે પોતે જ પોતાને નવી સ્થિતિમાં મૂકી દીધેલ છે; અને બ્રિટિશ સરકારના કાનૂનો હવે શરિયતના કાનૂનો બની જાય છે! (૫) બ્રિટિશ માટેની તાબેદારી હવે જરૂરિયાત બની ગયેલ છે; (૬) ખુદાએ પોતાની પ્રજા(મુસ્લિમ)ની કમજોરીઓ ધ્યાનમાં લઈને ગમે ત્યારે ઊભી થનારી તમામ પરિસ્થિતિઓ માટે કહી નાખ્યું છે કે "અલ્લા કોઈનાય ઉપર તે સહી શકે તેનાથી વધારે બોજો નાખતો નથી." અને છેવટે, (૭) જો મુસ્લિમો હિંદુસ્તાનને દર-અલ-હર્બ બની ગયેલો માનતા હોય, અને જો તેઓ લડત આપી શકતા ન હોય, તો તેમની ફરજ દેશ બહાર ચાલ્યા જવાની છે; પરંતુ કોઈ પણ મુસ્લિમ પંથે આવું પગલું જરૂરી લેખ્યું નથી. ઊલટું – 'તમે હિંદુસ્તાનના એક છેડાથી બીજા છેડા સુધી ફરો, તમને એવો મુસ્લિમ જોવા નહીં મળે જે તેના હૃદયના ઊંડાણથી બ્રિટિશ વહીવટને ચાહતો નહીં હોય.'

આ પછી નકરી વાસ્તવિકતાને ધ્યાનમાં લઈ શીખ રાજાઓ સામેની જેહાદમાં તેમણે અફઘાન અને પઠાણોની મદદની ગણતરી રાખી હતી. મદ્રેસામાં પુશ્તો ભાષા શીખવવાની ગોઠવણો પણ કરી હતી. શીખો સામેની જેહાદ માટે દેશભરમાંથી નાણાં એકઠાં કરવામાં આવ્યાં હતાં, અને તેમના બે આગેવાનો સૈયદ અહમદ અને શાહ ઇસ્માઈલ મક્કાના પ્રવાસે ઊપડ્યા હતા. આ દરમ્યાન ભાવિ ખલીફા તરીકે સૈયદ અહમદને તૈયાર કરવાનો પ્રયાસ પણ થઈ રહ્યો હતો. એની હાજરીમાં મુસ્લિમો પાસે પ્રતિજ્ઞાઓ લેવાઈ રહી હતી. × × × બંને આગેવાનોએ મક્કા પહોંચી તુર્કોનો ટેકો મેળવી લીધો હતો. ત્યાંના વહાબી આંદોલનનો સંપર્ક પણ સાધ્યો હતો.

સૈયદ અહમદ અને શાહ ઇસ્માઈલે ૧૮૨૬માં મક્કાથી પાછા આવી શીખો સામેની જેહાદ માટે સૈનિકોની ભરતીનું કામ ચાલુ રાખ્યું. દરમ્યાન મુસ્લિમોએ અપનાવેલા હિંદુ રીતરિવાજોનો સંપૂર્ણ ત્યાગ કરવાના ઉપદેશો અપાયા. પેશાવરમાં સૈયદ અહમદની 'ખલીફ' તરીકે સ્થાપના પણ થઈ ચૂકી.

બ્રિટિશો આ બધાથી વાકેફ હતા, શીખો સામેની આ જેહાદમાં તેમણે આડકતરો ટેકો મુસ્લિમોને આપ્યો. બ્રિટિશ હસ્તકના ગળીના બગીચાઓમાંના મુસ્લિમ કામદારોને ઇસ્લામી ફોજમાં ભરતી થવા રજા

આપી. શાહ ઈસ્માઈલ અને મૌલાના અબ્દુલ હયની સહાયમાં સૈયદ અહમદે ૮૦,૦૦૦ સૈનિકોની ફોજ ઊભી પણ કરી દીધી, જેમાં સ્થાનિક આદિવાસી ટોળીઓનો પણ સમાવેશ કર્યો હતો. આ પછી તો તેમણે કરવેરા ઉઘરાવવા માંડયા અને 'શુદ્ધ ઈસ્લામ'ના ધોરણે સામાજિક સુધારા અમલમાં મૂકવા માંડયા. પરંતુ પેશાવરના પઠાણોને તેમની માન્યતા મુજબની ઈસ્લામી વિધિઓ ફગાવી દેવાનું ફરમાવતાં તેમનો પ્રકોપ પ્રગટ થયો. એક વરસના ગાળામાં 'ખિલાફત' ડૂલ થઈ ગઈ.

બીજી બાજુ ૧૮૩૧માં શીખ રાજા રણજિતસિંહ સાથેની લડાઈમાં મુજાહિદોને નિર્ણાયક પરાજય સાંપડયો. તેમાં સૈયદ અહમદ અને શાહ ઈસ્માઈલ બંને મૃત્યુ પામ્યા. આ પછીય શીખો સામેની ચડવણી ચાલુ રહી, જેનો અંત છેક ૧૮૬૩–૬૪માં અંગ્રેજોએ આણ્યો.

*

આ દરમ્યાન બીજી બાજુ, દિલ્હીમાં શાહ અબ્દુલ અઝીઝનું અવસાન (ઈ. સ. ૧૮૨૪) થતાં તેના પૌત્ર મહમદ ઈશાકે 'વહાબી' આંદોલનનું સુકાન હાથમાં લીધું, 'આંતરિક સુધારા' કરવાનાં માઠાં પરિણામો જોયા પછી ઈશાક તુર્કીના મુસ્લિમ ઑટોમન સામ્રાજ્યનો સંપર્ક સાધવાના ઈરાદે જાતે મક્કાની હજે ઊપડી ગયો (ઈ. સ. ૧૮૪૧). જોકે પાછો ફરે એ પહેલાં ૧૮૪૬માં મક્કામાં જ તે અવસાન પામ્યો હતો.

બંગાળમાં 'ફરિદિયા' આંદોલન જાગ્યું. તેનો ઝોક મુસ્લિમ ખેતમજૂરો અને બગીચાઓના કામદારોને હિંદુ અને અંગ્રેજોના ત્રાસમાંથી બચાવીને ધાર્મિક હેતુ માટેની જેહાદમાં સામેલ કરવાનો હતો. ધર્મને નામે વર્ગવિગ્રહના રાહે સંઘર્ષ ઊભો કરવામાં આવ્યો પણ ખરો, અને હિંદુ તથા બ્રિટિશ જ નહીં મુસ્લિમ જમીનદારો અને બગીચાના માલિકો ઉપરેય હલ્લા કરવામાં આવ્યા. પરિણામ એ આવ્યું કે બંગાળના મુસ્લિમ જમીનદારોએ કેટલાક મૌલવીઓ અને ખ્રિસ્તી પાદરી – મિશનરીઓને સાધીને એવો ફતવો કઢાવ્યો કે હિંદુસ્તાન 'દર-અલ-હર્બ' (ઈસ્લામનો દુશ્મન દેશ) નથી પણ અગાઉની જેમ 'દર-અલ-ઈસ્લામ' (ઈસ્લામી દેશ) છે. આ પછીય ફરિદિયાઓએ ફરી ફરી બંડો ચાલુ રાખ્યાં (૧૮૩૧, ૧૮૩૪, ૧૮૪૧, ૧૮૪૪, ૧૮૪૬) પણ ફાવ્યા નહીં.

બિહારમાં પણ ઈસ્લામની શુદ્ધિ માટેનું આંદોલન શરૂ થયું હતું. તેની પાછળ પણ વલીઉલ્લા અને સૈયદ અહમદની પ્રેરણા હતી. શુદ્ધિના નામે મુસ્લિમ રાજ્યનું પતન કેમે કરી અટકાવવાની તેમનીય મુખ્ય નેમ હતી.

* ૧૮૫૭નો બળવો મુસ્લિમો માટે એક ખુદાઈ તક બની ગઈ. અનેક ધર્મગુરુઓ-આલિમો એમાં અગ્રેસર બની જોડાયા, અને છેલ્લા મોગલ બાદશાહ બહાદુરશાહ જફરને દિલ્હીની ગાદીએ બેસાડવા પ્રયાસો થયા. મુસ્લિમ ટુકડીઓએ ઈસ્લામની લીલી ઝંડી ઉપાડી બળવામાં ઝુકાવ્યું.

અંગ્રેજોએ માન્યું કે ૧૮૫૭ના બળવા પાછળ મુસ્લિમોની મુખ્ય કામગીરી હતી. તેઓ પહેલા ખલીફા અબુબકર (ઈ. સ. ૬૩૨)ના જમાનામાં હતા તેવા જ ઘમંડી, અસહિષ્ણુ, ક્રૂર રહ્યા છે. હમેશાં એમની નેમ કોઈ પણ ઉપાયે મુસ્લિમ સર્વોપરીતા સ્થાપવાની રહી છે. હમણાં તેઓ ખ્રિસ્તીદ્વેષ બહેકાવવા પાછળ પડયા છે. તેઓ કોઈ પણ બિન-મુસ્લિમ રાજ્યને સાંખી લેવા તૈયાર નહીં થાય. કુરાનનો આદેશ એમને એમ કરવા નહીં દે.

૧૮૫૭નો બળવો દાબી દીધા પછી બ્રિટિશોએ મુસ્લિમ જમીનદારોની જમીનો છીનવી લઈને, પોતાને મદદ કરનારા મુસ્લિમોને એ જમીનો બક્ષિસરૂપે આપી દઈને, તત્કાલ પૂરતો પોતાનો આધાર ઊભો કરી લીધો; અને ધીમે ધીમે કરતાં નવો જમીનદાર વર્ગ ઊભો કરી પોતાની સત્તાનો પાયો પાકો રચી લીધો.

# ૧૬ : આધુનિક યુગનો આરંભ : રાજકીય દૃષ્ટિએ

સાતમી સદીના આરંભમાં ઈસ્લામના ઉદ્ભવે અને આઠમી સદીના આરંભમાં અરબોના સિંધ પરના આક્રમણે તેરમીથી સત્તરમી સદી પર્યંતના ભારતીય ઈતિહાસને ઘાટ આપ્યો. અઢારમી સદીના આરંભમાં (ઈ. સ. ૧૭૦૭) ઔરંગઝેબનું અવસાન થતાં મોગલ સામ્રાજ્યનું પતન ઝડપથી થયું. આ પછીના ઈતિહાસને નિર્ણાયક રૂપ આપનારાં બે મુખ્ય બળો બહાર આવ્યાં : (૧) મરાઠા સત્તાનો તપતો સૂર્ય (ઈ. સ. ૧૭૩૭ સુધીમાં કેન્દ્રીય સત્તા), (૨) વિદેશી દરિયાઈ સત્તાઓનું ભારતમાં વર્ચસ. મરાઠા ઈતિહાસનું આલેખન આપણે જોઈ ગયા છીએ. બીજા મુખ્ય પરિબળ દરિયાઈ સત્તાનું વિહંગાવલોકન કરીએ.

વિદેશી દરિયાઈ સત્તાઓનું આગમન તો મોગલ સામ્રાજ્યના અભ્યુદય દરમિયાન થઈ ચૂક્યું હતું અને ભારતમાં એમની વેપારી પ્રવૃત્તિને ઉત્તેજન પણ મોગલ સમ્રાટોએ આપ્યું હતું. તેની પાર્શ્વભૂમિકામાં ભારતની દરિયાઈ સત્તાપ્રવૃત્તિનું નિરીક્ષણ કરતાં સર્વપ્રથમ ધ્યાન ખેંચનારી ઘટના એ છે કે દરિયાઈ પ્રભુત્વમાં ચોલ સામ્રાજ્યની બોલબાલા હતી. નિકોબાર અને મલય કાંઠાના પ્રદેશો ઉપર એમનું પ્રભુત્વ પ્રસ્થાપિત થયું હતું. પરંતુ શૈલેન્દ્ર રાજાઓ સાથેના શતવાર્ષિક યુદ્ધને પરિણામે ચોલ રાજ્યની પડતી થઈ અને તેરમી સદી દરમિયાન બંગાળના ઉપસાગરમાં શૈલેન્દ્ર રાજાઓનું દરિયાઈ સામ્રાજ્ય સ્થપાયું. જોકે જાવાના સામ્રાજ્યના ઉદય સાથે શૈલેન્દ્રની નૌકાસત્તાનો અસ્ત થયો. પંદરમી સદી દરમિયાન નૌકાદળની જવાબદારી આરબોના હાથમાં રહી. ત્યારે કાલીકટના ઝામોરીન અને ગુજરાતના સુલતાનોનો (ખાસ કરીને મહમૂદ બેગડાના સમયે) નૌકાકાફલો ગણનાપાત્ર હતો, જેને લીધે રાતા સમુદ્ર અને ઈરાની અખાત સુધીનો વેપાર વિસ્તારી શકાયો હતો. લશ્કરી દૃષ્ટિએ પણ કાલીકટ અને ગુજરાતનું નૌકાસૈન્ય મજબૂત હતું.

મોગલ સામ્રાજ્ય એના અભ્યુદય કાળમાં પણ દરિયાઈ સત્તા જમાવી શક્યું ન હતું; બલકે તેને એની ઉપયોગિતા સમજાઈ ન હતી. અકબર જેવા શક્તિમાન અને દીર્ઘદર્શી સમ્રાટને પણ દરિયાઈ સત્તાનું મહત્ત્વ સમજાયું ન હતું. એણે પહેલ પ્રથમ દરિયો જોયો ગુજરાત ઉપરના પ્રભુત્વ પછીની એની મુલાકાત દરમિયાન જોકે, શાહજહાંએ બંગાળમાં નૌકાસત્તા સ્થાપી હતી. ફિરંગીઓ સામે તેનો અસરકારક ઉપયોગ પણ તેણે કર્યો હતો. પરંતુ, મરાઠા છત્રપતિ શિવાજીને દરિયાઈ સત્તાનું મહત્ત્વ પહેલેથી સમજાયું હતું, અને એણે નૌકાદળને વિકસાવ્યું હતું. પેશવાના શાસન દરમિયાન મરાઠા નૌકાદળ કાનોજી આંગ્રેના હાથમાં હતું. કાનોજીએ સુવર્ણદુર્ગમાં મુખ્ય મથક સ્થાપી સત્તા જમાવી હતી. ૧૭૨૯માં કાનોજીના મૃત્યુ બાદ તેના પુત્રોએ કબજો જારી રાખ્યો હતો. અંતે ૧૭૫૫માં સુવર્ણદુર્ગ અંગ્રેજોના હાથમાં પડ્યો.

આ બધો સમય ભારતની દરિયાઈ સત્તા સ્થાનિક સ્વરૂપની હતી; દૂરના મધ્ય દરિયા ઉપરનું પ્રભુત્વ હતું જ નહીં. હકીકતે, ભારતીય રાજકારણની નીતિમાં દરિયાઈ સત્તા-પ્રભાવની સૂઝનો અભાવ હતો. પરંતુ, દરિયાઈ સત્તાની સર્વોપરીતા બે કારણોસર નિર્ણાયક હતી : (૧) વેપારને વિકસાવવા માટે અને તે દ્વારા દેશના અર્થતંત્રને સુદૃઢ કરવા માટે; (૨) રાજકીય દૃષ્ટિએ દરિયાઈ સત્તાનું પ્રભુત્વ પોતાની રાજકીય તાકાતને વધારવા માટે, ઈચ્છિત અસરને નિપજાવવા માટે. વળી સુવ્યવસ્થિત દરિયાઈ સત્તાના પ્રભુત્વ સામે ભૂમિ પરના સામ્રાજ્યને નભાવી શકાય નહીં એ ઈતિહાસસિદ્ધ હકીકત છે.

*

ભારતમાં વિદેશી દરિયાઈ સત્તા કેવી રીતે જામી અને અંતે અંગ્રેજો તેમાં નિર્ણાયક બળ તરીકે આગળ આવ્યા તે ઊડતી નજરે જોઈ લઈએ :

ભારતમાં વાસ્કો ડા ગામાના કાલીકટ બંદરે થયેલા આગમન(મે, ૧૪૯૮)ને કારણે નવા યુગના ઓળા જોવા પ્રાપ્ત થયા. આ બનાવે એક તરફ ભારત ઉપર વિદેશી દરિયાઈ સત્તાને પ્રભુત્વ સ્થાપવાનો માર્ગ મોકળો કરી આપ્યો, તો બીજી બાજુ એણે ભારતને વિશ્વરાજકારણની ભૂમિકાનો સંસ્પર્શ કરાવ્યો. પરિણામે, કાલીકટની સુદૃઢ દરિયાઈ સત્તા સાથે સંઘર્ષ શરૂ થયો. સફળતા પ્રાપ્ત ન થતાં કાલીકટ બંદરેથી ખસી ફિરંગીઓને કોચીન બંદરે ખસવું પડયું – અને સ્થિર થવું પડયું. કાલીકટ અને કોચીન વચ્ચે અણબનાવ હોઈ 'દુશ્મનનો દુશ્મન તે મિત્ર' એ ન્યાયે કોચીનમાં ફિરંગીઓને રાજકીય આશ્રય પ્રાપ્ત થયો. આથી જે દરિયાઈ યુદ્ધ લડાયું તે રાજકીય દૃષ્ટિએ નિર્ણાયક નીવડયું. ઈ. સ. ૧૫૦૪માં ઈજિપ્ત અને ગુજરાતના સુલતાનની સહાય વડે ફિરંગીઓએ ઝામોરીનને હરાવ્યો અને ફિરંગીઓએ દરિયાઈ સત્તામાં વિજય મેળવ્યો.

પ્રથમ ફિરંગી ગવર્નર આલ્ફોન્ઝો આલ્બુકર્ક(૧૫૧૦–૧૬)ના આગમન સાથે સંજોગોમાં ભૌતિક ફેરફાર નોંધાયા. એણે એવી વ્યવસ્થાનું નિર્માણ કર્યું કે મલાક્કા, ગોવા અને સોકોત્રાનાં કેવળ ત્રણ મથકો મારફતે ભારતીય સમુદ્ર ઉપર કાબૂ સ્થાપી શકાય. આલ્બુકર્કે પ્રથમ ગોવા જીત્યું. પછી મલાક્કા જીતી ભારતમાં પ્રવેશવાનો પૂર્વીય માર્ગ મોકળો કર્યો અને સોકોત્રા મેળવી રાતા સમુદ્ર સુધી દરિયાઈ સત્તા વિસ્તારી. આફ્રિકાના દરિયાકાંઠે તો ફિરંગીઓનું પ્રભુત્વ હતું. આથી પડકારી ન શકાય એવા પ્રકારનું વ્યાપારી સામ્રાજ્ય સ્થાપવાનું કાર્ય આલ્બુકર્કે આરંભ્યું. ગોવા ફિરંગી સત્તાનું મુખ્ય મથક બન્યું. એક સૈકા સુધી ભારતીય સમુદ્ર અને અન્ય સમુદ્રો ઉપર ફિરંગીઓની સત્તા પ્રવર્તી રહી. પરંતુ ફિરંગીઓ ભારતમાં રાજકીય વિસ્તાર કરી શકયા નહીં; એમણે અહીં વસાહત સ્થાપી અને ભારતીય વેપાર પૂરતું સામ્રાજ્ય સ્થાપ્યું એમ કહી શકાય. ફિરંગીઓના આગમન પૂર્વે કાલીકટ, સુરત અને ખંભાત ભારતનાં સમૃદ્ધ બજારો, બંદરો હતાં એ અહીં નોંધવું જોઈએ. એ સ્થાન હવે ગોવાને પ્રાપ્ત થયું. ફિરંગીઓ પૂર્વે દરિયાઈ વેપારનો ઈજારો અરબોના હાથમાં હતો. પરંતુ ભારતીય સમુદ્ર ઉપર ફિરંગી પ્રભુત્વ પ્રસ્થાપિત થતાં, અને એમની પૂર્વમંજૂરી વિના આ સમુદ્રમાં નહીં પ્રવેશવાની કાનૂની અસરને લીધે અરબોનો ઈજારો તૂટયો. પરિણામે ભારતીય ઉત્પાદનને વિશ્વબજાર પ્રાપ્ત થયું અને યુરોપ તથા ચીનની ઉત્પાદિત ચીજો ભારત આવી. આમ, ભારતનો વેપારી સંબંધ ફિરંગીઓ દ્વારા વિસ્તાર પામ્યો. અલબત્ત, આથી આર્થિક લાભ પોર્ટુગલને મળ્યો, ભારતને નસીબે નુકસાન લખાયું.

સત્તરમી સદીના આરંભમાં બીજી બે યુરોપીય દરિયાઈ સત્તાનું ભારતમાં આગમન થયું. એક હતી ડચ (વાલંદા) પ્રજા અને બીજી હતી અંગ્રેજ પ્રજા. આ બંનેનો આશય પણ આર્થિક લાભ મેળવવાનો હતો. આ સદી દરમ્યાન થોડા સમય બાદ ફ્રેંચ વેપારીઓનું આગમન થયું. નજીક નજીકના સમયમાં આવેલી ત્રણ યુરોપીય પ્રજાઓ વચ્ચે વેપાર અંગે તીવ્રતમ હરીફાઈ થઈ. આ સમયના નૌકાક્ષેત્રની એક હકીકત નોંધવા જેવી છે : જે કોઈ સત્તા આટલાંટિક સમુદ્ર ઉપર પ્રભુત્વ જમાવે તે ભારતીય સાગરને પણ કાબૂમાં લાવી શકે છે. આ તરફ ધ્યાન દોરાયું સ્પૅનિશ આર્મેડાની હારને કારણે. આથી યુરોપીય રાષ્ટ્રો જાગ્રત થયાં અને ભારતીય સમુદ્રમાં ફેરફારની જરૂર વરતાઈ.

ફિરંગીઓએ ભારત પર પગ મૂકયો અને પછી લગભગ એક સૈકા બાદ, ફિરંગીઓના વિરોધ છતાં ૧૫૯૫માં સૌ પ્રથમ ચાર ડચ વહાણો ભારત આવવા નીકળ્યાં, પણ ઈન્ડોનેશિયા પહોંચ્યાં અને ત્યાં સ્થિર થયાં. ૧૬૪૧માં તેમણે મલાક્કા મેળવ્યું. ૧૬૫૪માં કોલંબો જીત્યું. ૧૬૬૩માં મલબાર કાંઠાની નાની વસાહતો પણ એમના હાથમાં આવી. આમ સત્તરમી સદીના આરંભથી ફિરંગીઓનો દરિયાઈ ઈજારો તૂટવો શરૂ થયો હતો. પણ કોલંબો ડચ પ્રજાના હાથમાં જવાથી ફિરંગીઓની રાજકીય સત્તા પણ હતી ન હતી થઈ ગઈ.

૧૬૦૩માં બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની સ્થપાઈ. આરંભમાં બ્રિટિશોનો રસ ઇન્ડોનેશિયા ટાપુઓ પૂરતો વિશેષ હતો. પણ ૧૬૨૩માં એમ્બોયનાની ખુનામરકીથી કંપનીએ ભારત તરફ નજર દોડાવી. સૌ પ્રથમ સુરત અને તે પછી મછલીપટ્ટમમાં અંગ્રેજોએ કોઠી સ્થાપી. આમ, ભારતીય સમુદ્ર નૌકા હરીફાઈનો અખાડો બન્યું. હવે, ફિરંગીઓ ગૌણ બન્યા અને હરીફાઈનું કેન્દ્રબિંદુ બન્યા ડચ અને અંગ્રેજ. પણ લૂઈ ૧૪-માના રાજ્યારોહણ પછી યુરોપમાં ડચોની દરિયાઈ સત્તા અસ્ત પામતાં અંગ્રેજો બિનહરીફ બન્યા.

દરમિયાનમાં કોલબર્ટના નેતૃત્વ હેઠળ ફ્રેંચ સત્તાનું આગમન થયું. આરંભમાં ફ્રેન્ચ સાહસિકોની ઇચ્છા કોલંબોમાં વર્ચસ જમાવવાની હોઈ ૧૬૭૦માં એક મોટો વહાણોનો કાફલો રવાના કર્યો.

ભારતીય સમુદ્રમાં હવે સંઘર્ષ જામ્યો. ફ્રેંચ અને અંગ્રેજ વચ્ચે એમની સંધિ પછી અંગ્રેજો યુરોપની પ્રભાવક દરિયાઈ સત્તા બન્યા. ભારતમાં એની ખસૂસ અસર થઈ. ફ્રેંચો હાર્યા અને અંગ્રેજો ભારતીય દરિયાઈ સત્તાના એકમાત્ર પ્રભાવક બળ બની બેઠા. આરંભમાં વેપાર વિસ્તાર્યો અને સંજોગો અનુકૂળ જોતાં રાજ્યસત્તા પણ જમાવી અને ૧૯૪૭ સુધી ભારતની એકમાત્ર મહાન સત્તા તરીકે વહીવટ કબજે રાખ્યો.

# પુરવણી–૧

## ખુદાને નામે–મજહબને નામે !

તુર્કો અને ત્યાર પછી મોંગોલો અને તાર્તરો મુસ્લિમ સામ્રાજ્યમાં પ્રવેશ્યા ત્યાં સુધી તેઓ અરબ સંસ્કૃતિથી અસ્પૃશ્ય રહ્યા હતા. તેઓ સામ્રાજ્યને સર કરી, મુસ્લિમ બન્યા ખરા અને ઇસ્લામનો પ્રચાર તેમણે ઝનૂનપૂર્વક કર્યો, પણ તેમના પ્રવેશે પરાકાષ્ઠાએ પહોંચેલી અરબ સંસ્કૃતિનો નાશ કર્યો. મધ્ય અને પશ્ચિમ એશિયાનાં સમૃદ્ધિ-ધામો તુર્કોનાં આક્રમણો અને વિનાશ બાદ કદાચ ઊભાં થઈ શક્યાં નહીં અને એક વાર તો આ સમગ્ર સમૃદ્ધ પ્રદેશ વેરાન બની ગયો.

જ્ઞાનગંગોત્રી શ્રેણી ગ્રંથ ૨૦ (વિશ્વદર્શન ૩, પૃ. ૧૧૬)

## બગદાદના ખલીફાના આદેશ મુજબ !

**મોહમ્મદ બિન કાસિમ**

[બગદાદના ખલીફના તાબાના ગવર્નર અલ હજ્જાજે તેના સૂબેદાર મોહમ્મદ બિન કાસિમને હિંદુસ્તાન પર ચઢાઈ કરવા મોકલેલો. તેના હેવાલરૂપે કાસિમે મોકલેલો સંદેશો :]

"મેં કાફરોને (હિંદુઓને) 'ઇસ્લામ ન સ્વીકારે તો મોત'ની પસંદગી આપી. (તેના પરિણામ રૂપે) આ સાથે સિંધના રાજા દહીરના ભત્રીજા તથા યોદ્ધાઓ અને મુખ્ય અમલદારોનાં શિર (કાપેલાં) મોકલ્યાં છે. ××× મૂર્તિપૂજાવાળાં મંદિરોની જગ્યાઓ અને પૂજાનાં બીજાં સ્થળોએ મસ્જિદો ઊભી કરી દીધી છે. ત્યાં ખુતબા (નમાજ વખતની સ્તુતિ)નું વાચન થાય છે અને નમાજ પઢવામાં આવે છે.

[હજ્જાજનો જવાબ]

"ખુદા કહે છે : નાસ્તિક કાફરને કશો જ આશ્રય ન આપશો. તેમનાં ગળાં કાપજો. તમે જાણી લો કે મહાન ખુદાનો આ આદેશ છે." × × ×

(ઇન્ડિયન ઇસ્લામ : ડૉ. ટિટસ)

*

**કાસિમના આજ્ઞાપત્રમાંથી**

જેણે ઈસ્લામનો આદર કર્યો હોય અને ધર્માંતર કરેલ હોય એને ગુલામગીરીમાંથી તથા ખંડણી ભરવામાંથી મુક્તિ આપવી અને કશી શારીરિક હાનિ ન પહોંચાડવી; પરંતુ જેણે આ સત્ય-ધર્મને અપનાવ્યો ન હોય, તેને 'જજિયા' આપવાની ફરજ પાડવી. . . .

(ભારતીય વિદ્યાભવન ગ્રં. ૫, પૃ. ૪૯૯)

*

**ઇતિહાસકાર હસન નિઝામની બડાશ**

"તેણે તેની તલવારથી હિંદભૂમિમાંથી નાસ્તિકતાની ગંદકી અને દુર્ગુણ સાફ કર્યાં; અને આખા દેશને બહુ-દેવવાદમાંથી અને મૂર્તિપૂજાની અપવિત્રતામાંથી મુક્ત કર્યો; વળી, બાદશાહી ખમીર અને હિંમતના કારણે તેણે એક પણ દેવળ ઊભું રહેવા નથી દીધું."

*

**તૈમૂર લંગ (ઈ. સ. ૧૩૯૮–૯૯)–તેની આત્મકથામાં**

"હિંદુસ્તાન ઉપરની ચઢાઈમાં મારો હેતુ નાસ્તિકો સામેની જેહાદની દોરવણી કરવાનો, પયગંબરના હુકમ મુજબ તેમને સાચા ધર્મમાં લઈ આવવાનો તથા ભ્રષ્ટતા, નાસ્તિકતા અને બહુ-દેવવાદમાં પડેલા દેશની શુદ્ધિ કરવાનો, ઉપરાંત મંદિરો અને મૂર્તિઓ ફેંકી દેવાનો કે તોડવાનો છે. આ રીતે જ આપણે 'ગાઝી' અને 'મુજાહિદો' અલ્લાહની સમક્ષ ઇસ્લામના સાચા સાથીઓ અને સૈનિકો બની શકીશું."

(મિડિવલ ઇન્ડિયા : લેન પૂલ, પૃ. ૧૫૫)

*

**મૂરલૅન્ડે નોંધ કર્યા મુજબ**

સુલતાન અલાઉદ્દીને મુસ્લિમ પંડિતો પાસે એવા નિયમો સૂચવવાની માગણી કરી કે જેથી ઉપલા વર્ગના હિંદુઓ કચડાયેલા રહે, અને એમની મિલકત તથા ધનદોલત એમની પાસે રહેવા ન પામે, જેથી કરીને બદદિલી અને બંડો થતાં બંધ થઈ જાય.

હા, મુસ્લિમો પ્રત્યેય એ ઘણો કડક હતો. તેમના અમુક વિશેષાધિકારો તેણે રદ કર્યા હતા, પરંતુ હિંદુઓને તો તે તળિયાઝાટક કરવા માગતો હતો.

(ભારતીય વિદ્યાભવન, ગ્રંથ ૬)

*

**ફીરોઝ તુઘલુકની આત્મકથામાંથી**

"દિલ્હીમાં જ્યારે હિંદુઓએ નવાં મંદિરો બાંધ્યાં, ત્યારે અલ્લાના પયંગબર મોહમ્મદ સાહેબના ફરમાન અનુસાર મેં એ તોડાવી નાખ્યાં; એના નાસ્તિક આગેવાનોની હત્યા કરાવી, બીજાઓને ફટકાની સજા કરી. (મૂર્તિપૂજા)ની આ બદી સંપૂર્ણ નાબૂદ થાય ત્યાં સુધી મેં આ કારવાઈ ચાલુ રાખી; જેથી અલ્લાની મહેરથી તેઓ સાચા ખુદાની બંદગી કરી શકે."

*

## ગુજરાતમાં ઇસ્લામ-પ્રવેશ

ઈ. સ. ૧૦૨૫ : (ભીમદેવ ૧-લાનું શાસન) : મહમૂદ ગઝનવીએ સોમનાથ મહાદેવનું દેવળ ભેદ્યું અને લૂંટાય એટલો માલ લૂંટી કચ્છને રસ્તે એ પાછો ગયો. એ રીતે મુસલમાનોનાં ભાવિ આક્રમણો માટેનો માર્ગ ખુલ્લો થયો.

ઈ. સ. ૧૦૬૭ : (કર્ણદેવનું શાસન) : અરબસ્તાનમાં આવેલા ઈસ્માઈલીઓના પુરાણા પ્રચારકેન્દ્ર યમનના માર્ગદર્શનમાં ઈસ્લામના પ્રચાર માટે ખંભાતના બંદરે બે મિસરીઓ ઊતર્યા. કર્ણદેવના શાસન દરમ્યાન પ્રદેશના અંદરના ભાગમાં મુસલમાનોનો વસવાટ વધ્યો. મોટી સંખ્યામાં મુસલમાન વેપારીઓ અને ઉપદેશકો અણહિલવાડ પાટણમાં આવીને પોતાની પ્રવૃત્તિ કરતા થયા.

ઈ. સ. ૧૧૩૮ : (સિદ્ધરાજ જયસિંહનું શાસન) : કર્ણદેવ અને સિદ્ધરાજના શાસન દરમ્યાન મુસ્લિમ પ્રચારકોને ઘણી સગવડો અપાઈ. આથી અગિયારમી સદીના અંત ભાગથી સંખ્યાબંધ મુસ્લિમ સંતો ગુજરાતમાં આવી વસ્યા હતા. પરિણામે, સમય જતાં ગુજરાતમાં વહોરા, ખોજા, મેમણ વગેરે જાતિઓ ઉદ્ભવી.

આરંભકાળમાં તેઓ ભરૂચ, ખંભાત, કાવી, ઘોઘા, ગંધાર અને પીરમ બંદરો ઉપર આવી વસ્યા હતા.

ઈ. સ. ૧૧૯૫ : (ભીમદેવ ૨-જાનું શાસન) : આબુ વગેરે સ્થળોના રજપૂતોએ ભીમદેવ બીજા સાથે મળીને મુસલમાનો પાસેથી અજમેર છીનવી લેવાનો નિર્ધાર કર્યો. સુલતાન શાહબુદ્દીન ઘોરીનો સિપાહસાલાર કુત્બુદ્દીન ઐબક એ તરફ પહોંચ્યો, પરંતુ એના સૈન્યને તગેડી મૂકવામાં આવ્યું. આ રીતની એની રંજાડનું વેર લેવા ઈ. સ. ૧૧૯૭માં ગઝનીથી આવેલા નવા લશ્કરને લઈ કુત્બુદ્દીન ફરીથી તૈયારી કરી અણહિલવાડ ઉપર ચડી આવ્યો. એણે એ જીત્યું ને લૂંટ્યું. પરંતુ કુત્બુદ્દીનની પીઠ ફરતાં ભીમદેવે ફરીથી અણહિલવાડનો કબજો લીધો.

આવી રીતે મહમૂદ ગઝનવી, શાહબુદ્દીન ઘોરી અને કુત્બુદ્દીન ઐબક ગુજરાતના પ્રદેશ ઉપર વાદળની જેમ ચડી આવી, બને તેટલું લૂંટી, નુકસાન કરી વંટોળિયાની માફક નીકળી ગયા.

૧૩મી સદી : અણહિલવાડ, અમદાવાદ (આશાવલ), ડભોઈ, વગેરે કેન્દ્રોમાં વિસ્તાર – વસવાટ વધ્યો હતો અને ઠેર ઠેર મસ્જિદો બંધાવા માંડી હતી.

પરંતુ શાહબુદ્દીન ઘોરીનું લશ્કર પરાજિત થઈ પાછું ફર્યું તે સમયે કેટલાક મુસલમાન સૈનિકો કેદ પકડાયા હતા. તેમને ગુજરાત તથા સૌરાષ્ટ્રની પ્રજામાંની કેટલીક જ્ઞાતિઓમાં વહેંચી દેવાની તથા ધંધો આપવાની વ્યવસ્થા રાજા તરફથી કરવામાં આવી હતી. તેમને ધંધો કરનારી વિવિધ જ્ઞાતિઓમાં વસાવાયા માટે તેઓ 'વસવાયા' કહેવાતા હતા. આ રીતે મિશ્ર થયેલા મુસલમાનોએ પોતાના રિવાજો, પોતાનાં નામ અને પોતાના પંથ ચાલુ રાખ્યાં હતાં.

તેરમી સદીના પહેલા ચરણમાં કૂફામાં શિયા મુસલમાનો ઉપર રૂઢિચુસ્ત સુન્નીઓએ જુલમ ગુજાર્યો તેથી કેટલાકે પોતાનું વહાલું વતન છોડી ભારતના પશ્ચિમ કિનારા પર આવી વસવાટ કર્યો. તેઓ નવા આવેલા હોવાથી 'નવાયાત' કહેવાયા હતા. લોકવાયકા અનુસાર તેઓ સંદેરના જૈન લોકોને દબાવી સત્તાધારી થયા હતા. તેઓ ચતુર નાવિકો હોવાથી ધનવાન વેપારી બન્યા હતા.

[આરંભમાં ધર્માંતર પામેલા વહેવારિયા (વેપારી) હતા તેથી 'વહોરા' કહેવાયા.]

**૧૩–૧૪ સદી :** મોંગોલોના નેતા હૂલાકુખાનના ઝંઝાવાતમાં ઈરાન પડયું તે સમયે ઈ.સ. ૧૨૫૦ અને ૧૩૦૦ના ગાળામાં તાતારીઓ[તાર્તરો]ના જુલમથી ત્રાસી જઈને કેટલાક સૂફીઓ, દરવેશો, ફકીરો વગેરે પહેલાં મુલતાન પાસે આવેલા કચ્છમાં અને પછી આગળ વધી ગુજરાતમાં સ્થિર થયા હતા અને શાંતિથી રહેવા લાગ્યા હતા.

આ અરસામાં મુસલમાનો રાજાઓનાં સૈન્યોમાં પણ જોડાયા હતા. એમાંના ઘણા પોતાને વાઘેલા રાજાઓના ખુરાસાની સૈનિકોના વંશજો તરીકે ઓળખાવે છે.

['ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ ૪, પ્ર. ૧૪]

## રાજા સિદ્ધરાજના શાસન દરમ્યાનનો એક કિસ્સો

ખંભાતમાં વસતા પારસીઓએ હિંદુઓને મુસલમાનો ઉપર હુમલો કરવાને ઉશ્કેર્યા, એમણે મસ્જિદનો મિનારો તોડી નાખ્યો અને બાળી મૂકી તથા ૮૦ જેટલા મુસલમાનોને મારી નાખ્યા. મસ્જિદનો ખતીબ અલી નામે હતો તેણે આ બનાવ અંગેની ફરિયાદ રાજધાની અણહિલવાડ પાટણમાં જઈ રાજાને કરી. આથી રાજાએ જાતે વેપારી વેશે ખંભાતમાં જઈ તપાસ કરી અને જેમણે એ ફિસાદમાં આગેવાની ભર્યો ભાગ ભજવ્યો હતો તેમને સજા કરવાનો અને એક લાખ બાલૂતરા (ચાંદીના સિક્કા) એ મસ્જિદ અને મિનારો ફરીથી બાંધી આપવાના ખર્ચ માટે એમની પાસેથી મુસલમાનોને અપાવવાનો હુકમ કર્યો અને ઇમામને ખિલાત (પોશાક વગેરે) તથા અન્ય ઇનામ – બક્ષિસો આપી એના કાર્યની કદર કરી. એણે રાજાના ન્યાય અને પ્રજા પ્રત્યેના એના પ્રેમની યાદગીરી તરીકે મસ્જિદમાં એ સાચવી રાખ્યાં છે.

[ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ ૪, પૃ. ૩૧૯]

# દખ્ખણ અને ગુજરાત

દિલ્હીની કેન્દ્ર સત્તા ઉપરાંત દખ્ખણ અને ગુજરાતના મુસ્લિમ શાસકો પણ ભારત બહારનાં મુસ્લિમ શાસન કેન્દ્રો સાથે સંબંધો રાખવા મથ્યા હતા.

પંદરમી સોળમી સદીમાં અરબી સમુદ્રને કિનારે વસેલા દક્ષિણના બહમની અને ગુજરાતનાં મુસ્લિમ રાજ્યોનો મુસ્લિમ-વિશ્વ સાથેનો સંબંધ વેપારીઓ, પ્રવાસીઓ, હજના યાત્રાળુઓ દ્વારા જોવા મળે છે. શાહ વલી બહમની(ઈ. સ. ૧૪૨૨–૩૪)એ તો હિંદી મુસ્લિમ ઉમરાવો કરતાં વિદેશી મુસ્લિમોને વહીવટમાં વધુ ઊંચું સ્થાન આપ્યું હતું. ઇરાક, મધ્ય એશિયા અને તુર્કી તથા અરબસ્તાનના 3,000 તીરંદાજો તેણે પોતાના લશ્કરમાં વસાવ્યા હતા. વળી, ઑટોમન સત્તા સાથે એલચીઓનો સંબંધ સ્થાપવામાં હિંદુસ્તાનમાં બહમની સુલતાનો સૌથી પ્રથમ હતા. (૧૪૫૧થી).

ગુજરાતનો મુસ્લિમ વિશ્વ સાથેનો સંબંધ હિંદી મહાસાગરમાં પોર્ટુગીઝોએ શરૂ કરેલી દખલના પ્રતિકારરૂપે વિકસ્યો હતો. આ દખલ ઇજિપ્તના મામલુકો માટે પણ, વેપારી અને દરિયાઈ હિતોની દૃષ્ટિએ, અડચણરૂપ હતી. સોળમી સદીના આરંભમાં ઇજિપ્તના દરિયાઈ સેનાપતિએ ગુજરાતના મહમૂદ શાહ બેગડા(ઈ. સ. ૧૪૫૮–૧૫૧૧)ના તાબાના દીવના સૂબાની મદદ લઈ પોર્ટુગીઝ આક્રમણને ચોલ આગળ ખાળ્યું હતું. બિજાપુર અને અહમદનગરના સુલતાનોએ પણ આમાં મદદ કરી હતી (ઈ. સ. ૧૫૦૯).

૧૫૧૧માં ગુજરાતના સુલતાન મુઝફ્ફર બીજા(ઈ. સ. ૧૫૧૧–૨૨)એ ઈરાની એલચીને પોતાના દરબારમાં આવકાર્યો હતો. ઑટોમન સત્તાનાં પગરણ વધતા ઈરાન અને ઇરાક ઉપરના તેના વિજયો જોતાં, મુઝફ્ફરે ઑટોમન સુલતાન સલીમને ધન્યવાદ પાઠવ્યા હતા. ગુજરાતના સુલતાન બહાદુરશાહ (ઈ. સ. ૧૫૨૬–૩૭) તરફથી હુમાયું અને પોર્ટુગીઝો સામે મદદ મોકલવા માટેના સંદેશા તુર્કીના 'સુલેમાન ધ મૅગ્નિફિસંટ' ઉપર મોકલાયા હતા. આથી ઈ. સ. ૧૫૩૫માં સુલેમાનના સૈન્યે દીવ કબજે કર્યું; અને બે વરસ બાદ દગો દઈ બહાદુરશાહની હત્યા કરી. એ પછી તુર્કીએ નૌકા ચડાઈ કરી, પણ દીવના ઘેરા દરમિયાન ગુજરાત તરફથી પૂરતો પુરવઠો ન મળવાથી તે પ્રયાસ નિષ્ફળ ગયો. બીજી બાજુ, સુરતમાંના તુર્કી હાકેમને ફોડવાનો પ્રયાસ થયો. સુએઝની નહેર પરનો પોર્ટુગીઝોનો કબજો ઢીલો કરાવવા માટે તુર્ક શાસને દરિયાઈ સંઘર્ષમાં ગુજરાતનો ઉપયોગ કરવાના અનેક સફળ-નિષ્ફળ પ્રયાસો કર્યા હતા. આ દરમિયાન અનેક તુર્કી સૈનિકો ગુજરાતમાં રહી પડયા હતા. અને રાજ્યની નોકરીમાં જોડાઈ ગયા હતા.

મુઝફ્ફર ત્રીજાના અમલ(ઈ. સ. ૧૫૬૦–૭૩)માં લશ્કરમાં તુર્કી તોપચીઓ મુખ્ય હતા. ગુજરાતના દરિયાકિનારા પર તુર્ક, ઈરાન, ઈસ્ટ ઇન્ડીઝ અને પૂર્વ આફ્રિકાના મુસ્લિમો આવીને વસ્યા હતા. મુસ્લિમ–ગુજરાતી સંસ્કારના તથા હસ્ત કલા-કારીગીરીના વિકાસમાં તેમનો ફાળો મહત્ત્વનો છે.

દક્ષિણ હિંદમાં બહમની રાજ્ય ભાંગી પડતાં જે પાંચ રાજ્યો સ્થપાયાં તેમાંથી બિજાપુર (ઈ. સ. ૧૪૯૦–૧૫૧૦), બિદર (ઈ. સ. ૧૪૯૭–૧૫૦૪), અને ગોવલકોન્ડા (ઈ. સ. ૧૫૧૨–૪૩)ના સ્થાપક તુર્કી મુસ્લિમો હતા. પરંતુ બિજાપુરના આદિલશાહીઓ અને ગોવલકોન્ડાના કુતુબશાહીઓ મૂળે શિયાપંથી હતા; અને અહમદનગરના નિઝામશાહીઓ પાછળથી (ઈ.સ. ૧૫૧૮થી) શિયાપંથી બન્યા હતા.

આ ત્રણે રાજ્યોની નજર વિશ્વમુસ્લિમ કેન્દ્ર તરીકે શિયાપંથી ઈરાનના બાદશાહો ઉપર ઠરેલી હતી, નહીં કે સુન્નીપંથી ઑટોમન તુર્કો ઉપર. આ સંબંધો તહમસ્પ(ઈ. સ. ૧૫૪૨)થી શરૂ કરી અબ્બાસ ૧-લા સુધી (ઈ. સ. ૧૬૩૩) ગાઢ હતા. જોકે આના મૂળમાં ઈરાનીઓની મૉંગોલોની સત્તા બહુ વધી ન જાય તેની ચિંતા હતી. આથીય તેઓ દખ્ખણનાં આ રાજ્યોમાં પોતાના એલચીઓ સીધા મોકલી આપતા હતા. ઘણી વાર તો આ દખ્ખણી રાજ્યો તેમનાં ખુતબામાં ઈરાની બાદશાહ સફીનું નામ વાંચતા થઈ ગયા હતા!

પરંતુ, ઈરાની સુલતાન અબ્બાસ ૧-લાના અવસાન બાદ તેનું મોગલો ઉપરનું દબાણ ઘટ્યું અને શાહજહાંએ ઈ. સ. ૧૬૩૩માં અહમદનગરનો કોળિયો કરી લીધો. અને હવે શિયાને સ્થાને સુન્ની પદ્ધતિએ ખુતબો વંચાતો થયો; જેમાં સફીને બદલે શાહજહાંનું નામ વંચાતું થયું.

જોકે, હજી પોતાના 'આધ્યાત્મિક રક્ષકો' તરીકે તો તેઓ ઈરાની-સફાવિદોને જ માનતા રહ્યા હતા. આ પછી, ઔરંગઝેબનો અમલ સ્થપાતાં તો બિજાપુર અને ગોવલકોન્ડાનાં શિયાપંથી શાસનોને બંધ કરવાની ઉશ્કેરણી પણ ઈરાની ઉમરાવો તરફથી થયેલી.

દખ્ખણનાં નવાં રાજ્યોમાં ટીપુ સુલતાનનું મૈસૂર રાજ્ય કટ્ટર સુન્ની હતું. તેણે ઑટોમન સુલતાનના દરબારમાં પોતાનો એલચી મોકલ્યો હતો (ઈ. સ. ૧૭૮૫) કે જેથી એને મુસ્લિમ રાજ્યકર્તા તરીકે 'સ્વીકાર-સંમતિ' મળે. ઉપરાંત, બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની સામેના ઘર્ષણમાં મદદ મળે એવી અપેક્ષા પણ હતી. ટીપુ સુલતાને અફઘાનિસ્તાનના અમીર તથા મસકતના ઇમામ સાથે પણ મૈત્રી-સંબંધ સ્થાપવા મથામણ કરી હતી. જવાબમાં, ઑટોમન સલીમ ૩-જાએ પોતાના જ હિતની દૃષ્ટિએ બ્રિટિશને બદલે ફ્રેન્ચ સામે દુશ્મની કરવા ટીપુને સલાહ આપી હતી! અલબત્ત, ટીપુનો જવાબ સ્પષ્ટ હતો: તેના પોતાના પ્રદેશમાં બ્રિટિશો આક્રમક હોઈ તેની સામેની જેહાદ (ધર્મયુદ્ધ) જ વાજબી હતી.

આ ગાળા દરમ્યાન, હિજાજ અને હદ્રમાવતમાંથી આરબો તથા સોમાલીઓ અને પૂર્વ આફ્રિકાના સિદ્દીઓ મોટી સંખ્યામાં આવી નિઝામ હૈદરાબાદની સેનામાં જોડાયા હતા; નિઝામના દરબારમાં હદ્રમાવતના અમીર પણ સામેલ હતા.

## પુરવણી–૨

# શીખ ધર્મ

## (કોમી એકતાનું પ્રતીક)

ગુરુ નાનક આ સંપ્રદાયના પ્રણેતા હતા. કબીર નાનકના ગુરુ હોઈ શીખ સંપ્રદાય સાથે એમનો સંબંધ ગણાય છે. શીખોના ધર્મપુસ્તક 'આદિગ્રંથ'માં કબીરના કેટલાક ઉપદેશ સંગૃહીત છે. કબીરની જેમ નાનક પણ હિંદુમુસ્લિમ એકતાના હિમાયતી હતા. પરંતુ નાનક પછીના ગુરુઓના ધર્મશાસન દરમિયાન આ સંપ્રદાય ખાસ કરીને પંજાબના અમુક લોકો પૂરતો મર્યાદિત બની ગયો અને ઈસ્લામના પ્રતિકાર તરીકે વગોવાયો.

નાનકનું આરંભિક ધર્માંદોલન (એકેશ્વરવાદી સર્વગ્રાહિત્વના) સ્વરૂપનું હતું. સંભવ છે કે ઈસ્લામી અસરનું એ પરિણામ હોય. પરંતુ શીખ સંપ્રદાયનું માળખું તો હિંદુ ધર્મના સિદ્ધાંતો ઉપર રચાયું હતું. શીખોનો 'ગુરુ' વિશેનો વિચાર હિંદુ ધર્મના 'અવતાર'ના વિચાર સાથે સામ્ય ધરાવે છે.

ગુરુ નાનક સહિત દશ ગુરુઓ આ સંપ્રદાયના પ્રણેતા રહ્યા : નાનક, અંગદ, અમરદાસ, રામદાસ, અર્જુનદેવ, હરગોવિંદ, હરરાય, હરકૃષ્ણરાય, તેગબહાદુર અને ગોવિંદસિંહ. આ ગુરુપદ પરંપરાગત હતું. પ્રત્યેક ગુરુ અંતિમ સમયે પોતાના વારસદારનું નામ જાહેર કરી પંથના ગુરુ તરીકે નીમતા હતા. પરંતુ દશમા ગુરુ ગોવિંદસિંહે એ પરંપરાને પોતાનાથી સમાપ્ત કરીને વ્યક્તિને સ્થાને ગ્રંથને ગુરુપદ આપ્યું અને આજ્ઞા કરી કે હવેથી કોઈ વ્યક્તિ ગુરુ બની શકશે નહીં. ગુરુ ગોવિંદસિંહના અવસાન પછી 'આદિ-ગ્રંથ' શીખપંથના ગુરુ તરીકે કાયમ માટે પ્રસ્થાપના પામ્યો. આ ધર્મપુસ્તકમાં હરગોવિંદ, હરરાય અને હરકૃષ્ણરાય સિવાયના શેષ ગુરુઓનાં વચન અને પદ સંગૃહીત છે. આ ગ્રંથ 'ગ્રંથ સાહિબ' તરીકે ખ્યાત



ગુરુ નાનક



ગુરુ ગોવિંદસિંહ

છે: એનું સૌપ્રથમ સંપાદન ઈ. સ. ૧૬૦૪માં પાંચમા ગુરુ અર્જુનદેવે કર્યું હતું. આ ગ્રંથ પંજાબી ભાષા અને ગુરુમુખી લિપિમાં લખાયેલો છે.

વ્યવસ્થિત શીખ સંપ્રદાયનો આરંભ અને ઈસ્લામથી એના છૂટાછેડા બીજા ગુરુ અંગદ(ઈ. સ. ૧૫૦૪–૫૨)ના સમયથી અમલમાં આવ્યાનું મનાય છે. પંજાબી ભાષા માટે પ્રયોજાતી અરબી લિપિનો અંગદે અસ્વીકાર કર્યો અને સ્વતંત્ર લિપિ વિકસાવી, જે ગુરુમુખી તરીકે જાણીતી છે. પાંચમા ગુરુ અર્જુનદેવ (ઈ. સ. ૧૫૬૩–૧૬૦૬ – ગુરુપદ પ્રાપ્તિ ઈ. સ. ૧૫૮૧)ના સમયમાં શીખ સંપ્રદાય પ્રબળ બન્યો અને તેણે બળવાખોર સ્વરૂપ ધારણ કર્યું. અર્જુનદેવે મોગલ સત્તાને નકારી પોતે 'સાચો બાદશાહ' હોવાનું જાહેર કર્યું; મહેસૂલ ઉઘરાવવું શરૂ કર્યું; પરિણામે સંઘર્ષ તીવ્ર બન્યો અને અર્જુનદેવનો વધ થયો. પણ તે પૂર્વે ઉત્તરાધિકારી અને પુત્ર હરગોવિંદને (ઈ. સ. ૧૬૦૫–૪૫) એમણે લશ્કર ઊભું કરવાની અને શસ્ત્રધારી ગુરુ બનવાની સલાહ આપી. ત્યારથી ઈસ્લામ અને શીખ બંને વચ્ચેનું વૈમનસ્ય પેઢીગત બન્યું. જ્યારે દશમા અને છેલ્લા ગુરુ ગોવિંદસિંહે (ઈ. સ. ૧૬૬૬–૧૭૦૮) પ્રગટ રીતે ઈસ્લામ સામે દુશ્મનાવટ આરંભી અને 'ખાલસા'થી ઓળખાતી શીખ કોમ વિકસાવી; જેને માટે તેમણે કેશ, કંગન, કાંસકી, કિરપાણ અને કચ્છ બધા માટે ફરજિયાત બનાવ્યાં. ખાલસા જૂથના સભ્યો માટે ચાર નિયમો નિશ્ચિત કર્યા: (૧) વાળ કપાવવા નહીં, (૨) તમાકુ વગેરે કેફી પીણાંથી દૂર રહેવું, (૩) મુસ્લિમ વિધિ પ્રમાણેની પ્રાણીહિંસા અને માંસાહારથી દૂર રહેવું, અને (૪) મુસ્લિમો સાથે યૌન સંબંધ ન બાંધવો. ટૂંકમાં, આ ચારેય નીતિનિયમો સ્પષ્ટત: મુસ્લિમવિરોધી રહ્યા. ગુરુ ગોવિંદસિંહના સમયમાં ઈશ્વરની સર્જનાત્મક અને રચનાત્મક શક્તિને સ્થાને સંહારક શક્તિને પ્રાધાન્ય મળ્યું. યુદ્ધદેવી તરીકે દુર્ગાનો સ્વીકાર થયો.

શીખ સમાજનું વર્તમાન સંગઠન ગુરુ ગોદવિસિંહે યોજેલું છે. પાઘડી બાંધવાની પ્રથાનો પ્રારંભ એમણે કર્યો હતો. બધા શીખો માટે એમણે પાંચ 'ક'કાર આવશ્યક બનાવ્યા: કેશ (બધા ગુરુઓ ધારણ કરતા હતા તેથી), કાંસકી (વાળને સાફ રાખવા સારુ), કડું (યમનિયમ અને સંયમના પ્રતીક તરીકે), કિરપાણ (આત્મરક્ષણ માટે) અને કચ્છ (વીરત્વની ભાવનાના ચિહ્ન તરીકે). દારૂ અને તમાકુનો નિષેધ પણ ગુરુ ગોવિંદસિંહનું પ્રદાન છે.

શીખ પંથે મૂર્તિપૂજાનો અસ્વીકાર કર્યો હોવા છતાંય વ્યવહારમાં, વિધિવિધાનમાં અને સામાજિક સંબંધોમાં તેઓ વિશેષ હિંદુ-લક્ષણી રહ્યા. ગુરુદ્વારામાં ધાર્મિક વિધિ હિંદુ ધર્મ અનુસાર થવા લાગી. અઢારમી સદીના અંતમાં રણજિતસિંહના ગતિશીલ વ્યક્તિત્વ હેઠળ શીખ રાજ્ય સ્થપાયું. રણજિતસિંહે શીખ સંપ્રદાયને પૂરેપૂરો હિંદુ અસરયુક્ત બનાવ્યો. હિંદુ ઉત્સવો ઊજવવા, હિંદુ રિવાજોનું પાલન કરવું, હિંદુ મંદિરોમાં જવું, આ બધું રણજિતસિંહના આચરણના ભાગરૂપ બન્યું.

આમ, શીખો અને મુસ્લિમો વચ્ચે દુશ્મનાવટ સ્થપાઈ હોવા છતાં બંને કોમોના વડાઓની ઉદારતા અને પરસ્પરના સૌજન્યપૂર્ણ વ્યવહારનાં ઉદાહરણો પણ નોંધપાત્ર છે: ગુરુ અંગદે (ઈ. સ. ૧૫૩૮–૪૨) હુમાયુંને એના દેશવટા દરમ્યાન આશ્રય આપ્યો હતો. અકબર જાતે ત્રીજા ગુરુ અમરદાસને મળવા ગયો હતો અને ભેટ ધરી હતી. ચોથા ગુરુ રામદાસના સમયમાં અકબરે સુવર્ણ મંદિર બાંધવા જમીન ભેટ ધરી હતી. નૂરજહાંએ છઠ્ઠા ગુરુ હરગોવિંદ(ઈ. સ. ૧૬૦૬–૪૫)માં શ્રદ્ધા રાખી હતી અને એમની સાથે ધર્મચર્ચાઓ કરી હતી. સાતમા ગુરુ હરિરાય (ઈ.સ. ૧૬૪૫–૬૧) દારા શિકોહના મિત્ર હતા. દશમા ગુરુ ગોવિંદસિંહ સાથે બહાદુરશાહને સારા સંબંધો હતા. પરંતુ કમનસીબે ઈસ્લામ અને શીખપંથ વચ્ચેની દુશ્મનાવટ પેઢીગત બની ગઈ હતી.

હિંદુ ધર્મનો સ્વભાવ છે કે જ્યારે વિપત્તિ આવી પડે છે ત્યારે એનો પડકાર એ એની અંદરથી પ્રગટાવેલા લઘુ સ્વરૂપથી કરે છે. ઈસ્લામની સામે ભક્તિ-આંદોલન એનું એક પ્રગટીકરણ, તો એનું બીજું પ્રાગટ્ય છે શીખપંથ. પંજાબ હિંદુમુસ્લિમ સંઘર્ષની ભૂમિ હોઈ શીખપંથ ત્યાં ઉદ્ભવ્યો અને હિંદુત્વની એક શાખા તરીકે તેણે ઈસ્લામને પડકાર આપ્યો. છતાં પણ આજે હિંદુ અને શીખ પરસ્પર ઝઘડે છે.

## પુરવણી—૩

### ભારતીય અસ્મિતાનો ઉદ્દ્ગાતા

# અમીર ખુસરો

(ઈ. સ. ૧૨૫૬–૧૩૨૫)

હિંદુમુસ્લિમ સંસ્કારોના સમન્વયની પ્રક્રિયાના પુરુષાર્થી પ્રતિનિધિઓમાં સર્વશ્રેષ્ઠ પ્રતિનિધિ છે અમીર ખુસરો. ભારતીય માતાની કૂખે પતિયાળામાં જન્મેલા અમીરના પિતાનું નામ હતું સૈફુદ્દીન મહમૂદ. સૈફુદ્દીન જન્મે અને સંસ્કારે તુર્ક હતા; જ્યારે એમનો પુત્ર અમીર સંપૂર્ણ ભારતીય. ભારતનો એક અગ્રણી મહાપુરુષ અને રાષ્ટ્રવાદી અમીર ખુસરો શેખ નઝામુદ્દીન ઓલિયાનો શિષ્ય હતો. આથી સૂફીમતનાં ઉદાર લક્ષણો અને સમન્વયના વિચારોથી અમીર અભિષિક્ત હતો. અમીરે હિંદુમુસ્લિમ સમન્વય માટે જેમ આજીવન શ્રેયાર્થી સાધના કરી તેમ આચારવિચારના સમન્વય સારુ પણ કટિબદ્ધ રહ્યો.

અલ બીરૂનીથી અકબર વચ્ચેના સમયગાળા દરમિયાન ભારતીય વિદ્યા(ઈન્ડોલૉજી)ના અભ્યાસ પ્રત્યે સામાન્ય મુસ્લિમોનો વર્તાવ સુમેળભર્યો ન હતો. અપવાદરૂપે વ્યક્તિગત સુલતાને કે વ્યક્તિગત બૌદ્ધિકે ભારતીય વિદ્યામાં રસ દાખવ્યો હતો, પરંતુ સ્વદેશપ્રેમની અંતરંગ ભાવનાથી જો કોઈએ ભારતનો અભ્યાસ કર્યો હોય તો તે અમીર ખુસરોએ જેને આપણે ભારતીય અસ્મિતાના ઉદ્ગાતા તરીકે ખસૂસ ઓળખાવી શકીએ. અમીર ખુસરો સંભવત: પ્રથમ મુસ્લિમ હતો જેણે ભારતીય સત્ત્વનું ગૌરવ મુક્ત કંઠે ગાયું હતું.

અમીર ખુસરો ખલજીવંશનું સાહિત્યરત્ન હતો. સમન્વયના પ્રણેતા એવા અમીરને સલ્તનતના સાત સુલતાનોના સત્તાકાલની ચડતીપડતીને અવલોકવાની તક પ્રાપ્ત થઈ હતી. પણ અલાઉદ્દીન ખલજીના સમયનો એ વિશેષ સાક્ષી હતો. ખલજી સુલતાનોના વ્યવહારુ અભિગમને કારણે ખુસરો માટે અનુકૂળ વાતાવરણ સર્જાયું. સમકાલીન સમૃદ્ધિનો લાભ પણ એને મળ્યો. પરિણામે સર્જનમાં, લેખનમાં અને અભ્યાસમાં ઇચ્છિત ખેડાણ કરવાની તેને મોકળાશ મળી.

ખુસરો ઉત્તમ કોટિનો કવિ હતો. તેણે ફારસીમાં અને હિંદીમાં કવિતાઓ લખી છે. ભારતના વિવિધ વિષયો ઉપર એણે લાંબાં કાવ્યો લખ્યાં છે; જેમાં તેણે સ્વદેશની ભૂમિના ગૌરવને યોગ્ય રીતે બિરદાવ્યું



અમીર ખુસરો

છે. ભારતભૂમિ તેને સ્વર્ગ સમાન લાગી છે. અમીર ખુસરોની દૃષ્ટિએ એનાં કારણો છે : (૧) આદમ ઇડન ગાર્ડનમાંથી ભારત ભાગી આવેલો.(૨) સ્વર્ગનું પક્ષી મોર ભારતમાં જોવા મળે છે (હવે તે આપણું રાષ્ટ્રીય પક્ષી છે). (૩) ઇડન ગાર્ડનમાંથી સાપ પણ નિર્વાસિત થઈ ભારત આવ્યો અને ભારતને પોતાનું ઘર બનાવ્યું. (૪) આદમ કેવળ ભારતમાં સુખી હતો, અન્યત્ર નહીં. (૫) ભારતનાં ફૂલો સુગંધીદાર છે, ઈરાન કે અન્યત્રનાં નહીં. (૬) મોહમ્મદ પયગંબરે કહેલું કે વિશ્વનો આનંદ સાચું માનવામાં નથી પણ મૂર્તિપૂજામાં છે. (ખુસરોની આ પ્રકારની દૃઢ માન્યતા હતી).

અમીર ખુસરોનાં આ વિધાનોમાં અતિશયોક્તિનો ભાવ કદાચ ઘણાને લાગે; પરંતુ એમાં સચ્ચાઈનો રણકો જરૂર સંભળાય છે. ખુસરોની ભારત-ભક્તિ અદ્‌ભુત હતી. આ માટેનાં એનાં તર્કશીલ પ્રમાણો આ છે : (૧) ભારતના લોકો જ્ઞાન અને વિવિધ વિદ્યાઓમાં કુશળ છે. (૨) વિશ્વની બધી ભાષાઓ ભારતવાસી શુદ્ધ રીતે બોલી શકે છે. (૩) જ્ઞાનપ્રાપ્તિ માટે વિશ્વના બધા વિસ્તારોમાંથી વિદ્વાનોને ભારત આવવું પડયું છે, પરંતુ કોઈ ભારતીયને જ્ઞાનની જિજ્ઞાસા માટે બહાર જવાની જરૂર પડી નથી. (૪) આંકડાનો – સંખ્યાનો વિકાસ ભારતમાં થયો. શૂન્ય ભારતનું પ્રદાન છે. (૫) શેતરંજની રમત ભારતની શોધ છે. (૬) ભારતનું સંગીત ઊંચી કક્ષાનું છે. અગ્નિની જેમ આત્મા અને હૃદયને તે પ્રજ્વલિત કરે છે. (૭) માત્ર મનુષ્યના આહ્‌લાદ માટે સંગીતનો ઉપયોગ થતો નથી પણ પ્રાણીઓ માટેય એનો એટલો ઉપયોગ છે. (૮) ભારતનું પાન સરસ છે, જે મોઢાની દુર્ગંધ દૂર કરે છે, દાંતને મજબૂત કરે છે અને ભૂખ જગવે છે. (૯) ડહાપણના સુંદર ગ્રંથ 'કલિલા વ દિમ્ન'ની રચના ભારતમાં થઈ અને એની ખ્યાતિ વિશ્વ-વ્યાપી બની. ફારસી, અરબી, તુર્કી વગેરે ભાષાઓમાં એના અનુવાદ થયા.

ખુસરો કેવળ ભારત-ભક્ત કે ભારતીય વિદ્યાનો પ્રશંસક ન હતો, પણ પ્રથમ પંક્તિનો રાષ્ટ્રવાદી મુસ્લિમ હતો. તે અધ્યાત્મવાદી હતો અને સૂફીમતનો અનુયાયી હતો. તે ઉત્તમ કોટિનો સંગીતજ્ઞ, ઇતિહાસલેખક અને ચરિત્રલેખક પણ હતો. ભારતીય સંગીતનો તે ઉત્તમ અભ્યાસી હતો. સંગીતના ક્ષેત્રે તેનું પ્રદાન ચિરંજીવ છે. ફારસી અને ભારતીય સૂરનો સમન્વય કરી ભારતીય સંગીતને સમૃદ્ધ કરનાર તે પ્રથમ મુસ્લિમ હતો. 'ધ્રુપદ'ને સ્થાને 'ખ્યાલ' સંગીતને આકાર આપવાનું માન એને ફાળે જાય છે. 'કવ્વાલી' સંગીત પણ એનું પ્રદાન છે. 'મુજીર', 'સજગરી', 'ઐમન' જેવાં સૂરમાધુર્યનો શોધક પણ તે છે. સિતારની શોધ પણ એનું પ્રદાન ગણાય છે. ભારતની પ્રાચીન વીણા અને ઈરાની તંબૂરાના સંયોજનથી ખુસરોએ સિતારનું સર્જન કર્યું. મૃદંગમાં ફેરફાર કરી એને તબલાનું સ્વરૂપ પણ એણે આપ્યું. સંગીત આત્માની – હૃદયની ભાષા હોઈ અમીર ખુસરોએ પ્રવર્તાવેલા ફેરફારો અને કરેલા સમન્વયની દૂરગામી અસરો વર્તાઈ. પરિણામે બે ભિન્ન પ્રજાઓનું તે મિલનસ્થાન બની શક્યું.

એનું સૌથી ફળદાયી પ્રદાન છે ભાષાના ક્ષેત્રે. એ સમયે જ્યારે મુસ્લિમો ફારસીમાં લખતા અને હિંદુઓ અપભ્રંશમાં, ત્યારે અમીર ખુસરોએ ખડી બોલી(હિંદુસ્તાની)માં લખવાનું (ફારસી લિપિમાં) સાહસ કરેલું. ફારસી કે અપભ્રંશ એ સામાન્ય ભાષા ન હતી; જ્યારે ખડી બોલી એ તે સમયની જનભાષા હતી.

આમ, ખડી બોલી (હિંદુસ્તાની) અને ઉર્દૂના પ્રણેતા સમાન અમીર ખુસરોને બિરદાવી શકાય. ખડી બોલીના ઇતિહાસનો આરંભ અમીર ખુસરોનાં લખાણોથી કરવો પડે એ એની મહત્તાનું દ્યોતક ઉદાહરણ છે. ખુસરોની આ વિશેષતા હતી કે એણે જનભાષાનું મહત્ત્વ પ્રજાપ્રત્યક્ષ કર્યું અને એને સાહિત્યિક મોભો પ્રદાન કર્યો; અને જનહૃદય સુધી પહોંચવાના એના માર્ગનું સૂચન કરનાર ખુસરો ભારતના સાંસ્કૃતિક ઇતિહાસમાં ક્રાન્તિકારી ગણાયો.

મુસ્લિમ શાસન દરમિયાન મૂર્તિપૂજાની પ્રશંસા કરવી એ અસંભવ ગણાય અને છતાંય અમીર ખુસરોએ મૂર્તિપૂજાનાં વખાણ કર્યાં; એટલું જ નહીં, મૂર્તિની પૂજા કરનારાઓમાં એણે જે તલ્લીનતા જોઈ એનાં પણ વખાણ એણે કર્યાં. આમ, ખુસરો અસાંપ્રદાયિક મુસલમાન તરીકે ભારતમાં જીવ્યો. ધર્મભક્તિ અને સ્વદેશપ્રેમનું ઉત્તમ સંયોજન કરી સમન્વયના ઉદ્‌ગાતા તરીકેનું માન મેળવી ગયો.

# મુસ્લિમ જીવન પર હિંદુઓની અસર

કદાચ, આપણે એમ માની લઈએ કે મુસ્લિમોના આવાસો અને મહેલો તો બહુ જ સુરક્ષિત હતા. પરંતુ, જે રાજવી વર્તુળોને સતત જોખમની જિંદગી ભોગવવી પડતી હતી – કાવતરાં અને યુદ્ધો વચ્ચે જીવવું પડતું હતું – તેમને પોતાનું ભવિષ્ય કેવું નીવડવાનું છે તે અગાઉથી જાણવાની ઘણી ઇંતેજારી રહેતી. પરિણામે, શુકન-અપશુકન, જાદુ, ગ્રહો, જ્યોતિષ વગેરેમાંની શ્રદ્ધા વધતી હતી. ચૌદમી સદીમાં જ્યોતિષી-ઓનો ધંધો ખૂબ જ ધીખતો હતો. એની લોકમાનસ ઉપર (મુસ્લિમો ઉપર પણ) એટલી બધી અસર હતી કે જાદુ તથા જ્યોતિષમાં ન માનનાર માણસ કાં તો ચક્રમ વા નાસ્તિક ગણાતો હતો!

અલાઉદ્દીન ખલજીના અને પછીના સમયમાં અનેક નાનાંમોટાં કામો શરૂ કરવા પૂર્વે તેનું જોખમ જાણી લેવાના ઇરાદે માણસ પોતાના જન્માક્ષર કઢાવતો, જ્યોતિષી પાસે હાથ જોવડાવતો. લગભગ લત્તેલત્તે હિંદુ અને મુસ્લિમ બંને ધર્મોના જ્યોતિષીઓ બેસતા.

મોહમ્મદ તુઘલુકને યોગના ચમત્કારોમાં ઘણો વિશ્વાસ હતો. ભૂત-ડાકણના ભયો અને વિવિધ પ્રકારના ભૂવા-જાદુઓનો બહુ મોટો પ્રસાર થયો હતો.

* જયપુર અને દિલ્હીમાં જે વેધશાળાઓ અઢારમી સદીમાં ઊભી કરવામાં આવી હતી તેની પાછળ મુખ્ય પ્રેરણા ગ્રહજ્યોતિષની હતી!

હિંદુઓની માન્યતાઓ અને રિવાજો જ્યાં સારી પેઠે પ્રવેશ્યાં હતાં તે હતું જનાનખાનું (હરમ), દુનિયા-ભરની ગુલામ છોકરીઓ ત્યાં ભેગી થયેલી હતી. પરિણામે દુનિયાભરના રિવાજો, વહેમો અને સામાજિક સંસ્કારોનું આદાનપ્રદાન થતું. અકબરે તો એ સૌને પૂજાપાઠની છૂટ આપી હતી. આની અસર બાદશાહના આખા પરિવાર પર થઈ હતી. દીકરીને સંપત્તિ નહીં આપવાનો, વિધવાઓએ પુનર્લગ્ન નહીં કરવાનો, જેવાં હિંદુઓમાં પ્રચલિત દૂષણો પણ ત્યાં પ્રવેશવા પામ્યાં હતાં.

બિનમુસ્લિમ સંસ્કાર-પ્રવેશનું ત્રીજું દ્વાર હતું રાજદરબારી મહેફિલ. રાજદરબારોમાં નૃત્ય અને સંગીતના જલસા થતા તેમાં તે સમયના કેટલાક ઉલેમાઓ પણ હાજર રહેતા હતા. ખાસ કરીને અમુક શુભ પ્રસંગે આનો બચાવ પણ એ રીતે કરવામાં આવતો હતો કે જો આ રિવાજ બંધ કરી દેવામાં આવશે અને 'ન કરે નારાયણ' અને પરિણામે કંઈ અશુભ બનવા પામ્યું — સાંસારિક નુકસાન થયું કે કોઈને શારીરિક ઈજા થઈ કે કોઈનું મૃત્યુ થયું તો ઇસ્લામને કારણે એ રિવાજનું ઉલ્લંઘન કર્યાનું ગણાશે અને અંતે ઇસ્લામમાંથી નીકળી જવાનું વલણ વધશે. ·ટૂંકમાં, કુરિવાજો કાઢવા જતાં ધર્મનો ભોગ આપવો પડે એ વધુ પાપમય છે.

ગુલામ છોકરીઓ અને ગુલામોની સાથે સાથે/ઉપરાંત કેટલીક સેવિકાઓ અને દેખભાળ રાખનારી દાસીઓ પણ રાજદરબારમાં જોવા મળતી. કેતકી, ચંપા વગેરે નામો બતાવે છે કે તેઓ વટલાયેલી હિંદુ હશે. આ સ્ત્રીઓને ધર્મ સાથે કશું લાગતું-વળગતું નહીં. એમનામાં જનાનાની રાણીઓ અને અન્ય મહિલાઓ ઉપર ગુલામ છોકરીઓ અને રખાતો કરતાં વધારે અસર પડતી.

(એમ. મુજિબકૃત 'ધ ઇન્ડિયન મુસ્લિમ'માંથી)

# પુરવણી–૪

## મહત્ત્વના બનાવોની તવારીખ-૧

| ઈ. સ. | |
|---|---|
| ૬૨૦ | હર્ષની હાર પુલકેશી બીજાના હાથે. |
| ૬૨૨ | હિજરી સંવતનો આરંભ : મોહમ્મદ પયગંબરનું મક્કાથી મદીના જવું. |
| ૬૨૯–૪૩ | યુઆન શ્વાંગની ભારતયાત્રા. |
| ૬૩૨ | મોહમ્મદ પયગંબરનું અવસાન. |
| ૬૩૭ | મુસ્લિમ-આરબોનું પ્રથમ નૌકા આક્રમણ. |
| ૬૪૧ | હર્ષનો એલચી ચીની દરબારમાં અને ચીની એલચી ભારતમાં. |
| ૬૪૩ | હર્ષ પ્રયાગ અને કનોજમાં બૌદ્ધ સંગિતિ નિમંત્રે છે. |
| | મુસ્લિમોના કાબુલ–ઝાબુલ પરના આક્રમણનો આરંભ. |
| ૬૭૧–૯૫ | ઈત્સિંગની ભારતયાત્રા. |
| ૭૦૦–૨૮ | પલ્લવ રાજા નરસિંહ વર્મા બીજો. |
| ૭૦૦–૪૦ | કનોજનો યશોવર્મા. |
| ૭૧૧–૧૩ | આરબોનું સિંધ આક્રમણ [મોહમ્મદ બિન કાસિમની જીત] |
| ૭૨૦ | પલ્લવ રાજા અને ચીન વચ્ચે એલચીઓની આપ-લે. |
| ૭૨૪–૩૮ | સિંધ, રજપૂતાના અને ગુજરાત ઉપર આરબ આક્રમણો. |
| ૭૩૩–૭૫૩ | ગુજરાતના રાષ્ટ્રકૂટો દંતીદુર્ગનું મહારાષ્ટ્ર, હૈદરાબાદ – મૈસૂર સુધીનું શાસન. |
| ૭૫૦–૬૦ | પાલ શાસનનો બંગાળમાં પ્રારંભ. |
| ૭૫૬ | નાગભટ્ટ પહેલો [ગુર્જર પ્રતિહાર વંશનો સ્થાપક] |
| ૭૮૮–૮૨૦ | શંકરાચાર્યનો પ્રભાવ. |
| ૮૩૬–૮૬૨(?) | મિહિરભોજ (વરાહભોજ) મહાન વીરનાયક પૌરણિક સંસ્કૃતિ સંરક્ષક. |
| ૮૨૫–૯૦૦ | મનુનો ભાષ્યકાર મેધાતિથિ. |
| ૧૦૦૦ | મહમદ ગઝનવીનું ભારત ઉપર પ્રથમ આક્રમણ. |
| ૧૦૦૦–૨ | જયપાલ સાથે મહમૂદનું યુદ્ધ. |
| ૧૦૧૮–૬૦ | ભોજ રાજા (ધાર) |
| ૧૦૨૦ | લાહોર ગઝનવી સામ્રાજ્યનો ભાગ બને છે. |
| ૧૦૨૬ | ગઝનવીની સોમનાથ સવારી. |
| ૧૦૩૦ | મહમૂદ ગઝનવીનું અવસાન. |
| ૧૧૦૦ | કલ્હણ [કાશ્મીરી ઇતિહાસ]: |

## મહત્ત્વના બનાવોની તવારીખ-૨

| | |
|---|---|
| ૧૧૭૪ | શાહબુદ્દીન ઘોરી ગઝનીનું ભારત પર પ્રથમ આક્રમણ. |
| ૧૧૭૯ | ઘોરીનો અણહિલવાડમાં પરાજય. |

૧૧૮૬ ઘોરીનો લાહોર ઉપર કબજો.

૧૧૯૧ પૃથ્વીરાજના હાથે ઘોરીનો પરાજય.

૧૧૯૨ ઘોરીના હાથે પૃથ્વીરાજની હાર.

૧૧૯૩ કુત્બુદ્દીન દિલ્હી જીતે છે.

૧૧૯૪ ઘોરીની હત્યા.

૧૨૦૬–૧૦ કુત્બુદ્દીન ઐબક [ગુલામવંશ] દિલ્હીની ગાદીએ.

૧૨૪૧ મૉંગોલોની લાહોર ચઢાઈ.

૧૨૪૬–૬૬/૮૬ નસિર-ઉદ્-દીન [બલ્બન] વહીવટકાર તરીકે સુલતાન તરીકે.

૧૨૯૦–૯૬ જલાલુદ્દીન ખલજી [ખલજીવંશ : દિલ્હીની ગાદીએ].

૧૨૯૨ મૉંગોલોનું ભારત આક્રમણ.

૧૨૯૩ માર્કો પોલો દક્ષિણ ભારતમાં.

૧૨૯૬–૧૩૧૬ અલાઉદ્દીન ખલજી [દિલ્હીની ગાદીએ]

૧૩૨૫–૫૧ મોહમ્મદ બિન તુઘલુક [દિલ્હીની ગાદીએ]

૧૩૨૭ દિલ્હીની ગાદીનું દોલતાબાદ સ્થળાંતર.

૧૩૩૬ વિજયનગરની સ્થાપના.

૧૩૪૭ બહમની રાજ્યની સ્થાપના.

૧૩૯૮ તૈમૂર લંગનું ભારત આક્રમણ.

## મહત્ત્વના બનાવોની તવારીખ–૩

૧૪૧૧ અમદાવાદની સ્થાપના અહમદશાહના હાથે.

૧૪૧૪–૫૧ સૈયદવંશની સત્તા [દિલ્હી].

૧૪૫૧–૧૫૨૬ લોદીવંશનો અમલ [દિલ્હી].

૧૪૯૮ વાસ્કો ડા ગામાનું ભારતાગમન [કાલીકટ બંદરે]

૧૫૦૯–૨૯ કૃષ્ણદેવ રાય [વિજયનગર] રાણા સંગ [મેવાડ]

૧૫૧૦ ફિરંગીઓ ગોવા જીતે છે.

૧૫૧૮ બહમની રાજ્યનો અંત.

૧૫૨૬ પાણીપતનું મહત્ત્વનું યુદ્ધ [મોગલોના હાથે લોદીવંશની હાર]

૧૫૨૬–૩૦ બાબર [મોગલ સામ્રાજ્ય દિલ્હીની ગાદીએ]

૧૫૪૦–૪૫ શેરશાહ સૂર [દિલ્હીમાં ૧૫૪૦–૫૫ સૂરવંશ]

૧૫૪૦–૪૫ હુમાયુંનું નિર્વાસન [ભારત બહાર ઈરાન, અફઘાનિસ્તાન]

૧૫૫૫–૫૬ હુમાયુંનું બીજી વખત દિલ્હી-શાસન.

૧૫૫૬–૧૬૦૫ અકબર [દિલ્હીની ગાદીએ].

૧૫૭૪ અબુલ ફઝલ અને બદાયુનીનું અકબરના દરબારમાં આગમન.

૧૫૮૨ 'દીને–ઇલાહી'ની જાહેરાત.

## મહત્ત્વના બનાવોની તવારીખ-૪

૧૫૮૯ ટોડરમલ અને તાનસેનનું અવસાન.

૧૬૦૫ અકબરનું અવસાન.

| | |
|---|---|
| ૧૬૦૫–૨૭ | જહાંગીર [દિલ્હીની ગાદીએ] |
| ૧૬૦૮–૪૯ | તુકારામ [મહારાષ્ટ્રના મહાન ભક્ત સંત] |
| ૧૬૦૮–૪૧ | રામદાસ [શિવાજીના ગુરુ] |
| ૧૬૧૫ | ટૉમસ રોની જહાંગીર સાથે મુલાકાત – સુરતમાં અંગ્રેજી કોઠી. |
| ૧૬૨૭ | શિવાજીનો જન્મ. |
| ૧૬૨૭–૫૮ | શાહજહાં દિલ્હીની ગાદીએ. |
| ૧૬૪૫–૪૭ | ઔરંગઝેબ શાહજાદો ગુજરાતના સૂબાપદે. |
| ૧૬૪૬ | નૂરજહાંનું અવસાન. |
| ૧૬૪૯ | શિવાજીના નેતૃત્વ હેઠળ મરાઠા ઉદયનો આરંભ. |
| ૧૬૫૩–૫૮ | ઔરંગઝેબ દક્ષિણ ભારતનો સૂબો. |
| ૧૬૫૮–૧૭૦૭ | ઔરંગઝેબ દિલ્હીની ગાદીએ. |
| ૧૬૬૪ | શિવાજીની સુરતની પહેલી ચઢાઈ અને લૂંટ. |
| ૧૬૬૬ | શાહજહાંનું અવસાન. |
| ૧૬૭૦ | સુરતની બીજી વારની લૂંટ. |
| ૧૬૮૫–૮૭ | ઔરંગઝેબનો બિજાપુર – ગોવલકોંડાને ઘેરો. |
| ૧૭૦૭ | ઔરંગઝેબનું અવસાન. |
| ૧૭૦૮ | ગુરુ ગોવિંદસિંહનું અવસાન. |
| ૧૭૧૩–૨૦ | બાલાજી વિશ્વનાથ પ્રથમ પેશ્વા. |
| ૧૭૨૦–૪૦ | બાજીરાવ બીજો પેશ્વા. |
| ૧૭૨૦–૫૦ | સ્વતંત્ર રાજ્યો તરીકે હૈદરાબાદ, ઔંધ અને બંગાળની સ્થાપના. |
| ૧૭૨૯ | કાનોજી આંગ્રેનું અવસાન. |
| ૧૭૩૯ | નાદિરશાહ દિલ્હી જીતે છે – સુજાઉદૌલાનું અવસાન. |
| ૧૭૪૦–૬૧ | બાલાજી બાજીરાવ (ઉર્ફે નાનાસાહેબ) (૩જો પેશ્વા). મરાઠાઓનું કર્ણાટક આક્રમણ. |
| ૧૭૪૨–૫૧ | મરાઠા સત્તાનો પ્રસાર (બંગાળ, બિહાર, ઓરિસામાં) |

## મહત્ત્વના બનાવોની તવારીખ-૫

| | |
|---|---|
| ૧૭૫૭ | પ્લાસીનું બીજું યુદ્ધ રઘુનાથરાવ (મરાઠા) દિલ્હી વિજય. કલાઇવના હાથે બંગાળ વિજય. |
| ૧૭૫૯–૧૮૦૬ | શાહઆલમ (દિલ્હીની ગાદીએ). |
| ૧૭૬૧ | પાણીપતનું ત્રીજું યુદ્ધ / અફઘાનો અને મોગલો દ્વારા મરાઠાઓનો પરાજય. |
| ૧૭૬૩ | માધવરાવ (૪થો પેશ્વા). |
| ૧૭૬૫–૧૭૭૨ | ઈસ્ટ ઈન્ડિયા કંપનીને બંગાળાની દીવાની પ્રાપ્ત. |
| ૧૭૭૪–૮૨ | પ્રથમ મરાઠા-અંગ્રેજ વિગ્રહ. |
| ૧૮૦૩ | અંગ્રેજોની દિલ્હી પર હકૂમત. [મોગલ બાદશાહ શાહ આલમ બીજો અંગ્રેજોના શરણે] |
| ૧૮૧૭–૧૮ | ત્રીજો મરાઠા વિગ્રહ (મરાઠી સત્તાનો અંત). |
| ૧૮૨૦ | અંગ્રેજી સત્તાની સુદૃઢ સ્થાપના. |

# શિવાજી યુગની તવારીખ


| | |
|---|---|
| ૧૬૦૧ | શાહજી(શિવાજીના પિતા)નો જન્મ. |
| ૧૬૦૬ | માલોજી(શિવાજીના પિતામહ)નું મૃત્યુ. |
| ૧૬૦૮ | સ્વામી રામદાસનો જન્મ. |
| ૧૬૨૪ | ભાટવાડીના યુદ્ધમાં મલિક અંબરે, શાહજીની અદ્‌ભુત કામગીરીના પ્રતાપે, મોગલ તથા બિજાપુર બેઉની સહિયારી તાકાતને પરાજય આપ્યો. |
| ૧૬૨૬ (એપ્રિલ) | શિવાજીનો જન્મ (માતા : જીજીબાઈ). |
| ૧૬૨૬ (મે) | મલિક અંબરનું મૃત્યુ. |
| ૧૬૨૮ (નવેમ્બર) | શાહજીનું મોગલ હસ્તકના ખાનદેશ પર આક્રમણ. |
| ૧૬૩૦ (ડિસેમ્બર) | શાહજીનું મોગલો સાથે સમાધાન. |
| ૧૬૩૨ (મે) | શાહજીએ મોગલોનો સાથ છોડયો. |
| ૧૬૩૩ (ઑગસ્ટ) | શાહજીએ નિઝામશાહને નામ પૂરતો ગાદીનશીન કર્યો. |
| ૧૬૩૬ (ઑક્ટોબર) | બિજાપુરના આદિલશાહની નોકરીમાં. |
| ૧૬૩૭ (ફેબ્રુઆરી) | આદિલશાહે શાહજીને પૂનાની જાગીર પાછી આપી. |
| ૧૬૩૮ | શિવાજી અને તેની માતાનો શિવનેર છોડી દઈ પૂના વસવાટ (દાદાજી કોંડદેવની દેખભાળમાં); શિવાજીની રાજકીય જાગૃતિનો આરંભ. |
| ૧૬૪૫ | શિવાજી હસ્તક પૂનાની જાગીર. |
| ૧૬૪૭ | શિવાજીની સક્રિય રાજકીય કારકિર્દીનો આરંભ : કોંડાણાનો કિલ્લો (સિંહગઢ) સર કર્યો. |
| ૧૬૪૮ (જુલાઈ) | શાહજી બિજાપુર કેદમાં. |
| ૧૬૪૯ (મે) | શાહજીની બિજાપુર કેદમાંથી મુક્તિ. |
| ૧૬૫૭ (એપ્રિલ) | રાજકુમાર તરીકે ઔરંગઝેબનો દક્ષિણ પ્રવાસ. |
| ૧૬૫૭ (મે) | શિવાજીના પુત્ર સંભાજી(શંભુજી)નો જન્મ (માતા સાઈબાઈ : પત્ની યેસુબાઈ). |
| ૧૬૫૮ (જુલાઈ) | ઔરંગઝેબની તખ્તનશીની. |
| ૧૬૫૯ (નવેમ્બર) | શિવાજી-અફઝલખાં-ઘટના. |

| | |
|---|---|
| ૧૬૬૧ (માર્ચ) | રાજાપુર પર ચઢાઈ અને અંગ્રેજ વેપારીઓને કેદ (તેમની મુક્તિ છેક ૧૬૬૩ ફેબ્રુઆરીમાં). |
| ૧૬૬૩ (એપ્રિલ) | શિવાજી-સાહિસ્તખાં-ઘટના (મધરાતનો હલ્લો). |
| ૧૬૬૪ (જાન્યુઆરી) | સુરત બંદરની લૂંટ.<br>શાહજીનું મૃત્યુ (શિવાજીની ઉંમર ૩૮). |
| ૧૬૬૫ (જૂન) | શિવાજી-જયસિંહ મુલાકાત; પુરંદર સંધિ. |
| ૧૬૬૫ (નવેમ્બર) | બિજાપુર સામે શિવાજી અને જયસિંહનું સંયુક્ત યુદ્ધ (નિષ્ફળતા). |
| ૧૬૬૬ (જાન્યુઆરી) | પન્હાળા પરના આક્રમણ માટે જયસિંહ દ્વારા શિવાજી રવાના (નિષ્ફળતા). |
| ૧૬૬૬ (મે) | શિવાજીની ઔરંગઝેબના દરબારમાં હાજરી અને બંદીવાસ. |
| ૧૬૬૬ (ઑગસ્ટ) | શિવાજીનું આગ્રા કેદ બંદીવાસમાંથી ગુપ્ત પલાયન. |
| ૧૬૬૭ (એપ્રિલ) | પત્ર દ્વારા ઔરંગઝેબની આધીનતાનો શિવાજીએ કરેલો સ્વીકાર. |
| ૧૬૬૭ (ઑગસ્ટ) | શિવાજીની આદિલશાહ સાથે સંધિ. |
| ૧૬૬૮ (માર્ચ) | ઔરંગઝેબ દ્વારા શિવાજીની 'રાજા'ની પદવીનો સ્વીકાર. |
| ૧૬૬૯ (માર્ચ) | શિવાજીનો શાંતિપૂર્વક રાયગઢનિવાસ. |
| ૧૬૭૦ (જાન્યુઆરી) | મોગલો સાથે નવેસરથી યુદ્ધનો આરંભ. |
| ૧૬૭૦ (ફેબ્રુઆરી) | શિવાજીના બીજા પુત્ર રાજારામનો જન્મ (માતા સાયરાબાઈ; પત્ની તારાબાઈ). |
| ૧૬૭૦ | શિવાજી હસ્તક સ્વાધીન રાજ્ય સ્થાપના (રાજ્યાભિષેક). |
| ૧૬૭૦ (ઑક્ટોબર) | સુરતની બીજી વારની લૂંટ. |
| ૧૬૭૪ (જૂન) | રાજ્યાભિષેક સમારોહનો આરંભ; (અંગ્રેજ દૂત સાથે સંધિપત્ર પર સહી). |
| ૧૬૭૪ (જૂન) | શિવાજીનાં માતા જીજીબાઈનું અવસાન. |
| ૧૬૭૪ (સપ્ટેમ્બર) | બીજો રાજ્યાભિષેક. |
| ૧૬૭૫ (માર્ચથી મે) | શિવાજીએ મોગલ સાથે સંધિનો ઇરાદો દેખાડી બહાદુરખાંને આપેલી શિકસ્ત. |
| ૧૬૭૬–૭૭ (જૂન) | પ્રાયશ્ચિત્ત બાદ નેતાજી પાલકરનો પુનઃ હિંદુ ધર્મ પ્રવેશ; શિવાજીના દક્ષિણ-વિજયો (કર્ણાટક – ગોવલકોંડા – હૈદરાબાદ). |
| ૧૬૭૬ (જાન્યુ.–માર્ચ) | શિવાજીની બીમારી. સતારામાં સારવાર. |
| ૧૬૭૮ | સાવકા ભાઈ વ્યંકોજી સાથે મુલાકાત–ઘર્ષણ–સમાધાન. |
| ૧૬૭૮ (ડિસેમ્બર) | સંભાજીનું ભાગીને દિલેરખાં સાથે ભળી જવું. |
| ૧૬૭૯ (ઑક્ટોબર) | દિલેરખાંનું બિજાપુર પર આક્રમણ, શિવાજીનું આદિલશાહના પક્ષે ભળવું. |
| ૧૬૮૦ (જાન્યુઆરી) | શિવાજીની પન્હાળામાં સંભાજી સાથે મુલાકાત. |
| ૧૬૮૦ (માર્ચ) | રાયગઢમાં રાજારામનું લગ્ન. |
| ૧૬૮૦ (એપ્રિલ) | શિવાજીનું અવસાન. |
| ૧૬૮૨ | પૌત્ર શાહુનો જન્મ. |
| ૧૭૦૭ | ઔરંગઝેબનું અવસાન. |

# ગુજરાતમાં મુસ્લિમ શાસન

## અહમદશાહી

મુસ્લિમોનું ગુજરાત પર રાજકીય શાસન સ્થપાય તેના ઘણા સમય પહેલાંથી તેમનો દરિયાખેડુઓ તરીકે કે વેપારીઓ તરીકે ગુજરાતની સાથે સંપર્ક રહ્યા કર્યો હતો. આરબ અને અન્ય મુસ્લિમ વેપારીઓએ ગુજરાતમાં ભરૂચ તથા ખંભાતમાં તેમનાં થાણાં નાખ્યાં હતાં. આરબોએ ઘણા લાંબા કાળથી ગુજરાતમાં જાથૂકનો (હંમેશ રહે — ચાલ્યા કરે એવો) વસવાટ કર્યાના ઐતિહાસિક પુરાવા ઉપલબ્ધ બને છે. સિદ્ધરાજના સમયમાં ફાતિમાશાહી મિસરથી ગુજરાતમાં આવેલા અબ્દુલ્લા નામના એક ધર્મપ્રચારક — મિશનરીએ મુસ્લિમોના એક મહત્વના સંપ્રદાય — વહોરા સંપ્રદાયની સ્થાપના કરી હતી એવી દંતકથા છે. ઈ. સ. ૧૨૯૭માં અલ્લાઉદ્દીન ખલજીએ ગુજરાતમાં મુસ્લિમ શાસન સ્થાપ્યું ત્યાર બાદ ગુજરાત પર દિલ્હીના સૂબાઓ દ્વારા અથવા ત્યાર બાદ સ્વતંત્ર મુસ્લિમ સુલતાનો દ્વારા મુસ્લિમ શાસન પ્રવર્ત્યું. આ મુસ્લિમ શાસન ગુજરાતમાં મરાઠાઓએ તેની સત્તા સ્થાપી ત્યાં સુધી ચાલ્યું. અલ્લાઉદ્દીન અને તુર્ક તથા અફઘાન મુસ્લિમોએ એક પછી એક રાજપૂત રાજવીઓને હરાવી ગુજરાતમાં મુસ્લિમ શાસનનો વિસ્તાર વધાર્યો. દિલ્હીનું મુસ્લિમ શાસન નબળું પડતાં ગુજરાતના સૂબા ઝફરશાહે દિલ્હીના બાદશાહ પ્રત્યેની વફાદારી ફગાવી દઈ મુઝફ્ફરશાહનો ખિતાબ ધારણ કરી પોતાનું સ્વતંત્ર શાસન સ્થાપ્યું. તેના અનુગામી **અહમદશાહે** ઈ. સ. ૧૪૧૨માં તેના નામ પરથી અમદાવાદ શહેરની સ્થપના કરી અને અણહિલપુર પાટણથી તેણે આ નવા શહેર અમદાવાદમાં પોતાની રાજધાની ખસેડી. અમદાવાદ સ્વતંત્ર મુસ્લિમ સુલતાનોના શાસનકાળમાં ઉદ્યોગ અને વેપારની દૃષ્ટિએ એક સમૃદ્ધ નગર બન્યું.




....ભારતની વર્તમાન બાહ્યસીમા

The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line.

અમદાવાદના સ્થાપક અહમદશાહ પછી ગુજરાતની ગાદીએ આવનાર મહમૂદ બેગડાએ ગુજરાતમાં બાકી રહી જવા પામેલાં રાજપૂત રાજ્યોને વશ કરી ગુજરાતમાં મુસ્લિમ સત્તા નિષ્કંટક બનાવી. મહમૂદ બેગડો પ્રતાપી, શૂરવીર અને વહીવટકુશળ રાજવી હતો. માલિક અય્યાઝ નામના એક ગુલામની મદદથી તેણે નૌકાકાફલો ઊભો કર્યો અને આ નૌકાકાફલાની મદદથી મહમૂદે ભારત પર પગદંડો જમાવવા માગતા ફિરંગીઓ – પોર્ટુગીઝોને ગુજરાતમાં આગળ વધતા અટકાવ્યા. સૌરાષ્ટ્રના કાંઠા પર આવેલું દીવ મહમૂદના નૌકાકાફલાનું મથક બન્યું. મહમૂદની બુભુક્ષા, બહાદુરી, વિષની (ઝેર) સામેની પ્રતિકારશક્તિ અને તેની ભીમકાયા વિશે અનેક દંતકથાઓ પ્રચલિત બની છે.

આ મહમૂદ બેગડાના શાસનકાળ દરમિયાન સમૃદ્ધિ, સંસ્કારિતા અને પ્રગતિનો યુગ શરૂ થયો. ભારતીય વિદ્યા, કળા અને સંસ્કૃતિના એક વારના કેન્દ્ર પાટણે પુનઃ વિદ્યાકલાના કેન્દ્રનું સ્થાન ધારણ કર્યું. આ સમયે તે મુસ્લિમ વિદ્યા-કલાનું કેન્દ્ર બન્યું. સ્વતંત્ર મુસ્લિમ સુલતાનોની પડતીનો પણ સમય આવ્યો. સિકંદરશાહની હત્યા થયા બાદ ગુજરાતની સ્વતંત્ર સુલતાનશાહીનાં વળતાં પાણી થયાં.

* દિલ્હીના પ્રતાપી મોગલ બાદશાહ અકબરે ગુજરાતના સુલતાન બહાદુરશાહને હરાવી, ફરીને એક વાર ગુજરાત પર દિલ્હીની સર્વોપરીતા સ્થાપી, પોતાના સૂબાઓ દ્વારા તેના પર પોતાનું તંત્ર ગોઠવ્યું. દિલ્હીના મોગલ બાદશાહોએ અકબરથી શરૂ કરી છેક શાહજહાં સુધી, તેમના પ્રતાપી રાજકુંવરોને ગુજરાતના સૂબા નીમી ગુજરાત પર શાસન ચલાવ્યું. આમ મોગલ સમ્રાટોના ગુજરાતના સૂબા તરીકે રાજપુત્રો તરીકે નિમણૂક મેળવનારાઓમાં અકબરના પુત્ર જહાંગીર, તેનો પુત્ર શાહજહાં અને તેના પુત્ર ઔરંગઝેબનો સમાવેશ થાય છે.

ઈ. સ. ૧૭૫૮માં મોમિનખાનના હાથમાંથી મરાઠાઓએ અમદાવાદ સર કરતાં ગુજરાત પરથી મુસ્લિમ શાસનનો ઔપચારિક રીતે અંત આવ્યો. અલાઉદ્દીનના સમયથી (ઈ. સ. ૧૨૯૭થી) મોમિનખાન સૂબા (ઈ. સ. ૧૭૫૮) સુધીના સાડા ચાર સૈકાં સુધી ગુજરાત પર રહેલા મુસ્લિમ શાસને ગુજરાતમાં રૂઢિ-રિવાજો, પરંપરાઓ, પોશાક, સામાજિક માળખું, ભાષા અને સાહિત્ય પર કાયમી પ્રભાવ પાડ્યો છે.

[ લે. નરહરિ કે. ભટ્ટ 'ગુજરાત' પુસ્તિકામાંથી, પ્રકાશક: માહિતી ખાતું, ગુજરાત સરકાર, ૧૯૭૪ ]

# પૂર્વ ભારતમાં મુસ્લિમ શાસન

## હુસૈનશાહી

અલાઉદ્દીન હુસૈનથી જે નવા શાહીવંશનો આરંભ થયો તે લગભગ પચાસ વર્ષ સુધી ચાલુ રહ્યો હતો. બંગાળાના તમામ સુલતાનોમાં હાજી ઇલ્યાસને બાદ કરતાં અલાઉદ્દીન હુસૈનશાહ [ઈ. સ. ૧૪૯૩–૧૫૧૮] સૌથી મહાન અને સૌથી વિશેષ લોકપ્રિય હતો. તેણે રાજ્યમાં આંતરિક વ્યવસ્થા સ્થાપી હતી અને ત્યાંના તમામ સરદારોનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો હતો. તખ્ત ઉપર બેસતાંની સાથે જ મહેલના માથાભારે બની ગયેલા હિંદુ રક્ષકોને કાબૂમાં લાવવા તેણે દૃઢતાથી કામ લીધું હતું, વિજયી સૈનિકોને તેણે પાટનગરમાં લૂંટ કરવાની મનાઈ કરી હતી. છતાં તેમણે તેના હુકમનો અનાદર કર્યો ત્યારે તેણે તેઓમાંથી બાર હજાર જેટલાની કતલ કરાવી હતી. બીજી મુશ્કેલી હબસી ગુલામોની વધી ગયેલી તાકાતને લઈને ઉપસ્થિત થઈ હતી. ભવિષ્યમાં તેઓ સત્તા આંચકી ન લે તે માટે અલાઉદ્દીન હુસૈનશાહે તે સર્વેને રાજ્યની હદમાંથી બહાર કાઢી તેમના સ્થાને સૈયદો, અફઘાનો, તુર્કો અને અગાઉ થઈ ગયેલા શાહી વંશોના અમીરોને નીમ્યા હતા.

ઈ. સ. ૧૪૯૪માં જોનપુરના છેલ્લા સુલતાન હુસૈનશાહ શર્કીએ જોનપુરના રાજ્ય ઉપર પુનઃ અધિકાર સ્થાપિત કરવા પ્રયત્નો કર્યા હતા ત્યારે તેને દિલ્હીના સિકંદર લોદીએ પરાજય આપી હાંકી કાઢયો હતો. તેને અલાઉદ્દીન હુસૈનશાહે આશ્રય આપ્યો હતો અને તેના શાહી દરજ્જાને અનુરૂપ રહેઠાણ અને જીવનનિર્વાહ અંગેની તેના અવસાન [ઈ. સ. ૧૫૦૦] સુધીની વ્યવસ્થા કરી આપી હતી.

જે પ્રદેશો રાજ્યના કબજામાંથી અગાઉ જતા રહ્યા હતા તે પાછા મેળવવા અલાઉદ્દીન હુસૈનશાહે પ્રયત્નો કર્યા. તેણે તેના રાજ્યનો વિસ્તાર દક્ષિણમાં જાજનગર સુધી વધાર્યો. તે પછી ઈ. સ. ૧૪૯૮માં તેણે કામરૂપ [આસામ] ઉપર ચડાઈ કરી કમલપુર જીત્યું. તેમાં તેના લશ્કરને મહા આફત વેઠવી પડી. તેણે કૂચબિહારનો થોડો ભાગ અને ચિત્તગોંગ જીતી લીધા. તેનું અવસાન ઈ. સ. ૧૫૧૮માં થયું. રૈયતના હિતમાં કાર્યો કરવા તે હમેશાં તત્પર રહેતો હતો. તેણે તેના રાજ્યના પ્રદેશોમાં ઠેકઠેકાણે મસ્જિદો, મકબરા (દાનકેન્દ્રો)ના દવાખાનાં અને લંગરખાનાં બંધાવ્યાં હતાં. અને તેમના નિભાવ માટે વ્યવસ્થા કરી હતી. તેણે અરબી-ફારસી ભાષાઓના સાહિત્યકારો અને મૌલવીઓને આશ્રય આપ્યો હતો તેમ જ બંગાળી સાહિત્યને તેણે ઉત્તેજન આપ્યું હતું.

આ સમય દરમ્યાન ભક્ત ચૈતન્યે તેમના સંપ્રદાયનો પ્રચાર કર્યો હતો, જેને લીધે બંગાળાના હિંદુઓમાં સામાજિક અને ધાર્મિક સુધારાઓના નવા યુગનો આરંભ થયો હતો. અલાઉદ્દીન હુસૈન ન્યાયપરાયણતા, સદ્ભાવના, ભલાઈ અને ભક્તિતન્મયતાના સદ્ગુણો ધરાવતો હતો, તેથી તેનું વ્યક્તિત્વ વિશિષ્ટ પ્રકારનું લેખાતું હતું.

ટૂંકમાં, સુલતાન અલાઉદ્દીન હુસૈનશાહના શાસન દરમ્યાન બંગાળામાં જે શાંતિ, સમૃદ્ધિ અને બહુમુખી પ્રગતિ સધાઈ હતી તેવી અગાઉ કદી સધાઈ ન હતી. તેનો શાસનસમય બંગાળા રાજ્યનો સુવર્ણ યુગ હતો.

ઈ. સ. ૧૫૩૩–૩૮માં હુસૈનશાહી વંશના છેલ્લો સુલતાન ગિયાસુદ્દીન મહમૂદશાહ હતો. તે અતિ વિલાસી હતો. ઈ. સ. ૧૫૩૮માં શેરખાન સૂરીએ (સૂરવંશના સ્થાપક શેરશાહે) તેનું રાજ્ય આક્રમણ કરી જીતી લીધું. આ રીતે બંગાળાના સ્વતંત્ર શાસન હુસૈનશાહીનો અંત આવ્યો.

['મધ્યયુગીન ભારત' ખંડ ૨, લેખક ડૉ. છોટુભાઈ નાયક (ગુજરાત યુનિ. પ્રકાશન)]

# સૂચિ


અકબર (બાદશાહ) ૩૦, ૪૮–૯, ૫૧, ૫૪, ૭૮–૯, ૮૧–૨, ૧૦૨, ૧૦૮, ૧૩૧–૧૩૪, ૧૩૯–૪૦, ૧૪૬, ૧૮૬, ૧૮૮–૧૮૯, ૧૯૧–૧૯૬, ૧૯૮, ૨૦૦, ૨૦૫, ૨૦૯, ૨૧૮, ૨૧૯

અગસ્ત્ય (ઋષિ) ૨૫

અર્જુનદેવ (૫-મા શીખ ગુરુ) ૫૧, ૧૩૦, ૧૬૧, ૧૮૬, ૨૧૭–૧૮

અપ્પર (સંત) ૧૨૬

અબદુર કાદિર બદાયુની (સાહિત્યકાર) ૧૯૨

અબદુલ રહીમ ખાન–ઈ–ખાન (સાહિત્યકાર) ૧૩૦, ૧૮૮, ૧૯૩, ૧૯૬, ૨૦૨

અબુબકર (ખલીફા) ૨૦૭

અબુલ ફઝલ (વિદ્વાન–અકબરનો અધિકારી) ૫૧, ૧૯૪, ૧૯૬, ૨૦૧

અબુલ ફૈઝી (વિદ્વાન–અકબરનો અધિકારી) ૫૧, ૧૯૪, ૧૯૮

અબ્દુલ અઝીઝ (મૌલાના) ૨૦૪, ૨૦૭

અબ્દુલ સમદ (ખ્વાજા) (ઈરાની કલાકાર) ૨૦૦

અબ્દુલ હયની (મૌલાના) ૨૦૭

અમરદાસ (૩-જા શીખ ગુરુ) ૧૬૧, ૨૧૭–૨૧૮

અમીર અસ મુમિનીન (બાદશાહ) ૫૮

અમીર ખુસરો (સૂફી સંત) ૪૬–૭, ૧૩૮–૯, ૧૮૮, ૧૯૬, ૨૦૧, ૨૧૯–૨૦

અમીર ફતુલ્લાહ શિરાઝી (અકબરનો અધિકારી) ૫૧

એરિસ્ટોફનીઝ (ગ્રીક ચિંતક) ૨૦

અલ બિરુની (અલ-બરાની) (વિદ્વાન) ૨૧, ૩૦–૧, ૩૭, ૮૭, ૧૪૭, ૨૧૯

અલાઉદ્દીન અહમદ સાબિર (સૂફી) ૧૩૯

અલાઉદ્દીન ખલજી (બાદશાહ) ૪૬–૭, ૬૦–૬૨, ૮૭, ૯૨, ૯૪, ૧૦૨, ૧૫૯, ૧૭૮, ૧૮૪, ૧૮૭, ૧૯૨, ૨૨૧

અલાઉદ્દીન હુસેન (જહાં-સુઝ) (ઘોર વંશી રાજા) ૪૨

અલી (ખલીફા) ૩૨

અલી ગામધની (સૂફી કવિ) ૧૯૬

અલી હજરત (૧-લા ઇમામ) તથા અન્ય ઇમામો ૩૩

અશોક (મહારાજા) ૨૧

અશ્વઘોષ (બૌદ્ધ સાધુ) ૨૨, ૨૬

અહમદશાહ (ગુજરાતના સુલતાન) ૪૯

અહમદશાહ (૧-લો) (નિઝામશાહ) ૬૮

અહમદશાહ અબ્દાલી (મોગલ સેનાપતિ) ૮૯, ૧૧૨–૧૧૬

અહલ્યાબાઈ (રાણી) ૧૨૧–૧૨૩

અંગદ (૨-જા શીખ ગુરુ) ૨૧૭–૧૮

આઝમ (હિંદી સાહિત્યકાર) ૧૯૬

આનંદપાલ અને બ્રહ્મપાલ (ઝાબુલનો શાહીવંશી રાજા) ૩૮

આનંદરાય (કવિ) ૧૯૫

આર્યભટ (વિજ્ઞાની) ૫, ૧૯૩

આશ્વાલાયન (બૌદ્ધયુગી વેદપાઠી) ૧૬૫

આંડાલ (આલ્વાર સંત મહિલા) ૧૨૫, ૧૨૭, ૧૪૧

ઇત્સિંગ (ચીની પ્રવાસી) ૨૩, ૩૦

ઇન્દ્રજિત ત્રિપાઠી (કવિ) ૧૯૫

ઇબ્ન અલ અરબી (તત્ત્વચિંતક) ૧૩૬

ઇબ્ન અલ તનૂખી (વૈદ્ય) ૧૯૩

ઇબ્ન ખાલ્દુન (વિદ્વાન) ૮૪, ૮૬

ઇબ્ન બતૂતા (વિદેશી પ્રવાસી ઇતિહાસકાર) ૪૬–૭, ૬૫, ૧૪૮

ઇબ્રાહીમ ગાર્દી (મોગલ તોપચી) ૧૧૪, ૧૧૬–૧૭

ઇબ્રાહીમ લોદી (સુલતાન) ૪૮, ૫૦

ઇરેઝમસ (પશ્ચિમી વિદ્વાન) ૧૮૨

ઇલ્તુતમિશ (સુલતાન) ૪૫–૬, ૧૩૮

ઈશુ (ખ્રિસ્ત) ૩૯, ૧૫૧–૫૨

ઈશ્વર કૃષ્ણ (સાંખ્ય દાર્શનિક) ૧૩

ઉથમાન (કવિ) ૧૯૬

ઉદ્યોતકર (જૈનાચાર્ય) ૧૩

ઉપાલિ (બૌદ્ધ શિષ્ય) ૧૬૫

ઉમર (ખલીફ) ૩૨

ઉમૈયા (ખલીફ) ૩૪

ઉસ્માન (ખલીફ) ૩૨

એકનાથ (સંત કવિ) ૯૦, ૯૨, ૯૪, ૧૪૬, ૧૬૧, ૧૬૬–૬૮, ૧૭૨, ૧૭૫–૭૮
એકહાર્ટ (ખ્રિસ્તી સંત) ૧૫૨
ઍડમ સ્મિથ (પશ્ચિમી અર્થશાસ્ત્રી) ૧૨૩
ઍરિસ્ટૉટલ (ગ્રીક ચિંતક) ૬૭

ઔરંગઝેબ (બાદશાહ) ૪૯, ૫૪–૫૬, ૬૭, ૮૧–૨, ૯૬–૯૮, ૧૦૦–૧૦૭, ૧૦૯–૧૧૩, ૧૪૦, ૧૪૩, ૧૪૭, ૧૭૪, ૧૮૫–૬, ૧૮૯, ૧૯૦–૧, ૧૯૫–૬, ૨૦૧–૨, ૨૦૮, ૨૧૬

કણાદ (વૈશેષિક દાર્શનિક) ૧૩
કનકદાસ (દક્ષિણી સંત) ૧૩૪
કનહપ નાયક (વારંગલનો રાજા) ૬૩
કપિલ (સાંખ્ય દાર્શનિક) ૧૩
કબીર (સંત કવિ) ૧૨૭–૧૨૯, ૧૩૦–૧, ૧૩૩–૪, ૧૪૨–૧૪૪, ૧૪૮–૯, ૧૫૭–૮, ૧૬૬–૭, ૧૭૩, ૧૭૫, ૧૭૮, ૧૮૭
કર્ણ–કમલકર ભટ્ટ (પંડિત) ૧૯૪
કર્ણદેવ (વાઘેલા રાજા) ૬૨, ૨૧૩
કલ્હણ (સાહિત્યકાર) ૩૭
કવિરાય (કવિ) ૧૯૬
કવીન્દ્રાચાર્ય (પંડિત) ૧૯૪
કંપન (વિજયનગર-રાજકુંવર) ૭૨, ૮૯
કંપિલીદેવ (આંધ્રનો રાજા) ૬૩, ૭૧
કાનોજી આંગ્રે (મરાઠા સેનાપતિ) ૨૦૮
કાન્હોપાત્રા (મહિલા-સંત) ૯૨–૩, ૧૪૨, ૧૫૩, ૧૭૩, ૧૭૫
કાપય નાયક (વારંગલનો રાજા) ૬૩, ૬૪, ૬૬
કાલિદાસ (મહાકવિ) ૧૬
કાસિમ શાહ (હંસ જૌહર) (કવિ) ૧૯૬
કિશન જોષી (વિદ્વાન) ૧૯૪
કુણાલ (રાજા) ૨૨
કુતબન (કવિ) ૧૯૬
કુતબુદ્દીન ઐબક (ગુલામવંશનો સ્થાપક) ૪૨–૪૪, ૧૪૦, ૧૫૯, ૧૯૩, ૨૧૩
કુતુબશાહ (કવિ) ૧૩૨
કુબેરનાગા (વિક્રમાદિત્યની રાણી) ૨૭
કુમારગુપ્ત ૧-લો (રાજા) ૧૫, ૧૭, ૧૬૪
કુમારજીવ (બૌદ્ધ પ્રવાસી) ૨૨, ૨૩
કુમારદેવી (ચંદ્રગુપ્ત ૨-જાની પત્ની) ૨૬
કુમારપાળ (જૈન રાજા) ૧૧
કુમારિલ ભટ્ટ (દાર્શનિક આચાર્ય) ૧૦, ૧૩, ૧૬
કુલચંદ (મદુરાનો રાજા) ૩૮–૩૯
કુલશેખર (સંત) ૧૨૭
કુલ્લુક ભટ્ટ (વિદ્વાન) ૧૮૭
કુંભનદાસ (સંત) ૧૪૬, ૧૫૧
કૃષ્ણદેવરાય (વિજયનગરનો રાજા) ૪૯, ૭૪, ૮૯, ૧૩૪
કેશવલાલ (ચિત્રકાર) ૨૦૦
કૌણ્ડિન્ય (ફુનાનનો રાજા) ૨૪
કલાઇવ (પશ્ચિમી ગવર્નર) ૧૧૭

ખંડો બલ્લાળ (મરાઠા સરદાર) ૧૦૪
ખૂબ મોહમ્મદ ચિશ્તી (સૂફી કવિ) ૧૯૬
ખ્વાજા અબુ અલી ઇશ્ક સમી ચિશ્તી (સૂફી) ૧૩૮
ખ્વાજા અબદુલ સમદ (કલાકાર) ૫૧, ૨૦૦
ખ્વાજા ઉસ્માન હરુની (સૂફી સંત) ૧૩૮
ખ્વાજા કુતબુદ્દીન (સૂફી) ૧૩૮
ખ્વાજા નસિરુદ્દીન મુહમ્મદ (સૂફી) ૧૩૯
ખ્વાજા ફરીદુદ્દીન મસૂદ ગંજશંકર (બાબાફરિદ) (સૂફી) ૧૩૯
ખ્વાજા બખત્યાર કાકી મઈનુદ્દીન (સૂફી) ૧૩૮
ખ્વાજા બહાઉદ્દીન (સૂફી) ૧૩૯
ખ્વાજા મઈનુદ્દીન ચિશ્તી (સૂફી) ૧૩૮–૯
ખ્વાજા મન્સૂર (વિદ્વાન–અકબરનો દરબારી) ૮૨
ખ્વાજા મોહમ્મદ બકી બિલ્લાહ (સૂફી) ૧૩૯

ગરીબદાસ (સંત) ૧૪૨
ગહનીનાથ (ગોરખપંથી) ૧૭૭
ગંગાદેવી (કુમાર કંપનની કવિ-પત્ની) ૮૯
ગંગાધર (પંડિત) ૧૯૪
ગંગાસતી (ભક્ત કવયિત્રી) ૧૪૧, ૧૬૯
ગાયકવાડ દામાજી (મરાઠા સેનાપતિ) ૧૧૬, ૧૨૦
ગાંધીજી (મહાત્મા) ૧૪૧–૨, ૧૫૪, ૧૬૦, ૧૭૨–૩, ૧૯૬
ગુણમતિ (બૌદ્ધ સાધુ) ૧૩
ગુરુ ગોવિન્દસિંહ (૧૦-મા શીખ ગુરુ) ૧૬૧, ૧૭૩, ૨૧૭, ૨૧૮
ગુલામ સાહેબ (સંત) ૧૪૩
ગોપાલદાસ (કબીરપંથી સંત) ૧૨૯
ગોરખનાથ (નાથપંથી સંત) ૧૬૦, ૧૬૬, ૧૭૭
ગોરા કુંભાર (ભક્ત) ૧૪૨, ૧૮૨
ગોવિંદપંત બુંદેલા (મરાઠા સેનાપતિ) ૧૧૪–૫
ગૌતમ (અક્ષપાદ) (ન્યાય દાર્શનિક) ૧૩
ગ્યાસુદ્દીન તુઘલુક (સુલતાન) ૪૭, ૬૨, ૬૭, ૧૪૦

ઘોરપડે સંતાજી (મરાઠા સરદાર) ૯૮, ૧૦૪–૧૦૬

ચક્રધર (સંત) ૯૦
ચતુર્ભુજ (વિદ્વાન) ૧૯૪
ચરણદાસ (સંત) ૧૫૬

ચંગીઝખાન (મોંગોલ રાજા) ૪૪
ચંડીશ્વર (પંડિત) ૧૮૩
ચંદ્રગુપ્ત (મહારાજા) ૨૬–૭, ૧૬૪
ચંદ્રગુપ્ત ૨-જો (વિક્રમાદિત્ય) ૮, ૧૪, ૧૭
ચિંતામણિ (કવિ) ૧૪૯
ચૈતન્ય (મહાપ્રભુ) (સંત) ૧૨૮, ૧૩૧, ૧૪૨
ચોખામેલા (સંત) ૯૨, ૧૪૧, ૧૫૮, ૧૭૫

છત્રસાલ (બુંદેલાનો રાજા) ૧૬૧, ૧૭૨

જગજીવનદાસ સાહેબ (સંત) ૧૪૩, ૧૫૩, ૧૬૧, ૧૭૨
જગન્નાથ (ચિત્રકાર) ૨૦૦
જગન્નાથ મિશ્રા (મહાપંડિત) ૧૯૪
જદુનાથ સરકાર (ઇતિહાસકાર) ૧૦૧
જનાબાઈ (સંત) ૯૨, ૧૪૧, ૧૫૩, ૧૬૮, ૧૭૫
જયતીર્થ (સંત) ૧૩૪
જયદેવ (સંત) ૧૮૭
જયપાલ (કાશ્મીરનો રાજા) ૩૬–૩૮
જયવર્મા ૨-જો (કંબોડિયાનો રાજા) ૨૪
જયવર્મા ૭-મો ( ,, ) ૨૪
જયસિંહ (સિંધનો ચચવંશી રાજા) ૩૪
જયસિંહ (અંબર–જયપુરનો રાજા) ૯૭
જલાલુદ્દીન ખલજી (સુલતાન) ૬૦, ૧૩૮, ૧૯૩
જલ્હણ (સાહિત્યકાર) ૧૫
જહાંગીર (સલીમ) ૫૧, ૮૦, ૧૦૨, ૧૩૫, ૧૮૬, ૧૮૯, ૧૯૦, ૧૯૪, ૧૯૬, ૨૦૦
જહાન આરા (બેગમ) (શાહજહાંની દીકરી) ૧૦૮, ૧૪૦
જાદવ ધનાજી (મરાઠા સેનાપતિ) ૧૦૪–૧૦૬, ૧૧૦
જાયસી (કવિ) ૧૮૮, ૧૯૬
જિયાઉદ્દીન બદાયૂની (ઇતિહાસકાર) ૫૫
જુનૈદ (સિંધનો સૂબો) ૩૪–૩૫
જૈમિનિ (પૂર્વ મીમાંસા-દાર્શનિક)
જોગીદાસ (સંત) ૧૭૨
જ્યોતિરાવ ફૂલે (સમાજસુધારક) ૧૭૨

જ્ઞાનપાદ (વિદ્વાન) ૧૭
જ્ઞાનમિત્ર (વિદ્વાન) ૧૭
જ્ઞાનેશ્વર (સંત-કવિ) ૯૦, ૯૨–૩, ૯૫, ૧૩૨, ૧૪૨, ૧૪૯, ૧૬૧, ૧૬૬, ૧૬૮, ૧૭૦–૧૭૨, ૧૯૭–૭૮, ૧૮૭

ઝામોરીન (મલબારનો રાજા) ૩
ઝીયા અલ દીન નસીબ (સાહિત્યકાર) ૧૯૩
ઝૈન-ઉલ-અબીદિન (કાશ્મીરનો રાજા) ૫૦, ૧૯૧, ૧૯૩

ટીપુ સુલતાન (મૈસૂર) ૨૧૬

ટોડરમલ (અકબરનો અધિકારી) ૫૧, ૧૩૪, ૧૮૭, ૧૯૦
ટોમસ મોર (બ્રિટિશ પ્રતિનિધિ) ૧૯૪
ટોમસ રો ( ,, ) ૫૧, ૨૦૦
ટોયન્બી (ઇતિહાસકાર) ૮૯, ૧૪૩

તહમસ્પ (ઈરાનનો બાદશાહ) ૭૯, ૨૧૬
તાનસેન (અકબરનાં દરબારનો સંગીતજ્ઞ)
તાનાજી (મરાઠા સેનાપતિ) ૯૮, ૧૭૫
તારાબાઈ (મરાઠા રાણી) ૧૦૭, ૧૧૦, ૧૧૧
તિરપ્પન (આલવાર સંત) ૧૨૫, ૧૨૭
તિરુજનમ (નાયણાર સંત) ૧૨૫
તિરુનવુક્કરસુ (નાયણાર સંત) ૧૨૫–૨૬
તિરુમલાઈ (મદુરાનો રાજા) ૧૯૯
તિરુમંગઈ (સંત) ૧૨૬
તિરુમૂલર (આચાર્ય) ૯, ૧૨૫
તિરુવાદવુરર (મણિક્કવાચકર) (નાયણાર સંત) ૧૨૫
તિલોપ્પા (નાથપંથી સંત) ૧૬૬
તુકારામ (સંત-કવિ) ૯૧–૯૫, ૧૩૨, ૧૪૨, ૧૪૬, ૧૫૫, ૧૬૧, ૧૬૬, ૧૬૮–૯, ૧૭૦, ૧૭૨, ૧૭૪–૫, ૧૮૭
તુલસીદાસ (સંત-કવિ) ૧૨૮, ૧૩૦–૧, ૧૩૪, ૧૪૩–૪૪, ૧૪૬–૪૭, ૧૫૦–૫૧, ૧૫૩, ૧૬૧, ૧૬૬–૬૭, ૧૬૯, ૧૭૨, ૧૭૮–૭૯, ૧૯૬
તેગબહાદુર (૯-મા શીખ ગુરુ) ૧૬૧, ૧૭૩, ૨૧૭

તેરુમલી કસાઈ (આલ્વાર સંત) ૧૨૫
તૈમૂર લંગ (મોંગોલ રાજા) ૪૮, ૬૮, ૧૪૭, ૧૯૬, ૨૧૨
તોન્ડાર દીપોદાઈ (આલવાર સંત) ૧૨૫
તોરમાણ (હૂણ રાજા) ૨૮

થોમસ સેન્ટ (ખ્રિસ્તી સંત) ૩

દભાડે (ખંડેરાવ) (મરાઠા સેનાપતિ) ૧૦૪–૧૦૬, ૧૧૮
દયાનંદ સ્વામી (આર્યસમાજના સ્થાપક) ૧૬૦
દયાબાઈ (સંત) ૧૫૩
દયારામ (કવિ) ૧૫૪
દરિયાદાસ (સંત) ૧૪૩, ૧૫૩
દર્દ (સૂફી કવિ) ૧૯૭
દશવંત (ચિત્રકાર) ૨૦૦
દંડી (સાહિત્યકાર) ૧૬
દાદુ (સંતકવિ) ૧૩૩–૩૫, ૧૪૨–૩, ૧૫૦, ૧૫૫, ૧૫૭–૮, ૧૬૬, ૧૬૯
દારા (શિકોહ) (શાહજહાંનો પાટવી કુંવર) ૮૧, ૧૩૯–૪૦, ૧૪૩, ૧૮૮, ૧૯૨, ૧૯૪–૫, ૨૦૦
દાસી જીવણ (સંતકવિ) ૧૪૨, ૧૬૯, ૧૭૨, ૨૧૮

દિઙ્નાગ (બૌદ્ધ આચાર્ય) ૧૩, ૧૬
દિયોદ્દીન (સૂફી કવિ) ૧૩૯
દિલેરખાન (મોગલ સેનાપતિ) ૯૫, ૧૪૪
દીન દરવેશ (સંત) ૧૫૩
દીપંકર શ્રીજ્ઞાન (વિક્રમશિલના આચાર્ય) ૧૭
દુલ્હનદાસ (સંત) ૧૫૩
દેવરાય (વિજયનગરનો રાજા) ૬૭, ૭૨–૭૩
દેવરાય ૨-જો (વિજયનગરનો રાજા) ૭૩–૪
દેવરાય (મલ્લિકાર્જુન) ૩-જો (વિજયનગરનો રાજા) ૭૩
દેવલ (વિદ્વાન) ૧૮૭
દેવી મિશ્રા (પંડિતા) ૧૮૭
દેશમુખ બાજી (સર જેહાલ) (મરાઠા સરદાર) ૧૦૫
દોલતરાવ (સિંધિયા) ૧૧૮, ૧૨૧

ધનો (જાટ સંત) ૧૬૧
ધરણ (જાટ સંત) ૧૨૮
ધરસેન (મૈત્રક વલભીપતિ) ૨૯
ધર્મકીર્તિ (બૌદ્ધ આચાર્ય) ૧૩, ૧૬
ધર્મપાલ (પાલવંશી રાજા) ૧૭, ૩૬
ધર્મમિત્ર (કાશ્મીરી પંડિત) ૨૩
ધર્મયશ ( ,, ) ૨૩
ધ્રુવદેવી (વિક્રમાદિત્યની રાણી) ૨૭
ધ્રુવસેન (મૈત્રક વલભી રાજા) ૨૯

નકીબખાન (વિદ્વાન) ૧૯૪
નકીરાર નાંબિયાકર (નાયણાર સંત) ૧૨૫
નઝીર અહમદ મૌલવી (સુધારક) ૨૦૬
નમતુલ્લાહ (સૂફી) ૧૩૯
નરસિંહ મહેતા (ભક્ત-કવિ) ૧૪૧–૨, ૧૫૩, ૧૬૮, ૧૭૦, ૧૮૭
નરહરિ (સંત) ૧૨૮
નંદનાર (સંત) ૧૨૭
નાગાર્જુન (આચાર્ય) ૧૨
નાગભટ્ટ ૧-લો (ગુર્જર-વંશી રાજા) ૩૫, ૩૬
નાદિરશાહ (બાદશાહ) ૮૨, ૧૧૨, ૧૯૨, ૧૯૬, ૨૦૨, ૨૦૩
નાનક (૧-લા શીખ ગુરુ) ૧૩૦, ૧૪૨–૧૪૫, ૧૪૯, ૧૫૫, ૧૬૧, ૧૬૬, ૧૭૫, ૨૧૭
નાના ફડનવીસ (મરાઠા અમાત્ય) ૧૨૦–૧, ૧૨૩
નામદેવ (સંત-કવિ) ૯૨, ૯૪, ૧૩૨, ૧૪૨–૩, ૧૬૦, ૧૬૬, ૧૬૮, ૧૭૩, ૧૭૫, ૧૭૭, ૧૮૭
નામ્મલવાર (આલવાર સંત) ૧૨૫–૨૬
નાભાદાસ (સાહિત્યકાર) ૧૨૮
નારાયણરાવ (પેશવા) ૮૯, ૧૨૦, ૧૮૩
નિકિતિન (રશિયન પ્રવાસી) ૬૯
નિઝામ (હૈદરાબાદ) ૧૧૩, ૧૧૭–૧૮
નિઝામશાહ (બહમની શાસક) ૬૯
નિઝામુદ્દીન બક્ષી (અકબરનો અધિકારી) ૫૧
નિમ્બાર્ક (ધર્માચાર્ય) ૧૨૮, ૧૮૭
નિંબાલકર બજાજી (મરાઠા અધિકારી) ૯૮, ૧૦૦, ૧૦૬
નીલકંઠ ભટ્ટ (પંડિત) ૧૯૪
નૂરજહાં (જહાંગીરની બેગમ) ૫૧, ૫૩, ૮૦
નૂરમોહમ્મદ (કવિ) ૧૯૬
નેતાજી પાલકર (મહમ્મદ કુલીખાં) (મરાઠા સેનાપતિ) ૯૮–૯૯, ૧૦૬
નેમતુલ્લા (સૂફી સંત) ૧૩૯
ન્યૂટન (પશ્ચિમી વિજ્ઞાની) ૧૪૧

પતંજલિ (યોગ દાર્શનિક) ૧૩, ૨૫, ૩૧
પપ્યન (આલવાર સંત) ૧૨૫
પરમાર્થ (બૌદ્ધ સાધુ) ૧૩
પંચરાજ (સંત-કવિ) ૧૯૪
પાણિનિ (વૈયાકરણી) ૧૮
પાયથાગોરસ (ગ્રીક ચિંતક) ૨૦
પીપા (સંત) ૧૨૮
પુરંદરદાસ (સંત) ૧૪૩
પુલકેશી ૨-જો (ચૌલુક્ય રાજા) ૨૮–૯, ૩૫, ૫૭, ૧૨૬
પૂરણધરદાસ (સંત) ૧૩૪
પૃથ્વીરાજ ચૌહાણ (દિલ્હીપતિ) ૪૨, ૧૯૦
પેરિયલ્વાર (આલવાર સંત) ૧૨૫
પેય (આલવાર સંત) ૧૨૫
પ્રતાપરાય ગુજર (મરાઠા કિલ્લેદાર) ૯૮
પ્રતાપરુદ્ર ૨-જો (કંપિલીનો રાજા) ૬૨, ૬૪, ૭૧
પ્રભાકરવર્ધન (રાજા હર્ષનો પિતા) ૯
પ્રલય નાયક (વારંગલનો રાજા) ૬૩, ૭૧
પ્રાણદાસ (સંત-કવિ) ૧૩૫
પ્રાણનાથ (વીર સ્વામી) (સંત) ૧૪૨, ૧૫૩, ૧૬૧, ૧૭૨–૭૩
પ્લેટો (ગ્રીક ચિંતક) ૧૮૦

ફતન મિશ્ર (સંત કવિ) ૧૯૪
ફરિસ્તા (મુસ્લિમ ઇતિહાસકાર) ૬૬–૭, ૬૯, ૧૪૭
ફાહિયાન (ચીની પ્રવાસી) ૨૨–૩, ૩૦
ફિરંગોજી નરસાલા (મરાઠા કિલ્લેદાર) ૯૫
ફિરોઝખાન (બહમની સુલતાન) ૬૭–૮
ફિરોઝશાહ (બહમની સુલતાન) ૬૭, ૧૪૭
ફિલિપ ૨-જો (સ્પેનનો રાજા) ૮૦

ફીરોઝ તુઘલુક (બાદશાહ) ૪૭–૮, ૫૫
ફૈઝુલ્લા અંજુ (ન્યાયાધીશ) ૬૭
ફૉક્સ જૉર્જ (ક્વેકરપંથી સંત) ૧૫૨

બખ્તાવરસિંહ (અલ્વરના મહારાજા) ૧૯૯
બલબન (ગુલામવંશી સુલતાન) ૪૪–૪૬, ૧૯૨
બલ્લાલ ૩-જો (હોયસળવંશી રાજા) ૬૨, ૬૪–૫, ૮૯
બસવ (શૈવ પંથી ધર્માચાર્ય) ૧૩૩, ૧૪૩, ૧૬૬
બસાવન (ચિત્રકાર) ૨૦
બહમનશાહ (હસન ગંગુ) (બહમની રાજ્યનો સ્થાપક) ૬૬, ૬૯, ૭૦, ૭૨
બહલોલ લોદી (સુલતાન) ૪૮, ૧૯૧
બહા અલ દીન બાજત (સૂફી કવિ) ૧૯૬
બહાદુરખાન (મોગલ સેનાપતિ) ૯૫
બહાદુરશાહ (ગુજરાતનો સુલતાન) ૪૯, ૨૧૫, ૨૧૮
બહાદુરશાહ જફર (છેલ્લો મોગલ બાદશાહ) ૨૦૭
બહિણાબાઈ (સંત) ૧૪૧, ૧૭૫
બંદો વીર (સંત) ૧૬૧
બાજીરાવ (પેશવા) ૧૧૧–૧૧૩, ૧૧૫, ૧૧૭–૮, ૧૨૦–૧, ૧૭૪
બાજીરાવ ૨-જો (પેશવા) ૧૨૨
બાજી પ્રભુ દેશપાંડે (મરાઠા સરદાર) ૧૭૫
બાણભટ્ટ (સાહિત્યકાર) ૧૬, ૨૯
બાદરાયણ (ઉત્તર મીમાંસા દાર્શનિક) ૧૩
બાપ્પા રાવળ (ચિતોડનો ગોહિલ રાજા) ૧૫૯
બાપુ ગોખલે (મરાઠા સેનાપતિ) ૧૨૩
બાબર (મોગલ વંશનો સ્થાપક બાદશાહ) ૪૮, ૫૦, ૭૯, ૮૨ ૯૭, ૧૪૪–૫, ૧૯૬, ૨૦૦
બાયઝીદ બિસ્તામી (અબુ યઝીદ) (સૂફી સંત) ૧૩૮
બાલાજી (પેશવા) ૧૧૨, ૧૧૮
બાલાજીરાવ (પેશવા) ૧૧૭–૮
બાલાજી આવજી (મરાઠા સેનાપતિ) ૯૮
બાલાજી બાજીરાવ (પેશવા) ૧૧૨–૩
બાલાજી વિશ્વનાથ (મરાઠા અમાત્ય) ૧૧૦–૧૧-૧૨, ૧૧૭, ૧૨૦
બાવરા બાઉલો (વિરહે) (ભક્ત-કવિ) ૧૫૩
બાંદે (મરાઠા સેનાપતિ) ૧૦૫
બિલાસખાન (સંગીતજ્ઞ) ૨૦૧
બીજલીખાન (મુસ્લિમ–વૈષ્ણવ ભક્ત)
બુક્કારાય (વિજયનગરનો સ્થાપક) ૪૯, ૬૪, ૬૬–૭, ૭૧–૨, ૧૮૮
બુદ્ધ ૧૧, (તથાગત) ૧૭, ૨૪, ૨૧, ૧૬૫, ૧૬૭, ૧૭૭
બુદ્ધજીવ (કાશ્મીરી પંડિત) ૨૩
બુલ્લા ૩-જો (સુલતાન) ૭૧–૨
બુલ્લા સાહેબ (સંત) ૧૪૩, ૧૫૩, ૧૫૭, ૧૬૧
બ્રહ્મગુપ્ત (ગણિતજ્ઞ) ૧૯૩

ભગવંતદાસ (ફારસી લેખક) ૧૯૫
ભગોદાસ (સંત) ૧૨૯
ભટ્ટાર્ક (મૈત્રક સેનાપતિ–વલભી રાજા) ૨૯
ભત્તાર (આલવાર સંત) ૧૨૫
ભવન (વિદ્વાન) ૧૯૪
ભાણ (ભક્ત-કવિ) ૧૪૨, ૧૫૮, ૧૬૯
ભારવિ (સાહિત્યકાર) ૧૬
ભારશિવ (નાગ-પદ્માવતીનો રાજા) ૭
ભીખો (ભક્ત-કવિ) ૧૬૧
ભીમદેવ ૧-લો (ગુજરાતનો ચાલુક્ય વંશી રાજા) ૪૦, ૨૧૩
ભીમદેવ ૨-જો ( ,, ) ૪૨, ૨૧૩
ભોજ પરમાર (માળવાનો રાજા) ૩૯
ભોંસલે પરસોજી (મરાઠા સેનાપતિ) ૧૦૫–૬

મખદૂમ મોહમ્મદ ગીલાની (સૂફી) ૧૩૯
મજહર (કવિ) ૧૯૭
મત્સ્યેન્દ્ર (ગોરખપંથી સંત) ૧૭૭
મધ્વાચાર્ય (ધર્માચાર્ય) ૭૨, ૧૬૪
મધુર (આલવાર સંત-કવિ) ૧૨૫
મધુસૂદન મિશ્રા (વિદ્વાન) ૧૯૪
મધુસૂદન સરસ્વતી (વિદ્વાન) ૧૭૨
મલિક અંબર (અહમદનગરનો રાજા) ૮૯
મલિક કાફુર (દિલ્હી સેનાપતિ) ૬૨, ૯૧, ૧૫
મલૂકદાસ (સંત) ૧૩૪, ૧૪૯
મહમદ ઈશાક (સમાજકસુધારક) ૨૦૭
મહમ્મદ લતીફ (ઇતિહાસકાર) ૧૪૪
મહમૂદશાહ (બહમની રાજા) ૭૧, ૭૪
મહમૂદ ગઝનવી (સુલતાન) ૩૧, ૩૬–૩૯, ૪૦–૪૨, ૬૯, ૧૪૭, ૧૬૦, ૧૯૧, ૧૯૩, ૨૧૩
મહમૂદ ઘોરી (સુલતાન) ૬૯, ૧૫૯, ૧૯૦
મહમૂદ નસિરુદ્દીન (સુલતાન) ૪૪ અને (અલગ પ્લેટ પાનું xii)
મહમૂદ બેગડો (ગુજરાતનો સુલતાન) ૪૯, ૨૧૫
મહાદજી સિંધિયા (મરાઠા મુત્સદ્દી) ૧૧૧, ૧૧૭, ૧૨૧, ૧૨૩
મહાર (સંત) ૧૩૨, ૧૪૧
મહેન્દ્ર વર્મા (પલ્લવ રાજા) ૨૯, ૧૨૬
મહેશ મહાનંદ (વિદ્વાન) ૧૯૪
મહેશ હરબિન્સ (ચિત્રકાર) ૨૦૦

માધવ (ભક્ત ગાયક) ૧૩૨-૩-૪
માધવદેવ (અસમી સંત) ૧૪૨
માધવરાવ ૧-લો (પેશવા) ૮૯, ૯૧, ૧૧૧-૨, ૧૧૭-૮-૯
માધો (ચિત્રકાર) ૨૦૦
માનસિંગ (સિંહ) (અકબરનો અધિકારી) ૫૧, ૧૯૦, ૧૯૮
માર્ક્સ (કાર્લ) (જર્મન ફિલસૂફ) ૯૯, ૧૮૨
માર્કો પોલો (વિદેશી પ્રવાસી) ૩૦
મિહિરકુલ (હૂણ રાજા) ૯, ૨૮
મિરાન મીર (સૂફી સંત) ૧૩૯
મીર (સૂફી કવિ) ૧૯૭
મીરાંબાઈ (ભક્ત-કવયિત્રી) ૧૪૧-૨, ૧૫૩, ૧૬૪, ૧૮૭
મીર સૈયદ અલી (ઈરાની ચિત્રકાર) ૫૧, ૨૦૦
મુઆવિયા (ખલીફ) ૩૪, ૮૫
મુક્તાબાઈ (સંત) ૧૪૧, ૧૭૫
મુકુંદ (ચિત્રકાર) ૨૦૦
મુજાહિદશાહ (બહમની રાજા) ૬૭, ૭૦
મુઝફ્ફર ૨-જો (ગુજરાતનો સુલતાન) ૨૧૫
મુઝફ્ફર ૩-જો ( ,, ) ૨૧૬
મુનશી ચંદ્રભાણ (કાયસ્થ કવિ-પંડિત) ૧૯૫
મુરાદ ૪-થો (ઑટોમન રાજા) ૮૦, ૮૧
મુલ્લાશાહ (વિદ્વાન) ૧૯૪
મુલ્લાશાહ બદક્ષી (સૂફી ખલીફ) ૧૩૯
મુહમ્મદ સુલતાન (વિદ્વાન) ૧૯૪
મુહિયુદ્દીન અબુ યુસુફ યાહ્યા (સૂફી) ૧૪૦
મૂળદાસ (ભક્ત-કવિ) ૧૬૯
મૂરલૅન્ડ (વિદેશી ઇતિહાસકાર) ૨૧૨
મેગેસ્થેનીસ (ગ્રીક-રાજદૂત) ૩૦
મેધાતિથિ (વિદ્વાન) ૧૮૭
મોગ્ગલ્લાન (બૌદ્ધ સાધુ) ૧૬૬
મોરે (મરાઠા સેનાપતિ) ૯૮, ૧૦૦, ૧૦૫
મોહમ્મદશાહ (બહમની શાહી) ૬૬-૭, ૭૧, ૧૯૧
મોહમ્મદશાહ (મોગલ બાદશાહ) ૮૨
મોહમ્મદ (ઇબ્ન) બિન કાસિમ (સિંધવિજેતા) ૩૪-૫, ૧૫૯, ૧૮૪, ૨૧૧
મોહમ્મદ પયગંબર (સાહેબ) ૩૨, ૬૭, ૮૩-૪, ૧૩૩, ૧૪૩, ૧૮૬, ૨૧૨
મોહમ્મદ બિન તુઘલુક (સુલતાન) ૪૭, ૬૦, ૬૩, ૬૬, ૭૨, ૮૭, ૧૯૦, ૧૯૩, ૨૨૧
મોહિલે (મરાઠા સેનાપતિ) ૧૦૫

યમુનાચાર્ય (શ્રીરંગમ્ મઠના આચાર્ય) ૧૨૬
યાજ્ઞવલ્ક્ય (વેદકાલીન તત્ત્વજ્ઞાની) ૬, ૧૬૯
યેશુબાઈ (સંભાજીની રાણી) ૮૯, ૧૦૩-૪, ૧૧૦, ૧૧૨

રઘુનાથ પંત હનુમંતે (મરાઠા અમાત્ય) ૯૮
રજબ (સંત) ૧૩૫, ૧૫૩, ૧૫૮, ૧૬૧, ૧૬૯, ૧૭૩
રઝિયા બેગમ (દિલ્હીની ગુલામ વંશી સુલતાના) ૪૪
રમાઈ પંડિત (સાહિત્યકાર) ૧૫૯
રવિકીર્તિ (જૈન સાહિત્યકાર) ૨૯
રવિદાસ (ભક્ત-કવિ) ૧૭૧
રસેલા બર્ટ્રાન્ડ (પશ્ચિમી ચિંતક) ૮૪
રાઘવાનંદ (સંત) ૧૨૮
રાઘોબા પેશવા (દાદાસાહેબ) ૮૯, ૧૧૩-૪, ૧૧૮-૧૨૦
રાજારામ (શિવાજીનો પુત્ર) ૧૦૦-૧૦૭, ૧૧૦-૧
રાજા રામમોહન રાય (સમાજસુધારક) ૧૬૦, ૧૭૨
રાજેન્દ્ર ૧-લો (ચોલ રાજા) ૧૭
રાણા સંગ (મેવાડનો રાજા) ૧૯૦
રાણા પ્રતાપ ૮૬(i)થી ૮૬(viii)
રાણા હમ્મીર ( ,, )
રાણા ઉદયસિંહ (,,)
રાનડે (ચિંતક-ઇતિહાસકાર) ૮૯, ૯૦, ૧૭૪, ૧૮૨
રામકૃષ્ણ પરમહંસ (સંત) ૧૫૩
રામચંદ્ર પંત (મરાઠા અમાત્ય) ૯૮, ૧૦૦, ૧૦૪, ૧૦૬-૭ ૧૧૦
રામદાસ (સમર્થ-સ્વામી) ૯૦-૧, ૯૪-૫, ૧૦૧, ૧૨૨, ૧૪૨, ૧૪૪, ૧૪૬, ૧૬૧, ૧૬૬, ૧૬૮, ૧૭૨, ૧૭૫-૬, ૧૭૯ -૧૮૧
રામદાસ (૪ થા શીખ ગુરુ) ૨૧૭
રામદેવ (દેવગિરિનો રાજા) ૬૦, ૬૨
રામરાય (વિજયનગરનો રાજા) ૮૮
રામશાસ્ત્રી (મરાઠા ન્યાયાધીશ) ૯૧, ૧૧૩, ૧૧૯-૧૨૧, ૧૪૭-૮
રામસિંહ (જૈન મુનિ) ૧૬૬
રામાનંદ (સંત) ૧૨૭-૧૩૦, ૧૪૩, ૧૬૪, ૧૬૬, ૧૮૭
રામાનુજ (ધર્માચાર્ય) ૧૨૬, ૧૨૮, ૧૩૧, ૧૪૦, ૧૪૩ ૧૬૪, ૧૬૬-૭, ૧૮૭
રામેશ્વર શાસ્ત્રી (સંત) ૯૩
રિકાર્ડો (પશ્ચિમી અર્થશાસ્ત્રી) ૧૨૩
રિઝમી (અરબી ગણિતજ્ઞ) ૧૯૩
રુદ્રદામા (ક્ષત્રપ રાજા) ૧૬
રુદ્રવર્મા (ચંપાનો રાજા) ૨૪
રૈદાસા (ભક્ત-કવિ) ૧૨૮, ૧૫૩, ૧૫૬
રોહીદાસ (સંત) ૧૬૧, ૧૭૩
લલ્લાદ (પંડિતા) ૧૪૧-૨
લાલા અમાનતરાય (કવિ) ૧૯૫
લાલા હુકમચંદ (કવિ) ૧૯૫
લેનિન (રશિયન ક્રાંતિકાર) ૯૦

વરાહમિહિર (ગણિતજ્ઞ) ૧૩, ૩૦
વલી (ઉર્દૂના આદિ કવિ) ૧૯૭
વલીઉલ્લા દહેલવી શાહ (મુસ્લિમ ધર્મસુધારક) ૨૦૨-૩-૪
વલ્લભ (સાહિત્યકાર) ૧૫
વલ્લભાચાર્ય (ધર્માચાર્ય) ૧૨૮, ૧૩૪, ૧૪૬, ૧૮૭
વસિષ્ઠ (ઋષિ) ૧૬૪-૫
વસુબંધુ (બૌદ્ધ સાધુ) ૧૩
વાચસ્પતિ મિશ્ર (દાર્શનિક) ૧૪
વાત્સ્યાયન (ન્યાયસૂત્ર-દાર્શનિક) ૧૩
વાલ્મીકિ (ઋષિ) ૧૩૦, ૧૭૬
વાસ્કો-ડા-ગામા (સાગરખેડુ સાહસિક) ૪૯, ૨૦૯
વિદ્યાપતિ (કવિ) ૧૪૬
વિદ્યારણ્ય (સ્વામી) ૭૨, ૮૮-૯
વિનોબાજી (આધુનિક ચિંતક) ૧૭૦-૧૭૩
વિરૂપાક્ષ (વિજયનગરનો રાજા) ૭૨
વિશ્વામિત્ર (ઋષિ) ૧૬૪
વિશ્વાસરાવ (પેશવા સેનાપતિ) ૧૧૩, ૧૧૬
વિષ્ણુવર્ધન (હોયસળવંશી રાજા) ૧૨૬
વેદ વ્યાસ (ઋષિ) ૬
વેણુબાઈ (સંત) ૧૭૫
વૉલ્ટેર (વિદેશી ચિંતક) ૧૨૦, ૧૨૩
વ્યંકોજી (શિવાજીના ભાઈ) ૯૫-૬-૭
શવો (ભક્ત-કવિ) ૧૬૯
શશાંક (ગૌડ રાજા) ૯, ૨૯
શંકરદેવ (અસમી સંત) ૧૪૨, ૧૬૮
શંકરાચાર્ય (ધર્માચાર્ય) ૧૦, ૧૩, ૧૬, ૯૪, ૧૨૬, ૧૪૦, ૧૮૭ ૧૯૪
શંભુવર્મા (ચંપાનો રાજા) ૨૪
શાહઆલમ (મોગલ બાદશાહ) ૧૧૦, ૨૦૫
શાહઆલમ ૨-જો (બાદશાહ) ૮૭
શાહ ઇસ્માઈલ (ઈરાનનો રાજા) ૭૯
શાહ બરકુલ્લાહ (સૂફી કવિ) ૧૩૮
શાહજહાં (મોગલ બાદશાહ) ૪૯, ૫૨, ૫૪, ૮૦-૧, ૮૮, ૧૦૨, ૧૩૯, ૧૮૯-૯૦, ૧૯૨, ૧૯૪
શાહજી (મરાઠા રાજા) ૮૮-૯, ૯૬
શાહબુદ્દીન ઉમર (સૂફી) ૧૩૯
શાહબુદ્દીન (મોહમ્મદ) ઘોરી (સુલતાન) ૪૧-૪૪, ૨૧૩
શાહ વલી (બહમની રાજા) ૨૧૫
શાહિસ્તખાન (મોગલ સેનાપતિ) ૯૫, ૯૭
શાહુ (મરાઠા રાજા) ૧૦૩-૪, ૧૦૭, ૧૧૦-૧૧, ૧૧૮
શિવાજી (મરાઠા રાજ્ય સ્થાપક છત્રપતિ) ૫૫, ૮૭-૮૯, ૯૦-૯૨, ૯૫-૧૦૮, ૧૧૧, ૧૧૭, ૧૧૯, ૧૨૨-૩, ૧૩૨, ૧૪૨, ૧૫૫, ૧૬૧, ૧૭૨-૧૭૫, ૧૮૦-૧૮૨, ૧૯૦, ૨૦૮
શિંદે (મરાઠા સેનાપતિ) ૧૦૫
શેખ અબ્દુલ કાદિર જીલાની (સૂફી) ૧૩૯
શેખ અલ ઇસ્લામ (અકબરનો અધિકારી) (મકદુમ-અલ-મુલ્ક) ૭૯
શેખ અહમદ સર હિંદી (સૂફી) ૧૩૯
શેખ દિઓદ્દીન (સૂફી) ૧૩૯
શેખ નબી (ઉર્દૂ કવિ) ૧૮૬
શેખ નિઝામુદ્દીન ઓલિયા રફી (મહબૂબે ઇલાહી) ૧૩૮, ૧૩૯
શેખ બહાઉદ્દીન ઝકરિયા (સૂફી) ૧૩૯
શેખ વજુહુદ્દીન (સૂફી) ૧૩૯
શેખ સલીમ ચિશ્તી (સૂફી) ૧૩૯
શેખ સૈયદ હુસેન (સૂફી) ૧૩૯
શેખ હમિદ્દીન નાગોરી (સૂફી) ૧૩૯
શેખ હિસામુદ્દીન (સૂફી) ૧૩૯
શેરખાન (સૂરવંશી ઉર્ફે શેરશાહ) ૫૧, ૭૯, ૧૯૧
શ્રીગોપાલ (કવિ) ૧૯૫
શ્રીધરદાસ (સાહિત્યકાર) ૧૫
સદાશિવરાવ (ભાઉસાહેબ) (મરાઠા વહીવટદાર) ૧૧૩-૧૧૭
સબર સ્વામી (મીમાંસક) ૧૩
સમન્તભદ્ર (જૈનાચાર્ય) ૧૨
સમુદ્રગુપ્ત (ગુપ્તવંશી રાજા) ૧૪, ૨૭
સરહપા (નાથપંથી સંત) ૧૬૬
સલીમ ૩-જો (ઑટોમન રાજા) ૨૧૬
સહજોબાઈ (પંડિતા) ૧૪૧, ૧૫૩
સંઘદેવ (ગૌતમ) (કાશ્મીરી પંડિત) ૨૩
સંઘભૂતિ (કાશ્મીરી પંડિત) ૨૩
સંબંદર (નાયણાર સંત) ૧૨૫-૬
સંભાજી (મરાઠા રાજા) ૮૯, ૯૫, ૧૦૧, ૧૦૩, ૧૦૮, ૧૭૪, ૧૭૯
સામંત (કવિ) ૧૯૫
સાયણાચાર્ય (ધર્માચાર્ય-મીમાંસક) ૭૨
સારિપુત્ત (બૌદ્ધ શિષ્ય) ૧૬૬
સાલુવ નરસિંહ (વહીવટદાર) ૭૩-૪
સિકંદર (ગ્રીક રાજા) (ઍલેક્ઝાન્ડર) ૨૦
સિકંદર લોદી (સુલતાન) ૪૮, ૧૪૪, ૧૪૮, ૧૯૩, ૧૯૫
સિદ્ધરાજ જયસિંહ (ગુજરાતનો રાજા) ૨૧૩-૪
સિદ્ધસેન દિવાકર (જૈનાચાર્ય) ૧૨
સીદી અલી રઈસ (કાતિબ-ઈ-રૂમી) (ગઝલકાર) ૭૯
સુખા (સંત) ૧૨૮
સુરદાસ (સંત કવિ) ૧૩૪, ૧૬૪, ૧૬૯
સુરાસુર-સુરાનંદ (ભક્ત-કવિ) ૧૨૮
સુલેમાન (ધ મૅગ્નિફીસન્ટ) (ઑટોમન રાજા) ૭૯
સુંદરદાસ (રજ્જબ) (સૂફી કવિ) ૧૩૫, ૧૪૩, ૧૫૩-૪, ૧૯૪

સુંદરમૂર્તિ (નાયણાર સંત) ૧૨૫–૧૨૭
સુંદરર (શૈવાચાર્ય) ૧૨૬
સેના (સંત) ૧૨૮
સૈયદ મોહમ્મદ (સૂફી) ૧૩૯
સૉક્રેટીસ (ગ્રીક ચિંતક) ૨૦
સોમ (તેલુગુ મહાકવિ) ૭૨
સોમદેવ (ચૌલુક્ય રાજા) ૬૩
સોયરાબાઈ (સંત) ૯૨, ૧૦૧, ૧૦૩, ૧૪૧
સૌદ (કવિ) ૧૯૭
સ્કંદગુપ્ત (ક્રમાદિત્ય) (ગુપ્તવંશનો રાજા) ૨૭–૨૯
સ્કંદિલ (જૈનાચાર્ય) ૧૨
સ્થિરમતિ (બૌદ્ધ) ૧૩
હજ્જાજ (ઇરાકનો સૂબો) ૩૨–૩૫
હડીસિંગ (જૈન મુનિ) ૧૯૯
હનુમંત (મરાઠા સરદાર) ૯૮, ૧૦૫
હરકૃષ્ણરાય (૮-મા શીખ ગુરુ) ૨૧૭
હરગોવિંદ (૬-ઠ્ઠા શીખ ગુરુ) ૧૬૧, ૨૧૭–૧૮
હરરાય (૭-મા શીખ ગુરુ) ૨૧૭–૮
હરિરામ (કવિ) ૧૯૪
હરિવર્મા (ચંપાનો રાજા) ૨૪
હરિશ્ચંદ્ર (ગુર્જરવંશી બ્રાહ્મણ રાજા) ૯, ૨૯
હર્ષ (શ્રીહર્ષ, હર્ષદેવ, હર્ષવર્ધન–થાણેશ્વર કનોજનો રાજા) ૯, ૨૮–૯, ૩૦, ૫૫, ૫૭, ૯૬, ૧૨૬, ૧૮૦
હરિહર (વિજયનગર રાજ્યનો સ્થાપક) ૪૯, ૬૪–૬૬, ૭૧–૨, ૮૮
હરિહર ૨-જો (રાજા) ૬૮, ૭૨
હસન નિઝામ (ઇતિહાસકાર) ૨૧૨
હાજી ઇબ્રાહીમ (વિદ્વાન) ૧૯૨, ૧૯૪
હાફિઝ (મહાકવિ) ૬૭
હારૂન અલ રશીદ (બગદાદનો ખલીફ) ૩૬
હુમાયું (મોગલ બાદશાહ) ૫૧, ૭૯, ૮૨, ૧૮૮, ૧૯૩, ૨૦૦, ૨૧૫, ૨૧૮
હુમાયું (બહમની રાજા) ૬૯
હુલાગુખાન (મોંગોલવંશી) ૪૪, ૨૧૪
હેગલ (જર્મન ફિલસૂફ) ૧૨૩
હેમચંદ્રાચાર્ય (જૈનાચાર્ય-વૈયાકરણી) ૧૧, ૧૪
હેલિયો દોરસ (ગ્રીક રાજા) ૧૪૩, ૧૬૩,
હૈદરઅલી (મૈસૂરનો સુલતાન) ૧૧૭
હૉપ્કિન્સ વિલિયમ (બ્રિટિશ પ્રતિનિધિ) ૫૧
હોલકર, મલ્હારરાવ (ઇંદોરના રાજ્યસ્થાપક) ૧૧૪, ૧૧૬, ૧૧૮, ૧૨૦, ૧૨૨–૩
હ્યુ અન શ્વાંગ (ચીની પ્રવાસી) ૮, ૨૨-૩, ૨૯, ૩૦

•

The External boundary and Coast line of India on the maps agree with the Record copy certified by the Survey of India. Maps appearing on page Nos. 1, 32, 44, 57, 66, 86, 86 (viii), 202, and 227 are based upon Survey of India Map, with permission of the Surveyor General of India No. 62-A-4/G-I 81(41) dated 28-7-1980.


© Government of India, Copyright 1980




દેવી સરસ્વતી (બિકાનેર) આરસપહાણ મૂર્તિ
(ઈ. સ. ૧૨મી સદી)



શિવ-પાર્વતી (હાથીદાંતમાં) તાંજોર (ઈ. સ. ૧૭૦૦)




આરસપહાણમાં જૈન મંદિર (દેલવાડા-આબુ)
(૧૧મી સદી)




ગોપુરમ્ (કાંચી) વરદરાજ મંદિર (૧૨મી સદી)




કૃષ્ણદેવરાય અને રાણીઓ




લિંગરાજ મંદિર (ભુવનેશ્વર) (૧૧મી સદી)



સોમનાથ મંદિર (મૈસૂર) (૧૨મી સદી)





બાદશાહ હુમાયુની કબર (દિલ્હી – ઈ. સ. ૧૫૬૪)

# આવકાર

જ્ઞાનનું પવિત્ર જળ ઘેર ઘેર અને અધિકારી વ્યક્તિ-વ્યક્તિને પહોંચતું કરવાની ઉદાત્ત ભાવનામાંથી જ આ ગંગોત્રી ગ્રંથમાળાનો, જન્મ થયો છે, જે યુગાનુરૂપ છે અને ગુજરાતની શક્તિ અને જ્ઞાનપિપાસાની વૃદ્ધિનો સૂચક છે.

પં. સુખલાલજી

આ જ્ઞાનગંગોત્રી આપણા જમાનાના વિશાળ આદર્શને પહોંચી વળતી 'વિદ્યાપીઠ' સમી એક ગ્રંથમાળા થવાની છે.

કાકા કાલેલકર

આપણી પ્રાદેશિક ભાષામાં જ્ઞાનવિજ્ઞાનનો વિકાસ થાય એ જરૂરનું છે. આ શ્રેણી એ ખોટ પૂરશે એવી મને ખાતરી છે.... યોજના ઘણી આવકારપાત્ર છે.

કનૈયાલાલ મુનશી

જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી ગુજરાતી વાચકો માટે ગૃહ-વિદ્યાપીઠની ગરજ સારશે એમ એનાં પુસ્તકો પરથી નિઃશંક કહી શકાય.

ઉમાશંકર જોશી

ગુજરાતમાં જ્ઞાનગંગોત્રીનો જન્મ એ મૂંગી મૂંગી રીતે બની ગયેલી, તેમ જ બની રહેલી, ગુજરાતના જીવનની એક મહાન ઘટના છે.

સુન્દરમ્

## પ્રકાશિત ગ્રંથો

૧ બ્રહ્માંડ દર્શન ૨ પૃથ્વી દર્શન ૩ સ્વાસ્થ્ય દર્શન ૪ રસાયણ દર્શન ૫ સ્વરાજ્ય દર્શન ૬ ગણિત દર્શન ૭ સાહિત્ય-દર્શન (ભારતીય–૧) ૮ સાહિત્ય દર્શન (વિશ્વસાહિત્ય–૧) ૯ કૃષિ દર્શન ૧૦ ગુજરાત દર્શન (સાહિત્ય–૧) ૧૧ ગુજરાત દર્શન (સાહિત્ય–૨) ૧૨ વિશ્વદર્શન–૧ (ક્રાન્તિ) ૧૩ સાહિત્ય દર્શન (વિશ્વસાહિત્ય–૨) ૧૪ ઇજનેરી દર્શન ૧૫ વિશ્વ દર્શન–૨ (આદ્યતન ઈતિહાસ) ૧૬ જીવ દર્શન ૧૭ સાહિત્ય દર્શન (ભારતીય–૨) ૧૮ લલિતકલા દર્શન–૧ (અભિનય-શ્રાવ્ય) ૧૯ વિચાર દર્શન–૧ (લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ) ૨૦ વિશ્વદર્શન–૩[ ઈતિહાસ મધ્યયુગ (યુરોપ, અરબ, ચીન)] ૨૧ ભારત દર્શન–૨ (મધ્યકાલીન ઈતિહાસ)

# જ્ઞાનગંગોત્રી

## માનવવિદ્યા શાખા

માનવકુલ દર્શન [ વિશ્વ ઇતિહાસ સોપાન ]
વિશ્વ દર્શન [ ક્રાંતિઓ અને વૈચારિક વિકાસ ]
ભારત દર્શન [ આદિયુગથી અદ્યતન વિકાસ ]
ગુજરાત દર્શન [ સાહિત્ય અને સમાજ ]
સાહિત્ય દર્શન [ વિશ્વ સાહિત્ય : ભારતીય સાહિત્ય ]
લલિતકલા દર્શન [ વિવિધ કલાઓ : સિદ્ધાન્ત અને પરિચય ]

## વિજ્ઞાનવિદ્યા શાખા

બ્રહ્માંડ દર્શન
પૃથ્વી દર્શન
સ્વાસ્થ્ય દર્શન
રસાયણ દર્શન
ગણિત દર્શન
કૃષિ દર્શન
ઇજનેરી દર્શન
જીવ દર્શન
વિજ્ઞાન : માનવી અને મૂલ્ય

કુલ **૩૦** ગ્રંથો

આખા સેટની કિંમત રૂ. ૬૦૦ [ વિદેશ રૂ. ૮૦૦ ] છૂટક રૂ. ૩૦

: પ્રાપ્તિ સ્થાન :

બાલગોવિંદ બુકસેલર્સ, બાલા હનુમાન, અમદાવાદ